અંદાજપત્ર પ્રકાશન નં. ૩૫

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# વિકાસ વિવરણ

## ૨૦૨૨-૨૩

સામાન્ય વહીવટ વિભાગ
આયોજન પ્રભાગ
સચિવાલય, ગાંધીનગર

માર્ચ - ૨૦૨૨

# વિકાસ વિવરણ
# ૨૦૨૨-૨૦૨૩

## વિષયસૂચિ

**ભાગ - ૧**
**પ્રકરણ**


| | | પાના નં. |
|---|---|---|
| ૧. | ગુજરાત વર્તમાન સ્થિતિ | ( ૧-૧૮) |
| ૨. | વિકાસ અભિગમ | (૧૯-૯૬) |
| ૩. | રોજગાર અને કૌશલ્ય વિકાસ | (૯૭-૧૦૩) |
| ૪. | આદિજાતિ વિકાસ કાર્યક્રમ | (૧૦૪-૧૧૧) |
| ૫. | સામાજિક વિકાસ | (૧૧૨-૧૧૬) |
| ૬. | જેન્ડર ફોકસ | (૧૧૭-૧૨૭) |
| ૭. | વિકેન્દ્રિત વિકાસમાં માનવ વિકાસ અભિગમ | (૧૨૮-૧૩૩) |
| ૮. | ઈ–ગવર્નન્સ | (૧૩૪-૧૩૭) |
| ૯. | ૨૦ મુદ્દા કાર્યક્રમ | (૧૩૮-૧૫૬) |
| ૧૦. | રાજ્યમાં બાહ્ય સહાયિત યોજનાઓ | (૧૫૭-૧૬૧) |


INDEX

# ભાગ - ૨

# વિભાગવાર હેતુઓ, વ્યુહરચના અને મુખ્ય યોજનાઓ


| | | |
|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ( ૧-૭૩ ) |
| ૨ | ક્લાઈમેટ ચેન્જ વિભાગ. | (૭૪-૭૮) |
| ૩ | શિક્ષણ વિભાગ | (૭૯-૧૨૫) |
| ૪ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | (૧૨૫-૧૩૫) |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ | (૧૩૬-૧૪૩) |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | (૧૪૪–૧૬૪) |
| ૭ | સામાન્ય વહીવટ વિભાગ | (૧૬૫-૧૭૫) |
| ૮ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | (૧૭૬-૧૯૪) |
| ૯ | ગૃહ વિભાગ | (૧૯૫-૧૯૯) |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | (૨૦૦-૨૦૧) |
| ૧૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | (૨૦૨-૨૭૯) |
| ૧૨ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | (૨૮૦-૨૯૯) |
| ૧૩ | કાયદા વિભાગ | (૩૦૦-૩૦૧) |
| ૧૪ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | (૩૦૨-૩૧૯) |
| ૧૫ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | (૩૨૦-૩૨૨) |
| ૧૬ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | (૩૨૩-૩૩૮) |
| ૧૭ | માર્ગ અને મકાન વિભાગ | (૩૩૯-૩૫૪) |
| ૧૮ | મહેસૂલ વિભાગ | (૩૫૫-૩૫૮) |
| ૧૯ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | (૩૫૯-૩૬૮) |
| ૨૦ | આદિજાતિ વિકાસ વિભાગ | (૩૬૯-૩૮૩) |
| ૨૧ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | (૩૮૪- ૩૯૦) |
| ૨૨ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ | (૩૯૧-૩૯૭) |
| ૨૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | (૩૯૮-૪૦૯) |
| ૨૪ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | (૪૧૦- ૪૧૪) |

# ભાગ-૧

# પ્રકરણ

INDEX

# પ્રકરણ - ૧

## વર્તમાન આર્થિક ચિત્ર

**પ્રસ્તાવના:**

1.1 છેલ્લા બે વર્ષ કોવિડ-૧૯ રોગચાળાને કારણે વૈશ્વિક અર્થતંત્ર માટે મુશ્કેલ રહ્યા છે. કોવિડ-૧૯ના પુનરાવર્તિત અલગ વેરીયન્ટસે, સપ્લાય-ચેઇન વિક્ષેપ અને તાજેતરમાં ફુગાવાએ નીતિ-નિર્માણ માટે ખાસ કરીને પડકારજનક સમય ઉભો કર્યો છે.

- યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ(WESP) ૨૦૨૨ના રિપોર્ટ અનુસાર, વૈશ્વિક અર્થતંત્ર કોવિડ-૧૯ ચેપના નવા વેરીયન્ટસ, શ્રમ બજારના પડકારો, વિલંબિત સપ્લાય-ચેઈન પડકારો અને વધતા ફુગાવાના દબાણને કારણે નોંધપાત્ર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. વૈશ્વિક ઉત્પાદનનાં વર્ષ ૨૦૨૧માં ૫.૫ ટકાના વિસ્તરણ પછી, વર્ષ ૨૦૨૨માં માત્ર ૪.૦ ટકા અને વર્ષ ૨૦૨૩માં ૩.૫ ટકા વધવાનો અંદાજ છે.
- કોવિડ-૧૯ મહામારી સંબંધિત પડકારોને પહોંચી વળવાં તથા આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરવાં માટે ભારત સરકાર દ્વારા રૂા.૨૯.૮૭ લાખ કરોડના આત્મનિર્ભર પેકેજની જાહેરાત સહિત શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યાં છે.તદ્ઉપરાંત, માળખાકીય સુધારાઓની ગતિ ઝડપી કરવામાં આવી હતી.
- આર્થિક સર્વેક્ષણ-૨૦૨૨ અનુસાર ભારતીય અર્થતંત્ર વર્ષ ૨૦૨૨-૨૩માં ૮.૦-૮.૫ ટકા GDP વૃદ્ધિની ધારણા સાથે સારી સ્થિતિમાં છે.
- ગુજરાત તેની ગતિશીલતા અને ઉદ્યોગ સાહસિક ભાવના માટે ભારતનું ગૌરવ બની રહ્યું છે. તે ભારતના અગ્રણી ઔદ્યોગિક રાજયોમાંનું એક છે અને વૈશ્વિકીકરણની ગતિને પહોંચી વળવા માટે ભારતનાં બદલાતા વ્યાપારની ગતિશીલતામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કોરોના વિરોધી રસીકરણ અભિયાનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે. તાજેતરમાં ગુજરાત રાજયે ૧૦.૦૦ કરોડ કોવિડ-૧૯ વેક્સીનેશન ડોઝનો આંક પાર કરેલ છે. ગુજરાતમાં ૧૦૦ વ્યક્તિ દીઠ ૧૬૯.૨ રસીના ડોઝ પૂરા પાડવામાં આવ્યા છે.
- એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ ૨૦૧૮-૧૯ના પરિણામો અનુસાર, ગુજરાત ૧૭.૪ ટકાના હિસ્સા સાથે ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશમાં પ્રથમ ક્રમે છે, જયારે ચોખ્ખા ઉમેરાયેલ મૂલ્ય (NVA)માં ૧૪.૭ ટકા સાથે બીજા ક્રમે છે. દેશની કુલ સ્થાયી મૂડીમાં પણ ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે.

- લોજીસ્ટીક પરફોર્મન્સ ઇન્ડેક્ષ ૨૦૨૧ સતત ત્રીજા વર્ષે ગુજરાત સમગ્ર દેશનાં વિવિધ રાજયોમાં Leads Index 2021 માં ૩.૬૬ના સ્કોર સાથે મોખરે રહ્યું છે.
- ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ (GGI) ૨૦૨૧: કેન્દ્ર સરકારના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ (જીજીઆઇ) ૨૦૨૧ મુજબ ગુજરાત સંયુકત ઇન્ડેક્ષમાં ૫.૬૬ના સ્કોર સાથે મોખરે છે.
- સ્ટેટ ફૂડ સેફટી ઇન્ડેક્ષ ૨૦૨૦-૨૧: વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત રાજય ખાદ્ય સુરક્ષા આંક-૭૨ સાથે દેશમાં મોખરે છે.
- નિકાસ તૈયારી સૂચકાંક-૨૦૨૦ (Export Preparedness Index): નિકાસ તૈયારી સૂચકાંકમાં ૭૫.૧૯ સ્કોર સાથે ગુજરાત રાજય પ્રથમ સ્થાને છે.
- ઔદ્યોગિક, વાણિજિયક અને રહેણાંક ક્ષેત્રે કુલ ૧૪૪૪ મેગાવોટ સોલાર રૂફટોપ સિસ્ટમની સ્થાપના સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ગુજરાત સોલાર રૂફટોપ દ્વારા વીજ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. સમગ્ર દેશના સોલાર રૂફટોપ વીજ ઉત્પાદનમાં ૨૨ ટકા જેટલો હિસ્સો માત્ર ગુજરાતનો છે.

**વસ્તી:**

**1.2** ભારતની વસ્તી ૧લી માર્ચ, ૨૦૧૧ના રોજ ૦.૦૦ કલાકે ૧૨૧.૦૯ કરોડ નોંધાયેલ, જે પૈકી ૬૨.૩૩ કરોડ પુરૂષો અને ૫૮.૭૬ કરોડ સ્ત્રીઓ હતી. તે જ તારીખ અને સમયે ગુજરાતની વસ્તી ૬.૦૪ કરોડ નોંધાયેલ, જે પૈકી ૩.૧૫ કરોડ પુરૂષો અને ૨.૮૯ કરોડ સ્ત્રીઓ હતી. જેમાં ગ્રામીણ વસ્તી ૩.૪૭ કરોડ અને શહેરી વસ્તી ૨.૫૭ કરોડ હતી. જેમાં છેલ્લા દસકામાં ગ્રામીણ વસ્તીમાં ૨૯.૫૪ લાખ અને શહેરી વસ્તીમાં ૬૮.૧૫ લાખનો વધારો નોંધાયેલ છે.

- દેશના રાજ્યોમાં ગુજરાત રાજ્ય વસ્તીની દ્રષ્ટિએ ૧૦મો ક્રમ અને વસ્તી ગીચતાની દૃષ્ટિએ ૧૪મો ક્રમ (કેન્દ્ર શાસિત પ્રદેશ સિવાય) ધરાવે છે. ગુજરાત ભારતના કુલ વિસ્તારના ૫.૯૭ ટકા વિસ્તાર અને કુલ વસ્તીના ૪.૯૯ ટકા વસ્તી ધરાવે છે.
- ટકાવારીની દૃષ્ટિએ રાજ્યમાં કુલ વસ્તીમાં ૫૭.૪ ટકા ગ્રામિણ વસ્તી (છેલ્લા દસકામાં ૫.૨ ટકાનો ઘટાડો) અને ૪૨.૬ ટકા શહેરી વસ્તી (છેલ્લા દસકામાં ૫.૨ ટકાનો વધારો) નો સમાવેશ થાય છે.
- વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાત રાજ્યની વસ્તી ૫.૦૭ કરોડ હતી જયારે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર, ગુજરાતની વસ્તી ૬.૦૪ કરોડ થવા પામેલ છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ દરમ્યાન ભારતના ૧૭.૭ ટકાના દાયકાના વસ્તી વૃદ્ધિદરની સામે ગુજરાતનો વસ્તી વૃદ્ધિદર૧૯.૩ ટકા થવા પામેલ છે. ગ્રામીણ વિસ્તારમાં વસ્તી વૃદ્ધિદર ૯.૩ ટકા હતો જ્યારે શહેરોમાં ૩૬.૦ ટકા હતો.

- દેશમાં જાતિ પ્રમાણ ૨૦૦૧માં ૯૩૩ હતું જે ૧૦ અંક વધીને ૨૦૧૧માં ૯૪૩ થવા પામેલ છે. જ્યારે રાજ્યમાં જાતિ પ્રમાણ ૨૦૦૧માં ૯૨૦ હતું જે સામાન્ય ઘટીને ૨૦૧૧માં ૯૧૯ થયેલ છે. રાજયના ગ્રામીણ વિસ્તારમાં ૨૦૦૧માં જાતિ પ્રમાણ ૯૪૫ હતું જે ૪ અંક વધીને ૨૦૧૧માં ૯૪૯ થયેલ છે, જ્યારે શહેરી વિસ્તારમાં ૨૦૦૧માં જાતિ પ્રમાણ ૮૮૦ હતું જે ૨૦૧૧માં યથાવત રહેવા પામેલ છે. (ગુજરાતની સ્થાપના સમયથી એટલે કે ૧૯૬૧થી રાજયમાં જાતિ પ્રમાણ ૧૯૮૧ની વસ્તી ગણતરી સિવાય સતત ઘટવાનું વલણ ધરાવે છે. મજબુત ઔદ્યોગિક પાયો અને ઉંચા શહેરીકરણના દરને લીધે અન્ય રાજ્યના લોકો સ્થળાંતર કરવા આકર્ષાય છે જેની અસર રાજ્યના જાતિ પ્રમાણ પર પડે છે.)
- વસ્તી ગણતરી-૨૦૧૧ મુજબ રાજ્યમાં ૦-૬ વર્ષની વયજૂથના ૭૭.૭૭ લાખ બાળકો નોંધાયેલ, જેમાં ગ્રામીણ વિસ્તારમાં ૪૮.૨૫ લાખ અને શહેરી વિસ્તારમાં ૨૯.૫૨ લાખ નોંધાયેલ છે.
- રાષ્ટ્રીય સ્તરે, વસ્તી ગણતરી-૨૦૧૧ મુજબ, ૦-૬ વર્ષની વય જૂથના બાળકોના જાતિ પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે અને ૧૯૬૧થી સતત ઘટીને ૯૧૮ થવા પામેલ છે. જ્યારે ગુજરાત રાજ્યમાં બાળ જાતિ પ્રમાણ જે છેલ્લા ચાર દાયકાઓમા ઘટતુ હતુ તે ૨૦૦૧માં ૮૮૩ થી વધીને ૨૦૧૧માં ૮૯૦ થવા પામેલ છે.
- વસ્તી ગણતરી-૨૦૦૧ મુજબ રાજ્યમાં પ્રતિ. ચો.કિ.મી. વસ્તીની ગીચતા ૨૫૮ હતી, જે વસ્તી ગણતરી-૨૦૧૧માં ૩૦૮ થયેલ હતી. જે દેશની ૩૮૨ પ્રતિ. ચો.કિ.મી.ની વસ્તી ગીચતા કરતા ઓછી છે.
- ગુજરાતમાં સાક્ષરતા દર, વર્ષ ૨૦૦૧ના ૬૯.૧ ટકાથી વધીને વર્ષ ૨૦૧૧માં ૭૮.૦ ટકા થયેલ છે. આમ સાક્ષરતા દરમાં દાયકા દરમ્યાન ૮.૯ ટકાનો સુધારો થયેલ છે. જે રાષ્ટ્રના ૮.૨ ટકા કરતા વધુ છે. સાક્ષરતા દર, ગ્રામ્ય વિસ્તારમાં ૧૦.૪ ટકાનો વધારો થઈ ૭૧.૭ ટકા થયેલ છે જ્યારે શહેરી વિસ્તારમાં ૪.૫ ટકાનો વધારો થઈને ૮૬.૩ ટકા થયેલ છે. ગુજરાતમાં સ્ત્રી સાક્ષરતા દર વર્ષ ૨૦૦૧માં ૫૭.૮ ટકા હતો તે વર્ષ ૨૦૧૧માં ૬૯.૭ ટકા થયેલ છે જયારે શહેરી સ્ત્રી સાક્ષરતા દરમાં ૮૧.૦ ટકા થયેલ છે. જે સંતોષજનક બાબત છે. સ્ત્રી-પુરૂષ સાક્ષરતા દરમાં વર્ષ ૨૦૦૧માં ૨૧.૯ ટકાનો તફાવત હતો તે વર્ષ ૨૦૧૧માં ઘટીને ૧૬.૧ ટકા થયેલ છે.
- **અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિઃ** વસ્તી ગણતરી-૨૦૧૧ મુજબ, ભારતમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી અનુક્રમે ૧૬.૬ ટકા અને ૮.૬ ટકાની સામે રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી અનુક્રમે ૪૦.૭૪ લાખ (૬.૭ ટકા) અને ૮૯.૧૭ લાખ (૧૪.૮ ટકા) હતી. ભારતની અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કુલ વસ્તીમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે ૨.૦ ટકા અને ૮.૬ ટકા હતો. અનુસૂચિત જાતિની વસ્તીના લગભગ ૫૬.૦ ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં અને

બાકીની ૪૪.૦ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં હતી. જયારે અનુસૂચિત જનજાતિની વસ્તીનાં ૯૦.૦ ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૦.૦ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં હતી.

**1.3 રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન:**

ઝડપી અંદાજો મુજબ, વર્ષ ૨૦૧૧-૧૨ના સ્થિર ભાવે, વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન બજાર ભાવે, રૂા.૧૨૪૪૨૫૮ કરોડ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૯-૨૦ના રૂા.૧૨૬૮૯૫૭ કરોડના સુધારેલ અંદાજની સરખામણીએ (-)૧.૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ચાલુ ભાવે, રાજ્યનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન બજાર ભાવે, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા.૧૬૫૫૯૧૭ કરોડ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૯-૨૦ના રૂા.૧૬૨૯૬૩૮ કરોડના સુધારેલ અંદાજની સામે ૧.૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

- વર્ષ ૨૦૨૦-૨૧માં ચાલુ ભાવે, રાજ્યની એકંદર મૂલ્ય વૃદ્ધિમાં પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય ક્ષેત્રનો ફાળો અનુક્રમે ૧૯.૮ ટકા, ૪૨.૯ ટકા અને ૩૭.૩ ટકા નોંધાયેલ છે.
- **રાજ્યનું ચોખ્ખું ઘરગથ્થુ ઉત્પાદન:** ચાલુ ભાવે રાજ્યનું ચોખ્ખુ ઘરગથ્થું ઉત્પાદન બજાર ભાવે, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા.૧૪૭૨૮૫૯ કરોડ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૯-૨૦ ના રૂા.૧૪૪૭૬૮૩ કરોડના અંદાજની સરખામણીએ ૧.૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- **માથાદીઠ આવક :** ચાલુ ભાવે વર્ષ ૨૦૨૦-૨૧ની માથાદીઠ આવક (રાજ્યનું માથાદીઠ ચોખ્ખુ ઘરગથ્થુ ઉત્પાદન) રૂા.૨૧૪૮૦૯ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૯-૨૦ની રૂા.૨૧૩૯૩૬ ના અંદાજની સરખામણીએ ૦.૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

**કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો:**

1.4 કૃષિ: વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧(અંતિમ અંદાજ): વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અનાજનું ઉત્પાદન ૯૫.૭૩ લાખ ટન થયેલ જેની સરખામણીએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન અનાજનું ઉત્પાદન ૧૦૨.૯૨ લાખ ટન થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કપાસનું ઉત્પાદન ૧૭૦ કિલોની એક એવી ૮૬.૨૪ લાખ ગાંસડી હતું જયારે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ઘટીને ૭૨.૧૭ લાખ ગાંસડી થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન તેલિબિયાંનું ઉત્પાદન ૬૬.૫૨ લાખ ટન થયેલ હતું, જેની સામે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ઘટીને ૬૨.૩૦ લાખ ટન થવાનો અંદાજ છે.

- વર્ષ ૨૦૨૧ ના અંતે રાજયમાં ૨૨૪ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ(APMC), ૨૧૧ બજાર સમિતિના મુખ્ય યાર્ડ તેમજ ૧૯૩ પેટા યાર્ડ કાર્યાન્વિત હતા.
- **બાગાયત:** વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ફળોનું ઉત્પાદન ૯૨.૬૧ લાખ ટન, શાકભાજીનું ઉત્પાદન ૧૩૨.૩૦ લાખ ટન, મસાલા પાકોનું ઉત્પાદન ૧૦.૯૬ લાખ ટન અને ફૂલોનું ઉત્પાદન ૧.૯૬ લાખ ટન હતું. જે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન અનુક્રમે ૮૨.૫૧ લાખ ટન, ૧૫૪.૧૧ લાખ ટન, ૧૧.૯૯ લાખ ટન અને ૧.૮૯ લાખ ટન થયેલ છે.

- **પશુપાલન :** વર્ષ ૨૦૧૯ની ૨૦મી પશુધન ગણતરીના પરિણામો મુજબ રાજ્યનું કુલ પશુધન ૨૬૯.૬૬ લાખ (કુતરા અને સસલા સહિત) છે. મુખ્ય પશુધન પેદાશોના સંકલીત નમૂનાની મોજણીના અંદાજો મુજબ રાજયમાં દૂધનું ઉત્પાદન વર્ષ ૨૦૧૯-૨૦ ના ૧૫૨.૯૨ લાખ ટનથી વધીને વર્ષ ૨૦૨૦-૨૧(કા)માં ૧૫૮.૫૩ લાખ ટન થયેલ છે. ઇંડાનું ઉત્પાદન વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાનના ૧૯૨૭૪ લાખ નંગથી ઘટીને વર્ષ ૨૦૨૦-૨૧(કા)માં ૧૭૮૬૩ લાખ નંગ થયું છે. જયારે ઊનનું ઉત્પાદન વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાનના ૨૨.૩૩ લાખ કિ.ગ્રા.થી ઘટીને વર્ષ ૨૦૨૦-૨૧(કા) માં ૨૦.૦૪ લાખ કિ.ગ્રા. થયું છે.
- **મત્સ્યોદ્યોગ:** વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાત રાજ્યમાં રૂ.૮૭૭૩.૩૧ કરોડની કિંમતનું ૭.૪૪ લાખ ટન (દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ૬.૨૦ લાખ ટન અને આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન ૧.૨૪ લાખ ટન) મત્સ્ય ઉત્પાદન અંદાજવામાં આવેલ હતું. રાજ્યના કુલ મત્સ્ય ઉત્પાદનમાં દરિયાઈ મત્સ્ય ઉત્પાદનનો ફાળો ૮૩.૨૫ ટકા જેટલો હતો. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨૨૮૦૭૨ ટન મત્સ્ય અને મત્સ્ય પેદાશોની નિકાસ મારફતે રાજ્ય દ્વારા રૂ.૪૨૫૪.૨૧ કરોડની વિદેશી હૂંડિયામણની આવક મેળવવામાં આવેલ હતી.
- વર્ષ ૨૦૨૧-૨૨ (ઓકટોબર-૨૦૨૧ અંતિત) (કા) દરમ્યાન રૂ.૪૭૬૨.૪૭ કરોડની કિંમતનું કુલ ૪.૦૪ લાખ ટન મત્સ્ય ઉત્પાદન (દરિયાઇ મત્સ્ય ઉત્પાદન ૨.૯૮ લાખ ટન અને આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન ૧.૦૬ લાખ ટન) અંદાજેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ (ઓકટોબર-૨૦૨૧ અંતિત) (કા) દરમ્યાન રાજ્યમાંથી રૂ.૨૩૩૯.૮૧ કરોડની કિંમતની ૧૨૫૨૪૦ ટન મત્સ્ય અને મત્સ્ય પેદાશોની નિકાસ કરવામાં આવેલ છે.
- **જંગલો:** ગુજરાતનો જંગલ વિસ્તાર વર્ષ ૨૦૨૦-૨૧માં લગભગ ૨૧૮૭૬.૪૫ ચો.કિ.મી. છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના આશરે ૧૧.૧૫ ટકા જેટલો છે. રાજ્યમાં કુલ ભૌગોલિક વિસ્તારના લગભગ ૮.૮૩ ટકા વિસ્તારને આવરી લેતા ૨૩ વન્યપ્રાણી અભયારણ્યો, ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૧ રક્ષિત અનામત આવેલા છે.
- **જળ સંશાધન વિકાસ:** રાજ્યમાં પાણીના સ્ત્રોત અપૂરતા છે. આથી સરકારે ઓછા, અસમાન અને અનિશ્ચિત વરસાદ તથા રાજ્યના વિશાળ વિસ્તારની સિંચાઈ માટેની અત્યાધિક જરૂરિયાતને કારણે સિંચાઈ શક્તિના વિકાસ અને વિસ્તરણને ઉચ્ચ અગ્રતા આપી છે.
- **અટલ ભુજલ યોજના (અટલ જલ) :** આ યોજના હેઠળ ઉત્તર ગુજરાતના જળ તણાવવાળા વિસ્તારોમાં ટકાઉ ભૂગર્ભજળ વ્યવસ્થાપન દ્વારા ભૂગર્ભજળ સંચયની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉત્તર ગુજરાતના ૭ જિલ્લાઓ, ૩૪ તાલુકાઓ અને ૨૨૦૧ ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ભારત સરકારે ગુજરાત રાજય માટે પાંચ વર્ષના સમયગાળા માટે રૂ.૭૫૭.૦૦ કરોડની ફાળવણી કરેલ છે.

- સરદાર સરોવર પ્રોજેક્ટ એ એક બહુલક્ષી યોજના છે. જેમાં નર્મદા નદી પરના સરદાર સરોવર બંધ, ૧૪૫૦ મે.વો.ની કુલ સ્થાપિત ક્ષમતા ધરાવતાં બે વીજ મથકો, ગુજરાત - રાજસ્થાન સરહદની ૪૫૮ કિ.મી. લાંબી ધરાવતી મુખ્ય નહેર તથા સિંચાઈના પાણીની વહેંચણી માટે કુલ સુધારેલ અંદાજીત ૬૯૪૯૭.૪૦ કિ.મી.ની લંબાઈવાળી નહેરોના નેટવર્કનો સમાવેશ થાય છે.
- આ યોજનાના બાંધકામ પાછળ માર્ચ-૨૦૨૧ સુધીમાં કુલ રૂા.૭૧૪૫૫.૬૧ કરોડ ખર્ચ થવા પામેલ છે. આ પ્રોજેક્ટ અંગેની લોનના વ્યાજ પાછળ માર્ચ-૨૦૨૧ સુધીમાં વધારાના રૂા.૧૫૯૧૭.૮૪ કરોડનો ખર્ચ થયેલ છે. એપ્રિલ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૦૨૧ દરમ્યાન રૂા.૮૦૪.૭૧ કરોડનો ખર્ચ થયેલ છે.
- આ યોજના દ્વારા રાજયના ૧૭ જિલ્લાઓના ૭૭ તાલુકાઓના આશરે ૧૮.૦૦ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ ઉપરાંત લગભગ ૯૪૯૦ ગામો અને ૧૭૩ શહેરોમાં ઘરગથ્થુ તેમજ ઔદ્યોગિક વપરાશ માટે પાણી પુરૂ પાડવાનું આયોજન છે.
- **સૌની યોજના :** સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે સૌની યોજના અંતર્ગત નર્મદા ડેમનું પાણી નર્મદા મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે કુલ ૧૩૭૧ કિ.મી. લંબાઇની ૪ લીન્ક દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિવિધ ડેમો તેમજ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો સુધી પહોંચાડવાનું આયોજન છે. સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) યોજનાની ચાર લીંક પાઈપલાઈન અંતર્ગત પ્રથમ તબક્કાના કામો પૂર્ણ થયા છે અને યોજનાનો લાભ મળવાનો શરૂ થઈ ગયેલ છે. સૌની યોજનાના બીજા તબક્કાના ચાર લીંકના ૧૨ પેકેજના કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. ત્રીજા તબક્કાના એક પેકેજનું કામ પૂર્ણ કરી ભાવનગર શહેરને પીવાનું પાણી પૂરૂ પાડતા બોર તળાવમાં નર્મદાના નીર ભરવામાં આવેલ છે જયારે અન્ય ૬ પેકેજોની કામગીરી પણ પ્રગતિમાં છે જે આગામી નાણાકીય વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે તેમજ ૦૨ પેકેજોનું કામ ટેન્ડર તબક્કે અને એક ટેન્ડરનું કામ તાંત્રિક મંજૂરી તબક્કે છે. યોજના પૂર્ણ થયે ૮૨૫૦૦૦ એકર કરતા વધુ વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ થશે. સૌની યોજનાની પૂર્ણ થયેલ કામગીરીથી અત્યાર સુધીમાં ૫૩ જળાશયો, ૧૩૧ તળાવો અને ૮૬૩ ચેકડેમોમાં ૪૦૬૦૦ મી.ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે.
- **સહભાગી સિંચાઈ વ્યવસ્થા :-** સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ શક્ય એટલો વધુ સિંચાઈનો વિસ્તાર આવરી લેવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. રાજ્ય સરકારે "ગુજરાત વોટર યુઝર્સ પાર્ટીસીપેટરી ઈરીગેશન મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૭" પણ પસાર કરેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ જુન-૨૦૨૧ સુધીમાં ૨૭૯૯ મંડળીઓ દ્વારા ૮૪૧૮૫૯ વિસ્તાર આવરી લેવામાં આવેલ છે.

**જળાશયોમાં પાણી સંગ્રહ:**

1.5 ૩૧, ઓકટોબર-૨૦૨૧ના રોજ ૧૫૭૮૪.૪૦ મિલીયન ઘન મીટર સંગ્રહક્ષમતા ધરાવતા કુલ ૨૦૬ ડેમ પૈકી ૧૨૯૦૧.૪૪ મિલીયન ઘન મીટર સંગ્રહ ક્ષમતા ધરાવતા ૪૫ ડેમો ગુજરાત વિસ્તારમાં (દક્ષિણ, ઉત્તર તથા મધ્ય ગુજરાતનો વિસ્તાર) ૩૩૨.૨૭ મિલીયન ઘન મીટર સંગ્રહ ક્ષમતા ધરાવતા ૨૦ ડેમ કચ્છ વિસ્તારમાં અને ૨૫૫૦.૬૯ મિલીયન ઘન મીટર સંગ્રહ ક્ષમતા ધરાવતા ૧૪૧ ડેમ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ છે. ૩૧, ઓકટોબર-૨૦૨૧ના રોજ આ જળાશયોમાં પાણીનો કુલ જથ્થો ૧૩૭૯૧.૦૭ મિલીયન ઘન મીટર હતો. જે ડેમની સંગ્રહ ક્ષમતાના ૮૭.૩૭ ટકા હતો.

**ઉદ્યોગ:**

1.6 ઔદ્યોગિક રોકાણની સ્થિતિ: ગુજરાત રાજ્ય મુક્ત રોકાણની છાપ ધરાવતું ભારતનું એક વ્યાપક ઔદ્યોગિકરણ ધરાવતુ રાજ્ય છે. રાજ્યે વિપુલ માત્રામાં રોકાણને આકર્ષવામાં અગ્રગણ્ય રાજ્ય તરીકેની છાપ ઉભી કરી છે તેમજ ભારતમાં રોકાણ કરવા માટે આકર્ષણના કેન્દ્ર તરીકે ઉદભવેલ છે.

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ: વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨003 થી ૨૦૧૯ દરમિયાન કુલ ૧૦૪૮૭૨ પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. તથા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફાઈલ કરવામાં આવેલ છે. ૩૦ મી નવેમ્બર, ૨૦૨૧ ની સ્થિતિએ સમિટ-૨૦૧૯ સુધીમાં નોંધાયેલ પ્રોજેક્ટ પૈકી ૭૦૭૪૨ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે અને ૩૬૬૧ પ્રોજેક્ટ અમલીકરણ તબકકા હેઠળ છે.
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો: ગુજરાત રાજયમાં સપ્ટેમ્બર-૨૦૦૬ સુધી ઉત્પાદન ક્ષેત્રે પ્લાન્ટ અને મશીનરી યુનિટમાં રૂા.૧.૦૦ કરોડ સુધીનું રોકાણ ધરાવતા ૩૧૨૭૩૨ યુનિટ SSI તરીકે નોંધાયેલા હતા. MSMED એકટ ૨૦૦૬ હેઠળ વર્ષ ૨૦૦૬ થી સપ્ટેમ્બર-૨૦૧૫ સુધીમાં ૩૭૬૩૫૭ જેટલા MSME યુનિટ તરીકે નોંધાયેલા હતા. જે ભારત સરકારના MSMEમંત્રાલયના તા.૧૮-૯-૨૦૧૫ના નોટીફીકેશન નં.S.O.2576 (E) થી EM Part I અને Part-II પ્રણાલી બંધ કરી તેને બદલે ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM) ફાઈલ કરવાનું નોટીફીકેશન જાહેર કરવામાં આવેલ છે. ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ અમલીકરણ થયા બાદ જુન -૨૦૨૦ સુધીમાં કુલ ૮૬૫૮૨૬ એકમો નોંધાયેલ છે. ભારત સરકારના MSME મંત્રાલયના તા.૧૭-૭-૨૦૨૦ના નોટીફીકેશન નં. 5/2(1) /2020 - P&G/ Policy દ્વારા "ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM)" ની જગ્યાએ "ઉધમ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ" (udyamregistration.gov.in) ની કામગીરી શરૂ કરેલ છે.જે અંતર્ગત નવેમ્બર-૨૦૨૧ અંતિત ૫૦૮૪૭૯ એકમોનું રજીસ્ટ્રેશન થયેલ છે.

**ઉદ્યોગોની વાર્ષિક મોજણીના પરિણામો:**

1.7 ઉદ્યોગોની વાર્ષિક મોજણી ૨૦૧૮-૧૯ ના આખરી પરિણામો મુજબ, ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ફેક્ટરીની સંખ્યા ૨૬૫૮૬ હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૦.૯૬ ટકા વધીને ૨૬૮૪૨ થવા પામેલ છે. જ્યારે કારખાના ક્ષેત્રે ઉત્પાદનને લીધે ચોખ્ખું ઉમેરાયેલ મૂલ્ય વર્ષ ૨૦૧૭-૧૮માં રૂા.૧૮૩૦૪૧ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૧૮-૧૯માં રૂા.૧૮૮૦૨૮ કરોડ થયેલ છે, જે અગાઉના વર્ષની સામે ૨.૭૨ ટકાનો વધારો દર્શાવે છે. મોજણીમાં આવરી લેવાયેલ રાજ્યના નોંધાયેલ બધા જ કારખાનાઓનું ચાલુ ભાવે ઉત્પાદન મૂલ્ય વર્ષ ૨૦૧૭-૧૮માં રૂા.૧૩૫૯૯૭૧ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂા.૧૬૧૮૭૭૨ કરોડ થયેલ છે, જે અગાઉના વર્ષની સામે ૧૯.03 ટકાનો વધારો દર્શાવે છે. બધા કારખાનામાં વ્યવસ્થાપકો, નિરીક્ષકો તેમજ અન્ય મહેકમ સહિતની રોજગારી વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૮.૨૭ લાખ વ્યક્તિઓની હતી તે વધીને વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૯.૪૫ લાખ વ્યક્તિઓની થયેલ છે. જે દર્શાવે છે કે વર્ષ ૨૦૧૮-૧૯ માં સંગઠીત ઉત્પાદન ક્ષેત્રમાં અંદાજે ૧.૧૮ લાખ જેટલી વ્યક્તિઓની રોજગારીમાં વધારો થયેલ છે.

**ખનીજ:**

1.8 **ખનીજનું ઉત્પાદન:** વર્ષ ૨૦૨૦-૨૧ના કમચલાઉ અંદાજ મુજબ મુખ્ય ખનિજોનું ઉત્પાદન ૫૦૮.૦૫ લાખ મે.ટન હતું. જયારે ગૌણ ખનિજોનું ઉત્પાદન ૨૦૧૧.૩૪ લાખ મે.ટન થયેલ હતું. આમ, રાજયમાં કુલ ખનિજોનું ઉત્પાદન ૨૫૧૯.૩૯ લાખ મે.ટન થયેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં પેટ્રોલિયમ (ક્રુડ)નું ૪૭૦૭ હજાર ટન અને કુદરતી વાયુ (વપરાશી) નું ૧૨૮૮ મિલિયન ક્યુબિક મીટર ઉત્પાદન થયેલ હતું.

**આંતરમાળખું:**

1.9 **વિદ્યુત:** રાજ્યની પરંપરાગત સ્ત્રોતની વીજ સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૨૧ના અંતે કુલ ૨૦૩૪૩ મે.વો. હતી, જે પૈકી ગુજરાત રાજ્યની વીજ કોર્પોરેશન લી.ની ૬૬૭૭ મે.વો., રાજ્યના સ્વતંત્ર વીજ ઉત્પાદકો **(State IPPs)** ની ૨૧૦૪ મે.વો., ખાનગી **IPPs** ની ૫૯૯૨ મે.વો. અને કેન્દ્રની ૫૫૭૦ મે.વો. છે.

- રાજ્યની વિન્ડ ફાર્મની સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૨૧ ના અંતે ૮૫૬૨ મે.વો. હતી જે વધીને ૩૧મી ઓકટોબર, ૨૦૨૧ ના રોજ ૮૯૫૩ મે.વો. થયેલ છે. રાજ્યની સોલાર પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૨૧ના અંતે ૪૪૩૧ મે.વો. હતી જે વધીને ૩૧મી ઓકટોબર, ૨૦૨૧ ના રોજ ૬૦૯૨ મે.વો. થયેલ છે. રાજ્યની બાયો-પાવર અને નાના હાઈડ્રો પ્લાન્ટની સ્થાપિત ક્ષમતા માર્ચ, ૨૦૨૧ ના અંતે ૭૭ મે.વો. અને ૮૩ મે.વો. હતી જે વધીને ૩૧મી ઓકટોબર, ૨૦૨૧ ના રોજ અનુક્રમે ૧૦૦ મે.વો. અને ૮૩ મે.વો. થયેલ છે. રાજ્યની કુલ

સ્થાપિત ક્ષમતા (પરંપરાગત અને બિનપરંપરાગત) ૩૧ માર્ચ,૨૦૨૧ ના રોજ ૩૩૪૯૬ મે.વો. હતી જે વધીને ૩૧મી ઓકટોબર,૨૦૨૧ ના રોજ ૩૬૨૧૭ મે.વો. થયેલ છે.

- રાજ્યનું વીજ ઉત્પાદન વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૧૧૬૬૧૦ મીલીયન યુનિટ થયેલ હતું જયારે વર્ષ ૨૦૨૧-૨૨માં (૩૧મી ઓક્ટોબર, ૨૦૨૧) સુધીમાં કુલ ૭૫૬૩૯ મીલીયન યુનિટ થયેલ છે.
- રાજ્યનો કુલ વીજ વપરાશ વર્ષ ૨૦૧૯-૨૦માં ૯૧૬૬૬ મીલીયન યુનિટની સામે વર્ષ ૨૦૨૦-૨૧(કા) માં ૮૯૨૮૭ મીલીયન યુનિટ (ટોરેન્ટ પાવર લી. સહિત) થયેલ હતો.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્યમાં માથાદીઠ વીજ વપરાશ ઘટીને ૨૧૪૩ યુનિટ થયેલ છે જે અગાઉના વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૨૨૫ યુનિટ હતો.
- **રેલવે:** ગુજરાતમાં રેલ્વે લાઈનની કુલ લંબાઈ, ૩૧ માર્ચ-૨૦૨૧ના રોજ, ૫૩૨૭ કિ.મી.ની હતી જે પૈકી ૩૮૬૮ કિ.મી. બ્રોડગેજ, ૯૧૬ કિ.મી. મીટરગેજ અને ૫૪૩ કિ.મી. નેરોગેજ રેલવે લાઈન હતી.
- **રસ્તા:** વર્ષ ૨૦૧૮-૧૯ના અંતે રાજ્યમાં રસ્તાઓની કુલ લંબાઈ (નોનપ્લાન, સામુદાયિક, શહેરી અને પ્રોજેકટ રોડ સિવાય) ૮૧૨૭૯ કિલોમીટર હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦ના અંતે વધીને ૮૧૩૦૫ કિ.મી. થઈ હતી. જે પૈકી પાકા રસ્તાઓની લંબાઈ ૮૦૦૮૮ કિ.મી. (૯૮.૫૦ ટકા) હતી, જ્યારે કાચા રસ્તાઓની લંબાઈ ૧૨૧૭ કિ.મી. (૧.૫૦ ટકા) હતી.
- વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે ૮૧૩૦૫ કિ.મી.ના કુલ રસ્તાઓ પૈકી ૫૧૪૬ કિ.મી. રાષ્ટ્રીય ધોરી માર્ગો, ૧૬૫૫૭ કિ.મી. રાજ્ય ધોરી માર્ગો, ૨૦૯૨૭ કિ.મી. મુખ્ય જિલ્લા માર્ગો, ૧૦૧૬૧ કિ.મી. અન્ય જિલ્લા માર્ગો અને ૨૮૫૧૪ કિ.મી. ગ્રામ્ય માર્ગોની લંબાઈ હતી.
- **મોટર વાહનો:** રાજ્યમાં નોંધાયેલ મોટર વાહનોની સંખ્યા વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૭૭.૩૩ લાખ હતી જે વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત) ના અંતે ૨૮૫.૩૫ લાખ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત)માં મોટર સાઈકલ/સ્કૂટર/મોપેડની સંખ્યા ૨૦૭.૪૦ લાખ, ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો પૈકી ઓટોરીક્ષાની ૯.૨૧ લાખ, મોટરકાર (જીપ સહિત) ૩૮.૧૯ લાખ, માલવાહક વાહનો (ટેમ્પો સહિત) ૧૩.૫૩ લાખ, ટ્રેઈલર ૪.૦૪ લાખ અને ટ્રેક્ટરની સંખ્યા ૯.૨૭ લાખ નોંધાયેલ છે.
- **બંદર વિકાસ :** આંતરમાળખાકીય વિકાસના પ્રયાસોની બાબતમાં ગુજરાત એ દેશના રાજયોમાં ખૂબ પ્રગતિશીલ, દૂરદર્શી અને અગ્રીમ ગણાતું રાજય છે. ખાસ કરીને ગુજરાતનું મેરીટાઈમ ક્ષેત્ર નાના બંદરોના વિકાસની બાબતમાં દેશના રાજયોની સરખામણીમાં ખૂબ જ વિકસીત ગણવામાં આવી રહ્યું છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ ૪૮ લઘુ બંદરોનું **(Non-major)** સંચાલન કરે છે. મધ્યમ અને નાના બંદરો દ્વારા હેરફેર થયેલ કુલ માલનો જથ્થો વર્ષ

૨૦૨૦-૨૧ માં ૩૮૭૫.૭૨ લાખ ટન હતો, જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ (ઓકટોબર-૨૦૨૧ સુધીમાં) માં ૨૩૨૪.૯૫ લાખ ટન થયેલ છે.

- **દિનદયાળ પોર્ટ ટ્રસ્ટ (મુખ્ય બંદર - દિનદયાળ)**: દિનદયાળ બંદર દ્વારા હેરફેર થયેલ કુલ માલનો જથ્થો (ટ્રાન્શીપમેન્ટ કાર્ગો સહિત) વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧૭૫.૬૬ લાખ ટન હતો, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૪.૧૧ ટકાનો ઘટાડો દર્શાવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં ગત વર્ષની સરખામણીએ દિનદયાળ બંદરથી થયેલ આયાતમાં ૫.૮૬ ટકાનો ઘટાડો અને નિકાસમાં ૩.૮૫ ટકાનો વધારો થયેલ હતો. દિનદયાળ બંદર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ (ઓકટોબર-૨૦૨૧ સુધીમાં) દરમ્યાન ૭૩૯.૯૮ લાખ ટન (ટ્રાન્શીપમેન્ટ કાર્ગો સહિત) માલની હેરફેર નોંધાયેલ છે.
- **ટપાલ અને સંદેશાવ્યવહાર:** ૩૧ માર્ચ-૨૦૨૧ ના રોજ રાજ્યમાં ૮૮૪૬ ટપાલ કચેરીઓ / શાખાઓ કાર્યરત હતી. જયારે ૩૧ ઓકટોબર-૨૦૨૧ અંતિત ૮૮૩૯ ટપાલ કચેરીઓ / શાખાઓ કાર્યરત છે.
- રાજયમાં ૩૧ ઓકટોબર-૨૦૨૧ અંતિત BSNL ના કુલ ૩૫૨૪૩૦ લેન્ડલાઈન કનેકશન છે. જ્યારે TRAI ની માહિતી મુજબ રાજયમાં ઓકટોબર,૨૦૨૧ અંતિત ૬.૮૭ કરોડ GSM સેલ્યુલર ધારકો છે.

**બેન્કીંગ**:

**1.10 શાખાઓનું વિસ્તરણ** : રાજ્યમાં કુલ બેંક શાખાઓની સંખ્યા વર્ષ ૨૦૨૦-૨૧ માં ૯૯૫૯ હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨ (સપ્ટેમ્બર-૨૦૨૧ અંતિત) દરમ્યાન ૯૭૯૪ થેયલ છે.

- **થાપણો** : ગુજરાતમાં આ બેંકોની કુલ થાપણો માર્ચ ૨૦૨૧ માં રૂ.૮૮૧૩૩૮.૦૦ કરોડ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ (સપ્ટેમ્બર-૨૦૨૧ અંતિત) દરમ્યાન ગુજરાતમાં આ બેંકોની કુલ થાપણોમાં રૂ.૩૫૯૭૬.૦૦ કરોડનો વધારો થઈ સંચયી થાપણ કુલ રૂ.૯૧૭૩૧૪.૦૦ કરોડ થયેલ છે, જે માર્ચ ૨૦૨૧ ની સરખામણીએ ૪.૦૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- **ધિરાણ** : માર્ચ ૨૦૨૧ અંતિત કુલ ધિરાણ રૂ.૬૭૭૫૧૦.૦૦ કરોડ હતું. વર્ષ ૨૦૨૧-૨૨ (સપ્ટેમ્બર-૨૦૨૧ અંતિત) દરમ્યાન ગુજરાતમાં આ બેંકોના કુલ ધિરાણોમાં રૂ.૧૯૬૪૮.૦૦ કરોડનો વધારો થઈ કુલ સંચયી ધિરાણ રૂ.૬૯૭૧૫૮ કરોડ થયેલ છે, જે માર્ચ ૨૦૨૧ ની સરખામણીએ ૨.૯૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- **ધિરાણ થાપણ દર**: ધિરાણ થાપણ દર માર્ચ-૨૦૨૧માં ૭૬.૮૭ ટકા હતો જે સપ્ટેમ્બર-૨૦૨૧માં ૭૬.૦૦ ટકા થયેલ છે. જે માર્ચ-૨૦૨૧ના દરની સરખામણીએ ૦.૮૭ ટકાનો ઘટાડો દર્શાવે છે.

**સામાજિક ક્ષેત્રો:**

1.11 **ગુજરાત રાજયમાં - માનવ વિકાસ અભિગમ** : ગુજરાત માનવ વિકાસનાં બધાં ક્ષેત્રોમાં એક આદર્શ રાજય બનવાનું ધ્યેય રાખે છે. કોઇ પણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર ગુજરાત રાજયનો દરેક વ્યક્તિ (૧) શિક્ષિત અને તંદુરસ્ત હોય (૨) તેના માથે છત હોય અને સ્વચ્છ પર્યાવરણ મળે (૩) પીવાનું પાણી અને સ્વચ્છતાની સગવડો સુલભ હોય (૪) રોજગારીનું અસરકારક માધ્યમ હોય (૫) નિર્ભય રીતે જીવી શકે (૬) દરેકને સમાન તક પ્રાપ્ત થાય.

- **પ્રાથમિક શિક્ષણ:** રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ પુરૂં પાડતી શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૫૩૧૫ હતી જે વર્ષ ૨૦૨૦-૨૧ માં ૪૫૦૨૩ થઇ હતી. આ શાળાઓમાં નોંધણી થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા અગાઉના વર્ષની ૮૬.૧૪ લાખની સામે વર્ષ ૨૦૨૦-૨૧ માં ૮૪.૬૫ લાખ થઈ હતી.
- રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ (ધોરણ ૧ થી ૫)માં શાળામાં વિદ્યાર્થીઓના ચાલુ રહેવાનો દર (Retention Rate) તથા શાળા છોડી જવાના દર (Drop Out Rate) માં સુધારાની પ્રક્રિયા ઉત્સાહજનક રહેલ છે. પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) વિભાગનો શાળા છોડી જવાનો દર વર્ષ ૧૯૯૯-૦૦ના ૨૨.૩૦ ટકાથી નોંધપાત્ર ઘટી વર્ષ ૨૦૧૯-૨૦ માં ૧.૩૭ ટકા થવા પામેલ છે. ધોરણ ૧ થી ૮માં શાળા છોડી જવાનો દર વર્ષ ૨૦૧૯-૨૦ માં ૩.૩૯ ટકા થવા પામેલ છે.
- **માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ:** માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨૪૪૫ હતી જે વધીને વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૨૭૦૯ થયેલ છે. જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૮.૬૭ લાખ હતી જે ઘટીને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૮.૪૩ લાખ થયેલ છે.
- **ઉચ્ચ શિક્ષણ:** વર્ષ ૨૦૧૯-૨૦ માં રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા ૨૫૦૪ હતી, જે વધીને વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૬૧૩ થવા પામેલ છે.વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં દાખલ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬.૧૪ લાખ થયેલ છે જે પૈકી વિદ્યાર્થીનીઓની સંખ્યા ૭.૧૨ લાખ થયેલ છે તેમજ શિક્ષકોની સંખ્યા ૬૦૯૦૮ થયેલ છે.
- **તાંત્રિક શિક્ષણ:** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨(કા) ના અંતે કુલ પ્રવેશ ક્ષમતા ૬૬૩૨૮ ડિગ્રી ઈજનેરી, ૫૨૫ હોટલ મેનેજમેન્ટ, ૧૫૨૨ ડિગ્રી સ્થાપત્ય, ૫૯૩૦ ડિગ્રી ફાર્મસી, ૧૨૯૪૫ એમ.બી.એ. અને ૬૦૦૧ એમ.સી.એ.ના અભ્યાસક્રમોની બેઠકોની હતી. જયારે ૫૭૨૧૦ ડિપ્લોમા એન્જીનિયરીંગ અને ૧૨૧૦ ડિપ્લોમા ફાર્મસીની પ્રવેશ ક્ષમતા હતી.
- **"પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના - PM POSHAN" યોજના (પૂર્વેની મધ્યાહ્ન ભોજન યોજના)**: વર્ષ ૨૦૨૦-૨૧ માં કોવિડ-૧૯ મહામારીને કારણે સરકારશ્રી દ્વારા લેવાયેલ

નિર્ણય મુજબ શાળાઓ બંધ રહેતાં ૩૨૮૯૧ પ્રાથમિક શાળાઓના કુલ ૫૦.૪૦ લાખ લાભાર્થીઓને "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના- PM POSHAN" યોજના હેઠળ આવરી લેવાયેલ. વર્ષ ૨૦૨૦-૨૧ માટે કુલ મંજૂર બજેટ રૂા.૧૦૫૪.૨૭ કરોડ પૈકી કુલ રૂા.૧૦૪૫.૮૦ કરોડનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રાજય સરકારે કોવિડ-૧૯ મહામારીને કારણે જયાં સુધી ૧૦૦ ટકા હાજરી સાથે શાળાઓ ખુલે નહિ ત્યાં સુધી ભોજનના બદલે ખાદ્ય સુરક્ષા ભથ્થાં આપવાનો નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૧-૨૨ (ઓકટોબર-૨૦૨૧ અંતિત)માં ૩૨૪૭૪ શાળાઓના ૫૨.૪૯ લાખ વિદ્યાર્થીઓને PM POSHAN અંતર્ગત ૮૫૮૦૬.૯૬ મેટ્રીક ટન અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવેલ અને વિદ્યાર્થીઓ/ વાલીઓના બેન્ક ખાતામાં રૂા.૪૨૬.૩૨ કરોડની રાંધણ ખર્ચની રકમ જમા કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ રૂા.૧૦૪૪.૯૦ કરોડ બજેટ જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે.

- **જાહેર આરોગ્ય :** જાહેર આરોગ્ય વિષયક આંતરમાળખાને લીધે રાજ્યમાં લોકોના આરોગ્ય સ્તરમાં નોંધપાત્ર સુધારો શક્ય બનેલ છે. જન્મદર ૨૪.૯ (૨૦૦૧) માંથી ઘટીને ૧૯.૫ (SRS-2019) થયો છે, મૃત્યુદર ૭.૮ (૨૦૦૧) માંથી ઘટીને ૫.૬ (SRS-2019) થયેલ છે. અને બાળ મરણદર પણ ૬૦ (૨૦૦૧) માંથી ઘટીને ૨૫ (SRS-2019) જેટલો નીચે આવેલ છે. રાજ્યમાં કુલ ૩૪૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૯૨૩૧ પેટા કેન્દ્રો ઓકટોબર, ૨૦૨૧ના અંતે કાર્યરત હતા.
- **પાણી પુરવઠો અને સ્વચ્છતા:** પીવાનું પાણી અને સ્વચ્છતા એ જીવનની ગુણવત્તા નક્કી કરવા તથા જાળવવા અંગેની પાયાની માનવીય જરૂરિયાત છે. સુરક્ષિત પીવાનું પાણી તથા સ્વચ્છતા એ માનવીય આરોગ્ય અને સુખાકારી માટે ખૂબ અગત્યના પાસા છે.
- **ગ્રામિણ પાણી પુરવઠા કાર્યક્રમ:** રાજ્યમાં આ કાર્યક્રમ સને ૧૯૬૧થી અમલમાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ, વ્યક્તિગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ, મીની પાઈપ યોજના, હેન્ડ પંપ બેસાડવા તેમજ લોકભાગીદારી આધારિત ગ્રામ્ય વિસ્તારમાં આંતરિક પાણી પુરવઠા યોજનાઓનો સમાવેશ થાય છે.
- **અસરગ્રસ્ત ગામોમાં પીવાના પાણીની સુવિધાઃ** વર્ષ ૨૦૨૦-૨૧ માં ૩૦૦ ગામોને માથાદીઠ દૈનિક ૧૦૦ લીટર પાણી ઉપલબ્ધ કરાવવાના લક્ષ્યાંક સામે ૩૪૩ ગામોને આવરી લેવામાં આવેલ. વર્ષ ૨૦૨૦-૨૧ (ઓકટોબર-૨૦૨૧ સુધી) માં ૩૨૫ ગામોને માથાદીઠ દૈનિક ૧૦૦ લીટર પાણી ઉપલબ્ધ કરાવવાના લક્ષ્યાંક સામે ૧૦૫ ગામોને આવરી લેવામાં આવેલ છે.
- **ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજના:** બે કે તેથી વધારે ફળિયાઓને આવરી લેતી અને એક કે વધારે સ્ત્રોત ધરાવતી યોજના જૂથ પાણી પુરવઠા યોજના તરીકે અમલમાં છે. હાલમાં, રાજય વ્યાપી વોટર ગ્રીડ દ્વારા ૧૩૮૭૪ ગામોનું જોડાણ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ ૭૯૧૫ ગામોને આવરી લેતી ૧૩૨ મોટી જૂથ યોજનાઓના અંદાજિત રકમ

રૂ.૮૯૧૪.૮૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે અને ૧૧૫ ગામોનો સમાવેશ કરતી અંદાજીત રૂ.૪૫૦૨.૫૨ કરોડની કિંમતની ૨૨ યોજનાઓ ઓકટોબર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

- **સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના (એસ.એસ.સી.બી.):** રાજ્ય સરકારે નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ જિલ્લાના ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને પુરૂ પાડવા માટે અંદાજીત કિંમત રૂ.૧૩૯૯૦ કરોડ (સુધારેલ)નો માસ્ટર પ્લાન તૈયાર કરીને અમલીકરણ કરેલ છે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ બે કાર્યક્રમ (૧) સરદાર સરોવર કેનાલ આધારિત યોજના અને (૨) સુજલામ સુફલામ યોજના અંતર્ગત કરવામાં આવે છે. જિલ્લાઓના વિભાજન અને પુનઃરચના તેમજ વસ્તી ગણતરી-૨૦૧૧ મુજબ ૯૪૯૦ ગામ અને ૧૭૩ શહેરોને નર્મદા માસ્ટર પ્લાનમાં આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા પાણીના વિતરણ માટે મહી/નર્મદા આધારિત બલ્ક પાઈપલાઈન પેકેજીસ હાથ ધરેલ છે. માર્ચ-૨૦૨૧ સુધીમાં ૨૯૬૨.૭૬ કિ.મી. બલ્ક પાઈપલાઈનનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ (ઓકટોબર-૨૦૨૧ અંતિત) દરમિયાન ૬૯.૭૫ કિ.મી. બલ્ક પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આમ, ઓકટોબર -૨૦૨૧ સુધીમાં કુલ ૩૦૩૨.૫૧ કિ.મી. બલ્ક પાઇપ લાઇનનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. નર્મદા આધારિત પાણી પુરવઠા ગ્રીડ અંતર્ગત ૯૧૦૪ ગામો અને ૧૬૯ શહેરોને આવરી લેવામાં આવેલ છે.
- **ગ્રામ વિકાસ :** કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા ગ્રામિણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની ગરીબી ઘટાડવા તથા જીવનની ગુણવત્તા સુધારવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમો ગ્રામિણ વિકાસ મંત્રાલય વિભાગ તથા અન્ય સંલગ્ન વિભાગો સાથે મળીને ચલાવવામાં આવે છે.

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના:**

- આ યોજના હેઠળ કુલ ૪૫.૭૯ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.
- DBT દ્વારા ૧૦૦ ટકા શ્રમિકોના વેતનની ચુકવણી કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ તા.૨૨ ડિસેમ્બર, ૨૦૨૧ અંતિત ૯.૬૩ લાખ લાભાર્થી કુટુંબોને કુલ ૪૩૩.૭૬ લાખ માનવદિનની રોજગારી આપવામાં આવેલ છે.
- મનરેગા યોજના અંતર્ગત તા.૨૨ ડિસેમ્બર,૨૦૨૧ સુધીમાં ૭૫૦૩૩ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- GIS બેઝ આયોજન અને દેખરેખ કાર્યક્રમ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૬થી અમલમાં આવ્યો. જે અંતર્ગત મનરેગાના ૭.૬૫ લાખ અસ્કયામતોનું જીઓ ટેગીંગ કરવામાં આવ્યું જે પબ્લિક ડોમેઇનમાં ઉપલબ્ધ છે.

* **પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામિણ (PMAY-G):** પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૩૭૩૪૮ ના લક્ષ્યાંકની ફાળવણી કરવામાં આવેલ છે. જે પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધીમાં કુલ ૧૧૮૧૬૬ લાભાર્થીઓને મંજૂરી અપાયેલ છે.
* **પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (જળસ્ત્રાવ એકમ):**
    * વર્ષ ૨૦૧૫-૧૬થી સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમનો પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે.
    * વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત) માં જમીન અને ભેજ સંરક્ષણના અને જળસંગ્રહના કુલ ૬૫૭૦ કામો પુર્ણ થયેલ છે અને રૂા.૪૬.૨૬ કરોડનો ખર્ચ થયેલ છે.
* **સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ):** સ્વચ્છ ભારત મીશન (ગ્રામીણ) કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પરીવારો માટે વ્યક્તિગત શૌચાલયના નિમાર્ણ અને ધન અને પ્રવાહી કચરાના સુયોગ્ય રીતે નિકાલ કરવાના હેતુથી ૨જી ઓક્ટોબર, ૨૦૧૪ થી અમલમાં મુકાયેલ છે.
* સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના હેઠળ રાજયના ગ્રામિણ વિસ્તારમાં કુલ ૪૨.૩૮ લાખથી વધુ શૌચાલયનું નિર્માણ કરવામાં આવેલ છે.

**રોજગાર:**

**1.12** રોજગાર વિનિમય કચેરીઓમાં વર્ષ ૨૦૨૦ દરમ્યાન ૨.૯૧ લાખ ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ હતી અને ૨.૩૨ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૧ (ઓકટોબર-૨૦૨૧ અંતિત) દરમ્યાન રોજગાર વિનિમય કચેરીઓમાં ૨.૬૦ લાખ ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને ૨.૧૭ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. રોજગાર વિનિમય કચેરીઓમાં ઓકટોબર-૨૦૨૧ અંતિત ના રોજ ૩.૭૨ લાખ રોજગાર વાંચ્છુઓ નોંધાયેલા છે, જે પૈકી ૩.૫૩ લાખ શિક્ષિત અને ૦.૧૯ લાખ અશિક્ષિત છે.

**પછાત વર્ગોનું કલ્યાણ:**

**1.13** **વનબંધુ કલ્યાણ યોજના (ટ્રાયબલ સબ પ્લાન) :** યોજનાઓના ઘડતર, અમલીકરણ અને સંકલન માટે જિલ્લા કક્ષાએ 'જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ' (**District Adijati Vikas Mandal**)ની રચના કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે દરેક વિભાગની આદિજાતિ પેટા યોજના હેઠળ ગુજરાત પેટર્ન માટે જોગવાઈના ૯૦ ટકા જિલ્લા કક્ષાએ ઘડાતી અને અમલમાં મૂકાતી યોજનાઓ માટે અંકિત કરી, બાકીની ૧૦ ટકા જોગવાઈ રાજ્ય સ્તરે ઘડાતી અને અમલમાં મુકાતી યોજનાઓ માટે રાખવાનું નક્કી કરેલ છે.

- વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન આદિજાતિ વિસ્તાર પેટા યોજના (વનબંધુ કલ્યાણ યોજના) માટે, રૂા.૧૪૧૦૬.૪૨ કરોડની સુધારેલ જોગવાઈ કરવામાં આવેલ, જેની સામે રૂા.૧૧૧૨૦.૫૩ કરોડનો ખર્ચ થયો હતો.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન આદિજાતિ વિસ્તાર પેટા યોજના (વનબંધુ કલ્યાણ યોજના) હેઠળ રૂા.૧૪૪૬૩.૦૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ, જેની સામે નવેમ્બર-૨૦૨૧ સુધીમાં રૂા.૬૪૬૪.૯૭ કરોડનો ખર્ચ થયેલ છે.
- કમિશ્નર, આદિજાતિ વિકાસ હસ્તકની આદિજાતિ કલ્યાણની વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂા.૨૬૭૪.૮૧ કરોડની જોગવાઈ સામે રૂા.૧૮૫૨.૮૪ કરોડનો ખર્ચ થયેલ હતો. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રૂા.૨૬૫૬.૪૦ કરોડની જોગવાઈ સામે નવેમ્બર-૨૦૨૧ સુધીમાં રૂા.૮૩૦.૩૨ કરોડનો ખર્ચ થયેલ છે.
- **અનુસૂચિત જાતિ પેટા યોજના(SCSP)** : રાજ્ય સરકાર અનુસૂચિત જાતિઓના ઝડપી સામાજિક-આર્થિક વિકાસ માટે વિશેષ પ્રયત્નો કરે છે. વિકાસના તમામ સદર હેઠળ અનુસૂચિત જાતિઓ માટે ચોક્કસ જોગવાઈ નિયત કરીને, તેને અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સંકલિત કરવામાં આવે છે. અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલ રૂા.૫૨૨૪.૬૫ કરોડની જોગવાઈ સામે વર્ષાન્તે રૂા.૪૫૨૭.૧૬ કરોડનો (૮૬.૬૫ ટકા) ખર્ચ થયેલ હતો. અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ (સપ્ટેમ્બર-૨૦૨૧ અંતિત) માં કરવામાં આવેલ રૂા.૫૪૪૪.૭૫ કરોડની જોગવાઈ સામે રૂા.૨૦૪૬.૫૧ કરોડનો (૩૭.૫૯ ટકા) ખર્ચ થયેલ છે.

**નાગરિક પુરવઠો**:

**1.14** રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો-૨૦૧૩ (**NFSA**)નો અમલ સમગ્ર રાજયમાં તા.૧-૪-૨૦૧૬ થી કરવામાં આવેલ છે. રાજયમાં આ કાયદા હેઠળ ૭૦ લાખ કુટુંબોની ૩.૪૫ કરોડ જનસંખ્યાનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ વિતરણ પ્રમાણ અને કિંમત મુજબ સમગ્ર રાજયમાં આવેલ ૧૬૯૭૫ વાજબી ભાવની દુકાનો મારફતે રેશનકાર્ડ ધારકોને ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ, આયોડિનયુક્ત મીઠું અને ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર વતી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. (**GSCSCL**) ભારતીય ખાદ્ય નિગમ (**FCI**) પાસેથી ઘઉં તથા ચોખા (અનાજ)નો જથ્થો ઉપાડે છે અને તેનું વાજબી ભાવની દુકાનો મારફતે વિતરણ કરે છે.

- **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત "માં અન્નપૂર્ણા યોજના" :** રાજ્ય સરકારે ૧લી એપ્રિલ-૨૦૧૬થી સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અંતર્ગત "માં અન્નપૂર્ણા યોજના"નો શુભારંભ કરેલ છે. આ યોજનામાં બે પ્રકારના લાભાર્થીઓને લાભ મળે

છે (અ) રાજ્યના અંત્યોદય અન્ન યોજના હેઠળના તમામ કાર્ડધારકો અને (બ) રાજ્ય સરકારે તા.૨૨-૭-૨૦૧૪ના ઠરાવથી નિયત કરેલ ધોરણો તથા તા.૧૩-૧૦-૨૦૨૦ અને તા.૧૭-૧૦-૨૦૨૦ ના ઠરાવથી સુધારણા કરેલ ધોરણો મુજબના અગ્રતા ધરાવતા કુટુંબો.

**આયોજન અને મૂલ્યાંકન:**

1.15 ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૬થી જાહેર નાણાનાં ઉપયોગ થકી હાંસલ થયેલ પરિણામો જાણવા માટે પરિણામલક્ષી બજેટ ઘડવાનું શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા પણ વર્ષ ૨૦૧૭-૧૮થી તે જ રીતે આઉટકમ બજેટ બહાર પાડવામાં આવે છે. ભારત સરકારના નીતિ આયોગ દ્વારા વિવિધ યોજનાઓનાં પરિણામલક્ષી માપદંડો આધારિત મૂલ્યાંકન કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. આઉટકમ બજેટ એ આ દિશામાં એક પહેલ છે. વધુમાં આ પરિપ્રેક્ષ્યમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના એજન્ડા ૨૦૩૦ દ્વારા નિર્ધારિત કરેલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ(SDG) અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ‘‘ગુજરાત સસ્ટેનેબલ વિઝન ૨૦૩૦" તૈયાર કરવામાં આવેલ છે.

- રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રીય જોગવાઈનું માત્ર દસ્તાવેજીકરણ કરવાના બદલે માપી શકાય તેવા યોગ્ય પરિણામો મેળવવાના મુખ્ય હેતુથી પરિણામલક્ષી અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. આ અંદાજપત્ર પ્રકાશનમાં સમાવેલા ભૌતિક પરિણામો ખાલી સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં અને માત્ર વપરાશ કે નાણાંકીય સ્ત્રોતોની જોગવાઈના દૃષ્ટિકોણથી માપી શકાય તેવા એકમો જ નહીં પરંતુ ભૌતિક એકમો અને તેના માપી શકાય તેવા પરિણામો દર્શાવે છે.
- **આકાંક્ષિત જિલ્લા કાર્યક્રમ:** માન. વડાપ્રધાનશ્રી દ્વારા જાન્યુઆરી, ૨૦૧૮માં Aspirational District Programme નો પ્રારંભ કરવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય ધ્યેય દેશના કેટલાક અવિકસિત જિલ્લાઓમાં ઝડપથી અને અસરકારક રીતે પરિવર્તન લાવવાનો છે.
- દેશભરમાંથી ૧૧૭ જિલ્લાઓની Aspirational District તરીકે ઓળખ કરવામાં આવેલ જે અંતર્ગત ગુજરાતના બે જિલ્લાઓ નર્મદા અને દાહોદનો સમાવેશ કરવામાં આવેલ છે.
- **આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT):** રાજય સરકારે પાયાના સ્તરે વિકેન્દ્રિત આયોજનને વધુ મજબૂત બનાવવા “તાલુકા સરકાર”નો નવો અભિગમ અપનાવેલ છે. “આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો” નામની નવી યોજના વર્ષ ૨૦૧૧-૧૨થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના દ્વારા રાજય સરકાર દ્વારા ગ્રામ્ય કક્ષાએ પાયાની સુવિધાઓ જેવી કે ગ્રામ્ય આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાના નિકાલ માટેની યોજના, પીવાના પાણીની યોજના જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેમાં પણ કેબીનેટ સબ કમિટીની ભલામણોના આધારે નવા કામોનો સમાવેશ કરીને આ યોજનાનો વ્યાપ

વધારવામાં આવેલ છે. આ યોજનાનું અમલીકરણ તાલુકા કક્ષાએથી હાથ ધરવાનું રહે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના માટે રૂ.૪૪૬૨૫.૦૦ લાખની જોગવાઈ મંજૂર કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના માટે રૂ.૪૪૬૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ સુચવવામાં આવેલ છે.

- મૂલ્યાંકન કાર્યાલયની મુખ્ય કામગીરી રાજ્ય સરકાર દ્વારા અમલીકરણ કરવામાં આવી રહેલ યોજના/કાર્યક્રમોના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાની છે.
- મૂલ્યાંકન અભ્યાસનો મૂળભુત ઉદ્દેશ સરકારશ્રીની વિવિધ યોજનાઓ/કાર્યક્રમો નિર્ધારીત ધ્યેય હાંસલ કરવામાં કેટલે અંશે સફળ રહ્યા છે, તેની જાણકારી મેળવીને યોજનાનો અમલ વધુ સુદ્રઢ કરવા માટે જરૂરી સુધારાત્મક પગલા સૂચવવાનો છે. અમલમાં મુકાયેલ યોજનાઓના લાભ કેટલે અંશે લક્ષિત જૂથ સુધી પહોંચ્યા છે, તેની માહિતી મેળવી યોજનાના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ તથા જણાવેલ ક્ષતિઓના નિવારણ માટેના જરૂરી ઉપાયો અભ્યાસમાં સૂચવવામાં આવે છે. સરકારશ્રી હસ્તકના વિવિધ કાર્યક્રમો માટે સુધારાત્મક પગલા/નીતિ વિષયક નિર્ણય લેવા માટે મૂલ્યાંકન અભ્યાસના અહેવાલ દ્વારા પ્રાપ્ત થયેલ અવલોકનો/ભલામણો ઘણી જ ઉપયોગી નીવડે છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આ કચેરી હસ્તક ૧૩ વિભાગોના ૨૮ મૂલ્યાંકન અભ્યાસોની કામગીરી વિવિધ તબક્કે પ્રગતિમાં છે.

**જાહેર નાણાં:**

**1.16 જાહેર હિસાબો વર્ષ ૨૦૨૦-૨૧ (કા):**

વર્ષ ૨૦૨૦-૨૧ના કામચલાઉ હિસાબો મુજબ, વર્ષ દરમ્યાન રૂા.૧૯૭૧૩૫.૯૬ કરોડની કુલ આવક થયેલ હતી જે ગત વર્ષ ૨૦૧૯-૨૦ની આવક કરતાં રૂા.૧૦૩૬૪.૮૬ કરોડ વધારે હતી. ગત વર્ષ કરતાં મહેસુલી આવક રૂા.૧૪૬૮૮.૧૦ કરોડ ઘટેલ હતી અને મૂડી આવક રૂા.૨૫૦૫૨.૯૬ કરોડ વધારે હતી. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રૂા.૧૯૬૬૩૯.૯૨ કરોડનો ખર્ચ થયેલ હતો. જે વર્ષ ૨૦૧૯-૨૦ના ખર્ચ કરતાં રૂા.૧૨૦૭૬.૯૨ કરોડ વધારે હતો. ગત વર્ષની સરખામણીએ મહેસૂલી ખર્ચ રૂા.૯૮૦૪.૬૭ કરોડ વધારે હતો જ્યારે મૂડી ખર્ચ રૂા.૨૨૭૨.૨૫ કરોડ વધારે હતો.

- વર્ષ ૨૦૨૦-૨૧ના કામચલાઉ હિસાબો મુજબ મહેસૂલી હિસાબ ખાતેની આવક અંદાજે રૂા.૧૨૮૧૫૫.૬૬ કરોડ હતી. જ્યારે મહેસૂલી હિસાબ ખાતેનું ખર્ચ અંદાજે રૂા.૧૫૦૭૦૩.૫૮ કરોડ હતું. જે મહેસૂલી હિસાબ ખાતે રૂા.૨૨૫૪૭.૯૨ કરોડની ખાધ દર્શાવે છે. મૂડી હિસાબ ખાતે રૂા.૬૮૯૮૦.૩૦ કરોડની આવક સામે રૂા.૪૫૯૩૬.૩૪ કરોડનો મૂડી ખર્ચ થયેલ છે, જે

રૂા.૨૩૦૪૩.૯૬ કરોડની પુરાંત દર્શાવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન મૂડી હિસાબ ખાતે આંતરિક દેવાની ચૂકવણી માટે રૂા.૧૫૯

- ૦૭.૪૭ કરોડ સામે વર્ષ ૨૦૨૦-૨૧ કામચલાઉ હિસાબોમાં રૂા.૧૭૧૩૯.૨૮ કરોડની ચૂકવણી થયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ ના હિસાબોમાં મહેસૂલી અને મૂડી હિસાબ ખાતેની કુલ પુરાંત રૂા.૪૯૬.૦૪ કરોડ જ્યારે જાહેર હિસાબ ખાતે રૂા.૬૫૮.૦૩ કરોડની ચોખ્ખી ખાધ રહે છે.તેથી સરકારના હિસાબો વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ચોખ્ખી લેવડ-દેવડ રૂા.૧૬૧.૯૯ કરોડ ખાધ દર્શાવે છે.

***

# પ્રકરણ-૨
# વિકાસ અભિગમ

2.1 ભારત દેશની પશ્ચિમે આવેલું ગુજરાત સમૃદ્ધ વારસો વ્યાપાર અને સંસ્કૃતિ ધરાવે છે. રાજ્યના હડપ્પા અને ધોળાવીરામાં ૫,૦૦૦ વર્ષ પહેલાંથી શહેરી આયોજન અને જળ સંગ્રહણના નમુના જોવા મળે છે. ધોલેરા અને લોથલ સિંધુખીણની સંસ્કૃતિના અગત્યના બંદરો હતા.

- ગુજરાત ભૌગોલિક વિવિધતા ધરાવે છે, જેમાં ૧,૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો, દક્ષિણમાં ઉપજાઉ જમીન અને બારેમાસ વહેતી નર્મદા, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં રણ. રાજ્યએ સૌનો સાથ સૌનો વિકાસ જેવું એકમાત્ર અને દાર્શનિક અભિગમ સામાજીક અને આર્થિક વિકાસને તેના સિધ્ધાંત તરીકે સ્વીકારેલ છે. જે રાજ્યના સમતોલ અને પ્રગતિશીલ વિકાસની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે.
- રાજ્ય કૃષિ, ઉત્પાદન અને સેવા ક્ષેત્ર પર ભાર મૂકવાની સાથે સંવાદિત અને સંતુલિત વિકાસ તરફ પ્રયત્ન કરે છે અને વ્યાપક માનવ વિકાસ પર તીવ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ગુજરાત રાજ્ય દ્વારા યુ.એન.ના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના એજન્ડા ૨૦૩૦ના પરિપ્રેક્ષ્યમાં "ગુજરાત સસ્ટેનેબલ વિઝન ૨૦૩૦" તૈયાર કરેલ છે તેમજ વિકાસનો છેવાડાના માનવીને આવરી લેતો રોડ મેપ તૈયાર કરેલ છે.

**કૃષિ અને ગ્રામીણ અર્થતંત્ર:**

2.2 ખેડૂત સશક્તિકરણ અને ટેકનોલોજીનો વિકાસ કૃષિમાં સતત વૃદ્ધિ માટેના અભિગમ છે. મધ્યમ ગાળા દરમિયાન ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે પહેલેથી જ બેઅંકમાં વૃદ્ધિ જોવા મળી છે. ઇનપુટની કિંમતમાં ઘટાડો કરવો, યાંત્રીકરણ દ્વારા કાર્યક્ષમતા વધારવી અને ખેતીમાંથી પૂરતું વળતર મળી રહે તેવી સગવડ વગેરે દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા માટેની કૃષિ નીતિઓ અને કાર્યક્રમો પર ધ્યાન આપવામાં આવે છે.પરંપરાગત કૃષિમાં ટેક્નોલોજી ઉમેરવાનો અભિગમ રાજ્યના કૃષિ ક્ષેત્ર માટે આમૂલ પરિવર્તનરૂપ બનશે. જીપીએસ, જીઆઇએસ, રિમોટ સેન્સિંગનો ઉપયોગ કરવાથી ખેડૂતોને તેમની ઉત્પાદકતા વધારવા માટે મદદ મળશે.

- સિંચાઈ અને વીજ પુરવઠામાં સતત વધારો અને સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિઓ મોટા પાયે અપનાવવાની બાબત ગુજરાતની કૃષિ માટે આમૂલ પરિવર્તન લાવનારી બની રહેલ છે. લાભાર્થી ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવવા માટે નાણાંકીય સહાય આપી ટપક

/ ફુવારા / રેઇન ગન / પોરસ પાઇપ દ્વારા ગુજરાતમાં ૨૦.૪૨ લાખ હેક્ટર જમીનમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિઓ અપનાવવામાં આવી છે.

- પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ પાક વીમા દ્વારા સહાય કરીને અથવા મુખ્યમંત્રી કિસાન સહાય યોજના દ્વારા રાજ્ય ખેતી આવકમાં જોખમ ઘટાડવાનું ચાલુ રાખવામાં આવશે. સહકારી સેક્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને પાયાની ખેતધિરાણ સંસ્થાઓના માળખાને સંગીન અને આધુનિક બનાવવા માટે સહકારે ક્ષેત્ર ટેકો પુરો પાડશે. ખેડૂતોને આપવામાં આવેલા ધિરાણ અંતર્ગત વ્યાજ સહાય રાહતથી મદદ મળશે.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ  યોજના હેઠળ ભારત સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે જમીન ધરાવતા ખેડૂત કુટુંબોને સહાયરૂપ થવા માટે ૧૦૦ % કેન્દ્ર સહાયિત યોજના “ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ” યોજનાનું રાજ્યમાં અમલીકરણ શરૂ કરી દેવામાં આવેલ છે.જે હેઠળ ખેડૂતોને વાર્ષિકકુલ રૂ. ૬૦૦૦/- ત્રણ સમાન હપ્તામાં મળશે.
- ભારત સરકારશ્રીએ દેશના નાના અને સીમાંત ખેડૂતોને સામાજિક સુરક્ષા પ્રદાન થાય તે માટે પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના અમલી કરેલ છે. જેમાં ૧૮ થી ૪૦ વર્ષની ઉમર ધરાવતા નાના અને સીમાંત ખાતેદાર ખેડૂતોને ૬૦ વર્ષ બાદ રૂ. 3000/- માસિક પેન્શન અંશત: પ્રીમીયમ ચુકવણીના આધારે આપવાની બાબત છે.
- રાજ્ય દ્વારા ઓર્ગેનિક ખેતીના પ્રોત્સાહન માટે અલગથી ઓર્ગેનિક ખેતી નીતી જાહેર કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભારતમાં આ પ્રકારે પ્રથમ ગુજરાત એગ્રીકલ્ચરલ ઓર્ગનિક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.

**બાગાયત:**

**2.3** વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ફળોનું ઉત્પાદન ૯૨.૬૧ લાખ ટન, શાકભાજીનું ઉત્પાદન ૧૩૨.30 લાખ ટન, મસાલા પાકોનું ઉત્પાદન ૧૦.૯૬ લાખ ટન અને ફૂલોનું ઉત્પાદન ૧.૯૬ લાખ ટન હતું જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ માં અનુક્રમે ૮૨.૫૧ લાખ ટન, ૧૫૪.૧૧ લાખ ટન, ૧૧.૯૯ લાખ ટન અને ૧.૮૯ લાખ ટન થયેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન નાળિયેરનું ઉત્પાદન ૨૬૫૪.૭૪ લાખ નટ્સ હતું, જે વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૧૩૬.૨૩ લાખ નટ્સ થયેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪ થી કુલ ફળ પાકોમાં નાળિયેરનો વિસ્તાર અને ઉત્પાદનનો સમાવેશ કરવામાં આવતો નથી.

- રાજયમાં બાગાયતી ખેતી થકી ખેડૂતોની આવક બમણી કરવાનાં હેતુસર વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં શાકભાજી પાકોની ઉત્પાદકતા ૨૦.33 મે.ટન/ હેક્ટર અને ફળ પાકોની

ઉત્પાદકતા ૨૧.૦૪ મે.ટન/ હેક્ટરથી વધારી અનુક્રમે ૨૨.૭૦ મે.ટન/ હેક્ટર અને ૨૩.૪૦ મે.ટન/ હેક્ટર સુધી વધારવા વિવિધ યોજનાઓ થકી સઘન આયોજન કરવામાં આવશે.

**કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ શિક્ષણ, કૃષિ સંશોધન અને વિસ્તરણ શિક્ષણ:**

**2.4** કૃષિ શિક્ષણ, કૃષિ સંશોધન અને વિસ્તરણ શિક્ષણને સુદ્રઢ કરવા અંગેનો મુખ્ય હેતુ છે. શિક્ષણ દ્વારા કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવા અને એગ્રો બેઇઝડ ઇન્ડસ્ટ્રીઝની જરૂરિયાત અને જાહેર તથા ખાનગી ક્ષેત્રમાં તાંત્રિકી માનવબળ પુરૂ પાડવાની જરૂરિયાત છે.

- કૃષિ બાગાયત, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી, કૃષિ ઇજનેરી, એગ્રીકલ્ચર બિઝનેસ મેનેજમેન્ટ, એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ફોરેસ્ટ્રી જેવા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવવા.
- કૃષિ, બાગાયત, કૃષિ ઇજનેરી તથા ફુડ સાયન્સ અને હોમ ઇકોનોમીકસ વિષયોમાં ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો દ્વારા શિક્ષણને વધુ વ્યવસાયીક બનાવવું.
- ગ્રામીણ સમુદાયના ઉત્થાન માટે તાંત્રિક રીતે સક્ષમ, કાર્યક્ષમ અને કુશળ માનવબળ પુરૂ પાડવું.
- કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં યુવાઓ, ખેડૂતો, ખેડૂત મહિલાઓ અને વિસ્તરણ કાર્યકરોને તાલીમ આપવી.
- ખેડૂત સમુદાયને સુધારેલ એગ્રો ટેકનોલોજી પુરી પાડવી.
- ગ્રામીણ વિસ્તારને અનુરૂપ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા અંગે સંશોધન હાથ ધરવુ. જેથી, કૃષિનો વ્યવસાય આર્થિક રીતે સમુધ્ધ થાય.
- નફાકારક ખેતી માટે ખેત પેદાશોનું મૂલ્યવર્ધન અને ખેતીના સ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.

**દરિયાકાંઠા ક્ષાર પ્રવેશ નિવારણ યોજના:**

**2.5 ગુજરાત રાજયના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખારાશને રોકવી.**

- ગુજરાત રાજ્ય કચ્છના લખપતથી દક્ષિણ ગુજરાત ઉમરગામ સુધી ૧૬૦૦ કિમી લાંબો દરિયાઇ પટ્ટો ધરાવે છે. કચ્છથી દક્ષિણ ગુજરાત સુધીનો દરિયાકાંઠાનો વિસ્તાર ખારાશના પ્રવેશની સમસ્યાથી પ્રભાવિત છે. દરિયાકાંઠા વિસ્તારમાં ખારાશના પ્રવેશની સમસ્યાને દુર કરવા માટે,ગુજરાત રાજ્યએ વર્ષ ૨૦૦૪-૦૫ થી ખારાશના પ્રવેશને ચકાસવા માટે રાજ્ય યોજનાને મંજુરી આપી છે. આ યોજના ગુજરાત રાજ્ય જમીન

વિકાસ નિગમ દ્વારા કચ્છ, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડના ૧૪ જિલ્લામાં દરિયાકાંઠાના વિસ્તારમાં લાગુ કરવામાં આવી છે.

- આ યોજના હેઠળ, વિવિધ જમીન અને જળ સરક્ષણ પ્રવૃતિઓ માટે ખેડૂતોને ૧૦૦% સહાય આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ યોજનામાં રૂ.૦.૦૧ લાખની પ્રતિક જોગવાઇ કરવામાં આવેલ છે.

**મોટા કદની ખેત તલાવડી:**

**2.6** ગુજરાત રાજ્યનો મોટા ભાગનો વિસ્તાર ઢાળવાળો, અસમાન અને ખડકાળ છે. ઉપરાંત, રાજ્યનો મોટાભાગનો વિસ્તાર વરસાદ આધારીત કૃષિ પ્રણાલી હેઠળ છે જ્યાં અનિયમિત અને અપુરતો વરસાદ પડે છે, જેથી વરસાદનુ મોટા ભાગનું પાણી નદીઓ મારફતે દરિયામાં વ્યર્થ વહી જાય છે. ગુજરાત રાજ્યમાં બહુ ઓછી બારમાસી નદીઓ છે. આ ઉપરાંત, રાજ્યમાં સપાટી પરની સિંચાઇ સુવિધા મર્યાદિત છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત તેમજ રાજ્યના પૂર્વ પર્વતીય આદિવાસી પટ્ટામાં વાર્ષિક વરસાદ લગભગ ૩૦૦ થી ૬૦૦ મીમી જેટલો છે. આ વિસ્તારમાં સિંચાઇની પાણીની તીવ્ર અછત છે. આથી, ભૂગર્ભ જળનો વધુ માત્રામાં ઉપયોગ થાય છે જેના કારણે દર વર્ષે ભૂગર્ભ જળ સ્તરમાં ઘટાડો થાય છે. ઉપરાંત ભૂગર્ભજળ ખૂબ ઉંડા અને પ્રદૂષિત છે, જે સિંચાઇ અને પીવાના હેતુ માટે યોગ્ય નથી.

- આવા સંજોગોમાં, વરસાદી પાણીનો સંચય અને સંગ્રહ અંત્યંત જરૂરી છે, કેમ કે વરસાદી પાણીનું સરંક્ષણ એ આ સમસ્યાઓનો ઉકેલ લાવવાનો એકમાત્ર ઉપાય છે. મોટા કદની ખેત તલાવડી (ખેત તલાવડી) એ વરસાદી પાણીના સરક્ષણ માટે ખૂબ જ સરળ અને પરિણામલક્ષી યોજના છે, જ્યા વરસાદી પાણીનો સરક્ષંણ, સંગ્રહ અને પુરક સિંચાઇ તરીકે ઉપયોગ કરવામાં આવશે. જેને લીધે ભુગર્ભ જળના સ્તર પણ ઊંચા લાવી શકાય છે.
- આ યોજના હેઠળ, ખેત તલાવડી માટે કુલ નાણાકીય જરૂરિયાતના ખેડૂતોને ૯૦% સહાય આપવામાં આવે છે અને બાકીની ૧૦% રકમ શ્રમદાન સ્વરૂપમાં લાભાર્થીઓ દ્વારા જી.એસ.એલ.ડી.સી. ઓફિસમાં જમા કરવામાં આવશે અને જી.એસ.એલ.ડી.સી. દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ યોજનામાં રૂ.૦.૦૧ લાખની પ્રતિક જોગવાઇ કરવામાં આવેલ છે.

**ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. :**

**2.7** સરકારશ્રીની ખેડૂતલક્ષી યોજનાઓ સહીત ખેડૂતોને ગુણવત્તાયુક્ત અને વ્યાજબી ભાવે વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર-૨૧અંતિત) ૨.૦૩ લાખ મે.ટન રાસા. ખાતર (અંદાજીત રૂ.૨.૨૧કરોડ) અને ૧૮.૪૭ કી.લિટર/૪૮.૧૦ મે.ટન જંતુનાશક દવાઓ (અંદાજીત રૂ.૧૧૫.૮૨ લાખ) પુરા પાડેલ.

- રાજ્યના ખેડૂતો સજીવ ખેતી તરફ આકર્ષાય તે માટે ૫૫.૯૯ કિલો. લિટર બાયો ફર્ટીલાઈઝર (અંદાજીત રૂ. ૬૦.૬૨ લાખ) નું વિવિધ સેન્ટરો મારફતે વિતરણ કરેલ.
- રાજ્યમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં બજારમાં ખાતરની અછત વર્તાતી હતી જેને નિવારવા માટે સ્ટોરેજ સ્કીમ અંતર્ગત ઓફ સિઝનમાં જુદા જુદા વિસ્તારોમાં ગોડાઉન ભાડે રાખી રસાયણીક ખાતરોનો સંગ્રહ ૨૭૦૨૦ મે.ટન કરવામાં આવ્યો હતો અને તે માટે સંગ્રહનો ખર્ચ અંદાજીત રૂ. ૭૫૯.૬૫ લાખ. જેના કારણે સીઝનમાં ખેડૂતોએ રાસા. ખાતરમાં કોઈ અછત અનુભવેલ ન હતી. તેમજ બજારમાં નિયત ભાવે ખાતર પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થયેલ હતું.
- તા.૧૪/૧૨/૨૦૨૧ થી તા.૧૬/૧૨/૨૦૨૧ સુધી પ્રી-વાઈબ્રંટ સમીટનું આયોજન કરવામાં આવેલ જેમા પ્રાકૃતિક ખેતી, ડેરી ઉત્પાદનો અને ખેત ઉત્પાદનોને પ્રોશેસીંગને લગતા સેમીનાર અને એક્સીબીશન કરવામાં આવેલ. ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડ દ્વારા રૂ. ૨૦૦૦ કરોડથી વધુના સાત MOU કરવા આવેલ છે.
- ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિના મુલ્યે છત્રી પૂરી પાડવાની યોજના અંતર્ગત ૩૦૦૦૦ નંગ છત્રીઓની ખરીદી કરી રવાનગી કરેલ છે.
- ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી દ્વારા સમગ્ર રાજ્યના ગ્રામીણ વિસ્તારોને આવરી લઈ ગુણવત્તાયુક્ત કૃષિ પેદાશો વ્યાજબી ભાવે ખેડૂતોને મળી રહે તે માટે અંદાજીત ૧૨૦૦ કરતા વધારે એગ્રો બીઝનેશ સેન્ટર દ્વારા છુટક વેચાણની વ્યવસ્થા ઉભી કરેલ છે.
- સમગ્ર ભારત દેશમાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન એવું સરકારી નિગમ છે કે જેની પાસે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અમદાવાદ ખાતે એસકાર્ગો કોમ્પ્લેક્ષ છે તથા તેની નજીકમાં નરોડા ખાતે પેકહાઉસ છે તથા બાવળા, જી. અમદાવાદ ખાતે ઈરીડીયેશન ની સુવિધા છે એમ સંકલિત અભિગમથી સમગ્ર ઈન્ફ્રા. વિકસાવેલ છે.
- નિગમ દ્વારા ડીસા તાલુકો, જી. બનાસકાંઠા ખાતે સજીવ ખેતી દ્વારા ૫૦૦૦ હેક્ટર જમીનમાં કલસ્ટર બનાવી ખેડૂતો મારફત બટાટાના વાવેતરનો વિશાળ પ્રોજેક્ટ હાથ ધરેલ છે.

**પશુપાલન:**

**2.8** વર્ષ ૨૦૧૯ ની ૨૦ મી પશુધન વસ્તી ગણતરીના કામચલાઉ પરિણામો મુજબ રાજ્યનું કુલ પશુધન ૨૬૮.૯૩ લાખ છે. મુખ્ય પશુધન પેદાશોના સંકલિત નિર્દેશ મોજણીના કામ ચલાઉ અંદાજો મુજબ ગુજરાત રાજ્યમાં દૂધ ઉત્પાદન વર્ષ ૨૦૧૯-૨૦ નાં ૧૫૨.૯૨ લાખ મે.ટનથી વધીને વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૫૮.૫૩ લાખ મે.ટન થયેલ હતું. ૨૦૨૦-૨૧ દરમ્યાન ૧૭૮.૬૩ કરોડ ઈંડાનું ઉત્પાદન તેમજ ૨૦.૦૪ લાખ કિગ્રા ઉનનું ઉત્પાદન નોંધાયેલ હતું.

**પશુપાલન અને ડેરી વિકાસ:**

**2.9** ગુજરાત તેની પશુપાલનની પરંપરા જાળવી રાખીને દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રાજ્ય રહેલ છે. ગુજરાત રાજ્ય દ્વારા દૂધ, ખેતી અને મત્સ્ય ઉત્પાદનમાં વેલ્યુ એડીશન દ્વારા ગ્રામ્ય આવક વધારવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ક્ષેત્રે કેટલીક પહેલો નીચે મુજબની છે.

**મોબાઈલ પશુ દવાખાના:**

**2.10** ૧૦ ગામ દીઠ ૧ મોબાઈલ પશુદવાખાનું સ્થાપવાની યોજના અંતર્ગત PPP મોડ પર GVK-EMRI મારફતે ૪૬૦ મોબઈલ પશુદવાખાના કાર્યરત કરવામાં આવ્યા છે.

- વર્ષ ૨૦૦૨ થી રાજ્યમાં પશુ આરોગ્ય મેળાઓનું આયોજન સફળતાપુર્વક દર વર્ષે કરવામાં આવે છે. રાજ્યના પશુધન માટેની સુદ્રઢ પશુઆરોગ્ય સેવાઓ, સઘન રસીકરણ અને રોગ નિયંત્રણની કામગીરીના પરિણામે પશુઓના ચેપી રોગચાળામાં ઘટાડો નોધાયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન નવેમ્બર-૨૧ની સ્થિતિએ કુલ ૩૬૧૮ પશુઆરોગ્ય મેળા નું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૧૬,૧૭,૦૪૩ પશુસારવાર પુરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં પણ ૪૪૯૭ પશુ આરોગ્ય મેળા કરવાનું આયોજન છે.

**દેશી ઓલાદનું સંવર્ધન:**

**2.11** આધુનિક ફ્રોઝન સીમેન ટેકનોલોજીથી કૃત્રિમ બીજદાન દ્વારા પશુ પ્રજનન પ્રવૃત્તિઓ દેશી ગાય તથા ભેસમાં આનુવંશિક સુધારા માટે મહત્વનું પરિબળ રહ્યું છે. કૃત્રિમ બીજદાનની કામગીરીનો વ્યાપ વધારવા માટે વધુ ભાર આપવામાં આવશે. સાથો સાથ સ્થાનિક પશુપાલકોને તેમના દેશી ગાય તથા ભેસમાં કુત્રિમ બીજદાન દ્વારા દેશી ઓલાદનાં સંવર્ધન માટે  પ્રોત્સાહિત કરવામાં આવશે.

**પશુપાલન નિયામક:**

- હેતુઓ:

  આવશ્યક આંતરમાળખું વિકસાવીને પશુ અને પક્ષી ઉછેર ક્ષેત્રને આરોગ્ય સેવાઓ પુરી પાડવી. યોગ્ય સંવર્ધન વ્યૂહરચના દ્વારા પશુ ઉત્પાદનમાં વધારો. ઘાસચારા ઉત્પાદનની વ્યૂહરચના દ્વારા પશુપાલકોની આવકમાં વધારો.

**ડેરી વિકાસ:**

- હેતુઓ:

  ડેરી સંઘો દ્વારા દૂધ અને દૂધની બનાવટો આરોગ્યપ્રદ સ્થિતિમાં તૈયાર કરવા માળખાકીય સુવિધા માટે સહાય પુરી પાડવી. નાનાં અને સીમાંત ખેડૂતો, જમીનવાળા અને જમીન વિહોણા ખેત મજુરો અને મહિલાઓની સામાજિક-આર્થિક પરીસ્થિતિ સુધારવી.

**મત્સ્યોદ્યોગ:**

**2.12** વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાત રાજ્યમાં એકંદરે રૂ. ૮૭૭૩.૩૧ કરોડની કિંમતનું ૭.૪૪ લાખ ટન મત્સ્ય ઉત્પાદન અંદાજવામાં આવ્યું છે. રાજ્યના કુલ મત્સ્ય ઉત્પાદનમાં દરિયાઈ મત્સ્ય ઉત્પાદનનો ફાળો ૮૩.૨૫% જેટલો છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨,૨૮,૦૭૨ ટન મત્સ્ય અને મત્સ્ય પેદાશોની નિકાસ મારફતે રાજ્યે રૂ.૪૨૫૪.૨૧ કરોડ વિદેશી હુંડીયામણ મેળવેલ છે.

- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન (સપ્ટેમ્બર-૨૧ સુધીમાં) (કામચલાઉ) રૂ.૩૯૨૫.૬૮ કરોડની કિંમતનું કુલ ૩.૦૩લાખ ટન મત્સ્ય ઉત્પાદન (દરિયાઈ મત્સ્ય ઉત્પાદન ૨.૦૮ લાખ ટન અને આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન ૦.૯૫ લાખ ટન) અંદાજેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન (સપ્ટેમ્બર-૨૧સુધીમાં) (કામચલાઉ) રાજ્યમાંથી રૂ.૨૧૩૦.૫૦ કરોડની કિંમતની ૧,૦૨,૬૫૨ ટન મત્સ્ય અને મત્સ્ય પેદાશોની નિકાસ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સપ્ટેમ્બર-૨૧ (કામચલાઉ) ના અંતે ૩૮૫૮૫ મત્સ્ય હોડીઓ નોંધાયેલ હતી. જે પૈકી ૨૯૪૬૭ યાંત્રિક હોડીઓ અને ૯૧૧૮ બિનયાંત્રિક હોડીઓ છે. રાજ્યની આંતરદેશીય સ્તરે સતત વધતી જતી મત્સ્યબીજની માંગને પહોંચી વળવા વર્ષ ૨૦૨૧-૨૨ (કામચલાઉ) દરમ્યાન ૬૮૦૫.૦૦ લાખ મત્સ્યબીજ (સ્પોન)નું ઉત્પાદન કરવામાં આવેલ છે.

**વિકાસ અભિગમ (મત્સ્ય):**

**2.13** મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આજીવિકા અને રોજગારીનો મહત્વનો સ્ત્રોત હોવા ઉપરાંત ગુજરાત માટે વિદેશી હૂંડિયામણ કમાણી આપનાર છે. રાજ્યમાં કુલ ૩૮૫૮૫ મત્સ્ય બોટો નોંધાયેલ છે. રાજ્ય સરકારે મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રોના સશક્તિકરણ અને આધુનિકરણનો અગત્યનો કાર્યક્રમ હાથ ધરેલ છે માંગરોળ, નવાબંદર, માઢવાડ, વેરાવળ, પોરબંદર, ઓખા અને સુત્રાપાડા મત્સ્યોદ્યોગ ક્ષેત્ર વિકસાવવામાં આવનાર અગત્યના સ્થળો છે. વધુમાં રાજ્ય સરકાર દ્વારા માછીમારીના ખર્ચમાં ઘટાડો કરવા અને વ્યાજબી આવક મેળવવા માટે ડીઝલની કિંમતમાં રાહત આપવામાં આવશે. માછીમારોને ઈન્સ્યુલેટેડ બોક્ષ, ટ્રોલર અને ગીલનેટ, જીપીએસ અને એલર્ટ ટ્રાન્સમીટર, લાઈફ સેવીંગ ઈક્વીપમેન્ટ, ફાઈબર રોપ, ટોઈલેટ કીટ, સોલાર લાઈટ વિ. માટે અપાતી સહાય ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે.

**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ:**

- **હેતુઓ:**

  ગૌસેવા અને ગૌચર સુધારણા કાર્યક્રમ હેઠળ વિવિધ યોજનાઓની અમલવારી.રાજ્યની ગૌશાળા અને પાંજરાપોળની માળખાકીય સુવિધાઓ માટે આર્થિક સહાય પૂરી પાડવી. ગૌશાળા અને પાંજરાપોળને વિવિધ પ્રોજેક્ટ દ્વારા સ્વાવલંબી બનાવવી.

**પ્રાથમિક શિક્ષણ:**

**2.14** પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ડિસેમ્બર, ૧૯૮૬ થી શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ને ફરજિયાત, સાર્વત્રિક અને મફત બનાવવામાં આવેલ છે.

- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવું રાજ્ય સરકારનું ધ્યેય છે. આપણે Right of children to Free and Compulsory Education Act-2009 નો અમલ કરવા પ્રતિબદ્ધ છીએ. શાળા પ્રવેશોત્સવ,કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાદીપ વિમા યોજના, વિદ્યાસહાયક ભરતી,વર્ગખંડોનું બાંધકામ, કોમ્પ્યુટર આધારિત અદ્યતન શિક્ષણ, કન્યાઓ માટે અલગથી સેનીટેશનની સુવિધા વગેરે પ્રોત્સાહક યોજનાઓ દ્વારા એનરોલમેન્ટને ૧૦૦ ટકા સુધી પહોંચાડવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રત્યેની પ્રતિબધ્ધતાને કારણે ડ્રોપ-આઉટ રેશિયોમાં પણ નોંધપાત્ર રીતે ઘટાડો થયો છે. રાજ્ય સરકારની પ્રતિબધ્ધતાને કારણે Right of Children to Free and Compulsory Education Act-2009 નું અસરકારક અને નોંધપાત્ર અમલીકરણ થયું છે, જેને લીધે ખાસ વર્ગના ૨૫% વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જેઓની રૂ.૧૩,૦૦૦ ની મર્યાદામાં ફી

પરત ચૂકવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત ગણવેશ, સ્કૂલ બેગ, પગરખા  તથા અન્ય આનુષાંગિક શૈક્ષણિક સામગ્રી માટે રૂ.૩૦૦૦ પ્રતિ વિદ્યાર્થી પ્રતિ વર્ષ ચૂકવવામાં આવે છે.

**સમગ્ર શિક્ષા અભિયાન:**

**કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય:**

**2.15** કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) એ ૧૦ થી ૧૬ વર્ષની શાળાએ ન ગયેલ કે અભ્યાસ છોડી દીધેલ બાલિકાઓ માટેની યોજના છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયએ એસ.સી., એસ.ટી.,ઓ.બી.સી., માઇનોરીટી અને અન્ય જાતિની બાલિકાઓને રહેવા અને ભણવા માટેની સુવિધા ધરાવતી નિવાસી હોસ્ટેલ છે. શિક્ષણ ઉપરાંત ખાસ વિષયોમાં કોચીંગ અને મૂળભૂત સુવિધાઓ અહી પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી સમગ્ર શિક્ષા ની ગાઇડલાઇન મુજબ આ યોજના હેઠળ ટાઇપ-૧ (ધોરણ-૬ થી ૮), ટાઇપ-૨ (ધોરણ-૬ થી ૧૦), ટાઇપ-૩ (ધોરણ-૬ થી ૧૨) અને ટાઇપ-૪ (ધોરણ-૯ થી ૧૨) એમ ચાર પ્રકારની કુલ ૨૪૫ (૧૬૫ કેન્દ્ર સરકાર + ૮૦ ગુજરાત સરકાર) નિવાસી શાળાઓ કાર્યરત છે. જેમાં હાલ ૨૬,૬૫૦ કન્યાઓ અભ્યાસ કરે છે.

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઇઆરટી):**

**2.16** રાજયમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તામાં સુધાર, બાળકોનાં સર્વાંગીણ વિકાસ તથા શિક્ષકોની સજ્જતામાં વધારો કરવા માટેનાં અનેક પ્રયાસો જીસીઇઆરટી દ્વારા કરવામાં આવે છે. જીસીઇઆરટી એ શૈક્ષણિક સંશોધન અને તાલીમ માટેની એક મહત્વની સંસ્થા છે. જીસીઇઆરટી મુખ્ય ચાર સ્તંભો આધારિત કામગીરી કરે છે. શિક્ષણ, તાલીમ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ રાજયમાં શિક્ષણમાં સુધાર માટે શૈક્ષણિક તથા વ્યાવસાયિક સપોર્ટ માટે જીસીઇઆરટીનાં જુદા જુદા વિભાગો જેવાં કે, ટીચર એજયુકેશન, ટીચર ટ્રેનીંગ,  કરીકયુલમ એન્ડ ઇવેલ્યુએશન, પબ્લીકેશન એન્ડ લાયબ્રેરી, રીસર્ચ એન્ડ ઇનોવેશન, સાયન્સ એન્ડ મેથેમેટીકસ,પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ, ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનીકેશન ટેકનોલોજી, દૂરવર્તી શિક્ષણ, વસતિ શિક્ષણ, ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડીટેશન કાઉન્સીલ (GSQAC) વગેરે કાર્યરત રહે છે.

- **Gujarat School Quality Accreditation Council (GSQAC) (Gunotsav2.0)** દ્વારા રાજ્યની તમામ શાળાઓ કાયમી ધોરણે તેની ગુણવત્તા સુધારણા સંદર્ભે સજાગ રહે તે માટે ગુણોત્સવને નવા સ્વરૂપ આપવામાં આવ્યું તેમજ શાળાનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરી તેને એક્રેડિટેશન આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ માટે, ૪૫૧ સ્કૂલ ઇન્સ્પેક્ટર્સની

પસંદગી કરવામાં આવી અને તેમના દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૨૮૬૭ શાળાઓનું ઇન્સ્પેક્શન કરવામાં આવેલ છે.

- **NISHTHA શિક્ષક તાલીમ** - શિક્ષા મંત્રાલય, ભારત સરકાર અને NCERT ની સૂચના અને માર્ગદર્શન હેઠળ NISHTHA (National Initiative for School Heads' and Teachers' Holistic Advancement) તાલીમ આપવામાં આવેલ છે જે અંતર્ગત દીક્ષા પ્લેટફોર્મના માધ્યમથી NISHTHA 2.0 (Secondary - All Mediums) અને NISHTHA 3.0 (FLN - All Mediums) હાલ પ્રગતિમાં છે, જે અંતર્ગત NISHTHA 2.0 કોર્સ 81.87 % પાર્ટિસિપન્ટ્સે પૂર્ણ કરેલ છે તેમજ NISHTHA 3.0 કોર્સ 78.26 % પાર્ટિસિપન્ટ્સે પૂર્ણ કરેલ છે
- જીસીઇઆરટી વેબસાઇટ gcert.gujarat.gov.in માં સંસ્થાની વિગત, એક્ટીવીટી, રિસોર્સ બેંક તથા અન્ય શૈક્ષણિક વેબસાઇટની લિંક આપવામાં આવેલ છે. વેબસાઇટના વિઝીટર્સની સંખ્યા ૬૦ લાખ કરતા વધુ છે. જે પ્રતિદિન વધી રહી છે.
- **Gujarat Repository of Open & Wider Educational Resources (GROWER):** રિસોર્સ બેંક (GROWER) માં શૈક્ષણિક સાહિત્ય ડોક્યુમેન્ટ, ઓડિયો તથા વીડિયો સ્વરૂપમાં મૂકવામાં આવેલ છે. આ રિસોર્સ બેન્કમાં રહેલ તમામ પ્રકારનું સાહિત્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રશિક્ષકો, તાલીમાર્થીઓ તેમજ વાલીઓ માટે વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જીસીઇઆરટી વેબસાઇટ gcert.gujarat.gov.in પર GROWER – રિસોર્સ બેન્ક વર્ષ 2016થી શરૂ કરવામાં આવેલ છે. વેબસાઇટના વિઝીટર્સની સંખ્યા ૬૦ લાખ કરતા વધુ છે. જે પ્રતિદિન વધી રહી છે.
- **Vande Gujarat Channel:** કુલ ૧૬ ચેનલ્સ શૈક્ષણિક હેતુ માટે છે. તે પૈકી જીસીઇઆરટી વંદે ગુજરાત ચેનલ નં. 5 થી 8માં પ્રાથમિક શિક્ષણ માટે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું નિર્માણ અને BISAGના માધ્યમ દ્વારા ૨૪*૭ પ્રસારણની જવાબદારી સંભાળે છે.
- **શિક્ષકો માટે વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેના ઓન-લાઇન કોર્સીસ** – જીસીઇઆરટી દ્વારા રાજ્યના શિક્ષકોને પોતાના વ્યવસાયમાં સજ્જતા કેળવવા માટે તાલીમી કાર્યક્રમના સ્વરૂપે વિવિધ ૬૫ વિષયો સંદર્ભે DIKSHA Portal ના માધ્યમથી ૨૧૩ Online Teacher Professional Courses શરૂ કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધી કુલ ૬૦ લાખથી વધુ પાર્ટીસીપન્ટસ દ્વારા Online Coursesમાં રજીસ્ટ્રેશન થયેલ છે.
- **ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન** : દર વર્ષે રાજ્યમાં ક્લસ્ટર કક્ષાએથી શરૂ કરી રાજ્યકક્ષા સુધી બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ ગણિત, વિજ્ઞાન કે પર્યાવરણના નમૂના તથા પ્રોજેક્ટ રજૂ કરવામાં આવે છે.
- **બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળાઃ** રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળામાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના અભિગમ અન્વયે બાળકોના જીવન ઉપયોગી વિવિધ કૌશલ્યો શીખવવા માટે શાળા પ્રવેશોત્સવના દિવસે એક દિવસીય લાઇફ સ્કીલ બાળમેળાનું

આયોજન કરવામાં આવે છે. લાઇફ સ્કીલ બાળમેળામાં ફ્યુઝ બાંધવો,સ્ક્રુ લગાવવો, કુકર બંધ કરવું, ખીલી લગાવવી,ટાયરનું પંચર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુક્સાન વગેરે જેવા જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરવામાં આવે છે.

- **Educational Innovation Exhibition:** જિલ્લા તેમજ રાજ્ય કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન પ્રદર્શનમાં શાળા કક્ષાએ ગુણવત્તા સુધારણા માટે તેમજ શાળા કે શિક્ષકને નડતા પ્રશ્નોના ઉકેલ માટે કરવામાં આવેલ નવતર પ્રયોગ કે કાર્યની સરાહના કરવા માટે શિક્ષકોને અવસર આપવામાં આવે છે. અત્યાર સુધીમાં 6000 જેટલા ઇનોવેશન્સનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.
- ધોરણ ૩ થી ૮મા ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, પર્યાવરણ, અંગ્રેજી અને સંસ્કૃતના પાઠયપુસ્તક સંદર્ભે સ્વઅધ્યનપોથીનું નિર્માણ કરવામાં આવેલ છે.

**કમિશનર શાળાઓ:**

**2.17** વિદ્યાદીપ વીમા યોજના અંતર્ગત રાજયની સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ શાળામાં ધો-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું અકસ્માતથી અવસાન થાય તો રૂા. ૫૦,૦૦૦/- વીમા યોજનાની રકમ ચૂકવવામાં આવે છે.

- વિદ્યાર્થી પહેલ યોજના અંતર્ગત રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓના વિકાસ પ્રવૃત્તિ કરવામાં આવે છે.
- આર્થિક પ્રોત્સાહક સહાય યોજના અંતર્ગત રાજ્યની બિનઅનુદાનિત માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને ઇતર પ્રવૃતિઓની સુવિધામાં વધારો થાય તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.
- રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એસ.ટી.પાસમાં કન્સેશનની સુવિધા આપવામા આવે છે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજયની સરકારી/ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો-૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ જાતિના વિધાર્થીઓના માતા-પિતા/વાલીની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિના મૂલ્યે પાઠયપુસ્તક પુરા પાડવાની યોજના અમલમાં છે.
- ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિનો પ્રચાર કરવા અને પરંપરાગત શિક્ષણ આપતી ગુરુકુળો, શાળાઓ અને સંસ્થાઓને સશક્ત બનાવવાની યોજના અમલમાં મૂકેલ છે.
- મિશન કેરીયર સકસેસ- ધોરણ 11 અને 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા JEE અને NEET તેમજ અન્ય સ્પર્ધાત્મક

પરીક્ષાઓની તૈયારી માટે રેસિડેન્શિયલ એજ્યુકેશન અને ઓનલાઈન ડિસ્ટન્ટ લર્નિંગ માટે યોજના શરૂ કરેલ છે.

- હેરિટેજ સ્કૂલ્સ રિનોવેશન પ્રોગ્રામ - ઐતિહાસિક મહત્વ અને હેરિટેજ આર્કિટેક્ચરના વિશિષ્ટ પ્રકારો ધરાવતી ખૂબ જ જૂની સ્કૂલોને હેરિટેજ સ્કૂલ તરીકે વિકસાવવા યોજના અમલમાં છે.

**મધ્યાહ્ન ભોજન યોજના:**

**2.18** ભારતમાં મધ્યાહ્ન ભોજન યોજના લાગુ કરનાર ગુજરાત રાજ્ય બીજુ રાજ્ય છે. મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરેલ યોજના છે.જેના અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના વય-જૂથના બાળકો એટલે કે ધોરણ ૧ થી ૮ નાં બાળકોને દિવસ દરમ્યાન તાજું, ગરમ અને પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓના બાળકોને મધ્યાહ્ન ભોજન પૂરું પાડવાની યોજના ૧૯૮૪ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માટેનો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ૬૦ : ૪૦ના ગુણોત્તરમાં કરવામાં આવે છે.

**હેતુ :** (૧) શાળામાં હાજરીમાં વધારો કરવાનો છે.
(૨) શાળા છોડી જતા બાળકોની સંખ્યામાં ઘટાડો થાય છે.
(૩) પોષણની સ્થિતિ સુધારવી અને શિક્ષણની ગુણવત્તા વધે છે.

- **સુખડી યોજના:**

  આ યોજનાનો ઉદ્દેશ બાળકોના ખોરાકમાં અનાજનો વપરાશ વધારવાનો અને તે થકી તેમનામાં પ્રોટીન અને કેલેરીનું પ્રમાણ વધારવાનો છે.CFTRI અને પોષણયુક્ત આહારના નિષ્ણાતો દ્વારા મંજુર કરાયેલ સુખડી બનાવવાની રીતથી તૈયાર કરેલ સુખડી અઠવાડિયામાં એકવાર આપવામાં આવે છે. આ સુખડી ઘઉં, તેલ અને ગોળમાંથી બનાવવામાં આવે છે.

- **દૂધ સંજીવની યોજના:**

  રાજ્યના ૧૨ જિલ્લાના ૨૬ વિકાસશીલ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના બાળકોને દૈનિક ૨૦૦ મિલીલિટર ફ્લેવર્ડ દૂધ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.આ યોજના હેઠળ બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

- **અન્ન સંગમ યોજના:**

  આ યોજનાનો ઉદ્દેશ ઓછામાં ઓછું ધોરણ-૮ સુધીની આદિજાતિની બાળાઓની શાળામાં હાજરીમાં વધારો કરવા અને શાળા છોડી જતી આદિજાતિ બાળાઓની સંખ્યામાં ઘટાડો કરવા માટેનો છે. આદિજાતિ વિસ્તારોમાં બાળાઓના વાલીઓને અન્ન સંગમ યોજના અંતર્ગત બાળાદીઠ ૬૦ કિલો અનાજ આપવાની યોજના છે, જેમાં સત્ર દીઠ ૧૫ કિગ્રા ઘઉં,

અને ૧૫ કિગ્રા ચોખા આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે આદિજાતિ બાળાએ વર્ષ દરમ્યાન વર્ગમાં ૭૦ ટકા હાજરી નોંધાવેલ હોય તેમને આ યોજનાનો લાભ મળે છે. કુટુંબદીઠ વધુમાં વધુ બે બાળાઓને લાભ આપવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ ૧૪ આદિજાતિ જિલ્લામાં થઈ રહ્યું છે.

**ઉચ્ચ શિક્ષણ:**

**2.19 મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના:**

સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના શરૂ કરેલ છે. યોજનાની સહાયનું ધોરણ અને વ્યાપ પ્રાથમિક શાળાના વિધાર્થીઓથી સ્નાતક કક્ષાના કોલેજ શિક્ષણ સુધીના વિધાર્થીઓ સુધી લંબાવવામાં આવેલ છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત ડીપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી મેળવી ડીગ્રી(સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમનાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડી ના વિદ્યાર્થીઓ અને કૌટુંબિક રૂ.૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે. ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા મહત્તમ મર્યાદા, તે બે પૈકી જે ઓછું હોય તે મુજબ વિવિધ કોર્ષ મુજબ રૂ.૧૦,૦૦૦ થી રૂ.૨,૦૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. પાત્રતા ધરાવતા અને પોતાના રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટે વાર્ષિક રૂ.૧૨૦૦૦/- મળવાપાત્ર થશે. સાધન-પુસ્તક સહાય કોર્ષ મુજબ રૂ.૩૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની મર્યાદામાં પ્રથમ વર્ષે જ મળવાપાત્ર રહેશે.

- **માનનીય મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS):**

અતિ જરૂરીયાતમંદ બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવી. આમ, ૫૦%થી ઓછી મહિલા સાક્ષરતા ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓ, શહીદ જવાનોના સંતાનો, શ્રમિક વાલીના બાળકો, ૪૦% કેતેથી વધુ વિકલાંગતા ધરાવતા વાલીના બાળકો, વિધવા મહિલાના બાળકો, ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો, અનાથ બાળકોને ઉચ્ચ અભ્યાસક્રમ અર્થે મેરીટનાં આધારે આર્થિક સહાય આપવામાં આવે છે. ધોરણ-૧૦, ૧૨ અને ડિપ્લોમાની પરીક્ષા પાસ કરેલ હોઈ અને કૌટુંબિક રૂ. ૪.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે. ટ્યુશન

ફીની ૫૦% રકમઅથવા મહત્તમ મર્યાદા, તેબે પૈકી જે ઓછું હોય તે મુજબ વિવિધ કોર્ષ મુજબ રૂ.૧૦,૦૦૦થી રૂ.૫,૦૦,૦૦૦ સુધીની મર્યાદામાં મળવાપાત્ર થશે.

- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN):**
    - MBBS અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય પૂરી પાડવા
    - NEET આધારે MBBSમાં પ્રવેશ મેળવનાર બહેનો અને રૂ.૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓનાં સંતાનોને સહાય મળવાપાત્ર
    - આ યોજના અંતર્ગત મેડીકલ શિક્ષણ ક્ષેત્રે MBBSમાં અભ્યાસ કરતી બહેનોને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ ૫૦% ટ્યુશન ફી સહાય લેખે રૂ.૨ લાખની મર્યાદામાં ઉપરાંત બાકી રહેલ ૫૦% ટ્યુશન ફી સહાય લેખે રૂ.૪ લાખની મર્યાદામાં મળવાપાત્ર છે. એમ મહત્તમ કુલ રૂ.૬ લાખ મળવાપાત્રછે.
- **એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના:**
  કોઇપણ વિધાર્થી આર્થિક રીતે નબળો હોવાના કારણે અભ્યાસથી વંચિત રહેવો જોઈએ નહીં તેવા ઉમદા હેતુથી સરકારશ્રી દ્વારા ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં દેશ અને વિદેશની સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિધાર્થીઓની કારકીર્દીના ઘડતર માટે આર્થિક સહાય કરવાનો છે.ધોરણ ૧૨ની પરીક્ષા ૬૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ સાથે પાસ કરેલ હોય, અને તેના કુટુંબની વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ સુધીની હોય તથા તેણે ઉચ્ચ અભ્યાસ અર્થે શિડ્યુલ્ડ બેંક પાસેથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે. વિદ્યાર્થીને રૂ.૧૦ લાખ સુધીની લોન પરનું વ્યાજ સબસીડી તરીકે મોરેટોરીયમ પિરિયડ (અભ્યાસનો સમયગાળો તથા વધુ ૧વર્ષ) સુધી મળવાપાત્ર છે.

- **શોધ "(Scheme of Developing High quality research) યોજના:**
  રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા SHODH (Scheme of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે.જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થા ખાતે પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં પ્રવેશ મેળવેલ હોય અને કોઇપણ પ્રકારની આવક કેઅન્ય શિષ્યવૃત્તિ/ફેલોશિપ મેળવતો ન હોય તથા ઠરાવની અન્ય શરતો સંતોષતા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત લાભ મેળવી શકે છે.આ યોજના અંતર્ગત લાભાર્થીઓને પ્રતિ માસ રૂ.૧૫,૦૦૦નું સ્ટાઇપેંડ અને

વાર્ષિક ૨૦,૦૦૦ આનુષંગિક  ખર્ચ પેટે વધુમાં વધુ ૦૨ વર્ષ સુધી મળવાપાત્ર રહેશે. આમ, લાભાર્થીઓને કુલ ૪ લાખની સહાય પ્રાપ્ત થશે.

- **રૂસા (રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન):**

  ઉચ્ચ શિક્ષણમાં Equity, Access અને Quality માટે MHRD  દ્વારા  3 ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ શરૂ કરવામાં આવેલ કેન્દ્રીય પુરસ્કૃત યોજના - રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA). જેના અંતર્ગત ફાળવવામાં આવેલ કુલ અનુદાનમાં કેન્દ્ર સરકારનો ફાળો ૬૦% અને રાજ્ય સરકારનો  ફાળો ૪૦% છે.

- **ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેટિંગ ફ્રેમવર્ક (GSIRF):**

  કેન્દ્ર સરકારના, શિક્ષણ મંત્રાલય (ઉચ્ચ શિક્ષણ વિભાગ)દ્વારા દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને રેન્ક આપવા માટે "નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક" (NIRF)ની શરૂઆત કરવામાં આવેલ છે. જેના આધારે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓ અને કોલેજોને રેટિંગ આપવા,વર્ષ ૨૦૧૮-૧૯ થી "ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેટિંગ ફ્રેમવર્ક" (GSIRF)ની શરૂઆત કરવામાં આવેલ છે.આ રેટિંગની કામગીરી માટે ચેન્નઈ સ્થિત Indian Centre for Academic Rankings & Excellence (ICARE) એજન્સીને નિયુકત કરવામાં આવેલ છે. જેમાં રાજ્યમાં આવેલ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રેન્કિંગમાં સુધારો લાવવા હેતુ આ એજન્સી દ્વારા કેસીજી સાથેના સહયોગથી વર્કશોપ આયોજીત કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. આ રેટિંગ નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક પહેલાં કરવાથી તેઓ વધુ સારા ડેટા તૈયાર કરી શકે છે અને પરિણામમાં ફાયદો થાય છે. રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું અલગ અલગ ૦૮ કેટેગરીમાં રેટિંગ કરવામાં આવે છે. જે આ મુજબ છે- યુનિવર્સિટી, કોલેજ, મેનેજમેન્ટ, લૉ, ફાર્મસી, એન્જીનીયરીંગ, આર્કીટેક્ચર અને મેડીકલ.વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્યની ૩૫ યુનિવર્સિટીઓ અને ૧૮૯ જેટલી કોલેજો/સંસ્થાઓનું રેટિંગ કરવામાં આવેલ છે. વધુમાં ગત વર્ષ કરતાં નવી ૦૬ યુનિવર્સિટીઓ અને ૮૮ કોલેજો/સંસ્થાઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હતો.

- **ઉદીશા**

  ઉદીશા પ્રકલ્પનો હેતુ : રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગાર ક્ષમતા અને વિદ્યાર્થીઓના કૌશલ્યમાં વધારો થાય તે માટે ઉદીશા (UDISHA- Universal Development of Integrated Skills through Higher education Agencies) પ્રકલ્પ કાર્યરત છે. જેમાં કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક

પરિક્ષાઓ માટે માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની સોફ્ટ સ્કીલ વિકસે અને તેમની કૌશલ્ય ક્ષમતામાં વધારો થાય તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

- **સપ્તધારા**

  સપ્તધારા પ્રકલ્પનો હેતુ : એક્ષ્ટેન્શન પ્રકલ્પ હેઠળ સપ્તધારા પ્રવૃત્તિ કાર્યરત છે. આ પ્રકલ્પનો હેતુ ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવાનો, સર્જનાત્મકતામાં વધારો કરવાનો, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો, અને વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત કળા, કૌશલ્યનો વિકાસ થાય તથા યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટેનો છે.

- **પ્લેસમેન્ટ**

  રાજ્યના શિક્ષણ વિભાગ હસ્તકની તમામ સરકારી અને અનુદાનિત કોલેજો ખાતે હાલમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેઓના રસ, કલા અને કૌશલ્યો અનુસાર રોજગારીની તક ઉપલબ્ધ થાય તે હેતુથી મેગા પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવશે.

- **ફીનીશીંગ સ્કુલ્સ પ્રોજેક્ટ:**

  ફીનીશીંગ સ્કુલ પ્રકલ્પ અમલીકરણ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કરવામાં આવ્યું છે. ફીનીશીંગ સ્કુલ પ્રકલ્પ દ્વારા અપાતી તાલીમનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કીલ, એમ્પ્લોયબીલીટી સ્કીલ તથા ફંકશનલ ઈંગ્લીશની કૌશલ્યવર્ધક તાલીમ આપી, તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે.

- **ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ**

  ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ એ 2013-14માં શરૂ થયેલી એક પહેલ છે, જે ગુજરાતની યુનિવર્સિટીઓ અને કોલેજોના પ્રોફેસરોને શિક્ષણક્ષેત્રે નવા સંશોધનો કરવા અને તેમને વર્તમાન બદલાતા શૈક્ષણિક પ્રવાહોમાં મદદ કરે છે. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લેનારા લાભાર્થીઓને CAS (Career Advancement Scheme)મા આ તાલીમ લાભદાયક છે. સૂચિત પ્રોગ્રામ સહભાગી ફેકલ્ટીઓ માટે નિઃશુલ્ક છે.

- **"કાઉન્સિલ ઓફ ઇન્ડસ્ટ્રીઝ એકેડેમિયા કોલેબોરેશન" ની રચના**

  આ યોજનાનું વર્ષ ૨૦૧૭માં અમલીકરણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય હેતુ શૈક્ષણિક સંસ્થાઓ અને ઉધોગો સાથે લીકેજ (કડી રૂપ સાંકળ) ઉભું કરવાનો છે. ઉધોગો, સ્થાનિક ધંધા વ્યાપાર કરતી પેઢીઓ કે જે ઉધોગ વ્યાપાર સાથે સંકળાયેલ છે તેની

સાથે યુનિવર્સિટી, ઇન્સ્ટીટયુસન્સ, કોલેજોના વિધાર્થીઓ માટે સંવાદ ગોઠવી નવીન તકોને સુનિશ્ચિત કરવાનું છે. શૈક્ષણિક સંસ્થાઓના વિધાર્થીઓ અને ફેકલ્ટી સૌથી વધારે ઉધોગો સાથે જોડાઇ પ્રત્યક્ષ શિક્ષણ મેળવે તે માટેની વ્યવસ્થા ઉભી કરવાની છે. નવા સાધનો, મશીનરી અને ટેકનિકના ઉપયોગ દ્વારા ઉધોગોના ઉત્પાદનમાં વધારો થાય તે માટે સંસ્થાઓ અને ઉધોગો વચ્ચે વિચારવિમર્શ ગોઠવવાનું છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન ઈન્ટર્નશીપ મળી રહે તે મુજબ અભ્યાસ કાર્યક્રમો ઘડવાના રહેશે.

- **ગ્લોબલ કેરિયર અને એડમિશન કાઉન્સેલિંગ સેન્ટર**

  વિદ્યાર્થીઓને ભારત અને વિદેશમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો સંબંધિત માહિતી પૂરી પાડવા તેમજ કારકિર્દીની તકો સંબંધિત માર્ગદર્શન આપવા અને સમસ્યાઓ ઉકેલવા માટે કેસીજી ખાતે ગ્લોબલ કેરિયર અને એડમિશન કાઉન્સેલિંગ સેન્ટરની રચના કરવામાં આવી છે.આ કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે “ગ્રાન્ડ એજ્યુકેશન ફેર”નું આયોજન કરવામાં આવશે તેમજ દર વર્ષે વ્યક્તિગત અને ગ્રુપ કાઉન્સેલિંગ મીટીંગનું આયોજન કરવામાં આવશે. જેમાં વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના સ્ટોલ મારફત કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ યોજના અંતર્ગત લોકો ને તમામ ક્ષેત્રો/ અભ્યાસક્રમ ની માહિતી મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવે છે. આ યોજના ના અન્ય હેતુઓમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન અને રોજગારની તકો પૂરી પાડવી, તમામ સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાની માહિતી અને તેની આગળની પ્રક્રિયાને લક્ષ્યમાં રાખી માર્ગદર્શન પૂરું પડવું.

- **સ્ટડી ઇન ગુજરાત (SIG)**

  શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ભારતના શિક્ષણના કેન્દ્ર તરીકે ગુજરાતને વિકસાવવા તેમજ શિક્ષણની તકો અને ફાયદા વિશે જાગૃતિ લાવવાના હેતુથી “સ્ટડી ઇન ગુજરાત” અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. જે અંતર્ગત ભારત અને વિશ્વમાંથી વિદ્યાર્થીઓને ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા આમંત્રિત કરવા માટે વર્ષ ૨૦૧૯થી આગામી ત્રણ વર્ષ માટે દર વર્ષે "સ્ટડી ઇન ગુજરાત કેમ્પેઈન" (SIG) કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ યોજનાનો હેતુ ભારત અને વિશ્વમાંથી વિદ્યાર્થીઓને ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા આમંત્રિત કરવા ભારતીય સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક અવકાશો ખુલ્લા કરવા, ગ્લોબલ સીટીઝન નિર્માણ માટેની તકો ઉભી કરવી અને તે માટે ગેપ બ્રિજનું કામ કરવું છે.

- **ફાઈવ યર એક્શન પ્લાન**

  ગુજરાતની રાજ્ય સરકારી યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારણા તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે રેન્કિંગ અને શિક્ષણમાં પ્રેક્ટિસિંગ ટેક્નોલોજીની ગુણવત્તા સુધારવા માટે એક પહેલ શરૂ કરવામાં આવેલ છે. 2020-2025 સુધીના આગામી પાંચ વર્ષના ત્રિમાસિક ડેટા એકત્ર કરવા માટે 5 વર્ષના એક્શન પ્લાન માટે પોર્ટલ બનાવવા માં આવ્યું છે. તેમાં યુનિવર્સિટીઓના મૂલ્યાંકન માટે 22 માપદંડોનો સમાવેશ થાય છે

**ટેકનિકલ શિક્ષણ:**

**2.20 સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP 2.0)**

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭ થી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી હતી. આ પોલીસી નો સમયગાળો તા.૧૦-૦૧-૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે, જેથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP 2.0) ને વધુ પાંચ વર્ષ માટે (જાન્યુઆરી, ૨૦૨૨ થી માર્ચ, ૨૦૨૭) અમલમાં મૂકવામાં આવેલ છે. SSIP 2.0 અંતર્ગત મુખ્યત્વે નીચે મુજબનો સપોર્ટ પુરો પાડવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

- રાજ્યની યુનિવર્સિટીઓ ખાતે ઇન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઇનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ રૂ. ૫.૦ કરોડ સુધીનો લાભ અને રાજ્યની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૨.૦ કરોડ સુધીનો લાભ.
- ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઇલિંગ સપોર્ટ. (સ્થાનિક માટે રૂ.૭૫,૦૦૦ સુધી અને અન્ય દેશોમાં ફાઇલ કરવા માટે રૂ.૧.૫૦ લાખ સુધી)
- સ્ટાર્ટઅપ/ ઇનોવેશન માટે મહત્તમ રૂ. ૧૦.૦૦ લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ.
- યુનિવર્સિટીઓ/સંસ્થા/ઇન્ક્યુબેટરને જાગૃતિ કાર્યક્રમો/બૂટકેમ્પ/સેમિનાર/કોન્ફરન્સહોસ્ટ કરવા માટે નાણાકીય સહાય તેમજ ઓપન ઈનોવેશન ચેલેન્જ પ્રોગ્રામ દ્વારા ઈનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને રૂ. ૨.૫૦ લાખ સુધીનો સપોર્ટ.

- **ફીનીશીંગ સ્કુલ**

  વર્ષ ૨૦૧૮-૧૯થી અમલમાં મુકવામાં આવેલ ફીનીશીંગ સ્કુલ યોજના થકી વિદ્યાર્થીઓમાં અભ્યાસ ઉપરાંત વિવિધ એમ્પ્લોયેબીલીટી સ્કીલ વધે તે માટે ખાસ પ્રકારની તાલીમો જેવી કે કોમ્યુનીકેશન સ્કીલ, લાઈફ સ્કીલ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ વિગેરે દ્વારા કૌશલ્ય ક્ષમતાનું નિર્માણ કરવામાં આવી રહેલ છે.

- **ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF)**

  ટેબલેટ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી ટોકન રકમ સ્વરૂપે એકત્રિત થયેલ ભંડોળને "ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ"(DEDF) તરીકે કરવા નક્કી થયેલ છે.
- DEDF અંતર્ગત રાજ્યની 107 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૩ યુનિવર્સિટી ખાતે તેમજ રાજ્યની ૧૧૧ અનુદાનિત સંસ્થાઓ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને NAMO Wi-Fi સુવિધાનો લાભ આપવામાં આવી રહેલ છે.
- DEDF અંતર્ગત ગત ત્રણ વર્ષોમાં ઈજનેરી અભ્યાસક્રમો માટે અતિ-ઉપયોગી MATLAB અને ANSYS સોફ્ટવેર રાજ્યની સરકારી ઇજનેરી કોલેજોનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

- **ટેબલેટ યોજના**

  રાજ્ય સરકાર દ્વારા ધોરણ- ૧૦ અને ૧૨ની માન્ય બોર્ડની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક, ડીપ્લોમા, નર્સિંગ તથા ડી.એલ.એડ. કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧,૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ પૂરા પાડવાની યોજના વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલમાં મુકવામાં આવેલ છે.

- **રીસર્ચ પ્રમોશન અન્ડર ટેકનીકલ એજ્યુકેશન (STEM):**

  સરકારી ઈજનેરી કોલેજો અને પોલીટેકનીકમાં હાલના સંશોધનને વધુ મજબૂત અને વિશ્વ કક્ષાનું બનાવવા તેમજ પેટન્ટ અને પ્રકાશનો સાથે સંશોધન પરિણામોમાં નોંધપાત્ર સુધારો કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગી સંશોધન માટે "રીસર્ચ પ્રમોશન અન્ડર ટેકનિકલ એજ્યુકેશન" યોજના વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં મૂકવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારો:**

**2.21** સમગ્ર રાજ્યમાં "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩" નો ૧લી એપ્રિલ,૨૦૧૬ થી અમલ શરૂ કરવામાં આવેલ છે. આ કાયદા હેઠળ (૧) અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબો **(AAY)** તેમજ (૨) અગ્રતા ધરાવતા કુંટુંબો **(PHH)** એમ બે પ્રકારના કુટુંબોનો સમાવેશ થાય છે.

- "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩" હેઠળ રાજ્યની કુલ ૩.૮૨ કરોડની વસ્તીને લાભાર્થી તરીકેનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨.૫૮ કરોડ તેમજ શહેરી વિસ્તારમાં ૧.૨૪ કરોડની વસ્તીને આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. રાજ્યના આ કાયદા હેઠળના "અગ્રતા ધરાવતા કુટુંબો" નક્કી કરવા માટે

ભારત સરકારના **SECC-2011**ના ડેટાનો બેઇઝ લઇ તા.૨૨/૦૭/૨૦૧૪ તથા તા.૧૩/૧૦/૨૦૨૦ ના ઠરાવથી પાત્રતાના ધોરણો નક્કી કરવામાં આવેલ છે.

- આ કાયદા હેઠળ અંત્યોદય અન્ન યોજના **(AAY)** ના કુટુંબોને કુટુંબદીઠ માસિક ૩૫ કીલો અનાજ અને "અગ્રતા ધરાવતા કુટુંબો" **(PHH)** ને વ્યક્તિદીઠ માસિક ૫ કીલો અનાજ ઘઉં પ્રતિ કિલોના રૂ.૨/- ના ભાવે અને ચોખા પ્રતિ કિલોના રૂ.૩/-ના ભાવે વાજબી ભાવની દુકાનેથી અનાજનું વિતરણ કરવામાં આવે છે.
- “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩” હેઠળ વિતરણ કરવામાં આવતા વિતરણ ખર્ચ અને સબસીડી અનાજના જથ્થાના પ્રતિ ક્વિન્ટલ આંતરરાજ્ય હેરફેર અને હેંડલીંગ ખર્ચના રૂ. ૬૫, વાજબી ભાવની દુકાનના સંચાલકોને ચુકવવાના કમિશન ખર્ચના રૂ. ૭૦ તથા **PoS** ડીવાઈઝથી વિતરણ અંગેના સ્પે. કમિશનના રૂ. ૧૭ મળી કુલ રૂ. ૧૫૨ સુધીનો ખર્ચ ભારત સરકાર અને રાજ્ય સરકાર ૫૦:૫૦ ના દરે ભોગવે છે. આ ઉપરાંતનો વધારાનો સબસીડી ખર્ચ રાજ્ય સરકાર ૧૦૦% લેખે ભોગવે છે.

**અન્નપુર્ણા યોજના:**

**2.22** ૬૫ વર્ષથી વધુ ઉંમરવાળા વયોવૃદ્ધ તેમજ નિરાધાર વ્યક્તિઓ કે જેઓ રાષ્ટ્રીય કે રાજ્યની વૃદ્ધત્વ પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા ન હોય તેવા વ્યક્તિઓને અન્ન સુરક્ષા પુરી પાડવા માટે “અન્નપુર્ણા યોજના” શરૂ કરેલ છે. આ યોજના હેઠળ આવરી લેવાયેલ લાભાર્થી/વ્યક્તિઓને માસિક ૧૦ કિગ્રા. અનાજ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

**e-FPS:**

**2.23** રાજ્યમાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર-સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો પૈકી તમામ ૧૬૯૭૯ દુકાનો **e-FPS** છે, કે જેઓ એ વાજબી ભાવની દુકાન સંચાલકોએ કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ફિંગર પ્રિન્ટર ડિવાઈસ વસાવેલ છે. વાજબી ભાવની દુકાનના સંચાલકો રેશનકાર્ડ ધારકોના આધાર ઓથેંટિકેશનના આધારે અનાજના જથ્થાનું વિતરણ કરે છે. આ ઉપરાંત તમામ વાજબી ભાવની દુકાનોને **C.S.C** સેન્ટર સાથે જોડવામાં આવેલ છે. અને આ **e-FPS** દ્વારા વાજબી ભાવની દુકાનોમાં ૪૦ થી વધુ ઈ-સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY):**

2.24 ભારત સરકાર દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ મે-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ માસ સુધી દર માસે NFSA યોજનાના લાભાર્થીઓને પ્રતિ વ્યક્તિ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ થનાર છે.

**કોરલ રીફ, ડોલ્ફીન, ડુગોંગના સંરક્ષણ અને સંવર્ધન:**

2.25 સમુદ્રની સપાટી ઉંચી આવવી, દરિયાઇ કચરો, પ્લાસ્ટિક, આકસ્મિક રીતે સમુદ્રમાં કાચા તેલનું ફેલાવું. જેવી સમસ્યાઓથી દરિયાઇ નિવસનતંત્ર વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહી છે. પરવાળાના ખડકો કેલ્શિયમ કાર્બોનેટના પથ્થરોછે. જે વનસપ્તિ અને પ્રાણી સૃક્ષ્ટીનું આશ્રયસ્થાન છે. મત્સ્ય ઉદ્યોગ, પ્રવાસન, દરિયાકાંઠાના ધોવાણો અટકાવવા જહોજના એંકરોથી પ્રવાળાના ખડકો માટે જોખમકારક છે. આમ કોરલ રીફને નુકશાન થાય છે. ડોલ્ફીન અને ડુગોંગ જેવા દરિયાઇ જીવોના ખોરાક તથા રહેઠાણની સમસ્યા પણ ઉભી થાય છે. અને લુપ્તપ્રાય થવાના આરે આવે છે. જેના સંરક્ષણ અને સંવર્ધન માટે વિકાસની કામગીરી માટે અને દરિયાઇજીવોના કારણે પ્રવાસનને વેગ મળે તથા દરિયાઇ જીવોનો વિકાસ થાય માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે સુચિત રૂા.૦.૬૫ કરોડની દરખાસ્ત કરેલ છે.

**વરૂ સંવર્ધન**

2.26 રાજયમાં નીલગાયના વસ્તી વિસ્ફોટ માટે વરૂની સંખ્યામાં થયેલ ઘટાડો જવાબદાર છે. કારણ કે, વરૂ દ્વારા રોઝ, કાળિયાર જેવા તૃણભક્ષી પ્રાણીઓનો ખોરાક માટે શિકાર કરવામાં આવતો હોવાથી તેમની સંખ્યાના કુદરતી નિયંત્રણ માટે વરૂ બાયોલોજીકલ કંટ્રોલ સમાન હતા પરંતુ પાછલા વર્ષોમાં વરૂની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાથી રેવન્યુ વિસ્તારમાં રોઝનું કુદરતી નિયંત્રણ બંધ થયું છે. વરૂની સંખ્યા વધારવા માટે વરૂના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ માટે નવી બાબત તરીકે સુચિત રૂા.૦.૬૮ કરોડની દરખાસ્ત કરેલ.

**મેનેજમેન્ટ ઓફ રામસર સાઇટ**

2.27 ગુજરાત રાજયના થોળ પક્ષી અભ્યારણ્ય, નળસરોવર પક્ષી અભ્યારણ્ય, ખીજડીયા વેટલેન્ડ તથા વઢવાણા વેટલેન્ડમાં સંરક્ષણ, સંવર્ધન અને વ્યવસ્થાપનની કામગીરી કરવા અગાઉથી કોઇ અલગથી યોજના અમલમાં ન હોવાથી વેટલેન્ડના મેનેજમેન્ટ માટે આયોજનાથી પુર્ણતા યુકત સંરક્ષણ અને તળાવો તથા જલપ્લાવિત વિસ્તારોનું પુનઃવસન તેમજ અપેક્ષિત પાણી ગુણવત્તા માટે સુધારણા, જીવવૈવિધ્ય અને પરિસર

પદ્ધતિની સુધારણા માટે સને ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે સુચિત રૂા.૧.૦૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

**નવા ઘાસ ગોડાઉન બાંધકામ**

**2.28** રાજયમાં અછત/અર્ધ અછત સમયમાં પશુઓને સરકારશ્રીના આદેશ મુજબ રાહત દરે ઘાસ પુરૂ પાડવાની મુખ્ય કામગીરી છે. વન વિભાગ પાસે ૭.૦૦ કરોડ કિ.ગ્રા ઘાસનો જથ્થો ઉપલબ્ધ હોવો જોઇએ. વન વિભાગ પાસે હાલમાં ૨૯૪ ઘાસ ગોડાઉનો છે. જેની સંગ્રહક્ષમતા ૫.૨૨ કરોડ કિ.ગ્રા જેટલી છે. તે સંગ્રહક્ષમતા ૭.૦૦ કરોડ કિ.ગ્રા જેટલી કરવા બીજા ૧૦૦ ઘાસ ગોડાઉન બાંધવાના થાય તે પૈકી ૩૪ ગોડાઉનનું આયોજન સને ૨૦૧૯-૨૦ તથા સને ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન કરવામાં આવેલ છે. બાકીના ૬૬ ગોડાઉન પૈકી ૩૬ ગોડાઉન બાંધવાની કામગીરી માટે અંદાજીત રૂા.૮.૦૦ કરોડની જરૂરીયાત જણાય છે. તે રકમ નાબાર્ડ પાસેથી લોન સહાય તરીકે લેવા માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માં નવી બાબતની સુચિત રૂા.૧૮.૦૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

**બારીયા ખાતે ના.વ.સંશ્રીના કવાટર્સનું બાંધકામ**

**2.29** વડોદરા વન વર્તુળ હેઠળ નાયબ વન સંરક્ષકશ્રી બારીયાની કચેરીને આગ લાગતા મોટા પ્રમાણમાં નુકશાન થયેલ હોવાથી નવી ડીવીઝન કચેરીના બાંધકામ માટે સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે નાયબ મુખ્યમંતરીશ્રીની સુચના મુજબ બારીયા ખાતે નવી પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીનું બીલ્ડીંગ બનેલ હોઇ જો ત્યા જગ્યા ઉપલબ્ધ હોઇ તો કલેકટરશ્રી ત્યા જગ્યા સોપશે તેવી સ્થળ ઉપર ચકાસણી કરાવી વિગત સહઃ પુનઃ દરખાસ્ત સાદર કરવા જણાવેલ હતું. જે અન્વયે કલેકટરશ્રી દાહોદના જણાવ્યા મુજબ દેવગઢ બારીયા તાલુકામાં તેમની કચેરી હસ્તકનું કોઇ મકાન ખાલી નથી તેમ જણાવેલ છે. જેથી ડીવીઝન કચેરી બારીયા માટે જગ્યા ઉપલબ્ધ થયેલ ન હોઇ સદર દરખાસ્ત સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં પુનઃ નવી બાબત તરીકે સુચિત રૂા.૧.૫૦ કરોડની કરેલ છે.

**નવા વાહન ખરીદી**

**2.30** વનોના સંરક્ષણ, સંવર્ધન અને અન્ય સરકારી કાર્યો હેતુસર અધિકારીઓને વાહનોની કાયમી ધોરણે જરૂરીયાત હોવાથી જુના રદબાતલ કરવામાં આવેલ વાહનો સામે નવા વાહનો ખરીદી કરવા સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં નવી બાબત તરીકે રૂા.૦.૧૪ કરોડની સુચિત દરખાસ્ત કરવામાં આવેલ છે.

**નવા વાહનોની ખરીદી (સા.વ.યો)**

2.31 ક્ષેત્રીય કામગીરી માટે વાહનો વન વિસ્તારના કાચા ઉબડ ખાબડ રસ્તાઓ ઉપર ચલાવવાના થતા હોવાથી ભાડે વાહનો ઉપલબ્ધ થતા નથી તેમજ વાહનો ભાડે રાખવાથી સરકારશ્રીને વધારે ખર્ચ આવે તેમ હોવાથી જુના વાહનો રદબાતલ કરી નવા ૮(આઠ) વાહનોની ખરીદી માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત રૂા.૦.૫૭ કરોડની દરખાસ્ત કરેલ છે

**આધુનીક ટેકનોલેજી દ્વારા વન સંરક્ષણની કામગીરી સુદ્રઢ બનાવવી**

2.32 વનોના રક્ષણ અંતર્ગત ક્ષેત્રીય સ્ટાફ માટે આધુનિક ટેકનોલોજી અનુરૂપ સંદેશાવ્યહાર ઝડપી રહે તેમજ કોમ્યુનિકેશનનું નેટવર્ક સુદ્રઢ બને તે હેતુ વોકી-ટોકી તેમજ બેઝ સ્ટેશનથી સુસજ્જ માળખાની તાતી જરુરીયાત હોઇ ઉકત સાધનોની ખરીદી, વન વિસ્તારમાં સંવેદનશીલ જગ્યાઓમાં ફરજ બજાવતા ક્ષેત્રીય કર્મચારી/અધિકારી ઉપર ઘર્ષણના બનાવો અવારનવાર બનતા હોઇ, તેઓના આત્મરક્ષણ હેતું રિવોલ્વર/શોટગન(હથિયારો) ની ખરીદી તથા આધુનિક પદ્ધતિથી વનોનું નિરિક્ષણ થઇ શકે તે હેતું સર્વેલન્સ ડ્રોન્સની ખરીદી કરવા માટે સને ૨૦૨૨-૨૩માં નવી બાબત તરીકે સુચિત રૂા.૩.૦૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

**વનચેતના કેન્દ્રનુ બાંધકામ અને નવીનીકરણ**

2.33 રાજયમાં સામાજીક નવીકરણ હેઠળ કુલ-૨૫ વનચેતના કેન્દ્રો આવેલ છે. વન ચેતના કેન્દ્રમાં વિભિન્ન યોજનાઓ વિશે સમયાંતરે શિબિરો ગોઠવી ખેડુત ભાઇઓ તેમજ લોકોને સામાજીક વનીકરણ શાખાની તમામ યોજનાઓ અંગે વિસ્તૃત અને વ્યાપક લોક સંપર્ક દ્વારા માહિતી પુરી પાડવામાં આવે છે. જેથી એ લોકો વન વિસ્તાર બહારના વિસ્તારોમાં પર્યાવરણની જાળવણી માટે મોટા પાયા પર વૃક્ષારોપણ કરવા પ્રેરાય છે. આમ સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નવી બાબત તરીકે મહિસાગર ખાતે નવું વનચેતના કેન્દ્રના બાંધકામ માટે સુચિત રૂા.૧.૦૦ કરોડની દરખાસ્તો કરેલ છે.

**કચેરીઓનું અને કવાટર્સનું બાંધકામ (બોટાદ ખાતે)**

2.34 વિભાગીય કચેરીનું પુનઃગઠન થયેલ બોટાદ ખાતે નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગની કચેરી-૨ તથા નાયબ વન સંરક્ષકશ્રીનું કવાર્ટર-૨ ના બાંધકામની કામગીરી માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત રૂા.૧.૫૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

### કાયમી નર્સરીનું આધુનિકરણ

**2.35** સામાજીક વનીકરણ હસ્તકની કાયમી નર્સરીઓને આધુનિક કરવા તથા ઉર્જાના બિન પરંપરાગત સ્ત્રોતોનો ઉપયોગ અને વીજળીનો બચાવ અને સાથે પ્રદુષણમાં ઘટાડો કરવાના હેતુસર કાયમી ૧૦ નર્સરીઓને આધુનિક કરી નર્સરીઓ માટે સોલર લાઇટ અને પમ્પ ખરીદી કરવા માટે સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવી બાબત તરીકે સુચિત રૂા.૦.૫૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

### જુદા જુદા સોફ્ટવેર પેકેજ વેબ પોર્ટલ

**2.36** નાગરીક અને લાભાર્થીઓને સુવિધા માટે તેમને મહત્તમ લાભ ઝડપી મળે તેવા હેતુસર આઇસીટી અને ઇ-ગવર્નન્સની પોલીસીને પ્રોત્સહન આપવા ગુજરાત રાજય તથા ગુજરાત વન વિભાગમાં જુદા જુદા આઇ.ટી. રીલેટેડ પ્રોજેકટો ઇ-ગવર્નન્સ માટે ઇનીસીએટીવ લેવામાં આવેલ છે. જેનું ઓનલાઇન પ્લેટફોર્મ પુરૂ પાડી શકાય ગુજરાત વન વિભાગ વધુ કાર્યક્ષમતાથી ડીઝીટલ સેવાઓ પુરી પાડી શકાય તે માટે નવી વેબ એપ્લીકેશન, વેબ પોર્ટલ, મોબાઇલ એપ્લીકેશન ડેવલપ થવા તથા ટેબલેટ તેમજ અન્ય આઇ.ટી. રીલેટેડ હાર્ડવેરની ખરીદી અને ડેવલોપમેન્ટની કામગીરી કરવાની થાય છે. જે માટે સને ૨૦૨૨-૨૩ માટે નવી બાબત તરીકે રૂા.૦.૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

### જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ:

ગુજરાત રાજય સંપૂર્ણ દેશમાં કોરોના વિરૂધ્ધ રસીકરણ અભિયાનમાં મોખરે રહ્યું છે. ગુજરાતમાં કોવીડ-૧૯ ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવમાં આવેલ છે.

**TeCHO+ (Technology enabled Community Health Operation)**

**2.37** **TeCHO+** એ મોબાઈલ અને વેબ આધારિત એપ્લિકેશન છે જેનો પ્રારંભ માનનીય વડાપ્રધાન દ્વારા ૮ ઑક્ટોબર, ૨૦૧૭ વડનગરમાં કરવામાં આવ્યો હતો. **TeCHO+** માતૃત્વ, નવજાત અને બાળ આરોગ્ય સેવાઓની કવરેજ અને ગુણવત્તા સુધારવા માટે આરોગ્ય કાર્યકરો અને વહીવટકર્તાઓ માટે સહાય તરીકે કામ કરે છે. **TeCHO+** એપ્લિકેશન મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને ગર્ભવતી મહિલાઓનું અને બાળકોનું નામ આધારિત ટ્રેકિંગ પૂરી પાડે છે.

### TeCHO+ ના લાભો અને સુવિધાઓ:

**2.38** **TeCHO+** એ ગુજરાતના: **(1)** માતા મૃત્યુ દર **(2)** બાળ મૃત્યુ દર **(3)** જન્મ સમયે ઓછા વજનનાં બાળકો **(4)** સંપૂર્ણ રસીકરણ **(5)** કુપોષણ **(6)** ગર્ભાવસ્થામાં એનિમિયા

(7) રોગચાળો (8) જન્મ સમયે સેક્સ રેશિયો (9) માનસિક આરોગ્ય (10) ટીએફઆર / અંતરની પદ્ધતિઓ અને (11) બિન-સંચારક્ષમ રોગોના પ્રદર્શનમાં વધુ સુધારણા તરફ દોરી જશે.

**રોલ આઉટ/પ્રસ્થાપિત સ્ટેટસ:**

2.39 સમગ્ર રાજ્યમાં TeCHO+ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. દસ હજારથી વધુ એફ.એચ.ડબ્લ્યુ.ને TeCHO+ મોબાઈલ એપ્લિકેશન સાથે સ્માર્ટ ફોન પૂરા પાડવામાં આવેલ છે.

- રાજ્યની ૬.૮૦ કરોડ વસ્તીનો ફેમિલી ડેટા બેઝ TeCHO+માં અદ્યતન કરવામાં આવેલ છે. રાજ્યની તમામ એફ.એચ.ડબ્લ્યુ. TeCHO+માં પૂડી પાડેલ આર.સી.એચ. સેવાઓ, પોષણને લગતી પૂરી પાડેલ સેવાઓની એંટ્રી કરી રહી છે. રાજ્યની તમામ જાહેર આરોગ્યની સંસ્થાઓ દ્વારા પણ તેઓએ માતા અને બાળકને પૂરી પાડેલ સેવાઓની રીઅલ ટાઇમ એંટ્રી કરી રહેલ છે.
- આ પ્રોજેક્ટ હેઠળ, જી.વી.કે. ઇ.એમ.આર.આઈ. જાગરૂકતા વધારવા અને યોગ્ય સેવાની ખાતરી કરવા, જોખમી  સગર્ભા અને બાળપણની બિમારીઓ, સંસ્થાકીય પ્રસુતિ અને જ્યાં પહોંચવું મુશ્કેલ છે તેવા અને સેવાથી વંચિત વિસ્તારની માતાને અને બાળકોને સેવા આપવા માટે ૧૦૪ હેલ્પલાઈન દ્વારા રિમાઇન્ડર / કૉલ સેવાઓ પણ પૂરી પાડી રહી છે.
- જોખમી માતા અને બાળકોને જી.વી.કે., ઇ.એમ.આર.આઇ. હેલ્પલાઇન અને પી.એચ.સી. તબીબી અધિકારીઓ દ્વારા ટ્રેક કરવામાં આવે છે, એ.એન.એમ. આ લાભાર્થીઓની સ્થિતિ વિશે દેખરેખ રાખે છે. TeCHO+ ડેશબોર્ડ સમગ્ર સ્વાસ્થ્ય મશીનરીના દરેક સ્તરે યોગ્ય મોનીટરીંગ સૂચકાંકો પ્રદાન કરશે.

**ટેકો+ સિધ્ધિઓ:**

| Indicator | Yr 2018-19 | | Yr 2019-20 | | Yr 2020-21 | |
|---|---|---|---|---|---|---|
| | Target | Ach (%) | Target | Ach (%) | Target | Ach (%) |
| ANC Registration | 1360900 | 1205589 (88.6%) | 1360900 | 1204590 (88.5%) | 1476600 | 1135652 (76.9%) |
| Delivery Registration | 1237100 | 1089627 (88.0%) | 1237100 | 1089053 (75.1%) | 1367200 | 1026735 (75.1%) |
| Child Registration | 1237100 | 1072292 (86.6%) | 1237100 | 1231950 (99.5%) | 1367200 | 1078124 (78.8%) |

**શાળા આરોગ્ય કાર્યક્રમ:**

**હેતુ:**

2.40 રાજ્યના તમામ બાળકોની સઘન સુદ્રઢ તંદુરસ્તી માટે આરોગ્ય તપાસ અને સારવાર

**લાભાર્થી:**

- નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો.
- પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ.
- શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના બાળકો.
- દર વર્ષે ૧.૫ કરોડ બાળકો ની આરોગ્ય તપાસ.

**સેવાઓ/ લાભ:**

- આરોગ્ય તપાસણી.
- સ્થળ પર પ્રાથમિક સારવાર.
- વિનામૂલ્યે ચશ્મા.
- આરોગ્ય અને સંદર્ભકાર્ડ
- બીજા તબકકાની સંદર્ભ સેવા.
- હૃદય, કીડની, કેન્સર, કિડની પ્રત્યારોપણ, લીવર પ્રત્યારોપણ, કોકલીયર તથા બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટ, ઇમ્પ્લાન્ટ સહિતની સારવાર.
- આરોગ્ય અને જીવન-કૌશલ્ય શિક્ષણ.

**જાહેર આરોગ્ય, કુટુંબ કલ્યાણ:**

**બાલ સખા યોજના**

2.41 આ યોજનાના અસરકારક અમલીકરણ અને અન્ય પગલાંઓ થકી રાજ્યના હાલના બાળ મૃત્યુદર ૩૦(**SRS-2019**) ને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત વર્ષ ૨૦૨૨ માં ૧૨ અને ૨૦૩૦ માં ૬ લઇ જવાનું ધ્યેય રાખેલ છે.

- આ યોજના હેઠળ ૧૪૫ બાળરોગ નિષ્ણાતો જોડાયા છે. ૦ - ૨૮ દિવસની ઉંમરના બી.પી.એલ., એસ.ટી (નૉન-ઈન્કમટેક્સ), તેમજ રૂ. ૨.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોના શિશુઓ પણ આ યોજનાના લાભ માટે પાત્ર છે.
- આ યોજના હેઠળ યોજનાની શરૂઆતથી નવેમ્બર - ૨૦૨૧ સુધીમાં કુલ ૬.૪૬ લાખ નવજાત શિશુઓને સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ. ૧૦.૦૦ કરોડની (બાલ સખા-૧,૨) જોગવાઇ સુચવવામાં આવી છે.

**બાલ સખા યોજના-3:**

2.42 આ યોજના જન્મ સમયે ખૂબ ઓછા વજન સાથે જન્મેલા (<૧૫૦૦ ગ્રામ) નવજાત (0-૨૮ દિવસ)ને આવરી લે છે. <૧૫૦૦ ગ્રામથી ઓછા વજન સાથે જન્મેલા બાળકો બાલ્યાવસ્થામાં સૌથી વધુ મૃત્યુદર ધરાવે છે, તેમની સારવાર લેવલ-2 અથવા લેવલ-3માં કરવાની જરૂર છે.

- આથી, લેવલ-2 અથવા લેવલ-3ની સુવિધા ધરાવતી ખાનગી ક્ષેત્રની સુવિધાઓ સ્વેચ્છાએ સરકાર સાથે જોડાઈ શકે છે. આ યોજના હેઠળ આ વિસ્તારોમાં નવજાત શિશુઓને સેવાઓ પૂરી પાડવા માટે MOU દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૮ - ૧૯ થી આ યોજના સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવી છે.
- ૧૫૦૦ ગ્રામ (ખૂબ ઓછું જન્મ વજન) ધરાવતાં તમામ બાળકો આ યોજના હેઠળ સેવાઓ મેળવવા માટે હકદાર છે. ૧૫૦૦ ગ્રામ કરતાં વધુ જન્મ વજન ધરાવતાં બાળકોમાં બર્થ એસ્ફીક્સિયા, મેકોનિયમ એસ્પિરેશન સિન્ડ્રોમ, રેસ્પિરેટરી ડિસ્ટ્રેસ સિન્ડ્રોમ, સેપ્સિસ, મેનિન્જાઇટિસ, લેબોરેટરી કન્ફર્મ બાળકો જેમ કે, હાઈપોગ્લાયસીમિયા, હાઈપોકેલેસીમિયા, હાઈપરનેટ્રેમિયા જેવા મેટાબોલિક કોમ્પ્લિકેશન ધરાવતાં બાળકોને યોજના નો લાભ મળી શકે છે.
- હાલમાં સેવાઓ પૂરી પાડવા માટે સરકાર સાથે ૨૮૨ હોસ્પિટલ્સ એમઓયુ દ્વારા જોડાઈ છે અને યોજના હેઠળ ૦૭/૦૯/૨૦૧૭થી ૧૧૭૬૧૩ શિશુઓની સારવાર કરવામાં આવી છે.
- આ યોજના હેઠળ એક નવજાત શિશુની ૭ દિવસની સારવારનો ખર્ચ મહત્તમ રૂ.૪૯,૦૦૦/- હોવાનો અંદાજ છે. જે તમામ રાજ્ય સરકારે ચૂકવેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૭૧.૨૫ કરોડની (બાલ સખા-3) જોગવાઇ સુચવવામાં આવી છે.

**ચિરંજીવી યોજના:**

2.43 ચિરંજીવી યોજના હેઠળ સરકાર સાથે કરારથી જોડાયેલ તબીબને ૧૦૦ પ્રસુતિ માટે રૂ.3,૮૦,૦૦૦/-ની ચુકવણી કરવામાં આવે છે. જેમાં સામાન્ય, જટીલ પ્રસુતિઓ અને જરૂરી સવલતો, લેબોટેરી તપાસ, દવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

- જો ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંત તેની સેવાઓ સરકારી દવાખાનામાં આવી પૂરી પાડે તો તેને પ્રતિ સીઝરીયન પ્રસુતિ માટે રૂ.૨૫૦૦/-ની ચૂકવણી કરવામાં આવે છે.
- આ યોજનાની શરૂઆતથી નવેમ્બર-૨૦૨૧ સુધીમાં ૧૩.૪૩ લાખ સગર્ભાઓએ આ યોજનાનો લાભ લીધેલ છે.
- યોજના હેઠળ ૩૬૨ તબીબો સેવા પુરી પાડવા માટે સરકાર સાથે કરારથી જોડાયેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૨૨.૦૦ કરોડની જોગવાઇ સુચવવામાં આવી છે.

**મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના:**

**2.44** મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના હેઠળ ગુજરાત રાજ્યના તમામ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા તથા મધ્યમ વર્ગના યોજના અંતર્ગત નોંધાયેલ પરિવારોને રૂ.૫ (પાંચ) લાખ સુધી પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે કુલ ૨,૬૮૧ નિયત કરેલ પેકેજ અને તેના દર મુજબ સારવાર યોજના હેઠળ નોંધાયેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવામાં આવે છે. જેમાં કુટુંબની વ્યાખ્યામાં કોઇ પણ મર્યાદા વગર તમામ સભ્યોને લાભ મળવાપાત્ર રહેશે. યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે રૂ. ૩૦૦/- ચુકવવામાં આવે છે. યોજના અંતર્ગત કુલ ૨,૫૬૩ સંલગ્ન સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવાર ઉપલબ્ધ છે.

- ૧લી માર્ચ, ૨૦૧૯થી રાજ્ય સરકારની "મા" તથા "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળવાપાત્ર રૂ. ૫ (પાંચ) લાખ સુધીનો લાભ મેળવી શકશે. પરંતુ તેઓને કોઈપણ એક જ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. તેમજ ઉક્ત યોજનામાં મળવાપાત્ર લાભ સમાન રહેશે.
- તા.૦૫/૦૮/૨૦૨૧ના રોજ થયેલ ઠરાવથી "મા" તથા "મા વાત્સલ્ય" યોજના અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનાનું સંયુક્ત નામ આપવામાં આવેલ છે.
- તા.૦૧.૦૭.૨૦૨૧થી ઇન્સ્યોરન્સ કંપની થકી રૂ.૫.૦૦ લાખ સુધીનો પ્રતિ લાભાર્થી કુટુંબદીઠ પ્રતિ વર્ષ વીમો આપવા સરકાશ્રીએ નક્કી કરેલ છે. જેમા ૧૮ જીલ્લાઓ માટે બજાજ એલિઆન્ઝ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ અને ૧૫ જીલ્લાઓ માટે ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડને રૂ. ૨૧૭૭.૧૦ના પ્રિમીયમ દરે પ્રતિ કુટુંબ દીઠ પ્રતિ વર્ષ માટે નિયુક્ત કરેલ.
- યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૩૦.૭.૨૦૨૧ના રોજ કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલાં બાળકોનો પણ સમાવેશ કરેલ છે.

- રાજ્ય સરકારે લાભાર્થીને આવકનો દાખલો સરળતાથી મળી રહે તે હેતુથી રાજ્યમાં ઇ કેન્દ્ર થકી ઇશ્યુ કરેલ તલાટી કમ મંત્રીના આવકના દાખલા “પી.એમ.જે.એ.વાય.-મા” માટે તા.૦૫.૧૦.૨૧ના રોજ અધિકૃત કરેલ છે. જે આવકના પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય કરેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં બજેટ જોગવાઇ રૂ. ૧૫૫૬ કરોડ (જેમાં “મા /મા વાત્સલ્ય” યોજના માટે ૧૧૦૬ કરોડ અને પી.એમ.જે.એ.વાય. માટે ૪૫૦ કરોડ)ની છે. “મા” તથા “મા વાત્સલ્ય” યોજના હેઠળ, તા.૦૭.૧૨.૨૦૨૧ સુધી કુલ ૩૦.૩૦ લાખ લાભાર્થીઓને **BIS** મોડ્યુલ દ્વારા "આયુષ્માન કાર્ડ" આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૦-૨૧માં “મા” તથા “મા વાત્સલ્ય” યોજના હેઠળ કુલ રૂ. ૯૦૭.૬૦ કરોડના લાભાર્થી દાવાની રકમ પેટે કુલ ૭.૧૫ લાખ લાભાર્થી દાવાઓ નોંધાયેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં “મા” તથા “મા વાત્સલ્ય” યોજના હેઠળ તા.૧૧.૦૨.૨૦૨૨ સુધીમાં કુલ રૂ. ૧,૦૪૪.૭૦ કરોડના લાભાર્થી દાવાની રકમ પેટે કુલ ૩.૭૧ લાખ લાભાર્થી દાવાઓ નોંધાયેલ છે.
- રાજ્ય સરકારની “મા” તથા “મા વાત્સલ્ય” યોજના અને આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી લાભાર્થીને કોઇ પણ એક જ યોજનાનો લાભ મળવાપાત્ર રહે. ઉક્ત યોજનામાં મળવા પાત્ર લાભ સમાન રહેશે.

**તબીબી સેવાઓ:**

**જી.વી.કે. ઇ.એમ.આર.આઇ. દ્વારા કાર્યરત ગુજરાત ૧૦૮ ઇમરજન્સી સેવાઓ:**

**2.45** રાજ્ય સરકારે તા.૨૯/૮/૨૦૦૭ ના રોજથી કુદરતી આપત્તિ, રોગચાળો,ધોરીમાર્ગ અકસ્માત, ડી-રેઇલમેન્ટ અને રાજ્યના બિમાર લોકો માટે પ્રિ-હોસ્પિટલ ઇમરજન્સી તબીબી સેવા પુરી પાડવા માટે ટોલ ફ્રી નંબર સાથે ગુજરાત ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ શરૂ કરેલ છે. હાલમાં કુલ ૮૦૦ એમ્બ્યુલન્સ તથા ૦૨ બોટ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવી છે. આ ફક્ત એમ્બ્યુલન્સ સેવા નથી પરંતુ તે શક્યતમ ઓછા સમયમાં વિનામૂલ્યે ૨૪x૭ પ્રિ-હોસ્પિટલ સેવા પુરી પાડે છે.

- ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓના સરળ સંચાલન માટે વાર્ષિક વિકાસ યોજના સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૧૫૦ નવી એમ્બ્યુલન્સો રિપ્લેસમેન્ટથી પુરી પાડવા માટે રૂ.૩૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારે કઠવાડા, અમદાવાદ ખાતે ૧૫ એકરના કેમ્પસમાં આર્ટ ઓફ ઇમરજન્સી રીસર્ચ સેન્ટરની સ્થાપના કરેલ છે. ગુજરાત સરકાર આ પ્રકારની સુવિધા ઉભી કરવામાં દેશમાં અગ્રેસર છે. તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં આ કાર્યક્રમ હેઠળ કુલ

૧,૨૭,૩૧,૧૧૫ કોલને પ્રતિસાદ આપવામાં આવેલ છે અને ૪૩,૯૦,૭૦૬ પ્રસૂતિ સંબંધિત કોલને પ્રતિસાદ આપવામાં આવેલ છે તેમજ ૧૧,૮૨,૩૮૬ મહામૂલી જીંદગી બચાવવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી હેમોડાયાલીસીસ કાર્યક્રમ:**

**2.46** લોકોની બદલાતી જતી જીવનશૈલી તેમજ ગુણવત્તાસભર પાણીના અભાવે કીડનીને લગતા રોગોનું પ્રમાણ દિવસે દિવસે વધતુ જાય છે. રોગ અને મૃત્યુદરના પ્રમાણને જોતા, ૨૦ ટકા મૃત્યુદરના મુખ્ય કારણ તરીકે કીડનીને લગતા રોગો માલૂમ પડેલ છે. એક વખત દર્દીની કિડની કામ કરતી બંધ થઇ જાય ત્યારે દર્દીને હેમોડાયાલીસીસ અને પેરીટોનીયલ ડાયાલીસીસની સારવાર મેળવવી જરૂરી બની રહે છે. કેટલીક વખત દર્દીઓને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની જરૂરીયાત રહે છે. અગાઉના વર્ષોમાં કીડનીને લગતા રોગોની સારવાર માટે સરકાર સહાયિત ફક્ત આઇ.કે.ડી.આર.સી. અમદાવાદ ખાતે કાર્યરત હતી. જેને કારણે કીડનીને લગતા રોગોની સારવાર મેળવવામાં દર્દીઓને ખુબ જ હાડમારી રહેતી હતી. આ સંજોગોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે કિડની ડીસીઝ અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે હેમોડાયાલીસીસની સારવાર દર્દીઓને સ્થાનિક કક્ષાએ મળી રહે તે માટે હેમોડાયાલીસીસ યુનિટની જુદી જુદી હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્થાપના કરવા સમજુતી કરાર કરેલ છે.

- રાજ્ય સરકારે મેડિકલ કોલેજો, જી.એમ.ઇ.આર.એસ. સંલગ્ન હોસ્પિટલો, જીલ્લા/પેટા જીલ્લા હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો મળી કુલ ૬૦ આરોગ્ય સંસ્થાઓ ખાતે હેમોડાયાલીસીસ યુનિટ હાલમાં કાર્યરત છે. આ હોસ્પિટલો ખાતે કુલ ૫૯૭ હેમોડાયાલીસીસ મશીન પ્રસ્થાપિત કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ શરૂ થયાથી નવેમ્બર-૨૦૨૧ના અંત સુધીમાં કુલ ૧,૭૬,૫૨૧ કીડનીના દર્દીઓને ડાયાલીસીસની સારવાર પૂરી પાડવામાં આવેલ છે.

**તબીબી શિક્ષણ:**

**2.47** હેલ્થ પોલીસ-૨૦૧૬ અંતર્ગત બ્રાઉન ફીલ્ડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ભરૂચ ખાતે ૧૫૦ બેઠકની મેડીકલ કોલેજ શરૂ કરવામાં આવેલ છે.

**આયુષ:**

**સિધ્ધીઓ:**

**2.48** છઠ્ઠા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિતે તા.૦૨-૧૧-૨૦૨૧ ના રોજ નું આયોજન કરી 'આયુષ મંત્રાલય ભારત સરકારની "આયુર્વેદ ફોર પોષણ" ની થીમ મુજબ દરેક જિલ્લાઓમાં વેબ સેમિનાર, નિદાન કેમ્પ, આયુર્વેદ ખાદ્ય મહોત્સવ, મિડિયામાં પ્રચાર પ્રસાર તથા ધન્વતરી યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું, જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો.

- નિયામક આયુષની કચેરી દ્વારા ૨૬૫ જેટલા સરકારી આયુર્વેદ દવાખાનાઓ ખાતે વેલનેસ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.
- ૨૧ જુન ૨૦૨૧ ના રોજ યોગ દિવસ નિમિતે ગુજરાત ભરમાં હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખી ઉજવણી કરવામાં આવી. લોકોને યોગને દૈનિક જીવનચર્યામાં સમાવી સ્વસ્થ રહેવાનું માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ.
- મેલેરીયા પ્રોજેકટઃ- મેલેરીયા પ્રભાવિત ૧૨ જિલ્લાઓમાં મેલેરીયા પ્રતિરોધક અભિયાન દ્વારા આયુર્વેદ ઔષધો આપી મેલેરીયાના દર્દીઓમાં ગત વર્ષ કરતાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.
- નિયામક આયુષના તાબા હેઠળના આયુર્વેદ/હોમિયોપેથીના મેડીકલ ઓફીસર દ્વારા ૧૬૦૦ જેટલા નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરી ૧,૫૬,૦૦૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે.
- ૨૦૨૧ ના વર્ષમાં સરકારી આયુર્વેદ દવાખાના/હોસ્પિટલોમાં ૩૯,૧૭,૩૨૯ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે તથા હોમિયોપેથી દવાખાનાઓમાં ૧૪,૪૨,૧૮૧ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.
- ૨૦૨૧ ના વર્ષમાં સરકારી આયુષ હોસ્પિટલમાં આઇ.પી.ડી લેવલે ૨૩,૩૨૯ દર્દીને સારવાર આપવામાં આવેલ છે.
- ગુજરાતભરમાં આયુષ ગ્રામ પ્રોજેકટ અંતર્ગત ૨૦ ગામને મોડેલ આયુષ ગામ બનાવવામાં આવ્યા જેમાં ગ્રામજનોને આયુર્વેદ શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ જીવનશૈલી અનુસરી સ્વસ્થ રહી શકાય તે માટે માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. અને જો સારવારની જરૂર પડે તો આયુષ પધ્ધતિથી સારવાર આપવામાં આવે છે.
- લોકોના શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે અને તેઓ કોરોના વાયરસના સંક્રમણ સામે બચે તે માટે તથા હોટસ્પોટ વિસ્તાર જાહેર કરેલ હોય તે વિસ્તારમાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ અમૃતપેય ઉકાળા, સંશમનીવટી તથા હોમિયોપેથી આર્સનિક

આલ્બમ-૩૦નું વિતરણ કામગીરી હાથ ધરવામાં આવી. આયુર્વેદ/હોમિયોપેથી ચિકિત્સા તા.૦૬/૦૩/૨૦૨૦ થી આજ દિન સુધી આપવામાં આવી રહી છે.

| | |
|---|---|
| (૧) આયુર્વેદ અમૃતપેય ઉકાળા ડોઝના લાભાર્થી | : ૧૩,૬૩,૯૪,૧૭૪ |
| (૨) રોગપ્રતિકારક શક્તિવર્ધક સંશમની વટી લાભાર્થી | : ૧,૨૦,૬૪,૮૬૦ |
| (૩) હોમિયોપેથી- આર્સનિક આલ્બમ-૩૦ લાભાર્થી | : ૭,૦૮,૪૩,૦૩૬ |

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર:**

**2.49** વડોદરા પ્રયોગશાળાનું મકાન ૧૯૬૮ માં બાંધવામાં આવેલ હતુ, જે ખુબ જ જૂનું હોવાથી "નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ કેલીબ્રેશન" ના ધારાધોરણ મુજબનું અતિ આધુનિક મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ બાંધવાનો સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે અને બાંધકામની બીજા તબક્કાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

- ખોરાકના નમુનાઓનું ઓન સાઇટ ટેસ્ટીંગ માટે મોબાઇલ વાન શરૂ કરવામાં ગુજરાત દેશનું સૌ પ્રથમ રાજ્ય છે. ફુડ સેફટી ઓન વીલ્સના ટાઈટલ હેઠળ "ઓન સાઇટ ખોરાકના નમુનાઓના ટેસ્ટીંગ" માટે ચકાસણીના સાધનો સાથેની ૧૩ આધુનિક મોબાઇલ વાન ગુજરાત રાજ્યમાં હાલમાં કાર્યરત છે.
- ખોરાકમાં થતી ભેળસેળ અંગેની જાગૃતતા સરળતાથી જાહેર જનતામાં ફેલાય તે માટેની "સ્વજાગૃતિથી આરોગ્યની રક્ષા" અર્થે તંત્ર દ્વારા પ્રાથમિક પરીક્ષણ કીટ સને ૨૦૧૦–૧૧ ના વર્ષમાં વિકસાવેલ અને તેનો શૈક્ષણિક સંસ્થા, જાહેર ક્ષેત્રની કાર્યરત સંસ્થાઓને પણ વિતરણ કરવામાં આવેલ. આવી કીટ બનાવવામાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે. આ કામગીરીને ધ્યાને લઇ **FSSAI** દ્વારા "મેજીક બોક્ષ" વિકસાવવામાં આવેલ જેના દ્વારા ૧૧૦ પ્રકારના ટેસ્ટ ઓન ધ સ્પોટ કરી શકાય છે.
- પી.એફ.એ. ને લગતા ૧૦ વર્ષ કે તેથી વધુ જુના કેસોનો "નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પેશીયલ સીટીંગ" દ્વારા અંદાજે રૂ. ૦૭.૫૦ કરોડનો દંડ ગુન્હાની કબુલાત સ્વરૂપે વસુલી ૩૩૭૦ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે, અને ગુજરાત રાજ્ય આ કામગીરીમાં દેશમાં પ્રથમ રહેલ છે.
- ફુડ સેફટીની કામગીરીને વધુ અસરકારક બનાવવા "ફુડ મોનીટરીંગ સીસ્ટમ" અમલી બનાવવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય દેશમાં આ પ્રકારનું સોફટવેર ડેવલોપ કરવામાં અને તેનો અમલ કરવામાં સૌપ્રથમ છે. આ સોફટવેરના અમલથી ફુડ સેફટીના નવા કાયદાનુ અમલીકરણ વધુ સધન બનશે.
- **FSSAI** દ્વારા સને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં અમદાવાદ ખાતેની કાંકરીયા ફુડ સ્ટ્રીટને દેશની સૌ પ્રથમ "ક્લીન સ્ટ્રીટ ફુડ હબ" નો એવોર્ડ મળેલ છે.

- સમગ્ર દેશમાં ૨૪ ફુડ સ્ટ્રીટને "ક્લીન સ્ટ્રીટ ફુડ હબ" એવોર્ડ એનાયત કરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યની ૧૮ સ્ટ્રીટને "ક્લીન સ્ટ્રીટ ફુડ હબ" એવોર્ડ સને ૨૦૧૯–૨૦ ના વર્ષમાં એનાયત થયેલ છે.
- **FSSAI** દ્વારા વર્ષ ૨૦૧૯માં જાહેર કરેલ "ઇટ રાઇટ કેમ્પસ" પ્રોજેક્ટ અન્વયે રાજ્યના ૪૧ કેમ્પસને "ઇટ રાઇટ કેમ્પસ" સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ છે જેમાં રાજ્યની ૧૧ જેલોનો સમાવેશ થાય છે.
- ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા કરવામાં આવેલ ફુડ સેફટી ઇન્ડેક્ષ સર્વેક્ષણમાં વર્ષ ૨૦૨૦-૨૧ ના ફુડ સેફટી ઇન્ડેક્ષ સર્વેક્ષણમાં તા.૨૦/૦૯/૨૦૨૧ માં સમગ્ર દેશમાં ગુજરાત રાજયને પ્રથમ સ્થાન મળેલ છે, અને રાજ્યને મોડેલ સ્ટેટ તરીકેનો દરજ્જો આપવામાં આવેલ છે.
- "**XLN-Xtended Lic. & Lab. Node**" દવાના વેચાણના પરવાના માટેના વેબબેઝ સોફટવેરને "નેશનલ ઇ-ગર્વનન્સ ગોલ્ડ" એવોર્ડ મળેલ છે.તથા આ પ્રોજેકટને દેશના ૧૯ રાજ્યોએ અપનાવેલ છે.
- ડ્રગ કન્સલ્ટેટીવ કમીટીની નવી દિલ્હી ખાતે યોજાયેલ બેઠકમાં કેન્દ્ર સરકારના સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ  વિભાગ દ્વારા દેશના જે કોઇ રાજ્યોએ ઔષધ ઉત્પાદન અંગેની ઓનલાઇન સીસ્ટમ ડેવલોપ ન કરેલ હોય તેવા તમામ રાજ્યોને ગુજરાત રાજ્યની એન.આઇ.સી. ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ દવાના ઉત્પાદન એકમોના પરવાનાની ઓનલાઇન થતી કામગીરી "**dmla.gujarat.gov.in**" વેબબેઝ સોફટવેર મુજબ અપનાવવા સુચન કરેલ છે.
- ઔષધમાં થતી ભેળસેળ તથા બનાવટી દવાઓનું ઓન ધ સ્પોટ ટેસ્ટીંગ કરી શકાય તે માટે ઔષધ મોબાઇલ વાન સને ૨૦૧૪ – ૧૫ના વર્ષમાં શરૂ કરવામાં આવેલ છે. જેમાં રહેલ સોફેસ્ટીકેટેડ પોર્ટેબલ મશીનો દ્વારા "રેપીડ સ્ક્રીનિંગ ઓફ ફાર્મા પ્રોડક્ટ" કરી ખુબજ ટુંકાગાળામાં દવા બનાવટી છે કે ભેળસેળ વાળી છે તેની જાણકારી મેળવી શકાય છે.
- ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, વડોદરા ખાતે આધુનિક રેપીડ માઇક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગ સિસ્ટમની વ્યવસ્થા વિકસાવવામાં આવેલ છે, જેના દ્વારા માઇક્રોબાયોલોજીકલ ટેસ્ટીંગ ખૂબ જ ઓછા સમયમાં કરી શકાય છે, આ પ્રકારની કામગીરીમાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે.
- છેલ્લા ૧૦ વર્ષમાં બજારમાં ઉપલબ્ધ દવાઓની ગુણવત્તાઓમાં ઉત્તરોત્તર સુધારો થવા પામેલ છે સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં રાજ્યમાં અપ્રમાણસર દવાઓની ટકાવારી ૬.૨૯% હતી જે સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ઘટીને ૧.૯૭ % થયેલ છે.

- આયુર્વેદીક ઔષધ ઉત્પાદકો માટેનુ એન.આઇ.સી. ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેર આયુ.ડી.એમ.એલ.એ. દ્વારા ૪૧૫ પેઢીઓની કુલ ૨૪,૬૯૦ બનાવટોની બેકલોગ ડેટા એન્ટ્રીની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે ડેટા એન્ટ્રી વેરીફાઇ કરી આ સોફ્ટવેર તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં સંપૂર્ણ ઓનલાઇન શરૂ કરવામાં આવનાર છે.
- સૌદર્ય પ્રસાધનનોના ઉત્પાદકો માટેનુ એન.આઇ.સી.ના સહયોગથી તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેર કોસ-એમ.એલ.એ.તૈયાર કરવામાં આવી રહેલ છે જે તા.૩૧/૦૩/૨૨ સુધીમાં સંપૂર્ણ ઓનલાઇન શરૂ કરવાનું આયોજન છે.
- કોવિડ-૧૯ ની બિમારીમાં વપરાતી અત્યંત જરૂરી દવા રેમડેસીવીર ઇન્જેક્શનનો બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે આયાત થયેલ અંદાજિત રૂ.૧૦.૮૦ લાખનો જથ્થો ઔષધ વિક્રેતાઓ પાસેથી પકડી પાડવામાં આવેલ છે. તથા બનાવટી તેમજ વગર પરવાને વેચાતા હેન્ડ સેનીટાઇઝરનો ૩ અલગ અલગ જગ્યાએ દરોડા પાડી અંદાજે રૂ.૫૬.૦૦ લાખનો જથ્થો પકડી પાડવામાં આવેલ છે.

## પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજનાના પર ડ્રોપ મોર ક્રોપ ઘટક અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇ:

**2.50** રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારશ્રી વતીથી ગુજરાત રાજ્યમાં "પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના-પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત સૂક્ષ્મ સિંચાઈ યોજનાનું ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની દ્વારા મે-૨૦૦૫ થી એકસરખા ધોરણે અમલીકરણ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના સંકલિત આ યોજનામાં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ જેવી કે ટપક/ફુવારા /રેઈન ગન/ પોરસ પાઇપ અપનાવતા લાભાર્થી ખેડૂતોને સરકારશ્રી વતી નાણાંકીય સહાય આપવામાં આવે છે.

- આ યોજનાનો મુખ્ય હેતુ, પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા ઓછા ખર્ચે મહત્તમ ખેત ઉત્પાદન થાય અને ખેડૂતની આવક વધે અને ગુજરાતને દ્વિતીય હરિત ક્રાંતિ તરફ દોરી જવાય એ છે, કારણ કે ગુજરાત રાજ્યમાં પિયતની સુવિધાઓ મર્યાદિત છે. આથી જળ સંચય (પાણીના સંગ્રહ) નો હેતુ પર પાડવા માટે રાજ્ય સરકારશ્રીએ, કેન્દ્ર સરકારશ્રી દ્વારા અમલી "પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના-પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇ પર ખાસ ભાર મૂકેલ છે.

< >

- રાજ્ય સરકારશ્રી દ્વારા લાભાર્થી ખેડૂતને આપવામાં આવતી સહાય (સબસિડી)ના ધોરણો નીચે મુજબ છે.

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગ:<br>(બે અને બે હેકટરથી વધારે જમીન ધરાવતા ) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦ % સુધી અથવા રૂ.૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦ % સુધી અથવા રૂ.૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |
| ૨ | સમાન્ય વર્ગ:<br>નાના અને સિમાંત ખેડૂતો(૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦ % સુધી અથવા રૂ.૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૦ % સુધી અથવા રૂ.૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |
| 3 | અનુસુચિત જાતિ / જનજાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૫ % સુધી અથવા રૂ.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૯૦ % સુધી અથવા રૂ.૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |

- વધુમાં ખેડૂત લાભાર્થી જરૂરિયાત મુજબ બેંક લોન લઈ શકે છે. તેમજ ખેડૂત લાભાર્થી તેમજ સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિને એક વર્ષના વીમાનું રક્ષણ આપવામાં આવે છે. આ યોજનામાં લચીલાપણું અને પારદર્શિતા મુખ્ય પાસા છે, જેમા ખેડૂતને એ પણ સ્વતંત્રતા આપવામાં આવેલ છે કે પોતાની ઇચ્છા મુજબના વિસ્તારમાં પાક પદ્ધતિ ને અનુરૂપ હોય એવી ડિઝાઇન સાથેની સૂક્ષ્મ પિયત પદ્ધતિ (MIS) અપનાવી શકે તેમજ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિના સાધનો બનાવનાર અને ખેડૂતના ખેતર પર ગોઠવણી કરનાર અને જીજીઆરસી ખાતે રજિસ્ટર થયેલ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિના સપ્લાયરોમાંથી તેમની ઇચ્છા મુજબ સપ્લાયરની પસંદગી કરી શકે છે.
- જીજીઆરસી દ્વારા રજિસ્ટર થયેલ, સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના સાધનોના ઉત્પાદકો દ્વારા ખેડૂતના ખેતર પર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની ગોઠવણી કરવામાં આવે છે, જેની જીજીઆરસી દ્વારા નિમણૂક થયેલ થર્ડ પાર્ટી ઇંસ્પેક્શન એજન્સી દ્વારા સાધનોની ખરાઈ તેમજ ટ્રાયલ રન કરવામાં આવે છે. યોજનાના ભાગ રૂપે સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિના

સપ્લાયરો, જરૂરી સાધનો અને એગ્રો ઈનપુટ્સની આપૂર્તિ સાથે કૃષિ ઉપયોગી સલાહ/સેવાઓ ખેડૂતોને પૂરી પાડે છે. તેમજ પાંચ વર્ષ માટે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિની જાળવણી માટે માર્ગદર્શન પૂરું પાડે છે. આ યોજનાના લાભાર્થી ખેડૂત અને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ માટે એક વર્ષના વીમાનું રક્ષણ આપવામાં આવે છે.

- જીજીઆરસીની સ્થાપના વર્ષ ૨૦૦૫-૦૬ થી લઈ વર્ષ ૨૦૨૧-૨૨(નવેમ્બર-૨૧ અંતિત) કૂલ ૧૨,૮૬,૭૯૧ ખેડૂત લાભાર્થીઓ દ્વારા કૂલ ૨૦,૪૭,૮૨૨ હેક્ટર વિસ્તાર માં સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવેલ છે, અને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨(નવેમ્બર-૨૧ અંતિત) સુધીમાં રૂા.૪૪૯૬.૫૦ કરોડ ની સહાય રાજ્યના હિસ્સા પેટે અને રૂ. ૨૪૪૬.૦૨ કરોડ ની સહાય કેન્દ્રના હિસ્સા પેટે ચૂકવવામાં આવેલ છે.
- સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતી હેઠળ આવરેલ કૂલ વિસ્તાર ૨૦,૪૭,૮૨૨ હેક્ટર પૈકી લાભાર્થી ખેડૂતો દ્વારા ૧૦,૭૭,૧૨૦ હેક્ટર વિસ્તારમાં ટપક સિંચાઇ અને ૯,૭૦,૭૦૨ હેક્ટર વિસ્તારમાં ફુવારા પધ્ધતી અપનાવામાં આવેલ છે. મગફળી, કપાસ, શેરડી અને દિવેલા જેવા મુખ્ય કૃષિ પાકોને આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે, જ્યારે બાગાયતી પાકોમાં મુખ્યત્વે બટાટા, કેળ, આંબા, પપૈયાં તેમજ શાકભાજી જેવા પાકો આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં સૂક્ષ્મ સિંચાઇ યોજના માટે રાજ્ય સરકાર(પ્રસ્તાવિત) નો હિસ્સો રૂા. ૨૭૩.૨૬ કરોડ અને કેન્દ્ર સરકારનો હિસ્સો રૂા. ૨૨૬.૭૪ કરોડ મળી કૂલ રૂા.૫૦૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ વડે આશરે ૦.૮૭ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવાનો અંદાજ છે.
- ખેડૂતો ઘર બેઠા સૂક્ષ્મ સિંચાઈ અપનાવવા માટે ઘર બેઠા પૂર્વ નોંધણી કરી શકે તે માટે જીજીઆરસી દ્વારા ખેડૂત પોર્ટલ શરૂ કરવામાં આવ્યું.
- રાજયના ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ અપનાવવી વધુ સરળ બને તે હેતુ થી, જીજીઆરસી દ્વારા નિર્મિત ખેડૂત પોર્ટલ ખેડૂતો માટે શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલનો હેતુ, સરળતાથી ઘર બેઠા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ વસાવવા માટે ખેડૂત જાતે જ પૂર્વ નોંધણી કરી શકે તે છે.
- ખેડૂતો, khedut.ggrc.co.in પોર્ટલ દ્વારા અથવા મોબાઈલ નં. 9763322211 ઉપર પોતાની વિગતો, નામ-જિલ્લો-તાલુકો-ગામ ભરી પૂર્વ નોંધણી કોઈની પણ મધ્યસ્થી વિના જાતે જ કરી શકે છે. નોંધણી થયા બાદ જીજીઆરસી માન્ય કંપનીઓ સામેથી ખેડૂતનો સંપર્ક કરી સૂક્ષ્મ સિંચાઈ વસાવવાની અરજીઓની કાર્યવાહી કરશે.
- ડિઝિટલ ઈન્ડિયાના ભાગ રૂપે ખેડૂતોને ડિઝિટલ માધ્યમથી કૃષિ માહિતી અને સેવાઓ મળી રહે તે માટે SMS, વોઇસ કોલ અને દૂરદર્શનનાં મધ્યમનો ઉપયોગ, ઇન્ફોર્મેશન

ટેક્નોલૉજી થી અમલીકરણ કરવામાં આવે છે, જેથી યોજનાના અમલમાં પારદર્શિતા જળવાઈ રહે છે. આ ઉપરાંત ખેડૂત લાભાર્થીની બાયોમેટ્રી ઓળખ અને GPS દ્વારા સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ ગોઠવાયેલ સ્થળની ચોકસાઇ કરવામાં આવે છે.

- GGRC એ લાભાર્થી ખેડૂતના પ્રમાણીકરણ માટે બાયો-મેટ્રિક પદ્ધતિ અને લાભાર્થી ખેડૂતના ખેતરના પ્રમાણીકરણ માટે જીઓ-ફેન્સિંગ પદ્ધતિ MIS સિસ્ટમના ટ્રાયલ રન પહેલાં અને પછી દાખલ કરવાં આવે છે.
- સૂક્ષ્મ સિંચાઇ માટેની ખેડૂત લાભાર્થીની અરજીનું રજીસ્ટ્રેશનથી લઈને ફાઇનલ પેમેન્ટ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઇન છે. અરજીની સ્થિતિ અંગેની સંપૂર્ણ માહિતી ખેડૂતને ઘર બેઠા ઇન્ટરનેટ દ્વારા પ્રાપ્ત થાય છે.

**સરદાર સરોવર યોજના:**

**2.51** સરદાર સરોવર યોજના ગુજરાત રાજ્યમાં નર્મદા નદી ઉપર નિર્માણ પામેલ આંતરરાજ્ય બહુહેતુક પરિયોજના છે. આ યોજના દ્વારા રાજયના ૧૭ જિલ્લાઓના ૭૭ તાલુકાઓના આશરે ૧૮ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે લગભગ ૯૪૯૦ ગામો અને ૧૭૩ શહેરોમાં ઘરગથ્થુ વપરાશ તેમજ ઔદ્યોગિક ઉપયોગ માટે પાણી પુરૂ પાડવાનું આયોજન છે. જે પૈકી હાલમાં ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને ૭ મહાનગર પાલિકાઓને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવી રહ્યુ છે. જેમાં મુખ્યત્વે સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા વિસ્તાર તેમજ ઉ.ગુજરાતના નોસોર્સ તથા ક્ષારગ્રસ્ત અને ફ્લોરાઇડયુક્ત વિસ્તારનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૪-૧૫ની ભાવ સપાટી પ્રમાણે સરદાર સરોવર યોજનાનો મંજુર થયેલ ખર્ચ રૂ.૫૪૭૭૨.૯૩ કરોડ છે. યોજના પાછળ ઓક્ટોમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ રૂ. ૭૬૫૨૬.૫૩ કરોડ ખર્ચ થવા પામેલ છે.

- ૧૨૧૦ મીટર લંબાઇ તથા ૧૬૩ મીટર ઉંચાઇ ધરાવતા કોંક્રીટ ગ્રેવિટી ડેમનું બાંધકામ તેના સ્પીલવે ઉપરનાં ૩૦ રેડીયલગેટ સહિત થતા તા.૧૭/૦૯/૨૦૧૭ ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રીના વરદ હસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવેલ હતું. આમ સરદાર સરોવર જળાશયમાં સંગ્રહિત પાણીનો સિંચાઈ, પીવાના પાણી, ઉદ્યોગો અને જળવિદ્યુત ઉત્પાદન માટે કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવે છે. સરદાર સરોવર બંધની હેઠવાસમાં ગરૂડેશ્વર વીયરની તેમજ હાઇ લેવલ ગોરા બ્રિજના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે.
- આ યોજનાના બન્ને જળ વીજમથકો કાર્યાન્વિત કરી દેવામાં આવેલ છે અને કુલ ૧૪૫૦ મેગાવોટ જળ વિધુતશકિતની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં ૧૪૫.૪ કરોડ યુનિટ

જળવિધુત ઉત્પાદન થયેલ છે. ડિસેમ્બર-૨૦૨૧ ના અંત સુધીમાં કુલ ૫૧૧૭.૬૨ કરોડ યુનીટ જળવિધુત ઉત્પાદન થયેલ છે, જેનાથી રાષ્ટ્રને આશરે રૂ. ૨૦,૪૭૦.૦૦ કરોડની આવક થયેલી ગણી શકાય.

- વડોદરા શાખા નહેર પર ૩૫ મેગાવોટ કેનાલ ટૉપ/બેન્ક સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત છે તથા ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૨૬.૪૯ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.
- સરદાર સરોવર યોજના ની કચ્છ, સૌરાષ્ટ્ર, મીયાગામ તથા વડોદરા શાખા નહેરો ઉપર કુલ ૮૫.૪૬ મેગાવોટ ક્ષમતા ધરાવતા ૧૮ લઘુ વીજ મથક એકમો પૈકી ૫૪.૮૫ મેગાવોટ ક્ષમતા ધરાવતા ૧૧ એકમોની કામગીરી પૂર્ણ થયેલ છે. જેના થકી ડિસેમ્બર-૨૦૨૧ સુધી ૨૩.૩૬ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે.
- હાલ સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર ફેઝ-૧ અને ફેઝ-૨ હેઠળના કુલ પાંચ પંપીંગ સ્ટેશન કાર્યરત છે. સિંચાઈ માટેની ભવિષ્યની જરૂરિયાત અને સૌની યોજના માટે વધારાના પાણીનું ઉદવહન કરવાની જરૂરિયાતને ધ્યાને લેતાં ફેઝ-૩ અને ફેઝ-૪ અંતર્ગત ઉપરના તમામ ૫ પંપીંગ સ્ટેશનોની ઉદવહન ક્ષમતા વધારવા માટે વિસ્તરણની કામગીરી પૂર્ણ થયેલ છે.
- કચ્છ શાખા નહેર ઉપરના અનુક્રમે સાંકળ ૧૧૦.૯૭૦ કીમી, ૧૧૧.૭૫૦ કીમી, ૧૮૯.૯૭૦ કીમી ઉપર આવેલા કુલ ત્રણ પંપીગ સ્ટેશન તબક્કા-૧ હેઠળ હાલ કાર્યરત છે. સિંચાઇ માટે ભવિષ્ય ની જરૂરીયાત અને પૂરના વધારાના પાણીના વહન માટે વધારાનું પાણી ઉદ્વહન કરવાની જરૂરીયાત ને ધ્યાને લેતા તમામ ત્રણેય પંપીંગ સ્ટેશનની ઉદ્વહન ક્ષમતા વધારવા માટે વિસ્તરણની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- નર્મદા યોજનાના નહેર માળખાની મુખ્ય નહેર, શાખા નહેરો, વિશાખાઓ, પ્રશાખાઓ અને પ્રપ્રશાખાઓની મળી કુલ ૬૯૮૩૦ કી.મી પૈકી ૬૨૮૧૯ કી.મી.ની લંબાઈમાં નહેરના કામો ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ થયેલ છે, જેમાં ૪૫૮ કીમી લંબાઇની મુખ્ય નહેર, ૨૬૭૦ કી.મી. લંબાઈની શાખા નહેર, ૪૪૩૬ કી.મી. વિશાખા નહેર અને ૧૪૪૩૫ કી.મી ની પ્રશાખા નહેર તેમજ ૪૦,૮૨૦ કી.મી. પ્રપ્રશાખા નહેરનો સમાવેશ થાય છે. ખેડૂતોની જમીનનું સંપાદન ટાળવાના હેતુથી પ્રપ્રશાખાની કામગીરી ભૂગર્ભ પાઇપ લાઇન (UGPL) થી હાથ ધરવામાં આવેલ છે.
- ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં કુલ ૧૬.૯૧ લાખ હેકટર વિસ્તારમાં પ્રશાખા નહેરો સુધીના વિતરણ પધ્ધતિના કામો પુર્ણ થયેલ છે અને પ્રપ્રશાખા નહેર સુધી ૧૫.૧૯ લાખ હેકટર પિયત વિસ્તાર વિકસીત થયેલ છે. માર્ચ-૨૦૨૨ પછી બાકી રહેતા નહેરોના નેટવર્કના કામો વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ચાલુ રાખવાનુ આયોજન છે. નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩

માટે રૂ. ૬૦૯૦.૦૭ કરોડ (રૂ.૨૬૨૦.૦૮ કરોડ એન.બી.આર સહીત)ની સુચિત જોગવાઇ કરવામાં આવેલ છે.

**સુજલામ સુફલામ યોજના:**

**2.52** આઠ જિલ્લાઓમાંથી પસાર થતી ૩૩૨ કિમી. લાંબી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલનું કામ (લોકોની જરૂરીયાત પ્રમાણેના કેટલાક વધારાના સ્ટ્રક્ચર્સ સિવાય) પૂર્ણ થયેલ છે. કડાણા જળાશય અને નર્મદા મુખ્ય નહેરનું વધારાનું પાણી આ નહેરમાં વહેવડાવવાથી હજારો ખેડૂતોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિંચાઇમાં લાભ થયો છે અને ભૂગર્ભ જળ રિચાર્જ થયેલ છે.

- નર્મદાના પૂરના વધારાના પાણીથી ઉત્તર ગુજરાતના જળાશયો તેમજ તળાવો ભરવા માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત મૂળ આયોજન મુજબ ૧૪ ઉદવહન સિંચાઇ પાઇપલાઇનો પૈકી ૧૨ ઉદવહન સિંચાઇ પાઇપલાઇનોના કામો પૂર્ણ થયા છે. તેમજ ભાસરીયાથી સામેત્રા પાઈપલાઈન, કુડા-ડભોડા-ભીમપુર (વરસંગ તળાવ)પાઇપલાઇન અને ધાંધુસણ થી રેડ લક્ષ્મીપુરા ભૌતિક કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે થરાદથી સીપુ ઉદવહન પાઇપ લાઇનની કામગીરી પ્રગતિમાં છે. થરાદ થી સીપુ પાઇપલાઇનથી બનાસકાંઠા જિલ્લાના આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને તેમજ ખેરવાથી વિસનગર પાઈપલાઈનથી મહેસાણા જિલ્લાના કુલ ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે. આ યોજનાઓ થકી અંદાજે ૭૦૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇમાં પ્રત્યક્ષ/પરોક્ષ લાભ મળતા થયા છે.
- હીરપુરા તથા વલાસણા બેરેજથી મહેસાણા જિલ્લાના કુલ ૬૧૩૫ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.  બે ઉદવહન સિંચાઈ યોજનાઓ માતપુર- ડીંડરોલથી મુક્તેશ્વર ડેમ અને કસરાથી દાંતીવાડા ડેમની કામગીરી આયોજન હેઠળ છે.

**સહભાગી સિંચાઇ વ્યવસ્થા:**

**2.53** સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ શક્ય એટલો વધુ વિસ્તાર આવરી લેવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. રાજ્ય સરકારે ગુજરાત વોટર યુઝર્સ પાર્ટીસિપેટરી ઇરીગેશન મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૭ પણ પસાર કરેલ છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ જુન ૨૦૨૧ સુધીમાં સહભાગી સિંચાઇ હેઠળ ૨૭૯૯ મંડળીઓ દ્વારા ૮,૪૧,૮૫૯ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે.

- ઉત્પન્ન કરેલ સિંચાઇ શક્તિ અને સિંચાઇ વપરાશ વચ્ચેનો ગાળો ઓછો કરવા તેમજ સિંચાઇ ક્ષમતાના અસરકારક ઉપયોગ માટે હયાત મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓના નહેરોના વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકરણના કામો મોટા પાયે હાથ ધરેલ છે. જુન

૨૦૨૧ સુધીમાં આ યોજના હેઠળ ૮,૩૦,૩૦૪ હેક્ટરમાં નહેર સુધારણાના કામો પૂર્ણ કરેલ છે.

**વનબંધુ કલ્યાણ યોજના:**

2.54 આ યોજના અંતર્ગત એપ્રિલ – ૨૦૦૭ થી માર્ચ ૨૦૨૧ સુધીમાં નીચે મુજબના કામો કરવામાં આવેલ છે.

- આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૪,૩૫૨ નાના ચેકડેમો થકી ૫૮,૯૬૬ હેકટર, ૫૨૧ મોટા ચેકડેમો થકી ૨૫,૦૩૮ હેકટર અને ૩૫૪૮ તળાવો ઊંડા કરવાથી ૧૭,૨૩૭ હેકટર મળી કુલ ૧,૦૧,૨૪૧ હેકટર વિસ્તારમાં લાભ આપવામાં આવેલ છે.
- આદિજાતિ વિસ્તારમાંના ૪૯,૬૮૪ હેકટર આવરી લેતી કુલ ૧૩૪૬ ઉદવહન સિંચાઇ યોજના પુર્ણ કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત ૧,૬૩,૭૬૫ હેકટર વિસ્તારમાં નહેર સુધારણાના તથા ૮૭,૯૧૨ હેકટર વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનના કામોને કારણે છેવાડાના ખેડુતોને પાણી મળવા પામેલ છે.
- રૂ. ૪૧૮ કરોડની અંદાજિત રકમની કરજણ જળાશય આધારિત કરજણ ડેમથી વાડી તથા કપાટ સુધીની ઉદવહન પાઇપ લાઇન યોજના પ્રગતિમાં છે .જેનાથી સુરત, ભરુચ અને નર્મદા જિલ્લાના આશરે ૭,૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.
- સુજલામ સુફલામ કેનાલથી પાદેડી ગામ પાસેથી પાઇપલાઇન દ્વારા ખાનપુર તાલુકાનાં ઉત્તર વિભાગના ૨૩ તથા મેઘરજ તાલુકાના ૧ તળાવ મળીને કુલ ૨૪ તળાવો ભરવાની યોજનાના ૫૮.૦ કરોડની રકમના કામો પૂર્ણ થયેલ છે અને યોજના કાર્યાન્વિત થયેલ છે.
- કડાણા જળાશય આધારિત કડાણા- દાહોદ ઉદવહન પાઇપલાઇન યોજના રૂ ૧૩૫૩ કરોડના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જેના થકી ૭ તાલુકાના ૬૧ ગામોના ૫૪ તળાવો ભરવામા આવ્યા છે. જેનો લાભિત વિસ્તાર અંદાજે ૧૦૦૦૦ હેક્ટર છે.
- કડાણા જળાશય આધારિત કડાણા-દાહોદ ઉદવહન પાઇપ લાઇન યોજનાનું વિસ્તૃતિકરણ કરી રૂ. ૨૨૬ કરોડની અંદાજિત રકમની યોજનાના કામો હાલમાં પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયેથી દાહોદ જિલ્લાના સંજેલી, સીંગવડ, ધાનપુર, દેવગઢબારીયા જેવા તાલુકાઓના સિંચાઇથી વંચિત રહેતા વધુ ૪,૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.
- કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાનાં શિયાળ અને લુણાવાડા તાલુકાનાં શામણા તાળાવમાંથી પાઇપલાઇન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાનાં તળાવો ભરવાની યોજનાના ૫૪.૦ કરોડની રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૧૨૨૪ હે. છે.

- સંતરામપુર તાલુકાનાં ગ્રામ્ય તળાવો તથા મોરલનાકા અને બાબરી એમ.આઈ. તળાવને વડા તળાવ પાસે આવેલ પી.એસ.-૨ માંથી પાઇપલાઇન દ્વારા લીન્ક કરી કુલ ૧૫ તળાવોમાં પાણી ભરવાની યોજનાના રૂ. ૧૯.૦ કરોડ ની રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૨૨૦૦ હે. છે.
- પાનમ જળાશય આધારિત પંચમહાલ જિલ્લાના પૂર્વ વિસ્તારના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાનાં ૮૫ ગામોના ૧૨૬ તળાવો ભરી સિંચાઇ માટેની યોજનાના રૂ. ૩૧૫.૪૦ કરોડ ની રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૩૫૦૦૦ હે. છે.
- પાનમ હાઇ લેવલ કેનાલ આધારિત પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકાના કુલ ૩૮ ગામોના ૫૩ તળાવો તથા મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ૦૯ તળાવો મળી કુલ ૬૨ તળાવો ભરવાની યોજનાના રૂ. ૧૩૭ કરોડ ની રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૮૫૦૦ હે. છે.
- કડાણા તાલુકાના સરસડીથી કડાણા ઉત્તર ભાગે એલ.આઈ સ્કીમ તથા કડાણા તાલુકાના ગામ તળાવોને પાઇપલાઇન દ્વારા લીન્ક કરી પાણી ભરવાની યોજના બનાવી મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના જુદા જુદા ૧૧ ગામોના આશરે ૨૭ તળાવોમા પાણી ભરી ૧૬૦૦ હેક્ટર ને સિંચાઇ સુવિધા આપવા માટે અંદાજિત રકમ રૂ. ૮૩.૮૦ કરોડની યોજનાને મંજુરી આપેલ છે.
- વાત્રક નદીના જમણા તેમજ ડાબા કાંઠા પાસે વેલ પોઇન્ટ બનાવી અરવલ્લી જિલ્લાના માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓના કુલ ૭૨ તળાવો ભરી ૨૨૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવા માટે અંદાજિત રકમ રૂ. ૧૮૫.૯૬ કરોડની યોજનાને મંજુરી આપેલ છે.
- શામળાજી પાસે આવેલ મેશ્વો જળાશયમાંથી પાણી ઉદવહન કરી ભિલોડા તથા મેઘરજ તાલુકાના ૩૦ તળાવો ભરી ૧૩૨૫ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવા માટે અંદાજિત રકમ રૂ. ૭૫.૩૨ કરોડની યોજનાને મંજુરી આપેલ છે.
- ભીલોડા તાલુકામા હાથમતી જળાશય આધારીત લીફ્ટ ઇરીગેશન યોજના બનાવી ભીલોડા તાલુકાના ૩૩ ગામોના ૩૮ તળાવો ભરી ૧૨૦૭ હેક્ટર વિસ્તારને સિંચાઇ સુવિધા આપવા માટે અંદાજિત રકમ રૂ. ૧૨૮.૧૬ કરોડની યોજનાને મંજુરી આપેલ છે.
- કન્સ્ટ્રકટીંગ વીયર ઓન રીવર મહી એટ વિલેજ પોઇચા, તા. સાવલી, જિ. વડોદરા ની યોજના બનાવી વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના જુદા જુદા ૪૯ ગામોના આશરે ૭૨૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇ સુવિધા આપવા માટે અંદાજિત રકમ રૂ. ૩૦૮.૪૩ કરોડની યોજનાને મંજુરી આપેલ છે. જે હાલ આલેખન તબક્કે છે.

- રૂ. ૫૯૦ કરોડના ખર્ચે કાકરાપાર-ગોરધા-વડ ઉદ્‌વહન સિંચાઇ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ છે. જેનાથી સુરત જીલ્લાના માંડવી અને માંગરોળ તાલુકાના અંદાજે કુલ ૨૦,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થયેલ છે.
- રૂ. ૧૦૨૨ કરોડની અંદાજિત કિંમતની સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદ્‌વહન સિંચાઇ યોજનાની કામગીરી પ્રગતિમાં છે.જેનાથી તાપી જીલ્લાન સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના અંદાજે ૨૮,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો  લાભો ઉપલબ્ધ થશે. ઉપરાંત આ યોજનાથી ૪૦૪ ચેકડેમોમાં પાણી નાંખવાનું આયોજન છે.
- રૂ.૭૧૧ કરોડની અંદાજિત રકમની તાપી-કરજણ લિંક પાઇપલાઇન યોજનાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જેનાથી સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કુલ  અંદાજે ૨૧,૭૬૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ ઉપલબ્ધ થશે.

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના:**

**2.55** આ યોજના અંતર્ગત ઓક્ટોબર ૨૦૨૦ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છ જીલ્લામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણના ૧૦૧ બંધારા અને ભરતી નિયંત્રક, ૧૮ રીચાર્જ જળાશયો, ૪૩ રીચાર્જ તળાવો, ૨૯૧ કિ.મી. લંબાઈમાં વિસ્તરણ નહેરો, ૨૧૪ કિ.મી. લાંબી રેડીયલ કેનાલનુ નિર્માણ કરવાથી સિંચાઈનો લાભ ઉપલબ્ધ થયેલ છે.

**સૌની યોજના**:

**2.56** સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે નર્મદાના પુરના વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૬૦ મીલીયન ઘન ફુટ) મેળવી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જીલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) યોજનાની ચાર લીંક પાઈપલાઈન અંતર્ગત પ્રથમ તબકકાના કામો પૂર્ણ થયા છે અને યોજનાનો લાભ મળવાનો શરૂ થઇ ગયેલ છે. સૌની યોજનાના બીજા તબક્કાના ચાર લીંકના ૧૨ પેકેજના કામો મહદઅંશે પુર્ણ થયેલ છે. ત્રીજા તબક્કાના એક પેકેજનું કામ પૂર્ણ કરી ભાવનગર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા બોરતળાવવામાં નર્મદાના નીર ભરવામાં આવેલ છે. જ્યારે અન્ય ૬ પેકેજોની કામગીરી પણ પ્રગતિમાં છે જે આગામી નાણાકીય વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન છે તેમજ બે પેકેજનું કામ ટેન્ડર તબક્કે અને એક ટેન્ડરનું કામ તાંત્રિક મંજુરી તબક્કે છે. યોજના પુર્ણ થયે ૮,૨૫,૦૦૦ એકર કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે. સૌની યોજનાની પૂર્ણ થયેલ કામગીરીથી અત્યાર સુધીમાં ૫૩ જળાશયો, ૧૩૧ તળાવો અને ૮૬૩ ચેકડેમોમાં ૪૦૬૦૦ મી. ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ફ્લેગશીપ પ્રોગ્રામ અંતર્ગત):**

**2.57** નીચેની યોજનાઓને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં સમાવવા માટે દરખાસ્ત કેન્દ્ર સરકારને રજુ કરવામાં આવેલ છે.

**જળસ્ત્રોતોનું મરામત, નવીનીકરણ અને પુનઃસ્થાપન (RRR of Water bodies):**

(૧) સૌરાષ્ટ્ર વિસ્તારની યોજનાઓ : સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૬૧ નાની સિંચાઇ યોજનાઓના મરામત, નવીનીકરણ અને પુનઃસ્થાપનની ૧૦૨.૯૦ કરોડના અંદાજીત ખર્ચની યોજનાના કામો પ્રગતિ હેઠળ છે, જેનાથી અછતગ્રસ્ત વિસ્તારની વધારાની ૧૧,૩૬૪ હેક્ટર જમીનમાં સિંચાઇ સુવિધા પુન: સ્થાપિત થશે.

(૨) દક્ષિણ અને મધ્ય ગુજરાતની યોજનાઓ : દક્ષિણ અને મધ્ય ગુજરાત વિસ્તારના ભરૂચ, પંચમહાલ, છોટા ઉદેપુર, દાહોદ અને મહીસાગર જીલ્લાની આદિજાતિ વિસ્તારની કુલ ૯ નાની સિંચાઇ યોજનાઓના મરામત, નવીનીકરણ અને પુનઃસ્થાપનની રૂ. ૧૩.૩૮૦૯ કરોડના અંદાજીત ખર્ચની કેન્દ્ર સરકારના અનુદાનવાળી (૬૦:૪૦) આ યોજનાઓ મંજૂરી બાદ હાથ ધરાનાર છે. જે પૂર્ણ થતાં યોજનાઓના કુલ ૨૯૮૫ હેક્ટર કમાન્ડ વિસ્તારને પુન:સ્થાપિત કરી શકાશે.

(3) "પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (Pradhan Mantri Krishi Sinchai Yojana (PMKSY)) હર ખેત કો પાની (Har Khet Ko Pani (HKKP)) – ગ્રાઉન્ડ વોટર ઇરીગેશન (Ground Water Irrigation) ફોર ડિસ્ટ્રીકટ- ડાંગ, સ્ટેટ- ગુજરાત."ની કામગીરી અંતર્ગત ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા ૧૬૩.૨૯ કરોડના અંદાજીત કિંમતના કુલ ૨૫૧૨ ખુલ્લા કુવા બનાવી ૩૬૫૫ નાના તથા સીમાંત ખાતેદારોના ૩૭૬૮ હેક્ટર વિસ્તાર માટે સિંચાઇની સુવિધા આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

**અટલ ભુજલ યોજના**:

**2.58** આ યોજના હેઠળ ભારત સરકારે ગુજરાત રાજય માટે ૫ વર્ષના સમયગાળા માટે રૂ.૭૫૭ કરોડની ફાળવણી કરેલ છે. આ યોજના હેઠળ ઉત્તર ગુજરાતના **Over exploited** કક્ષાના આવતા અમદાવાદ જીલ્લાનો એક (૧) તાલુકો, બનાસકાંઠા જીલ્લાના આઠ (૮) તાલુકા, ગાંધીનગર જીલ્લાના ચાર (૪) તાલુકા, મહેસાણા જીલ્લાના દસ (૧૦) તાલુકા, પાટણ જીલ્લાના ચાર (૪) તાલુકા તેમજ સાબરકાંઠા જિલ્લાના ત્રણ (૩) તાલુકાનો સમાવેશ કરવામાં આવે છે. કચ્છમાં પણ આ યોજના અંતર્ગત ભુગર્ભજળ સંચયની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં કચ્છ જીલ્લાના ચાર (૪) તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે.

- ગુજરાત સરકાર દ્વારા નર્મદાના વધારાના પૂરના પાણીને કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છ વિસ્તારમાં નર્મદાના પુરના વધારાના ૧ **MAF**

પાણી દ્વારા સિંચાઇ સુવિધાઓ વધારવાના આયોજનના ફેઝ ૧ ની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. જયારે ૪ લિંક વાળા ફેઝ ૧ની વહિવટી મંજુરી પ્રક્રિયા હેઠળ છે.

**પાણી પુરવઠા:**

**2.59 સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત સૌરાષ્ટ્ર, કચ્છ અને પચંમહાલ માટે પીવાના પાણીની યોજના:**

- ગુજરાત સરકાર ધ્વારા સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પીવાના પાણીની યોજનાનુ અમલીકરણ જુલાઈ -૧૯૯૯ માં શરૂ કરવામાં આવ્યુ
- ૨૦૧૧ની સેન્સસ તેમજ રાજ્યમાં ૭ નવરચિત જીલ્લાઓને લક્ષમાં લેતા, હવે સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પીવાના પાણીની યોજના મુજબ રાજ્યમાં ૨૫ જીલ્લા અમરેલી, ભાવનગર, બોટાદ, જુનાગઢ, ગીર-સોમનાથ, પોરબંદર, જામનગર, દેવભૂમી દ્વારકા, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, કચ્છ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ,ખેડા, નર્મદા,વડોદરા, છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લાના ૧૧૩૮૪ ગામો અને ૧૮૬ શહેરોને નર્મદાનુ પાણી આપવાનું આયોજન કરાયેલ છે.
- સરદાર સરોવર કેનાલ આધારીત માસ્ટર પ્લાનમાં કુલ ૨૨૭ યોજનાઓ, જેમાં ૩૧૩૯.૨૬ કી.મી. લાંબી મુખ્ય પાઇપ લાઇન તેમજ ૧૧૩૮૪ ગામો અને ૧૮૬ શહેરો ને નર્મદાનુ પીવાના પાણીના વિતરણનુ આયોજન છે.
- કુલ ૩૦૪૩.૮૧ કિ.મી. બલ્ક પાઇપલાઇન પૂર્ણ કરવામાં આવેલ છે તથા ૯૮૭૦ ગામો અને ૧૭૪ શહેરોને નર્મદા પાણી આધારિત પીવાના પાણીની યોજના સાથે જોડવામાં આવેલ છે.
- **આ યોજના અંતર્ગત,**

  (૧) પાણી પુરવઠા વિભાગ દ્વારા બ્રાહ્મણી-૨ ડેમ થી મોરબી પંપીંગ સ્ટેશન સુધીની ૩૩.૫૦ કી.મી બલ્કપાઇપ રૂ.૨૯૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે, જે અંતર્ગત ૩૧.૩૦ કી.મી. પાઇપલાઇનની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજના પૂર્ણ થયેથી જેનાથી જામનગર, રાજકોટ, પોરબંદર, મોરબી, અને દેવભુમી દ્વારકા જિલ્લાને લાભ મળશે.

  (૨) પાણી પુરવઠા વિભાગ દ્વારા નાવડા થી ચાવંડ અને બુધેલ થી બોરડા સુધીની ૧૪૩ કી.મી. બલ્કપાઇપલાઇન રૂ.૧૦૨૦ કામો પ્રગતિ હેઠળ છે, જે અંતર્ગત ૪૯.૭૫ કી.મી. પાઇપલાઇનની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજના પૂર્ણ થયેથી

જેનાથી રાજકોટ, બોટાદ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાને લાભ મળશે.

**લોકભાગીદારી અને પંચાયતી રાજ સંસ્થાને સશકિતકરણ - વાસ્મો દ્વારાઃ**

2.60 મે-૨૦૦૨ માં ગુજરાત સરકાર દ્વારા ગ્રામીણ પીવાના પાણી અને સ્વચ્છતા ક્ષેત્રમાં વિકેન્દ્રીકરણને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) ની સ્થાપના કરવામાં આવેલ હતી. વાસ્મોની વ્યૂહરચનામાં સ્થાનિક સંસ્થાઓ(પાણી સમિતિ)નો વિકાસ અને મજબૂતીકરણ, સમુદાયોની સક્રિય ભુમિકા અને ભાગીદારીનો સમાવેશ થાય છે. વાસ્મો પાયાના સ્તરે પીઆરઆઈના સશક્તિકરણ અને ક્ષમતા નિર્માણ દ્વારા સુવિધાકારની ભૂમિકા ભજવે છે

- આંતરિક વિતરણ વ્યવસ્થાની પાઇપ લાઇનો અને તેને લગતા આનુષાંગિક કામોનું આયોજન, અમલીકરણ, સંચાલન, નિભાવણી અને મરામત લોકોની ભાગીદારીથી કરી શકાય તે જાતના વિકેન્દ્રિત આયોજનનો અભિગમ અપનાવ્યો છે. સરકાર દ્વારા "ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો" કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવે છે. જેમાં યોજનાની અંદાજીત કિંમતના ૯૦ ટકા સહાય સરકાર તરફથી મળે છે અને ૧૦ ટકા લોકફાળો લાભાર્થીએ ભરવાનો રહે છે. આ કાર્યક્રમનું અમલીકરણ લોકભાગીદારી તેમજ પાણી સમિતિ દ્વારા થાય છે.
- આદિજાતિ વિસ્તારની દુર્ગમ પરિસ્થિતિ, જાગૃતિનો અભાવ તથા વિષમ આર્થિક પરિસ્થિતિના કારણે હાલમાં પ્રવર્તમાન ધારાધોરણ (લોકફાળા) પ્રમાણે અમલીકરણમાં નબળો પ્રતિસાદ તથા ધીમી પ્રગતિ જોવા મળેલ છે. ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા આદિજાતિ વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજના માટે ૧૦ ટકા લોકફાળાની રકમ ભરવામાંથી મુક્તિ વર્ષ ૨૦૧૫-૧૬થી આપવામાં આવેલ છે.
- અત્યાર સુધીમાં, ૩૦,૫૩૪ યોજનાઓ મંજૂર થયેલ છે. જે પૈકી ૨૦,૬૨૭ જેટલી યોજનાઓ (જે પૈકી ૭,૩૦૬ યોજનાઓ આદિજાતિ વિસ્તારમાં) પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ ૮,૭૭૫ ગામોની યોજનાઓ (જે પૈકી ૪,૫૦૦ યોજનાઓ આદિજાતિ વિસ્તારમાં) પ્રગતિ હેઠળ છે.

**ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાઃ**

2.61 ઇ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની કૂલ ૧૪૧૭૯ ગ્રામપંચાયતોને કોમ્પ્યુટર્સ અને આનુસાંગિક સાધન સામગ્રી પુરી પાડવામાં આવેલ છે. તેમજ ૧૪૧૭૯ ગ્રામ પંચાયતોને ઇ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે.

- જેમાં મહત્વની સેવાઓ જેવી કે આધર કાર્ડ,જન્મ અને મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી.પી.એલ.યાદી, ૭/૧૨, ૮-અના ઉતારા, કરવેરા ભર્યાની પહોંચ,ઇ-શ્રમ રજીસ્ટ્રેશન,આયુષ્યમાન કાર્ડ,વીજળી બીલ, જી.એસ.પી.સી.ના ગેસ બીલ, વિવિધ યોજનાઓ માટેના અરજીપત્રો/ ફોર્મસ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ ના રીઝલ્ટ, મોબાઇલ રીચાર્જ વગેરે જેવી ૬૦ સેવાઓ પુરી પાડવામાં આવી રહેલ છે. કુલ ૮૭.૨૧ કરોડ પ્રમાણપત્રો ઇ-ગ્રામ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત હાલમાં પુરી પાડવામાં આવતી ૬૦ સેવાઓમાં વધારો કરી ૨૦૦ સેવાઓ કરવાનું આયોજન છે અને જે પૈકી ૫.૦૦ કરોડ ટ્રાન્જેક્શન ઇ-ગ્રામ સેન્ટર દ્વારા કરવામાં આવશે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં (નવેમ્બર-૨૦૨૧ અંતિત) ૨.૭૫ કરોડ ટ્રાન્જેક્શન ઇ-ગ્રામ સેન્ટર દ્વારા કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૩૪૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**૧૫મુ નાણાપંચ:**

**2.62** વર્ષ ૨૦૨૦-૨૧ થી ભારત સરકાર દ્વારા અમલીકૃત આ યોજનામાં ૧૦૦ ટકા ગ્રાન્ટ ભારત સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. જે અંતર્ગત ૬૦% ટાઇડ ગ્રાન્ટ અને ૪૦% અનટાઇડ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની સુવિધામાં વધારો થાય તે માટે પીવાનું પાણી, સેનીટેશન, આંતરીક રસ્તા, પ્રાથમિક શિક્ષણ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ હેઠળના કામો કરવામાં આવે છે.આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૪૨૭.૫૮ કરોડના ખર્ચે ૪૪૦૦૦ જેટલા કામો પુર્ણ કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૨૪૬૯૧૨.૮૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે

**ગ્રામ પંચાયત ઘર:**

**2.63** પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત એ પાયાનું એકમ છે. ગ્રામ પંચાયત દ્વારા લોકોને પ્રાથમિક સુવિધાઓ અને વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

- જેથી ગ્રામ પંચાયત કચેરી સગવડતા સભર બને તેવા હેતુથી ગ્રામપંચાયતો નું વસ્તીના ધોરણે વર્ગીકરણ કરી ગ્રામપંચાયત કચેરી ની ડિઝાઇન અને અંદાજો નક્કી કરવામાં આવેલ છે.
- જે મુજબ ૧૦,૦૦૦ થી વધુ વસ્તીવાળી ગ્રામપંચાયતને ૨૨ લાખ, ૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતને ૧૮ લાખ અને ૫૦૦૦થી ઓછી વસ્તી

ધરાવતી ગ્રામ પંચાયતને ૧૪ લાખની ગ્રાન્ટ ફાળવણી કરી કચેરીના મકાનો બાંધવામાં આવે છે.

- રાજયમાં પ્રથમ વખત જૂથ ગ્રામપંચાયતમાં હેડ કવાર્ટર સિવાયના અન્ય ગામોએ પણ ગ્રામપંચાયતનું મકાન તૈયાર કરવા રૂા. ૬.૫૦ લાખની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે. જેનાથી સામાન્ય કામ માટે લોકોને ગ્રામપંચાયતના હેડ કવાર્ટર ના ગામ સુધી જવું ના પડે.
- જર્જરીત ગ્રામ પંચાયતોને રીપેરીંગ કરવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ.૫.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.
- ગ્રામ પંચાયત કચેરીઓના મકાન ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ દ્વારા વિજળીની બચત તથા પર્યાવરણની જાળવણી માટે રૂ.૬.૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- ગ્રામ પંચાયત એસેટ રજીસ્ટર(જીઓ ટેગીંગ)થી એસેટની જાળવણી અને કામોનું ડુપ્લિકેશન ન થાય તે માટે રૂ.૫.૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- અત્યાર સુધીમાં (નવેમ્બર-૨૦૨૧ અંતિત) ૨૫૧૦ ગ્રામ પંચાયતના નવીન મકાનો અને ૧૨૪૧ જર્જરીત ગ્રામ પંચાયતના મકાનોના રીપેરીંગ કામ પુર્ણ થયેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૭૯૦૫.૬૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૦૨૧ અંતિત રૂ.૩૭૨૫.૫૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૭૪૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**વતન પ્રેમ:**

**2.64** તારીખ ૦૭/૦૮/૨૦૨૧થી વતન પ્રેમ યોજના નામની નવી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

- તે આ રાજ્યના ગામડાઓના કોઈપણ રહેવાસીને પ્રાથમિક શાળાના ઓરડાઓ, સ્માર્ટ રૂમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પુસ્તકાલય, એસટી સ્ટેન્ડ વગેરે જેવા પસંદગીના કાર્યોમાં 60% દાન આપીને ગામની વિકાસ પ્રક્રિયામાં ભાગ લેવાની મંજૂરી આપે છે. બાકીનો 40% હિસ્સો રાજ્ય સરકાર દ્વારા બજેટ જોગવાઈ દ્વારા આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૧૪૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**રૂર્બન:**

**2.65** રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક શહેરીકરણ જેવી સુવિધા પુરી પાડવા માટે કટિબદ્ધ છે. શરૂઆતના તબક્કે ૧૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા અને આદિજાતિ

વિસ્તારમાં ૭૦૦૦ની વસ્તી ધરાવતા ગામોનો સમાવેશ કરવાનુ નક્કી કરવામાં આવેલ છે.

- ૨૫૫ ગામપૈકી પ્રથમ તબક્કે ૮૨ તાલુકા મથક અને ૩ પસંદ કરેલ ગામોમાં અંડર ડ્રેનેજની સુવિધા પુરી પાડવાનુ આયોજન કરવામાં આવેલ છે.
- ૮૧ ડ્રેનેજ યોજનાના કામોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે તે પૈકી ૭૯ કામો શરૂ થયેલ છે અને અત્યાર સુધીમાં ૭૨ પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકીના ૭ કામો પ્રગતિ હેઠળ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૩૯૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે તે પૈકી નવેમ્બર-૨૦૨૧ અંતિત રૂ.૨૬૯.૨૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૨૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે અંતર્ગત બાકીના ૭ કામો પૂર્ણ કરવામાં આવશે.

**ગરીબ કલ્યાણ મેળોઃ**

**2.66** રાજય સરકારની વ્યકિતલક્ષી સહાયની વિવિધ વિભાગોની યોજનાઓના લાભાર્થીઓને એક જ દિવસે તેમને મળવા પાત્ર સહાય અને સરકારશ્રીની યોજનાઓની રકમ મળી રહે તે માંટે પ્રત્યેક જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ થી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવે છે.

- તાત્કલિક વચેટીયા માણસોનો નિકાલ અને લાભાર્થીને ૧૦૦ ટકા સીધો લાભ.
- વર્ષ ૨૦૦૯-૧૦ થી અત્યાર સુધીમાં કુલ ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળા યોજાયા. તે અંતર્ગત રાજ્યના વિવિધ ખાતાઓની વિવિધ યોજનાઓ પૈકી ૧૪૭.૦૮ લાખ લાભાર્થીઓને આવરી લઈ કુલ રૂ.૨૬૬૭૬.૮૨ કરોડની નાણાંકીય સહાય કરેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૩૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**તીર્થગામ – પાવનગામ:**

**2.67** વર્ષ ૨૦૦૪-૦૫ થી તીર્થગ્રામ યોજના શરૂ કરવામાં આવેલ છે.

- રાજયના ગ્રામ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદ્‌ભાવ વધે સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને, એકતા જળવાય તેમજ ભાઈચારાની ભાવના વધે તે હેતુસર તીર્થગામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૦૮-૦૯ થી આ યોજનામાં પાવન ગામ યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૧૨-૧૩માં તીર્થગામ/પાવનગામ જાહેર થાય તે ગ્રામ પંચાયતને આપવામાં આવતી અનુદાનની રકમ બમણી કરી તીર્થગામ માટે રૂ! ૨.૦૦ લાખ અને પાવનગામ માટે રૂ! ૧.૦૦ લાખનું અનુદાન આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત નવેમ્બર-૨૦૨૧ સુધીમાં કૂલ ૧૪૧૧ તીર્થગામ અને પાવનગામ જાહેર કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે તે પૈકી નવેમ્બર-૨૦૨૧ અંતિત રૂ.૩૧.૨૫ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૦ તીર્થગામ-પાવનગામ જાહેર કરવામાં આવશે.

**પંચવટી યોજના:**

**2.68** વર્ષ ૨૦૦૪-૦૫ થી પંચવટી યોજના શરૂ કરવામાં આવેલ છે.

- ગામમાં સુવિધાયુકત બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ-પ્રમોદના સાધનો સહેલાઈથી ઉપલબ્ધ કરાવવા.
- રૂ.૧.૦૦ લાખ રાજ્ય સરકારની સહાયથી તથા રૂ! ૫૦,૦૦૦/- લોકફાળાનો ઉપયોગ કરવામાં આવે છે.
- અત્યાર સુધીમાં (નવેમ્બર-૨૦૨૧ અંતિત) ૫૭૭૧ ગામોએ પંચવટી યોજના અમલમાં મુકેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ! ૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૦૨૧ અંતિત રૂ.૫૩.૦૯ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૩૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે અંતર્ગત ૬૦ પંચવટી બનાવવામાં આવશે.

**સ્વચ્છ ગામ અને સ્વસ્થ ગામ યોજના:**

**2.69** ગામમાં સફાઇ યોગ્ય રીતે થાય અને સફાઇ પ્રત્યે સભાનતા, જાગૃતિ કેળવી સફાઇ નું સ્તર ઊંચું લાવી, ગ્રામ્ય જીવનનું સ્તર ઊંચું લઇ જવા માટે પ્રોત્સાહન રૂપે સફાઇ અને સ્વચ્છતા માટે સહાય આપવામાં આવેતો સહાયનો ઉપયોગ ગામની સ્વચ્છતાની જાળવણી માટે અને સ્વચ્છતા ના સાધનો વસાવવા માટે કરવા ગ્રામજનો કટિબધ્ધ થાય તે માટે સને ૨૦૦૭-૦૮ ના વર્ષ થી નવી યોજના અમલમાં મુકવામાં આવી છે

- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૬૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં  આવેલ છે.

**મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન:**

2.70 વર્ષ૨૦૧૬-૧૭ થી રાજ્યની તમામ ગ્રામ પંચાયતો આવરી લઇ ડોર ટુ ડોર ઘન કચરાનું કલેક્શન કરી એકત્રિત કરવામાં આવેલો કચરો લેન્ડ ફિલ્ડ સાઇટ સુધી લાઇ જવા માટે વ્યક્તિ દીઠ રૂ.૪ની માસિક સહાય આપવામાં આવે છે.આ યોજના હેઠળ કુદરતી આપત્તીમાં સફાઇની કામગીરી માટે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

- નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૨૪૬૨૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ તે પૈકી નવેમ્બર-૨૧ અંતિત રૂ.૧૪૮૦૧.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૭૫૨૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં  આવેલ છે.

**સમરસ ગ્રામ પંચાયત યોજના:**

2.71 ગામડામાં વેરઝેર, કાવાદાવા, વૈમનસ્ય ઉભા ન થાય તેવી ભાવના ઉજાગર કરતી આ યોજના વર્ષ ૨૦૦૧ થી અમલમાં છે.

- અત્યાર સુધીમાં નવેમ્બર-૨૦૨૧ સુધીમાં કૂલ ૧૩૪૮૬ સમરસ ગ્રામ પંચાયત પૈકી ૬૫૨ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થયેલ છે.
- ૫૦૦૦ સુધી વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયતને પ્રોત્સાહક રકમ.
- પ્રથમ, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી વાર સમરસ જાહેર થતી ગ્રામ પંચાયતને ક્રમશ: રૂ ૩.૦૦ લાખ, રૂ ૩.૭૫ લાખ, રૂ ૪.૭૫ લાખ, રૂ.૫.૨૫ લાખ,રૂ.૫.૫૦ અને જો મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થાય તો ક્રમશ: રૂ ૪.૫૦ લાખ, રૂ ૫.૭૫, રૂ ૭.૦૦ લાખ, રૂ ૭.૫૦ લાખ, રૂ.૮.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.
- ૫૦૦૧ થી ૨૫૦૦૦ વસ્તી ધરાવનાર ગ્રામ પંચાયતને પ્રોત્સાહન રકમ.
- પ્રથમ,  બીજી, ત્રીજી, ચોથી અને પાંચમીવાર સમરસ જાહેર થતી ગ્રામ પંચાયતને અનુક્રમે રૂ ૪.૫૦ લાખ, રૂ ૫.૭૫ લાખ, રૂ.૭.૦૦ લાખ, રૂ ૭.૫૦ લાખ,રૂ.૮.૦૦ લાખ અને જો મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર થાય તો અનુક્રમે રૂ ૭.૫૦ લાખ, રૂ ૯.૫૦, રૂ ૧૧.૭૫ લાખ, રૂ ૧૨.૦૦ લાખ,રૂ.૧૩.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.
- ઉપરોક્ત અનુદાન ઉપરાંત પ્રથમવાર જાહેર થયેલ સમરસ ગ્રામ પંચાયતને ધોરણ-૮ની અગ્રીમતાની સગવડ,બીજીવાર માટે રૂ.૨.૦૦ લાખ સી.સી.રોડ માટે,ત્રીજી,ચોથી અને પાંચમીવાર માટે રૂ.૩.૦૦ લાખ વિકાસના કામો માટે આપવાનું ઠરાવવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઈ સામે નવેમ્બર-૨૦૨૧ અંતિત રૂ.૧૫.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**સરદાર આવાસ યોજના-૨:**

2.72 કાચા મકાન ધરાવતા બી.પી.એલ સીવાયના કુટુંબોને પાકા મકાનની સુવિધા આપવાની યોજનાના પ્રથમ તબક્કે ૨૧ થી ૨૮ ગુણાંક ધરાવતા એ.પી.એલ કુટુંબોને આવરી લેવાનુ નક્કી કરવામાં આવેલ છે.

- જે હેઠળ નવા પાકા આવાસ માટે યુનિટ કોસ્ટ રૂ.૧.00 લાખ સામે રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૦,૦૦૦ ની સહાય આપવાનું ઠરાવેલ છે.
- અત્યાર સુધીમાં (નવેમ્બર-૨૦૨૧) ૩,૦૭,૪૯૩ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૧૪૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. તે પૈકી (નવે.-૨૦૨૧) અંતિત રૂ.૩૨.૪૫ લાખનો ખર્ચ થયેલ છે
- વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**કમિશનર ગ્રામ વિકાસની કચેરી:**

2.73 ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની ગરીબી ઘટાડવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજીક સુરક્ષા અને માળખાકીય સુવિધાનો કાર્યક્રમ, ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા નીચે મુજબની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું (CSS) અમલીકરણ અને દેખરેખ કરવામાં આવે છે.

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (**MGNREGA**)

(૨) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) **(SBM-G)**

(૩) પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) **(PMAY-G)**

(૪) ગુજરાત લાવ્લીહુડ પ્રમોશન કં. લીમીટેડ **(GLPC)** અંતર્ગત **(a)** દિન દયાલ અંત્યોદયા યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન **(DAY-NRLM), (b)** દીન-દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના **(DDU-GKY)** **(c)** મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના **(MMUY)**

(૫) શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન **(SPMRM)**

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (MGNREGA):**

2.74 રાજ્ય ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાંકીય વર્ષમાં કુટુંબદિઠ વધુમાં વધુ ૧૦૦ દિવસની સવેતન રોજગારી આપવામાં આવે છે. જેનો પ્રતિ દિન વેતનનો દર રૂ. ૨૨૯/- છે.

- મહાત્મા ગાંધી-નરેગા અંતર્ગત ગ્રામીણ વિસ્તારના લોકોને ૪૨૯.૫૪ લાખ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવેલ છે. જેમાં કુલ ૧૪૨૮.૧૧ કરોડનો ખર્ચ થયેલ છે. અને ૭૪,૨૨૪ કામો પુર્ણ કરવામાં આવેલ છે. (ડીસેમ્બર-૨૦૨૧ અંતિત)
- "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા (તા.૧૮/૧૧/૨૦૨૧ થી ૨૦/૧૧/૨૦૨૧)" ની ઉજવણી દરમિયાન મહાત્મા ગાંધી-નરેગા યોજના અંતર્ગત કુલ રૂ. ૭૬.૪૧ કરોડના કુલ ૧૪૦૨૮ કામોના ખાતમુહુર્ત કરવામાં આવેલ છે.
- "સુશાસન સપ્તાહ (તા.૨૫/૧૨/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧)" ની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ મહાત્મા ગાંધી-નરેગા યોજના અંતર્ગત કુલ રૂ. ૮૪.૯૯ કરોડના કુલ ૮૮૮૯ કામોના ખાતમુહુર્ત અને કુલ રૂ. ૪૩.૪૭ કરોડના કુલ ૮૯૪૬ કામોના લોકાર્પણ કરવામાં આવેલ છે.

**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) (SBM-G):**

**2.75** સ્વચ્છ ભારત મિશન (ગ્રા) યોજના વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં તા. ૨ જી ઓક્ટોમ્બર, ૨૦૧૪ થી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પરિવારો માટે વ્યક્તિગત શૌચલય નિર્માણ, સામુહિક શૌચાલય અને ઘન અને પ્રવાહી કચરાના સુયોગ્ય રીતે નિકાલ કરવાના હેતુથી અમલમાં મુકવામાં આવેલ હતું. જેના ભાગરૂપે તા. ૦૨/૧૦/૨૦૧૭ ના રોજ ગુજરાત રાજ્યને "શૌચક્રિયા મુક્ત (ODF)" કરવામાં આવેલ છે.

- સમગ્ર દેશને તા. ૦૨/૧૦/૨૦૧૯ ના રોજ "શૌચક્રિયા મુક્ત (**ODF**)" કરવામાં આવેલ છે. સાથે સાથે ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ બનાવવા તથા રાજ્યના ગ્રામીણ વિસ્તારના **ODF+** ના હેતુસર સ્વચ્છ ભારત મિશન (ગ્રા) ફેઝ-૨ નો પ્રારંભ કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ. ૮૦૦.૦૦ કરોડની જોગવાઇ સામે રૂ. ૨૮૨.૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. અને ૧૦૭૮૫૧ શૌચાલયનું નિર્માણ કરવામાં આવેલ છે. (જાન્યુઆરી-૨૦૨૧ અંતિત)
- "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત ઉજવણીના ભાગરૂપે ૧૦૦ દિવસીય ઝુબેંશના પ્રારંભને લગતો કાર્યક્રમ તા.૧૭/૦૯/૨૦૨૧ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે યોજવામાં આવેલ જેમાં રાજ્યવ્યાપી ૪૦૦ જગ્યાઓએ મુખ્ય કાર્યક્રમને સમાંતર કાર્યક્રમો યોજવમાં આવેલ. ૧૦૦ દિવસીય ઝુબેંશ કાર્યક્રમ દરમ્યાન વ્યક્તિગત સોકપીટ, સામુહિક શોકપીટ, વ્યક્તિગત શૌચાલય અને રેટ્રોફીટીંગના કુલ રૂ.૧૩૮.૩૧ કરોડના કામો હાથ ધરવામાં આવેલ.

**પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) (PMAY-G):**

**2.76** પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારમાં "સામાજીક-આર્થિક મોજણી સર્વેક્ષણ-૨૦૧૧" (SECC-2011) મુજબ પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાંકીય સહાય પુરી પાડી નવા આવાસના બાંધકામ માટે સહાયરૂપ બનવાનો છે. લાભાર્થીને આવાસ દીઠ રૂ. ૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. અને તબક્કાવાર સહાય લાભાર્થીના ખાતામાં કરવામાં આવે છે. આ ઉપરાંત મહાત્મા ગાંધી-નરેગા યોજના હેઠળ રોજગારી પેટે રૂ. ૨૦,૬૧૦/- ની સહાય અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલય બાંધકામ માટે રૂ. ૧૨,૦૦૦/- એમ કુલ રૂ. ૧,૫૨,૬૧૦/- ની સહાય મળવાપાત્ર થાય છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત અત્યાર સુધીમાં (વર્ષ ૨૦૧૬-૨૧) ૪,૪૯,૧૫૨ આવાસ ભારત સરકારશ્રી દ્વારા લક્ષ્યાંક મળેલ છે. અને અત્યાર સુધી (ડીસેમ્બર-૨૦૨૧ અંતિત) ૨,૯૭,૧૭૭ આવાસો પુર્ણ કરવામાં આવેલ છે અને ૧,૨૫,૨૨૧ આવાસો પ્રગતિ હેઠળ છે.
- તા. ૦૭/૦૮/૨૦૨૧ ના રોજ યોજાયેલ "વિકાસ દિવસ" નિમિત્તે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કુલ ૪૬૦૮૬ આવાસોના ખાતમુહુર્ત અને કુલ ૨૫૦૦૮ આવાસોના લોકાર્પણ કરવામાં આવેલ છે.
- "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા (તા. ૧૮/૧૧/૨૦૨૧ થી ૨૦/૧૧/૨૦૨૧)" ની ઉજવણી દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કુલ રૂ. ૧૨૩.૨૬ કરોડના કુલ ૮૦૭૭ આવાસોના લોકાર્પણ કરવામાં આવેલ છે તથા ૧૩,૩૨૯ લાભાર્થીઓને કુલ ૫૩.૩૧ કરોડની સહાય આપવામાં આવેલ છે.
- "સુશાસન સપ્તાહ (તા. ૨૫/૧૨/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧)" ની ઉજવણીના ભાગરૂપે તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કુલ રૂ. ૧૧૦.૬૪ કરોડના કુલ ૭૨૫૦ આવાસોના ખાતમુહુર્ત અને કુલ રૂ. ૧૩૪.૬૦ કરોડના કુલ ૮૮૨૦ આવાસોના લોકાર્પણ કરવામાં આવેલ છે તથા ૧૪૬૪૬ લાભાર્થીઓને કુલ ૬૧.૯૫ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**દિન દયાલ અંત્યોદયા યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM):**

**2.77** મહિલાઓ માટેના સર્વાંગી સશક્તિકરણના અભિયાનને વેગ આપવા અને આર્થિક ઉન્નતિ માટે તથા તેમને પગભર કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ગ્રામીણ વિસ્તારોમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) જેવી શ્રેષ્ઠત્તમ યોજનાઓ થકી મહિલાઓના જીવન ધોરણોમાં ચોક્કસપણે બદલાવ આવ્યો છે.

- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (**NRLM**) યોજના અન્વયે ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ૨,૬૫,૩૩૭ જેટલાં જુથો આર્થિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સ્વસહાય જુથોને રિવોલ્વીંગ ફંડ પેટે રૂ. ૧૨.૭૯ કરોડ સહાય રૂપિયા આપવામાં આવેલ છે. કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ પેટે રૂ. ૧૩૦.૦૦ કરોડ આપવામાં આવેલ છે.
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (**MMUY**)માં ૧૧,૩૮૧ સ્વસહાય જુથોને બેંકો દ્વારા રૂ. ૧૧૩.૮૧ કરોડની લોન આપવામાં આવી.
- પ્રતિ વર્ષ બે સરસ મેળાના આયોજન થકી અત્યાર સુધીમાં ૧૯૭૧ જેટલાં સ્વસહાય જુથોને ભાગ લઇ આ બહેનોએ મેળા થકી કુલ રૂ. ૧૭.૧૨ કરોડની ચીજવસ્તુઓનું વેચાણ કરેલ છે. જેના કારણે આ બહેનોની આવક દિન પ્રતિદિન વધી રહી છે. તેમજ અન્ય રાજ્ય દ્વારા આયોજિત થતાં સરસ મેળામાં ૨૫૦ જેટલા સ્વ-સહાય જુથોની બહેનો ભાગ લઇ ૨૪૫.૨૮ લાખની ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ છે.
- ગ્રામીણ યુવક/યુવતીઓને ડી.ડી.યુ.-જી.કે.વાય. (**DDU-GKY**) યોજના અંતર્ગત તાલીમ આપવા માટેના (૨૦૧૯-૨૨) સંકલિત લક્ષ્યાંક ૫૦,૦૦૦ની સામે જાન્યુઆરી-૨૦૨૨ અંતિત કુલ ૫,૦૮૦ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. જેમાંથી ૪,૩૭૩ તાલીમાર્થીઓને નોકરી માટે નિમણુક મળેલ છે. કોવિડ-૧૯ ની પરિસ્થિતિના કારણે માર્ચ, ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૧ દરમ્યાન તથા એપ્રિલ થી જુન ૨૦૨૧ સુધી તાલીમની કામગીરી થયેલ શકેલ ન હતી.
- સ્વસહાય જુથોનાં સભ્યો અને ગ્રામીણ યુવક/યુવતીઓને આરસેટી (**RSETI**) દ્વારા તાલીમ આપવા માટે ૧૫,૧૮૦ ના લક્ષ્યાંકની સામે જાન્યુઆરી-૨૦૨૨ અંતિત કુલ ૧૩,૨૦૧ સ્વસહાય જુથોનાં સભ્યો/ગ્રામીણ યુવક/યુવતીઓને કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવેલ છે.
- "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા (તા. ૧૮/૧૧/૨૦૨૧ થી ૨૦/૧૧/૨૦૨૧)" ની ઉજવણી દરમિયાન રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (**NRLM**) અંતર્ગત ૪૯૨૩૦ સ્વસહાય જુથોને રિવોલ્વીંગ ફંડ અને કલસ્ટર ઇન્વેસ્ટમેન્ટ ફંડ તરીકે રૂ. ૨૨.૬૮ કરોડના વિતરણ કરવામાં આવ્યુ.
- "સુશાસન સપ્તાહ (તા. ૨૫/૧૨/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧)" ની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (**NRLM**) અંતર્ગત ૨૪૪૦ સ્વસહાય જુથોને રૂ. ૧૦.૦૦ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન (SPMRM):**

2.78 શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન યોજનાનો મુખ્ય હેતુ ગામના સમુહને (ઝુમખા) માળખાકીય, આર્થિક/સામાજીક સવલતો પુરી પાડવાનો છે જેથી ગામના જુથો તેમજ તેમના આસપાસના વિસ્તારની સુખાકારીમાં વધારો થાય.

- ભારત સરકારશ્રી દ્વારા (૧) જનરલ કલસ્ટર (૨) આદિવાસી કલસ્ટર એમ બે પ્રકારનાં કલસ્ટરની પસંદગી કરવામાં આવે છે. જેમાં ગુજરાત રાજ્યમાં ફેઝ-૧, ૨ અને ૩ ના કુલ ૧૬ કલસ્ટરની પસંદગી કરેલ છે.
- શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત ફેઝ-૧, ૨ અને ૩ ના કુલ મળીને **CGF** ના ૨૬૫ **DPR** માંથી ૨૬૫ **DPR** પ્રોજેક્ટ મંજુર થયેલ છે. જેમાંથી ૧૩૫ પ્રોજેક્ટનું કામ પુર્ણ થયેલ છે. ૯૧ પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે. અને કુલ ૧૧૯.૫૩ કરોડનો ખર્ચ થયેલ છે. (ફેબ્રુઆરી-૨૦૨૨ અંતિત)
- "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા (તા. ૧૮/૧૧/૨૦૨૧ થી ૨૦/૧૧/૨૦૨૧)" ની ઉજવણી દરમિયાન શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત કુલ રૂ. ૨૬.૨૩ કરોડના કુલ ૩૪ પ્રોજેક્ટના લોકાર્પણ કરવામાં આવેલ છે અને કુલ રૂ.૩.૬૯ કરોડના કુલ ૨ પ્રોજેક્ટના ખાતમુહુર્ત કરવામાં આવેલ છે.

**શહેરી વિકાસ:**

2.79 **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :-**

રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ તથા તદ્દઅન્વયે ઉપસ્થિત પડકારોને પહોંચી વળવા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૭/૧૧/૨૦૦૯ના ઠરાવ અને તા.૨૩/૮/૧૧ના સુધારા ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના વિભાગના તા.૨૪-૧૨-૨૦ ના ઠરાવથી ૨૦૨૧-૨૦૨૨ થી ૨૦૨૩-૨૪ સુધી ચાલુ રાખવામાં આવેલ છે અને સને ૨૦૨૨-૨૩માં રૂ.૫૧૦૦.૦૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**આ યોજના અંતર્ગત મુખ્યત્વે,**

- પાણીપુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામોજેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વિગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ/ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વિગેરે),ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા માળખાકીય

સુવિધાના કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે.

**આ યોજના હેઠળ નવેમ્બર – ૨૦૨૧ અંતિત થયેલ પ્રગતિની વિગતો નીચે મુજબ છે.**

**(અ) મહાનગરપાલિકા :- (આંતરમાળખાકીય વિકાસના કામો)**

- **રૂ.૧૨૧૯.૪૯** કરોડની ગ્રાંટ ચુકવવામાં આવેલ છે.
- તેનીસામે **રૂ.૭૬૧.૧૧** કરોડના, ૪૩૨ કામોને વહીવટી મંજુરી આપેલ છે.
- મહાનગરપાલિકા દ્વારા વધુમાં વધુ કામો પુરા કરી ફાળવેલ ગ્રાટનો પુરેપુરો ખર્ચ થાય એ પ્રકારના અસરકારક પ્રયત્નો ચાલુ છે.

**(બ) નગરપાલિકા :- (આંતરમાળખાકીય વિકાસના કામો)**

- **રૂ.૩૭૯.00** કરોડની ગ્રાંટનીચુકવણી આવેલ છે.
- તેની સામે **રૂ.૨૧.૪૪** કરોડના, **૧૨૨** કામોને વહીવટી મંજુરી આપેલ છે. જે પૈકી ૪૧ કામો હાલ પ્રગતિ હેઠળ છે.
- નગરપાલિકા દ્વારા વધુમાં વધુ કામો પુરા કરી ફાળવેલ ગ્રાટનો પુરેપુરો ખર્ચ થાય એ પ્રકારના અસરકારક પ્રયત્નો ચાલુ છે.

**(ક) પાણી પુરવઠા યોજનાઃ**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા રાજયના તમામ શહેરોને પ્રતિવ્યકિત/પ્રતિદિન/૧૪૦ લીટર શુધ્ધ પીવાલાયક પાણી પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે રૂ.૧૫૭૩.00 કરોડની મંજુરી આપી સઘન અમલવારી હાથ ધરેલ છે. રાજયની નગરપાલિકાઓમાં પીવાનું શુધ્ધ અને પુરતુ પાણી મળી રહે તે માટે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૬૮ કામોને મંજુરી આપવામાં આવેલ છે. જે પૈકી ૧૫૭ કામો પૂર્ણ થયેલ છે. વધુમાં, દૈનિક ધોરણે પાણી વિતરણ કરવામાં આવતું ન હોય તેવી તમામ નગરપાલિકાઓમાં તમામ ઘરોને દૈનિક ધોરણે નળ મારફત પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે નલ સે જલ અંતર્ગત ખૂટતી કડી જેમ કે પાઇપલાઇન, સ્ટોરેજ, સોર્સ, મશીનરી વગેરેનું આયોજન કરી કામગીરી હાથ ધરેલ છે. જે અંતર્ગત ૫૫ નગરપાલિકાઓના કામોને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

(ક) ભૂગર્ભ ગટર યોજનાઃ

- ભુગર્ભ ગટર વ્યવસ્થા હેઠળ રાજયની ૧૫૫ નગરપાલિકાઓ માટે રૂા.૫૭૮૫.00 કરોડની યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. મંજુર કરેલ ૧૮૫ કામો પૈકી ૧૬૮ કામો પૂર્ણ થયેલ છે.
- તદઉપરાંત, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરોમાં ગંદા પાણીના શુધ્ધિકરણ માટે STP નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૪૬ STP ના કામો પૂર્ણ થયેલ છે તેમજ ૯૮ કામો પ્રગતિમાં છે.

**અમૃત યોજના:-**

**2.80** શહેરી વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા અમૃત મિશન હેઠળ વર્ષ ૨૦૨૧ સુધી ગુજરાત રાજય માટે રૂા.૫૩૬૮.૭૪ કરોડના ૪૬૬ કામોને મંજુરી આપવામાં આવેલ છે. જે અંતર્ગત માળખાકીય સુવિધાઓના કામો જેવા કે પાણી પુરવઠા, ભુગર્ભ ગટર વ્યવસ્થા, વરસાદી પાણી નિકાલ વ્યવસ્થા, શહેરી પરિવહન સુવિધા તેમજ બાલોદ્યાન તથા બગીચા માટેના કામો મંજુર થયેલ છે. કુલ ૪૬૬ કામો પૈકી હાલમાં ૩૨૮ કામો પૂર્ણ થયેલ છે. કામોની પ્રગતિના આધારે દેશભરમાં ગુજરાત રાજય સતત મોખરાના (ત્રીજા) સ્થાને છે.

**સ્માર્ટ સીટી:-**

**2.81** આ યોજનામાં ગુજરાત રાજયના ૬(છ) શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ હતો.

- કેન્દ્ર સરકાર દ્વારા રાજયના ૬ (છ) શહેરોના કુલ રૂા.૧૨૬૫૪ કરોડના ૩૩૯ કામોને મંજુરી આપવામાં આવેલ છે. કુલ ૩૩૯ કામો પૈકી હાલમાં ૨૧૨ કામો પૂર્ણ થયેલ છે. કામોની પ્રગતિના આધારે દેશભરમાં ગુજરાત રાજય સતત મોખરાના સ્થાને રહેલ છે.

**રેલવે ઓવરબ્રીજ/અન્ડરબ્રીજ (ROB/RUB)**

**2.82** સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં વ્યસ્ત રેલ્વે ફાટક બંધ થવાથી વધતા જતા ટ્રાફિક સમસ્યાને હલ કરવા રાજ્ય સરકાર દ્વારા રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ ના આજદીન સુધી કુલ અંદાજીત રકમ રૂ. ૧૯૬૩.૫૯ કરોડના કુલ ૮૫ કામો રેલ્વે સાથે ૫૦% કોસ્ટ શેરીંગ તથા ખાસ કિસ્સામા ૧૦૦% રાજ્ય સહાય અંતર્ગત મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે,

**R&B/ મહાનગરપાલીકા/ નગરપાલીકા દ્વારા અમલીકૃત ૫૬ યોજનાની અધ્યતન માહિતી નીચે મુજબ છે.**

- ૧૨-કામ પુર્ણ (મંજૂરીની રકમ રૂ. ૧૫૫.૮૧ કરોડ) – ઉંઝા, વિરમગામ, કડી, બોટાદ, પાટણ, જામનગર (૦૩ કામ), સિધ્ધપુર, સુરેન્દ્રનગર, હિમતનગર અને ગોંડલ
- ૧૨-કામ પ્રગતિમાં (મંજૂરીની રકમ રૂ. ૩૬૩.૩૮ કરોડ) –બીલીમોરા (૨ કામ), થાનગઢ, અમદાવાદ (૦૪ કામ), જામનગર, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા અને નવસારી
- ૪ – કામ ટેન્ડર સ્ટેજમા (અંદાજીત રકમ રૂ ૧૩૯.૭૫ કરોડ) – ખંભાત, વીજલપોર, કલોલ અને ગાંધીધામ
- ૧૭ –કામ ડીપીઆર/જીએડી/તાંત્રીક મંજુરી હેઠળ (અંદાજીત રકમ રૂ. ૩૩૨.૩૬ કરોડ) જેતપુર (૨ કામ), મોરબી, ગોધરા, ભાવનગર, જુનાગઢ, , અમદાવાદ – ૧૦ કામ અને ગોંડલ
- ૧૧- કામ અમલીકરણ સંસ્થા દ્વારા રદ કરવામા આવેલ છે. (અંદાજીત રકમ રૂ. ૨૩૧.૫૦ કરોડ) –બાવળા (૨ કામ), અંકલેશ્વર, પાલનપુર, સિદ્ધપુર, હિમતનગર, તલોદ, પોરબંદર, વિજલપોર અને અમદાવાદ (૨ કામ)

**જીયુડીસી દ્વારા અમલીકૃત કુલ ૨૯ યોજનાઓની અધ્યતન માહિતી નીચે મુજબ છે.**

- ૧૦–કામના વર્ક ઓર્ડર અપાયેલ છે. (મંજૂરીની રકમ રૂ. ૨૬૭.૫૦ કરોડ)- સિક્કા, પાલેતાણા, કરમસદ, પેટલાદ- ૦૨ કામ, નડિયાદ, બોપલ-ઘુમા, પાટણ, હિંમતનગર અને તલોદ
- ૯ કામ – એલ. ઓ.આઇ ઇશ્યુ કરેલ છે. (મંજૂરીની રકમ રૂ. ૨૨૪.૩૭ કરોડ) - ગાંધીધામ, ઓખા, ઉના, કેશોદ, બારડોલી, હિંમતનગર, ઉમરેઠ અને વેરાવળ- ૨ કામ
- ૩ કામ - ટેન્ડર મંજુરી હેઠળ (અંદાજીત રકમ રૂ. ૫૯.૧૬ કરોડ) - ગાંધીધામ, પેટલાદ અને વિસનગર
- ૧ કામ – ટેન્ડર સ્ટેજમા (અંદાજીત રકમ રૂ. ૧૪.૫૬ કરોડ)- વાપી
- ૪ કામ – ડી. પી. આર બનાવવાની પ્રક્રિયા હેઠળ (અંદાજીત રકમ રૂ. ૧૫૩.૭૫ કરોડ) – આણંદ– ૨ કામ, વડનગર અને વાપી
- ૨ કામ – જરૂરીયાત વિચારણા હેઠળ (અંદાજીત રકમ રૂ. ૨૧.૪૫ કરોડ) –વ્યારા અને ડીસા

## ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ

**2.83** ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લીમીટેડ ભારત સરકાર અને ગુજરાત સરકારનું સયુંકત સાહસ છે જે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલના નિર્માણ, સંચાલન અને જાળવણી માટે કાર્યરત છે. કંપનીનો હેતુ રેલ આધારિત ઝડપી, વિશ્વસનીય, અનુકૂળ, કાર્યક્ષમ અને આધુનિક જાહેર પરિવહનનું નિર્માણ, સંચાલન અને જાળવણી કરવાનો છે. પ્રોજેક્ટને આગળ ધપાવવા, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા

- ગાંધીનગર અને ગીફ્ટ સીટીને જોડતા મેટ્રો રેલ ફેઝ-૨ અને
- સુરત શહેરમાં મેટ્રો રેલના નિર્માણને બહાલી આપવામાં આવેલ છે.

- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ ૨ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ભૂમિ પૂજન સમારોહ જાન્યુઆરી ૨૦૨૧માં ભારતના માનનીય વડાપ્રધાનશ્રી ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.
- અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૧ની વસ્ત્રાલ ગામ સ્ટેશનથી એપેરલ પાર્ક મેટ્રો રેલ સ્ટેશન સુધીની ૬.૫ કિલોમીટરની મેટ્રો રેલ સેવા જાહેર જનતા માટે માર્ચ ૨૦૧૯ થી કાર્યરત છે અને ભારતની આઝાદીના ૭૫માં વર્ષ સાથે સુસંગત ઓગસ્ટ ૨૦૨૨ માં ફેઝ-૧ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું આયોજન છે.
- ડિસેમ્બર, ૨૦૨૩માં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ તબક્કો-૨ અને માર્ચ, ૨૦૨૪માં સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું આયોજન છે.
- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ -૨ માટે બાહ્ય લોન એએફડી અને કેએફડબલ્યુની સૈદ્ધાંતિક મંજુરી મળેલ છે.
- સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે એએફડી અને કેએફડબલ્યુ દ્વારા રૂ.૫૪૩૪.૨૫ કરોડની લોન મંજૂર કરી દેવામાં આવી છે.
- અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ ના બાંધકામ સંબંધિત બે કોન્ટ્રાક્ટ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના બાંધકામ સંબંધિત ત્રણ કોન્ટ્રાક્ટ એનાયત કરી દેવામાં આવેલ છે અને કાર્ય હાલ પ્રગતિમાં છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારને અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ માટે રૂ. ૨૩૪.૯૭ કરોડ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે.રૂ ૬૦૫.૬૮ કરોડની બજેટ જોગવાઈની દરખાસ્ત કરવામાં આવેલ છે.

**સ્વચ્છ ભારત મિશન-ગુજરાત**

**2.84 વ્યક્તિગત શૌચાલય-**

- રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ થાય, નાગરિકોનું આરોગ્ય સારૂ બને, શહેરમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તથા ગુજરાત રાજ્યના તમામ શહેરો "સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત" તથા "ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી સીટીઝ" કરવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરેલ છે. તા.૨૦/૦૧/૨૦૧૫ ના ઠરાવથી શૌચક્રીયા મુક્ત ગુજરાત અંગે ગાઇડ લાઇન પ્રસિધ્ધ કરેલ છે.
- ૨૦૧૧ સેન્સસ મુજબ બાકી રહેલ શૌચાલય વિહોણા કુટુંબો માટે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં કુલ – ૫,૬૦,૦૪૬ શૌચાલયો બનાવવામાં આવેલ છે.
- રાજ્યમાં કુલ આશરે ૧૫૦૦થી વધુ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકસ વપરાશ હેઠળ, નવા ૪૧૮ બ્લોક નું બાંધકામ પૂર્ણ થયેલ છે.
- કોમ્યુનીટી શેર્ડ ટોયલેટના ૨૩૮ બ્લોક નું બાંધકામ પૂર્ણ.

**ઓડીએફ + અને ઓડીએફ ++ અને વોટર પ્લસ**

- કેન્દ્ર સરકારે ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૫૬ નગરપાલિકાઓને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ODF) જાહેર કરી છે. **સમગ્ર ભારતમાં શહેરી વિસ્તારમાં ગુજરાત રાજ્ય સૌપ્રથમ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ODF) જાહેર થયેલ છે.**
- ODF+ અંતર્ગત રાજ્યની ૧ મહાનગરપાલિકા તથા ૪૧ નગરપાલિકાઓ ODF+ જાહેર થયેલ છે. તેમજ ૬ મહાનગરપાલિકાઓ તથા ૧૦૩ નગરપાલિકાઓ ODF++ જાહેર થયેલ છે. તેમજ ૧ મહાનગરપાલિકાને વોટર પ્લસ જાહેર થયેલ છે.

**સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ** :

- રાજ્યની ૧૬૪ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ૧૩૮૫ વોર્ડમાં ઘન કચરાનું ૧૦૦% ડોર ટુ ડોર કલેક્શન થાય છે. આ કામગીરી સતત જળવાય તે માટે મહાનગરપાલિકા/ નગરપાલિકા SBMદ્વારા મોનીટરીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એકત્ર થયેલ કચરાનું આશરે ૮૮% (૮૭૫૮/૯૮૬૨ ટીડીપી) પ્રોસેસિંગ થાય છે. આ પ્રોસેસીંગ ૧૦૦ % સુધી કરાવવા માટેનું આયોજન કારવમાં આવેલ છે.
- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત તમામ મહાનગરપાલીકા અને નગરપાલીકાના DPR મંજુર કરવામાં આવેલ છે. તથા નગરપાલીકાઓમાં રૂ.૩૪૦.૮૪ કરોડ ગ્રાંટ ની ફાળવણી તથા મહાનગરપાલીકાઓમાં કુલ રૂ.૪૪૭.૫૩ કરોડ ગ્રાંટ ની ફાળવણી કરવામાં આવેલ છે આમ કુલ મળીને રૂ.૭૮૮.૩૭ કરોડ ગ્રાંટ ની ફાળવણી કરવામાં આવેલ છે.

- સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા માટે DPR મંજુર કરવામાં આવેલ છે. તમામ નગરપાલિકા અને મહાનગરપાલિકાને કુલ ૭૮૪.૧૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે જેમાંથી નગરપાલિકાને રૂ. ૩૪૧.૫૩કરોડ અને મહાનગરપાલિકાને રૂ. ૪૪૨.૫૮ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે.
- તા.૩૧, જુલાઇ ૨૦૧૮ ના રોજ સેનિટેશન પોલીસી મુખ્ય ૧૦ લક્ષ્યાંક સાથે પબ્લીશ કરવામાં આવી.
- રાજયની ૮ મહાનગરપાલીકા અને ૧૫૫ નગરપાલિકાઓમાં પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ પ્રસિધ્ધ કરી તેનો અમલ કરવામાં આવેલ છે. જ્યારે ૧ નગરપાલિકામાં કામ પ્રગતીમાં છે.
- C & D વેસ્ટ માટેની પોલીસી તૈયાર કરવા માટે આયોજન કરેલ છે. આ પોલીસીમાં મહાનગરપાલિકા/ નગરપાલિકા વિસ્તારને ઉત્પન્ન થતો C & D વેસ્ટને ઉપયોગ અન્ય જરૂરી જગ્યા ઉપયોગ કરવવા માટે આયોજન કરવામાં આવેલ છે.
- રાજયમાં આવેલ ૭ સેનેટરીંગ લેન્ડ ફિલ્ડ સાઇટમાં સુધારા વધારા કરવાનું આયોજન કરવામા આવી રહ્યુ છે તેમજ સમગ્ર રાજ્યના તમામ નગરપાલિકામાં ક્લસ્ટર બેઝ SLF બનાવવાનું આયોજન હેઠળ છે.

### પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ

- "પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો મોનીટરીંકમિટીની સચિવશ્રી (હા અને નિ.ગુ)ના અધ્યક્ષ સ્થાને ૧૫ વખત મિટીંગ મળેલ.

| કામગીરી | એકશન પ્લાનની સંખ્યા |
|---|---|
| • અત્રેની કચેરીને મળેલ કુલ એક્શન પ્લાન | 702 |
| • GPCB/CPCB ને મોકલેલ | 24 |
| • ગ્રાહ્ય ન રાખેલ | 381 |
| • અનુમોદન આપેલ એકશન પ્લાન | 196 |
| • પુર્તતા માંગેલ | 101 |

- મહાનગરપાલિકા અને નગરપાલિકા દ્વારા બનાવેલ બાયલોઝ દ્વારા જુલાઈ થી સપ્ટેમ્બર(૨૦૨૧) મહિના દરમ્યાન ૧૩.૧૬ લાખ તેમજ (જાન્યુઆરી થી સપ્ટેમ્બર(૨૦૨૧) ૨૮.૫૭ લાખ રૂ. ) દંડ લેવામાં આવેલ.

- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા ઉત્પાદક/ બ્રાન્ડ ઓનર/ ઈમ્પોર્ટર્સ વગેરેના પ્લાસ્ટીક કચરાના નિકાલા માટે તૈયાર કરવામાં આવેલ એક્શન પ્લાન ની ચકાસણી માટે 03 સભ્યોની સમિતિનું તા.૧૪-૦૨-૨૦૧૮ના રોજ ગઠન કરવામાં આવ્યું.
- સમિતિની બેઠકો મહિનામાં એકવાર નિયમિતપણે આયોજિત કરવામાં આવે છે અને કુલ 74 (નગરપાલિકા) + 5 (મહાનગરપાલિકા) ULB 7 દ્વારા 196 પ્રોડ્યુસર/ બાન્ડ ઓઅનર/ મેન્યુફેકચર્રની EPR હેઠળ આવરી લેવામાં આવે છે (એબેલોન, ઇકો વિઝન, નેપ્રા, અક્ષર, Aztec રિસાયક્લિંગ હબ, રાજેશ. પોલી પ્લાસ્ટ અને શક્તિ પ્લાસ્ટિક) વેસ્ટ મેનેજમેન્ટ એજન્સીઓ મહાનગરપાલિકા અને નગરપાલિકાસાથે જોડાયેલ છે.
- કુલ પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન લગભગ 1003 TPD છે અને મંજૂર કરેલ એકશન પ્લાન મુજબ 321.6 TPD EPR દ્વારા રિસાયકલ કરવામાં આવે છે.

### રેગ પીકર્સ, શ્રમજીવીઓના આર્થિક વિકાસ યોજના-

- રેગ પિકર્સ શ્રમજીવી ભાઇઓ, બહેનો, શહેરમાં ફરીને પ્લાસ્ટીક કચરાનું વિણવાનુ કામ કરી અને રોજગારી મેળવે છે જેમાંથી તેઓને વાજબી વળતર મળતુ નથી. તેઓનું જીવન ધોરણ ઉંચુ આવે તે માટે આરોગ્યની નિયમિત ચકાસણી થાય, કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભમળે તે હેતુથી તા.૦૮/૦૨/૨૦૨૧ના ઠરાવથી યોજના અમલમાં મુકેલ છે.
- રેગપીકર્સે એકઠો કરેલ પ્લાસ્ટિકના જથ્થાનો રેકોર્ડ મુજબ દર ૧૫ દિવસે એક કિલોના રૂ. ૩/-લેખે પ્રતિ દિન પ્રતિ વ્યક્તિ મહત્તમ ૧૦ કિલોની મર્યાદામાં વધારાની સહાય આ યોજના અંતર્ગત રાજય સરકાર આપે છે.
- રેગપિકર્સ માટે ખાસ કેમ્પ કરી સરકારશ્રીની રાષ્ટ્રીય સફાઇ કર્મચારી ધિરાણ અને વિકાસ (NSKFDC), આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા, રેશનકાર્ડ, અને મા કાર્ડ વિગેર યોજના સાથે જોડવા તથા રાજયના બોર્ડ કોર્પોરેશનની વિવિધ યોજનાનો લાભ મળે તે માટે બધી જ યોજનાઓનો લાભ આપવામાં આવે છે.
- મહાનગરપાલિકા/નગરપાલિકાઓ નોંધાયેલ રેગપીકર્સ શ્રમજીવીઓના આરોગ્ય રક્ષણ માટે આરોગ્ય કીટ જેવી કે ફ્લોરોસન્ટ જેકેટ,હેન્ડ મોજા,રેઇનકોટ, પગરખા/બુટ અને માસ્ક તેમજ તાલીમ કેમ્પ કરી તાલીમ આપવામાં આવે છે.

### રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન

**2.85** ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલય દ્વારા સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના પુન:ગઠિત થઇ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન [National Urban Livelihoods Mission (NULM)] તરીકે તા.૨૪/૯/૨૦13 થી અમલમાં આવેલ છે

અને ગુજરાત રાજ્યમાં મિશનના અમલીકરણ માટે એક અલાયદા સેલ તરીકે ગુજરાત શહેરી આજીવીકા મિશનની રચના કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ સ્વ-રોજગાર અને કૌશલ્યપુર્ણ વેતન રોજગારની તકો પુરી પાડી તેમની ગરીબી અને નબળાઇઓ ઘટાડવી અને આજીવિકાનું સ્તર ઉપર લાવવું.

- આ યોજના એક લાખ અથવા એક લાખ થી વધુ વસ્તી ધરાવતા શહેરો તેમજ જિલ્લાનું મુખ્ય મથક હોય તેવા શહેરોમાં અમલીકૃત થયેલ છે, ગુજરાત રાજયની ૩૦ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકામાં અમલીકૃત થયેલ જ્યારે સરકારશ્રીના તા.૨૯/૧૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ એનએલએમ /૧૦/૨૦૧૬/ ૪૫૯૭૫૧/હ થી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન તા.૧/૧૧/૨૦૧૬ થી રાજયની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓમાં અમલીકૃત થયેલ છે.

સદર યોજના અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબના ૬ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**૧. શહેરી શેરી-ફેરીયાઓને સહાય.**

જેમાં શહેરી શેરી-ફેરિયાઓનો સર્વે કરી તેમને ઓળખકાર્ડ આપવા તેમજ શહેરી વિસ્તારોમાં શેરી-ફેરિયાઓ માટે વેન્ડીંગ ઝોન નક્કી કરી તેમની વાણિજ્ય પ્રવૃતિઓ માટે અલાયદી વ્યવસ્થા કરવાનું આયોજન છે.

**૨. ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજના**

જેનો ઉદ્દેશ શહેરી સમાજના સૌથી ગરીબ વર્ગને કાયમી, બારમાસી ૨૪ × ૭ આશ્રય અને અન્ય તમામ આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટેનો છે.

**૩ કૌશલ્ય તાલીમ મારફત રોજગારી આપવી**

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કૌશલ્ય, તાલીમ અને સ્થળ-નિર્ધારણ દ્વારા શહેરમાં રહેતા ગરીબ, બિન-કુશળ લોકોને તાલીમ પૂરી પાડવામાં આવશે, જેથી તેઓ સ્વ રોજગાર/રોજગારી મેળવી શકે.

**૪. સ્વ-રોજગાર કાર્યક્રમ.**

શહેરી ગરીબ વ્યકિતઓ / જૂથોનાં કૌશલ્યો, તાલીમ, વિશેષ અભિરૂચિ અને સ્થાનિક પરિસ્થિતીને અનુકૂળ હોય એવાં લાભપ્રદ સ્વરોજગાર સાહસો / લઘુ ઉદ્યોગ સાહસો ઊભાં કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. બેંકની લોન મેળવતા તમામ વ્યકિતઓ / જૂથોને ૭ ટકા વ્યાજદરથી વધુ વ્યાજદર પર વ્યાજુકી સહાય ચુકવવામાં આવશે.

### ૫. સામાજિક અને સંસ્થાકીય વિકાસ

જેનો ઉદ્દેશ ૧૦ થી ૨૦ પુરુષો કે મહિલાઓના સ્વસહાય જૂથો બનાવી તેઓ બચત કરી અને લોન લઈ પોતાનું જીવન ધોરણ સુધારી શકે તે માટે તેઓને એક વખત રૂા.૧૦,૦૦૦ની ફરતા ભંડોળની સહાય પૂરી પાડવામાં આવશે અને Area Level Federations ને વધુ રૂ. ૫૦,૦૦૦/- ની સહાય પુરી પાડવામાં આવશે.

રાજ્યના શહેરોમાં વસ્તીના આધારે આજીવિકા કેન્દ્ર સ્થાપવામાં આવશે અને તે માટે રૂ. ૧૦ લાખ ના United Fund ની જોગવાઇ છે.

### ૬. ક્ષમતા નિર્માણ અને તાલીમ

જેનો હેતુ રાજ્યમાં આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય તથા શહેરી ગરીબી નિવારણની હવાલો ધરાવતી રાજય કક્ષાની એજન્સીઓ, શહેરી આજીવિકાને પ્રોત્સાહન આપી શકે તથા શહેરી ગરીબી નિવારણના ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કામગીરી કરી શકે તે માટે ક્ષમતા વર્ધન કરવાનો છે.

### ભાવિલક્ષી શહેરી આયોજન અને અમલ (TOWN PLANNING)

**2.86** આ યોજના હેઠળ રાજ્ય માં પ્રવર્તમાન શહેરી વિસ્તારોના વિકાસના આયોજન અને અમલીકરણની પ્રવૃત્તિઓ કરવા સારૂ સ્થાનિક સંસ્થાઓને પ્રોત્સાહન મળે તે માટે સ્થાનિક સંસ્થાઓ અને સમુચિત સત્તામંડળો માટે મંજુર થયેલ નગર રચના યોજનાઓ અને વિકાસ યોજનાની દરખાસ્તોના અમલીકરણ માટે મહેકમ ખર્ચને પહોચી વળવા સારૂ રાજ્ય સરકારશ્રી તરફથી સહાયક અનુદાન આપવામાં આવે છે.

- નગર આયોજન અને મૂલ્યાંકન ખાતા દવારા સ્થાનિક સંસ્થાઓ, નગર રચના અધિકારીશ્રીઓ તથા નગર નિયોજકશ્રીઓ સાથે પરામર્શમાં રહી વિકાસ યોજના અને નગર રચના યોજનાના મેન્યુઅલ બનાવવા, તેને આનુસંગિક રિસર્ચની કામગીરી તેમજ મુકત ઔદ્યોગિક અને આર્થિક નીતિ તેમજ વૈશ્વિકરણને કારણે રાજયમાં થતા શહેરી વિકાસ વિસ્તારોના સમતુલિત આયોજન સારૂ રાજયમાં વિવિધ વિસ્તારો પૈકીના વિસ્તારો પસંદ કરી તે માટે યોજના તૈયાર કરવા તેમજ તેના રેકર્ડ ડીઝીટાઇજેશન કરવા વધુમાં નગર આયોજન અને મુલ્યાંકન ખાતામાં પ્લાનીંગ આસિસ્ટન્ટ તેમજ અન્ય શાખાઓમાં નવી નિમણુંક થયેલ કર્મચારીઓ/અધિકારીઓ માટે અને હયાત કર્મચારીઓ/અધિકારીઓને આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિ મુજબ વિવિધ તાલિમોનું તેમજ તેને સંલગ્ન સાહિત્ય તૈયાર કરવાનું આયોજન કરવામાં આવે છે.
- રાજ્યમાં બાંધકામ ક્ષેત્રમાં ઝડપ અને પારદર્શકતા લાવવાનાં હેતુ થી રાજયમાં ઓનલાઇન ડેવલપમેંન્ટ પરમીશન સિસ્ટમ -૨.૦ (ODPS-2.0) નો શુભારંભ તા.

૦૩/૧૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ છે. સદર સિસ્ટમનાં સુઆયોજીત અને સુગ્રથિત નિયમન માટે ઓડીપીએસ સેલની કામગીરી અંતર્ગત જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પુરૂ પાડવા, ઓડીપીએસ હેલ્પડેસ્કનો ખર્ચ, ઓડીપીએસ અંતર્ગત યોજાતી કાર્યશીબીર/ બેઠકનાં ખર્ચ વિગેરે કરવામાં આવશે.

- આમ, એક જ યોજના અંતર્ગત આવરી લેવાયેલ ઉપરોકત બાબતો માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂા.૩૬૬૦.૦૦/- લાખની જોગવાઈ સૂચવવામાં આવે છે.

**શહેરી આવાસ**

**2.87 પ્રધાનમંત્રી આવાસ યોજના - હાઉસીંગ ફોર ઓલ (શહેરી)**

- **યોજનાની શરૂઆત:**

  ભારત સરકારની કેબીનેટ દ્વારા તા. ૧૭-૦૬-૨૦૧૫ ના રોજ હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ ને મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે યોજનાની માર્ગદર્શિકા ૨૫-૦૬-૨૦૧૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

- **યોજનાનો હેતુ:-**

  રાજયના શહેરો/નગરોને ઝુંપડપટ્ટી મુકત કરવા અને શહેરી વિસ્તારમાં શહેરી ગરીબો અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને વ્યાજબી કિંમતના આવાસો પુરા પાડવાના ઉમદા હેતુ સાથે તથા હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ ના લક્ષ્યાંકને સિધ્ધ કરવા કેન્દ્ર સરકારશ્રીની પોલીસીને અનુરૂપ રાજ્ય સરકારશ્રી દ્વારા પોલીસી ઘડી યોજનાનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે.

- **મિશનમાં આવરી લેવામાં આવેલ મુખ્ય ચાર ઘટકો:**

  **૧. ખાનગી ભાગીદારી મારફતે સ્રોત તરીકે જમીનનો ઉપયોગ કરી હાલની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને મૂળ સ્થાન પર જ પુન:વસન.**

  - શહેરી વિસ્તારોમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં વસ્તાં લોકોને આવાસ ઉપલબ્ધ કરાવવા માટે ખાનગી ભાગીદારી સાથે જમીનનો એક સંશાધન તરીકે ઉપયોગ કરીને ઝુંપડપટ્ટીનો “સ્વ-સ્થાને” પુન:વિકાસ કરવો એ “સૌને માટે આવાસ” મિશનનું એક મહત્વપુર્ણ ઘટક છે.
  - આ ઘટક હેઠળ કેંદ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૧.૦૦ લાખ તેમજ રાજ્ય સરકાર દ્વારા પણ પ્રતિ આવાસ રૂ. ૧.૦૦ લાખ ની સહાય આપવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. નેગેટીવ પ્રિમિયમના કિસ્સામાં રાજ્ય સરકારની આવાસદીઠ રૂ. ૨.૦૦ સુધીની સહાય આપવાનું ઠરાવેલ છે.

- આ ઘટક હેઠળ હાલની સ્થિતીએ ૬૨,૦૧૯ આવાસો મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી ૭,૩૯૦ આવાસોની કામગીરી પુર્ણ થયેલ છે.

**૨. ક્રેડિટ લિંકડ સબસિડી સ્કીમ (સી.એલ.એસ.એસ.)**

- શહેરી વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગ તથા મધ્યમ વર્ગના લોકો પોતાની પસંદગી મુજબનું આવાસ વ્યાજબી ભાવે ખરીદી કરી શકે તે માટે લાભાર્થીની આવક મર્યાદાને ધ્યાને રાખી ગૃહ ધિરાણ પર નીચે દર્શાવ્યા મુજબ વ્યાજ સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે.
- ઈ.ડબલ્યુ.એસ. અને એલ.આઈ.જી. કેટેગરી માટે રૂ. ૬.૦૦ લાખ સુધીની લોન પર ૬.૫% વ્યાજ સહાય
- એમ.આઈ.જી.-૧ કેટેગરી માટે રૂ. ૯.૦૦ લાખ સુધીની લોન પર ૪.૦% વ્યાજ સહાય
- એમ.આઈ.જી.-૨ કેટેગરી માટે રૂ. ૧૨.૦૦ લાખ સુધીની લોન પર ૩.૦% વ્યાજ સહાય
- હાલની સ્થિતી ગુજરાત રાજ્ય કુલ ૪,૧૫,૨૮૫ લાભાર્થીઓને યોજના હેઠળ વ્યાજ સહાયનો લાભ આપવામાં આવેલ છે.

**૩. એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (એ.એચ.પી.)**

- રાજ્ય સરકાર દ્વારા આ ઘટક હેઠળ રાજ્યમાં જાહેર જમીનનો ઉપયોગ કરી આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પોષણક્ષમ ભાવે આવાસ પુરા પાડવાનો હેતુ છે.
- આ ઘટક હેઠળ કેંદ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૧.૫૦ લાખ તેમજ રાજ્ય સરકાર દ્વારા પણ પ્રતિ આવાસ રૂ. ૧.૫૦ લાખ ની સહાય આપવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે.
- આ ઘટક હેઠળ હાલની સ્થિતીએ ૨,૧૦,૩૭૨ આવાસો મંજુર કરવામાં આવેલ છે જે પૈકી ૮૬,૬૪૪ આવાસોની કામગીરી પુર્ણ થયેલ છે.

**૪. લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર માટે બાંધકામ કરવા અથવા વૃધ્ધિ માટે સબસિડી (બી.એલ.સી.)**

- આ ઘટક હેઠળ જેઓ મિશનના અન્ય ઘટકો હેઠળ લાભ પ્રાપ્ત કરી શકતાં નથી તેવા EWS શ્રેણીના લાભાર્થીઓને આવરી લેવા માટે કાચા અને અર્ધ કાચા

ઘરોની જગ્યાએ નવાં પાકા ઘરો બાંધવા અથવા તો પ્રવર્તમાન ઘરોમાં સુધારો-વધારો કરવા વ્યક્તિગત પાત્રતા મુજબ સહાય પુરી પાડવાનો હેતુ છે.

- આ ઘટક હેઠળ નવા આવાસો બાંધવા માટે પ્રતિ આવાસ કેંદ્ર સરકાર દ્વારા રૂ. ૧.૫૦ લાખ તથા રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨.૦૦ લાખની સહાય આપાવામાં આવે છે. હયાત આવાસોની વૃધ્ધીના કિસ્સામાં પ્રતિ આવાસ કેંદ્ર સરકાર દ્વારા રૂ. ૧.૫૦ લાખ તથા રાજ્ય સરકાર દ્વારા પણ રૂ. ૧.૫૦ લાખ સુધીની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.
- આ ઘટક હેઠળ હાલની સ્થિતીએ ૧,૪૪,૧૪૧ આવાસો મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી ૩૯,૨૪૫ આવાસોની કામગીરી પુર્ણ થયેલ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હાલની સ્થિતી કુલ ૮,૩૧,૮૧૭ આવાસો મંજુર કરવામાં આવેલ છે જે પૈકી ૫,૪૮,૫૬૪ આવાસોની કામગીરી પુર્ણ થયેલ છે અને બાકી આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.

**રસ્તાઓ:**

**2.88** વર્ષ ૨૦૧૮-૧૯ના અંતે રાજ્યમાં રસ્તાઓની કુલ લંબાઈ (નોન પ્લાન, સામુદાયિક, શહેરી અને પ્રોજેક્ટ રસ્તાઓ સિવાય) ૮૧૨૭૯ કિ.મી. હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦ના અંતે વધીને ૮૧૩૦૫ કિ.મી. થઈ હતી. વર્ષ ૨૦૧૯-૨૦ના અંતે રસ્તાઓની કુલ ૮૧૩૦૫ કિ.મી.ની લંબાઈ પૈકી પાકા રસ્તાઓની લંબાઈ ૮૦૦૮૮ કિ.મી. (૯૮.૫૦%) હતી, જ્યારે કાચા રસ્તાઓની લંબાઈ ૧૨૧૭ કિ.મી. (૧.૫૦%) હતી. જ્યારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કુલ નોન પ્લાન રસ્તાઓની લંબાઈ વર્ષ ૨૦૧૮-૧૯ના અંતે ૧૩૧૮૫ કિ.મી. હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦ના અંતે વધીને ૧૪૩૦૭ કિ.મી. થઈ હતી.

- વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે ૮૧૩૦૫ કિ.મી.ના કુલ રસ્તાઓ પૈકી ૫૧૪૬ કિ.મી. રાષ્ટ્રીય ધોરીમાર્ગો, ૧૬૫૫૭ કિ.મી. રાજ્ય ધોરીમાર્ગો, ૨૦૯૨૭ કિ.મી. મુખ્ય જીલ્લા માર્ગો, ૧૦૧૬૧ કિ.મી. અન્ય જીલ્લા માર્ગો અને ૨૮૫૧૪ કિ.મી. ગ્રામ્ય માર્ગોની લંબાઈ હતી. જ્યારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ ના અંતે કુલ નોન પ્લાન રસ્તાઓની લંબાઈ ૧૪૩૦૭ કિ.મી. થઈ હતી.

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ વીજળીકરણ:**

**2.89** વીજ વિતરણ કંપનીઓ દ્વારા આદિજાતિ વિસ્તારોમાં પેટાપરા તેમજ કુવાઓનું વીજળીકરણ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કરવામાં આવે છે.

- સદર યોજના અંતર્ગત રાજય સરકારશ્રી દ્વારા શેર કેપીટલ તરીકે નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તારોમાં કુવાઓનું વીજળીકરણ કરવા માટે, રાજ્ય સરકારશ્રી તરફથી એચટી/એલટીલાઇન, ટ્રાન્સફોર્મર સેન્ટર માટે શેર કેપીટલ ફાળવવામાં આવે છે.
- અરજદારે માત્ર રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝિટ, એગ્રીમેન્ટ ફી તથા ટેસ્ટ રીપોર્ટ ફી નાં નાણાં ભરપાઇ કરવાના રહે છે.
- આદિજાતિ વિસ્તારમાં પેટાપરાનાં વિજળીકરણ માટે ૧૦ કે તેથી વધુ ઘરોમાં જુથ ધ્વારા માંગણી કરાયેલ હોય તેવા લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે અને તેનાં વિજળીકરણ માટેનો ખર્ચ આ યોજના હેઠળ બુક કરવામાં આવે છે.
- સદર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ થી કુવા- પેટાપરાના વીજળીકરણની કામગીરી ઉપરાંત વનબંધુઓને સારી સુવિધાઓ પ્રાપ્ત થાય એ માટે વનબંધુ કલ્યાણ યોજના - ૨ જાહેર કરવામાં આવેલ છે. તે માટે હાલની હયાત યોજનાનું વિસ્તૃતીકરણ કરી આદિજાતિ વિસ્તારોમાં વધુ સારા વોલ્ટેજ પ્રોફાઇલ સાથે મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરી વધુ સાતત્યપુર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પુરી પાડવાનો નિર્ધાર વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કરવામાં આવેલ છે. નીચે દર્શાવેલ વધારાની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.
    - મીડિયમ વોલ્ટેજ કવર કંડકટર લગાડવા / બદલવા
    - જુના જર્જરીત વિજ વાયરો અને આનુસંગીક માલસામાન બદલવા
    - બેર કંડકટરની જગ્યાએ એરીયલ બંચ કેબલ (એબીસી) લગાડવા
    - હાઇ વોલ્ટેજ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (એચવીડીએસ) ની કામગીરી
    - ફીડર બાયફરકેશનની કામગીરી
    - ટ્રાન્સમિશન નેટવર્ક અને સબ-સ્ટેશનના સુદ્રઢીકરણની કામગીરી.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૨૫૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**અનુસુચિત જાતિ પેટા યોજના:**

**2.90** રાજય સરકારશ્રી તરફથી ખાસ અંગભૂત પેટા યોજના હેઠળ મળતી ગ્રાન્ટ હેઠળ અનુસૂચિત જાતિના ઘરોના વીજળીકરણ કરવામાં આવે છે.

- રાજ્યના તમામ વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નિ:શુલ્ક ઘરવપરાશનું વિજ જોડાણ આપવામાં આવે છે.

- લાભાર્થીએ સમાજ કલ્યાણ વિભાગ તરફથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર, રજિસ્ટ્રેશન ફી, સિક્યુરીટી ડીપોઝિટ અને કરારનામાની ફી વગેરે રજુ કરવાનું રહે છે. લાભાર્થીએ વીજ વપરાશ પેટે વિજ બીલ ભરપાઇ કરવાનું રહે છે.
- આ યોજના હેઠળ ફાળવવામાં આવતા નાણાંમાંથી વીજળીકરણ થયેલ હોય એવા વિસ્તારોમાં ઘનિષ્ટ વીજળીકરણ તથા સુદ્રિઢિકરણની કામગીરી પણ કરવામાં આવે છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૩૩૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**અનુસુચિત જાતિના ખેડુતોના કુવાનું વીજળીકરણ (SCSP):**

**2.91** કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા રાજ્યની કુલ વાર્ષિક યોજના પૈકી ઓછામાં ઓછી ૭.૦૯% ની જોગવાઈ રાજ્યના અનુસુચિત જાતિના લાભાર્થીઓ માટે જ વાપરવાનો આગ્રહ રાખવામા આવે છે.

- જેથી વાર્ષિક યોજના પૈકીની અમુક જોગવાઈ અનુસુચિત જાતિ માટે અલગ તારવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી ધ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ થી રાજયમાં અનુસુચિત જાતિનાં ખેડૂતોને અગ્રતાનાં ધોરણે કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે નાણાકીય ફાળવણી શેર કેપિટલ તરીકે અનુસુચિત જાતિ પેટાયોજના (SCSP) અંતર્ગત કરવામાં આવેલ છે.
- અનુસુચિત જાતિના ખેડુતોને ખેતીવિષયક વીજ જોડાણ માટે અનુસુચિત જાતિનું પ્રમાણ-પત્ર સાથે જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહે છે.
- ભારે/હળવા દબાણની રેષાઓ, ટ્રાન્સર્ફોમર સેન્ટર જેવી બાબતોનો ખર્ચ અરજદાર પાસેથી વસુલવામાં આવતો નથી.
- અરજદારે ખેતીવિષયક વીજ જોડાણ માટે રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ તથા ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ભરપાઇ કરવાનો રહે છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૧૪૩૩.૯૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**નોર્મલ અને ડાર્કઝોન માટે કૃષિ વિષયક વીજ જોડાણો માટેની યોજના (કેપિટલ):**

**2.92** રાજ્ય સરકારશ્રી ધ્વારા વધુને વધુ કુવાઓને કૃષિ વિજ જોડાણો આપી વિજ જોડાણ માટેનાં બેકલોગ ઘટાડવા માટેના આશયથી વર્ષ ૨૦૧૨-૧૩ થી સામાન્ય યોજના હેઠળ બિન-આદિજાતિ વિસ્તારોમાં કૃષિ વિજજોડાણો આપવા માટે નાણાંકીય ફાળવણી કરવામાં આવે છે.

- ભારે / હળવા દબાણની રેષાઓ, ટ્રાન્સફોર્મર સેન્ટર જેવી બાબતોનો ખર્ચ સામાન્ય યોજના અંતર્ગત અરજદાર પાસેથી વસુલવામાં આવતો નથી.
- અરજદારે માત્ર રજીસ્ટ્રેશન ચાર્જ, સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ ફી, માનનીય વિજ નિયમન પંચ મુજબના ફીક્સ ચાર્જ તથા ટેસ્ટ રીપોર્ટ ફીના નાણા ભરપાઇ કરવાના રહે છે.
- ડાર્કઝોન વિસ્તારમાં ધારાધોરણ મુજબ અરજદારે સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવાની રહે છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૭૦,૦૦૦/- લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**ઝૂંપડપટ્ટી યોજના:**

2.93 ગુજરાત સરકાર ધ્વારા રાજયના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ગરીબ કુટુબો માટે મફતમાં સીંગલ ફેઝ પોઇન્ટ ઘર વપરાશના વીજ જોડાણ માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અમલી બનાવવામા આવેલ છે.

- રાજ્યના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં આવેલા તમામ જાતિના અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓ ઉપરાંત બી.પી.એલ યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગરીબ કુટંબો કે જેમની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તેવા તમામ લાભાર્થીઓને સદર યોજનામાં આવરી લેવામાં આવે છે.
- શહેરી વિસ્તાર માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફિસરશ્રી દ્વારા તથા ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા પંચાયત દ્વારા લાભાર્થીઓનાં ફોર્મ સહિતની યાદી સંબંધિત વિજ વિતરણ કંપનીને પુરી પાડવામાં આવે છે.
- ઝૂપડા વીજળીકરણ યોજના હેઠળ રાજ્ય સરકારશ્રી ધ્વારા ગ્રાન્ટ તરીકે નાણાંની ફાળવણી કરવામાં આવે છે. સદર યોજના હેઠળ સીંગલ પોઇન્ટ વાયરીંગ સાથે નિ:શુલ્ક ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે. લાભાર્થીએ વીજ વપરાશ પેટે વિજ બીલ ભરવાનુ હોય છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૧૪૦૨.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**કુટીર જયોતિ યોજના:**

2.94 આદિજાતિ વિસ્તારમાં રહેતા અનુસુચિત જનજાતિના લોકો માટે ગ્રામ વિકાસ વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ બી.પી.એલ. યાદીમાં દર્શાવેલ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓ અને તદ્દઉપરાંત જેમની મહત્તમ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- હોય તેવા તમામ અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને સદર યોજનામાં આવરી લેવામાં આવે છે.

- સદર યોજના આદિજાતિ વિસ્તારો પૂરતી સીમીત હોઇ લાભાર્થીઓની યાદી પ્રાયોજના અધિકારી ધ્વારા સબંધિત વીજ કંપનીને પુરી પાડવાની થતી હોય છે.
- લાભાર્થીએ વીજ વપરાશ પેટે વિજ બિલ ભરવાનુ હોય છે. રાજ્ય સરકાર ધ્વારા ૧૦૦% ગ્રાન્ટ તરીકે નાણાની ફાળવણી કરવામાં આવે છે.
- સદર યોજના હેઠળ સીંગલ પોઇન્ટ વાયરીંગ સાથે નિ:શુલ્ક ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૪૪૬.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**ઊર્જા સંરક્ષણ યોજના:**

2.95 આ યોજના અન્વયે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ ચર્ચા/સભાઓ/જાહેર પ્રવચનો/વિવિધ સ્પર્ધાના આયોજન દ્રારા ઊર્જા સંરક્ષણ અંગે લોકો જાગૃતિના કાર્યો હાથ ધરવામાં આવે છે.

- આ ઉપરાંત લો વોલ્ટેજ સીસ્ટમને હાઇ વોલ્ટેજ સીસ્ટમમાં રૂપાંતરીત કરવામાં આવે છે. જેથી લો વોલ્ટેજના પ્રશ્નો નિવારી શકાય.
- આ ઉપરાંત વિવિધ જીલ્લાઓમાં સમયાંતરે ઊર્જા બચતના પરીસંવાદો યોજવા,ઊર્જા બચત અંગેના પ્રદર્શનો યોજવા/દ્રશ્ય/શ્રાવ્ય અને વર્તમાન પત્રોમાં જાહેર ખબરો આપવી, બેનર/પોસ્ટર/પેમ્પ્લેટ વગેરેનું મુદ્રણ પ્રસારણ કરવું/ લઘુ દસ્તાવેજી ફિલ્મો બનાવવી તેનુ પ્રસારણ કરવુ, આ બધી કામગીરીનો સમાવેશ કરવામાં આવે છે. વધુ માં આ યોજના અંતર્ગત ગુજરાત અને ગુજરાત બહાર થતાં વિવિધ પ્રદર્શન જેવા કે Enerasia, વાયબ્રન્ટ ગુજરાત માં ભાગ લેવામાં આવે છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૨૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના:**

2.96 સાગર વિસ્તારના હવામાન અને તેમાં રહેલી આર્દ્રતાને કારણે (૧) વીજ વાયરમાં કાટ લાગી જવો (૨) થાંભલાઓ ખવાઈ જવા (૩) ડીસ્ક અને પીન ઈન્સ્યુલેટરો ફેઈલ થવા (૪) ડીસ્ટ્રીબ્યુશન બોક્ષને કાટ લાગવો (૫) સર્વીસ લાઈનો ખરાબ થવી વગેરે કારણોને લીધે વીજવહન દરમ્યાન અવારનવાર વિક્ષેપો સર્જાતા. જેને લીધે સાગરકાંઠે વસતા લોકોને અપૂરતા પ્રમાણમાં વીજ મળવી, ત્યાંના ઉદ્યોગોને નુકશાન સહન કરવુ પડતુ, માનવ અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતો થતા હતા. તેને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધા ગુણવત્તાસભર બને તે હેતુથી માન. મુખ્યમંત્રીશ્રીએ ૬ માર્ચ ૨૦૦૭ના રોજ "સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના"ની જાહેરાત કરી. આ ૧૨ મુદ્દાનો કાર્યક્રમ છે , ઉર્જા વિકાસ જેમાંનો એક મુદ્દો છે.

- સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ઉર્જા વિકાસ અંતર્ગત સાગરકાંઠા વિસ્તારના ૧૫ જિલ્લાઓ વલસાડ, નવસારી, સુરત, ભરુચ, આણંદ, અમદાવાદ, જામનગર, કચ્છ , જુનાગઢ, પોરબંદર, ભાવનગર, અમરેલી, દેવભૂમી દ્વારકા, ગીર સોમનાથ અને મોરબીના કુલ ૧૧૪ તાલુકાઓમાંથી દરીયાકાંઠાના કુલ ૩૯ તાલુકાઓ આવરી લેવાયેલ છે.
- આ યોજના હેઠળ ઉર્જા વિકાસ અંતર્ગત નીચે મુજબની મુખ્ય ત્રણ કામગીરીઓનું આયોજન કરવામાં આવેલ છે.
  - (૧) સ્ટ્રેન્ધનીંગ ઓફ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ
  - (૨) કન્ડકટર, ઈન્સ્યુલેટર્સ, હાર્ડવેર્સ અને અર્થ વાયર વગેરે બદલીને ટ્રાન્સમીશન લાઈનોનું સ્ટ્રેન્ધનીંગ
  - (૩) ૬૬ કેવી ના નવા સબસ્ટેશનો ઉભા કરવા
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૫૦૦૦/- લાખની નાણાંકીય જોગવાઇ ગ્રાંટ હેઠળ કરેલ છે અને રૂ. ૩૩૨૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ શેર કેપિટલ હેઠળ સુચવવામાં આવેલ છે.

**કિસાન હિત ઉર્જા શકિત યોજના (ખુશી):**

2.97 કિસાન હિત ઉર્જા શકિત યોજના (KHUSHY) અંતર્ગત હયાત કૃષિ ફીડરોને નીચા દબાણવાળી ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ માંથી ઉંચા દબાણવાળી ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં તબદીલ કરી વીજ પ્રવહન અને વીજ વિતરણ વચ્ચેનો વીજ વ્યય ઘટાડવા માટેનો નવો અભિગમ અપનાવવામાં આવેલ છે. બીન અધિકૃત વીજ ભાર અટકાવવા તથા હળવા દબાણની વીજ લાઇનો સાથે ચેડા થતાં અટકાવવા. આ યોજનાનો મુખ્ય હેતુ

હળવા દબાણની લાઇનો ક્રમશ: ઘટાડી, હળવા દબાણની લાઇનો રહિત નેટવર્ક બનાવવાનો છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૬૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**આદિજાતિ વિસ્તારમાં સબસ્ટેશન અને લાઇનો:**

2.98 આદિજાતિ વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવા, ગુજરાત એનર્જિ ટ્રાંસમિશન કોપોરેશન(જેટકો) જે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની પેટા કંપની દ્વારા ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ માટે નવા સબસ્ટેશનો તથા તેની આનુસાંગીક વીજ પ્રવહન રેષાઓ સાથે સ્થાપવાનું તેમજ હયાત સબસ્ટેશનોની સ્થાપીત ક્ષમતામાં વધારો કરવાનું આયોજન કરવામાં આવે છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૨૦૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવી છે.

**ડીસ્ટ્રીબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રકચર શિફટીંગ યોજના (DISS):**

2.99 યોજનાનો ઉદ્દેશ/લક્ષ્યઃ- મ્યુનીસીપલ કોર્પોરેશન, નગર પાલીકા, શહેરી વિકાસ સત્તામંડળ હેઠળના અને ગ્રામ્ય વિસ્તારોમાં નાગરીકોને સતત સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય વીજ પૂરવઠો મળી રહે તે માટે વીજળીની આવશ્યક સુવિધા પૂરી પાડવા રસ્તાઓના વિસ્તૃતિકરણ અથવા હયાત રસ્તાઓ પર અડચણરૂપ હયાત વીજ વિતરણ રેષાઓ અને સંલગ્ન વીજ માળખા નું શીફટીંગ / રીપ્લેસમેન્ટ કરવું જરુરી છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૭૦૦૦/- લાખ શેર કેપીટલ તરીકેની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવી છે.

**વીજ વિતરણ ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટે જીયુવીએનએલને સહાય:**

2.100 રાજયના સર્વ સમાવેશક વિકાસની ગતિને અનુલક્ષી રાજયમાં ઉર્જાની માંગ ઉત્તરોતર વધતી રહે છે. જેને ધ્યાને લેતાં ઉર્જા ક્ષેત્રે સક્ષમ અને સુદ્રઢ સંશોધન અને વિકાસ કેન્દ્રની આવશ્યકતા છે.

- આથી વીજ વિતરણ ક્ષેત્રે અને તેમાં વપરાતા સાધનો – ઉપકરણોમાં, કાર્યશૈલી વગેરેમાં વ્યાપક સંશોધન હાથ ધરી વીજ વિતરણ ક્ષેત્રને વધુ કાર્યક્ષમ બનાવી રાજયના તમામ પ્રકારના ગ્રાહકોને ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવી શકાય.

- આ ઉપરાંત વીજ વિતરણ ક્ષેત્રે દેશ-વિદેશનાં અલગ પ્રદેશોમાં જે નવીનીકરણ, નવી ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે તેનો ઉંડો અભ્યાસ કરીને ગુજરાતની પરિસ્થિતિ અનુરૂપ સ્વિકાર્ય બનાવવાનું **R & D** કામ કરવામાં આવી રહ્યુ છે.
- આ હેતુની પરિપૂર્તિ અર્થે એક **R & D Cell** સ્થાપવાના હેતુથી વર્ષ ૨૦૧૬-૧૭ ના બજેટથી નાણાંકીય જોગવાઇ કરીને **GPRD Cell** ને કાર્યન્વિત કરવામાં આવેલ છે.
- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૩૦૦/- લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવી છે.

### સરદાર કૃષિ જયોતિ યોજના:

**2.101** આ યોજનાનો મુખ્ય હેતુ ખેતીવાડી ફીડરોના હયાત જૂના જર્જરીત વીજ વાયરો/કંડકટર તથા તેને આનુષાંગિક માલ સામાન બદલવાની કામગીરી તથા જરૂરીયાત મુજબના ખેતીવાડી ફીડરોના વિભાજનની કામગીરી કરી ગુણવત્તા સભર વીજ પુરવઠો પૂરો પાડી ગ્રાહકોને સારી સેવા પૂરી પાડવાનો છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૧૧૦૦૦/- લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવી છે.

### સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય/SKY):

**2.102** ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે જૂન-૨૦૧૮માં રાજ્યના ખેડૂતોના લાભાર્થે, બિનપરંપરાગત ક્ષેત્રે ઉર્જા વપરાશ વધારવા, ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા અને ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળે તે માટેની સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) નો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકેલ. આ યોજના હેઠળ ખેડુતોને ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા સંચાલિત સિસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવેલ. ખેડૂતો સૌર ઉર્જા ઉત્પાદિત કરે છે, વાપરી તેમજ જે બચે તે વીજળી ગ્રીડમાં વેચી વધારાની આવક ઊભી કરે છે. ગ્રીડના સપોર્ટ સાથે દિવસ દરમિયાન સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી વીજ પુરવઠો આપવામાં આવે છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૨૦૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવી છે.

### "સૂર્ય ગુજરાત" યોજના:

**2.103** રાજ્યના રહેણાંક હેતુના વીજ ગ્રાહકોમાં સોલાર એનર્જીના વપરાશને વધારવાના હેતુથી સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા રાજય સરકારશ્રી દ્વારા તા.૦૪.૦૮.૨૦૧૯ થી સૂર્ય

ઉર્જા રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરૂ કરવામાં આવી છે. સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત ઓગષ્ટ-૨૦૧૯ થી નવેમ્બર-૨૦૨૧ સુધીમાં ૧૦૦૦ મેગાવોટની સોલાર સીસ્ટમનું સ્થાપન થયેલ છે. હાલ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.

**પ્રધાનમંત્રી કુસુમ યોજના (Component-B):**

**2.104** કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ પ્રધાનમંત્રી કુસુમ યોજનાના કોમ્પોનેન્ટ-બી માં ઓફ ગ્રીડ સૌર ઊર્જા સંચાલીત સિંચાઇ પમ્પનો સમાવેશ કરવામાં આવેલ છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૯૫૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ કરેલ છે.

**પ્રધાનમંત્રી કુસુમ યોજના (Component-C):**

**2.105** કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ પ્રધાનમંત્રી કુસુમ યોજનાના કોમ્પોનેન્ટ-સી માં ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા સંચાલીત સિંચાઇ પમ્પનો સમાવેશ કરવામાં આવેલ છે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૩૨૦૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઇ કરેલ છે.

**કિસાન સૂર્યોદય યોજના:**

**2.106** ખેડૂતો દ્વારા છેલ્લા કેટલાય સમયથી દિવસે પાવર આપવાની રજૂઆત હતી. ખેડૂતોની માંગણીને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી " કિસાન સૂર્યોદય યોજના" અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમ્યાન સવારે ૫.૦૦ થી રાત્રીના ૯.૦૦ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવશે.

- આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ. ૧,૪૦,૦૦૦/- લાખની નાણાંકીય જોગવાઇ સુચવવામાં આવી છે.

**ક્લાઈમેટ ચેન્જ વિભાગ:**

**2.107** ગુજરાત સરકારે ક્લાઈમેટ ચેન્જ અંગે સચોટ પગલાં લેવાનાં હેતુથી ૨૦૦૯ માં અલગ ક્લાઈમેટ ચેન્જ વિભાગની રચના કરેલ છે. આ વિભાગ એશિયા ખંડમાં આ પ્રકારનો પ્રથમ વિભાગ છે. વિભાગની રચના રાજ્યના વિવિધ વિભાગો વચ્ચે સંકલન અને સહયોગના પ્રયાસ રૂપે તેમજ તેમને જરૂરી આધાર, સલાહ, અને માર્ગદર્શન પુરુ પાડી

વૈશ્વિક તાપમાનને સંલગ્ન બાબતો તેમજ ક્લાઈમેટ ચેન્જ રોકવા અંગેની કામગીરી કરવા માટે થઈ છે.

**ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ધ્વારા થયેલ કામગીરી:**

- રાજ્યમાં રોકાણકારો સોલાર પાવર પ્રોજેક્ટ સ્થાપી શકે તે માટે રાજય સરકારે ઓગસ્ટ-૨૦૧૫ માં સોલાર પાવર પોલીસી ઘોષિત કરી,ચાલુ વર્ષ દરમિયાન રાજ્યમાં ૬૯૨.૬૩ મેગાવોટ કુલ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત કર્યા છે. આમ રાજયની કૂલ સોલાર ઉત્પાદન ક્ષમતા વધીને ૩૬૪૧ મેગાવોટ થઇ છે.
- પવન ઊર્જા સ્વચ્છ અને સલામત ઊર્જા તરીકે ઉભરી રહી છે. ગુજરાતની સંભવિત પવન વિધુત ઉત્પાદન ક્ષમતા ૮૫૦૦૦ મેગાવોટ છે. ચાલુ વર્ષ દરમ્યાન રાજયમાં વધુ ૪૫૩.૦૨ મેગાવોટ ક્ષમતાના વિન્ડફાર્મ નવેમ્બર-૨૦૨૦ સુધીમાં કાર્યરત કરાયા છે. આમ રાજયની કૂલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા વધીને ૭૯૯૪.૫૪ મેગાવોટ થઇ છે.
- રાજ્યના ૩૩ જિલ્લાઓમાં દરેક જિલ્લા દીઠ એક બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે. જેના પરિણામે સંસ્થાઓમાં ઉત્પન્ન થતાં ગોબરનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય છે અને તેમાંથી ઉત્પન્ન થતાં ગેસનો રાંધણગેસ તરીકે ઉપયોગ થાય છે. જેના લીધે વીજ અને લાકડાની બચત સાથે કલાઈમેટમાં પણ સુધારો થયેલ છે.
- ગુજરાત રાજ્ય દ્વારા પ્રસ્તુત સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જ (SAPCC)ને ભારત સરકાર દ્વારા પુષ્ટિ આપવામાં આવેલ છે. SAPCC ગુજરાતની ચાવીરૂપ અગ્રતાઓને રજુ કરતાં ૯ વિષયનાં જૂથ કરવામાંઆવ્યા છે. જેમાં કૃષિ, જળ, આરોગ્ય, વન અને જૈવવૈવિધ્ય, દરિયાની સપાટીનાં સ્તરમાં વધારો, દરિયાકાંઠાનું પુર્વજરૂરી માળખું, ઊર્જા કાર્યદક્ષતા અને પુન:પ્રાપ્ય ઊર્જા, શહેરી વિકાસ, જેને સૌથી વધુ અસર થવાની છે તેવા સમુદાયો અને ગ્રીન જોબ્સનો સમાવેશ થાય છે. આ અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ એડપ્ટેશન અને મીટીગેશનના વિવિધ પ્રોજેકટ હાથ ધરવામાં આવી રહેલ છે.
- સૌર અને પવન આધારિત પાવર પ્લાન્ટ કાર્યરત કરવાની ઉલ્લેખનીય કામગીરી તેમજ પુન:પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનમાં સર્વોત્તમ કામગીરી બદલ એવોર્ડ્સ એનાયત કરવામાં આવેલ છે.
- પર્યાવરણીય જાગૃતિ, પુન:પ્રાપ્ય ઊર્જાના સાધનોના ઉપયોગ તથા વીજ સંરક્ષણની દિશામાં જાહેર જનતાને જાણકારી મળે, જાગૃતિ આવે તે સારૂં પણ વિવિધ કાર્યક્રમો અમલમાં છે. જેમાં બાળ ઊર્જા રક્ષક દળ, ઊર્જા મિત્ર વાન, કાર્યશિબિરો તાલીમ કાર્યક્રમો, નિર્દશન-પ્રદર્શનમાં ભાગીદારી વગેરેનો સમાવેશ થાય છે.

- રાજ્યની સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી આશ્રમશાળાઓમાં વર્ષ ૨૦૨૦ (નવેમ્બર માસ) સુધી કુલ ૧૪૪૦૦૦ લીટરપ્રતિ દિવસ સોલાર વોટર હિટિંગ સિસ્ટમ બેસાડવામાં આવેલ છે. જેના પરિણામે આદિવાસી વિસ્તારમાં આવેલ આશ્રમશાળાઓમાં બાળકોને તથા વિવિધ હોસ્ટેલોમાં રહેતા વિદ્યાર્થીઓને ગરમ પાણીની સગવડ બારેમાસ મળે છે અને સંસ્થાના વીજબીલ અને ઘરેલું ગેસ, લાકડા, કેરોસીન  વગેરે ઈંધણમાં પણ બચત થાય છે.
- શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૮ થી ૧૨ના તેમજ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બેટરી ઓપરેટેડ વિહિકલ્સ લો સ્પીડ ટુ વ્હીકલ્સ ની યોજનાનો અમલ કરવામાં આવેલ છે. આના વપરાશથી પેટ્રોલની બચત થાય છે અને પ્રદૂષણ ઘટે છે. વર્ષ૨૦૨૦ (નવેમ્બર માસ) સુધી કુલ૮૧૭૮ નંગ બેટરી ઓપરેટેડ વાહનોનું વિતરણ કરેલ છે.
- સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉર્જા કાર્યક્ષમ સ્ટાર રેટેડ પંખા ૫૪૩૫૭ નંગ અને એલ.ઈ.ડી ટ્યુબલાઈટો ૧૦૪૦૨૩ નંગ નવેમ્બર – ૨૦૨૦ સુધી વિતરણ કરેલ છે.
- ગુજરાત રાજ્યની ગ્રામ પંચાયત તાલુકા પંચાયત અને મ્યુનિસિપાલીટી દ્વારા જાળવણી કરવામાં સ્મશાન ગૃહોમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવે છે. આ સુધારેલ સ્મશાનભઠ્ઠીઓના વપરાશ થી લાકડાની બચત થાય છે અને પર્યાવરણ જળવાઈ રહે છે. આ યોજના હેઠળવર્ષ ૨૦૨૦ (નવેમ્બર માસ) સુધી કુલ ૪૬૭૧ નંગ સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૦ (નવેમ્બર માસ) સુધી કુલ૧૨૫ નંગ ઇ-રીક્ષાનું વિતરણ કરેલ છે.

**ડ્રોન તાલીમ અને સંકલન કેન્દ્રઃ**

**2.108** વિકસીત દેશોમાં પોલીસ સંગઠનો દ્વારા Drone (Unmanned Aerial Vehicle) based camera systemનો ઉપયોગ Crowd Management, Vital Installaion Security, VVIP Security, Boarder and Coastal Security, Crime Control, Disaster Management, Security of Major Events and Processions, Search Operations, Traffic Management વિગેરે માટે કરવામાં આવે છે. તે ઉપરાંત Drone (Unmanned Aerial Vehicle)નો ઉપયોગ કૃષિ અને સિંચાઈ, ખનન ઉદ્યોગ, જમીન માપણી વગેરે ક્ષેત્રોમાં અને Aerial Photography માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. જેથી, Drone (Unmanned Aerial Vehicle) ટેકનોલોજીના ઉત્પાદન અને ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે Ministry of Civil Aviation, GoI દ્વારા The Aircraft Act, 1934 અંતર્ગત The Drone Rules, 2021 ઘડવામાં આવેલ છે અને તે અંગે Several Policy Initiative લેવામાં આવેલ છે.

**AFIS સિસ્ટમઃ**

**2.109** ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી ખાતે કાર્યરત "ઓટોમેટેડ ફિંગરપ્રિન્ટ આઇડેન્ટિફિકેશન સિસ્ટમ **(AFIS)"** મારફતે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં પકડાયેલા આરોપીઓની ફિંગરપ્રિન્ટ ઓનલાઇન લેવામાં આવે છે. હાલમાં ગુન્હા સ્થળેથી મળી આવતી ફિંગરપ્રિન્ટ તથા ગુન્હેગારોની ફિંગરપ્રિન્ટ અને તેના મદદથી ગુન્હા ઉકેલવા માટે **FACTS-7** વર્ઝનની **AFIS** સિસ્ટમ કાર્યરત છે. ફિંગરપ્રિન્ટ સર્ચીંગની કામગીરી સચોટ અને સરળ રીતે થઈ શકે તે માટે રાજ્યના તમામ જિલ્લા તેમજ કમીશનરેટને **AFIS** સિસ્ટમથી જોડવામાં આવી રહેલ છે. આથી, રાજ્યના તમામ પોલીસ સ્ટેશન તથા ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર ખાતેના ફિંગરપ્રિન્ટ વિભાગને જોડતી અદ્યતન **AFIS** સિસ્ટમ કે જે કેન્દ્ર સરકારની **NAFIS** સિસ્ટમ સાથે તાલ મિલાવી યોગ્ય રીતે કામ કરે શકે તે મુજબની નવી **AFIS** સિસ્ટમની જરૂરીયાત હોઇ, તે માટે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં **AFIS** સિસ્ટમ કાર્યરત કરવામાં આવશે.

*****

# પ્રકરણ - ૩
# રોજગાર અને કૌશલ્ય વિકાસ

**3.1** Ministry of Statistics and Programme Implementation (MOSPI), ભારત સરકાર દ્વારા Periodic Labour Force Surveyમાં બેરોજગારીનાદર અંગેની ગણના કરવામાં આવે છે, જેમાં અલગ-અલગ ચાર વયજૂથો - (૧) ૧૫-૨૯ વર્ષ (૨) ૧૫-૫૯ વર્ષ (૩) ૧૫ વર્ષ કે તેથી વધુ (૪) તમામ વય વગેરેને આવરી લેવામાં આવે છે. સર્વેમાં Unemployment Rateની ગણના UPPS (Usual Principal & Subsidiary Status Approach) દ્વારા કરવામાં આવે છે. UPPS એટલે સર્વેના સમયગાળા દરમિયાન કોઇ વ્યકિત ૩૦ દિવસથી વધારે આર્થિક ઉપાર્જન સાથે સંકળાયેલી હોય.

- જુલાઇ-૨૦૨૧માં પ્રકાશિત થયેલ Periodic Labour Force Survey (PLFS)ના વાર્ષિક રિપોર્ટ અનુસાર જુલાઇ-૨૦૧૯ થી જૂન-૨૦૨૦ ના સમયગાળા દરમ્યાન તમામ વયજૂથોમાં થયેલ સર્વે અનુસાર દેશના તમામ રાજ્યો કરતા ગુજરાતનો બેરોજગારીનો દર સૌથી નીચો છે.
- રાજ્યની રોજગાર વિનિમય કચેરીની માહિતી મુજબ વર્ષ:૨૦૨૦-૨૧ સુધીમાં રોજગાર વિનિમય કચેરીમાં ૪.૦૬ લાખ ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને ૨.૩૮ લાખ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ છે. વર્ષ:૨૦૨૧-૨૨ (નવે મ્બર–૨૦૨૧ સુધી) દરમ્યાન રોજગાર વિનિમય કચેરીમાં ૧.૯૬ લાખ નવા ઉમેદવારોની નોંધણી કરવામાં આવેલ છે અને૧.૬૭ લાખ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવેલ છે.

### નિયામકશ્રી, રોજગાર અને તાલીમ:

**3.2** રોજગાર અને તાલીમ નિયામકની કચેરી ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રાલય હેઠળ ચાલે છે. તેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયના યુવાનોને ઉચ્ચ પ્રકારનું વ્યવસાય માર્ગદર્શન તથા રોજગાર સેવાઓ પ્રદાન કરવાનો છે. આ હેતુને સિધ્ધ કરવા નોકરીદાતાઓએ નોધાવેલ ખાલી જગ્યાઓ માટે રોજગાર કચેરીઓ નોંધણી કરાયેલ ઉમેદવારોની ભલામણ કરી રોજગારીની તકો આપે છે તથા આઇ.ટી.આઇ સેન્ટરોમાં ઘણા બધા પ્રકારના ટુંકા ગાળાના તથા લાંબાગાળાના તાલીમ પ્રોગ્રામ ચલાવે છે.નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગુજરાત સરકાર હસ્તક રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ નોંધાયેલા યુવાનોને રોજગારી મેળવવામાં મદદ કરી રહી છે.

### નવી રોજગાર નીતિ – ૧૯૯૫

**3.3** નવી રોજગાર નીતિ તા.૦૧/૦૪/૧૯૯૫થી અમલી બનેલ છે. આ નીતિ અનુસાર રાજ્યના તમામ ઉત્પાદનલક્ષી ઔદ્યોગિક એકમોમાં લઘુત્તમ ૮૫ ટકા કામદાર કક્ષામાં અને લઘુત્તમ

૬૦ ટકા મેનેજરીયલ/સુપરવાઈઝરી કક્ષામાં સ્થાનિક વ્યક્તિઓની ભરતી કરવાની રહેશે. પ્રસ્તુત નીતિ રાજયમાં સ્થપાતા જાહેર સાહસો તેમજ ખાનગી ક્ષેત્રના ઔદ્યોગીક એકમો માટે અમલી બનાવેલ છે.

- ગુજરાત રાજયમાં ઓછામાં ઓછા ૧૫ વર્ષથી વસવાટ કરતા વ્યક્તિઓને સ્થાનિક ગણવામાં આવે છે. દર વર્ષે જુન તથા ડીસેમ્બર અંતિત, એમ વર્ષમાં બે વખત પ્રસ્તુત બાબતોની માહિતી મેળવી સ્થાનિક રોજગારીની સમીક્ષા કરવામાં આવે છે. કેન્દ્ર/રાજય સરકારના જાહેર સાહસો તથા ખાનગી બિન- પ્રોત્સાહિત એકમોમાં પ્રસ્તુત બાબતે અમલીકરણની કામગીરી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા થાય છે. ખાનગી પ્રોત્સાહિત એકમોના અમલીકરણની કાર્યવાહી ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા કરવામાં આવે છે, ખાનગી એકમો પૈકી જે એકમો સ્થાનિકોની નિયત રોજગારી માટેની ટકાવારી જાળવતા નથી તેવા તમામ એકમોની યાદી જરૂરી કાર્યવાહી માટે ઉદ્યોગ કમિશનરશ્રીને મોકલીને પ્રસ્તુત રોજગાર નીતિનો અમલ થાય તે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

**રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકેઃ**

**3.4** સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજય પ્રથમ ક્રમાંકે રહેલ છે. ૨૦૧૮ના વર્ષ માટે પ્રસિધ્ધ થયેલ આંકડા અનુસાર વર્ષઃ ૨૦૧૮ માં સમગ્ર ભારતના રાજયો દ્વારા ૪,૦૪,૭૦૦ યુવાનોને રોજગારી સામે ગુજરાતે ૩,૪૨,૪૦૦ યુવાનોને (૮૫%)રોજગારી પૂરી પાડેલ છે.

**ઔદ્યોગિક ભરતીમેળા:**

**3.5** રાજયમાં જંગી મૂડીરોકાણ અને ઔદ્યોગિક વિકાસના પરિણામે રોજગારીની વધુ તકો ઉભી થઇ છે. રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગુજરાત દ્વારા ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક એકમોને કુશળ માનવશકિત પ્રદાન કરવાના એકમાત્ર ઉદ્દેશ્ય સાથે ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવાનો નવતર વિચાર શરૂ કરવામાં આવ્યો છે. જે ખાનગી ક્ષેત્રમાંથી ખાલી જગ્યાઓ એકત્રિત કરીને ઉદ્યોગો ખાતે રોજગાર કરવા ઇચ્છૂક ઉમેદવારો વચ્ચે સુવિધાજનક તરીકે કાર્ય કરે છે.

- રોજગાર કચેરીઓ દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. વર્ષ:૨૦૨૧-૨૨(નવેમ્બર-૨૦૨૧ સુધી)માં કુલ ૧,૩૬૧ ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવેલ હતા, જેમાં રોજગાર કચેરીઓ મારફતે ખાનગી ક્ષેત્રમાં ઔદ્યોગિક ભરતીમેળામાં કુલ ૧,૨૬,૫૭૭ ખાલી જગ્યાઓ મેળવવામાં આવી તથા આ ઔદ્યોગિક ભરતીમેળામાં કુલ ૩,૦૨૦ નોકરીદાતાઓ હાજર રહેલ હતા. જેમાં કુલ ૮૦,૬૧૨ ઉમેદવારો પસંદગી પામેલ છે.

**સંરક્ષણ ભરતીમેળા તથા સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ યોજના**

3.6 રાજ્યના યુવાનોનુ દેશની સંરક્ષણ સેવામાં પ્રતિનિધિત્વ વધે તે સારૂ વર્ષ: ૨૦૧૨થી વિના મુલ્યે સંરક્ષણ ભરતીની તાલીમ યોજના શરૂ કરેલ છે. આ યોજનાને કારણે હજારો યુવાનોની સંરક્ષણ સેવામાં ભરતી થયેલ છે. વર્ષ: ૨૦૨૧-૨૨ દરમ્યાન કોરોના મહામારીના કારણે સંરક્ષણ ભરતીમેળાનું આયોજન થઈ શકેલ નથી.ગુજરાતમાં લશ્કરી ભરતીને અનુલક્ષીને ખાતા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિને બિરદાવતા આર્મી ઓથોરીટીસ તરફથી પ્રશંસાપત્રો પણ પાઠવવામાં આવેલ છે.

- આર્મી/એરફોર્સ/નેવી/અર્ધલશ્કરી દળો/પોલીસ દળોમાં ગુજરાત રાજયના યુવાનો વધુ સંખ્યામાં પસંદગી પામે તે માટે રાજય સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદ પરીક્ષાલક્ષી ૪૫ દિવસની તાલીમ યોજના અન્વયે તાલીમવર્ગોના આયોજનથી ઉમેદવારોને તાલીમ પુરી પાડવામાં આવે છે. વર્ષ: ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ સુધી) ૩૦ દિવસીય ૩૫ તાલીમ વર્ગોના આયોજન થકી કુલ ૧,૦૨૮ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે.

**BSF દ્વારા આર્મી /એરફાર્સ/ નેવી/ અર્ધલશ્કરી દળો તથા પોલીસ ફોર્સમાં ભરતી પૂર્વે તાલીમઃ**

3.7 બી.એસ.એફના મથકો દાંતીવાડા, ગાંધીધામ, ભુજ,અને ગાંધીનગર ખાતે સીમાવર્તી જીલ્લાના ઉમેદવારો માટે આર્મી/એરફાર્સ/નેવી/અર્ધલશ્કરી દળો તથા પોલીસ ફોર્સમાં ભરતી પૂર્વે તાલીમવર્ગોના આયોજનથી ઉમેદવારોને તાલીમ પૂરીપાડવામાં આવે છે.

**સ્વરોજગાર શિબિરોઃ**

3.8 સ્વરોજગારી દ્વારા કારકિર્દી વિકાસ એ રોજગારીનો આશાસ્પદ વિકલ્પ છે. સ્વરોજગાર શોધનારાઓને પ્રોત્સાહિત કરવા માટે રોજગાર વિનિમય કચેરી દ્વારા જિલ્લા અને તાલુકા સ્તરે સ્વરોજગારીમાર્ગદર્શન કેમ્પ ગોઠવવામાં આવે છે.

- સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ સુધી) માં કુલ-૨૩૨ સ્વરોજગાર શિબિરો યોજીને ૨૦,૦૦૭ ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**Empex-B**

3.9 રોજગાર સેવાઓના વિસ્તરણના હેતુ માટે વર્ષઃ ૨૦૧૪-૧૫ માં સોસાયટી એકટ-૧૯૬૦ હેઠળ Empex-Bની સ્વાયત સંસ્થા તરીકે નોંધણી થયેલ છે.રોજગાર કચેરીઓ ખાતે ૨૮ કેરીયરકાઉન્સેલરની નિમણૂંક કરીને ઉમેદવારોને કાઉન્સેલિંગ તથા વ્યવસાયિક માર્ગદર્શન આપવામાં આવે છે.

### નેશનલ કેરીયર સર્વિસ યોજના અંતર્ગત " મોડેલ કેરીયર સેન્ટર " ની સ્થાપના

**3.10** ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના ડાયરેક્ટર જનરલ,રોજગાર અને તાલીમ દ્વારા સમગ્ર દેશની વર્તમાન રોજગાર સેવાઓને નેશનલ કેરીયર સર્વિસીસ Mission Mode Project for Employment Exchange હેઠળ મોડેલ કેરિયર સેન્ટરમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે.

- પ્રથમ તબક્કામાં ભારત સરકાર દ્વારા દેશમાં ૧૦૦ મોડેલ કેરીયર સેન્ટરો સ્થાપવાના આયોજન સામે ગુજરાત રાજયમાં વડોદરા અને સુરતની પસંદગી કરવામાં આવેલ છે. ત્યારબાદ ભાવનગર,રાજકોટ, સરદાર પટેલ યુનિવર્સીટી, મહેસાણા, ભરૂચ, જામનગર અને અમદાવાદ એમ કુલ ૦૯ મોડેલ કેરીયર સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. બાકી રહેતા જીલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા કેરીયર સેન્ટર કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ સેન્ટરોમાં ઉમેદવારોને વ્યવસાયલક્ષી/ઉચ્ચ કારકિર્દીલક્ષી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.ભારત સરકાર તરફથી ભરૂચ અને અમદાવાદ ખાતે એક-એક યંગ પ્રોફેશનલ ફાળવવામાં આવેલ છે. જયારે રાજય સરકાર તરફથી તમામ જિલ્લા રોજગાર કચેરી ખાતે ૦૨ કેરીયર કાઉન્સેલરની નિમણૂંક થયેલ છે.
- આ સેન્ટરો દ્વારા આઇ.ટી.પ્લેટફોર્મ અને નેશનલ કેરીયર સર્વિસ પોર્ટલના ઉપયોગથી કાઉન્સેલીંગ /કારકિર્દી માર્ગદર્શન/જોબફેર આયોજન વગેરે કાર્યક્રમો થકી ઉમેદવારોની રોજગાર ક્ષમતા વધારવાનું કાર્ય કરે છે.

### ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફર્મેશન સેન્ટરઃ

**3.11** વિદેશમાં શિક્ષણ અને રોજગારી બાબતે યુવાનોને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડવાના આશયથી રાજ્યમાં અમદાવાદ,વડોદરા અને રાજકોટ ખાતે "ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફર્મેશન સેન્ટર" કાર્યરત કરવામાં આવેલ છે.

- આ વર્ષે કોરોનાં સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં લેતાં વેબિનારનાં આયોજન થકી વર્ષઃ૨૦૨૧-૨૨(નવેમ્બર-૨૦૨૧ સુધી)માં ૨૦૭ વેબિનારના આયોજનથી ૧૬,૬૬૮ ઉમેદવારોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ છે.

### ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન

**3.12** સ્કિલ ડેવલપમેન્ટની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા અને તે દ્વારા રોજગારી/સ્વરોજગારી ને પ્રોત્સાહન આપવાનો અભિગમ અપનાવવામાં આવેલ છે.સ્કિલ્ડ મેન પાવરની વધતી-જતી માંગને પહોંચી વળવા માટે સ્કિલ ડેવલપમેન્ટની વિવિધ યોજનાઓ/કાર્યક્રમો ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. પ્રવર્તમાન ઉદ્યોગોની માંગ અનુસાર કુશળ માનવબળમાં ફેરફારનો મોટો પડકાર છે.

- પડકારને પહોંચી વળવા ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન"ની રચના કરવામાં આવેલ છે અને તેના સુદઢીકરણ માટે વિવિધ પગલાં લેવામાં આવે છે. ગુજરાત સરકારની વાર્ષિક તાલીમ સંખ્યા ૧૦ લાખનો આંકડો પાર કરી ગયેલ છે. જેમાં કૌશલ્યલક્ષી તાલીમ કાર્યક્રમ ચલાવતા વિભાગોમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, શિક્ષણ, વિકાસ કમિશ્નર ઉદ્યોગ, સામાજિક ન્યાય અને અધિકારિતા, આદિજાતિ વિકાસવ ભાગ, શહેરી વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની તાલીમી ક્ષમતાનો સમાવેશ થાય છે.
- દેશના યુવાઓને કૌશલ્યલક્ષી શિક્ષણ મળી રહે અને યુવાઓ કૌશલ્ય ક્ષેત્રે આગળ વધીને દેશનું નામ રોશન કરે તે હેતુથી મોજે નાસ્મેદ, જી. ગાંધીનગર ખાતે કૌશલ્યને સમર્પિત શૈક્ષણિક સંસ્થા Indian Institute of Skills (IISs) સ્થાપિત થનાર છે. IISs સ્થાપવા પાછળનું ધ્યેય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત હાલની કૌશલ્ય સંસ્થાઓ પાસેથી શ્રેષ્ઠ પધ્ધતિઓ મુજબનું વિશ્વસ્તરીય કૌશલ્ય તાલીમ કેન્દ્ર બનાવવાનું છે.
- ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના PMKVY 3.0 યોજના અંતર્ગત યુવાધનને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે. આ કૌશલ્ય પ્રમાણપત્ર યોજનાનો ઉદ્દેશ મોટી સંખ્યામાં ભારતીય યુવાનોને ઉદ્યોગ-સંબંધિત કૌશલ્યતાલીમ અપાવવામાં સક્ષમ બનાવવાનો છે જે તેમને વધુ સારી આજીવિકા પ્રાપ્ત કરવામાં મદદ કરશે. અગાઉના ભણતરનો અનુભવ અથવા કુશળતાવાળા વ્યક્તિઓનું મૂલ્યાંકન અને રેકોગ્નિશન ઓફ પ્રાયોર લર્નિંગ (RPL) હેઠળ પ્રમાણિત કરવામાં આવશે.PMKVY 3.0 એ રોજગારલક્ષી કુશળતા પ્રશિક્ષણ કાર્યક્રમ છે.
- "સ્કિલ ઈન્ડિયા મિશન" ને પ્રોત્સાહન આપવા અને સ્કિલ ઇકોસિસ્ટમના સુદ્રઢીકરણ કરવા હેતુસર SANKALP (GoI) પ્રોજેક્ટ અંતર્ગતના મેનેજમેન્ટ, મોનિટરિંગ, અમલીકરણ અને સંકલન માટે રાજ્યમાં જીલ્લા કક્ષા સુધી અભિગમ અપનાવીને તેના ઉદ્દેશોને પહોંચી વળવા હેતુસર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળ "ડિસ્ટ્રિક્ટ સ્કિલ કમિટી(DSC)"ની રચના ગુજરાત રાજ્યના તમામ 33 જિલ્લાઓમાં કરવામાં આવેલ છે.જે સ્કિલ ડેવલપમેન્ટના નવા બોટમ-અપ એપ્રોચના નવા માળખું તૈયાર કરી જીલ્લામાં ઉપસ્થિત થતી સ્કિલડ મેનપાવરની જરૂરિયાતને પૂર્ણ કરશે. સાથો-સાથ જીલ્લાની જરૂરિયાત સ્કિલ આધારીત ડીસ્ટ્રીકટ ડેવલપમેન્ટ પ્લાન (DSDP) તૈયાર કરીને ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસીકતા મંત્રાલય(MSDE)ને મોકલી આપવામાં આવેલ છે. "ડિસ્ટ્રિક્ટ સ્કિલ કમિટી(DSC)" ની બેઠક કરી રાજયના છેવાડા સુધીના લાભાર્થીઓને તાલીમ આપવાનું નિર્ધારિત કરેલ છે. ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશન(GSDM) દ્વારા અમલીકૃત તમામ કૌશલ્ય યોજનાઓ અને મિશનની વહીવટી પ્રક્રિયાઓને એકંદરે એકીકૃત, મજબૂત અને

સુરક્ષિત સંચાલન સારૂં GSDMની વેબસાઈટ, વેબપોર્ટલ અને મોબાઈલ એપ્લીકેશન ડેવલોપ કરવામાં આવી રહ્યું છે. જેથી કાર્યક્ષમતા, સુસંગતતા અને વિવિધ પ્રક્રિયાઓની પારદર્શિતામાં પણ વધારો થશે.

- ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશનનો મુખ્ય હેતુ રાજયમાં કૌશલ્ય વર્ધન પ્રવૃતિની ગુણવતામાં સુધારો કરવાનો છે. મિશન દ્વારા રાજ્યની ઔધોગીક તાલીમ સંસ્થામાં National Skill Qualification Framework (NSQF) કક્ષાના અને ઇન્ડસ્ટ્રીઝની જરૂરિયાત આધારીત Short term Course શરૂ કરવામાં આવેલ છે.
- ભારત સરકાર દ્વારા ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ (GIPP) અંતર્ગત રાજયમાં પ્રોજેક્ટ અંતર્ગત રાજયમાં 10 IToT center તૈયાર કરવા અને ૪ જગ્યાએ Centre of Excellence (CoE) કે જેમાં રાષ્ટ્રીય અને આંતરરષ્ટ્રીય કક્ષાની લેબ તૈયાર કરવામાં આવશે જે માટેના અધતન મશીનરી સામ્રગી ખરીદવા બાબતે ટેકનિકલ સહયોગ GIZ, જર્મનીના સહયોગથી મેળવવામાં આવશે. આ પ્રોજેકટ હેઠળ રાજયની ગર્વમેન્ટ આઇ.ટી.આઇના સુપરવાઇઝર ઇન્ટ્રસ્ટ્કરને રાષ્ટ્રીય અને આંતરરષ્ટ્રીય કક્ષાની તાલીમ આપવાનો મુખ્ય અભિગમ છે. સુપરવાઇઝર ઇન્ટ્રસ્ટ્કરની તાલીમ પૂર્ણ થયા બાદ રાજયમાં આઇ.ટી.આઇમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની તાલીમની ગુણવત્તામાં સુધારો થશે.
- સ્થાનિક ધોરણે કૌશલ્યવર્ધનની તાલીમ મળી રહે તે માટે સક્ષમ (KVK 2.0) યોજના શરૂ કરવામાં આવનાર છે. જેનાથી સ્થાનિક જરૂરિયાત અનુરૂપ કૌશલ્ય તાલીમ આપી રોજગારી/સ્વરોજગારી ઉભી કરવાનો અભિગમ છે.
- રાજ્યમાં ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબ કુશળ માનવબળ તૈયાર થાય તેમજ વધુમાં વધુ ઈન્ડસ્ટ્રી કૌશલ્ય તાલીમમાં યોગદાન આપે તે હેતુસર 'ઈન્ડસ્ટ્રી દ્વારા,ઈન્ડસ્ટ્રી માટે, ઈન્ડસ્ટ્રી ખાતે' કોન્સેપ્ટ આધારિત સંકલ્પ પ્રોજેક્ટની રાજયસરકારશ્રી દ્વારા શરૂઆત કરવામાં આવી છે. આ યોજના થકી ઈન્ડસ્ટ્રીઝ તેમની જરૂરિયાત મુજબ યુવાનોને કૌશલ્ય તાલીમ આપશે તથા ઈન્ડસ્ટ્રી તેમના વર્કર્સનું અપ-સ્કીલીંગ પણ કરી શકશે તે અભિગમ છે.
- ગુજરાત રાજ્યના યુવાધનને “કૌશલ્ય સાથે શિક્ષણ” અને “દરેક યુવાનને કૌશલ્ય”મળી રહે તે હેતુસર સરકારશ્રી દ્વારા 'કૌશલ્યા'–ધી સ્કિલ યુનિવર્સિટી એક્ટ, ૨૦૨૧ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સ્કિલ યુનિવર્સિટી અલગ-અલગ જિલ્લાઓમાં આવેલ સ્કિલ ઇન્સ્ટીટયુટ, આઈ.ટી.આઈ, વોકેશનલ ઇન્સ્ટીટયુટ માટે એફીલિએટેડ યુનિવર્સિટી તરીકે કાર્ય કરશે. જેથી આ ઇન્સ્ટીટયુટમાંથી પાસ થયેલ ઉમેદવારને ઉચ્ચ કક્ષાની ટેકનિકલ તાલીમ અને ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફિકેટ/ડિપ્લોમા મળશે. જેના કારણે સ્કિલ ક્ષેત્રે રાજયના યુવાનો વિપુલ તકો થકી વધુ રોજગારી/સ્વરોજગારી મેળવી શકશે. આમ ઉદ્યોગોને કુશળ માનવબળ મળવાથી તેઓની ઉત્પાદકતામાં વધારો થશે.

**એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના:**

3.13 ઔદ્યોગિક એકમોને તેમની કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા તેમજ રાજયનાયુવાનોને ઔદ્યોગિક વાતાવરણમાં તાલીમ આપી રોજગારક્ષમ બનાવતી એપ્રેન્ટીશીપતાલીમ યોજના છે.૧૯૬૧ માં એપ્રેન્ટીસ એક્ટની રચના કરવામાં આવી અને તેને૦૧.૦૩.૧૯૬૨ના રોજથી અમલી બનાવવામાં આવ્યો હતો. ૩૦ કે તેથી વધુ માનવબળ ધરાવતા એકમો માટે તેમના કુલ માનવબળના ૨.૫% થી ૧૫%ના બેન્ડમાં એપ્રેન્ટીસની ભરતી કરવી ફરજીયાત છે.

- એપ્રેન્ટીસ (સુધારા) અધિનિયમ-૨૦૧૪ અમલમાં આવતાં e-Governanceના હેતુસર નેશનલ એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાના પારદર્શિય વહીવટ માટે યોજનાના હિસ્સેદારો માટે કડીરૂપ નેશનલ વેબપોર્ટલ - https://www.apprenticeshipindia.gov.in/ શરૂ કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજય ૨૯,૩૭૮ એકમોની પોર્ટલ પર નોધણી સાથે સમગ્ર દેશમાં સૌ પ્રથમ છે. રાજ્યમાં એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાના વ્યાપનાં વિસ્તાર માટે 1 લાખ એપ્રેન્ટીસોની ભરતીનાં લક્ષ્યાંક સાથેની ‘‘મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના" શ્રમ અને રોજગાર વિભાગના તા.૬-૪-૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૨/૨૦૧૮/૬૧૯૬૦/ આર-૨ થી નાણાંકીય વર્ષઃ ૨૦૧૮-૧૯ થી શરૂ કરવામાં આવેલ છે. હાલમાં https://www.apprenticeshipindia.gov.in/ પોર્ટલ પર નોંધાયેલ ઔદ્યોગિક એકમોની સંખ્યા ૨૯૦૦૦ કરતા વધારે છે.જેમાં વર્ષઃ૨૦૨૦-૨૧ દરમ્યાન ૪૯૦૦૦ કરતા વધારે તાલીમાર્થીઓ એપ્રેન્ટીસશીપ તાલીમમાં નોંધાયેલ હતા. જ્યારે વર્ષઃ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત) દરમ્યાન ૩૩૦૦૦ કરતા વધારે નવા તાલીમાર્થીઓ એપ્રેન્ટીસશીપ તાલીમમાં નોંધાયેલ છે.

*****

# પ્રકરણ-૪
# આદિજાતિ વિકાસ કાર્યક્રમ

**વનબંધુ કલ્યાણ યોજના (મુખ્યમંત્રીનો દસ મુદ્દાનો કાર્યક્રમ):**

**4.1. એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય:**

ગુજરાતમાં આદિજાતિ પ્રદેશમાં 53 તાલુકા, 15 પોકેટ અને 4 ક્લસ્ટર છે. આદિજાતિ વસ્તી ગુજરાત રાજ્યની પૂર્વ સરહદના ભૌગોલિક વિસ્તારના 18% આવરી લે છે.

- ગુજરાતમાં આદિજાતિ સમુદાયો વિવિધ સામાજિક-આર્થિક સૂચકાંકો પર ગુજરાતના બિન આદિજાતિ સમુદાયોની સમકક્ષ નથી. તેના કારણોમાં શિક્ષણનું નીચું સ્તર, અપૂરતું પોષણ અને પાયાની સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે.

**વિકાસ માળખું:**

**4.2** ભારતના બંધારણમાં આદિજાતિ વસ્તીના જીવનની સારી ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે હકારાત્મક ભેદભાવ અને હકારાત્મક પગલાંની નીતિની હિમાયત કરી છે. વિધાનસભા, સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં આદિજાતિ વસ્તીના પ્રમાણમાં અનામત માટે હકારાત્મક જોગવાઈ કરેલ છે. અનુસૂચિત વિસ્તારો કે જેઓ મુખ્યત્વે અનુસૂચિત જનજાતિની વસ્તી ધરાવતા હોય તેમને પણ વિશેષ સુરક્ષા આપવામાં આવે છે.

- આદિજાતિ વસ્તીના જીવનની ગુણવત્તા સુધારવા માટેના બંધારણીય રક્ષકોને માન્યતા આપતા, આદિજાતિ વિસ્તાર પેટા યોજના (TASP)ની વિભાવના વર્ષ 1974માં રજૂ કરવામાં આવી હતી. જેમાં કેન્દ્ર અને રાજ્ય સ્તરે આદિજાતિની વસ્તીના પ્રમાણમાં નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. આદિજાતિ વિકાસ વિભાગને TASP ભંડોળ માટે આયોજન અને અંદાજપત્રીય સત્તાઓ સોંપવામાં આવી છે. ૭૦ના દાયકામાં સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ્સ (ITDP) પણ જિલ્લા સ્તરે વિશેષ અધિકાર પ્રાપ્ત પ્રોજેક્ટ વહીવટકર્તાઓ દ્વારા અમલમાં મૂકવાનું શરૂ થયું. આ અધિકારીઓને આ ક્ષેત્રમાં કામ કરતી અન્ય એજન્સીઓની પ્રવૃત્તિઓ પર નોંધપાત્ર સત્તા હોય છે અને તેઓ અન્ય વિભાગોના કામ પર નજર રાખે છે.
- ગુજરાતમાં સહભાગી અને વિકેન્દ્રિત આયોજનને સરળ બનાવવા માટે, વર્ષ 1998માં આદિવાસી વિસ્તારો માટે ગુજરાત પેટર્ન ઓફ ફાઇનાન્શિયલ એલોકેશન તરીકે ઓળખાતો એક અનોખો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ગુજરાત પેટર્ન ફંડની રચના ખાસ કરીને આર્થિક વિકાસના હસ્તક્ષેપોમાં ખૂટતી કડીઓને દૂર કરવા અને સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રચના માટે કરવામાં આવેલ છે. આ પહેલ મુખ્ય આંતર-જિલ્લા પ્રોજેક્ટ્સને ટેકો આપવા માટે જરૂરી ભંડોળ નિર્ધારિત કરે છે.

- છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતમાં આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે નોંધપાત્ર ધ્યાન આપવામાં આવ્યું છે તથા પરિણામલક્ષી અને મિશન મોડના અમલીકરણ માટે સુવ્યવસ્થિત મશીનરી બનાવવામાં આવી છે.
- ખાસ કરીને શિક્ષણ, કૃષિ અને બાગાયત આધારિત કાર્યક્રમો, પશુપાલન, જળ સંચય, સિંચાઈ, કૌશલ્ય અપગ્રેડેશન અને બારમાસી રસ્તાઓનું જોડાણ, વીજળી, નળના પાણીના જોડાણ જેવી મૂળભૂત સુવિધાઓની જોગવાઈમાં થયેલી પ્રગતિ પ્રોત્સાહક રહી છે.
- આ પ્રયાસોને લીધે, ગરીબીનું સ્તર નોંધપાત્ર રીતે ઘટ્યું છે, સાક્ષરતાના સ્તરમાં સુધારો થયો છે અને આદિવાસી વિસ્તારોમાં સામાજિક અને નાગરિક બંને માળખામાં નોંધપાત્ર સુધારો થયો છે. આ પહેલોએ ગુજરાતમાં આદિજાતિ સમુદાયના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. જો કે, વિવિધ સામાજિક-આર્થિક સૂચકાંકોના સંદર્ભમાં આદિજાતિ અને બિન-આદિજાતિ વિસ્તારો વચ્ચે હજુ પણ અંતર છે. આ અસમાનતાના સંદર્ભમાં, આદિજાતિ વિસ્તારો અને મુખ્ય પ્રવાહના વિસ્તારો વચ્ચેના અંતરને દૂર કરવા માટે પરિણામ-આધારિત મિશન મોડ દરમિયાનગીરીઓ ચાલુ રાખવાની જરૂર છે.

**વનબંધુ કલ્યાણ યોજના:**

**4.3** ગુજરાત સરકાર આદિજાતિ સમુદાય અને આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગુજરાત સરકારે આદિજાતિના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું છે. ગુજરાતના આદિજાતિ સમુદાયના સમાવેશી વિકાસ અને તેના વિઝનને હાંસલ કરવા માટે સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વિવિધ પહેલ સફળતાપૂર્વક હાથ ધરી છે.

- વનબંધુ કલ્યાણ યોજના (VKY) કે જેને મુખ્યમંત્રીના 10 મુદ્દા કાર્યક્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે તત્કાલિન માનનીય ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના ભારતના માનનીય વડાપ્રધાન, શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2007માં આદિજાતિ સમુદાય અને મુખ્ય પ્રવાહના સમુદાય વચ્ચેના અંતરને દૂર કરવા માટે નીચેના 10 મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને શરૂ કરવામાં આવી હતી:
  - ૫ લાખ આદિજાતિ પરિવારો માટે ગુણવત્તાયુક્ત અને ટકાઉ રોજગાર
  - ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર
  - આદિવાસી વિસ્તારોનો તીવ્ર આર્થિક વિકાસ
  - બધા માટે આરોગ્ય
  - બધા માટે આવાસ
  - બધા માટે સલામત પીવાનું પાણી
  - સિંચાઈ
  - બારમાસી રસ્તાઓ

- વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા
- શહેરી વિકાસ

- આ કાર્યક્રમની વ્યૂહરચનામાં આદિજાતિ સમુદાયોને વૈશ્વિક જોડાણ, માહિતી ટેકનોલોજી અને મૂલ્યવૃદ્ધિના નવા યુગમાં લઈ જવા માટે ખાનગી પહેલ, ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તાલીમ અને આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે .

**વનબંધુ કલ્યાણ યોજનાની મુખ્ય વિશેષતાઓ:**

**વ્યક્તિગત કુટુંબ અને ITDP ક્ષેત્રો પર ધ્યાન:**

- આ કાર્યક્રમમાં સમાવિષ્ટ પરિવારોને વાર્ષિક આવક, પૂર્ણ-સમયની રોજગારી અને કૌશલ્ય નિર્માતાઓની આખી પેઢી મળે છે જેથી કરીને તેઓ ફરી ગરીબીની જાળમાં ન ફસાય.
- BPL ડેટાબેઝનો ઉપયોગ કરીને દરેક પરિવારને મદદ કરવામાં આવશે અને ત્યારબાદ તેમની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવશે. ડેરી પ્રોજેક્ટ્સ અને ગુજરાત પેટર્ન માટેનું સોફ્ટવેર તૈયાર છે. અન્ય યોજનાઓ પર કામની ચર્ચા ચાલી રહી છે.
- જરૂરી માનવબળ નિર્માણ અને ડેરી, વાડી અને કૌશલ્ય પ્રશિક્ષણ જેવા મુખ્ય હસ્તક્ષેપોને સમર્થન આપવા માટે લક્ષિત વિસ્તારોમાં શ્રેણીબદ્ધ તકનીકી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી રહી છે.
- સિવિલ વર્ક્સના ધોરણોની ફરીથી તપાસ કરવામાં આવી રહી છે -
  - પાણી પુરવઠો: નલ સે જલ
  - રસ્તાઓ- 5 વર્ષ માટે જાળવણી
  - વીજળી- ઘરોનું કવરેજ
  - સિંચાઈ- વધુ વરસાદવાળા સમગ્ર તાલુકાઓને આવરી લેવા તથા MIS દ્વારા પાણીમાં વધારો કરવામાં આવે છે.

**પરિણામલક્ષી હસ્તક્ષેપો:**

- કૌશલ્ય નિર્માણમાં સબંધિત તાલીમ આપનાર સંસ્થાએ બાંહેધરી આપવી પડશે કે તાલીમાર્થી તાલીમ પૂર્ણ કર્યા પછી પ્રથમ 6-9 મહિનામાં તેના પર કરવામાં આવેલ ખર્ચ કમાઈ લેશે અને તાલીમ આપનાર સંસ્થાએ આ સમય સુધી તે વ્યક્તિગત તાલીમાર્થી પાછળ અનુવર્તી કાર્યવાહી કરવાની રહેશે.
- દરેક હસ્તક્ષેપ માટે કોમ્પ્યુટર વિનિયમન પધ્ધતિ તૈયાર છે.

**આયોજન અને વિનિયમનમાં સ્થાનિક લોકોની ભાગીદારી:**

- જો સહભાગીઓમાં સમાનતા ન હોય તો આવા અગત્યના બદલાવમાં સફળતા પ્રાપ્ત થઈ શકતી નથી.
- પીઆરઆઈના પ્રતિનિધિઓ અને સહભાગી પરિવારોના જાગૃતિ વધારવા માટે વિવિધ હસ્તક્ષેપોની વિચારણા હાથ ધરવામાં આવેલ છે. ટૂંકા સમયગાળામાં વધુમાં વધુ વ્યાપ આવરી લેવા માટે સેટકોમ સુવિધાનો ઉપયોગ કરવામાં આવશે.
- આ વર્ષે ગુજરાત પેટર્નમાં ચાલુ વર્ષે મહત્તમ ભંડોળની ફાળવણી થઈ હતી, સ્થાનિક સ્તરની જરૂરિયાતો પૂરી પાડી શકાય.

**કાર્યક્રમમાં દરેક અમલીકરણ વિભાગની ભાગીદારી:**

- દરેક સરકારી વિભાગ આ નવા પેકેજની સંપૂર્ણ માલિકી લે તે સુનિશ્ચિત કરવા માટે, આ કાર્યક્રમ માટે કોઈ અલગ અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી નથી.
- લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે દરેક વિભાગની ચાલુ યોજનામાં સુધારો કરવામાં આવી રહ્યો છે.
- મુખ્યમંત્રીના દસ મુદ્દાના કાર્યક્રમનું ભંડોળ આદિજાતિ પેટા યોજનામાંથી મેળવેલ છે.

**વ્યૂહરચના:**

- વનબંધુ કલ્યાણ યોજના માટેની વ્યૂહરચના પરિણામલક્ષી છે, જેમાં સમયબદ્ધ હસ્તક્ષેપ અને લોકોની ભાગીદારીનો સમન્વય છે. આ કાર્યક્રમનો અમલ મિશન મોડથી મજબૂત ITDP મશીનરી દ્વારા કરવામાં આવશે જેની પ્રગતિની સમીક્ષા મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) દ્વારા કરવામાં આવશે.
- ખાનગી ક્ષેત્ર સહિતના નિષ્ણાતો અને વ્યાવસાયિકો કાર્યક્રમના ક્ષમતા નિર્માણ, પ્રોજેક્ટ વિકાસ અને અમલીકરણ, સેવા વિતરણ અને અન્ય પાસાઓ માટે નજીકથી સંકળાયેલા છે. વનબંધુ કલ્યાણ યોજનાની સરળ કામગીરી અને અસરકારક અમલીકરણ માટે ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (DSAG) નામક એક સશક્ત સોસાયટી પણ બનાવવામાં આવી છે . શિક્ષણ ક્ષેત્રમાં કેન્દ્રિત હસ્તક્ષેપ અને કન્યાઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) નામની બીજી સોસાયટીની રચના કરવામાં આવી છે.
- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂ.૧૪,૪૬૩ કરોડની રકમ ફાળવવામાં આવી છે .

## 4.4. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પ્રગતિ:

### a) આજીવિકા કાર્યક્રમ:

- સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ (IDDP) હેઠળ આજદિન સુધીમાં મોટી સંખ્યામાં આદિવાસી મહિલા લાભાર્થીઓને લાભ મળ્યો છે. આ પ્રોજેક્ટના અમલીકરણથી ડેરી ઉધ્યોગ આદિવાસી લોકોના આર્થિક ઉદ્ધાર માટેના મુખ્ય માધ્યમ તરીકે ઉભરી આવેલ છે. ડેરી પ્રવૃત્તિઓથી લાભાર્થીઓ પશુદીઠ ઓછામાં ઓછા રૂ.૩૫૦૦ થી ૪૦૦૦ પ્રતિ માસ કમાણી કરે છે.
- લાખો આદિવાસી ખેડૂતોને મકાઈ, કારેલા, ગોળ, ભીંડા, ટામેટા, રીંગણ વગેરે જેવા મૂલ્યવાન પાકોના ઉચ્ચ ગુણવત્તાવાળા હાઇબ્રિડ બિયારણો અને ખાતરોની સાથે આધુનિક કૃષિ પદ્ધતિઓની તાલીમનો લાભ આપવામાં આવ્યો છે. કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ હેઠળ પરંપરાગત પાકોને બદલે વધુ ઉપજ આપતા મુલ્યવાન પાકો પૂરા પાડવાથી ગુજરાતના આદિવાસી ખેડૂતોની કૃષિ ઉત્પાદકતા અને આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.
- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા ITIs જેવા આપવામાં આવેલ કૌશલ્ય વૃદ્ધિના કાર્યક્રમો ઉપરાંત, આદિજાતિ વિકાસ વિભાગ પણ સંખ્યાબંધ વ્યવસાયિક તાલીમ કેન્દ્રો ચલાવે છે. આ સંસ્થાઓમાં, આદિજાતિ યુવાનોને નિશ્ચિત પ્લેસમેન્ટ સાથે વિવિધ પ્રકારના કૌશલ્ય વર્ધન અભ્યાસક્રમો આપવામાં આવે છે.

### b) ગુણવત્તાયુક્ત શિક્ષણ:

- ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશનલ સોસાયટી (GSTES) દ્વારા સ્થાપિત ૩૪ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (ભારત સરકાર પ્રાયોજિત), ૧૦ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (ગુજરાત સરકાર પ્રાયોજિત), 43 ગર્લ્સ રેસિડેન્શિયલ સ્કૂલ, ૧૨ મોડલ સ્કૂલ, 2 સૈનિક સ્કૂલઓમાં ૩૩,૦૦૦ થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓ નોંધાયેલા છે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે.
- વિદ્યા સાધના યોજના હેઠળ ૯મા ધોરણમાં ભણતી ૩૫,૮૪૦ વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવી છે.
- નર્મદા જિલ્લાના બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.
- પંચમહાલ જિલ્લાની આજુ-બાજુના જિલ્લાઓ જેવા કે પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર, વડોદરાના આદિજાતિ વિસ્તારોના યુવાનોને ગુરુ ગોવિંદ યુનિવર્સિટી દ્વારા ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

c) હાઉસિંગ:

- વર્ષ ૨૦૨૧-૨૨ માટે આવાસ યોજના હેઠળ રૂ.૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

d) **આરોગ્ય:**

- ૫૧.૪૯ લાખ લોકોને પ્રાથમિક આરોગ્ય તપાસ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જનની સુરક્ષા યોજના હેઠળ ૧૦૬૪૯૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY) હેઠળ લાભાર્થીઓને ૨,૧૯,૪૯૨ ચેકનું વિતરણ કરવામાં આવ્યું છે.
- ૯૫.૬૮% ગર્ભવતી મહિલાઓને આયર્ન ટેબ્લેટ આપવામાં આવી છે.

e) **પીવાનું પાણી: ઘરગથ્થુ નળ જોડાણ:**

- નળ સે જલ યોજના હેઠળ તમામ આદિજાતિ પરિવારોને નળના પાણીનું જોડાણ મળશે.

f) **સિંચાઈ:**

**આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈ અને કૃષિને વ્યાપક બનાવવા માટે, નીચેના પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવ્યા છે:**

- કડાણા જળાશય આધારિત લિફ્ટ ઇરીગેશન પ્રોજેક્ટ
- કાકરાપર-ગોરધા-વડ લિફ્ટ સિંચાઈ યોજના
- દિનોદ-બોરીદ્રા લિફ્ટ સિંચાઈ યોજના
- પાડેડી-ખાનપુર લિફ્ટ સિંચાઈ યોજના
- નર્મદા કેનાલ આધારિત વડા તળાવ લિફ્ટ સિંચાઈ યોજના

g) **બારમાસી રસ્તાઓનું જોડાણ:**

- વર્ષ ૨૦૨૧-૨૨ માટે બારમાસી રસ્તાઓના જોડાણ માટે રૂ.૧૦૧૩.૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

h) **વીજળીકરણ:**

- વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ સુધીની સાર્વત્રિક વિદ્યુતીકરણની સિદ્ધિઓ છે;
- ૯૩,૯૫૬ ખેતરોમાં વીજળીકરણ.

‹ ›

- કુટિર જ્યોતિ યોજના હેઠળ ૭૧,૧૧૭ ઘરોને લાભ આપવામાં આવેલ છે.
- આદિજાતિ વિસ્તારોમાં અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે 122 નવા સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે.

**i) વન અધિકાર અધિનિયમ:**

- ગુજરાત વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ના સફળતાપૂર્વક અમલીકરણમાં મોખરે છે. યોગ્યતાપાત્ર તમામ દાવેદારોને રહેઠાણ અને ખેતીના હેતુ માટે જમીન પર અધિકારો આપવામાં આવે છે.
- અત્યાર સુધીમાં ૯૨,૨૯૯ વ્યક્તિગત દાવાઓ મંજૂર કરી ૧,૫૧,૩૮૪ એકર જમીનના ઉપયોગ માટે અધિકારો આપવામાં આવ્યા છે. સરકારે ગૌણ વન ઉત્પાદન (MFP), માછીમારી, ચરાઈ અને જળાશયોના ઉપયોગ માટે આદિજાતિઓના દાવાઓને પણ મંજૂરી આપી છે. અત્યાર સુધીમાં ૪,૬૬૩ સામુદાયિક અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તેમને ૧૧,૬૫,૭૫૪ એકર જમીન માટે ઉપયોગના અધિકારો આપવામાં આવ્યા છે. માળખાકીય સુવિધાઓના વિકાસ માટે ૧૩૧૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

**j) સરહદી ગામો:**

- વર્ષ ૨૦૨૧-૨૨ માટે ગુજરાતના ૪૮૨ સરહદી ગામોમાં માળખાકીય સુવિધાઓ સુધારવા અને આવાસ, પીવાનું પાણી, રસ્તાઓનું જોડાણ જેવી વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**k) આદિમ આદિજાતિ જૂથો અને હળપતિ સમુદાય:**

- વર્ષ ૨૦૨૧-૨૨માં આદિમ જનજાતિ જૂથો (PTG) અને હળપતિ સમુદાયોને પાયાની સુવિધાઓ એટલે કે આવાસ, પીવાનું પાણી, રોડ અને આજીવિકા પૂરી પાડવા અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે વિવિધ યોજનાઓ હેઠળ કુલ રૂ. 67 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**l) ગુજરાત પેટર્ન:**

- કોઈપણ કાર્યક્રમના અસરકારક અને પરિણામલક્ષી અમલીકરણ માટે નાણાકીય સત્તાનું પ્રતિનિધિત્વએ પાયારૂપ ચાવી છે. છેલ્લા ઘણાં વર્ષોથી વિકાસલક્ષી કાર્યક્રમોની રચના, આયોજન અને અમલીકરણની પ્રક્રિયામાં સ્થાનિક આદિજાતિને સામેલ કરવાની બાબત ગુજરાત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. જેનાથી આદિજાતિ વિકાસમાં ગુજરાત

પેટર્નની ઉત્ક્રાંતિ થઈ છે. ગુજરાત પેટર્નથી સમગ્ર આદિજાતિ વિકાસની યોજનાઓના આયોજન અને અમલીકરણમાં ક્રાંતિ થઈ છે.

- આદિજાતિ વિકાસની ગુજરાત પેટર્ન હેઠળ, આદિજાતિ જિલ્લાઓને તેમની વસ્તી/વિસ્તારના પ્રમાણમાં ભંડોળ ફાળવવામાં આવે છે અને આ જિલ્લાઓ તેમની પસંદગીના કામો/પ્રોજેક્ટો પર ફાળવેલ રકમનો ખર્ચ કરવા માટે સ્વતંત્રતા ધરાવે છે.
- ગુજરાત પેટર્નએ આદિજાતિ લોકોની જરૂરિયાત-આધારિત પ્રાથમિકતાઓને પહોંચી વળવામાં અને તેમના જીવનની ગુણવત્તા સુધારવામાં સફળ રહેલ છે. વિવિધ ક્ષેત્રીય કાર્યક્રમો જેવા કે, રસ્તાઓ, પુલો, સિંચાઈ, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, જમીન અને જળ સંરક્ષણ, વિદ્યુતીકરણ વગેરે દ્વારા અનુકરણીય સફળતા દર્શાવી છે. લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માળખાકીય વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે.

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત પેટર્ન હેઠળના ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(કરોડમાં રકમ રૂ.)

| વર્ષ | જોગવાઈ | અનુદાન | ખર્ચ. | ગ્રાન્ટ સામે ખર્ચ % | પૂર્ણ કામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૪૧૮.૬૩ | ૪૧૮.૬૩ | ૪૧૪.૯૩ | ૯૯.૧૨ | ૩૬૮૧ |
| ૨૦૧૭-૧૮ | ૪૨૯.૨૯ | ૪૩૦.૪૭ | ૪૨૪.૬૦ | ૯૮.૬૪ | ૫૭૧૩ |
| ૨૦૧૮-૧૯ | ૪૧૮.૫૮ | ૪૧૮.૫૨ | ૪૧૫.૧૮ | ૯૯.૨૦ | ૪૭૭૧ |
| ૨૦૧૯-૨૦ | ૪૨૨.૯૨ | ૪૨૧.૯૦ | ૪૨૧.૬૬ | ૯૯.૯૪ | ૩૯૫૦ |
| ૨૦૨૦-૨૧ | ૪૩૨.૪૧ | ૪૧૬.૪૭ | ૪૧૬.૪૭ | ૧૦૦.૦૦ | ૩૦૩૦ |
| ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૧) | ૪૩૧.૦૦ | ૧૯૫.૨૧ | ૧૦૬.૫૩ | ૫૪.૫૭ | ૩૪૭ |

વર્ષ ૨૦૨૨-૨૩ માટે આદિજાતિ કલ્યાણની યોજનાઓ માટે રૂ.૨૯૦૯.૫૦ કરોડની જોગવાઈ (ચાલુ બાબત) પ્રસ્તાવિત કરવામાં આવેલ છે.

*******

# પ્રકરણ - ૫
# સામાજિક વિકાસ

**પુર્વ ભૂમિકા:**

5.1 સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગથી રાજ્યમાંના અનુસૂચિત જાતિ, સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગો તથા લઘુમતિઓના કલ્યાણ અને આર્થિક પછાત જાતિઓ, દિવ્યાંગો, તેમજ બાળ સુરક્ષા વિગેરે ક્ષેત્રે સઘન કામગીરી કરી સમાજના છેવાડાના માનવી સુધી સરકારશ્રીની તમામ સહાય પહોંચે અને તેઓમાં સમાજના ઉન્નત વર્ગો સાથે સમકક્ષ બની સામાજીક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે કામગીરી કરે છે. રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૬.૭૪ ટકા છે. અનુસૂચિત જાતિની વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૯.૧૮ ટકા છે જે સામાન્ય વર્ગના કરતાં થોડુક વધારે છે. રાજ્યની કુલ વસ્તીના ૫૨.૦૦ ટકા સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિઓ, વિચરતી વિમુક્ત જાતિઓ ૧૧.૦૦ ટકા, લઘુમતિ જાતિઓ ૧૧.૩૩ ટકા છે. આમ રાજ્યનો ખુબ મોટો જન સમુદાયની કલ્યાણકારી યોજનાઓ આ વિભાગ હસ્તક હાથ ધરવામાં આવે છે.

**શૈક્ષણિક યોજનાઓ:**

5.2 અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે ૧૫.૦૦ લાખ રૂપિયાની લોન ૪ ટકાના ખુબ ઓછા વ્યાજના દરે આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના ૧૪૬૫ વિદ્યાર્થીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૨૦૬.૪૪ કરોડ લોન ચુકવવામાં આવેલ છે અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ૨૦૮૫ વિધાર્થીઓને આ યોજનાનો લાભ આપેલ છે અને જેનો ખર્ચ રૂ.૧૪૮.૫૫ કરોડ થયેલ છે.

- રાજ્ય સરકાર તેમજ ભારત સરકાર તરફથી પ્રી. મેટ્રીક શિષ્યવૃતિ તેમજ પોસ્ટ.મેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓને રૂ.૧૦૦૦/- થી ૫૦૦૦/- સુધીની રકમ ચુકવવામાં આવે છે.
- મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા આ વર્ગોના વિધાર્થીઓને રૂ.૩૦૦૦/- થી રૂ.૧૦,૦૦૦/- સાધન સહાય આપવામાં આવે છે.
- ધોરણ-૧૨ ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગના સહયોગથી વિના મુલ્યે ટેબલેટ આપવામાં આવે છે.

- રાજ્યમાં અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના વિધાર્થીઓને રહેવા, જમવા અને ભણવાની વિના મુલ્યે સગવડ મળે તે માટે રાજ્યમાં કુલ ૨૭૫ આશ્રમશાળાઓ, ૧૩૬૦ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તથા ૬૧ આદર્શ નિવાસી શાળાઓ તેમજ ૧૪૮ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે જેમાં અંદાજે ૧,૩૩,૧૮૦ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે.
- રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, આણંદ, ભૂજ, જામનગર, પાટણ અને હિંમતનગર ખાતે અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિના તેમજ અનુસૂચિત જન જાતિના કુલ- ૧૩,૦૦૦ વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓને ઉચ્ચ કક્ષાની રહેવા, જમવા તેમજ ભણવાની સગવડ મળે તે માટે રાજ્ય સરકારે ૨૦ સમરસ છાત્રાલયો કાર્યરત કરેલ છે. જેમાં હાલ ૬૫૦૦ કુમાર અને ૬૫૦૦ કન્યાઓ લાભ લઇ રહ્યા છે.

**આર્થિક ઉત્કર્ષની યોજનાઓ:**

**5.3** અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓના લોકોને નાના ધંધા/રોજગાર માટે ધંધાને અનુરૂપ કિટ્સ આપવામાં આવે છે. છેલ્લા દસ વર્ષમાં અનુસૂચિત જાતિના ૨,૪૭,૯૬૦ લાભાર્થીઓને કિટ્સ આપેલ છે તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓના લોકોને છેલ્લા દસ વર્ષમાં ૨,૩૩,૧૮૭ કિટ્સ આપવામાં આવેલ છે.

- ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ આપી અનુસૂચિત જાતિના ઉમેદવારોને નોકરી મળે તે માટે ૩૦,૭૨૫ ઉમેદવારોને રૂ.૧૪૬.૩૭ કરોડના ખર્ચે તાલીમ આપવામાં આવેલ છે.
- અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓના લોકોને વકીલાત તથા મેડિકલના વ્યવસાય માટે લોન સહાય આપવામાં આવે છે.
- વિભાગ હસ્તક કુલ નવ નિગમો કાર્યરત છે. જે અનુસૂચિત જાતિના ઉમેદવારો તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ તેમજ આર્થિક પછાત જાતિઓના, લઘુમતિ જાતિઓ, વિચરતી અને વિમુક્ત જાતિઓના લોકોના આર્થિક ઉત્થાનની પ્રવૃતિઓ તેમજ પુન:સ્થાપનની પ્રવૃતિઓ માટે ધિરાણ તેમજ સહાય આપે છે.

**ગૃહ નિર્માણ યોજના:**

**5.4** ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓના છેલ્લા દસ વર્ષમાં ઘર બાંધવા માટે ૬૮,૧૬૨ લાભાર્થીઓને રૂ.૨૬૩.૩૬ કરોડની સહાય આપવામાં આવેલ છે.

પંડીત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત તથા લઘુમતિઓના ૧.૭૮ લાખ લાભાર્થીઓને રૂ.૭૫૧.૧૨ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**તબીબ સહાય યોજના:**

5.5 આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓના ૬૦,૧૯૬ દર્દીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૨૬.૩૧ કરોડની સહાય આપવામાં આવેલ છે.

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના ૨,૬૧,૯૮૭ દર્દીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૧૧૨.૧૯ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**કુંવરબાઇ મામેરા યોજના:**

5.6 આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓની ૫૭,૨૦૫ કન્યાઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૫૫.૨૨ કરોડની સહાય આપવામાં આવેલ છે.

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિની ૧,૪૭,૦૬૮ કન્યાઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૧૪૧.૧૯ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય યોજના :**

5.7 અનુસૂચિત જાતિઓની ૬,૦૦૩ લાભાર્થીઓને છેલ્લા દસ વર્ષમાં રૂ.૩૮.૦૩ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**ડૉ.આંબેડકર ભવન :**

5.8 સામાજીક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે જીલ્લા મથકોએ હાલ ૨૪ ડૉ.આંબેડકર ભવનો બાંધવામાં આવેલ છે તથા અનુસૂચિત જાતિના તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે કુલ ૭૭ સરકારી છાત્રાલયોનું બાંધકામ થયેલ છે અને કુલ ૩૮ નિવાસી શાળાઓના મકાનોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**પત્રકારીત્વ અને સાહીત્ય કલા ક્ષેત્રે એવોર્ડ:**

5.9 અનુસૂચિત જાતિના વ્યક્તિઓ માટે સામાજીક સેવા, પત્રકારત્વ અને સાહિત્ય કલા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને/સંસ્થાઓને જુદા જુદા ક્ષેત્રે રૂ.૫૦,૦૦૦/- થી રૂ.૨.૦૦ લાખ સુધીના એવોર્ડ આપવામાં આવે છે.

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વ્યકિતઓ / સંસ્થાઓને સામાજીક સેવા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને/સંસ્થાઓને જુદા જુદા ક્ષેત્રે રૂ.૧.૦૦ લાખ સુધીના એવોર્ડ આપવામાં આવે છે.

**અત્યાચાર નિવારણ ક્ષેત્રે કામગીરી :**

5.10 અનુસૂચિત જાતિના વ્યક્તિઓ પર થતાં અત્યાચારના બનાવો સંદર્ભે અનુસૂચિત જાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૯ અંતર્ગત જાહેર થયેલ નિયમો અન્વયે સહાયની રકમમાં વધારો કરવામાં આવેલ છે તથા આ બાબતે નિયમિત પણે રાજય કક્ષા, જીલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ જરૂરી બેઠકો મળે છે.

**સમાજ સુરક્ષા ક્ષેત્રે:**

5.11 સમાજ સુરક્ષા ક્ષેત્રે ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૮,૭૦,૨૫૦ લાભાર્થીઓને કુલ રૂ.૫૩૨૦૬.૨૫ લાખ ડિપાર્ટમેન્ટ દ્વારા પેન્શન ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.

- રાજય સરકારની નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૧,૩૦,૫૦૨ લાભાર્થીઓને કુલ રૂ.૮૦૦૯.૪૨ લાખ ડિપાર્ટમેન્ટ દ્વારા પેન્શન ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય કુટંબ સહાય યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં રાજ્યના કુલ ૫,૯૯૫ લાભાર્થીઓને સહાય સ્વરૂપે કુલ રૂ.૧૧૯૯.૦૦ લાખની સહાય ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.
- રાજયના અનાથ બાળકોને પાલક માતા –પિતા યોજના અંર્તગત માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૧૭,૮૮૩ જેટલા બાળકોને સંસ્થાને બદલે તેમના કુંટુબમાં પુન:સ્થાપન અર્થે કુલ રૂ.૪૨૨૪.૦૦ લાખની સહાય ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.
- શેરો પોઝીટીવ ઇલનેશ યોજના હેઠળ (એચ.આઇ.વી. એઇડસથી અસરગ્રસ્ત) બાળકોને અભ્યાસ અર્થે શિષ્યવૃતિ આપવાની યોજના અન્વયે માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ.૩,૧૩૬ બાળકોને રૂ.૮૭.૭૬ લાખની સહાય ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.
- વિભાગ દ્વારા કેદી સહાય યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૨૬૬ લાભાર્થીઓને કુલ રૂ.૬૬.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવેલ છે.
- સમાજ સુરક્ષા ક્ષેત્રે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ તથા તેમના માતા-પિતાને માસિક રૂ.૧૦૦૦/- નું પેન્શન આપવાની યોજના અમલમાં છે.

- સમાજ સુરક્ષા ક્ષેત્રે ટ્રાન્સજેન્ડર વિધ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના અમલમાં છે.
- ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૧૭,૭૬૭ દિવ્યાંગોને કુલ રૂ.૮૧૯.૯૮ લાખ ડિપાર્ટમેન્ટ દ્વારા પેન્શન ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.
- રાજય સરકારની સંત સુરદાસ યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં રાજયના કુલ-૨૫,૫૫૧ દિવ્યાંગોને સહાય સ્વરૂપે કુલ રૂ.૧૨૦૫.૦૬ લાખની સહાય ડી.બી.ટી. મારફતે ચૂકવવામાં આવેલ છે.
- રાજયના દિવ્યાંગ વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત રાજય સરકારની દિવ્યાંગ શિષ્યવૃત્તી યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૭,૩૫૩ દિવ્યાંગોને કુલ રૂ.૭૮.૬૩ લાખ ડિપાર્ટમેન્ટ દ્વારા ડી.બી.ટી. મારફતે શિષ્યવૃત્તી ચૂકવવામાં આવેલ છે.
- દિવ્યાંગોને એસ.ટી.બસમાં મફત મુસાફરીની યોજના હેઠળ રાજયના કુલ ૩,૦૬,૭૧૫ દિવ્યાંગજનોને કુલ રૂ.૧૪૪૦.૦૦ લાખ રાજય માર્ગ પરિવહન નિગમને ચુકવવામાં આવ્યા છે. જી.એસ.આર.ટી.સી.ની તમામ બસોમાં વિનામુલ્યે આજીવન મુસાફરી પાસ ઇસ્યુ કરેલ છે.
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં રાજ્યના કુલ ૭૯૮ દિવ્યાંગજનોને લગ્ન સહાય સ્વરૂપે રૂ.૩૯૯.૦૦ લાખની સહાય ડી.બી.ટી મારફતે ચુકવવામાં આવેલ છે.
- ૫.૩૬ દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં રાજયના કુલ ૮,૭૯૬ દિવ્યાંગોને સાધન સહાય સ્વરૂપે મંજુર કરેલ છે.
- નિરામયા હેલ્થ ઇન્સ્યોરન્સ યોજના હેઠળ માહે નવેમ્બર-૨૦૨૧ અંત સુધીમાં કુલ ૩,૯૮૪ લાભાર્થીઓને વિમા પોલીસી હેઠળ આવરી લેવાયેલ છે. જેના માટે કુલ રૂ.૧૨.૪૧ લાખ ખર્ચ થયેલ છે.

*****

# પ્રકરણ - ૬
# જેન્ડર ફોક્સ

**પોષણ (આઈસીડીએસ)**

6.1 મહિલાઓ, કિશોરીઓ અને બાળકો માટે આરોગ્ય પોષણ, પૂર્વ શાળા શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરીને ભારત સરકારના સહયોગથી સંકલિત બાળ વિકાસ સેવા યોજના (આઈસીડીએસ) રજુ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત નીચે પ્રમાણેની સેવાઓ આપવામાં આવે છે.

- પૂરક પોષણ
- રસીકરણ
- આરોગ્ય તપાસ
- સંદર્ભ સેવાઓ
- પૂર્વ પ્રાથમિક શિક્ષણ
- આરોગ્ય અને પોષણ વિષયક શિક્ષણ

**6.2 સરકારે પૂરક પોષણ માટેની દૈનિક ખર્ચ મર્યાદા અને કેલરી-પ્રોટીનની માત્રાનાં ધોરણો નીચે મુજબ નકકી કરેલ છે.**

- ૬ માસથી ૬ વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ રૂ.૮.૦૦ ના ખર્ચની મર્યાદામાં ૫૦૦ કેલરી અને ૧૨-૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તે મૂજબ પૂરક પોષણ આપવામાં આવે છે. (જેમાં ૫૦% કેન્દ્ર સરકારના અને ૫૦% રાજ્ય સરકારના ભાગ મૂજબ રૂ.૪.૦૦ રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૪.૦૦ કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.)
- ૬ માસથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો ને પ્રતિ દિન પ્રતિ લાભાર્થી રૂ.૧૨/- ની મર્યાદામાં ૮૦૦ કેલરી અને ૨૦-૨૫ ગ્રામ પ્રોટીન આપવામાં આવે છે. પુરક પોષણ યોજના માટે ૫૦%-૫૦% સેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.૬/- રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૬/- કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.
- સગર્ભા અને ધાત્રી માતા માટે પ્રતિ-દિન પ્રતિ લાભાર્થી રૂ.૯.૫/- ની મર્યાદા ૧૮-૨૦ ગ્રામ પ્રોટીન અને ૬૦૦ કેલરી મળી રહે તે મુજબ પૂરક- પોષણ આપવાનું થાય છે. પૂરક પોષણ યોજના માટે ૫૦%-૫૦% સેરીંગ પેટર્ન પ્રમાણે રૂ.૪.૭૫ રાજ્ય સરકાર દ્વારા અને રૂ.૪.૭૫/- કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચ કરવાનો રહેશે.

**રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાઓ:-**

***પૂરક પોષણ માટે:**

6.3 સુક્ષ્મ પોષક તત્વોયુકત ટેક હોમ રેશનનું વિતરણ કરવામાં આવે છે

- રાજયના ૨૦ જિલ્લાના ૫૦ આદિજાતિ તાલુકાઓના ૮૩ ઘટકો અને રાજ્યના ૨૨ વિકાસશીલ તાલુકાઓના ૨૬ ઘટકોમાં અમલમાં છે. આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિ.લી. પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ અને સગર્ભા, ધાત્રી માતાઓને અઠવાડીયામાં ૨ દિવસ ૨૦૦ મી.લિ. પેશ્ચુરાઇઝડ ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે.
- ૫ જિલ્લાના ૧૦ ઘટકમાં સ્પોટ ફિડીંગ યોજના અંતર્ગત એક સમય પુરુ ભોજન સગર્ભાઅને ધાત્રી માતાને આંગણવાડી કેન્દ્ર ઉપર આપવામાં આવે છે.
- સુક્ષ્મ પોષક તત્વો આયર્ન અને આયોડિનની ઉણપને દૂર કરવા તમામ આંગણવાડીઓમાં આહારમાં સત્વ ડબલ ફોર્ટીફાઇડ મીઠું નો ઉપયોગ અને કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને ટેક હોમ રેશન તરીકે પ્રતિ માસ પ્રતિ લાભાર્થીઓને ૧ કિ.ગ્રા. સત્વ મીઠાનું વિતરણ કરવામાં આવે છે.

**પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે:**

6.4 પ્રોજેક્ટ "પા પા પગલી" નો વર્ષ:૨૦૨૧-૨૨ માં રૂ.૫૧૨.૪૨ લાખ નવી બાબત તરીકેનું બજેટ મંજુર કરેલ છે.

- આ યોજના દ્વારા આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને જીવનના મહત્વના વર્ષોમાં તેમના ગુણવત્તાપુર્ણ જીવન માટેનો મજબુત પાયો નંખાય છે.
- બાળકનો સર્વાંગી વિકાસ થાય અને તેઓ શાળાકીય શિક્ષણ માટે તૈયાર થાય તેવો મહત્વકાંક્ષી લક્ષ્ય ગુજરાત સરકારે રાખ્યો છે.
- પા પા પગલી હેતુ: આંગણવાડીના ૩ થી ૬ વર્ષના તમામ બાળકોનો સર્વાંગી વિકાસ અને શાળા સજ્જતા.

**પા પા પગલીનો લક્ષ્યાંક:**

- o નોંધાયેલ બાળકોની હાજરીમાં વધારો
- o આંગણાવાડીના ૩ થી ૬ વર્ષના બાળકોનું ડેવલોપમેન્ટ અસેસમેન્ટ
- o ૪ થી ૫ વર્ષના બાળકોની બાલવાટિકા પ્રવેશ માટેની સજ્જતા
- o આંગણવાડીની લોકપ્રિયતા વધારવા વાલીની ભાગીદારી અને જન સામુદાયિક કાર્યક્રમો

**અન્ય સુવિધાઓ:**

- "પૂર્વ પ્રાથમિક શિક્ષણ કીટ" આંગણવાડી કેન્દ્રોમાં પૂરી પાડવી.
- નેશનલ ઇ.સી.સી.ઇ કરીક્યુલમ પ્રમાણે - ગુજરાતની આંગણવાડી માટે ઇ.સી.સી.ઇ અભ્યાસક્રમ તૈયાર કરી અમલ કરવામાં આવેલ છે.
- આંગણવાડી વર્કર માટેની એક્ટિવીટી બેન્ક અને બાળકો માટેની એક્ટિવીટી બુક તમામ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવેલ છે.
- ડેવલોપમેન્ટલ અસેસમેન્ટ ટુલ "મારી વિકાસ યાત્રા" માં ૩ થી ૬ વર્ષના આંગણવાડીમાં આવતા તમામ બાળકના સર્વાંગી વિકાસની નોંધ કરવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના આંગણવાડીમાં આવતા બાળકોને વાર્ષિક ૨ (બે) જોડી ગણવેશ આપવામાં આવેલ છે.

  ઇ.સી.સી.ઇ અભ્યાસક્રમના અસરકારક અમલીકરણ માટે આઇસીડીએસ મહિલા અને બાળ વિકાસના તમામ ફિલ્ડ સ્ટાફ અને આંગણવાડીને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.

**તાલીમ, એડવોકસી, આઇ.ઇ.સી.:**

**6.5** વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ બાબતની કુલ ૬૨૦૫ આંગણવાડી કાર્યકર, તેડાગર અને મુખ્ય સેવિકા બહેનોની જોબ/ઓરીએન્ટેશન તાલીમ કરવા માટે કુલ રૂ.૪૨૦.૮૧ લાખની (૬૦:૪૦ મુજબ) જોગવાઇ કરવામાં આવેલ છે.

- ૩૪૨૮ આંગણવાડી તેડાગરની બહેનોની રસોઇ તાલીમ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ બાબતની કુલ રૂ. ૨૮.૫૬ લાખની (૧૦૦% સ્ટેટ બર્ડન) જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજયમાં ૯૫૫૯ આંગણવાડી કાર્યકર બહેનોને શિશુ અને નાના બાળકોની ખોરાક પ્રથાની તાલીમ (IYCF) માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ બાબતની રૂ.૨૬૩.૧૧ લાખની (સ્ટેટ બર્ડન) જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજયમાંથી ૧૦૦ આંગણવાડી કાર્યકર બહેનો માટે ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા CCCD કોર્સ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ચાલુ બાબતની રૂ.૧.૦૦ લાખની (૧૦૦% સ્ટેટ બર્ડન) જોગવાઇ કરવામાં આવેલ છે. જેથી કરીને આંગણવાડી કાર્યકર બહેનો વધુ સારી રીતે બાળવિકાસ અને પોષણની માહિતી મેળવી શકે.
- રાજય સરકાર દ્વારા રૂ.૧૦૦૦.૦૦ લાખનું બજેટ ચાલુ બાબત તરીકે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આઇ.ઇ.સી. પ્રવૃતિઓ માટે જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇનો ઉપયોગ લોકોમાં જનજાગૃતિ રાજ્ય અને જીલ્લામાં કરવાની કામગીરી માસ મિડિયા, પ્રિન્ટ મિડિયા, સોશિયલ મિડિયા અને આઇઇસી મટરીયલના માધ્યમોથી કરવામાં આવશે.

**આંગણવાડી કાર્યકર અને તેડાગરને પ્રોત્સાહીત કરવા:**

6.6 આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો માટે ગણવેશ તરીકે સાડી

- આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરના માનદવેતનમાં વધારો કરવામાં આવેલ છે. એટલે હવે આંગણવાડી કાર્યકરોને રૂ.૭૮૦૦/-, મીની આંગણવાડી કાર્યકરને રૂ.૪૪૦૦/- અને આંગણવાડી તેડાગરને રૂ.૩૯૫૦/- નું માસિક માનદ વેતન નક્કી કરવામાં આવેલ છે.
- આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને જોબ તથા રિફ્રેશર તાલીમ આપવા માટે મોડ્યુલ્સ તૈયાર કરવામાં આવેલ છે.
- માતા યશોદા પુરસ્કાર
- માતા યશોદા ગૌરવ નિધિ વિમા યોજના

**આંગણવાડી કેન્દ્રની માળખાકીય સુવિધા:**

6.7 આંગણવાડી કેંદ્રોનું બાંધકામ: રાજયના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાન ન ધરાવતા આંગણવાડી કેંદ્રોને પોતાના નવા મકાનોના બાંધકામ માટે મનરેગા હેઠળ આયોજન કરવામાં આવે છે. એક આંગણવાડીની યુનિટ કોસ્ટ રૂ.૭.૦૦ લાખ છે. મનરેગા દ્વારા રૂ.૫.૦૦ લાખ, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રૂ.૨.૦૦ લાખ જેમાં રાજ્ય અને કેંદ્ર સરકારનો હિસ્સો ૫૦%-૫૦% છે.

- આંગણવાડી કેંદ્રોનું અપગ્રેડેશન: રાજયના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાનો ધરાવતા આંગણવાડી કેંદ્રોના અપગ્રેડેશન માટે ભારત સરકાર દ્વારા અપગ્રેડેશનને પાત્ર કેંદ્રો માટે આંગણવાડી દીઠ રૂ.૨.૦૦ લાખ આપવામાં આવે છે. જેમાં રાજ્ય અને કેંદ્ર સરકારનો હિસ્સો ૪૦:૬૦% મુજબ હોય છે.
- આંગણવાડી કેંદ્રોનું રીપેરીંગ:- રાજયના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાનો ધરાવતા આંગણવાડી કેંદ્રોના નાના-મોટા રીપેરીંગ માટે ભારત સરકાર દ્વારા પ્રતિ આંગણવાડી દીઠ રૂ.૩૦૦૦.૦૦ (રૂપિયા ત્રણ હજાર પુરા) આપવામાં આવે છે. જેમાં રાજ્ય અને કેંદ્ર સરકારનો હિસ્સો ૪૦:૬૦% મુજબ હોય છે.
- આંગણવાડી કેંદ્રોના મકાનનું ભાડું: રાજયમાં ચાલતા આંગણવાડી કેંદ્રો પૈકી જ્યાં કોઇપણ પ્રકારના મકાનની વ્યવસ્થા ના હોય ત્યાં ભાડાના મકાનમાં આંગણવાડી ચલાવીને પોષણ અને આરોગ્યની સેવાઓ આપવામાં આવે છે. ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓને કેંદ્ર સરકાર દ્વારા મંજુર કર્યા મુજબ પ્રતિ માસ ગ્રામ્ય (જનરલ અને ટ્રાયબલ) રૂ.૧૦૦૦/-, શહેરી વિસ્તાર (જનરલ અને ટ્રાયબલ) રૂ.૩૦૦૦/- અને મેટ્રોપોલિટન શહેર રૂ.૬૦૦૦/- મકાન ભાડું ચુકવવામાં આવે છે.

- આંગણવાડી કેંદ્રોમાં વીજળી, પાણી અને સેનીટેશનની સુવિધા:રાજયમાં ચાલતી આંગણવાડીઓમાં વીજ કનેકશન માટે રૂ.૫૦૦૦/-, પીવાના પાણીની સુવિધા માટે રૂ.૧૦,૦૦૦/- અને સેનીટેશન માટે રૂ.૧૨,૦૦૦/- મુજબ સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવે તેમ ગ્રાંટ ફાળવવામાં આવે છે.

**યોજના**

6.8 **SAG "સ્કીમ ફોર એડોલસન્ટ ગર્લ્સ" યોજના:** ભારત સરકારના ૦૨/૦૪/૨૦૧૮ ના આદેશથી સમગ્ર રાજ્યમાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ (એસ.એ.જી) યોજના અમલમાં છે. આ યોજના હેઠળ કિશોરીઓને પુરક પોષણ અને પોષણ સિવાયની સેવાઓનો લાભ આપવામાં આવે છે. પુરક પોષણ સેવામાં ટી.એચ.આર આપવામાં આવે છે અને પોષણ સિવાયની સેવામાં પોષણ આરોગ્ય શિક્ષણ, જીવન કૌશલ્યની તાલીમ અને જાહેર સેવાનો લાભ આપવામાં આવે છે. ઓગસ્ટ - ૨૦૨૧ મુજબ ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી ૪૪,૫૪૧ કિશોરીઓ નોંધાયેલ છે, જે મુજબ વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂ.૧૬૫૧.૨૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**પૂર્ણા યોજના:** સમગ્ર રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલમાં છે. આ યોજના હેઠળ કિશોરીઓને પુરક પોષણ અને પોષણ સિવાયની સેવાઓનો લાભ આપવામાં આવે છે. પુરક પોષણ સેવામાં ટી.એચ.આર આપવામાં આવે છે અને પોષણ સિવાયની સેવામાં વ્યવસાયિક તાલીમ, પોષણ આરોગ્ય શિક્ષણ, જીવન કૌશલ્યની તાલીમ અને જાહેર સેવાનો લાભ આપવામાં આવે છે. ઓગસ્ટ - ૨૦૨૧ મુજબ ૧૫ થી ૧૮ વર્ષની ૧૧,૯૭,૨૬૬ કિશોરીઓ નોંધાયેલ છે, જે મુજબ વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂ.૪૦૫૬૮.૧૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

**આધાર એનરોલમેન્ટ**

6.9 મહિલા અને બાળ વિકાસ વિભાગ આંગણવાડી કક્ષા હેઠળ લાભાર્થીઓના આધાર નોંધણી માટેની કામગીરી કરી રહ્યું છે.

- સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત ગ્રામ્યસ્તરે કાર્યરત આંગણવાડી સાથે જોડાયેલ ૦ થી ૫ વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા/ધાત્રી માતાઓની આધાર નોંધણી માટે બ્લોક કક્ષાએ આધાર એનરોલમેન્ટ કીટ આપવામાં આવેલ છે, જે અંતર્ગત લેપટોપ બેઝ કીટ અને ડેસ્કટોપ બેઝ કીટ આપવામાં આવેલ છે.

- જીલ્લાના ૪૨૬ બ્લોક કક્ષાએ ૭૬૨ આધાર કીટ પર આધાર નોંધણીની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- કેમ્પ મોડમાં જિલ્લા પ્રોગ્રામ અધિકારીઓ દ્વારા બનાવવામાં આવેલ રૂટ પ્લાનના આધારે ઓપરેટર આધાર કિટ પર આધાર નોંધણીનું કાર્ય કરે છે. ઓપરેટર તેના બ્લોક અંતર્ગત આવતી આંગણવાડીમાં આધાર નોંધણી શિબિર અંગે અગાઉથી આંગણવાડી કાર્યકરો અને તેડાગરને માહિતી આપે છે.
- યુ.આઇ.ડી.એ.આઇ. ના તા.૦૯/૦૫/૨૦૨૦ ના ઓફિસ મેમોરેંડમ અનુસાર, નોંધણી કેન્દ્રો પર વિવિધ આધાર સેવાઓ માટે નિવાસીઓ માટે લાગુ કરવાના શુલ્કઃ-

| સેવાઓ | રજિસ્ટ્રાર/ઇએ (જીએસટી સહિત) દ્વારા રહેવાસીઓ પાસેથી વસૂલવાની ફીનો દર |
|---|---|
| આધાર નોંધણી | વિના મૂલ્યે |
| ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (MBU) / MBU સાથે ડેમોગ્રાફિક અપડેટ | વિના મૂલ્યે |
| બાયમેટ્રિક અપડેટ/બાયમેટ્રિક અપડેટસાથે ડેમોગ્રાફિક અપડેટ * | રૂ.૧૦૦ |
| ડેમોગ્રાફિક અપડેટ * | રૂ.૫૦ |

કુલ ૨૮.૦૭ લાખ આધાર કાર્ડ WCD અંતર્ગત ECMP કીટ દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૧ સુધીમાં જનરેટ કરવામાં આવેલ છે.

**6.10** સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ વર્ષ:૨૦૨૧-૨૨ થી કુલ ૪૨૬ ઘટકો અને ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો પૈકી કુલ ૧૩૮૨૧આંગણવાડી કેન્દ્રો આદિજાતિ વિસ્તારમાં, ૪૭૮૮ આંગણવાડી કેન્દ્રો શહેરી અને ૩૪૪૨૦ આંગણવાડી કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારોમાં મંજુર કરવામાં આવેલ છે. માર્ચ-૨૦૨૧ ના અંત સુધીમાં ૪૨૬ ઘટકો અને ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત થયેલ છે.

- આઇ.સી.ડી.એસ. હેઠળ વર્ષ:૨૦૨૨-૨૩ માંકુલ રૂ.૨,૯૩,૩૬૨.૭૩ લાખની બજેટ જોગવાઇ ચાલુ બાબતમાં કરવામાં આવી છે.

**મહિલા વિંગ**

**6.11** કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની સ્થાપના-૧૯૮૮ થી કરવામાં આવેલ છે અને તે મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ નીચે મહિલા વિકાસની પ્રવૃતિઓ માટે કાર્યરત છે.

**યોજનાઓના મુખ્ય ધ્યેયો :**

- મહિલાઓ સામાજિક, આર્થિક, કૌટુંબિક અને કાયદાકીય પ્રશ્નોમાં માર્ગદર્શન પુરૂ પાડવું.
- સરકારી, બિન-સરકારી, ઓદ્યૌગિક ગૃહોમાં ઉપલબ્ધ રોજગારીની જાણકારી આપવી તેમજ વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા.
- દહેજ, મહિલા અત્યાચાર, ભરણપોષણ, કુટુંબ ક્લેશ, પતિ-પત્નિના કૌટુંબિક વિખવાદો તથા અન્ય સામાજિક પ્રશ્નોમાં અટવાયેલ, મુંઝાયેલ મહિલાઓના માર્ગદર્શન અને કાનુનિ સહાય દ્વારા પ્રશ્નોમાં ઉકેલ માટેના પ્રયત્નો કરવા, કેન્દ્રએ કાનુનિ સત્તામંડળના સહયોગમાં કાનુનિ સહાય કરવી.

**મહિલા મંડળ**

**6.12** મહિલા મંડળો દ્વારા મહિલાઓને સિવણ, ભરત ગુંથણ તેમજ એમ્બ્રોયડરી અંગેની તાલીમ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧ અંતિત) દરમ્યાન કૂલ ૧૬૨૫ લાભાર્થીઓએ તાલીમ લીધેલ છે. હાલમાં કૂલ ૧૨ મહિલા મંડળો કાર્યરત છે જેઓને ખર્ચ પેટે ૯૦ ટકા લેખે અનુદાન મંજુર કરવામાં આવે છે. ઓડીટ થયા બાદ અનુદાનનું ચુકવણું કરવામાં આવે છે.

**કુટુંબ સલાહ કેન્દ્ર**

**6.13** કૌટુંબિક તેમજ સામાજિક વિવાદને લગતા પ્રશ્નમાં માર્ગદર્શન અને નિરાકરણ માટેસમાધાન કરાવવા માટે કુટુંબ સલાહ કેન્દ્રોની યોજના અમલમાં છે. ૨૦૧૮-૧૯ થી દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીઓની કચેરીમાં આ કુટુંબ સલાહ કેંદ્રોનાં સામાજિક કાર્યકરોની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે આથી ઘરેલું હિંસા હેઠળ કામગીરી કરવામાં મદદરૂપ થવાઅંગે સામાજિક કાર્યકરો કાર્યરત છે. હાલમાં કૂલ ૦૪ કુટુંબ સલાહ કેંદ્રો કાર્યરત છે. કેન્દ્રદીઠ એક (૧) સામાજિક કાર્યકર ફરજ બજાવે છે. જેઓને પગારનાં ખર્ચ પેટે ૯૦ ટકા લેખે રાજ્ય સરકાર દ્વારા અનુદાન મંજુર કરવામાં આવે છે.

### સ્વધારગૃહ

**6.14** ભારત સરકારની નવી માર્ગદર્શિકા મુજબ સ્વધાર શેલ્ટર હોમ અને શોર્ટ સ્ટે હોમ ને "સ્વધાર ગૃહ"માં રૂપાંતરિત કરવામાં આવેલ છે.શેલ્ટર હોમ દ્વારા પીડિત મહિલાઓને રહેવાની સગવડ તથા પુનર્વસનના પ્રયત્નો હાથ ધરવાની સાથે મુશ્કેલભરી સ્થિતિમાં મુકાયેલ મહિલાઓના સામાજિક તેમજ આર્થિક ઉત્થાન કરવામાં આવે છે.હાલ કાર્યરત સ્વધાર યોજના અને શોર્ટ સ્ટે હોમ યોજનાનુ એકીકરણ કરીને ભારત સરકાર દ્વારા પિડીત મહિલાઓને રહેઠાણ અને ન્યૂનતમ જરૂરીઆત પુરી પાડવા નવી યોજના "સ્વધાર ગૃહ"અમલમા મુકવામા આવી છે. ભારત સરકારે ૬૦% અને રાજ્ય સરકારશ્રીએ ૪૦% ફાળો આપવાનો થાય છે. રાજ્યમાં ૦૭ સ્વધાર ગૃહ કાર્યરત છે: અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, પાટણ, ડાંગ, જુનાગઢ.

### વર્કિંગ વુમન હોસ્ટેલ

**6.15** ભારત સરકાર પુરસ્કુત યોજના છે. કામ કરતી મહિલા, વિધવા, નિરાધાર, છૂટાછેડા લીધેલ, જુદી રહેતી પરણિત સ્ત્રીઓ, માટે રહેઠાણની વ્યવસથા છે. NGO, ઉધોગગૃહો, રાજ્ય સરકાર સંચાલિત નિગમો, રાજય સરકાર, યુનિવર્સીટી, સામાજિક સ્વરાજયની સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, વગેરે સંસ્થાઓ બાંધી શકે. અમદાવાદ-૪, વડોદરા -૩, સુરત-૨, રાજકોટ-૨, ભાવનગર-૧, જામનગર-૧, કચ્છ-૧, મહેસાણા-૧, ગાંધીનગર-૧ મળી હાલ રાજ્યમાં ૧૬ વર્કિંગ વિમેન હોસ્ટેલ કાર્યરત છે. કેંદ્ર / રાજયનો તથા સંસ્થાનો હિસ્સો ૬૦:૧૫:૨૫ લેખે રહેશે. સુરત મહાનગરપાલિકા દ્વારા ૦૧ વર્કિંગ વુમન હોસ્ટેલ કાર્યરત કરવામાં આવેલ છે.

### મલ્ટી પર્પઝ વિમેન વેલ્ફેર સેન્ટર (વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર):

**6.16** વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના ૨૦૦૬ થી અમલમાં છે. રાજ્યના છેવાડાના ગામની મહિલાઓની સમાજિક આર્થિક તેમજ કાનુની સમસ્યાઓ અને તેને સંલગ્ન બાબતોમાં સ્થાનિક સ્તરે એક જ સ્થળેથી માર્ગદર્શન અને જરૂર જણાયે સહાય પુરી પાડવાના હેતુથી રાજ્યમાં જિલ્લા તેમજ તાલુકા સ્તરે વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે. હાલમાં ૨૬૪ મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે. વર્ષ ૨૧-૨૨ (નવેમ્બર-૨૦૨૧અંતિત)માં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોમાં સામાજિક હેતુસર ૧,૦૮,૯૭૩, કાયદાકીય હેતુસર ૪૬,૩૧૨, રોજગારલક્ષી ૭૯,૮૮૩ અને અન્ય હેતુસર ૮૬,૮૪૮ એમ કુલ ૩,૨૨,૦૧૬ મહિલા લાભાર્થીઓને લાભ આપેલ છે.

**ઘરેલું હિંસા સામે મહિલાઓને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૦૫:**

**6.17** રાજય સરકારે મહિલાઓ ઉપર થતી ઘરેલું હિંસાના અટકાવ માટે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અમલી બનાવેલ છે. કુટુંબમાં થયેલ કોઇપણ જાતની હિંસાનો ભોગ બનેલ મહિલાઓને તથા તે સાથે સંકળાયેલ બાબતોમાં અસરકારક રક્ષણ પુરૂ પાડે છે. હાલમાં ૨૬૬ સર્વિસ પ્રોવાઇડરની નિમણુંક આપેલ છે.

**૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન:**

**6.18** ૧૮૧ અભયમની સેવાને રાજ્યવ્યાપી સમગ્ર ૩૩ જિલ્લાઓમાં કાર્યરત કરવામાં આવેલ છે જેમાં મુશકેલ અને વિપરીત પરિસ્થિતીમાં મુકાયેલ; રાજ્યને મહિલાઓને બચાવ અને માર્ગદર્શનની કામગીરી કરવામાં આવે છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનના અધ્યતન મોબાઈલ એપ્લિકેશનનું લોકાર્પણ માન. મુખ્યમંત્રી,ગુજરાતના વરદ હસ્તે તા ૬ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. તેમજ બિન જરૂરી ફોન કોલ કે મેસેજ દ્વારા મહિલાની પજવણીના કેસમાં પોલીસ સ્ટેશને ગયા વગર ઘેરબેઠા સમસ્યાના નિરાકરણ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં અધ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને પોલીસ એક્શન ડેસ્કને સક્રિય રીતે કાર્યરત કરવામાં આવે છે.વધુમાં વધુ બહેનો સુધી આ યોજનાનો લાભ પહોચાડી શકાય. તેમજ હિંસા સામે અસરકારક અને ત્વરિત પગલા લઈ શકાય.

**નિરાધાર વિધવા મહિલાઓના પુન:સ્થાપન માટે નાણાંકીય સહાય યોજના**

**ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના:**

**6.19** ૧૯૭૯ના વર્ષથી યોજનાનો આરંભ થયેલ છે. તા.૦૮/૦૩/૨૦૧૯ના ઠરાવથી સહાયમાં રૂ.૨૫૦/-નો વધારો કરી રૂ.૧૨૫૦ તમામ ગંગા સ્વરૂપા બહેનોને આપવામાં આવે છે. ૨૧ વર્ષનો પુત્ર થતાં સહાય બંધ કરવામાં આવતી હતી તે શરત રદ કરી આજીવન સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- હોવી જોઈએ. વિધવા લાભાર્થીના ખાતામાં DBT મારફતે રકમ જમા કરાવી સહાયની ચુકવણી કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં ૧૦.૭૨/- લાખ (નવેમ્બર ૨૦૨૧ અંતિત સુધી) જેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવેલ છે.

### ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના:

**6.20** ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના અંતર્ગત ગંગા સ્વરૂપા બહેનોને સામાજિક અને આર્થિક સુરક્ષા નિશ્ચિત થાય તે ગંગા સ્વરૂપા મહિલાઓને પુનઃલગ્નને પ્રોત્સાહન આપવા આ યોજના અમલમાં છે ૧૮ થી ૫૦ વર્ષની ઉમરની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ લાભ મેળવતા લાભાર્થી પુનઃલગ્ન કરનાર ગંગા સ્વરૂપા મહિલા આયોજનનો લાભ લઇ શકશે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રૂ. ૨૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ. સદર યોજના હેઠળ રૂ.૨૮.૫૦ લાખ (નવેમ્બર-૨૦૨૧ અંતિત) ખર્ચ થયેલ છે અને વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૨૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

### વિધવા તાલીમ યોજના:

**6.21** વિધવા બહેનોને તાલીમ દ્વારા પુનઃ સ્થાપન કરવા આ યોજના અમલમાં આવેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા:૧૫-૦૧-૨૦૨૦ના ઠરાવથી કૌશલ્ય વર્ધન કેન્દ્ર મારફતે તાલીમ આપવા નિર્ધારિત થયેલ છે. તે તાલીમ ૧૮ થી ૫૦ વર્ષની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી વિધવાઓને પુનઃ સ્થાપન માટે તાલીમ આપવામાં આવે છે. તાલીમમાં હાજર દિવસો મુજબ પ્રતિ દિન લેખે રૂ.૨૦/-નુ સ્ટાઈપેન્ડ (વધુમા વધુ ૩માસ માટે) આપવામાં આવે છે. સફળતા પુર્વક તાલીમપુર્ણ કર્યા બાદ લાભાર્થીને સ્વરોજગાર કિટ પણ આપવામાં આવે છે. તેથી તે સ્વરોજગાર મેળવી શકે.

### ગુજરાત રાજ્ય મહિલા આયોગ:

**6.22** ગુજરાત રાજ્ય મહિલા આયોગ સને ૨૦૦૨ નાં અધિનિયમ અંતર્ગત ૨૦૦૫ થી કાર્યરત છે. આયોગનું મુખ્ય કામ મહિલાઓના બંધારણીય હકકોની સુરક્ષાનું છે અને તે મહિલાઓની આર્થિક, સામાજીક અને શૈક્ષણિક દરજ્જામાં સુધારો આવે તે માટે પ્રયત્નશીલ રહે છે.

- રાજ્ય મહિલા આયોગની ભુમિકા હંમેશા સ્થિતિ સુધરે અને મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નોમાં ઉદ્દીપક તરીકે કામ કરવાનું છે. મહિલાઓને થતા અન્યાય કે તેના પ્રત્યેના ભેદભાવબર્યા વર્તન અને તેના અધિકાર હનન પ્રત્યેની કાળજીલેવા સતત પ્રયત્નશીલ છે. ગુજરાત રાજ્ય મહિલા આયોગ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૨૦૦.૪૮ લાખની જોગવાઇ છે.

- મહિલા આયોગ તરફથી બધા જ ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણ માટે આયોગ કટીબધ્ધ છે. આથી મહિલાઓના રાજકીય સશકિતકરણના ભાગરૂપે આયોગ તરફથી પંચાયતોમાં અને મહાનગર પાલિકાઓ અને નગરપાલિકઓમાં ચુંટાયેલા મહિલા પ્રતિનિધિઓ માટે મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરે છે. આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધી ૧૧૮ શિબિરો યોજવામાં આવી છે તેમજ ૫૮,૫૦૦ થી વધુ પ્રતિનિધિઓને આવરી લેવામાં આવેલ છે. નારી સમેલન કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં ૩૬૪ નારી સમેલન યોજવામાં આવ્યા છે જેમાં ૧,૮૦,૦૦૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો છે.
- રાજયમાં બિનનિવાસી ભારતીય સાથે લગ્ન કરતી બહેનોની સમસ્યાના નિવારણ માટે એક ખાસ એન.આર.આઇ. સેલની સ્થાપના ઑગષ્ટ-૨૦૦૮ થી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૭૦ અરજીઓ મળેલ છે. જેની ચકાસણી કરીને જરૂરી ભલામણ સાથે રાષ્ટ્રીય મહિલા આયોગને મોકલવામાં આવે છે.

**નારી અદાલત:**

**6.23** નારી અદાલત બહેનો માટે બહેનોની બનેલી, બહેનો દ્વારા ચાલતી નારી અદાલતોનુ માળખુ છે.ગ્રામ્ય કક્ષાએ સરળ અને પારદર્શક અને બીન ખર્ચાળ રીતે બહેનો પોતાના પ્રયત્નો મેળે હાલ કરી શકે તે માટેની વૈકલ્પિક પ્રણાલિકા પુરી પાડે છે.

- આ કાર્યક્રમનાં સિમાચિન્હો રૂપે વિકાસ કાર્યક્રમ અન્વયે સમગ્ર રાજયમાં નારી અદાલતો શરૂ કરવાનું નક્કી કરેલ છે. સને ૨૦૧૨-૧૩નાં નાણાંકીય વર્ષમાં ૪૨,સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૫૦,૨૦૧૪-૧૫નાં નાણાંકીય વર્ષમાં ૫૦ નારી અદાલતો, સને-૨૦૧૫-૧૬નાં વર્ષમાં ૨૦ નારી અદાલતો તથા સને-૨૦૧૬-૧૭માં ૭૫ નારી અદાલતો અને મહિલા સામખ્ય સંચાલિત ૩૩ નારી અદાલતો શરૂ કરવા આવેલ છે.
- આ અંગે વર્ષ-૨૦૨૨-૨૩ નાણાંકીય વર્ષમાં ચાલુ બાબત તરીકે રૂા.૫૭૦.૨૫ લાખની જોગવાઇ સુચવેલ છે.
- રાજયમાં હાલ ૨૭૦ નારી અદાલત કાર્યરત છે.

*****

## પ્રકરણ - ૭
## વિકેન્દ્રિત વિકાસમાં માનવ વિકાસ અભિગમ

**7.1** માનવ વિકાસનો અભિગમ તમામ પ્રજાજનો માટે તેમની પસંદગીનાં સર્જનાત્મક જીવનની સ્વતંત્રતા અને ગૌરવપૂર્ણ જીવન જીવવાની સંભાવનામાં વધારો કરે છે. માનવ વિકાસને વિકાસની પ્રક્રિયાના છેવટના ધ્યેય તરીકે વર્ણવવામાં આવે છે.માનવ વિકાસને આર્થિક વિકાસ સાથે મહત્વનું જોડાણ છે. જ્યારે મૂલ્યાંકનના કેન્દ્રમાં માનવ જાતને રાખવામાં આવે ત્યારે આર્થિક વિકાસને સાચો વિકાસ કહી શકાય. માનવ વિકાસ માટેની પાયારૂપ બાબતમાં દીર્ઘ અને સ્વસ્થ જીવન, શિક્ષિત થવું તથા પોતાના સમુદાયની પ્રવૃત્તિમાં સહભાગી બનવા માટેની નાગરિક સ્વતંત્રતાઓનો સમાવેશ થાય છે.

**7.2** માનવ વિકાસ સૂચકાંક એ ત્રણ મૂળભૂત નિર્દેશકોનાં સંયોજન સ્વરૂપે બનેલો સૂચકાંક છે.

- તંદુરસ્ત દીર્ઘ આયુષ્ય (જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય)
- શિક્ષણ (શાળાના અપેક્ષિત વર્ષો અને શાળામાં અભ્યાસના સરેરાશ વર્ષ) અને
- કુલ માથાદીઠ રાષ્ટ્રીય આવક

આ ત્રણેય નિર્દેશકોને સમાન મૂલ્યભાર આપવામાં આવેલ છે.

**7.3** સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)ના વર્ષ:૨૦૧૯ના પ્રસિદ્ધ થયેલ અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૮ની સ્થિતિએ કુલ ૧૮૯ દેશો પૈકી માનવ વિકાસ સૂચકાંકમાં ભારતનું સ્થાન ૧૨૯ ક્રમાંક પર હતું અને માનવ વિકાસ સૂચકાંકની કિંમત ૦.૬૪૭ હતી. જયારે વર્ષ:૨૦૨૦ના પ્રસિદ્ધ થયેલ અહેવાલ મુજબ વર્ષ:૨૦૧૯ની સ્થિતિએ કુલ-૧૮૯ દેશો પૈકી માનવ વિકાસ સૂચકાંકમાં ભારતનું સ્થાન ૧૩૧ ક્રમાંક પર છે અને માનવ વિકાસ સૂચકાંકની કિંમત ૦.૬૪૫ થયેલ છે.

**7.4** ભારત સરકારના આયોજન પંચ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ "ભારત માનવ વિકાસ અહેવાલ-૨૦૧૧" મુજબ, ગુજરાત માનવ વિકાસ સુચકાંકનું મૂલ્ય વર્ષ:૧૯૯૯-૨૦૦૦માં ૦.૪૬૬ હતું, જે વધીને વર્ષ : ૨૦૦૭-૦૮માં ૦.૫૨૭ થયેલ છે, જે આ સમયગાળા દરમિયાન ૧૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ : ૧૯૯૯-૨૦૦૦ના માનવ વિકાસ સૂચકાંકના આવક, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્ર સામે વર્ષ:૨૦૦૭-૦૮માં અનુક્રમે ૧૫ ટકા, ૧૩ ટકા અને ૧૩ ટકાની વૃદ્ધિ થયેલ છે.

**7.5** **ગુજરાત – માનવ વિકાસ અભિગમ:**

ગુજરાત રાજ્ય માનવ વિકાસનાં તમામ ક્ષેત્રોમાં એક આદર્શ રાજ્ય બનવાનું ધ્યેય રાખે છે. કોઇ પણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર ગુજરાત રાજ્યનો દરેક વ્યક્તિ:

- શિક્ષિત અને તંદુરસ્ત હોય

- તેની માથે છત હોય અને સ્વચ્છ પર્યાવરણ મળે
- પીવાનું પાણી અને સ્વચ્છતાની સગવડો સુલભ હોય
- રોજગારીનું અસરકારક માધ્યમ હોય
- નિર્ભય રીતે જીવી શકે
- દરેકને સમાન તક પ્રાપ્ત થાય

**7.6** રાજ્યના ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં રહેતા વિકાસથી વંચિત લોકોના માનવ વિકાસ સંદર્ભના પ્રશ્નોને લક્ષમાં રાખી સર્વાંગી વિકાસ સાધવા રાજ્ય સરકારે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના, વનબંધુ કલ્યાણ યોજના, ગરીબ સમૃદ્ધિ યોજના અને ૫૦ વિકાસશીલ તાલુકા જેવી "ફ્લેગશીપ યોજના" અમલમાં મુકેલ છે. વધુમાં કેટલાક "મીશન મોડ પ્રોગ્રામ" જેવા કે કન્યા કેળવણી, કૃષિ મહોત્સવ, કૌશલ્ય વિકાસ, બાલસખા યોજના, બાલભોગ યોજના, મમતા અભિયાન, પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના-મા યોજના, ઇ-એમ્પાવર, ચિરંજીવી યોજના, કૌશલ્ય વર્ધન કેન્દ્ર, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના વગેરે કાર્યક્રમો રાજ્યનો માનવ વિકાસ સૂચકાંક ઉંચો લઇ જવા માટે અમલમાં મુકવામાં આવેલ છે.

**7.7** શિક્ષણ ક્ષેત્રે સંપૂર્ણ સાક્ષરતા દર હાંસલ કરવાના આશયથી, રાજ્ય સરકાર જુદા જુદા કાર્યક્રમ/યોજનાઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક, માધ્યમિક અને તકનીકી શિક્ષણને સુદૃઢ કરી રહી છે. આ માટે શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા રાજ્ય સરકાર દ્વારા "વિદ્યા દીપ વીમો", "વિના મૂલ્યે પુસ્તક વિતરણ", "કન્યા કેળવણી મહોત્સવ", "વિના મૂલ્યે છોકરીઓને સાઇકલ વિતરણ", "મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના" વગેરે જેવા કાર્યક્રમો શરૂ કરવામાં આવેલ છે.

**7.8** રાજ્ય સરકારે આમ જનતાનાં જીવનધોરણ સુધારવાનાં ઉદ્દેશથી "ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી" (GSIDS) નામની સ્વાયત્ત સંસ્થાની રચના કરેલ છે. આ સોસાયટી હેઠળ ૧૦ સભ્યોની ગવર્નીંગ બોડીની રચના કરવામાં આવેલ છે. જેમાં સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ અધ્યક્ષસ્થાને છે.

**જિલ્લા માનવ વિકાસ અહેવાલો (DHDR) :**

**7.9** રાજ્ય સરકારશ્રી દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ જુદાં જુદાં માપદંડોને અનુલક્ષીને જિલ્લાઓમાં જિલ્લા માનવ વિકાસ અહેવાલ (DHDR) તૈયાર કરવાની કામગીરી કરવામાં આવે છે. GSIDS દ્વારા 33 જિલ્લાનાં જિલ્લા માનવ વિકાસ અહેવાલ (DHDR) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ દર વર્ષે માનવ વિકાસ અહેવાલના નિર્દેશકોની માહિતી જિલ્લા કક્ષાએથી અદ્યતન કરવામાં આવે છે.

**નિરંતર વિકાસના ધ્યેય (Sustainable Development Goals):**

**7.10 સંકલ્પના:** નિરંતર વિકાસનાં ધ્યેયોનો ઉદ્દેશ ગરીબી નાબૂદ કરવી, ભૂખમરો ઘટાડવો, ખાદ્યસુરક્ષા અને પોષણ સુધારવું, તેમજ ટકાઉ કૃષિ વિકાસ પર ભાર મૂકે છે. આ તમામ પરિમાણો હાંસીલ કરીને વર્ષ ૨૦૩૦ સુધીમાં એક સમાન, ન્યાયીક તથા સુરક્ષિત વિશ્વની રચના – તેના લોકો અને તેની સમૃદ્ધિ માટેનો એક સાહસિક, વૈશ્વિક કરાર છે.

- **સિદ્ધાંત:** નિરંતર વિકાસના ધ્યેયો – ૨૦૩૦" (SDGs) નો મુખ્ય સિદ્ધાંત "leaving no one behind" છે.
- **અમલ:** સંયુક્ત રાષ્ટ્રની તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ મળેલ સમિટમાં જનરલ એસેમ્બલી દ્વારા "નિરંતર વિકાસ ધ્યેયો – ૨૦૩૦" (SDGs) એજન્ડાને અપનાવ્યો. જેમાં ૧૭ ધ્યેય અને ૧૬૯ લક્ષ્યાંક નકકી કરવામાં આવ્યા જેમાં ભારતનું પ્રતિનિધિત્વ માન. પ્રધાનમંત્રીશ્રીએ કરેલ. ભારતમાં ૧ જાન્યુઆરી, ૨૦૧૬ થી નિરંતર વિકાસનાં ધ્યેયોનો ખ્યાલ અમલમાં આવેલ છે.
- **રાષ્ટ્રીય સ્તરે:** રાષ્ટ્રીય સ્તરે SDGs - 2030 ના અમલીકરણ માટે નીતિ આયોગ એક નોડલ એજન્સી તરીકે કામ કરે છે. જે સંબંધમાં, NITI Aayog દ્વારા SDG India Index Report ની ત્રણ આવૃત્તિ પ્રકાશિત કરેલ છે જેમાં રીપોર્ટ ૧.૦ (વર્ષ ૨૦૧૮)માં ૬૪ સ્કોર તથા રીપોર્ટ ૨.૦ (વર્ષ ૨૦૧૯) માં પણ ૬૪ સ્કોર જ હાંસિલ કરેલ છે. જ્યારે રીપોર્ટ ૩.૦ મુજબ ગુજરાતે આગળ વધીને ૬૯નો સ્કોર પ્રાપ્ત કરેલ છે. ગુજરાત હવે "ફ્રન્ટ રનર" કેટેગરીમાં સામેલ થયેલ છે જે અગાઉના બંને રીપોર્ટમાં "પરફોર્મર" હતું.
- **રાજ્ય સ્તરે:** ગુજરાતનો રોડમેપ તૈયાર કરવા માટે સપ્ટેમ્બર – ૨૦૧૬માં સાત Thematic Working Group (TWG) ની રચના કરવામાં આવી તથા માન.મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રચેલ હાઇ પાવર કમિટિમાં થીમેટીક ગ્રુપના અહેવાલ મંજૂર કરવામાં આવેલ. થીમેટીક રીપોર્ટનાં આધારે, સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) દ્વારા રાજ્યમાં SDGs નાં અમલીકરણ માટે ૩૨૮ State Indicator Framework (SIF) સાથેનો Gujarat Sustainable Vision-2030 ૪(ચાર) ભાગમાં તૈયાર કરેલ છે.

**વધુમાં રાજય કક્ષાએ નીચે મુજબની મીટીંગ/વર્કશોપ કરવામાં આવેલ છે.**

1) રાજ્યમાં SDGs ના અમલીકરણ અને મોનીટરીંગ માટે માન.મુખ્ય સચિવશ્રીનાં અધ્યક્ષ સ્થાને State Empowered Committee ની બેઠક તા.૨૯-૦૧-૨૦નાં રોજ યોજવામાં આવેલ.
2) માન.મુખ્ય સચિવશ્રીનાં અધ્યક્ષ સ્થાને તથા નીતિ આયોગના SDGs નાં એડવાઇઝર, સંબંધિત વિભાગના સચિવશ્રીની હાજરીમાં SDGs India Index Report 3.0 માં રાજ્યના પર્ફોમન્સ તથા Multidimensional Poverty Index બાબતે વર્કશોપ યોજવામાં આવ્યો.

3) માન. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષતા વાળી મંત્રી મંડળની બેઠકમાં SDGs India Index Report 3.0 માં રાજ્યના પર્ફોમન્સ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું.
4) SDGs 3.0 માં સમાવિષ્ટ Indicator નાં પરફોર્મન્સ તથા આગામી પ્રસિદ્ધ થનાર SDG ૪.૦ માં રાજ્યનું પરફોર્મન્સ વધુ ઉમદા બને તે હેતુથી Strategy and Action Plan નિયત કરવા તા.૧૨-૦૮-૨૦૨૧ થી તા.૨૩-૦૮-૨૦૨૧ તથા તા.૧૧-૧૧-૨૦૨૧ થી તા.૧૭-૧૧-૨૦૨૧ દરમ્યાન સંબંધિત વિભાગ સાથે વર્કશોપ યોજવામાં આવ્યો.
5) રાજ્યમાં SDGs ના સ્થાનીકીકરણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘના વૈશ્વિક લક્ષ્યાંકો સાથેની સુગમતા, National Indicator Framework, State Indicator Framework, જિલ્લા કક્ષાના ડેટાની ઉપલબ્ધતા, MoSPI દ્વારા નિયત થયેલ મેટાડેટા તથા ડેટા કવરેજ વગેરે જેવા પેરામીટરનો અભ્યાસ કરી ૧૪૯ District Indicator Framework (DIF) નક્કી કરવામાં આવ્યા.

- **SDGsના રોડમેપનું અમલીકરણ:** રાજય કક્ષાએ SDGsનાં અમલીકરણના દેખરેખ અને સંકલનની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) કરી રહયુ છે. જે અંતર્ગત નીચે મુજબની કામગીરી પૂર્ણ કરેલ છે.

1) જિલ્લા કક્ષાના ઈન્ડીકેટરનાં મોનીટરીંગ માટે, Gujarat State Wide Indicator Framework (G-SWIFT) નામનું પોર્ટલની રચના કરવામાં આવી છે જેમાં જિલ્લા કક્ષાનાં ઈન્ડીકેટરનાં એનાલીસીસ થકી રાજ્ય તથા જીલ્લા કક્ષાના SDGsનો વિકાસ મોનીટરીંગ કરી શકાય છે હાલમાં ૧૫ ગોલ તથા ૧૪૯ જિલ્લા કક્ષાના ઈન્ડીકેટરનો સમાવેશ કરેલ છે.
2) G-SWIFT નો મુખ્ય ઉદ્દેશ રાજ્ય અને જિલ્લા કક્ષાના સત્તાધિકારીને સરળતાથી ડેટા ઉપલબ્ધ કરાવવા તથા ખૂટતી કડી રૂપ જરૂરિયાત પૂરી કરી વર્ષ ૨૦૩૦ સુધીમાં SDGs નાં લક્ષ્યાંક હાંસીલ કરવા.
3) G-SWIFT પોર્ટલની ઉપયોગીતાથી માહિતગાર કરવા તા.૨૨-૦૩-૨૦૨૧ થી તા.૨૫-૦૩-૨૦૨૧ દરમ્યાન સબંધિત વિભાગ તથા તેમના હસ્તકની કચેરીના અધિકારી/કર્મચારીઓનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ.
4) રાજ્ય તથા જિલ્લા કક્ષાની SDGs ની પ્રગતિના મોનીટરીંગ માટે રાજ્યમાં ૭ બેઝલાઈન તથા થીમેટિક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા. ઉદા. Status & Progress of Poverty & Hunger, Status & Progress of Health, Education and Clean water & Sanitation etc.
5) G-SWIFT પોર્ટલ પર ઉપલબ્ધ ૧૪૯ District Indicator Framework નાં આધારે District SDG Report પ્રકાશિત કરવાનું નિયત કરવામાં આવ્યું જેમાં અંદાજીત ૧૧

જિલ્લાના District SDG Report તૈયાર કરવામાં આવેલ છે જે જિલ્લા વહીવટી તંત્રને વર્ષ ૨૦૩૦ સુધીમાં SDGs નાં લક્ષ્યાંક હાંસીલ કરવા માટેનો એક્શન પ્લાન તૈયાર કરવા મદદરૂપ થશે.

- **વિવિધ સ્તરે SDG :** સા.વ.વિ ના ઠરાવ ક્રમાંક:SDG/102016/417/ઠ તા.૨૮/૦૫/૨૦૧૯થી રાજ્ય અને જીલ્લા કક્ષાએ હાથ ધરાયેલી પ્રવૃત્તિઓની મોનીટરીંગ માટે રાજ્ય કક્ષાએ, માન. મુખ્ય સચિવશ્રીનાં અધ્યક્ષસ્થાને State Empowerment Committee તથા જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીનાં અધ્યક્ષસ્થાને SDG Committee ની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ SDG Cell ની રચના કરવામાં આવેલ છે.
- **SDG માટે વિવિધ સ્તરે તાલીમ :** SDG ૨૦૩૦ ના લક્ષ્યાંકો હાંસિલ કરવા નીતિ આયોગ દ્વારા SDGs ના સ્થાનિકીકરણ ભાર મુકતા રાજ્યમાં પણ જિલ્લા તથા તાલુકા કક્ષાના અધિકારી/કર્મચારીને માહિતગાર કરવા તાલીમ/વર્કશોપ યોજવામાં આવેલ જેમાં તાલીમની અસરકારકતા વધે તે હેતુથી સામજિક, આર્થિક તથા પર્યાવરણ સેકટરની એક-એક એમ કુલ-૩ ઓડીયો-વિઝ્યુઅલ્સ ફિલ્મ તૈયાર કરવામાં આવી.

**જિલ્લા માનવ વિકાસ પ્રોફાઇલ:**

**7.11** રાજયના ૩૩ જિલ્લાના જિલ્લા માનવ વિકાસ પ્રોફાઇલના વિવિધ ક્ષેત્રો જેવા કે વસતિ વિષયક, આરોગ્ય, શિક્ષણ, આજીવિકાના ૧૪૩ જેટલા નિર્દેશકોની તાલુકાવાર માહિતી ઓનલાઇન મોડ્યુલ GISS માં વર્ષ:૨૦૨૦ અને ૨૦૨૧ની સ્થિતિએ અદ્યતન કરવામાં આવેલ છે.

**તાલુકા વિકાસ પ્લાન (TDP):**

**7.12** તાલુકા કેન્દ્રિત અભિગમને પ્રોત્સાહિત કરવા તેમજ પાયાના સ્તરે દરેક જિલ્લામાંથી એક તાલુકા (33 તાલુકા) માટે તાલુકા વિકાસ યોજના (TDP) તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી હતી. આ પ્રવૃત્તિના ભાગ રૂપે અત્યાર સુધીમાં કુલ ૨૫૦ તાલુકા વિકાસ પ્લાન (TDP) તૈયાર કરવામાં આવેલ છે.

**વિકાસશીલ તાલુકા:**

**7.13** નીતિ આયોગના મહત્વાકાંક્ષી જિલ્લાના કાર્યક્રમ (Aspirational District's Programme) અનુલક્ષીને, સામાન્ય વહીવટ વિભાગ (આયોજન વિભાગ) દ્વારા રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકાઓના રેન્કિંગની કામગીરી માટે પાયાના ક્ષેત્રો- જેવા કે આરોગ્ય અને પોષણ, શિક્ષણ, રોજગારી અને કૌશલ્ય વિકાસ તેમજ ગ્રામ વિકાસ અને માળખાકીય સુવિધાઓનો સમાવેશ

કરી કુલ ૪૧ Indicators ના આધારે જુલાઇ:૨૦૧૯ થી દર માસિક ધોરણે રેન્કિંગની કામગીરી કરવામાં આવી રહેલ છે.

**આકાંક્ષિત જિલ્લા કાર્યક્રમઃ**

**7.14** માન. વડાપ્રધાનશ્રી દ્વારા જાન્યુઆરી, ૨૦૧૮માં આકાંક્ષિત જિલ્લા કાર્યક્રમ (Aspirational Districts Programme) નો પ્રારંભ કરવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય ધ્યેય દેશના કેટલાક અવિકસિત જિલ્લાઓમાં ઝડપથી અને અસરકારક રીતે પરિવર્તન લાવવાનો છે. આકાંક્ષિત જિલ્લાઓ કાર્યક્રમ હેઠળ, દેશના તમામ પસંદ કરેલા જિલ્લાઓના વિકાસ માટે નીચેના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

- આરોગ્ય અને પોષણ
- શિક્ષણ
- કૃષિ અને જળ સંશાધનો
- નાણાંકીય બાબતો અને કૌશલ્ય વિકાસ
- માળખાકિય સુવિધાઓ

- દેશભરમાંથી ૧૧૭ જિલ્લાઓની Aspirational Districts તરીકે ઓળખ કરવામાં આવેલ જે અંતર્ગત ગુજરાતના બે જિલ્લાઓ નર્મદા અને દાહોદનો સમાવેશ કરવામાં આવેલ છે. નર્મદા જિલ્લાના માર્ચ-૨૦૧૮ના બેઝલાઇન રેન્કીંગના કંપોઝીટ સ્કોર ૪૧.૪ ની સાપેક્ષમાં ૧૫.૩૭ પોઇન્ટસના વધારા સાથે સપ્ટેમ્બર-૨૦૨૧ માસમાં ૫૬.૮ થયેલ છે. દાહોદ જિલ્લાના માર્ચ-૨૦૧૮ના બેઝલાઇન રેન્કીંગના કંપોઝીટ સ્કોર ૪૧.૧૨ ની સાપેક્ષમાં ૧૯.૨૮ પોઇન્ટસના વધારા સાથે સપ્ટેમ્બર-૨૦૨૧ માસમાં ૬૦.૪ થયેલ છે. નીતિ આયોગના આકાંક્ષિત જિલ્લા કાર્યક્રમની મેથોડોલોજી મુજબ રાજ્ય સરકાર દ્વારા તમામ ૩૩ જિલ્લાઓનું રેન્કિંગ કરવામાં આવે છે.

*****

# પ્રકરણ - ૮
# ઇ-ગવર્નન્સ

**ડિજિટલ ગુજરાત પોર્ટલ (કોમન સર્વિસ પોર્ટલ):**

**8.1** રાજ્યના નાગરિકોને એકજ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિકલક્ષી સેવાઓ ઘરે બેઠા મળી રહે તે હેતુથી ડીજીટલ ગુજરાત પોર્ટલ કાર્યરત છે. જેમાં વિવિધ વિભાગો જેવા કે મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, શિક્ષણ વિભાગ,પંચાયત વિભાગની સેવાઓ ઉપલબ્ધ છે. રાજ્યમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ (કોમન સર્વિસ પોર્ટલ)ના માધ્યમથી ૧૧૮ જેટલી સરકારી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ૪૧ જેટલી સેવાઓની મોબાઇલ ઍપ્લિકેશન પણ ઉપલ્બ્ધ કરાવવામાં આવી છે.

- હાલમાં એક દિવસીય e-Governance સેવાઓ જેવી કે આવક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, રેશનકાર્ડ વગેરેને લગતી વિવિધ સેવાઓ પોર્ટલ પર ઉપલબ્ધ છે, જેનો લાભ નાગરિકો લઇ રહેલ છે.

**ડિજિટલ સેવા સેતુ:**

**8.2** વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ દ્વારા  જિલ્લા અને તાલુકા કક્ષાએ પુરી પડાતી સરકારી સેવાઓ ને ઇ-ગ્રામ કેન્દ્રો દ્વારા ગ્રામ્ય કક્ષાએ વિસ્તૃત કરવા ડિજિટલ સેવા-સેતુ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો છે.

- ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ 2020 થી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આજની તારીખમાં, ડિજિટલ સેવા સેતુ દ્વારા 65 લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે. હાલમાં, 14000 થી વધુ ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવા સેતુ પહેલ હેઠળ 276 સેવાઓ અમલમાં છે.

**ઇ-સરકાર એપ્લિકેશન:**

**8.3** અસરકારક, કાર્યક્ષમ અને પારદર્શક શાસન માટે કોમ્પ્યુટરાઈઝ્ડ અને ઓટોમેટેડ પ્રક્રિયા બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા ઈ-સરકાર એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલ છે. ઇ- સરકાર સોફ્ટવેરને લેટેસ્ટ ટેક્નોલોજી સાથે ડેવલપ કરવામાં આવ્યું છે. આ એપ્લિકેશન ગુણવત્તાયુક્ત નિર્ણયો લેવાની પ્રક્રિયાને પણ ઝડપી બનાવશે.

- પ્રથમ તબક્કામાં, સચિવાલયના તમામ વિભાગો /ખાતાના વડા/ બોર્ડ/ કોર્પોરેશન તથા બીજ તબક્કા કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી અને અન્ય જિલ્લા અને તાલુકા સ્તરની કચેરીઓને આવરી લેવામાં આવશે.
- ઇ-સરકાર એપ્લિકેશનના માધ્યમથી ગુજરાતના તમામ નાગરિકો સરળતા પુર્વક અધિકારીઓની મુલાકાતનો સમય લેવામાં, RTI અરજી ફાઇલ કરવા અને સંબંધિત કચેરીમાં તેમની ફરિયાદો રજૂ કરી શકશે.

**ઈ-વિધાન એપ્લિકેશન (નેવા):**

**8.4** ઇ-વિધાન એપ્લિકેશન (નેવા)નો ઉદ્દેશ ગુજરાત વિધાનસભાની કામગીરી જેવી કે કાર્યવાહીના નિયમો, વ્યવસાયની સૂચિ, તારાંકિત/અતારાંકિત પ્રશ્નો અને જવાબો, બીલ પ્રોસેસીંગ, વાર્ષિક અહેવાલો, સમિતિ રિપોર્ટ, હાઉસ ઓફ પ્રોસીડીંગ્સ, કાર્યવાહીના સારાંશ, કેલેન્ડર અને એમએલએ ને લગતી બાબતો, સમાચાર અને પ્રેસ રિલીઝ અને સંદર્ભ સામગ્રી વગેરે ઓનલાઇન કરવાનો છે.

- ઇ-વિધાન એપ્લિકેશન (નેવા)ના અમલીકરણ માટે ગુજરાત વિધાનસભા, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ તથા સંસદીય બાબતોનું મંત્રાલય, ભારત સરકાર વચ્ચે એમ.ઓ.યુ થયેલ છે.
- ઇ-વિધાન એપ્લિકેશનનો પ્રોજેક્ટ રીપોર્ટ, સંસદીય બાબતોનું મંત્રાલય, ભારત સરકાર તરફથી મંજૂરી મળે આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ઇ-સાઇન અને ઇ-સીલ:**

**8.5** ઇ-સાઇન અને ઇ-સીલ સોલ્યુશન કોઈપણ ટોકન-આધારિત હસ્તાક્ષર સેવાની જરૂરિયાત વિના ડિજીટલ હસ્તાક્ષરિત અને સીલબંધ દસ્તાવેજો જારી કરવા માટે વિભાગ/બોર્ડ/ નિગમોને સુવિધા આપશે.

- ઈ-સાઈન અને ઈ-સીલ ના અમલીકરણ માટે ૧૦ વિભાગોમાં એનરોલમેંટની પ્રક્રિયા હાથ ધારવામાં આવેલ છે. રેવન્યુ વિભાગ ધ્વારા IORA પોર્ટલ પરથી ઈ-સીલ થયેલ ૭/૧૨ અને ૮- અ ની નકલો નાગરીકો ધ્વારા મેળવી શકાય છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં ઈ-સાઈન અને ઈ-સીલની સેવાનો ઊપયોગ ઇ-સરકાર એપ્લીકેશન અને અન્ય વિભાગોના સર્વિસ પોર્ટલમાં  કરવામાં આવશે.

**ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (GSWAN):**

8.6 જીસ્વાનના નેટવર્કના માધ્યમથી સ્ટેટથી જીલ્લા લેવલની કચેરીઓને ૫૦૦/૨૫૦ એમબીપીએસ તથા તાલુકા લેવલની કચેરીઓને ૧૦૦/૨૦૦ એમબીપીએસની બેન્ડવીથ થી જોડવામાં આવેલ છે

- આ નેટવર્કના ઉપયોગથી સરકારના વિભાગો જિલ્લા અને તાલુકા કક્ષાની ફિલ્ડની ૬૦૦૦ કચેરીઓ ખાતે ડેટા કોમ્યુનિકેશન, વોઇસ કોમ્યુનિકેશન તેમજ વીડિયો કોન્ફરન્સીંગની સગવડ આપવામાં આવે છે.
- જીસ્વાન પ્રોજેકટ અન્વયે જીલ્લા કક્ષાની કલેકટર ઓફિસ, જિલ્લા વિકાસ અધિકારીઓની ઓફિસ, જિલ્લા પોલીસ અધિકારી ઓફિસ તેમજ તાલુકા મામલદાર કચેરીએ મામલતદાર ઓફિસમાં હાઇ ડેફીનેશન વિડીયો કોન્ફરન્સીંગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- જીસ્વાન માધ્યમથી અંદાજીત ૪૮ હજારથી વધુ સરકારી કર્મચારીઓને ઇ-મેઇલની તેમજ ઇન્ટરનેટ વાપરવાની સુવિધા પણ આપવામાં આવી છે. જેનું મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

**ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર (GSDC):**

8.7 ગુજરાત રાજ્ય ડેટા સેન્ટર (GSDC) ૨૦૧૦થી કાર્યરત છે. તે રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ યોજના હેઠળ અમલમાં મુકાયેલ ભારતમાં પ્રથમ સ્ટેટ ડેટા સેન્ટર છે. GSDC એ તમામ ડીઝીટલ ડેટા, એપ્લિકેશન અને રાજ્ય સરકારની સેવાઓનો સંગ્રહ ધરાવતો મુખ્ય માહિતી ભંડાર સ્ત્રોત છે. GSDC ગણતરી માટે, માહિતી સંગ્રહ માટે, નેટવર્ક અને સલામતી અને માળખાકીય ઘટકો ધરાવતું પ્લેટફોર્મ પૂરું પડે છે. જેનો રાજ્ય સરકારના તમામ વિભાગો દ્વારા તેમના ઇલેક્ટ્રોનિક ડેટા/સેવાઓની જરૂરિયાત મુજબ ઉપયોગ કરવામાં આવે છે.

- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનુ નિર્માણ કરવામાં આવ્યું. જેની કેપેસીટી ૪૦૦૦ કોર જેટલા ટોટલ કોમ્પ્યુટ પાવર છે. જેથી તમામ વિભાગની જુદીજુદી એપ્લીકેશન આ કલાઉડમાં એક જ જગ્યાએ સેંટ્રલાઈજ સિક્યોર એનવાયરમેન્ટમાં રહી શકે છે.

**અર્બન વાઈ-ફાઈ પ્રોજેકટ:**

**8.8** વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં અર્બન વાઈ-ફાઈ પ્રોજેકટ હેઠળ ૫૫ શહેરોના ૩૨૩ જાહેર સ્થળો જેવા કે એસ .ટી .બસ સ્ટેન્ડ, સિવિલ હોસ્પિટલ, જિલ્લા અદાલત, મામલતદાર ઓફિસ, નગર પાલિકા, પુસ્તકાલયો અને તાલુકા કચેરીઓમા  મફત ઇન્ટરનેટ સેવાઓ આપવામા આવે છે. જેનો લાભ નાગરિકો નિ:શુલ્ક લઈ શકે છે.

**નિયામકશ્રી, આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સની કચેરી:**

**8.9** ગુજરાત સરકાર દ્વારા ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગ થકી વહીવટી પ્રક્રિયાઓ અને નાગરિકોને અપાતી સેવાઓ પારદર્શક રીતે વધુમાં વધુ ઓનલાઈન બનાવવાનો નિર્ધાર કરેલ છે. રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડાઓ અને જિલ્લા કચેરીઓને આઈ.ટી. બાબતે યોગ્ય સહાય પૂરી પાડવા વર્ષ-૨૦૧૫ માં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરી નિયામકશ્રી, આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સ ની રચના કરી તેમાં આઈ.ટી. ક્ષેત્રના નિષ્ણાંત અધિકારીઓની કેડર ઉભી કરવામાં આવી છે.

- આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. નીતિ, ઈલેક્ટ્રોનિક્સ નીતિ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સ્ટાર્ટઅપ નીતિ નું અમલીકરણ પણ આ કચેરી દ્વારા કરવામાં આવે છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેક્ટરમાં ઝડપી અને સર્વસમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે નવી આઈ.ટી. નીતિ (૨૦૨૨-૨૦૨૭) ની જાહેરાત કરી છે.
- આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. નીતિ, ઈલેક્ટ્રોનિક્સ નીતિ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને આઈ.ટી. /આઈ.ટી.ઈ.એસ. સ્ટાર્ટઅપ નીતિઓનો હેતુ આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ગુજરાત રાજ્યમાં રોકાણ વધે, આઈ.ટી. સર્વિસીસ અને ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સની નિકાસમાં વધારો થાય અને આઈ.ટી. તેમજ ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં રોજગારી વધારવાનો છે.
- નિયામકશ્રી, આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સની કચેરી દ્વારા આઈ.ટી. અને ઈલેક્ટ્રોનિક્સ ને લગતા ઉત્પાદન અને સેવા આપતી કંપનીઓ સ્થાપવા અને સ્થપાયેલ કંપનીઓ વિસ્તારવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

*****

# પ્રકરણ-૯

## ૨૦ મુદ્દા કાર્યક્રમ

**પ્રસ્તાવના**

**9.1** ભારત સરકાર દ્વારા સને ૧૯૭૫માં ૨૦ મુદ્દા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ૧૯૮૨, ૧૯૮૬ અને ૨૦૦૬માં સુધારા કરવામાં આવ્યા. વીસ મુદ્દા કાર્યક્રમ-૧૯૮૬ના અમલીકરણની બાબતમાં ગુજરાત દેશનું પ્રથમ હરોળનું રાજ્ય છે. ભારત સરકાર દ્વારા પુનઃગઠિત ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬, ૧લી એપ્રિલ-૨૦૦૭થી અમલમાં મૂકેલ છે. આ કાર્યક્રમના અમલીકરણમાં ગુજરાતે વર્ષ ૨૦૦૮-૦૯માં ૯૬% સિદ્ધિ સાથે સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમ હાંસલ કરેલ. વર્ષ ૨૦૧૦-૧૧ના જુલાઇ-૧૦ અંતિત માસિક પ્રગતિ અહેવાલ મુજબ ૨૦ મુદ્દા કાર્યક્રમના અમલીકરણમાં ગુજરાતનો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ આવેલ. જુલાઇ-૨૦૧૦ બાદ ભારત સરકાર દ્વારા કોઇ રાજ્યને અગ્રતાક્રમ આપવામાં આવતો નથી. રાજ્યે વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૬.૪૯% સિદ્ધિ હાંસલ કરેલ છે. રાજ્ય સરકાર ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ની પ્રગતિ બાબતે ખૂબ જ સજાગ છે. ઉચ્ચ કક્ષાએથી થતી સતત સમીક્ષાના કારણે વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૦૦% સિદ્ધિ હાંસલ કરેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ નો ડીસેમ્બર -૨૦૨૧ અંતિત ત્રિમાસિક પ્રગતિ અહેવાલ ભારત સરકારને મોકલી આપવામાં આવેલ છે.

**9.2** સમગ્ર દેશના ગરીબો અને કચડાયેલા લોકોના જીવન ધોરણની ગુણવત્તા સુધારણા તેમજ ગરીબી નિવારણ પર ૨૦ મુદ્દા કાર્યક્રમમાં ભાર મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ વિવિધ સામાજીક આર્થિક પાસાઓ જેવા કે, ગરીબી, રોજગાર, શિક્ષણ, ગૃહનિર્માણ, આરોગ્ય, ખેતી, જમીન સુધારણા, સિંચાઇ, પીવાનું પાણી, નબળા વર્ગોનું રક્ષણ અને અધિકારીતા, ગ્રાહક સુરક્ષા, પર્યાવરણ, ઇ-ગવર્નન્સ, વિગેરેને આવરી લે છે.

**9.3** પુર્નગઠિત ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬માં ૨૦ મુદ્દા અને ૬૫ વિનિયમનની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬માં આવરી લીધેલ બાબતોનો જે તે મંત્રાલયોના વહીવટી કાર્યક્રમ હેઠળ રાજય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. ૬૫ બાબતોમાંથી ૨૫ બાબતોનું વિનિયમન ત્રિમાસિક ધોરણે કરાય છે.

૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ની ત્રિમાસિક વિનિયમનની બાબતોની મુદ્દાવાર માહિતી નીચે મુજબ છે.

- **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ રોજગારી ઉભી કરવી:- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**9.4** રાજ્ય ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાંકીય વર્ષમાં કુટુંબદીઠ વધુમાં વધુ ૧૦૦ દિવસની સવેતન રોજગારી આપવામાં આવે છે. જેનો પ્રતિ દિન વેતનનો દર રૂ. ૨૨૯/-છે.

**9.5** મહાત્મા ગાંધી-નરેગા અંતર્ગત ગ્રામીણ વિસ્તારના લોકોને ૪૨૯.૫૪ લાખ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવેલ છે. જેમાં કુલ ૧૪૨૮.૧૧ કરોડનો ખર્ચ થયેલ છે અને ૭૪,૨૨૪ કામો પુર્ણ કરવામાં આવેલ છે. (ડીસેમ્બર-૨૦૨૧ અંતિત)

**9.6** વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ૯૦૦.૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રના રૂ. ૬૭૫.૦૦ કરોડ અને રાજ્યના રૂ. ૨૨૫.૦૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને ૬૦૦.૦૦ લાખની માનવદિન રોજગારી ઉત્પન્ન થવાની સંભાવના છે.

- **દિન-દયાલ અંત્યોદય યોજના - નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (ડે-એન.આર. એલ.એમ-આજીવિકા):- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**9.7** મહિલાઓ માટેના સર્વાંગી સશક્તિકરણના અભિયાનને વેગ આપવા અને આર્થિક ઉન્નતિ માટે તથા તેમને પગભર કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ગ્રામીણ વિસ્તારોમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન **(NRLM)** જેવી શ્રેષ્ઠત્તમ યોજનાઓ થકી મહિલાઓના જીવન ધોરણોમાં ચોક્કસપણે બદલાવ આવ્યો છે.

**9.8** રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન **(NRLM)** યોજના અન્વયે ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ૨,૬૫,૩૩૭ જેટલાં જુથો આર્થિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સ્વસહાય જુથોને રિવોલ્વીંગ ફંડ પેટે રૂ. ૧૨.૭૯ કરોડ સહાય રૂપિયા આપવામાં આવેલ છે. કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ પેટે રૂ. ૧૩૦.૦૦ કરોડ આપવામાં આવેલ છે. (જાન્યુઆરી-૨૦૨૨ અંતિત)

**9.9** વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ૧૫૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રના રૂ. ૯૦.૦૦ કરોડ અને રાજ્યના રૂ. ૬૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે, અને ૧૩૧૫૯ સ્વસહાય જુથની રચના કરવામાં આવનાર છે .

- **જમીન વિહોણાઓને પડતર જમીનની વહેંચણી - મહેસુલ વિભાગ**

**9.10** સને ૧૯૬૦ થી અસ્તિત્વમાં આવેલ નીતિ મુજબ પ્રાંત અધિકારીશ્રી દ્વારા દરેક ગામની ઉપલબ્ધ સરકારી પડતર જમીનમાંથી સરકારશ્રીને ઉપયોગી તેમજ લેન્ડ બેન્ક માટે અનામત જમીન તેમજ જાહેર હેતુ માટે જરૂરી હોય તેવી જમીન બાદ કરી સાંથણી લાયક જમીન ભૂમિહીન ખેતમજૂરો, નાના ખેડૂતો, માજી સૈનિકો અને પછાતવર્ગની મંડળીઓના **SC, ST** અને અન્યને ફાળવણી કરવા માટે આઈડેન્ટીફાય કરીને તેની આખરી યાદી તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાને “સાંથણી” કહેવામાં આવે છે. જે પ્રસિધ્ધ કરી તેના માટેની અરજીઓ મંગાવીને, અરજીઓની ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતા લોકોને અગ્રતાક્રમ અનુસાર પડતર જમીન ફાળવવામાં આવે છે.

- **લઘુતમ વેતનધારો (ખેતમજુર સહિત) – શ્રમ કૌશલ્યવર્ધન અને રોજગાર વિભાગ**

**9.11** લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને ગુજરાત નિયમોનો હેતુ પરિશિષ્ટમાં સમાવિષ્ટ કેટલાંક રોજગારોના લઘુત્તમ વેતન દર નકકી કરવાનો છે. તે સમગ્ર ભારત દેશને લાગુ પડે છે. આ કાયદામાં પરિશિષ્ટમાં સમાવેશ થયેલ રોજગારોના લઘુત્તમ વેતન દર નકકી કરવા/સુધારવા અને ગ્રાહક ભાવાંકના આધારે મોંઘવારી ભથ્થું નકકી કરવાની જોગવાઇ છે. રાજયકક્ષાનું લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની સલાહ મુજબ લઘુત્તમ વેતન નકકી કરવામાં આવે છે. અથવા રાજય સરકાર જાહેરનામાથી નકકી કરે છે.

**9.12** લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અને લઘુત્તમ વેતન (ગુજરાત) નિયમો ૧૯૬૧ના અમલીકરણની કામગીરી ગુજરાત રાજયમાં શ્રમ આયુકતશ્રીની કચેરી દ્વારા થાય છે. શ્રમ આયુકતશ્રીની કચેરીના તમામ અધિકારીશ્રીઓને આ કાયદા હેઠળ ઇન્સ્પેકટર જાહેર કરેલ છે. આ કાયદા અને નિયમોના અમલીકરણની મુખ્યત્વે કામગીરી સરકારી શ્રમ અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮નાં અમલીકરણની કામગીરી શ્રમ આયુકતશ્રીની કચેરીના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી હોઇ સદર બાબતે સનેઃ- ૨૦૨૧-૨૨ ની વાર્ષિક વિકાસ યોજનામાં અલગથી કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી.

- **અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા – અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**9.13** રાષ્ટ્રીય અન્ન સલામતિકાયદા-૨૦૧૩" **(N.F.S.A.)** નો રાજ્યમાં તા.૧-૪-૨૦૧૬ થી અમલ કરવામાં આવેલ છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકાર "અંત્યોદય અન્ન યોજના" **(AAY)** અને **"અગ્રતા ધરાવતા કુટુંબો" (PHH)** એમ બે પ્રકારની કેટેગરીના મળે કુલ ૭૦ લાખ કુટુંબનો ૩.૪૫ કરોડ લાભાર્થીઓને પ્રતિમાસ ઘઉં રૂ.૨/- પ્રતિ કિ.ગ્રા. અને ચોખા રૂ.૩/- પ્રતિ કિ.ગ્રા.ના દરે વિતરણ કરે છે. તદ્દઉપરાંત, **AAY & BPL** કાર્ડધારકોને રાહત દરે ખાંડ અને મીઠું વિતરણ કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા તમામ **N.F.S.A.** કાર્ડધારકોને પ્રતિમાસ રાહતદરે ૧ કિલો તુવેરદાળ તથા વર્ષમાં બે વખત ખાદ્યતેલનું રાહતદરે વિતરણ કરવામાં આવે છે. નોન ગેસ કાર્ડધારકોને કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે.

**9.14** રાજ્ય સરકાર દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" (N.F.S.A.) હેઠળના ૭૦ લાખ કુટુંબોના ૩.૪૫ કરોડ લાભાર્થીઓને માહે એપ્રિલ-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ તથા મીઠાનું રાહત દરેથી વિતરણ કરાયેલ છે.

**9.15** વધુમાં, ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીના કારણોસર જાહેર કરાયેલ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ મે-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ માસ એટલે કે સતત ૮ મહિના સુધી દર માસે NFSA હેઠળ સમાવિષ્ટ કુલ ૭૦ લાખ કુટુંબોના ૩.૪૫ કરોડ લાભાર્થીઓને પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજના (ઘઉં અને ચોખા) જથ્થાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

- **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા–(અંત્યોદય કુટુંબો) :- અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**9.16** આ યોજના હેઠળ ૮.૧૨ લાખ અંત્યોદય કુટુંબોને સમાવિષ્ટ કરવાનો લક્ષ્યાંક કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ છે. અતિ ગરીબ તેમજ ભારત સરકારે નક્કી કરેલ ધોરણો પરિપૂર્ણ કરતા આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ "અંત્યોદય અન્ન યોજના" (AAY) કેટેગરીના જાન્યુઆરી-૨૦૨૨ ની સ્થિતિએ ૭.૯૭ લાખ કુટુંબોની ૩૬.૬૧ લાખ જનસંખ્યાને કાર્ડદીઠ માસિક ૩૫ કિ.ગ્રા. અનાજ (ઘઉં પ્રતિ કિલો રૂ.૨/- અને ચોખા પ્રતિકિલો રૂ. ૩/-) વિતરણ કરવામાં આવે છે.

**9.17** "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"" (PMGKAY) હેઠળ મે-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ માસ એટલે કે સતત ૮ મહિના સુધી "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" (N.F.S.A.) હેઠળના સમાવિષ્ટ રાજ્યના "અંત્યોદય અન્ન યોજના" (AAY) કુટુંબોને દર માસે પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિ.ગ્રા. અનાજના (ઘઉં અને ચોખા) જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

- **રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા -(અગ્રતા ધરાવતા કુટુંબો) :-અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**9.18** સરકારશ્રી દ્વારા નક્કી કરેલ આવક તથા અન્ય ધોરણો પરિપૂર્ણ કરતા હોય તેવા લાભાર્થીને "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" **(N.F.S.A.)** હેઠળના "અગ્રતા ધરાવતા કુટુંબો" **(PHH)** કેટેગરીના જાન્યુઆરી-૨૦૨૨ની સ્થિતિએ ૬૨.૪૫ લાખ કુટુંબોની ૩.૦૮ કરોડ જનસંખ્યાને કુલ ૫ કિ.ગ્રા. અનાજ (ઘઉં પ્રતિ કિલો રૂ.૨/- અને ચોખા પ્રતિકિલો રૂ. ૩/-) વિતરણ કરવામાં આવે છે.

**9.19** પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ મે-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ માસ એટલે કે સતત ૮ મહિના સુધી "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળના "અગ્રતા ધરાવતા કુટુંબો" (PHH)ને દર માસે પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિ.ગ્રા. અનાજના (ઘઉં અને ચોખા) જથ્થાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

**9.20** રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળના "અંત્યોદય અન્ન યોજના" (AAY) અને "અગ્રતા ધરાવતા કુટુંબો" (PHH) મળી ૭૦ લાખ કુટુંબોને પ્રતિમાસ કુટુંબદીઠ ૧ કિલો તુવેરદાળનું રાહતદરે વિતરણ કરવામાં આવેલ છે.

**9.21** માહે એપ્રિલ-૨૦થી ડિસેમ્બર-૨૦૨૧ સુધીની પ્રવર્તમાન કોવિડ-૧૯ રોગચાળાની પરિસ્થિતિ દરમ્યાન રાજ્યની "અન્નબ્રહ્મ" યોજનાનો વ્યાપ વધારીને પરપ્રાંતિય કારીગરો/ મજૂરો, સેકસ વર્કસ તેમજ ઘરવિહોણા, રેશનકાર્ડ વગરના લાભાર્થીઓને ઘઉં ૭૭૮૦.૧૫ મે. ટન, ચોખા ૩૮૯૦.૦૭ મે. ટનનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

- **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**9.22** પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારમાં "સામાજીક-આર્થિક મોજણી સર્વેક્ષણ-૨૦૧૧" **(SECC-2011)** મુજબ પાત્રતા ધરાવતા ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લોકોને નાણાંકીય સહાય પુરી પાડી નવા આવાસના બાંધકામ માટે સહાયરૂપ બનવાનો છે. લાભાર્થીને આવાસ દીઠ રૂ. ૧,૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. અને તબક્કાવાર સહાય લાભાર્થીના ખાતામાં કરવામાં આવે છે. આ ઉપરાંત મહાત્મા ગાંધી-નરેગા યોજના હેઠળ રોજગારી પેટે રૂ. ૨૦,૬૧૦/- ની સહાય અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલય બાંધકામ માટે રૂ. ૧૨,૦૦૦/- એમ કુલ રૂ. ૧,૫૨,૬૧૦/- ની સહાય મળવાપાત્ર થાય છે.

**9.23** પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત અત્યાર સુધીમાં (વર્ષ ૨૦૧૬-૨૧) ૪,૪૯,૧૫૨ આવાસ ભારત સરકારશ્રી દ્વારા લક્ષ્યાંક મળેલ છે. અને ૨,૯૭,૧૭૭ આવાસો પુર્ણ કરવામાં આવેલ છે. અને ૧,૫૨,૨૨૧ આવાસો પ્રગતિ હેઠળ છે. (ડીસેમ્બર-૨૦૨૧ અંતિત)

**9.24** વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ ૯૧૮.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રના રૂ.૫૫૦.૮૦ કરોડ અને રાજ્યના રૂ.૩૬૭.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને ૭૫૦૦૦ આવાસનું નિર્માણ થવાની સંભાવના છે.

- આર્થિક રીતે નબળા વર્ગો, ઓછી આવકવાળા વર્ગો માટે શહેરી વિસ્તારમાં આવાસ – શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

**9.25** રાજ્યના શહેરો/ નગરોને ઝુંપડપટ્ટી મુક્ત કરવા અને શહેરી વિસ્તારમાં રહેતા શહેરી ગરીબો અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને વ્યાજબી કિંમતના આવાસો પુરા પાડવાના ઉમદા હેતુ સાથે તથા હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ના લક્ષ્યાંકને સિધ્ધ કરવા કેન્દ્ર સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની નીતિને અનુરૂપ રાજ્ય સરકારશ્રી દ્વારા પોલીસી ઘડી યોજનાનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હાલની સ્થિતિ કુલ ૮,૬૧,૬૧૮ આવાસો મંજૂર કરવામાં આવેલ છે, જે

પૈકી ૫,૮૦,૬૪૧ આવાસોની કામગીરી પુર્ણ થયેલ છે. અને બાકી આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે

- **ગ્રામ્ય વિસ્તાર-ગ્રામિણ પાણી પુરવઠા કાર્યક્રમમાં વેગ- અંશતઃ આવરી લેવાયેલ(પી.સી.) ફળીયાઃ- નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**9.26** જલ જીવન મિશન (પુર્વે રાષ્ટ્રીય ગ્રામ્ય પેયજળ કાર્યક્રમ) અંતર્ગત અંશતઃ આવરી લેવાયેલ(પી.સી.) ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) વસવાટોને આવરી લેવા તથા પાણીની ગુણવત્તાની દેખરેખ અને નિયમન વિગેરે જેવી કામગીરી હાથ ધરવામાં આવે છે.

**9.27** ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓનું રાજ્યના તમામ વિસ્તારોમાં અમલીકરણ કરવામાં આવે છે. નવેમ્બર-૨૦૨૧ સુધીમાં બધાજ અંશતઃ આવરી લીધેલ (પીસી.) ગામોમાં પુરતી પીવાના પાણીથી સગવડ કરવામાં આવેલ છે. જેથી વર્ષ ૨૦૨૨-૨૩ માં અંશતઃ આવરી લીધેલ (પી.સી) ફળિયાઓ નોંધાયેલ ન હોવાથી વર્ષ ૨૦૨૨-૨૩ માં પી.સી. કેટેગરી અંતર્ગત કોઈપણ લક્ષ્યાંક આપવામાં આવેલ નથી.

**9.28** એકવાર આવરી લેવાયેલ ફળિયામાં કોઈ કારણોસર પાણીની સગવડ અપુરતી હોવાથી ફરીથી મુશ્કેલીવાળા ફળીયા જાહેર થાય છે. નવેમ્બર-૨૦૨૧ ની સ્થિતિએ અપુરતી પીવાના પાણીની સગવડ (પી.સી) માં કોઈપણ ગામ નોંધાયેલ નથી. તેથી વર્ષ ૨૦૨૨-૨૩ માટે હાલના તબક્કે કોઈ આયોજન નથી.

**ગુણવત્તાની અસરવાળા (કયુ.પી.) ફળીયા**

**9.29** આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ અંતર્ગત ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) વસવાટોને આવરી લેવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**9.30** ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓનું સામાન્ય, અનુ.જનજાતિ તેમજ અનુસુચિત જાતિ વિસ્તારમાં અમલીકરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) કક્ષાના ફળિયાનો લક્ષ્યાંક શૂન્ય હતું. એકવાર આવરી લેવાયેલ ફળિયામાં કોઈ કારણોસર પાણીની ગુણવત્તા બગડતા ફરીથી મુશ્કેલીવાળા ફળીયા જાહેર થાય છે. ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) જાહેર થયેલ બધાજ ફળીયાઓને માર્ચ-૨૦૧૭ સુધીમા આવરી લેવાયેલ હોઈ વર્ષ ૨૦૨૨-૨૩ માટે હાલના તબક્કે કોઈ આયોજન નથી.

(સિવાય કે વર્ષ ૨૦૨૨-૨૩ માં ગુણવત્તાની અસરવાળા (ક્યુ.પી) ફળીયા તરીકે પુન: જાહેર થાય)

- **બાળકોને રસીકરણ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ હેઠળ નીચેની રસી મુકવામાં આવે છે.**

(૧) ધનુર (૨) હીપેટાઇટીસ-બી (૩) બીસીજી (૪) પોલીયો (૫) પેન્ટાવેલેન્ટ (પંચગુણી) (૬) ડી.ટી.પી (૭) ઓરી અને રૂબેલા (૮) રોટાવાઈરસ

**9.31** રસીકરણ કાર્યક્રમ એ નવજાત શિશુઓ અને બાળકોને રસીથી અટકાવી શકાય તેવી દસ જીવલેણ બિમારીઓ જેવી કે, ઉટાટીયું, મોટી ઉધરસ, બાળ ક્ષય, હીપેટાઇટીસ-બી, હાઇ બેક્ટેરીયા,રોટા વાઈરસ, ડાયેરીયા, પોલીયો, ધનુર, રૂબેલા અને ઓરી જેવા રોગો સામે રક્ષણ આપી રોગોથી બચાવવાની ચાવીરૂપ ભુમિકા બજાવે છે.

**પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમ હેઠળના નવજાત શિશુઓનું રસીકરણ**

**9.32** રાજયમાં વર્ષ ૧૯૯૭-૯૮માં પોલીયોના ૩૧૪ કેસ નોંધાયેલ, જેમાં ઘટાડો થઇને વર્ષ ૨૦૦૧માં ફકત ૧, પોલીયોનો કેસ નોંધાયેલ છે જો કે ત્યારબાદ વર્ષ ૨૦૦૩ દરમ્યાન ૨૪ પોલીયોના કેસ નોંધાયેલ, ત્યારબાદ રાજ્યમાં પલ્સ પોલીયો રસીકરણની ઉચ્ચ કક્ષાની કામગીરીને પરિણામે સમગ્ર રાજયમાં પોલીયાના કેસોમાં ઘટાડો થયેલ અને નવેમ્બર-૨૦૦૬ દરમ્યાન રાજયમાં ૪ પોલીયોના કેસ નોંધાયેલ હતા. રાજયમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૮-૧૯ સુધીમાં પોલીયોનો એકપણ કેસ નોંધાયેલ નથી.

- **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) - પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**9.33** સ્વચ્છ ભારત મિશન (ગ્રા) યોજના વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાં તા. ૨ જી ઓક્ટોમ્બર, ૨૦૧૪ થી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા પરિવારો માટે વ્યક્તિગત શૌચલય નિર્માણ, સામુહિક શૌચાલય અને ઘન અને પ્રવાહી કચરાના સુયોગ્ય રીતે નિકાલ કરવાના હેતુથી અમલમાં મુકવામાં આવેલ હતું. જેના ભાગરૂપે તા. ૦૨/૧૦/૨૦૧૭ ના રોજ ગુજરાત રાજ્યને "શૌચક્રિયા મુક્ત **(ODF)**" કરવામાં આવેલ છે.

**9.34** સમગ્ર દેશને તા. ૦૨/૧૦/૨૦૧૯ ના રોજ "શૌચક્રિયા મુક્ત **(ODF)**" કરવામાં આવેલ છે. સાથે સાથે ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપનને વધુ સુદઢ બનાવવા તથા

રાજ્યના ગ્રામીણ વિસ્તારના **ODF+** ના હેતુસર સ્વચ્છ ભારત મિશન (ગ્રા) ફેઝ-૨ નો પ્રારંભ  કરવામાં આવેલ છે.

**9.35** આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ. ૮૦૦.00 કરોડની જોગવાઇ સામે રૂ. ૨૮૨.૩૬ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે. અને ૧૦૭૮૫૧ શૌચાલયનું  નિર્માણ કરવામાં આવેલ છે. (જાન્યુઆરી-૨૦૨૧ અંતિત)

**9.36** આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ. ૪૬૭.૨૦ કરોડ ની જોગવાઇ કરવામાં આવેલ છે. અને ૭૦,૩૫૮ શૌચાલયનું નિર્માણ કરવામાં આવશે.

- **સંસ્થાકીય પ્રસૂતિ સુવિધા – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**9.37** રાજ્યામાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં કુલ ૧૧.૫૧ લાખ પ્રસૂતિઓ નોંધાયેલ, જે પૈકી ૧૧.૪૫ (૯૯.૫૧) ટકા પ્રસૂતિઓ સંસ્થાઓમાં નોધાયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં કુલ ૧૧.૧૮ લાખ પ્રસૂતિઓ નોંધાયેલ, જે પૈકી ૧૧.૧૪ (૯૯.૬૦) ટકા પ્રસૂતિઓ સંસ્થાઓમાં નોધાયેલ છે રાજ્યામાં વર્ષ ૨૦૨૧-૨૨(ડીસેમ્બર-૨૧ અંતિત) કુલ ૭.0૬ લાખ પ્રસૂતિઓ નોંધાયેલ, જે પૈકી ૭.03  (૯૯.૭0) ટકા પ્રસૂતિઓ સંસ્થાઓમાં નોધાયેલ છે.

- **અનુસુચિત જાતિઓના કુટુંબોને સહાય – સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

**9.38** ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા સ્થાપના થી આજ દિન સુધી બેંકેબલ યોજનાનો સફળ અમલ કરવામાં આવી રહ્યો છે. જેમાં ગરીબી રેખા હેઠળ શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/- થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના વ્યક્તિઓને (૧) ધંધા / વેપાર માટે મહત્તમ રૂ.૧.00 લાખ (એક લાખ) અને (૨) ઉદ્યોગ અને સેવા માટે મહત્તમ રૂ.૨.00 લાખ (બે લાખ)ની યુનીટ કોસ્ટ સુધીના કૂટિર અને નાના પાયાના વ્યવસાયો માટે રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે ધિરાણ આપવામાં આવે છે. જેમાં ભારત સરકારશ્રી તરફથી મળતી ખાસ કેન્દ્રિય સહાય ( **SCA to SCSP** ) હેઠળ મળતી ગ્રાન્ટ માંથી ધિરાણના ૫૦% અથવા વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/- ની મર્યાદામાં સબસીડી આપવામાં આવે છે. આ યોજનામાં લાભ લેવા માગતાં અનુસૂચિત જાતિના ઇસમો માટે પાત્રતા નક્કી કરવામાં આવેલ છે. જેમાં અરજદાર ગુજરાતનો વતની હોવો જોઈએ. તેની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. આ યોજનામાં પશુપાલન, રેડીમેટ

ગારમેન્ટસ, કાપડફેરી, કરીયાણા, ભરત ગુંથણ, સીલાઇકામ, બ્યુટીપાર્લર, વાંસકામ, પાનબીડી, બુટચંપલની ફેરી, આર.સી.સી. સેન્ટરીંગ, સુથારીકામ વિગેરે જેવા વ્યવસાયમાં બેંકો મારફત ધિરાણ કરાવવામાં આવે છે.

- **અનુસુચિત જનજાતિઓના કુટુંબોને સહાય – આદિજાતિ વિકાસ વિભાગ**

**9.39** વર્ષ ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ અનુસુચિત જનજાતિઓની વસતી ૮૯.૧૭ લાખ છે, જે રાજયની કુલ વસ્તીના ૧૪.૭૬ ટકા જેટલી છે. આદિજાતિ કુટુંબોને ગરીબી રેખા ઉપર લઇ જવા માટે વધુ રોજગારીનું નિર્માણ કરવા અને વધારાની આવક ઉભી કરવા આર્થિક સહાય પુરી પાડવી જરૂરી છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ અનુસુચિત જનજાતિઓ માટે જુદી જુદી કુટુંબલક્ષી યોજનાઓનો વિવિધ એજન્સી મારફત અમલ કરવામાં આવે છે. આ એજન્સીઓ નીચે મુજબ છે.

(૧) કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ (૨) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ (૩) નિયામકશ્રી, ખેતી કૃષિ ભવન (૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ (જીટીડીસી) (૫) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ (આઈટીડીપી) (૬) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ (આઈઆરડી) (૭) કમિશ્નરશ્રી, મત્સ્યદ્યોગ (૮) અગ્રમુખ્યવન સંરક્ષકશ્રી (૯) મેનેજીંગ ડિરેક્ટર શ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. (૧૦) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (૧૧) નિયામકશ્રી, સેન્ટર ફોર આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ

- **સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનું વ્યાપ્તિકરણ અને કાર્યરત આંગણવાડીઓ- મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**9.40** પુરક પોષણ કાર્યક્રમ એ આઈ.સી.ડી.એસ. યોજનામાં એક અગત્યની પૂરક પોષણ યોજના છે. આ યોજના હેઠળ ૬ માસ થી ૩ વર્ષ સુધીની વયના બાળકોને **THR** (ટેક હોમ રેશન) અને ૩ વર્ષથી ૬ વર્ષ સુધીની વયના બાળકોને **HCM**( હોટ કૂક મીલ) આપવામાં આવે છે. જેમાં ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે અને અતિશય ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦ થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે છે. જ્યારે સગર્ભા-ધાત્રી માતાઓ અને કિશોરીઓને આ યોજના હેઠળ ૬૦૦ કેલેરી અને ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુકત આહાર આપવામાં આવે

છે.સને ૨૦૨૧-૨૨(નવેમ્બર -૨૦૨૧ અંતિત) ૫૩.૧૩ લાખ લાભાર્થીઓએ લાભ મેળવેલ છે.

**9.41** સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ કુલ ૪૨૬ ઘટકો અને ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. કુલ ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો પૈકી કુલ ૧૩,૮૨૧ આંગણવાડી કેન્દ્રો આદિજાતિ વિસ્તારમાં, ૪,૭૮૮ આંગણવાડી કેન્દ્રો શહેરી અને ૩૪,૪૨૦ આંગણવાડી કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારોમાં મંજુર કરવામાં આવેલ છે નવેમ્બર -૨૧ નાં અંત સુધીમા ૪૨૬ ઘટકો અને ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યન્વિત થયેલ છે.

**9.42** વર્ષ ૨૦૨૨-૨૩ માં ૩,૨૦,૧૪૦.૭૯ લાખની સુચિત જોગવાઇ આ યોજના હેઠળ કરવામાં આવી છે.

**9.43** **દુધ સંજીવની યોજના :-** રાજયના ૨૦ જીલ્લાના ૫૦ આદિજાતિ તાલુકાઓના ૮૩ ઘટકો તેમજ ૨૨ વિકાસશીલ તાલુકાઓના ૨૬ ઘટકોમાં અમલમાં છે. આંગણવાડી કેન્દ્રોમા આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિ.લી. પેશ્ચુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇડ દુધ આપવામાં આવે છે અને સગર્ભા- ધાત્રી માતાઓને અઠવાડિયામાં ૨ દિવસ ૨૦૦ મિ.લી. પેશ્ચુરાઇઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇડ દુધ આપવામાં આવે છે. માર્ચ ૨૦૨૦ અંતિત સરેરાશ ૧૩.૨૪ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧૩,૬૧૫.૬૪ લાખની બજેટ જોગવાઈની મંજૂરી મળેલ હતી. જે પૈકી રૂ. ૬૪૪.૮૧ લાખનો ખર્ચ થયેલ છે. વધુમાં વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧૭,૯૬૮.૭૫ લાખની સૂચિત જોગવાઈ કરવામાં આવેલ છે. હાલમાં કોવિડ-૧૯ ની મહામારીને કારણે માર્ચ-૨૦૨૦ થી તમામ આંગણવાડી કેન્દ્રો બંધ હોવાથી આ યોજનાનો અમલ થઈ શક્યો નથી.

- **સાત મૂળભૂત મુદ્દાઓ હેઠળ આવરી લેવાયેલ શહેરી ગરીબ કુટુંબીઓને સહાય - જેવા કે, જમીન ભાડુઆત, પરવડે તેવી કિંમતે મકાન, પાણી, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ અને સામાજીક સુરક્ષા – શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**9.44** **વ્યક્તિગત શૌચાલય-** રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ થાય, નાગરિકોનું આરોગ્ય સારૂ બને, શહેરમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તથા ગુજરાત રાજ્યના તમામ શહેરો “સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત” તથા “ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી સીટીઝ “કરવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરેલ છે.

તા. ૨૦/૦૧/૨૦૧૫ ના ઠરાવથી ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત અંગે ગાઇડલાઇન પ્રસિધ્ધ કરેલ છે.

**9.45** (૧) સેન્સસ ૨૦૧૧ મુજબ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ-૫,૬૦,૦૪૬ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવેલ છે. (૨) સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૪૧૮ પબ્લિક ટોયલેટ બ્લોકનું બાંધકામ પુર્ણ થયેલ છે. (૩) સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨૩૮ કોમ્યુનીટી શેર્ડ ટોયલેટ બ્લોકનું બાંધકામ પુર્ણ થયેલ છે.

**ઓ.ડી.એફ., ઓ.ડી.એફ.+, ઓ.ડી.એફ.++ અને વોટર પ્લસ:**

૨ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ સ્વચ્છ ભારત મિશનને ૭ (સાત) વર્ષ પુર્ણ થયેલ છે. આ સાત વર્ષના સમયાગાળામાં ભારતના ઘણા શહેરો ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત (ODF) જાહેર થયેલ છે. શહેરી વિસ્તારમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે, જે ૧૦૦% ODF જાહેર થયેલર થયેલ છે.

રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૬ નગરપાલિકાઓ ODF જાહેર થયેલ છે અને સ્વચ્છ સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. ODF+ અંતર્ગત રાજ્યની ૧ મહાનગરપાલિકા તથા ૪૧ નગરપાલિકાઓ ODF+ જાહેર થયેલ છે. તેમજ ૬ મહાનગરપાલિકાઓ તથા ૧૦૩ નગરપાલિકાઓ ODF++ જાહેર થયેલ છે. તેમજ સુરત મહાનગરપાલિકાને વોટર પ્લસ જાહેર થયેલ છે.

**વનીકરણ (જાહેર અને જંગલ વિસ્તાર) – વન અને પર્યાવરણ વિભાગ**

**9.46** વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ મુદ્દા ૫૧ (એ)માં કુલ ૧,૮૨,૧૦૦ હેકટર વિસ્તારમાં (જાહેર અને જંગલ ભૂમિ સહિત) રોપાઓના વાવેતરના લક્ષ્યાંક સામે માર્ચ-૨૦૨૧ સુધી ૨,૦૬,૮૩૯.૦૭ હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જે ૧૧૩.૫૯ ટકા સિધ્ધિ થવા પામેલ. મુદ્દા ૫૧ (બી) માં કુલ ૧,૧૮૩.૬૫ લાખ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંકની સામે માર્ચ-૨૦૨૧ અંતિત ૧,૪૦૯.૬૬ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જે ૧૧૯.૦૯ ટકા સિધ્ધિ થયેલ.

**9.47** વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ મુદ્દા ૫૧ (એ)માં કુલ ૨,૦૬,૩૧૦ હેકટર વિસ્તારમાં (જાહેર અને જંગલ ભૂમિ સહિત) વાવેતરના લક્ષ્યાંક સામે નવેમ્બર-૨૦૨૧ અંતિત ૨,૨૨,૪૧૮.૩૯ હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. જે ૧૦૭.૮૧ ટકા સિધ્ધિ થવા પામેલ. મુદ્દા ૫૧(બી) માં કુલ ૧,૩૪૧.૦૨ લાખ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંકની સામે નવેમ્બર -૨૦૨૧ અંતિત ૧,૫૮૨.૩૧ લાખ રોપાઓનું

વાવેતર કરવામાં આવેલ છે. જે ૧૧૭.૯૯ ટકા સિધ્ધિ થવા પામેલ. વર્ષ ૨૦૨૧-૨૨ માં નવેમ્બર-૨૦૨૧ અંતિત વાવેતરની કામગીરી પાછળ કુલ નાણાકીય જોગવાઈ રૂ. ૩૭,૧૫૨.૯૪ લાખ સામે રૂ. ૧૯,૩૭૫.૫૫ લાખનો ખર્ચ થયેલ છે.

- **ગ્રામ્ય રસ્તાઓ - પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)– માર્ગ અને મકાન વિભાગ**

**9.48** ભારત સરકાર દ્વારા જોડાણથી વંચિત હોય તેવા પરાઓને જોડાણ પૂરું પાડવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. આ યોજનાનો મુખ્ય હેતુ વસ્તી ગણતરી ૨૦૦૧ ની સ્થિતિએ બારમાસી રસ્તાઓના જોડાણ માટે બાકી રહેતા ૨૫૦ થી વધુ વસ્તીના આદિજાતિ પરા અને ૫૦૦ થી વધુ વસ્તીના નોર્મલ (બિન આદિજાતિ) પરાઓને બારમાસી રસ્તાઓથી જોડાણ આપવાનો છે. રાજ્યમાં માર્ચ-૨૦૧૯ સુધી આ યોજનામાં કુલ ૩,૦૬૯ પરાઓને બારમાસી રસ્તાઓથી પ્રથમવાર જોડાણ માટે ભારત સરકાર પાસેથી મંજૂરી મેળવવામાં આવી. જે પૈકી કુલ ૩,૦૧૭ પરાઓને બારમાસી રસ્તાઓથી પ્રથમવાર જોડાણ પૂરું પાડવામાં આવેલ છે.

**9.49** ભારત સરકાર દ્વારા ઓગસ્ટ ૨૦૧૩માં **PMGSY** યોજનાનો બીજો તબક્કો શરૂ કરવામાં આવેલ છે, જેમાં હયાત ગ્રામ્ય નેટવર્કમાં આવતા હોય તેવા ગ્રામ્ય માર્ગોને મજબૂતીકરણ તેમજ ૫.૫ મીટર પહોળા કરવાની કામગીરી મુખ્ય રીતે મંજુરીની જોગવાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા **PMGSY-૨** ની નિર્દિષ્ટ માર્ગદર્શિકા અનુસાર,કુલ ૧૧૮૧ કિમીની લંબાઈના ૧૦૯ રસ્તાના કામો અને ૪૦ પુલના કામોની મંજૂરી ભારત સરકાર પાસેથી મેળવવામાં આવી અને તમામ કામો રૂ. ૬૦૯ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ.

**9.50** ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના તબકકા-૩ હેઠળ ૩૦૧૫ કિ.મી. લંબાઇના ૩૦૪ ગ્રામ્ય માર્ગોને અંદાજીત રૂા.૧૭૪૯.૬૨ કરોડના ખર્ચે હયાત ૩.૭૫મી. થી ૫.૫૦મી. પહોળા કરવા મંજુરી આપેલ છે. મંજુર થયેલ ૩૦૪ કામો પૈકી ડિસેમ્બર-૨૦૨૧ ની સ્થિતિએ ૧૧૯ કિમી લંબાઈના ૧૨ કામો પૂર્ણ કરી દેવામાં આવેલ છે જ્યારે ૨૫૮ કામો પ્રગતિ હેઠળ છે અને બાકીઈના ૩૪ કામો ટેન્ડરીંગ પ્રક્રિયા હેઠળ છે જે ટૂંક જ સમયમાં હાથ ધરવામાં આવશે.

- **વિજળીકરણથી ચાલતા પંપસેટ – ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ**

**9.51** આદિજાતિ વિસ્તારમાં કુવા પરના પમ્પ સેટસનુ વીજળીકરણ રાજય સરકારના શેર મુડી ફાળામાંથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કરવામા આવે છે જયારે બીન આદિજાતિ વિસ્તારમાં સામાન્ય યોજના તથા ડાર્કઝોન યોજના હેઠળ રાજય સરકારના શેર મુડી ફાળામાંથી કરવામા આવે છે.

**9.52** કેન્દ્ર સરકારની મંજૂરીની અપેક્ષાએ વર્ષ ૨૦૨૧-૨૨ મા ૪૪૫૦૦ કુવાના વીજળીકરણનો લક્ષ્યાંક રાખેલ છે. જે પૈકી ૫૭૯૦ કુવાઓનુ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અને ૩૮૭૧૦ કુવાઓનુ સામાન્ય યોજના તથા ડાર્કઝોન યોજના હેઠળ વીજળીકરણ કરવાના આયોજન સામે માહે નવેમ્બર -૨૦૨૧ અંતે ૫૧૯૨ કુવાનુ વીજળીકરણ આદિજાતી પેટા યોજના હેઠળ કરવામા આવેલ છે. તેમજ ૨૧,૨૫૩ કુવાનુ વીજળીકરણ સામાન્ય યોજના તથા ડાર્કઝોન યોજના હેઠળ વીજળીકરણ કરવામા આવેલ છે. આમ કુલ ૨૬૪૪૫ કુવાનુ વીજળીકરણ કરવામા આવેલ છે.

**9.53** નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં પણ ૪૪૫૦૦ કુવા વીજળીકરણની દરખાસ્ત રજૂ કરેલ છે. જે પૈકી ૫૭૯૦ કુવાઓનુ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અને ૩૮૭૧૦ કુવાઓનુ સામાન્ય યોજના હેઠળ વીજળીકરણ કરવામાં આવશે. ૨૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ ના કુવાઓનો વીજળીકરણનો લક્ષ્યાંક કેન્દ્ર સરકારની મંજૂરીની અપેક્ષાએ રાખવામાં આવેલ છે. ૪૪૫૦૦ કુવાઓના વીજળીકરણ માટેનુ ફંડ રાજ્ય સરકાર તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે.

- **વિજળીનો પુરવઠો – ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ**

**9.54** ભારત સરકારની પાવર નીતિનો મુખ્ય ઉદ્દેશ પાવર સેક્ટરના ઝડપી વિકાસની સાથે સાથે તમામ કક્ષાના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાનો અને ગ્રાહકોના હિતનું રક્ષણ કરવાનો રહેલ છે. સદર નીતિનો મુખ્ય ધ્યેય વીજળીકરણ સામે વીજળીની પ્રાપ્યતા અને વૃધ્ધિ રહેલ છે અને "સપ્લાય ઓફ ઇલેક્ટ્રીસીટી" ની બાબત તેને પરિપૂર્ણ કરે છે. જેનો સમાવેશ ૨૦ મુદા કાર્યક્રમ ૨૦૦૬માં કરવામાં આવેલ છે.

**9.55** નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં રાજ્ય ની અંદાજિત ૧૩૧૦૭૫ મિલિયન યુનિટ ની કુલ વીજમાંગ સામે ૧૩૦૯૧૫ મિલિયન યુનિટ એટલે કે ૯૯.૮૮ % વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે.

**9.56** આમ, ૨૦ મુદ્દા કાર્યક્રમ ૨૦૦૬ના અમલીકરણમાં ગુજરાત રાજય રાષ્ટ્રમાં પ્રથમ હરોળના રાજ્યોમાનું એક રાજ્ય છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ-૨૦૦૬ના અસરકારક અમલીકરણ માટે ૨૦ મુદ્દા કાર્યક્રમ ઉચ્ચાધિકાર અમલીકરણ સમિતિની રચના કરવામાં આવે છે.

**વર્ષ ૨૦૨૧-૨૨ ના ડિસેમ્બર-૨૦૨૧ અંતિત લક્ષ્યાંક સામે સિદ્ધિ દર્શાવતું પત્રક**

| મુદ્દા | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૨૧-૨૨ | ડિસેમ્બર-૨૧ અંતિત લક્ષ્યાંક | ડિસેમ્બર-૨૧ અંતિત સિદ્ધિ | સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧અ | | રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી એક્ટ હેઠળ રોજગારીનુ પ્રાવધાન | | | | | |
| | ૧ | જોબ કાર્ડની ફાળવણી | સંખ્યા | ૦ | | ૪૨,૯૫,૯૦૦ | - |
| | ૨ | ઉભી કરેલ રોજગારી | સંખ્યા | ૦ | ૦ | ૪૪૮.૦૮ | - |
| | 3 | રોકડ અને અવેજીમાં ચુકવેલ વેતન | લાખ | ૦ | ૦ | ૯૧,૫૩૯.૯૯ | - |
| ૧એ | | રાષ્ટ્રીય ગ્રામીણ લાઇવલીહુડ મીશન (NRLM) | | | | | |
| * | ૧ | ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન બનાવેલ સેલ્ફ હેલ્પ ગૃપોની સંખ્યા (નવા અને પુનઃજીવીત કરેલા) | સંખ્યા | ૪૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૧૮,૧૧૭ | ૬૦ |
| * | ૨ | ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન રીવોલવીંગ ફંડ (RF) પુરા પાડેલ સેલ્ફ હેલ્પ ગૃપોની સંખ્યા | સંખ્યા | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૮,૪૪૫ | ૫૬ |
| * | 3 | ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કોમ્યુનીટી ઇન્વેસ્ટ મેન્ટ ફંડ (CIF) પુરા પાડેલ સેલ્ફ હેલ્પ ગૃપોની સંખ્યા | સંખ્યા | ૨૮,૫૭૨ | ૨૧,૪૨૯ | ૧૬,૯૭૫ | ૭૯ |
| ૩ઇ | | જમીન વિહોણાઓને ફાજલ જમીનની વહેંચણી | | | | | |

| મુદ્દા | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૨૧-૨૨ | ડિસેમ્બર-૨૧ અંતિત લક્ષ્યાંક | ડિસેમ્બર-૨૧ અંતિત સિદ્ધિ | સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૧ | કુલ વહેંચાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| | ૨ | SCને ફાળવાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| | ૩ | STને ફાળવાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| | ૪ | અન્યને ફાળવાયેલ જમીન | હેકટર | ૦ | ૦ | ૦ | - |
| ૪બ | | લઘુતમ વેતનધારો (ખેતમજુર સહિત) | | | | | |
| | ૨ | લઘુતમ વેતનધારો | સંખ્યા | ૦ | ૦ | ૦ | - |
| ૫અ | | ખાદ્યસુરક્ષા | | | | | |
| * | ૨ | જાહેર વિતરણ પધ્ધતિ (APL+BPL+AAY) | ટન | ૨૧,૭૧,૬૫૨.૯૬ | ૧૬,૨૮,૭૪૦ | ૧૫,૫૦,૨૮૧.૯૯ | ૯૫ |
| ૫બ | | ખાદ્યસુરક્ષા | | | | | |
| * | ૨ | જાહેર વિતરણ પધ્ધતિ (Only AAY) | ટન | ૧૮,૩૧,૨૬૩.૪૮ | ૧૩,૭૩,૪૪૮ | ૧૨,૯૫,૭૮૦.૫૭ | ૯૪ |
| ૫ક | | ખાદ્યસુરક્ષા | | | | | |
| * | ૨ | જાહેર વિતરણ પધ્ધતિ (Only BPL) | ટન | ૩,૪૦,૩૮૯.૪૮ | ૨,૫૫,૨૯૨ | ૨,૫૪,૫૦૧.૪૨ | ૧૦૦ |
| ૬અ | | ગ્રામ્ય ગૃહ નિર્માણ–પ્રધાનમંત્રી આવાસ યોજના | | | | | |
| * | ૧ | બંધાયેલ મકાનો | સંખ્યા | ૧,૩૭,૩૬૪ | ૧,૦૩,૦૨૩ | ૧૧,૦૩૬ | ૧૧ |
| ૬બ | | આર્થિક રીતે નબળા વર્ગો, ઓછી આવકવાળા વર્ગો માટે શહેરી વિસ્તારમાં આવાસ | | | | | |
| * | ૧ | બંધાયેલ મકાનો | સંખ્યા | ૧૨,૪૭૧ | ૯,૩૫૩ | ૯,૮૬૭ | ૧૦૫ |
| ૭અ | | ગ્રામ્ય વિસ્તાર-ગ્રામિણ પાણી પુરવઠા કાર્યક્રમમાં વેગ | | | | | |
| * | ૩ | આવરી લેવાયેલ વસવાટો (આંશિક રીતે આવરી લેવાયેલ અને આવરી ન શકાયેલ) | સંખ્યા | ૭ | ૫ | ૦ | ૦ |
| * | ૪ | - પાણીની ગુણવત્તાથી પ્રભાવિત આવરી | સંખ્યા | ૨૫ | ૧૯ | ૦ | ૦ |

| મુદ્દા | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૨૧-૨૨ | ડિસેમ્બર-૨૧ અંતિત લક્ષ્યાંક | ડિસેમ્બર-૨૧ અંતિત સિદ્ધિ | સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | લેવાયેલ વસવાટો. | | | | | |
| ૮ક | બાળકોને રસીકરણ | | | | | | |
| | ૧ | રોજીંદુ રસીકરણ - જેમાં ટીટેનસ, ડીપીટી, પોલીયો, બીસીજી, અને અછબડા - રસીકરણ થયેલ બાળકો | સંખ્યા | ૧૩,૨૯,૧૦૦ | ૯,૯૬,૮૨૫ | ૮,૪૪,૦૭૧ | ૮૫ |
| | ૨ | પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ - રસીકરણ પામેલ બાળકો | સંખ્યા | ૦ | ૦ | ૦ | - |
| ૮ડ | ગ્રામિણ વિસ્તારમાં સ્વચ્છતા કાર્યક્રમ | | | | | | |
| | ૧ | રહેઠાણ દીઠ બાંધવામાં આવેલ જાજરૂ | સંખ્યા | ૧,૬૧,૭૮૨ | ૧,૨૧,૩૩૭ | ૮૬,૦૮૩ | ૭૧ |
| ૮ઇ | સંસ્થાકીય પ્રસુતિ સુવિધા | | | | | | |
| | ૧ | સંસ્થાકીય પ્રસુતિ | સંખ્યા | ૧૩,૬૭,૨૦૦ | ૧૦,૨૫,૪૦૦ | ૭,૨૬,૬૭૧ | ૭૧ |
| ૧૦ | અનુસૂચિત જાતિના કુટુંબોને સહાય | | | | | | |
| * | ૧ | SCA થી SCSP ઘટક તથા NSFDCની રાહતદરની લોન અંતર્ગત સહાયિત અનુ.જાતિના કુંટુંબો | સંખ્યા | ૩,૩૮૦ | ૨,૫૩૫ | ૨૪૮ | ૧૦ |

| મુદ્દા | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૨૧-૨૨ | ડિસેમ્બર-૨૧ અંતિત લક્ષ્યાંક | ડિસેમ્બર-૨૧ અંતિત સિદ્ધિ | સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૨ | મેટ્રીક પછીની શિષ્યવૃત્તિ હેઠળ લાભ મેળવતા અનુ.જાતિનાં વિદ્યાર્થીઓની સંખ્યા | સંખ્યા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનું વ્યાપ્તિકરણ | | | | | | |
| * | ૧ | સંકલિત બાળ વિકાસ સેવા યોજનાને કાર્યાન્વિત ઘટકો (સંચિત) | સંખ્યા | ૩૩૬ | ૩૩૬ | ૩૩૬ | ૧૦૦ |
| ૧૨ | કાર્યરત આંગણવાડીઓ | | | | | | |
| * | ૧ | કાર્યરત આંગણવાડીઓ (સંચિત) | સંખ્યા | ૫૩,૦૨૯ | ૫૩,૦૨૯ | ૫૩,૦૨૯ | ૧૦૦ |
| ૧૪ | | સાત મૂળભૂત મુદ્દાઓ હેઠળ આવરી લેવાયેલ શહેરી ગરીબ કુટુંબીઓને સહાય | | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૧ | સહાય પામેલા ગરીબ કુટુંબો | સંખ્યા | ૧૨,૪૭૧ | ૯,૩૫૩ | ૯,૮૬૭ | ૧૦૫ |
| ૧૫ | વનીકરણ (જાહેર અને જંગલ વિસ્તાર) | | | | | | |
| * | ૧ | વૃક્ષ વાવેતર હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર | હેકટર | ૨,૦૬,૩૧૦ | ૧,૫૪,૭૩૩ | ૨,૨૨,૪૯૮.૩૯ | ૧૪૪ |
| * | ૨ | રોપાઓની વાવણી | લાખ | ૧,૩૪૧.૦૨ | ૧,૦૦૫.૭૭ | ૧,૫૮૩.૫૩ | ૧૫૭ |
| ૧૭ | ગ્રામ્ય રસ્તાઓ | | | | | | |
| * | ૧ | નિર્મિત થયેલ રસ્તાઓની લંબાઇ | કિ.મી. | ૧,૦૦૦ | ૭૫૦ | ૧૮૨.૯૨ | ૨૫ |

| મુદ્દા | | બાબત | એકમ | વાર્ષિક લક્ષ્યાંક વર્ષ ૨૦૨૧-૨૨ | ડિસેમ્બર-૨૧ અંતિત લક્ષ્યાંક | ડિસેમ્બર-૨૧ અંતિત સિદ્ધિ | સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૮ક | વિજળીકરણથી ચાલતા પંપસેટ | | | | | | |
| * | ૧ | વિજળીકરણ થયેલ પંપસેટ | સંખ્યા | ૪૪,૫૦૦ | ૩૩,૩૭૫ | ૩૨,૭૬૬ | ૯૮ |
| ૧૮ઇ * | ૨ | વિજળીનો પુરવઠો | મીલીયન યુનિટ | - | ૯૨,૭૯૯.૭૦ | ૯૨,૫૫૬.૦૭ | ૧૦૦ |

- આંતરરાજ્ય તુલનાત્મક ક્રમની બાબતો – ૧૮

********

# પ્રકરણ - ૧૦
## રાજયમાં બાહ્ય સહાયિત યોજનાઓ

**10.1** રાજયના વિકાસને વેગ આપવા માટે ‘બાહ્ય સહાય’ મહત્વનો નાણાંકિય સ્ત્રોત બની શકે છે. બાહ્યસહાયિત યોજનાઓ માટે ભારત સરકારની નવી પોલિસી હેઠળ તા.૦૧/૦૪/૦૫ થી તમામ બાહ્ય સહાય ભારત સરકાર દ્વારા રાજય સરકારોને "બેક-ટુ-બેક" બેઝીસ પર અર્થાત ભારત સરકાર રાજ્ય સરકારોને બાહ્ય સહાય તેના દ્વારા મુખ્ય લેણદાર તરીકે મેળવવામાં આવેલ હોય તે જ શરતો અને બોલીઓ પુરી પાડ્યે ફાળવવામાં આવે છે. સામાન્ય રીતે, બાહ્ય સહાયિત યોજના માટેની સહાય ઉપર વ્યાજનો દર લાયબોર (London Interbank Offered Rates) સાથે સંકળાયેલો હોય છે.

- રાજયમાં હાલમાં બહુઆયામી નાણાંકિય સંસ્થાઓ (MDBs) ની સહાયથી કુલ દસ (૧૦) પ્રોજેક્ટ મંજુર થયેલ છે, જેની વિગત નીચે મુજબ છે:

### વર્ષ ૨૦૨૨-૨૩ નું આયોજન

| ક્રમ | બાહ્ય નાણાંકીય સંસ્થા | પ્રોજેક્ટનું નામ | પ્રોજેક્ટ ની સંખ્યા | આયોજન રૂ.કરોડમાં |
|---|---|---|---|---|
| ૧. | કે.એફ.ડબલ્યુ (જર્મની) | ગ્રીન એનર્જી કોરીડોર પ્રોજેક્ટ-૧ | ૧ | ૧૨૦.૬૬ |
| ૨. | વર્લ્ડ બેંક (IBRD) અને AIIB | મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ | ૧ | ૧૧૩૧.૦૦ |
| ૩. | વર્લ્ડ બેંક (IBRD) | ગુજરાત રિસીલીયન્ટ સીટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અમદાવાદ | ૧ | ૫૦.૦૦ |
| ૪. | વર્લ્ડ બેંક (IBRD) | સુરત તાપી રીવરફ્રન્ટ એન્ડ રેજ્યુવેનેશન પ્રોજેક્ટ | ૧ | ૫.૦૦ |
| ૫. | એ.ડી.બી | અમદાવાદ પેરી અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ | ૧ | ૩૦.૦૦ |
| ૬. | વર્લ્ડ બેંક અને AIIB | ડ્રિપ ફેઝ - ૨ | ૧ | ૫૦.૦૦ |
| ૭. | જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી(JICA) | પ્રોજેક્ટ ફોર ઇકો-સીસ્ટમ રીસ્ટોરેશન ઇન ગુજરાત (PERG) | ૧ | ૨૯.૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮. | જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (JICA) | અપગ્રડેશન ઓફ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ફોર શિપ રિસાયક્લિંગ ઈન અલંગ એન્ડ સોસિયા ઈન ગુજરાત | ૧ | ૦.૦૧ |
| ૯. | એ.ડી.બી | પ્રમોટીંગ રીસર્ચ ઈનોવેશન એન્ડ ડેવલપમેન્ટ ઓફ ફીનટેક ગીફ્ટ સીટી | ૧ | ૦.૦૧ |
| ૧૦ | વર્લ્ડ બેંક (IBRD) | ગુજરાતમાં પરિવર્તનશીલ આરોગ્ય સિધ્ધિઓ માટે સિસ્ટમ સુધારણ પ્રયાસ | ૧ | ૧૨૫.૦૦ |
| કુલ | | | ૧૦ | ૧૫૪૦.૯૪ |

- વર્ષ:૨૦૨૨-૨૩ માટે રાજ્ય સરકારે રૂ.૧૫૪૦.૯૪/-કરોડના બજેટ અંદાજની જોગવાઇ કરેલ છે.

## 10.2 યોજનાઓના હેતુઓ, અંદાજિત ખર્ચ વગેરેની માહિતી નીચે મુજબ છે.

**૧. હરિત ઉર્જા કોરીડોર યોજના:**

KFW જર્મનીની લોન સહાયિત આ યોજના અંતર્ગત (૧) જુદી જુદી ક્ષમતા વાળા ૨૬ સબસ્ટેશન બનાવવાના છે તેમજ (૨) ૫ રીએક્ટર્સ સ્થાપિત કરવાના કામો સમાવિષ્ટ છે. આ યોજનાનો પ્રથમ તબક્કાનો કુલ ખર્ચ રૂ.૧૯૨૬/- કરોડ છે. ઉક્ત કામો પૈકી ૧૨ સબ-સ્ટેશન કાર્યરત છે જ્યારે બાકીના કામો પ્રગતિમા છે. જેને પુર્ણ કરવાનુ લક્ષ્યાંક જુન-૨૦૨૨ છે.

**૨. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ:**

World Bank અને AIIB લોન સહાયિત આ યોજના અંતર્ગત રાજ્યની સરકારી શાળાઓને સ્કુલ ઓફ એક્સેલેન્સ (જ્ઞાન કુટીર) તરીકે વિકસાવવામાં આવનાર છે. EDN-2 હેઠળ પ્રાથમિક શાળાઓમાં સિવિલ બાંધકામ અને માળખાકીય સુવિધાઓ માટેની યોજના છે. જેથી, રાજ્યની સરકારી શાળાઓને ખાનગી શાળાઓ સામે સ્પર્ધાત્મક રીતે શ્રેષ્ઠ બનાવી શકાય. આ યોજનાનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૭૯૫૦/-કરોડ છે.

### ૩. ગુજરાત રિસીલીયન્ટ સીટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, અમદાવાદ:

વર્લ્ડ બેંક સહાયિત આ પ્રોજેક્ટ અમદાવાદ મહાનગર કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારમાં "શહેરી માળખાકીય રોકાણ" માટે વ્યૂહાત્મક અભિગમને ટેકો આપવા માટે ટેકનિકલ સહાય પુરી પાડવી, શહેરના ભંડોળના આધારને વધારવા અને વ્યાપારી ધિરાણ સુધી તેમની પહોંચને વિસ્તૃત કરવા માટે ટેકનિકલ સહાય પુરી પાડવી, અમદાવાદમાં જળ સંસાધન સંરક્ષણ અને મ્યુનિસિપલ સર્વિસ ડિલિવરી સુધારવા માટે પ્રસ્તાવિત રોકાણો કરવા તેમજ ટેકનિકલ સહાય સેવા વિતરણ માટે સંસ્થાકીય ક્ષમતાઓને વધારવા માટેની યોજના છે. જેનો સમયગાળો ૨૦૨૨ થી ૨૦૨૭ એમ કુલ ૫ વર્ષ છે. આ યોજનાનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૩૦૦૦/-કરોડ છે.

### ૪. તાપી રીવરફ્રન્ટ એન્ડ રેજ્યુવેનેશન પ્રોજેક્ટ,સુરત:

વર્લ્ડ બેંક (IBRD) સહાયિત "તાપી રીવરફ્રન્ટ એન્ડ રેજ્યુવેનેશન પ્રોજેક્ટ" અંતર્ગત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એરીયામા આવેલા વેર્ડનં.૧, ૯, ૨, ૮ અને ૧૦ના એરીયા ડેવલપમેન્ટ તેમજ વસ્તી અને વિકાસના ધોરણે રૈયાધાર હેડવર્ક કરવાની યોજના છે.આ યોજનાનો  સમયગાળો વર્ષ ૨૦૨૧ થી શરૂ કરીને ૨૦૨૪ સુધીનો છે. આ યોજનાનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૧૯૯૧/-કરોડ છે.

### ૫. અમદાવાદ પેરી અર્બન ઈન્ફ્રા.ડેવલપમેન્ટ પ્રોજેક્ટ:

વર્લ્ડ બેંક (IBRD) સહાયિત આ યોજના અંતર્ગત અમદાવાદની આસપાસના અર્બન એરીયાના બોપલ, ઘુમા, શેલા, મણીપુર, ગોધાવી, કઠવાડા, સિંગરવા, ભાટ, સુઘડ, કલોલ, સાણંદ, મહેમદાવાદ તેમજ દહેગામ વિસ્તારોમા પીવાના પાણી, પાઇપલાઇન તેમજ પમ્પીંગ સ્ટેશન જેવી ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ પુરી પાડવાની યોજના છે. આ યોજનાનો સમયગાળો વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ એમ કુલ ૫ વર્ષ છે. આ યોજનાનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૧૯૦૦/-કરોડ છે.

### ૬. ડેમ પુનર્વસન અને સુધારણા યોજના (ડ્રિપ ફેઝ -૨):

World Bank અને AIIB લોન સહાયિત DRIP II પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના કુલ ૭ ડેમોની મરામત અને સુધારાણા કરવામાં આવનાર છે. આ ડેમોનુ નિષ્ણાત અનુભવી એક્ષપર્ટ દ્વારા નિરીક્ષણ થાય તેમજ આવશ્યક સુધારાઓ, અદ્યતનીકરણ કરાય તો હાલના જુના ડેમોને લાંબા ગાળા માટે વધુ સારી રીતે ઉપયોગમાં લઇ શકાય તેમ છે.આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ.૪૧૦/- કરોડ અંદાજેલ છે.

### ૭. પ્રોજેક્ટ ફોર ઇકો-સીસ્ટમ રીસ્ટોરેશન ઇન ગુજરાત (PERG):

જાપાનની JICA સંસ્થા દ્વારા સહાયિત આ યોજનાની કુલ લાગત રૂ.૧૦૭૦/-કરોડ છે.જેનો ઉદ્દેશ જેએફએમ વાવેતર અને સમુદાયના આદિજાતિ વિકાસ સહિતના ટકાઉ જંગલ સંચાલનને પ્રોત્સાહન આપીને જંગલો પર નિર્ભર લોકોને પુન:સ્થાપિત કરવા અને આજીવિકામાં સુધારો કરવાની છે. સદર યોજનાનો વર્ષ ૨૦૨૨ થી ૨૦૩૦ એમ કુલ ૯ વર્ષનો છે.

### ૮. અલંગ અને સોશીયા ખાતે પર્યાવરણીય શીપ રિસાયકલીંગના આધુનિકીકરણની યોજના:

અલંગ અને સોશીયા શીપ રિસાયકલીંગ યાર્ડસનું આધુનિકીકરણ કરી તેને વિશ્વસ્તરીય પર્યાવરણીય સુવિધાઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આનાથી વિશ્વના દરેક દેશોના જહાજો અલંગ શિપ રિસાયકલિંગ યાર્ડનો ઉપયોગ કરી શકશે.જેથી આંતરરાષ્ટ્રીય પર્યાવરણના નિયમોનું પાલન થઈ શકશે.આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ.૪૮૯/-કરોડ અંદાજેલ છે.

### ૯. પ્રમોટીંગ રીસર્ચ ઈનોવેશન એન્ડ ડેવલપમેન્ટ ઓફ ફીનટેક ગીફ્ટ સીટી:

એશિયન ડેવલપમેન્ટ બેંક સહાયિત આ પ્રકારની યોજના ભારતમાં સર્વ પ્રથમ છે. જેમાં ફિનટેક ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી, ફિનટેક ટેલેન્ટ પૂલ વિકસાવશે અને ગુજરાતને અગ્રણી આંતરરાષ્ટ્રીય ફિનટેક ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાની સંભાવનાને શ્રેષ્ઠ બનાવવામા આવશે. આ સંસ્થા ૧. ફિનટેક ટેક્નોલૉજી અને ઉદ્યોગ એપ્લિકેશન માટેના ઉકેલો માટે પુરાવા-આધારિત સંશોધન કરશે. ૨ ફિનટેકમાં સ્ટાર્ટઅપ અને ઇન્ક્યુબેશનને પ્રોત્સાહન આપશે. ૩.વિવિધ આર્થિક ક્ષેત્રોમાં લાગુ પડતા ફિનટેકમાં બહુ-શિસ્ત તાલીમ અભ્યાસક્રમોને સંચાલન કરશે.આ પ્રોજેક્ટનો સમયગાળો વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ કુલ ૫ વર્ષનો છે. આ યોજનાનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૭૫૦/-કરોડ છે.

### ૧૦. ગુજરાતમાં પરિવર્તનશીલ આરોગ્ય સિધ્ધિઓ માટે સિસ્ટમ સુધારણા પ્રયાસ:

આ પ્રોજેક્ટના મુખ્ય ૬ ઉદ્દેશ્યો છે: (૧) ઉચ્ચ ગુણવત્તાની આરોગ્યસંભાળ વિકસાવીને માનવ મૂડી નિર્માણમાં યોગદાન આપવું તથા શાસન, જવાબદારી અને PFMના ક્ષેત્રોમાં સુધારણા. (૨) જન કલ્યાણલક્ષી ઉચ્ચ-ગુણવત્તાવાળી વ્યાપક પ્રાથમિક આરોગ્ય સંભાળ વિકસાવવી. (૩) સર્વેલન્સ સિસ્ટમ મજબૂત કરવા અને રોગ ફાટી નીકળવાના પ્રતિભાવ ને મજબૂત કરવા બાયોટેકનોલોજી નવીનતાઓનો લાભ લેવો. (૪) ટ્રોમા કેર અને માનસિક સ્વાસ્થ્યસહિતના બિન-ચેપી રોગોની રોકથામ અને વ્યવસ્થાપનને મજબૂત

બનાવવું. (૫) અસરકારક અને ઉચ્ચ-ગુણવત્તાવાળી આરોગ્ય સંભાળની સુધારણા માટે કિશોરવયની છોકરીઓને સશક્ત કરવા માટેની સેવાઓ. (૬) ડિજિટલ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા. આ પ્રોજેક્ટનો સમયગાળો વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ એમ કુલ ૫ વર્ષનો રહેશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ.૩૭૫૦/- કરોડ થવાનો અંદાજ છે.

**10.3** ભારત સરકારની મંજૂરી સાથે બહુપક્ષીય અને અન્ય બાહ્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી ઓછા વ્યાજ દરે ભંડોળ મેળવવા રાજ્ય સરકારના વિભાગોના વિવિધ પ્રોજેક્ટ માટેની દરખાસ્તો રજૂ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

*****

# ભાગ-૨

## વિભાગવાર  હેતુઓ, વ્યુહ રચના અને મુખ્ય યોજનાઓ

# કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

રાજ્યના કુલ ૧૯૬ લાખ હેક્ટર જેટલા ભૌગોલિક વિસ્તાર પૈકી આશરે ૯૭ લાખ હેક્ટર જેટલો વિસ્તાર કૃષિ પ્રવૃતિ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. રાજ્યમાં કુલ ૪૮.૮૫ લાખ ખેડૂતો, ૪૨.૬૫ લાખ પશુપાલકો અને ૨.૧૮ લાખ માછીમારો છે. રાજ્ય મગફળી, કપાસ અને એરંડાના ઉત્પાદનમાં અગ્રેસર છે અને બાગાયત કેંદ્ર તરીકે ઝડપથી વિકસી રહેલ છે. ગુજરાત દૂધ સબંધી પ્રક્રિયાઓમાં અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રેસર છે અને મત્સ્ય ઉત્પાદનમાં અગત્યનું ઉત્પાદનકાર અને નિકાસકાર છે. વિભાગ હેઠળ કૃષિ, બાગાયત, મત્સ્યોધોગ અને પશુપાલન માટે અલગ અલગ નિયામકશ્રીઓ છે. આ ઉપરાંત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રના વિકાસ માટે ડેરી વિકાસ બોર્ડ, રજીસ્ટાર સહકારી મંડળીઓ, કૃષિ યુનિવર્સિટીઓ અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પણ વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરે છે.

કૃષિ નિયામક

હેતુઓ

- ઉચ્ચ ઉત્પાદકતા દ્વારા ખેત અર્થવ્યવસ્થા મજબુત કરવી.
- વૈજ્ઞાનિક કૃષિ પધ્ધતિઓ જેવી કે, ઇનપુટનો સંતુલીત ઉપયોગ, સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અને આઇ.પી.એમ. ટેકનોલોજી વગેરેમાં માર્ગદર્શન દ્વારા ઉત્પાદન કિંમત લઘુત્તમ રાખવા ખેડુતોને સશકત બનાવવા.

વ્યુહરચના

- ચોકકસ પાક મુજબ કૃષિ પધ્ધતિનો સ્વીકાર જળ ક્ષમતા અને જમીન આરોગ્ય સંચાલનને પ્રોત્સાહન.
- કૃષિ ઉત્પાદન ક્ષમતા વધારવા યાંત્રિક ખેતી પાક લણણી અને પાક ઉત્પાદનની જાળવણી પધ્ધતિ પર ધ્યાન.
- સહાય અને પ્રોત્સાહન દ્વારા મુલ્યવર્ધિત અને કૃષિ પધ્ધિતને પ્રોત્સાહન.
- ખેડુતોને પાકના જોખમમાંથી બચાવવા કૃષિ વીમાને પ્રોત્સાહન.

પશુપાલન

હેતુઓ

- યોગ્ય માળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા રાજ્યના પશુધન અને મરઘાં ક્ષેત્રમાં આરોગ્ય સંભાળ અને રોગ નિવારણ સંબંધિત સેવાઓ પૂરી પાડવી
- યોગ્ય સંવર્ધન વ્યૂહરચના, ઘાસચારા ઉત્પાદન વ્યૂહરચનાનાં માધ્યમથી પશુધનની ઉત્પાદકતા માં વધારો કરવો અને તેના દ્વારા પશુપાલકોની આવક વધારવી.
- પ્રોત્સાહનો સાથે યોગ્ય યોજનાઓનાં અમલીકરણ દ્વારા પશુપાલન અને મરઘાંપાલન મારફતે સમાજના આર્થિક રીતે નબળા વર્ગને આવકની  તકો પૂરી પાડવી

વ્યૂહરચના

- પશુધન અને મરઘાંનાં ઉત્પાદન તથા ઉત્પાદકતામાં વધારો કરવા માટે આંતરિક (આનુવંશિક ક્ષમતા) અને બાહ્ય (સંચાલન સંબંધિત) પરિબળોમાં સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવું
- પશુપાલન અને મરઘાંપાલન ક્ષેત્રનાં અદ્યતન તાંત્રિક જ્ઞાનને ક્ષેત્રિય કક્ષા સુધી પહોચાડવા કરવા માટે વિસ્તરણ પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું

ડેરી વિકાસ

હેતુઓ

- આરોગ્યપ્રદ સ્થિતિમાં સ્વાસ્થ્યપ્રદ દૂધ અને દૂધની પેદાશોનું ઉત્પાદન કરવું અને ગ્રાહકોને વ્યાજબી ભાવે પુરુ પાડવું.
- ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીના સભાસદોની સામાજિક - આર્થિક સ્થિતિમાં સુધારો કરવો.

વ્યૂહરચના

ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદો, જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને વિવિધ માળખાકીય સુવિધાઓ માટે સહાય પુરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

મત્સ્યોદ્યોગ

ગુજરાત રાજય ઉતર પશ્ચિમ દરિયાઇ વિસ્તાર ધરાવતું રાજય છે. જેમાં કુલ ૩૩ મહેસુલી જિલ્લાઓમાંથી ૧૫ જિલ્લાઓ દરિયાઇ વિસ્તાર ધરાવે છે. ગુજરાત રાજય કુલ ૧૬૦૦ કિ.મિ. જેટલો દરિયાઇ વિસ્તાર, ૧૮૪૦૦૦ ચો. કિ.મિ. જેટલો ખંડિય છાજલીનો વિસ્તાર, ૨૧૪૦૦૦ ચો. કિ.મિ. જેટલો ખાસ આર્થિક વિસ્તાર, ૩૮૬૫ કિ.મિ. જેટલો નદીનો વિસ્તાર, ૩૪૮૦૦૦ હેકટર જેટલો જળાશયનો વિસ્તાર, ૨૨૦૦૦ હેકટર જેટલો નાના તળાવો / ગ્રામ તળાવોનો વિસ્તાર તથા ૮૯૦૦૦ હેકટર જેટલો ભાંભરાપાણીનો જળ વિસ્તાર ધરાવે છે. તદુપરાંત ગુજરાતમાં ૧૦૭ જેટલા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો, ૭૧૬ આંતર્દેશિય મત્સ્ય ઉતરાણ કેન્દ્રો, ૮૨ જેટલા નદિમુખ ઉતરાણ કેન્દ્રો અને ૨૧૮૨૭૦ જેટલા સક્રિય માછીમારો ૨૭૩૨૧ જેટલી મત્સ્ય બોટો ધરાવે છે. ગુજરાત રાજય મત્સ્ય બીજ ઉત્પાદન કરતા ૨૪ સરકારી તથા ૪ સંસ્થાકીય / ખાનગી ફાર્મો ધરાવે છે.

ઉદ્દેશોઃ-

- ઝડપથી ઘટી રહેલ મત્સ્ય સંસાધનો તથા દરિયાઇ પર્યાવરણનું સંવર્ધન.
- માછીમારોને સુરક્ષા પુરી પાડવી.
- મત્સ્યોધોગના ટકાઉ વિકાસ માટે મહત્તમ આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવી.
- દરિયાઇ મત્સ્યોધોગનો વિકાસ.
- આંતર્દેશિય મત્સ્યોધોગનો વિકાસ.
- ભાંભરા પાણીના મત્સ્યોધોગનો વિકાસ.
- માછીમાર કલ્યાણકારી કાર્યક્રમો.

વ્યુહરચના

- મત્સ્યોધોગ કાયદાના અસરકારક અમલીકરણથી આધુનિક, સુરક્ષિત અને ટકાઉ મત્સ્યોધોગ પ્રવૃતિઓને વેગ આપવો.
- અધ્યતન ટેકનોલોજીના ઉપયોગ થકી મત્સ્ય ઉત્પાદકતા વધવાથી આવક વધશે અને પરિણામે માછીમારોના જીવન સ્તર સમૃધ્ધ કરવા.
- મત્સ્ય બંદરો તથા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે વિશ્વ કક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ પુરી પાડવી.
- સક્રિય માછીમારોને બાયો મેટ્રિક કાર્ડ/ઓળખ કાર્ડ પુરા પાડવા તેમજ બોટ રજીસ્ટ્રેશન સીસ્ટમ, લાઇસેન્સિંગ સિસ્ટમ, બોટ મુવમેન્ટ ટોકન સિસ્ટમ વગેરે જેવી સંકલ્પનાનું અમલીકરણ કરવું
- પોષ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીના અસરકારક અમલીકરણથી મત્સ્ય ઉત્પાદનનું વિશ્વ કક્ષાની તુલનાએ મુલ્યવર્ધન કરવું.
- મત્સ્ય વેચાણ માટેની સ્વાસ્થ્યપ્રદ માળખાકીય સુવિધા પૂરી પાડવી.
- મત્સ્યબીજ ઉત્પાદન, મત્સ્યબીજ ઉછેરમાં નવી પ્રજાતિના સમાવેશ થકી તથા આનુષાંગિક માળખાકીય સુવિધાને પ્રોત્સાહન આપીને આંતર્દેશિય મત્સ્યોધોગનો વિકાસ.
- મત્સ્યબીજ ઉત્પાદનમાં નવી પ્રજાતિના સમાવેશ થકી તથા આનુષાંગિક માળખાકીય સુવિધા સહજ ઉપલબ્ધ કરાવીને ભાંભરા પાણીના મત્સ્યોધોગનો વિકાસ.
- માછીમાર કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ.

બાગાયત નિયામક

હેતુ

- વિસ્તાર આધારિત પ્રાદેશિક વ્યુહ રચના દ્વારા બાગાયત ક્ષેત્રને સર્વગ્રાહી વિકાસ કરવો. જેમાં સંશોધન, ટેકનોલોજી પ્રમોશન અને વિસ્તરણ, કાપણી પછીનુ વ્યવસ્થાપન, પ્રોસેસીંગ અને માર્કેટીંગનો સમાવેશ થશે.
- બાગાયત ઉત્પાદનમાં વૃધ્ધિ, પોષણ સલામતીસુધારવી, રોજગારીની તકો ઉભી કરવી અને ખેત પુરક આવક વિકસાવવી.
- નવી ટેકનોલોજીને પ્રોત્સાહન અને વ્યાપ વધારી રાજ્યમાં બાગાયત ક્ષેત્રે વિકાસ કરવો.

વ્યુહરચના

- ગુણવત્તાયુક્ત વાવણી સામગ્રીની ઉપલબ્ધતાની ખાતરી
- સંકલિત ખાતર વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણને પ્રોત્સાહન
- અત્યાધુનીક બાગાયત, નિકાસઅને પાક કાપણી પછીના વ્યવસ્થાપનની સવલતો વિકસાવવી.

* ખેડૂતોને કૌશલ્ય વિકાસ અને તાલીમ આપવી.

કૃષિ યુનિવર્સિટીઓ

હેતુઓ

* કૃષિ, બાગાયત, વનીકરણ, મુળભૂત વિજ્ઞાન, કૃષિ ઇજનેરી, ફૂડ ટેકનોલોજી, કૃષિ ઉધોગ સંચાલન અને સબંધિત વિજ્ઞાનમાં ઉચ્ચ શિક્ષણ આપવું.
* ગુજરાત રાજયના અગત્યના પાકો માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત બિયારણ અને રોપાઓનું ઉત્પાદન કરવું અને ખેતી સુધારણા માટે આધુનિક તજજ્ઞતાઓ પુરી પાડવી.

વ્યુહરચના

* ખેડૂત યુવાનો, ખેડૂતો, ખેત મહિલાઓ વિસ્તરણ કાર્યકરો અને ખેત કૃષિ કારીગરોને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં નવી તજજ્ઞતાઓની તાલીમ પુરી પાડવી.
* કૃષિનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારી કૃષિ વ્યવસાયને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે જુદા-જુદા સંશોધનો હાથ ધરવા.

રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ

૧. કિસાન કલ્પવૃક્ષ યોજના

ઉદ્દેશો

* રાજ્ય સરકારશ્રીની કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ માળખાકીય સગવડોજેવીકે ઓક્શન શેડ, પાર્કિંગ શેડ, કમ્પાઉન્ડ વોલ, આર.સી.સી. રોડ, વે-બ્રિજ, ક્લીનીંગ ગ્રેડીંગ સગવડ, કોલ્ડ સ્ટોરેજ, રાઇપનીંગ ચેમ્બર, ફાર્મર્સ ટ્રેનીંગસેન્ટર, સેનીટેશન માટે એ' અને 'બી' વર્ગની એ.પી.એમ.સી. માટે ૨૫% અને 'સી' અને 'ડી' વર્ગની બજાર સમિતીઓ માટે ૫૦% સહાય આપવામાં આવે છે. આ યોજના માટે રૂ.૨૨૫૦લાખની સહાયની જોગવાઈ કરવામાં આવે છે.

વ્યૂહરચના

* આ યોજના અમલીકરણને કારણે ખેડુતો, વેપારીઓ, બજાર સમિતિઓનો વિકાસ શકયબનશે.

૨. એ.પી.એમ.સી. ના આધુનિકરણ માટેસહાય આપવાની યોજના

ઉદ્દેશો

* આ યોજના મુજબ બજાર સમિતિઓમાં વેચાણ કમ પ્રદર્શન સેન્ટર, ખેડુતોમાટેના શેડ / પ્લેટફોર્મ, ડ્રીપ ઈરીગેશન માટેના ડેમોસ્ટ્રેશન ફાર્મ, શાકભાજીબજારમાં ઈન્ફોર્મેશન કીયોસ્ક માટે પ્રોજેક્ટ કોસ્ટના ૧૦૦% મહત્તમ ૫૦.૦૦ લાખનીમર્યાદામાં તથા પાણીની વ્યવસ્થા, સોઇલ ટેસ્ટીંગ લેબોરેટરી પ્રોજેક્ટ, સોલર લાઇટસીસ્ટમ માટે 'અ' અને 'બ' વર્ગની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કોસ્ટના ૨૫% મહત્તમ૫૦.૦૦ લાખની મર્યાદામાં તથા 'ક' અને 'ડ' વર્ગની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કોસ્ટના૫૦% મહત્તમ ૫૦.૦૦ લાખની મર્યાદામાં ચુકવવામાં આવે છે.આ યોજના માટે રૂ.૨૫૦.૦૦ લાખની સહાયની જોગવાઇ કરવામાં આવે છે.

વ્યૂહરચના

- આયોજના અમલીકરણને કારણે ખેડુતો, વેપારીઓ, બજાર સમિતિઓનો વિકાસ શકય બનશે.

૩.મોટા કદનાસ્ટોરેજઅને વેરહાઉસીંગ યોજના

ઉદ્દેશો

- મોટા કદના સ્ટોરેજ અને વેરહાઉસીંગ ગોડાઉન યોજના હેઠળ તમામ બજાર સમિતિઓને વર્ગના ધોરણો ધ્યાને લીધા સિવાય સહાયના ધોરણો અનુસાર પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા સહાય મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ માર્કેટીંગ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે ચૂકવવાના રહેશે અને બાકીના ૫૦ ટકાનું ચુકવણું બજાર સમિતિએ કરવાનું રહેશે.'એ' અને 'બી' વર્ગની બજાર સમિતીઓ માં ૨૫૦૦ મે.ટન સ્ટોરેજ કેપેસીટી વાળા ગોડાઉન બાંધકામ  અને 'સી' અને 'ડી' વર્ગની બજાર સમિતીઓ માટે ૧૦૦૦ મે.ટનના સ્ટોરેજ કેપેસીટી વાળા ગોડાઉન બાંધકામ માટે સહાય આપવાની જોગવાઈ છે. આ યોજના માટે રૂ. ૩૭૫૦/- લાખની સહાયની જોગવાઈ કરવામાં આવે છે.

વ્યૂહરચના

- આ યોજના અમલીકરણને કારણે ખેડુતો ખેત ઉત્પન્ન સિઝન દરમિયાન બજાર સમિતિના ગોડાઉનમાં સંગ્રહ કરવામાં મદદ થશે તથા પરિવહન ખર્ચમાં ઘટાડો થશે.

૪. સીઓપી-૩૪ વ્યાજ રાહત માટે ખેડૂતોને નાણાંકીય સહાય

ઉદ્દેશ્ય

- ખેડૂતોને ૭ % ના દરે પાક ધિરાણ પૂરુ પાડતા ધિરાણ માળખાને ૨%વ્યાજ રાહત આપવામાં આવે છે, જેના પરિણામે તેઓને વધુ પાક ધિરાણ પૂરુ પાડવા માટે પ્રોત્સાહન મળે છે. સમયસર પાક ધિરાણ પરત ભરપાઇ કરતાં ખેડૂતોને ૩% વ્યાજ રાહત ભારત સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવે છે. આ ઉપરાંત જે ખેડૂતે  એપ્રિલ થી સપ્ટેમ્બર દરમ્યાનપાક ધિરાણ મેળવેલ હોય તેઓ દ્વારા સમયસર પાક ધિરાણ પરત ભરપાઇ કરવામાં આવે તો તેવા ખેડૂતોને ૪% વ્યાજ રાહત ચુકવવામાં આવે છે.આમ,ખેડૂતોને ૦ % વ્યાજના દરે પાક ધિરાણ પ્રાપ્ત થાય છે.

વ્યુહરચના

- આ યોજનાથી વસુલાત વધશે ખેડુતો ઉપર વ્યાજનું ભારણ ઘટશે, જેથી ખેડુતોની આવકમાં વધારો  થશે અને તેમની આવક બમણી થવામાં મદદરૂપ થશે.

૫. સી.ઓ.પી.-૩૭ગુજરાતરાજ્યમાં આવેલ પ્રાથમિક કૃષિ વિષયકધિરાણ સહકારી મંડળીઓ (પેક્સ) માટે અનાજ/ખેતપેદાશોના સંગ્રહશક્તિમાં વધારો કરવા નવા ગોડાઉન બનાવવાની યોજના.

ઉદ્દેશ્ય

- પેક્સને રૂ.૩૭૮૪/- મુડી સહાય પ્રતિ મે.ટન. ખેડૂતો, સહકારી સંસ્થાઓ તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓને ૨૫ % મુડી સહાય. ૧૦૦ મે. ટનથી ૫૦૦ મે.ટનના ગોડાઉન બનાવવા માટે સહાય આપવાથી ખેત પેદાશોની સંગ્રહ શક્તિ વધવાથી ખેડૂતો પોતાની ખેતપેદાશ સંગ્રહ કરી પોષણક્ષમ ભાવ મળે ત્યારે વેચાણ કરી શકશે. આ ઉપરાંત

વેરહાઉસમાં સંગ્રહ કરેલ ખેત ઉત્પાદન ઉપર પણ ધિરાણ પ્રાપ્ત થશે. આમ, ખેડૂતોની આવકમાં વધારો થશે.

વ્યુહરચના

- આ યોજનાથી ખેત પેદાશોનો ખેડૂતો તથા ખેડૂતો માટેની સહકારી સંસ્થાઓ દ્વારા સંગ્રહ શક્તિમાં વધારો થવાથી ખેડૂતો દ્વારા બજારમાં જ્યારે માંગ તથા કિંમતમાં વધારો થાય ત્યારે ખેતપેદાશો વેચાણ કરવાથી ખેડૂતોની આવક વધવામાં મદદરૂપ થશે.

ખાંડ નિયામક

સીઓપી:- ૧૬ ખાંડના સહકારી કારખાનાઓને શેરમૂડી ફાળો (સામાન્ય / આદિજાતી વિસ્તાર)
ઉદ્દેશ

- નવા ખાંડના સહકારી કારખાના સ્થાપવા માટે પ્રોજેક્ટ ખર્ચના ૩૦% સુધી રાજ્ય સરકારનો શેરફાળો આપવાનો મુખ્ય ઉદ્દેશ

વ્યુહ રચના:-

- સહકારી ધોરણે ખાંડના કારખાનાઓનો વ્યાપ વધે અને પરીણામ સ્વરૂપ શેરડી પકવતા ખેડૂતોનુ શોષણ અટકાવી શેરડીના મહત્તમ ભાવો પ્રાપ્ત કરવાનો અભિગમ.

સીઓપી:- ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબને નાણાંકિય સહાય માટેનું પેકેજ.
ઉદ્દેશ

- રાજ્યનો ખાંડ ઉદ્યોગ મહદઅંશે સહકારી ધોરણે ચાલતો હોવાથી રાજ્ય સરકાર દ્વારા શેરડી ઉત્પાદક ખેડુતો અને ખાંડ ઉદ્યોગને સક્ષમ બનાવવાના અભિગમ સાથે રાજ્ય સરકાર નીતિ કરે તે મુજબને આ પેકેજમાં શેરડીના ઉત્પાદન / ઉત્પાદકતામાં વધારો કરવા ખેડૂતોને ઓર્ગેનીક ખાતરના વપરાશમાં વૃધ્ધી થાય અને જમીનની ફળદ્રુપતા વધવાથી શેરડીના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો મળવાનો તથા ખાંડ મીલોમાં આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યકરણના પ્રોજેક્ટથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થઇ શકે તે ઉદ્દેશથી આવા પ્રોજેક્ટ માટે નાણાંકીય સહાય આપવાનો મુખ્ય ઉદ્દેશ.

વ્યુહ રચના:-

- આ યોજનાથી શેરડી પકવતા ખેડૂતો શેરડીના બિયારણ માટે ઓર્ગેનિક ખાતરના વપરાશ તરફ વળે અને પરીણામ સ્વરૂપ જમીનની ફળદ્રુપતામાં વધારો થવાથી શેરડી ઉત્પાદનમાં વધારો થવા પામે છે અને પરીણામે ખાંડ મીલોને પિલાણ માટે વધુ શેરડી ઉપલબ્ધ થવા પામે છે.

સીઓપી:- ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોન સામે વ્યાજ સહાય (સામાન્ય/ આદિજાતિ વિસ્તાર)
ઉદ્દેશ

- વર્ષ ૨૦૧૮-૧૯ માં ખાંડના ભાવો સતત ઘટવાથી શેરડી પિલાણ સામે ખાંડની ઉપજમાં ઘટાડો થવાથી શેરડી પેમેન્ટ માટે લીકવીડીટી ઉપલબ્ધ થાય તે માટે ભારત સરકારશ્રીની યોજના હેઠળ લીધેલ લોન ઉપર રાજય સરકાર દ્વારા વ્યાજ સહાય આપવાથી ખેડુતોને શેરડીના સારા ભાવો પ્રાપ્ત થઇ શકે તે હેતુ છે.

વ્યુહરચના

- ખાંડ મંડળીએ લીધેલ લોન સામે ૧ વર્ષ પછી વધુમાં વધુ ૪ વર્ષ અથવા લોન રીપેમેન્ટ બે માંથી જે વહેલું હોય તે સમય માટે રાજય સરકાર દ્વારા ૭ % અથવા ખરેખર ચુકવેલ વ્યાજ બેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવે છે.

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ

હેતુઓ

- ગૌસેવા અને ગૌચર સુધારણા કાર્યક્રમ હેઠળ વિવિધ યોજનાઓનીઅમલવારી.
- રાજ્યની ગૌશાળા અને પાંજરાપોળની માળખાકીય સુવિધાઓ માટેઆર્થિક સહાય પૂરી પાડવી.
- ગૌશાળા અને પાંજરાપોળને વિવિધ પ્રોજેક્ટ દ્વારા સ્વાવલંબી બનાવવી.

વ્યુહરચના :

- ગૌરક્ષા, ગૌપાલન, ગૌસંવર્ધન અને ગૌઆધારિત આર્થિક ઉત્કર્ષ.
- ગૌઆધારિત કૃષિ આરોગ્ય અને પર્યાવરણ રક્ષા અર્થે જન જાગરણ.
- ગૌશાળા અને પાંજરાપોળને સ્વાવલંબી બનાવવા પ્રોત્સાહક યોજનાઓ.
- શુધ્ધ ગૌસંવર્ધન અનુસરી રાજ્યની સંવર્ધન નીતિનું અમલીકરણ.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ-૦૨<br>૦૬-૨૪૦૫-૦૦-૧૦૧-૦૨<br>મત્સ્ય બીજનું ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોધોગનો વિકાસ(બીન આદિજાતિ વિસ્તાર) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | આંતરદેશીય મત્સ્યોધોગના વિકાસ માટે મત્સ્ય બીજ તેમજ સાધન સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | ૩૭૦૫ |
| સહાયનું ધોરણ | ૫૦ થી ૧૦૦ ટકા સુધી ઘટકવાઇઝ સહાયનું ધોરણ છે. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી અને જીલ્લા કચેરીઓ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | આંતરદેશીય મત્સ્યોધોગને લગતા મત્સ્ય વિકાસની પવૃત્તિઓ , માછીમારોનું ગુજરાન ચાલે તથા આર્થીક રીતે પગભર થાય તેથી આ યોજનાથી રાજયના માછીમારોને મહત્તમ લાભ મળે છે આંતરદેશીય મત્સ્યોધોગનો વિકાસ થાય તેમજ તેવ્યવસાય સાથે જોડાયેલા માછીમારોને પ્રાથમીક સુવિધાઓ અને માર્ગદર્શન મળે તે હેતુથી આ ધંધા સાથે સંકળાયેલા માછીમારોને આંતરદેશીય મત્સ્યોધોગ ક્ષેત્રે સરકારશ્રી દ્વારા વિવિધ ઘટકો માટે સહાય પુરી પાડવામાં આવે છે. મત્સ્યબીજ ઉછેર તળે લાભાર્થીને મત્સ્ય |

| | |
|---|---|
| | પ્રવૃત્તિની જાણકારી આપવામાં આવે છે. પછાત મહીલા વેચાણ સહાય તળે મહીલાઓને મત્સ્ય વેચાણના સાધનો આપી આર્થિક પગભર કરવામાં આવે છે બોટ જાળ,એરેટર,ફીશ કલેકશન કમ પેટ્રોલીંગ બોટ,ફી કેજકલ્ચર થકી માછીમારોને આધુનીક માછીમાર તરફ લઇ જવામાં આવે છે. આમ આ યોજનામાં આંતરદેશીય મત્સ્યોધોગ વિકાસ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૨.૧૦૧૭ કરોડની જોગવાઇને મંજુરી આપવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ-૦૩<br>૦૬-૨૪૦૫-૦૦-૧૦૧-૦૭<br>સ્ટ્રેન્થનીંગ ઓફ ડેટા બેઇઝ એન્ડ જીઓગ્રોફિકલ ઈન્ફરમેશન સિસ્ટમ ફોર ફીશરીઝ સેકટર |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહેકમ યોજના. |
| સંભવિત લાભાર્થીઓ: | મહેકમ યોજના હોય લાગુ પડતુ નથી. |
| સહાયનું ધોરણ | મહેકમ યોજના હોય લાગુ પડતુ નથી. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:- કેન્દ્રિય:૧૦૦% અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | આંતરદેશીય અને દરિયાઇ અંદાજીત મોજણી, માર્કેટ સર્વે, આંતર રાજય નિકાસ, વિદેશ નિકાસ, મત્સ્યોધોગ આધારીત ઉધોગો, બોટ, વસ્તી ગણતરી, વગેરેની કામગીરી માટે આકડાની જગ્યાઓના પગાર ભથ્થા ચુકવવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૦.૨૮૯૩ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ-૦૫<br>૦૬- ૨૪૦૫-૦૦-૧૦૨-૦૨<br>ભાંભરા પાણીમાં મત્સ્ય ઉછેર એકમોની સ્થાપના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ભાંભરા પાણી મત્સ્યોધોગના વિકાસ માટે માળખાકીય સુવિધા તેમજ સાધન સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | ૫૫૮ |
| સહાયનું ધોરણ | ૫૦ થી ૧૦૦ ટકા સુધી ઘટકવાઇઝ સહાયનું ધોરણ છે. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી અને જીલ્લા કચેરીઓ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | ગુજરાત રાજયનાં દરીયાકાંઠા વિસ્તારમાં કુલ ૩.૭૬ હેકટર ખારખાંજણની જમીન આવેલ છે, જે ખેતી લાયક કે ખેતી સંલગ્ન પ્રવૃતિ હાથ ધરી શકાય તેમ નથી. પરંતુ આ વિસ્તારમાં ઝીંગા ઉછેર પ્રવૃતિ વિકસાવી દરિયાકાંઠા વિસ્તારમાં રહેતા આમ આદમીને આજીવિકા મળી રહે. રાજયમાં ઉપલબ્ધ ખારલેન્ડ પૈકી |

| | |
|---|---|
| | આશરે ૮૯,૦૦૦ હેકટર જમીન એકવાકલ્ચર માટે સુયોગ્ય જણાય છે. સરકારી ખારા ખરાબાની જમીનમાં ઝીંગા ઉછેરની કામગીરીની પ્રોત્સાહન આપવા અને આજીવિકા ઉભી થાય તે માટે રાજય સરકારશ્રી ધ્વારા ભાંભરાપાણીમાં મત્સ્યોધોગનો વિકાસ કરવા માટે તાલીમ ,ઝીંગા ઉછરે માટે જરૂરી એરેટર ઉપર, શ્રીમ્પ ફાર્મીંગ માટે નાણાંકીય સહાય તેમજ પોલીથીન લાઇનર, બર્ડ ફેન્સીંગ અને ડોગ ફેન્સીંગ ઉપર નાણાંકીય સહાય આપવામાં આવે છે. ઝીંગા ઉછેરનાં ફાર્મ દરીયા કીનારાથી નજીક આંતરીયાળ વિસ્તારમાં આવેલ હોઇ ઝીંગા ઉછેરકોને ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે અને ઝીંગા ઉછેરકોને આર્થિક રીતે લાભ થાય તે માટે ઝીંગા ઉછેર ફાર્મ માટે માળખાકીય સુવિધાઓ રાજય સરકાર ધ્વારા પૂરી પાડવામાં આવે છે. આ યોજનાને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.પ.૪પ૧૦ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ-૦૭ ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧<br>દરિયાઇ સાધનો અને અન્ય પુર્વ જરૂરી સવલતો પુરા પાડવા. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | લાઇફ સેવિંગ્સ ઇકવીપમેન્ટ, પગડીયા માછીમારોને સહાય, સોલર લાઇટ, જીપીએસ, ટોઇલેટ યુનીટ, કેઇજ કલ્ચર, ઇન્સ્યુલેટેડ બોક્ષ, પ્રોસેસીંગ પ્લાન્ટ, વેલ્યુ એડેડ મશીનરી, આઇસ પ્લાન્ટ, ફીશ માર્કેટની સ્થાપના, રેફ્રીઝરેટરવાન, ડીપ ફ્રીઝર, ફાઇબર રોપની ખરીદી વગેરે માટે સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૧૦૪ |
| સહાયનું ધોરણ | ૫૦ થી ૯૦ ટકા સુધી ઘટક વાઇઝ સહાયનું ધોરણ છે. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી અને જીલ્લા કચેરીઓ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | ગુજરાત એ દેશનું સૌથી મોટો દરીયાઇ કાંઠો ધરાવતુ રાજય છે. ગુજરાત રાજય ૧૬૦૦ કીલોમીટરનો સૌથી લાંબો દરિયાકિનારો ૧,૬૪,૦૦૦ ચો.કી.મી. ખંડીય છાજલી તથા ૨,૧૪,૦૦૦ ચો.કી.મી. એકસલુસીવ ઇકોનોમીક ઝોન ધરાવે છે. રાજયમાં દરિયાઇ માછલીનું વાર્ષિક અંદાજીત મહત્તમ ઉત્પાદન (M.S.Y.)૬.૯૭ લાખ મેટ્રીક ટન છે. રાજયનું અંદાજીત મહત્તમ ઉત્પાદન ક્ષમતા સુધી પહોચેલ છે. સુરક્ષિત અને નફાકારક દરીયાઇ મત્સ્યોધોગના વિકાસ માટે રાજય સરકારશ્રી દ્વારા દરીયાઇ સાધનો વધારવા અને પૂર્વ જરૂરી સવલતો પુરી પાડવા આ યોજનાનું અમલીકરણ થાય છે. આ યોજના તળે લાઇફ સેવિંગ્સ |

INDEX

| | |
|---|---|
| | ઇકવીપમેન્ટ, સોલાર લાઇટ, જી.પી.એસ., ટોઇલેટ, કેઇજ કલ્ચર, ઇન્સ્યુલેટેડ બોક્ષ, પ્રાસેસીંગ પ્લાન્ટ, વેલ્યુ એડેડ મશીનરીની ખરીદી પર સહાય, સોલાર ડ્રાયર વગેરે ઘટકો માટે સહાય આપવામાં આવે છે. આમ આ યોજનાથી માછીમારોની આવકમાં વધારો થાય અને દરીયાઇ મત્સ્ય ઉત્પાદનમાં વધારો થાય તે યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે આમ રાજયના માછીમારોને મહત્તમ લાભ મળે તે હેતુથી મત્સ્યોધોગ ખાતાની વિભાગીય તથા જીલ્લા કચેરીઓ દ્રારા માછીમારોના સતત સંપર્કમાં રહી તેઓને યોજનાની વિશેષતાઓ અને મળવાપાત્ર લાભોની માહિતી આપવામાં આવે છે. માછીમારોના પ્રશ્નો અને મુશ્કેલીઓના નિવારણ માટે ખાતા દ્રારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. રાજયના મત્સ્ય ઉત્પાદનના નિકાસ દ્રારા વધુમાં વધુ વિદેશી હુંડીયામણ મળી રહે અને ઉચ્ચ ગુણવત્તા સભર માછલી ગ્રાહક સુધી પહોચે તે માટેના તમામ પ્રયત્નો તથા માછીમાર પ્રજાને મહત્તમ આર્થિક લાભ થાય તેવા ઉમદા હેતુસર આ યોજનાનું અમલીકરણ થઇ રહેલ છે. આ યોજનાને વર્ષ: ૨૦૨૧-૨૨માં રૂ.૨૦.૦૦ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફએસએચ-૧૦ ૦૬ ૦૦ ૨૪૦૫ ૧૦૯ ૦૧<br>પ્રસાર અને વિસ્તરણ કાર્યક્રમ સંગીન બનાવવો. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | વિસ્તરણ પ્રવૃતિ-તાલીમ, સક્રીય માછીમાર, તાલીમકેંદ્રના સુધારા-વધાર, અને કૃષિ મહોત્સવ |
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું ધોરણ | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરી | વડી કચેરી અને જીલ્લા કચેરી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ ટકા કેન્દ્રિય: ૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | વિસ્તરણ અને તાલીમ કાર્યક્રમ અંતર્ગત સક્રીય માછીમારોને મત્સ્યોધોગ અંગે ટેક્નિકલ અધતન માહિતીની આપ-લે કરી પોતાના વ્યવસાયમાં પ્રગતિ કરે તે હેતુસર રાજ્યમાં શૈક્ષણિક તાલીમ પ્રવાસ હાથ ધરવામાં આવે છે. ખાતાકીય કર્મચારીઓને વહીવટી, ટેક્નિકલ ભાષાકીય રીફ્રેશર ટૂંકી મુદતની તાલીમ માટે મોકલવામાં આવે છે. કુદરતી આફતો વખતે માછીમારોને દરીયામાં ન જવા માટે તથા દરીયામાં ગયેલ માછીમારોને હવામાન ખાતાની જરૂરી આગાહીઓથી તાત્કાલિક વાકેફ કરવા અંગેની સૂચના આપવામાં આવે છે. કૃષિ મહોત્સવ દ્વારા તેમજ અમદાવાદ/રાજકોટ/વડોદરા કેંદ્રો ઉપર મત્સ્યોધોગ વિશે |

INDEX

| | |
|---|---|
| | વાર્તાલાપ આપીને મસ્યોધોગ યોજનાના લાભાલાભ સમજાવીને માછીમારોને મૂંઝવતા પ્રશ્નોના પ્રત્યુત્તર આપવામાં આવે છે. શિબિરો સંમેલનો યોજીને મત્સ્યોધોગ ક્ષેત્રે થયેલ નવી શોધો અથવા વિભાગને લગતા પ્રશ્નોની છણાવટ કરવામાં આવે છે. ગ્રામ મુલાકાતો લઇને સ્થળ પર જઇને માછીમારોના તળાવોની ક્યાશ કાઢી તેમને લાભદાયી રીતે સમજ આપવામાં આવે છે. મત્સ્યોધોગની યોજનાઓ લોકો સુધી પહોંચે તે હેતુથી મેળાઓ તથા વિવિધ સ્થળે પ્રદર્શનોમાં ભાગ લેવામાં આવે છે. તથા કામધેનુ યુનીવર્સીટી દ્વારા સેંટર ફોર એકસસેલંસ ની સ્થાપ્ના અને દ્રઢીકરણ માટે વર્ષ્૨૦૨૨-૨૩ માટે કુલ રૂ. ૨૪.૦૧૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ.૧૬<br>૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૨૦<br>૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેટ રાહત યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ડીઝલ વેટ રાહત<br>એચ.એસ.ડી. ઓઇલ પર ડીઝલ વેટ રાહત |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૦૬૭૭ |
| સહાયનું ધોરણ | ૧૦૦ ટકા વેટ રાહત |
| અમલીકરણ કચેરી | જિલ્લા કચેરીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | આ યોજના વર્ષઃ- ૨૦૦૩-૦૪ થી અમલમાં આવેલ છે. યોજના અંતર્ગત ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક બોટોમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ ઓઇલ ઉપર નિયત કરાયેલ વાર્ષિક કવોટા ઉપર પુરેપુરી વેચાણવેરા/વેટ સહાય આપવામાં આવે છે. હાલમાં માછીમાર બોટ ધારક દ્વારા વેચાણવેરા/વેટ સહિતનુ ડીઝલ ખરીદ કરી, ખરીદીના બીલો સંબંધિત જિલ્લા કચેરીઓમાં રજુ કરવામાં આવે છે. રીએમ્બર્સમેન્ટના ધોરણે ૧૦૦ ટકા વેચાણવેરા/વેટની રકમ સહાય તરીકે માછીમારના રાષ્ટ્રીય કૃત બેંક ખાતામાં સીધેસીધી જમા કરાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૨૩૦.૦૦ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ.-૨૨<br>૦૬- ૨૪૦૫-૦૦-૧૦૩-૧૩<br>રાષ્ટ્રીય સુરક્ષા અંતર્ગત દરિયાઇ મત્સ્યોધોગ અંગે કેન્દ્રિય સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજયના માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ પુરા પાડવાની બાબત |
| સંભવિત લાભાર્થીઓ: | દરીયાઈ માછીમારો |
| સહાયનું ધોરણ | ટોકન જોગવાઇ |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ ખાતું |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: કેન્દ્રિય:૧૦૦ % અન્ય: |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | દરીયાઇ સુરક્ષાના ભાગ રૂપે ભારત સરકારશ્રી દ્વારા તમામ માછીમારો દરિયામાં માછીમારી કરવા જાય ત્યારે તેમને તેઓની ઓળખ નકકી કરવા માટે બાયોમેટ્રીક કાર્ડ આપવાનું નકકી કરાયેલ છે માછીમારી દરમ્યાન માછીમારોની ભૌતિક ચકાસણી સુરક્ષા એજન્સી દ્વારા થઇ શકે તે માટે માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ આપ્વામાં આવે છે. ભારત ઇલેકટ્રોનિકસ લી.(BEL) કંપની તરફથી ૧,૭૧,૪૮૦ બાયોમેટ્રીક કાર્ડ બનાવી મોકલી આપતા તેમાંથી જીલ્લા કચેરીઓ દ્વારા ૧,૬૮,૮૯૫ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.પરંતુ હવે કોઇ નવા માછીમારો આવે તો તેઓને બાયોમેટ્રીક કાર્ડ પુરા પાડવા માટે આ યોજના ચાલુ રાખવી જરૂરી હોય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૦.૦૦૦૧ કરોડની ટોકન જોગવાઇથી મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ-૧૮ ૦૬- ૨૪૦૫-૦૦-૦૦૧-૦૧<br>આયુકત અને જિલ્લા અધિકારીઓ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહેકમ અને વાહનો ભાડે રાખવા |
| સંભવિત લાભાર્થીઓ: | મહેકમ યોજના હોય લાગુ પડતુ નથી |
| સહાયનું ધોરણ | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | આ યોજના મહેકમ યોજના છે.ટેકનીકલ અને વહીવટની વર્ગ-૧,૨,૩ અને ૪ની કુલ ૧૧૩ જગ્યાઓના પગાર ભથ્થા માટે અને જીલ્લા કચેરીઓમાં મત્સ્યોધોગના વિકાસ માટે ભાડે રાખેલ વાહનો માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૫.૯૬૧૫ કરોડ ની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૧૮(કેન્દ્ર) અને ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૧૯(રાજ્ય) બ્લ્યુ<br>રીવોલ્યુશન કાર્યક્રમ અંતર્ગત મત્સ્યોધોગનો સંકલિત વિકાસ અને |

| | |
|---|---|
| | વ્યવસ્થાપન ( પી.એમ.એમ.એસ. વાય. યોજનાઅંશતઃ કેન્દ્ર પુરસ્કૃત યોજના) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ભારત સરકારશ્રી દ્વારા પી.એમ.એમ.એસ.વાય. યોજનાની ગાઇડ્લાઇન મુજબ જે પ્રોજેક્ટ મંજુર કરવામાં આવે તે મુજબ સહાય |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૦૦૦ |
| સહાયનું ધોરણ | સહાયની રકમના ૬૦ ટકા કેન્દ્ર રુ.૧૮.૦૦ કરોડ અને ૪૦ ટકા રાજ્ય સરકારશ્રીનો ફાળા પેટે રુ.૧૨.૦૦ કરોડ. |
| અમલીકરણ કચેરી | વડીકચેરી અને જીલ્લા કચેરીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૪૦ ટકા કેન્દ્રિય:૬૦ ટકા |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં દરિયાઇ પ્રાદેશિક જળ વિસ્તારની આગળ અને એકસકલુઝીવ ઇકોનોમીક ઝોન વિસ્તારમાં ઊંડા દરિયામાં માછીમારી કરવાની વિપુલ તકો રહેલી છે. આ ઊંડા દરિયામાં ટારગેટેડ ફીશીંગ જેવી કે હુક અને લાઇન, ટયુના ફીશીંગ અને અન્ય પધ્ધતિથી થતી માછીમારી કરવાથી વધુ મત્સ્ય ઉત્પાદન મેળવી શકાશે. તેમ જ આ પ્રકારની માછીમારીથી મચ્છીનાં નાના બચ્ચાં/ જુવેનાઈલની મત્સ્ય પકડાશ થશે નહી તેનાથી મત્સ્ય સંપત્તિનું રક્ષણ અને સંરક્ષણ થશે.ઊંડા દરિયાની માછીમારી માટે બોટમાલિકને પ્રોત્સાહિત કરવા નાણાંકીય સહાય આપવાનું તેમજ પી.એમ.એમ.એસ.વાય .યોજના અંતર્ગત ભારત સરકારશ્રી ની પી.એમ.એમ.એસ.વાય. યોજનાની ગાઇડ લાઇન મુજબ જે પ્રોજેકટ મંજુર કરવામાં આવે તેમાંસહાય ચુકવવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૨--૨૩માં કેંદ્ર ફાળા પેટે રુ.૧૮.૦૦ કરોડ અને રાજય ફાળા પેટે રુ.૧૨.૦૦ કરોડ મળી કુલ રૂ.૩૦.૦૦ કરોડની જોગવાઇને મંજુરી આપવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૧૬<br>ઓ.બી.એમ. બોટધારક માછીમારોને કેરોસીન ખરીદી ઉપર સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | કેરોસીન રાહત<br>કેરોસીન ખરીદી પર રાહત |
| સંભવિત લાભાર્થીઓ: | ૪૯૪૯ |
| સહાયનું ધોરણ | પ્રતિ બોટપ્રતિમાસ મહત્તમ ૧૫૦ લીટર ની મર્યાદામાં પ્રતિ લીટર રૂ. ૨૫/-ની સહાય |
| અમલીકરણ કચેરી | જિલ્લા કચેરીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |

| | |
|---|---|
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | આ યોજના અંતર્ગત ઓ.બી.એમ. બોટધારક નાના માછીમારોને માછીમારોને માછીમારીના હેતુ માટે કેરોસીનકાર્ડ આપવામાં આવે છે. માછીમારો દ્વારા ગુજરાત મત્સ્યોદ્યોગ સહકારી સંસ્થા લી ના કેરોસીન પંપો પરથી ખરીદાયેલ કેરોસીન ઉપર બોટ પ્રતિ માસ મહત્તમ ૧૫૦ લીટર ની મર્યાદામાં પ્રતિ લીટર રૂ. ૨૫/- ની સહાયના ધોરણે સહાયની રકમ ચૂકવવામાં આવે છે. આ યોજનાથી ૧૦૦૦૦ ઓ.બી.એમ. બોટધારક માછીમારોને કેરોસીન ખરીદીમાં આર્થિક લાભ મળી રહે છેવર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ રૂ ૪.૧૮૫ કરોડની જોગવાઈ |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૧૦૩-૧૭ પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના હેઠળ ડીપ-સી ફીશીંગ માટે ખાસ રાજ્યફાળો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ઊંડા દરિયાની માછીમારી માટે બોટમાલિકને પ્રોત્સાહિત કરવા નાણાંકીય સહાય |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૦૦ બોટો |
| સહાયનું ધોરણ | ૧૦૦ % રાજ્ય સરકારની ખાસ સહાય |
| અમલીકરણ કચેરી | જિલ્લા કચેરીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | યુનિટ કોસ્ટ ૮૦.૦૦ લાખની સામે પ્રતિ બોટ ૫૦.૦૦ લાખની સહાય |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં ૨૭,૭૦૦ ફીશીંગ બોટો માછીમારી માટે કાર્યરત છે. ભારત સરકારશ્રીનાં સર્વે મુજબ રાજ્યનું મહત્તમ દરિયાઈ ઉત્પાદન વાર્ષિક ૭.૦૩ લાખ મેટ્રીક ટન થાય છે. પ્રાદેશિક જળ વિસ્તારની મત્સ્ય સંપત્તિની જાળવણી અને સંરક્ષણ કરવું આવશ્યક છે. તથા રાજ્યમાં પરંપરાગત રીતે માછીમારી કરતા નાના માછીમારોનાં હિતનાં રક્ષણની આવાશ્યકતા છે. રાજ્યનાં દરિયાઈ પ્રાદેશિક જળ વિસ્તારની આગળ અને એક્સલુઝીવ ઈકોનોમિક ઝોન વિસ્તારમાં ઊંડા દરિયામાં માછીમારી કરવાની વિપુલ તકો રહેલી છે. આ ઊંડા દરિયામાં ટારગેટેડ ફીશીંગ જેવી કે હુક અને લાઈન, ટ્યુના ફિશીંગ અને અન્ય પધ્ધતિથી થતી માછીમારી કરવાથી વધુ મત્સ્ય ઉત્પાદન મેળવી શકાય તેમ જ આ પ્રકારની માછીમારીથી મચ્છીનાં નાના બચ્ચાં/ જુવેનાઈલની મત્સ્ય પકડાશ થશે નહી તેનાથી મત્સ્ય સંપત્તિનું રક્ષણ અને સંરક્ષણ થાય અને માછીમાર પ્રજાને મહત્તમ આર્થિક લાભ થાય તેવા ઉમદા હેતુસર આ યોજનાનું અમલીકરણ થઇ રહેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂ. ૨.૦૯૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૬- ૫૦૫૧-૦૨-૨૦૦-૦૯ (કેંદ્ર)<br><br>૦૬- ૫૦૫૧-૦૨-૨૦૦-૦૯ (રાજ્ય)<br>ગોદી,લંગર સ્થાન અને જેટીનું બાંધકામ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મત્સ્યોધોગ માટે ગોદી,લંગર અને જેટીનું બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતુ નથી. |
| સહાયનું ધોરણ | લાગુ પડતુ નથી. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૫૦ ટકા કેન્દ્રિય:૫૦ ટકા અન્ય: |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજયમાં આવેલ મત્સ્યોધોગના તમામ બંદરો ટાઇડલ છે. જેના કારણે માછીમારી બોટો ભરતીના સમયે કિનારે લાવવી પડે છે જેના કારણે માછીમારોને માછલી,બરફ,ડીઝલ વગેરે લોડીંગ અને અનલોડીંગ કરવા પારાવાર મુશ્કેલી અનુભવવી પડે છે ગોદી,લંગરસ્થાન અને જેટીનુ બાંધકામ કરવાથી માછીમારોને તેઓની બોટો કિનારે સહેલાઇથી ઉભી રાખી શકે છે તથા પકડેલ માછલીઓ હાઇજેનીક કન્ડીશનમાં બંદર પર સમયસર ઉતારી શકશે તેમજ કુદરતી આફતોમાં તેઓની બોટો લંગર પર રાખવાથી નુકશાની બચાવી શકાય આમ કરવા માટે પી.એફ.આર. અને ડી.પી.આર. તૈયાર કરવા,ભૌગોલીક સર્વે કરાવવા, ટેકનીકલ અને વહીવટી મંજુરીઓ મેળવવી,ટેન્ડર બહાર પાડવા અને વર્ક ઓર્ડર આપવામાં આવે છે આ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૦.૦૦૦૨ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ.-૧૯<br>૦૬- ૫૦૫૧-૦૨-૨૦૦-૦૫<br>નાના બંદરો ખાતે પુર્વ જરૂરી સવલતો પુરી પાડવી. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મત્સ્ય બંદર/મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે વિકાસના કામો |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૦૭ બંદરો |
| સહાયનું ધોરણ | સહાયીત યોજના ન હોય લાગુ પડતુ નથી. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નર અને જિલ્લા અધિકારીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: ૧૦૦ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | નાના મત્સ્ય બંદરો તથા નાના મત્સ્ય ઉતરાણ કેન્દ્રોનો વિકાસ કરવાથી માછીમારોને માછીમારી કરવા જતી બોટો સહેલાઇથી |

| | |
|---|---|
| | તથા ઝડપથી મત્સ્ય પકડાશને જેટી પર ઉતરાણ કરી શકે છે તેમજ માછીમારી કરીને આવતી બોટો સહેલાઇથી કિનારે આવી શકે અને પકડાયેલ મચ્છી સમયસર નિકાલ કરવામાં આવતા બગડતી નથી સારી હાલતમાં રહે છે તેથી તેઓને પુરેપુરૂ વળતર મળી રહે છે.તેમજ બરફ અને પાણીનો વપરાશ ઓછો થાય છે. આ બધી સવલતો ઇ.યુ.(યુરોપીયન યુનિયન) તથા એફ.એ.ઓ.(ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન)ના ધારાધોરણ મુજબ મચ્છીની જાળવણી સારી રીતે રહે છે તેથી મચ્છીની નિકાસમાં વધારો થાય છે.તેથી વિદેશી હુડીયામણની આવકમાં વધારો થાય છે.અને માછીમારોની વ્યકતિ દીઠ આવકમાં વધારો થાય છે.માછીમારોની જીવનશૈલી ઉચ્ચ થતી જાય છે.આમ હેતુ થી નાના બંદરો ખાતે પુર્વજરુરી સવલતા પુરી પાડવા માટે પી.એફ.આર. અને ડી.પી.આર. તૈયાર કરવા, ભૌગોલીક સર્વે કરાવવા, ટેકનીકલ અને વહીવટી મંજુરીઓ મેળવવી,ટેન્ડર બહાર પાડવા અને વર્ક ઓર્ડર આપવામાં આવે છે. આમ આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૩૩.૦૦ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | માંગણી ક્રમાંક:- ૦૬, ૫૦૫૧,૦૨,૨૦૦,૦૮- (ગોદી લંગર સ્થાન અને જેટીનુ બાંધકામ) નાબાર્ડ લોન સહાયિત રાજ્ય આયોજન યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજયમાં પાંચ નવા બારમાસી મત્સ્ય બંદરો વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં નવાબંદર, વેરાવળ-૨, માધવાડ, પોરબંદર-૨ અને સુત્રાપાડાનો સમાવેશ થાય છે.The National Bank for Agriculture and Rural Devalopment (NABARD) દ્વારા Fisheries aquculture Infratructure development Fund (FIDF) દ્વારા લોન આધારિત યોજના |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૦૭ મત્સ્ય બંદર |
| સહાયનું ધોરણ | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નરશ્રી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: ૧૦૦% કેન્દ્રિય: અન્ય:૫૫% (નાબાર્ડ લોન) |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | ગોદી, લંગર, સ્થાન અને જેટીનું બાંધકામા, મત્સ્ય ઉતરણ અને લાંગરવાની સુવિધાઓ પુરી પાડવા રાજ્ય પ્લાન તળે રાજ્યમાં પાંચ નવા બારમાસી મત્સ્યબંદરો વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલા છે જેમા નવા બંદર , વેરાવળ-૨, માધવાડ , પોરબંદર-૨ અને સુત્રાપાડાનો સમાવેશ થાય છે જેની વર્ષ ૨૦૨૨-૨૩ મા કુલ રૂ. ૨૦૧.૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ.-૦૨<br>૯૫-૨૪૦૫-૦૦-૮૦૦-૦૧<br>મત્સ્યોધોગ માટે અનુસુચિત જાતિઓને સહાયકી |
| ઘટકો અને પ્રવૃતિઓ: | માછલી વેચાણ સાધન સહાય, બોટ નેટ, તાલીમ, મત્સ્યબીજ ઝીંગાબીજ સગ્રહ,વસાહત સુવિધા,આવાસ વગેરે ઘટકો હેઠળ સહાય આપવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ: | ૩૭૬૧ |
| સહાયનું ધોરણ | ૫૦ ટકાથી ૧૦૦ ટકા સહાયનું ધોરણ છે. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નર અને જીલ્લા અધિકારીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: ૧૦૦ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજયના જુદા જુદા જીલ્લાઓના અનુ.જાતિના મત્સ્યખેડૂતો રાજયના તળાવો અને ડેમોમાં માછીમારી કરી સહેલાઇથી મચ્છીનો જથ્થો બજારમાં પહોચાડી તેઓ રોજગારી મેળવી તેઓનું જીવન ધોરણ ઉચું લાવી શકે અને મત્સ્ય વિકાસને લગતી પવૃત્તિઓ હાથ ધરવાથી માછીમારોનું ગુજરાન ચાલે તથા આર્થીક રીતે પગભર થાય તે માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧.૫૦ કરોડ જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ.-૦૨<br>૯૬- ૨૪૦૫-૦૦-૭૯૬-૦૨<br>આદિજાતિ વિસ્તારમાં આંતરદેશીય મત્સ્યોધોગનો વિકાસ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહિલા ધ્વારા મત્સ્ય ઉછેર,મત્સ્યબીજ/ઝીંગાબીજ સંગ્રહ તાલીમ,આવાસ, તાલીમ કીટ વગેરે ઘટકો હેઠળ અનુ.જનજાતિના માછીમારોને સહાય આપવામાં આવે છે |
| સંભવિત લાભાર્થીઓ: | ૨૦૦૦ |
| સહાયનું ધોરણ | ૫૦ ટકાથી ૧૦૦ ટકા સુધીનું સહાયનું ધોરણ છે. |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નર અને જીલ્લા અધિકારીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજયના ટ્રાયબલ જીલ્લાઓના અનુ.જનજાતિના મત્સ્યખેડૂતો રાજયના તળાવો અને ડેમોમાં માછીમારી કરી સહેલાઇથી મચ્છીનો જથ્થો બજારમાં પહોચાડી તેઓ રોજગારી મેળવી તેઓનું જીવન ધોરણ ઉચું લાવી શકે અને મત્સ્ય વિકાસને લગતી પવૃત્તિઓ હાથ ધરવાથી માછીમારોનું ગુજરાન ચાલે તથા આર્થીક રીતે પગભર થાય તે માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૮.૯૯૮૫ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એફ.એસ.એચ.-૧૨<br>૮૫- ૪૨૧૬-૦૧-૭૦૦-૨૪<br>કૃષિ વિભાગ માટે મત્સ્યોધોગ મકાનોનું બાંધકામ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | માંગરોળ અને સિક્કા કચેરીમાં સુધારા- વધારા |
| સંભવિત લાભાર્થીઓ: | બાંધકામને લગતી યોજના હોય લાગુ પડતુ નથી. |
| સહાયનું ધોરણ | લાગુ પડતુ નથી. |
| અમલીકરણ કચેરી | માર્ગ અને મકાન વિભાગ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | આ ખાતાની કચેરી અને વિભાગીય તેમજ જીલ્લા કચેરીઓ અને જીલ્લામાં આવેલ અધિકારી/કર્મચારીઓના આવાસોમાં નિભાવ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૦.૦૦૦૨ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવે છે. આ યોજનાની અમલવારી માર્ગ અને મકાન વિભાગ દ્વારા થાય છે તેથી આ યોજનાની ગ્રાન્ટ બારોબાર માર્ગ અને મકાન વિભાગ હસ્તક મુકવામાં આવે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૯૬- ૨૪૦૫-૦૦-૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૧૫- કામધેનુ યુનિવર્સિટી મત્સ્ય પાલન |
| ઘટકો અને પ્રવૃતિઓ: | કામધેનુ યુનિવર્સિટી મહેકમ યોજના |
| સંભવિત લાભાર્થીઓ: | ૨૭ |
| સહાયનું ધોરણ | મહેકમ યોજના |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નર (કામધેનુ યુનિવર્સિટી) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ટકા કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | સ્ટ્રેંધેનીંગ ઓફ કામધેનુ યુનિવર્સિટી માટે મહેક યોજનાને વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૦.૪૫૩૫ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એચઆરટી-૨ ૦૨- ૨૪૦૧- ૧૧૯- ૦૧<br>સંકલીત બાગાયત વિકાસ કાર્યક્રમ. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | વાવેતર વિસ્તાર વધારવા માટે રોપા/કલમોનું ઉત્પાદન, નવા બગીચાઓ ઉભા કરવા(બાગાયતી પાકોનું નવું વાવેતર), જૂના બગીચાઓનું નવીનીકરણ, રક્ષિત ખેતી, સંકલિત પોષણ વ્યવસ્થાપન(INM)/સંકલિત જીવાત વ્યવસ્થાપન(IPM)ને |

INDEX

| | |
|---|---|
| | પ્રોત્સાહન, માનવ સંશાધન અને વિકાસ, બાગાયતી યાંત્રિકરણ, કાપણી પછીનું વ્યવસ્થાપન વગેરે જેવી પ્રવૃત્તિઓ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના સામાન્ય કેટેગરીના અંદાજીત ૪૦૦૦૦ ખેડૂત લાભાર્થીઓ |
| સહાયનું ધોરણ | મોટા ભાગના ઘટકોમાં ખેડૂતોને ૫૦% સહાય જ્યારે અમુક ઘટકોમાં ૫0% સહાય સાથે ૧૫% પૂરક સહાય . |
| અમલીકરણ કચેરી | બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: (૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં અંદાજીત ૪૦૦૦૦ ખેડૂત લાભાર્થીઓ યોજનાનો લાભ લઇ શકશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એચઆરટી-૩ ૯૬- ૨૪૦૧-૭૯૬-૦૧<br>અનુજનજાતિ/આદિજાતિ વિસ્તારમાં બાગાયત વિકાસ કાર્યક્રમ. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | વાવેતર વિસ્તાર વધારવા માટે રોપા/કલમોનું ઉત્પાદન, નવા બગીચાઓ ઉભા કરવા ( બાગાયતી પાકોનું નવું વાવેતર), જૂના બગીચાઓનું નવીનીકરણ, રક્ષિત ખેતી, સંકલિત પોષણ વ્યવસ્થાપન ( INM )/સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM ) ને પ્રોત્સાહન, માનવ સંશાધન અને વિકાસ, બાગાયતી યાંત્રિકરણ, કાપણી પછીનું વ્યવસ્થાપન વગેરે જેવી પ્રવ્રુત્તિઓ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યનાં અનુસૂચિત જનજાતિના અંદાજિત ૧૬૦૦૦ ખેડૂત |
| સહાયનું ધોરણ | મોટા ભાગના ઘટકોમાં ખેડૂતોને ૫૦% સહાય જ્યારે અમુક ઘટકોમાં ૫૦% સહાય સાથે ૨૫% પૂરક સહાય |
| અમલીકરણ કચેરી | બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: (૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં અંદાજીત ૧૬૦૦૦ ખેડૂત લાભાર્થીઓ યોજનાનો લાભ લઇ શકશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એચઆરટી-૪ ૯૫-૨૪૦૧-૧૧૯-૦૧<br>અનુજાતિના ખેડુતો માટે બાગાયત વિકાસ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | વાવેતર વિસ્તાર વધારવા માટે રોપા/કલમોનું ઉત્પાદન, નવા બગીચાઓ ઉભા કરવા(બાગાયતી પાકોનું નવું વાવેતર), જૂના બગીચાઓનું નવીનીકરણ, રક્ષિત ખેતી, સંકલિત પોષણ વ્યવસ્થાપન (INM)/સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM )ને પ્રોત્સાહન, માનવ સંશાધન અને વિકાસ, બાગાયતી યાંત્રિકરણ, |

| | |
|---|---|
| | કાપણી પછીનું વ્યવસ્થાપન વગેરે જેવી પ્રવૃત્તિઓ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યનાં અનુસૂચિત જાતિના અંદાજિત ૬૦૦૦ ખેડૂત |
| સહાયનું ધોરણ | મોટા ભાગના ઘટકોમાં ખેડૂતોને ૫૦% સહાય જ્યારે અમુક ઘટકોમાં ૫૦% સહાય સાથે ૨૫% પૂરક સહાય. |
| અમલીકરણ કચેરી | બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: (૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં અંદાજીત ૬૦૦૦ ખેડૂત લાભાર્થીઓ યોજનાનો લાભ લઇ શકશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એચઆરટી-૯ ૦૨-૨૪૦૧-૧૧૯-૧૧<br>મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (નેશનલ હોર્ટીકલ્ચર મિશન) (એમ.આઇ.ડી.એચ.) સામાન્ય ખેડૂતો માટે. |
| ઘટકો અને પ્રવૃત્તિઓ: | ફળ અને શાકભાજી પાકોનો વાવેતર વિસ્તાર વધારવો, બાગાયતી પાકો માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા પ્રોત્સાહન આપવું, બાગાયતી યાંત્રિકરણ વધારવું અને ખેડૂતોને પ્રેરણા તથા તાલીમ આપવા જેવી વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવી. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યનાં ૩૫૦૦૦ સામાન્ય ખેડૂતો |
| સહાયનું ધોરણ | કુલ માન્ય ખર્ચના ૩૫% થી ૫૦% સુધી. |
| અમલીકરણ કચેરી | બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય:૪૦% કેન્દ્રિય:૬૦% અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: (૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં અંદાજીત ૩૫૦૦૦ ખેડૂત લાભાર્થીઓ યોજનાનો લાભ લઇ શકશે . |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એચઆરટી-૧૩ ૯૫-૨૪૦૧-૧૧૯-૦૨<br>મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (નેશનલ હોર્ટીકલ્ચર મિશન) (એમ.આઇ.ડી.એચ.) એસસીએસપી ખેડૂતો માટે. |
| ઘટકો અને પ્રવૃત્તિઓ: | ફળ અને શાકભાજી પાકોનો વાવેતર વિસ્તાર વધારવો, બાગાયતી પાકો માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા પ્રોત્સાહન આપવું, બાગાયતી યાંત્રિકિકરણ વધારવું અને ખેડૂતોને પ્રેરણા તથા તાલીમ આપવા જેવી વિસ્તરણ પ્રવૃત્તિઓ |

| | |
|---|---|
| | કરવી. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યનાં ૧૫૦૦ અનુસૂચિત જાતિના ખેડૂતો |
| સહાયનું ધોરણ | કુલ માન્ય ખર્ચના ૩૫% થી ૫૦% સુધી |
| અમલીકરણ કચેરી | બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૪૦% કેન્દ્રિય:૬૦% અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં અંદાજીત ૧૫૦૦ અનુસૂચિત જાતિના ખેડૂત લાભાર્થીઓ યોજનાનો લાભ લઇ શકશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એચઆરટી-૧૪<br>૯૬/૨૪૦૧/૭૯૬/૬૫ & ૬૬<br>મિશન ઓન ઇંટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (નેશનલ હોર્ટીકલ્ચર મિશન) (એમ.આઇ.ડી.એચ.)- ટીએસપી ખેડૂતો માટે |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ફળ અને શાકભાજી પાકોનો વાવેતર વિસ્તાર વધારવો, બાગાયતી પાકો માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા પ્રોત્સાહન આપવું, બાગાયતી યાંત્રિકિકરણ વધારવું અને ખેડૂતોને પ્રેરણા તથા તાલીમ આપવા જેવી વિસ્તરણ પ્રવ્રુત્તિઓ કરવી |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યનાં ૧૦૦૦૦ અનુ. જનજાતિના ખેડૂતો |
| સહાયનું ધોરણ | કુલ માન્ય ખર્ચના ૩૫% થી ૫૦% સુધી |
| અમલીકરણ કચેરી | બાગાયત ખાતું, ગુજરાત રાજ્ય. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૪૦% કેન્દ્રિય:૬૦% અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ:<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાં અંદાજીત ૧૦૦૦૦ અનુ. જનજાતિના ખેડૂત લાભાર્થીઓ યોજનાનો લાભ લઇ શકશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | કિસાન કલ્પવૃક્ષ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | બજાર સમિતિઓમાં વિકાસ. |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુત, વેપારી, બજાર સમિતિઓ. |
| સહાયનું ધોરણ | અ અને બ વર્ગની બજાર સમિતિને ૨૫% તથા ક અને ડ વર્ગની બજાર સમિતિને ૫૦% વધુમાં વધુ ૫ કરોડ |
| અમલીકરણ કચેરી | બજાર સમિતિઓને સીધી સહાય. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ | પ્રાથમિક જરૂરીયાતો ઉભી કરવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એ.પી.એમ.સી.ના આધુનિકરણ માટે સહાય આપવાની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | બજાર સમિતિઓમાં વિકાસ. |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુત, વેપારી, બજાર સમિતિઓ. |
| સહાયનું ધોરણ | પ્રોજેક્ટ કોસ્ટના ૨૫ થી ૧૦૦% સહાય, મહત્તમ ૫૦ લાખ |
| અમલીકરણ કચેરી | - |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | આધુનિક સગવડો જેવી કે ફાર્મર શેડ, વેચાણ કમ પ્રદર્શન સેન્ટર, કીઓસ્ક સેન્ટર બજાર સમિતિઓમાં ઉભી થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | મોટા કદના સ્ટોરેજ અને વેરહાઉસીંગ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સ્ટોરેજની કેપેસીટીમાં વધારો થશે તથા વેરહાઉસીંગ રીસીપ્ટ ઉપર લોન મળશે. |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુત, વેપારી, બજાર સમિતિઓ |
| સહાયનું ધોરણ | તમામ બજાર સમિતિઓને વર્ગના ધોરણો ધ્યાને લીધા સિવાય સહાયના ધોરણો અનુસાર પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા સહાય મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ માર્કેટીંગ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે ચૂકવવાના રહેશે અને બાકીના ૫૦ ટકાનું ચુકવણું બજાર સમિતિએ કરવાનું રહેશે. |
| અમલીકરણ કચેરી | બજાર સમિતિઓને સીધી સહાય. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ખેડુતો ખેત ઉત્પન્ન સિઝન દરમિયાન બજાર સમિતિના ગોડાઉનમાં સંગ્રહ કરવામાં મદદ થશે તથા પરિવહન ખર્ચમાં ઘટાડો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સીઓપી-૩૪ (૨૪૨૫-૧૦૭-૧૮)<br>વ્યાજ રાહત માટે ખેડૂતોને નાણાંકીય સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજ્યના ખેડૂતોને સહકારી કૃષિ ધિરાણ માળખા મારફતે ૭% ના દરે પાક ધિરાણ આપતા સહકારી કૃષિ ધિરાણ માળખાને ૨% વ્યાજ રાહત આપવી. રાજ્યની નાણાંકીય સંસ્થાઓ દ્વારા ખેડૂતોને ટુંકી મુદતનું આપવામાં આવેલ ધિરાણ સમયસર પરત ભરતાં ખેડૂતોને ધિરાણ માળખા મારફત ૪% મુજબ વ્યાજ રાહત આપવાની યોજના છે. |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડૂતોને વ્યાજ રાહતનો લાભ પેક્સ, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, નેશનાલાઇઝડ બેંકો, રીજીયોનલ ગ્રામીણ બેંકો તથા ખાનગી બેંકો મારફત પ્રાપ્ત થાય છે. |
| સહાયનું ધોરણ | ૪% મુજબ વ્યાજ રાહત ખેડૂતો માટે તથા ૨% વ્યાજ રાહત |

| | |
|---|---|
| | સહકારી ધિરાણ માળખા માટે |
| અમલીકરણ કચેરી | રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યના ખેડૂતોને ૭% ના દરે ધિરાણ પ્રાપ્ત થાય તે માટે સહકારી ધિરાણ માળખાની સંસ્થાઓને ૨% વ્યાજ રાહત આપવામાં આવે છે. સહકારી ધિરાણ માળખા દ્વારા પોતાના ફંડના રોકાયેલ નાણાં પર વ્યાજ રાહત આપવાથી આ સંસ્થાઓ વધુ ધિરાણ કરવા પ્રેરાય છે. દર વર્ષે ટુંકી મુદતનું પાક ધિરાણ વધતાં ખેડૂતોની ખેતીની નાણાંકીય જરૂરિયાત સંતોષાય છે અને તેમની આવક પણ વધે છે.<br>ટુંકી મુદતનું પાક ધિરાણ સમયસર પરત ભરતા ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા ૩% મુજબ વ્યાજ સહાય આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ થી સપ્ટેમ્બર દરમ્યાન જે ખેડૂતો દ્વારા પાક ધિરાણ મેળવેલ હોય અને સમયસર ધિરાણ પરત ભરેલ હોય તેવા ખેડૂતોને ૪% વ્યાજ રાહત આપવામાં આવે છે. પરિણામે ખેડૂતોને ૦% ના દરે ધિરાણ પ્રાપ્ત થવાથી સંસ્થાઓની વસુલાત વધશે અને ખેડૂતોને વ્યાજ ભારણ નહી રહે. ખેડૂતોની આવક વધારાના પરિણામે ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં કાર્યવાહી થનાર છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સી.ઓ.પી.-૩૭ ૨૪૨૫-૧૦૮-૩૩<br>નવા ગોડાઉન બનાવવા માટે પેક્સ, એપીએમસી, સહકારી સંસ્થાને અને ખેડૂતોને મૂડી સહાય. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પેક્સને રૂ.૩૭૮૪/- મુડી સહાય પ્રતિ મે.ટન.<br>ખેડૂતો, સહકારી સંસ્થાઓ તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓને ૨૫ % મુડી સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડૂતો, સહકારી સંસ્થાઓ, એપીએમસી તથા પેક્સ |
| સહાયનું ધોરણ | ઉપર મુજબ |
| અમલીકરણ કચેરી | રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર/ સંબંધિત જિલ્લાના જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં વૈજ્ઞાનિક ઢબની સંગ્રહ શક્તિ વધવાથી ખેડૂતો પોતાની ખેતપેદાશ સંગ્રહ કરી પોષણક્ષમ ભાવ મળે ત્યારે વેચાણ કરી શકશે અને જેનાથી ખેતપેદાશના વધુ ભાવ મળે |

| | |
|---|---|
| | ત્યારે વેચાણ કરી શકશે. આ ઉપરાંત વેરહાઉસમાં સંગ્રહ કરેલ ખેત ઉત્પાદન ઉપર પણ ધિરાણ પ્રાપ્ત થશે. આમ, ખેડૂતોની આવકમાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | કૃષિ સંશોધન અને શિક્ષણ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | કૃષિ શિક્ષણ, વિસ્તરણ અને સંશોધન |
| સંભવિત લાભાર્થીઓ: | વિદ્યાર્થીઓ, ખેડૂતો અને અન્ય |
| સહાયનું ધોરણ | નીલ |
| અમલીકરણ કચેરી | કૃષિ યુનિવર્સિટીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | કૃષિ, બાગાયત, ફૂડ પ્રોસેસીંગ, કૃષિ ઇજનેરી, એગ્રીકલ્ચર ટેકનોલોજી, એગ્રી-બિઝનેશ મેનેજમેન્ટ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને શિક્ષણ પુરૂ પાડવું.<br>વિસ્તરણ શિક્ષણની વિવિધ યોજનાઓ દ્વારા ખેડૂતોને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં તાલીમ અને માર્ગદર્શન પુરૂ પાડવું.<br>કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં સંશોધન દ્વારા પાકની ઉત્પાદકતા વધારવા માટે નવી જાતો અને ખેતી પધ્ધતિઓ વિકસાવવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ -૨<br>(૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૦૪,૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૧૮, ૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૧૯, ૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૨૦ ૯૫:૨૪૦૩:૦૦:૧૦૧:૦૧, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૧૧,૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૩૦)<br>પશુ ચિકિત્સા સેવાઓમાં સુધારણા |
| ઘટકો અને પ્રવૃતિઓ: | <u>પશુ સારવાર સંસ્થાઓ અને પશુ આરોગ્ય સેવાઓ</u>.<br>જીલ્લા પંચાયત કચેરીઓ હેઠળની પશુ સારવાર સંસ્થાઓને અધ્યતન કરવી, મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુસારવાર,પશુ સારવાર સંસ્થાઓને ઇમરજંસી કીટ પુરા પાડવા.<br>વિવિધ પશુ સારવાર સંસ્થાઓ ચાલુ રાખવી (મહેકમ), આરકેવીવાય હેઠળ ૨૩ વેટરીનરી પોલીક્લીનીકસ માટે ખરીદાયેલ વાહનો માટે ડ્રાઈવરની સેવાઓ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી અને બિન આદિજાતિ વિસ્તારમાં પશુ આરોગ્ય મેળાઓનું આયોજન, ચાર મહા-સંમેલનનું આયોજન, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ અને દસ ગામ દીઠ એક પશુ દવાખાનાની સેવાઓ ચાલુ રાખવી. |

| | |
|---|---|
| | રોગચાળા અને આકસ્મીક પશુ મૃત્યુ કીસ્સામાં પશુપાલકને આર્થિક વળતર સહાય.<br>કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના અને દ્રઢીકરણ<br>પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી, કામધેનુ યુનિવર્સીટી અંતર્ગત પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના મકાનનું બાંધકામ, રાજયની કૃષિ યુનિવર્સીટીઓનાં કામધેનુ યુનિવર્સીટીને તબદીલ થયેલ વિવિધ કાર્યક્રમો.<br>કામધેનુ યુનિવર્સીટી મેચિંગ સ્ટેટ શેર<br>કામધેનુ યુનિવર્સીટી હેઠળ CSS યોજના માટે મેચિંગ સ્ટેટ શેર<br>અનુસુચિત જાતિ વિસ્તારમાં પશુદવાખાના અને પશુચિકિત્સા સેવાઓ<br>અનુસુચિત જાતિ વિસ્તારમાં વિવિધ પશુ સારવાર સંસ્થાઓ ચાલુ રાખવી (મહેકમ) અને પશુ આરોગ્ય મેળાઓનું આયોજન અને પાટણ ખાતે પશુ રોગ અન્વેષણ એકમની સ્થાપના.<br>અનુસુચિત જન જાતિ વિસ્તારમાં પશુદવાખાના અને પશુઆરોગ્ય સેવાઓ.<br>અનુસુચિત જન જાતિ વિસ્તારમાં વિવિધ પશુ સારવાર સંસ્થાઓ ચાલુ રાખવી (મહેકમ) અને પશુ આરોગ્ય મેળાઓનું આયોજન.<br>કામધેનુ યુનિવર્સીટી<br>નવસારી કૃષિ યુનિવર્સીટીનાં કામધેનુ યુનિવર્સીટીને તબદીલ થયેલ વિવિધ કાર્યક્રમો. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત કચેરીઓ, કામધેનુ યુનિવર્સીટી. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ | રાજ્યમાં પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવો |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૩<br>(૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૦૨,૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૨૧,૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૨૨, ૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૨૩,૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૨૪, ૦૪:૨૪૦૩:૦૦:૧૦૧:૨૫,૯૫:૨૪૦૩:૦૦:૭૮૯:૦૨,૯૫:૨૪૦૩:૦૦:૭૮૯:૦૩,૯૫:૨૪૦૩:૦૦:૭૮૯:૦૪,૯૫:૨૪૦૩:૦૦:૭૮૯:૦૫, |

| | |
|---|---|
| | ૯૫:૨૪૦૩:૦૦:૭૮૯:૦૬,૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૩૧,૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૩૨,૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૩૩,૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૩૪,૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૩૫)રોગ નિવારણ અને નિયંત્રણ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | (૧) રોગ નિવારણ અને નિયંત્રણ<br>• ૧૦ પશુરોગ અન્વેષણ એકમ ચાલુ રાખવા (મહેકમ), ૧૭ પશુરોગ અન્વેષણ એકમની મોબાઇલ લેબોરેટરી માટે આઉટસોર્સથી ડ્રાઇવરની સેવાઓ, લેપ્ટોસ્પાઇરોસીસનું નિયંત્રણ, આઉટસોર્સથી રસીકરણ ની કામગીરી<br>• પશુ જૈવિક સંસ્થા (મહેકમ), પશુ જૈવિક સંસ્થા માટે રાસાયણો, ડાયગ્નોસ્ટિક રિએજન્ટ, સીરા વેક્સીન, સાધન-સામગ્રી અને જી.એમ.પી. નોર્મ્સ મુજબ પશુ જૈવિક સંસ્થાનું આધુનિકરણ.<br>(૨) પશુ આરોગ્ય અને રોગ નિયંત્રણ.<br>• પશુ રસીકરણ, મરઘાં રસીકરણ, પશુઓમાં કૃમિનાશક સારવાર, મોબાઇલ વેટરનરી યુનિટ,વેટરિનરીયન/પેરાવેટરિનરીયન ટ્રેઇનીંગ તથા સેમીનાર<br>(૩)પશુ આરોગ્ય અને રોગ નિયંત્રણ(અનુ.જાતી પેટા યોજના)<br>• પશુ રસીકરણ, મરઘાં રસીકરણ, પશુઓમાં કૃમિનાશક સારવાર, મોબાઇલ વેટરનરી યુનિટ,વેટરિનરીયન/પેરાવેટરિનરીયન ટ્રેઇનીંગ તથા સેમીનાર<br>(૪)પશુ આરોગ્ય અને રોગ નિયંત્રણ(આદિજાતી વિસ્તાર પેટા યોજના)<br>પશુ રસીકરણ, મરઘાં રસીકરણ, પશુઓમાં કૃમિનાશક સારવાર, મોબાઇલ વેટરનરી યુનિટ,વેટરિનરીયન/પેરાવેટરિનરીયન ટ્રેઇનીંગ તથા સેમીનાર |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું અને જીલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | (૧) રાજ્ય : ૧૦૦%<br>(૨) રાજ્ય : ૪૦%, ૫૦%, કેન્દ્રિય: ૬૦%, ૫૦%, ૧૦૦ % |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં પશુધન આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારી પશુધનનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૪આંકડા અને પશુધન વસ્તી ગણતરી (૦૪:૨૪૦૩:૦૦:૧૧૩:૦૨,૯૫:૨૪૦૩:૦૦:૭૮૯:૦૧, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૨૯, ૦૪:૨૪૦૩:૦૦:૧૧૩:૦૪,૦૪:૨૪૦૩:૦૦:૧૧૩:૦૫) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પશુપાલન નિયામકની કચેરીમાં પશુધન વસ્તી ગણતરી સેલ<br>દર પાંચ વર્ષના અંતરાલે પશુધન વસ્તી ગણતરી.<br>ઇન્ટીગ્રેટેડ સેમ્પલ સર્વે માટે આકડા શાખાનું દ્રઢીકરણ<br>દૂધ, ઇંડા, ઊન અને માંસ જેવી મુખ્ય પશુધન પેદાશોની મોજણી. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું અને જીલ્લા પંચાયત. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | (૧) રાજ્ય : ૦% કેન્દ્રિય : ૧૦૦ % અન્ય: -<br>(૨) રાજ્ય : ૫૦% કેન્દ્રિય : ૫૦ % અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | દર પાંચ વર્ષના અંતરાલે પશુધન વસ્તી ગણતરી અને દૂધ, ઇંડા, ઊન જેવી મુખ્ય પશુધન પેદાશોની વાર્ષિક મોજણી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૬સઘન પશુ વિકાસ કાર્યક્રમ (૦૪:૨૪૦૩:૦૦:૧૦૨:૦૫, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૩) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | (૧) સઘન પશુ વિકાસ કાર્યક્રમ (ઘ.પ.સુ.યો.)<br>• બિન આદિજાતિ વિસ્તારમાં ઘ.પ.સુ.યો.ઘટકો ચાલુ રાખવા (મહેકમ), જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન, કૃત્રિમ બીજદાનનાં સાધનો અને કેમિકલ/ગ્લાસવેરની ખરીદી,પશુપાલન નિયામકની કચેરીની ઘ.પ.સુ.યો (મુ.મ) શાખા માં વાહન અને માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી<br>• ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગર અને ફ્રોઝન સીમેન સ્ટેશન પાટણનું વિસ્તરણ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ફ્રોઝન સીમેન સ્ટેશન ની સ્થાપના(મહેકમ), ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગર અને ફ્રોઝન સીમેન સ્ટેશન પાટણનું મહેકમ<br>• ઘ.પ.સુ.યો.ઘટકો અને જીલ્લા પંચાયત કચેરીના કેન્દ્રો માટે પ્રવાહી નત્ર વાયુ, સિમેન ડોઝ, પ્રવાહી નત્ર વાયુ કન્ટેનરનું પરિવહન અને ખરીદી, પશુ ઉત્પાદકતા વૃદ્ધિ કેમ્પ, |

| | |
|---|---|
| | એમ્બ્રીયો ટ્રાન્સફર યોજનાનું મહેકમ,રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં શુદ્ધ સંવર્ધન દ્વારા કૃત્રિમ બિજદાનથી જન્મેલ વાછરડીઓને ઉછેરનાર પશુપાલકોને પ્રોત્સાહન,રાજ્યમાં કૃત્રિમ બીજદાનની સેવાઓ સુદ્રઢ બનાવવા કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના<br>(૨) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ સઘન પશુ વિકાસ કાર્યક્રમ (ઘ.પ.સુ.યો)<br>• આદિજાતિ વિસ્તારમાં ઘ.પ.સુ.યો.ઘટકો ચાલુ રાખવા (મહેકમ), જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન, વિવિધ ઘ.પ.સુ.યો કચેરીઓમાં વાહન અને માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી<br>• આદિજાતિ વિસ્તારનાં ઘ.પ.સુ.યો.ઘટકો અને જીલ્લા પંચાયત કચેરીના કેન્દ્રો માટે પ્રવાહી નત્ર વાયુ, સિમેન ડોઝ, પ્રવાહી નત્ર વાયુ કન્ટેનરનું પરિવહન અને ખરીદી, કૃત્રિમ બીજદાનનાં સાધનો અને કેમિકલ/ ગ્લાસવેરની ખરીદી, વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને પાંચ વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો |
| સહાયનું ધોરણ | વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય: ૧૦૦% |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં પશુ સંવર્ધન સેવાઓ પુરી પાડી પશુધનની ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૭<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૨:૦૬, ૯૫:૦૦:૨૪૦૩:૧૦૨:૦૨<br>પશુધન સુધારણા અને સંરક્ષણ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પશુ અને ભેંસ વિકાસ માટે સુધારણા અને સંરક્ષણ<br>ગીર અને કાકરેજ ગાયનાં એમ્બ્રીયો ટ્રાન્સફર માટેની યોજના(મહેકમ), દૂધ ઉત્પાદન હરીફાઈ, ગીર કાઉ સેન્ચુરી ધરમપુર, જી.પોરબંદરનું મહેક્મ, એસપીસીએ (પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી) ને સહાય, પ્રાણી ક્રુરતાં નિવારણ બોર્ડનાં માટે વહીવટી ખર્ચ અને મહેક્મ, બ્રીડર એશોસિએશનને સહાય.<br>અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ સઘન પશુધન વિકાસ |

| | |
|---|---|
| | કેન્દ્રોની સ્થાપના<br>અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ઘ.પ.સુ.યો. ઘટકો ચાલુ રાખવા (મહેકમ), જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન, વિવિધ ઘ.પ.સુ.યો કચેરીઓમાં વાહન અને માનવબળની સેવાઓ આઉટ સોર્સિંગથી ઉપલબ્ધ કરાવવી, વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે અનુસુચિત જાતિના લાભાર્થીઓને પાંચ વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય. |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ | પશુધનની ઉત્પાદકતા અને ઉત્પાદનમાં વધારો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૮<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૨:૦૧<br>દૂધાળા પશુઓની ખરીદી પર વ્યાજ સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | દેશી ઓલાદના દૂધાળા પશુઓની ખરીદી પર વ્યાજ સહાય.<br>૦૧ થી ૦૪ દૂધાળા પશુઓનાં એકમની સ્થાપના પર ૧૨ % વ્યાજ સહાય, વીસ સુધીના દુધાળા પશુ એકમની સ્થાપના માટે પાંચ વર્ષના સમયગાળા સુધી મહત્તમ ૧૨ % સુધીની વ્યાજ સહાય, સ્વરોજગારી માટે ડેરી ફાર્મની સ્થાપના પર સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | ૦૧ થી ૨૦ દૂધાળા પશુઓનાં એકમની સ્થાપના પર વધુમાં વધુ ૧૨ % વ્યાજ સહાય.<br>સ્વરોજગારી માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના પર સહાય,<br>• ૧૨ દૂધાળા પશુઓની ખરીદી માટે લોન પર પાંચ વર્ષ સુધી ૭.૫ % વ્યાજ સહાય (અનુસુચિત જાતી, અનુસુચિત જન જાતિ અનેમહિલા લાભાર્થીઓને માટે ૮.૫ % વ્યાજ સહાય) {ગીર અને કાંકરેજ ગાયનાં ફાર્મની સ્થાપના પર |

| | |
|---|---|
| | ૧૨%વ્યાજ સહાય}<br>• કેટલશેડનાં બાંધકામ માટે ૫૦ % (વધુમાં વધુ રૂ.૧.૫૦ લાખ) સહાય {ગીર અને કાંકરેજ ગાયનાં ફાર્મ માટે૭૫ % (વધુમાં વધુ રૂ.૨.૨૫ લાખ)સહાય}<br>• વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે ૭૫ % (વધુમાં વધુ રૂ.૧૮,૦૦૦/-) સહાય {ગીર અને કાંકરેજ ગાયનાં ફાર્મ માટે૯૦% (વધુમાં વધુ રૂ.૨૧,૬૦૦/-)સહાય}<br>• મીલ્કિંગ મશીનનીખરીદી માટે ૭૫ % (વધુમાં વધુ રૂ.૩૩,૭૫૦/-) સહાય {ગીર અને કાંકરેજ ગાયનાં ફાર્મ માટે૯૦% (વધુમાં વધુ રૂ.૪૦,૫૦૦/-) સહાય }<br>• ફોગરનીખરીદી માટે ૭૫ % ( વધુમાં વધુ રૂ.૯,૦૦૦/-) સહાય {ગીર અને કાંકરેજ ગાયનાં ફાર્મ માટે૯૦% (વધુમાં વધુ રૂ.૧૦,૮૦૦/-) સહાય}<br>• ત્રણ વર્ષના પશુવીમાનાં પ્રીમિયમ પર૭૫ % સહાય(વધુમાં વધુ રૂ.૪૩,૨૦૦/-) {ગીર અને કાંકરેજ ગાયનાં ફાર્મ માટે૯૦% (વધુમાં વધુ રૂ.૫૧,૮૪૦/-) સહાય }<br>સ્વરોજગારી માટે ૫૦ દુધાળા પશુ(ગીર/કાંકરેજ ગાય)ના ડેરી ફાર્મની સ્થાપના પર સહાય,,<br>• ૫૦દૂધાળા પશુઓની ખરીદી માટે લોન પર પાંચ વર્ષ સુધી ૭.૫ % વ્યાજ સહાય<br>• કેટલશેડનાં બાંધકામ માટે ૫૦ % (વધુમાં વધુ રૂ.૫.૦૦ લાખ) સહાય<br>• વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે ૭૫ % (વધુમાં વધુ રૂ.૩૦,૦૦૦/-) સહાય<br>• મીલ્કિંગ મશીનનીખરીદી માટે ૭૫ % (વધુમાં વધુ રૂ.૫૬,૨૫૦/-)<br>• ફોગરનીખરીદી માટે ૭૫ % ( વધુમાં વધુ રૂ.૨૨,૫૦૦/-) સહાય<br>ત્રણ વર્ષના પશુવીમાનાં પ્રીમિયમ પર૭૫ % સહાય |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત, ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ડેરી ફાર્મિંગની ઉદ્યોગ-સાહસિકતાને પ્રોત્સાહન અને રોજગારી ઊભી કરવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૯<br>૦૪:૨૪૦૩:૦૦:૧૦૭:૦૧, ૯૫:૨૪૦૩:૦૦:૧૦૭:૦૧,<br>૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૧૬)<br>ખાણદાણ અને ઘાસચારા વિકાસ કાર્યક્રમ |

| | |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ: | ઘાસચારા અને ખાણદાણ વિકાસની યોજના<br>૦૩ ઘાસચારા ફાર્મ અને ૦૨ બીજ ઉત્પાદન ફાર્મ ચાલુ રાખવા(મહેકમ), વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે સહાય, ઘાસચારા બિયારણ કીટનું વિતરણ.<br>અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ઘાસચારા અને ખાણદાણ વિકાસની યોજના.<br>વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે સહાય, કેટલશેડનાં બાંધકામ માટે સહાય, સુધારેલ જાતના બિયારણનાં કીટ માટે સહાય.<br>અનુસુચિત જન જાતિ પેટા યોજના હેઠળ ઘાસચારા અને ખાણદાણ વિકાસની યોજના<br>૦૩ ઘાસચારા ફાર્મ ચાલુ રાખવા(મહેકમ), વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી માટે સહાય, ઘાસચારા બિયારણ કીટનું વિતરણ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | વિદ્યુત સંચાલિત ચાફકટરની ખરીદી પર ૭૫ % અથવા મહત્તમ રૂ. ૧૮,૦૦૦/- સહાય.<br>૨ પશુ માટેનાં કેટલ શેડનાં બાંધકામ પર ૫૦ % અથવા મહત્તમ રૂ. ૨૦,૦૦૦/- સહાય.(અનુસુચિત જાતી પેટા યોજના) |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઘાસચારો અને ખાણદાણની ઉપલબ્ધતા વધારી તથા તેની માંગ-પુરવઠાનાં તફાવતમાં ઘટાડો કરીને પશુધનની ઉત્પાદકતા અને ઉત્પાદનમ ક્ષમતામાં વધારો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૦<br>(૦૪:૨૪૦૩:૦૦:૧૦૩:૦૧, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૪)<br>મરઘા વિકાસ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સઘન મરઘા વિકાસ કાર્યક્રમ<br>રાજકોટ અને મહેસાણા ખાતેના ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક ચાલુ રાખવા (મહેકમ), ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટક મકરબાની કચેરીનું વિસ્તરણ, મરઘા પાલન તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ અને વ્યાખ્યાતાઓને માનદ વેતન, |

| | |
|---|---|
| | ૨૫ આર.આઈ.આર. પક્ષીના એકમની સ્થાપના માટે સહાય, ઘનિષ્ટ મરઘા વિકાસ ઘટકો માટે ૦૬ કચેરી અધિક્ષકનું મહેકમ ચાલુ રાખવું, દિવ્યાંગ લાભાર્થીને મરઘા પાલન તાલીમ દરમ્યાન તાલીમ માટે સ્ટાઈપેન્ડ અને ૪૦ આર. આઈ. આર. પક્ષીના એકમ પુરા પાડવા.<br>અનુસુચિત જન જાતિ પેટા યોજના સઘન મરઘા વિકાસ કાર્યક્રમ.<br>બતક ઉછેર ફાર્મ માંડવી તથા વડોદરા અને દાહોદ ખાતે હેચરી ચાલુ રાખવા (મહેકમ)<br>અનુસુચિત જનજાતિના લાભાર્થીઓને ૨૫ આરઆઈઆર/ કડકનાથ પક્ષીના એકમની સ્થાપના પર સહાય અને સ્ટાઇપેન્ડ સહીત મરઘાં-પાલન તાલીમ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના મરઘા પાલકો. |
| સહાયનું ધોરણ | ૨૫ આર.આઈ.આર./કડકનાથ પક્ષીના એકમની સ્થાપના માટે ૭૫ % સહાય અને તાલીમ દરમ્યાન રૂ.૨૦૦૦/- સ્ટાઈપેન્ડ<br>૪૦આર.આઈ.આર./કડકનાથ પક્ષીના એકમની સ્થાપના માટે ૯૦ % સહાય અને તાલીમ દરમ્યાન રૂ.૨૦૦૦/- સ્ટાઈપેન્ડ |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ | રાજ્યનાં ઇંડા ઉત્પાદનમાં વધારો કરવો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૧સ્મોલ રૂમિનન્ટસ અને મરઘા વિકાસ કાર્યક્રમ (૯૫:૨૪૦૩:૦૦:૧૦૪:૦૧, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૬) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ સ્મોલ રૂમિનન્ટસ અને મરઘા વિકાસ કાર્યક્રમ<br>૧૦+૦૧ બકરા એકમની સ્થાપના માટે સહાય, ૨૫ આર.આઈ.આર. પક્ષીના એકમની સ્થાપના માટે સહાય, મરઘા પાલન તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ અને વ્યાખ્યાતાઓને માનદ વેતન, ૧૦૦ બ્રોઇલર પક્ષીના એકમની સ્થાપના માટે સહાય.<br>દાહોદ ખાતે મરઘાં ફાર્મની સ્થાપના<br>વલસાડ ખાતે પશુરોગ અન્વેષણ એકમની કચેરી ચાલુ રાખવી (મહેકમ) |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો અને મરઘા પાલકો. |
| સહાયનું ધોરણ | ૧૦+૦૧ બકરા એકમ માટે ૫૦ % સહાય, ૨૫ |

| | |
|---|---|
| | આર.આઈ.આર.પક્ષીના એકમની સ્થાપના માટે ૭૫ % સહાય અને તાલીમાર્થીઓને રૂ.૨૦૦૦/- સ્ટાઈપેન્ડ, ૧૦૦ બ્રોઇલર પક્ષીના એકમની સ્થાપના માટે ૭૫ % અથવા મહત્તમ રૂ. ૩૬,૦૦૦/- સહાય |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ | મરઘા પાલન અને બકરા ઉછેરના માધ્યમથી રોજગારીની તકો ઉભી કરવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૨ ૦૪:૨૪૦૩:૦૦:૧૦૪:૦૧, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૨૧<br>ઘેટા બકરા વિકાસ કાર્યક્રમો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ઘેટા બકરા વિકાસ કાર્યક્રમ<br>ઘેટા બકરા સંવર્ધન ફાર્મ નલીયા, મોટાજામપુરા અને મોરબીની સ્થાપના (મહેકમ), માલધારી શિબિરનું આયોજન, પશુચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષકની તાલીમ, ઘેટા બકરામાં ડીવર્મિંગ, ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમનું દ્રઢીકરણ, ૧૦+૦૧ બકરા એકમની સ્થાપના માટે સહાય. વિચરતા ઘેટા અને બકરા સમુદાયનાં સેવા કેન્દ્ર બકરા સંવર્ધન ફાર્મ કોંઢની સ્થાપના (મહેકમ), ઘનિષ્ટ ઘેટા બકરા વિકાસ ઘટક દાહોદ અને વડોદરાની સ્થાપના, આદિજાતિ મહિલાઓને ૧૦+૦૧ બકરા અકમની સ્થાપના માટે સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | ૧૦+૦૧ બકરા એકમ માટે ૫૦ % સહાય |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત.. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ | ઘેટા-બકરા પાલનના માધ્યમથી રોજગારીની તકો ઉભી કરવી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૩ ૦૪:૨૪૦૩:૦૦:૧૦૯:૦૧<br>પ્રચાર-પ્રસાર અને વિસ્તરણલક્ષી કાર્યક્રમો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પ્રદર્શન એકમનું વિસ્તરણ<br>પશુપાલન નિયામકની કચેરીમાં પ્રદર્શન એકમનું વિસ્તરણ, પશુ પ્રદર્શન શો, તાલુકા શિબિર, જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર-વ-પ્રદર્શનનું આયોજન, શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કારનું |

| | |
|---|---|
| | વિતરણ, સઘન વિસ્તરણ દ્વારા વિવિધ તાંત્રિક/યોજનાકીય માહિતી પૂરી પાડવી, પશુપાલકો માટે તાલીમ અને પ્રેરણા પ્રવાસનું આયોજન અને વિવિધ પશુ સારવાર સંસ્થાઓ પર પ્રચાર-પ્રસાર માટે હોર્ડીંગ્સ લગાવવા માટે કાયમી સ્ટ્રક્ચર, પશુપાલન ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ક્ષમતા નિર્માણની યોજના. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | શુધ્ધ સંવર્ધન, મુલ્ય-વર્ધન, ડેરી ઉદ્યોગ માટે નવી ટેકનોલોજી, સજીવ ખેતી,આદર્શ સંવર્ધન, રહેઠાણ, નીરણ અને ઉછેરની વૈજ્ઞાનિક અભિગમને પશુપાલકો અપનાવવા તથા શુધ્ધ ઓલાદના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓ રાખવા માટે પશુપાલકોને પ્રોત્સાહન. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૪ ૦૪:૨૪૦૩:૦૦:૧૦૬:૦૨<br>અન્ય પશુધન વિકાસ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | અશ્વ સંવર્ધન ફાર્મનું વિસ્તરણ<br>અશ્વ સંવર્ધન ફાર્મ ઇણાજ (ગીર સોમનાથ), ઉંટ સંવર્ધન ફાર્મ ઢોરી(કચ્છ), અશ્વ-ગદર્ભ સંવર્ધન ફાર્મ ચાણસ્મા (પાટણ)ની સ્થાપના અંતર્ગત મહેકમ, વાલી ઘોડા સેવા કેન્દ્રો ચાલુ રાખવા, ઊંટવર્ગના પ્રાણીઓને ઝરબાઝ અને ખસવિરોધી સારવાર, અશ્વનાં બ્રીડર એસોસિએશનની સ્થાપના માટે સહાય, અશ્વ-શો નાં આયોજન માટે સહાય, દેશી ઓલાદના અશ્વનુ ઈલેક્ટ્રોનિક આઈડેન્ટીફિકેશન અને રજીસ્ટ્રેશન. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | શુધ્ધ ઓલાદના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓ રાખવા માટે પશુપાલકોને પ્રોત્સાહન પુરૂ પાડવું, અશ્વ પાલકોમાં આદર્શ અશ્વ ઉછેર માટે જાગરૂકતા કેળવવી અને અશ્વ પાલકોની |

| | |
|---|---|
| | ઓલાદ સંવર્ધન પ્રત્યેની અભિરૂચી ટકાવી રાખવી. અશ્વ પાલકોને અશ્વની ઓલાદ સંબંધિત ચોક્કસ લક્ષણોથી પરિચિત કરવા તેમજ અશ્વ પાલકોને અદ્યતન અશ્વપાલનની પ્રણાલીથી અવગત કરવા. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૫<br>(૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૦૨)<br>બીજરૂપ અંદાજપત્ર |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગુજરાત પેટર્ન હેઠળ બીજરૂપ અંદાજપત્ર<br>પ્રાયોજના વહીવટદારો દ્વારા પ્રવૃત્તિઓનું અમલીકરણ થાય છે |
| સંભવિત લાભાર્થીઓ: | આદિજાતિ વિસ્તારના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાયોજના વહીવટદારો. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પશુપાલન દ્વારા આદિજાતિ વિસ્તારનાં પશુપાલકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એએનએચ-૧૬<br>૯૩:૨૪૦૩:૦૦:૮૦૦:૦૧, ૯૬:૨૪૦૩:૦૦:૭૯૬:૨૬<br>આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ખાસ અંકિત જોગવાઈ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ખાસ અંકિત જોગવાઈ.<br>પ્રાયોજના વહીવટદારો દ્વારા પ્રવૃત્તિઓનું અમલીકરણ થાય છે |
| સંભવિત લાભાર્થીઓ: | આદિજાતિ વિસ્તારના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાયોજના વહીવટદારો. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પશુપાલન દ્વારા આદિજાતિ વિસ્તારનાં પશુપાલકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડીએમએસ-૧<br>૦૪:૨૪૦૪:૦૦:૦૦૧:૦૩, ૦૪:૨૪૦૪:૦૦:૦૦૧:૦૫,<br>૯૫:૨૪૦૪:૦૦:૦૦૧:૦૧, ૯૬:૨૪૦૪:૦૦:૭૯૬:૦૨<br>ડેરી વિકાસ કાર્યક્રમો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજ્યમાં ડેરી વિકાસની પ્રવૃત્તિઓ<br>પશુપાલન નિયામકની કચેરીમાં ડેરી શાખા (મહેકમ), ગાભણ પશુઓ માટે દાણ ખરીદી પર પશુપાલકોને સહાય, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર/ગોડાઉન માટે સહાય.<br>કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારનાં જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો માટે ડેરી વિકાસ યોજના.<br>નેશનલ પ્રોગ્રામ ફોર બોવાઇન બ્રીડીંગ એન્ડ ડેરી ડેવલપમેન્ટ<br>નેશનલ પ્રોગ્રામ ફોર બોવાઈન બ્રીડીંગ નાં વિવિધ ઘટકો, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટનાં વિવિધ ઘટકો.<br>અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ડેરી વિકાસની પ્રવૃત્તિઓ<br>ગાભણ પશુઓ માટે દાણ ખરીદી પર અનુસુચિત જાતિના પશુપાલકોને સહાય, અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર/ગોડાઉન માટે સહાય. આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ ડેરી વિકાસની પ્રવૃત્તિઓ ગાભણ પશુઓ માટે દાણ ખરીદી પર અનુસુચિત જનજાતિના પશુપાલકોને સહાય, આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર/ગોડાઉન માટે સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના પશુપાલકો, જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ. |
| સહાયનું ધોરણ | પશુઓ માટે દાણ ખરીદી પર ૭૫% અને દૂધઘર/ગોડાઉન બાંધકામ માટે ૫૦% સહાય. |
| અમલીકરણ કચેરી | પશુપાલન ખાતું, જીલ્લા પંચાયત, જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | (૧) રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય : ૦ %<br>(૨) રાજ્ય : ૪૦ % કેન્દ્રિય : ૬૦ %<br>(૩) રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય : ૦ %<br>(૪) રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય : ૦ % |
| અપેક્ષીત આઉટકમ | દૂધ અને દૂધ ઉત્પાદનોના અસરકારક એકત્રીકરણ અને માર્કેટિંગ માટે ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને |

| | |
|---|---|
| (૨૦૦ શબ્દોમાં) | જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોની વિવિધ માળખાકીય સુવિધાઓનું દ્રઢીકરણ, સ્વચ્છ દૂધ ઉત્પાદન અભિગમને પ્રોત્સાહન, ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનાં સભાસદો અને ખાસ કરીને સભાસદોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો લાવવો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડીએમએસ-૨બીજસ્રૂપ અંદાજપત્ર<br>(૯૬:૨૪૦૪:૦૦:૭૯૬:૦૩) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | (૧) ગુજરાત પેટર્ન હેઠળ બીજસ્રૂપ અંદાજપત્ર<br>પ્રાયોજના વહીવટદારો દ્વારા પ્રવૃત્તિઓનુંઅમલીકરણ થાય છે |
| સંભવિત લાભાર્થીઓ: | આદિજાતિ વિસ્તારના પશુપાલકો |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ,પ્રાયોજના વહીવટદારો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય: ૧૦૦ % |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ડેરી વિકાસ દ્વારા આદિજાતિ વિસ્તારનાં પશુપાલકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડીએમએસ-૩<br>૯૬:૨૪૦૪:૦૦:૭૯૬:૦૪<br>આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ખાસ અંકિત જોગવાઈ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ખાસ અંકિત જોગવાઈ.<br>પ્રાયોજના વહીવટદારો દ્વારા પ્રવૃત્તિઓનું અમલીકરણ થાય છે. |
| સંભવિત લાભાર્થીઓ: | આદિજાતિ વિસ્તારના પશુપાલકો. |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાયોજના વહીવટદારો. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય : - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ડેરી વિકાસ દ્વારા આદિજાતિ વિસ્તારનાં પશુપાલકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | પી.એમ ફોર્મેલાઇઝેશન ઓફ માઇક્રો ફૂડ પ્રોસેસીંગ એન્ટરપ્રાઇઝ (PMFME) નાણાંકીય સહાયની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | - |
| સંભવિત લાભાર્થીઓ: | એકમો, FPO,SHG વિગેરે. |
| સહાયનું ધોરણ | પ્રોજેકટ કિંમતના ૩૫% લેખે, અને વધુમાં વધુ ૧૦.૦૦ લાખ સુધી |
| અમલીકરણ કચેરી | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦ % કેન્દ્રિય :૬૦% અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગમાં અસંગઠિત ક્ષેત્રનાં હાલનાં સૂક્ષ્મ ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધારવા અને ક્ષેત્રનું ગઠન ; અને ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (FPO) અને સ્વ સહાય જૂથો (SHG) અને ઉત્પાદક સહકારી સંસ્થાઓને તેમની સમ્રગ વેલ્યુ ચેન સાથે વિકાસ સાધવો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૧ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૦૦૧ ૦૬<br>કૃષિ વિષયક કામો માટે વહીવટ અને પુર્વ જરૂરી સવલતો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહેકમ: અધિકારી કર્મચારીઓના પગાર ખર્ચ.<br>કૃષિ મહોત્સવ: ખેડૂતોનું કૃષિ ઉત્પાદન પાંચ વર્ષમાં બમણું કરવાના હેતુથી વર્ષ:૨૦૦૫-૦૬થી શરૂ રાજ્યના ખેડુતોને અધ્યતન કૃષિ વૈજ્ઞાનિક ટેકનોલોજીની માહિતી મળી રહે તે હેતુથી કૃષિ મેળા કમ પ્રદર્શનનું આયોજન.<br>સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર: સરકારશ્રીએ જાહેર કરેલ પાંચ ક્ષેત્રોમાં રાજ્યના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા થયેલ સંશોધનો માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા.<br>ગ્લોબલ એગ્રી સમિટ: રાજ્યના ખેડૂતોને રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય ટેકનોલોજીથી માહિતગાર કરવા દર બે વર્ષે ગ્લોબલ એગ્રી સમિટનું આયોજન . |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતુ નથી. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | કૃષિ મહોત્સવ: નવીનતમ કૃષિ ટેકનોલોજીઓની જાગૃતિ કે ઓછા ખર્ચે ઉચ્ચ ઉત્પાદનમાં ફાયદો થઇ શકે.<br>સરદાર પટેલ કૃષિ સંશોધન એવોર્ડ: ખેડૂત કાર્યમાં નવીનતા |

| | |
|---|---|
| | અને ઉત્પાદકતામાં વધારો અને તેમની નવી શોધ, પહેલ અને વિવિધ સાહસો દ્વારા સૂચવવામાં આવેલી નવીન તકનીકો વગેરે માટે નિયત થયેલ જુદા-જુદા વિષયોમાં એવોર્ડ એનાયત કરવામાં આવે છે.<br>વૈશ્વિક કૃષિ સમિટ: ખેડુતોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૃષિ નવીનતાના માર્ગદર્શન મળે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૦૦૧ ૦૮<br>પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના માટે પ્રોત્સાહન |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પી.એમ.કે.એમ.વાય અને પી.એમ. કિસાન યોજના હેઠળ બાકી રહી ગયેલ  પાત્રતા ધરાવતા તમામ ખાતેદારોની નોંધણી ભારત સરકારશ્રીના પી. એમ. કિસાન પોર્ટલ પર અને ડીજીટલ ગુજરાત પોર્ટલ પર કરવા માટે સર્વિસ પ્રોવઇડરોને સફળ ખેડુત નોંધણી દીઠ રુ.૨૦/- પ્રોત્સાહન પેટે આપવામાં આવશે. આ માટે ગ્રામ્ય કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત વિલેજ લેવલ એંટ્રપ્રીનિયોર અથવા અન્ય સહકારી મંડળી નિયત કરી પાત્રતા ધરાવતા ખાતેદારોને ઓળખી અને તેઓની પોર્ટલમા નોંધણી સુનિશ્ચિત કરવાનુ તથા સફળ ન થાય ત્યા સુધી દરેક ખામીઓનુ નિરાકરણ લાવવાનુ રહેશે.<br>ક્ષેત્રીય કાર્યકરોને પ્રોત્સાહનરૂપે મહેનતાણું ચુકવવું. |
| સંભવિત લાભાર્થીઓ: | ખાતેદારોની નોંધણી માટેના તમામ સર્વિસ પ્રોવાઇડરો, બાકાત યાદીમાં ન આવતા રાજ્યમાં જમીન ધારક ખેડુત કુટુંબની સફળ નોંધણી કરી આપનાર તમામ સર્વિસ પ્રોવાઇડર. |
| સહાયનું ધોરણ | સફળ ખેડૂત નોંધણી દીઠ રૂ.૨૦/- પ્રોત્સાહન |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકશ્રી કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | પી.એમ. કિસાન માનધન યોજના હેઠળ બાકી રહી ગયેલ તમામ પાત્રતા ધરાવતા ખાતેદારોની નોંધણી સુનિસ્ચિત કરી શકાશે તથા તમામ પાત્રતા ધરાવતા  ખાતેદારોને યોજના હેઠળ નોંધણી કરાવી વૃધ્ધા અવસ્થાએ માસિક રુ. 3000 પેન્શનનો લાભ આપી શકાશે. પી.એમ. કિસાન યોજના હેઠળ બાકી રહી ગયેલ તમામ ખેડુત કુટુંબની નોંધણી સુનિસ્ચિત કરી  શકાશે તથા તમામ ખેડુત કુટુંબને પી.એમ. કિસાન યોજના હેઠળ રુ. ૬000/-  આર્થિક સહાય પ્રતિ વર્ષ મળી શકશે. તમામ પી.એમ કિસાન લાભાર્થીઓને કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ |

| | |
|---|---|
| | મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૫૯ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૨ ૦૧<br>સઘન કૃષિ જીલા કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન, ઘાસચારા બિયારણ કીટ વિતરણ સહાય તેમજ જીલ્લા કક્ષાની કચેરીના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓના પગારની યોજના. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન - ૧૦૦ ટકા સહાય.<br>ઘાસચારા બિયારણ કીટ- જથ્થાના ૭૫ % અથવા વધુમાં વધુ રૂ.૧૨૦૦/એકર |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકશ્રી કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં પશુધનની સંખ્યા ધ્યાને લેતા આ ઉદ્યોગને સફળતાપૂર્વક વિકસાવવા અને દુધનું ઉત્પાદન વધારવા માટે ઉત્તમ ગુણવત્તા ધરાવતા લીલા તેમજ સૂકા ઘાસચારાની જરૂર છે. સારી ગુણવત્તા વાળા બિયારણથી ઘાસચારાના પાકની ખેતીને ઉત્તેજન આપી દાણા તથા ઘાસચારા બંને હેતુ પુરા થાય તે મુખ્ય ઉદ્દેશ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૨ ૦૪<br>ખેડૂતોને પાક મૂલ્યવૃધ્ધિ કરવા માટે પ્રોત્સાહન આપવાની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પ્રાથમિક અને દ્વિતિય પ્રોસેસીંગ યુનિટ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | પ્રોસેસિંગ યુનિટ્સ માટે સરકાર માત્ર મશીનરી ખર્ચ પર સહાય આપે છે.<br>પ્રોજેક્ટ કોસ્ટ પર ૫૦% અથવા રૂ. ૧૦.૦૦ લાખ જે ઓછો હોય છે જે અંતર્ગત મહિલા, એસસી, એસટી, સખી મંડળ જૂથો, ખેડૂત ઉત્પાદક જૂથોને મળવા પાત્ર. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકશ્રી કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |

| | |
|---|---|
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પાક ઉત્પાદનમાં મૂલ્ય વૃધ્ધિ થતા, ખેડૂતની કુલ ચોખ્ખી આવકમાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૨ ૦૪<br>ઈન્ટરક્રોપિંગ પેટર્ન ઇન ફાર્મિંગ સિસ્ટમ ફોર ક્લસ્ટર ડેમોંસ્ટ્રેશન<br>૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૨ ૦૫ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | આંતરપાક કઠોળ તેમજ SRI ચોખા માં નિર્દર્શન |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | ડેમોંસ્ટ્રેશન- ઇંટરક્રોપિંગ કઠોળ પાક- રૂ. ૩૫૦૦/- પ્રતિ હે.<br>ડેમોંસ્ટ્રેશન- એસ.આર.આઇ. ઇન રાઇસ - રૂ. ૭૫૦૦/- પ્રતિ હે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામક, ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ખેડૂતોમાં આંતરપાક ખેતી પધ્ધતિ પ્રચલિત થશે. જેથી સ્થનિક પરીસ્થિતીને અનુરૂપ ઇનપુટનો આંતરપાક ખેતી પધ્ધતિ હેઠળ વ્યાપ વધારી ખેડૂતોને એકમ વિસ્તારમાંથી વધુ ઉત્પાદન અને વધુ નફો મળશે.<br>SRI ટેકનિક દ્વારા રાજ્યમાં ઓછી પિયત અને ઓછા મજૂરી ખર્ચે ચોખા પાકની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારી ચોખા પકવતા તમામ ખેડૂતોની આવકમાં વધારો થશે અને આર્થિક સ્થિતી સુધરશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૧૬ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૩ ૦૧<br>કપાસની જુદી જુદી જાતોની વૃધ્ધિ અને વહેંચણી |
| ઘટકો અને પ્રવૃતિઓ: | દેશી કપાસના પ્રમાણિત બીજ ઉત્પાદન અને સહાયદરે સોલાર લાઇટ ટ્રેપ વિતરણ. |
| સંભવિત લાભાર્થીઓ: | દેશી કપાસ માટે :- પાટણ, રાજકોટ, મહેસાણા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને કચ્છ જિલ્લાના તમામ ખેડુતો.<br>સોલાર લાઈટ ટ્રેપ યોજનામાં :- રાજ્યના તમામ જિલ્લાઓના ખેડૂતો |
| સહાયનું ધોરણ | દેશી કપાસ બીજ પ્રમાણીકરણ જથ્થા માટે રૂ. ૭૫૦/ ક્વિન્ટલ સહાય.<br>સોલાર લાઇટ ટ્રેપ:- અનુસુચિત જાતિ- ૯૦% અથવા રૂ. ૪૫૦૦/SLT જે બે માથી ઓછું હોય તે<br>અનુસુચિત જનજાતિ- ૯૦% અથવા રૂ. ૪૫૦૦/SLT જે બે માથી ઓછું હોય તે<br>સામાન્ય- ૭૦% અથવા રૂ. ૩૫૦૦/SLT જે બે માથી ઓછું હોય તે |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકશ્રી કચેરી, ગાંધીનગર. |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યના ખેડુતોને સ્થાનીક દેશી જાતોના પ્રમાણીત લેબલ/બીયારણો સહેલાઇથી મળી રહેશે અને બીજ વિતરણનો વ્યાપ વધશે અને રાજ્યનું કપાસની સ્થાનિક જાતોનું વાવેતર તથા ઉત્પાદન વધશે તેમજ સોલર લાઇટ ટ્રેપ ના કારણે જંતુનો નાશ થસે તેમજ પાક નુકશાન ઓછું થશે અને ઉત્પાદન વધશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૩ ૦૪<br>સમાયોજિત બિયારણ એકમની સ્થાપના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સદર યોજનાનું અમલીકરણ પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ શરૂઆતના તબક્કે ટમાટર, મરચા, કાકડી અને રીંગણ જેવા પાકોમાં પ્રાયોગિક ધોરણે ખેડુતો મારફત બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરી ખેડુતોને તાલીમ સહ માર્ગદર્શન આપી બીજ ઉત્પાદનની કામગીરીને વેગ આપવાની કાર્યવાહી કરવામાં આવશે.<br>સદર હુ કાર્યક્રમ હેઠળ જે તે વિસ્તારની રાજયની કૃષિ યુનિવર્સિટી દ્વારા આદિવાસી ખેડૂતોને જુદા જુદા પાકોની પરંપરાગત જાતોના ઉપલબ્ધ બિયારણને સહકારી સંસ્થાઓ/સરકારી સંસ્થાઓ/NGO/FPO/ ખેડૂતો થકી બીજ ઉત્પાદન કરી આદિવાસી ખેડૂતોમાં બિયારણ વિતરણ કરવું.<br>સદર યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં બાગાયતી ક્ષેત્રના વિકાસ માટે જરૂરી આયોજન સ્વરૂપેખેડૂતોને પોતાના ખેતરમાં બાગાયતી ફળ પાકોનું ગુણવત્તાયુક્ત પ્લાન્ટિંગ મટિરિયલ પૂરું પાડી શકાય તે હેતુસર બાગાયતી પાકોની કલમો અને રોપાના વિતરણમાં ઉપયોગમાં લેવાની યોજના બાગાયત ખાતા દ્વારા મુકવામાં આવેલ છે. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | *તેલીબીયાં પાકોમાં રૂા.૨૫૦૦/- પ્રતિ ક્વિ. મુજબ સહાય આપવામાં આવશે.<br>કઠોળ પાકોમાં રૂા.૫૦૦૦/- પ્રતિ ક્વિ. અથવા ઉત્પાદન ખર્ચના ૫૦ % બેમાંથી જે ઓછું હોય તે મુજબ સહાય આપવામાં આવશે.<br>ધાન્ય, ઘાસચારા અને મરી મસાલા પાકોમાં ઉત્પાદન ખર્ચના ૫૦ % મુજબ સહાય આપવામાં આવશે.<br>*સદર યોજનામાં તેલીબીયાં, કઠોળ, ધાન્ય, મરી મસાલા અને ઘાસચારા પાકોના બીજ ઉત્પાદન માટે ઉત્પાદન સહાય રૂા.૨૫૦૦/- પ્રતિ ક્વિ. અથવા ઉત્પાદન ખર્ચના ૭૫ % બે પૈકી જે ઓછું હોય તે મુજબ સહાય આપવી.<br>*સદર યોજનામાં બાગાયતી પાકો કરવા માંગતા ખેડૂતોને ૯૦ ટકા સહાયથી આદિજાતિ ખેડૂતોને કાજુ,આંબા, સીતાફળ, જામફળ |

| | |
|---|---|
| | તથા અન્ય વન ફળોની ગુણવત્તાયુક્ત કોલમો અને રોપાઓ પુરા પાડવામાં આવશે.<br>આ ઉપરાંત ૨૦૦ ચો.મી. થી ૫૦૦ ચો.મી. સુધીની પ્લગ નર્સરી બનાવવાના માન્ય કરેલ કુલ ખર્ચના ૯૦ % સુધીની આર્થિક સહાય પુરી પાડવી. |
| અમલીકરણ કચેરી | ગુજરાત રાજ્ય બીજ નિગમ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજયના ખેડુતોને શાકભાજીના પાકોની બિયારણ ઉત્પાદન કરવાની તકનીકો ઉપલબ્ધ થશે તથા નવા પાકોના બિયારણ ઉત્પાદન માટે રાજયના ખેડુતોને તકો ઉભી થશે. ગુજરાત રાજય બીજ નિગમ લિ., દ્વારા લેવાતા ધાન્ય, કઠોળ, તેલીબીયાં, મસાલા,ઘાસચારાના પાકોની તમામ જાતો (નવી અને જુની) ના ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાધદન વધારવા માટે પ્રોત્સાહીત કરવાના હેતુસર અનુસૂચિત જનજાતીના ખેડૂતોની ખેતીની આવકમાં વધારો કરવાનો તેમજ જીવન નિર્વાહમાં આત્મ નિર્ભતાને પ્રોત્સાહન આપવાનો છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૫૨<br>૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૩ ૨૧<br>ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સીને સંગીન બનાવવી |
| ઘટકો અને પ્રવૃતિઓ: | એજન્સીને અનુદાન. |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતું નથી. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સી. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સીની મુખ્ય કામગીરી બીજ પ્રમાણનની છે જે કૃષિ વિકાસ દર ટકાવી રાખવા અને ગુણવત્તાયુકત બિયારણ પુરૂ પાડવા પાયાની કામગીરી છે. બીજ પ્રમાણન એજન્સીની આવકનો મુખ્ય સ્ત્રોત સર્ટીફીકેશનની કામગીરીની સેવાના ચાર્જીસ છે તેમજ આવા ચાર્જીસ બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરનાર ખેડુત ધ્વારા ચુકવવામાં આવતા હોઇ તેમાં વધારો કરવાથી ખેડુતોને બીજ ઉત્પાદન ખર્ચ વધી શકે છે જેથી યોજનાના અમલથી બીજ પ્રમાણન એજંસીની જે તે વર્ષની રેવન્યુ ખોટ સરભર કરી સંસ્થાની કામગીરી ચાલુ રાખી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૫ ૦૩<br>ઉત્પાદન સામગ્રીના વિકાસ માટેની યોજના, રસાયણિક ખાતર ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળા (રાજયમાં ખાતર ચકાસણી પ્રયોગશાળા માટેના મહેકમ) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહેકમની યોજના. |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતું નથી. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાસાયણિક ખાતર (નિયંત્રણ) હુકમ-૧૯૮૫ની જોગવાઇ મુજબ રાસાયણિક ખાતરના નમુનાનુ પૃથ્થકરણ. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૨ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૫ ૨૯<br>અનુ.જાતિ અને અનુ. જનજાતિ સિવાયનાં ખેડૂતો માટે કૃષિ સહાયક કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાક સંરક્ષણ સાધન, ગૌણ અને સુક્ષ્મ તત્વોનું વિતરણ, અન્ડરગ્રાઉન્ડ પાઇપ લાઇન, તાડપત્રી, પંપસેટ (ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ પંપસેટ, ઓઇલ એન્જીન), પંપસેટ (ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ પંપસેટ, ઓઇલ એન્જીન), ક્ષેત્રિય નિદર્શન, ૧૦૦ % દ્રાવ્ય રા.ખાતર વિતરણ, કલ્ટીવેટર, રોટાવેટર, થ્રેશર, પાવર ટીલર, સીડ ડ્રીલ/પ્લાન્ટર, પ્લાઉ, હેન્ડટુલ કિટ્સ, ખેડુત ઉદ્યોગ સાહસિક, ઉંદર નિયંત્રણ, સરલ કૃષિ યોજના,સ્થાનવર્તી જીવાત નિયંત્રણ વિસ્તાર, ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર. આઉટસોર્સથી વાહનો તથા સ્પ્રે સાધનો ભાડે રાખવા., મોબાઇલ ક્રોપ ક્લિનિકની સેવા., એક ઢાંકણાવાળુ ડ્રમ તેમજ બે પ્લાસ્ટિકના ટોકર(ટબ), સ્માર્ટફોન |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ અનુ.જાતિ અને અનુ. જનજાતિ સિવાયનાં ખેડૂતો. |
| સહાયનું ધોરણ | પંપ સેટ -ઓઇલ એન્જીન-૩.૦-૩.૫ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૮,૭૦૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૫.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૨,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૭.૫-૮.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૩,૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે.-૧૦.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૩,૮૭૫/- બે માંથી જે ઓછું હોય તે. ઇલે. મોટર / પંપસેટ ૩ હો.પા. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૮૬૦૦/- બે માંથી જે ઓછુ હોય તે- ૫.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૯,૭૫૦/- બેમાંથી જે ઓછુ હોય તે.- ૭.૫ હો.પા. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ.૧૨,૯૦૦/- બેમાંથી જે ઓછુ હોય |

| | |
|---|---|
| | તે. સબમર્સીબલ પંપસેટ ૩.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૫,૭૫૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૫.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૨૨,૩૫૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૭.૫ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૨૭,૯૭૫/- બે માંથી જે ઓછું હોય તે.- ૧૦.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૩૩,૫૨૫/- બે માંથી જે ઓછું હોય તે. વોટર કેરીંગ પાઈપલાઈન - ખરીદ કિંમતના 50% અથવા રૂ.૧૫૦૦૦/- પ્રતિ લાભાર્થી બે માંથી જે ઓછુ હોય તે, HDPE પાઈપ માટે રૂ.૫૦/-મીટર, PVC પાઈપ માટે રૂ.૩૫/-મીટર HDPE Laminated Woven lay flat Tubes પાઈપ માટે રૂ.૨૦/-મીટર પ્રતિ લાભાર્થી., ક્ષેત્રિય નિદર્શન-એક એકર(૦.૪૦ હે) નાં નિદર્શન માટે રૂ.૪૦૦૦/- ની મર્યાદામાં. ખાતા દિઠ એક નિદર્શન., ૧૦૦ % દ્રાવ્ય રાસાયણિક ખાતર,હેક્ટર દીઠ ખરીદ કિંમતનાં ૫૦% અથવા રૂપિયા ૫૦૦/- ની મર્યાદામાં (મહતમ ચાર હેક્ટરની મર્યાદામાં) FCO માન્ય ગ્રેડના ૧૦૦ % દ્રાવ્ય રાસાયણિક ખાતરો સહાયને પાત્ર રહેશે. (મહતમ ચાર હેક્ટરની મર્યાદામાં)., સેન્દ્રીય ખાતર/લિંબોળી ખોળ/દિવેલી ખોળ -FCO 1985- હેઠળના SCHEDULE-IV અને V હેઠળના સેન્દ્રીય ખાતર/લિંબોળી ખોળ/દિવેલી ખોળ માટે હેક્ટર દીઠ ખરીદ કિંમતનાં ૭૫% અથવા રૂ.૯૦૦૦/- ની મર્યાદામાં. બે માંથી જે ઓછું હોયતે.(ખાતા દીઠવધુમાં વધુ બે હેક્ટર માટે )., રૂ. ૪.૦૦ લાખ યુનિટ કોસ્ટ (૯ મીટર x ૬ મીટર) માટે સામાન્ય જાતિના ખેડુતને યુનિટ કોસ્ટના ૫૦ ટકા મુજબ રૂ. ૨.૦૦ લાખની મર્યાદામાં<br>સમાર્ટફોન: સ્માર્ટ્ફોનની ખરીદ કીંમતનાં ૧૦% અથવા રૂ. ૧૫૦૦/- બે માથી જે ઓછુ હોય તે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ખેડુતો ખેતી માટે જરૂરી એવા પાક સંરક્ષણ સાધનો, તાડપત્રી, ખુલ્લી પાઇપ લાઇન, અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન, ગૌણ અને સુક્ષ્મ તત્વો, પંપસેટ, દીવેલી ખોળ/લીંબોળી ખોળ, વર્મી કમ્પોસ્ટ યુનિટ, ૧૦૦% દ્રાવ્ય રાસાયણિક ખાતર જેવા ઘટકોમાં સરકારશ્રી ધ્વારા નિયત ધોરણે સહાય આપવામાં આવે છે. ખેડુતો આવી સાધન સામગ્રી ખરીદ અને આવા સાધનો/ઇનપુટનાં ઉપયોગથી પાક ઉત્પાદન વધુ મેળવી આર્થિક રીતે સમૃધ્ધ થાય તેવો આ યોજનાનો મુખ્ય હેતુ છે. સરલકૃષિ-રાજ્યના તમામ ખેડૂતોને કૃષિ સલગ્ન તમામ અધ્યતન માહિતીથી માહિતગાર કરવા. સ્થાનવર્તી જિવાત નિયંત્રણ-અણધાર્યા રોગ-જીવાતનો ઉપદ્રવ સામે તાત્કાલીક પગલાં લેવાથી ઊભા પાકમાં થતું નુકશાન નિવારી ખેડૂતોની આવકમાં વધારો કરી શકાશે. રાજ્યના ખેડુતો પાસે યોગ્ય સંગ્રહસ્થાન માટે સ્ટોરેજ વ્યવસ્થા ઉભી થવાથી તેઓ ધ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોની ગુણવત્તા જળવાઇ રહેતા તેઓને યોગ્ય સમયે વેચાણ કરી શકશે અને આર્થિક ફાયદો મેળવી શકે તે |

| | |
|---|---|
| | હેતુથી કૃષિ પેદાશોનુ ઉત્પાદન કરતા ખેડુતોને પ્રોત્સાહન પુરુ પાડી પાકની સુરક્ષિત નિયત કરી શકાય તેમ છે., રાજ્યમાં આકસ્મિક આવતા તીડનું સમયસર અસરકારક નિયંત્રણ કરી શકાશે. તેમજ રાજ્યના ખેડૂતોને સ્થાનીક કક્ષાએ અણધાર્યા રોગ-જીવાતનો ઉપદ્રવ અને તેના સમયસર નિયંત્રણ તેમજ નુકશાનીના શરૂઆતના સમયે તાત્કાલીક યોગ્ય નિદાન અને નિયંત્રણની માહીતી સ્થળ પર ખેડુતોના ખેતર પર મળશે.<br>સ્માર્ટફોન: સદર યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોને સહાયીત દરે સ્માર્ટફોન પુરા પાડવાનો છે. જે હવામાન ખાતાની આગાહી, વરસાદની આગાહી, સંભવીત રોગ જીવાત ઉપદ્રવની માહિતી ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેત પધ્ધતિ, રોગ જીવાત નિયંત્રણ ની તકનીકી. ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓની માહિતી મેળવવા તથા ખેતીવાડી ખાતાની યોજનાઓમા સહાય મેળવવા ઓનલાઇન અરજી કરવા વિગેરે જેવી બાબતો માટે ખુબજ ઉપયોગી નિવડશે.<br>ટોકર( ટબ) : રાજ્યના જનરલ કેટેગરીના ખેડૂતો દ્વારા કૃષિ ઇનપુટસની જાળવણી જણસીઓનો સંગ્રહ અને મુલ્યવૃધ્ધી થય તથા તેઓ સ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોની ગુણવત્તા જળવાઇ રહે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૨૨ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૫ ૩૩<br>રાસાયણિક ખાતર માટે કોરપસ ફંડ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ઓફ સીઝનમાં રાસાયણિક ખાતર સંગ્રહ માટે ગુજરાત એગ્રોએ લીઘેલ લોન ઉપરના વ્યાજ, ગોડાઉન ભાડુ, લોડીંગ અન લોડીંગ ખર્ચ, ઇન્શ્યોરન્સ વગેરે બાબતો હેઠળનાં ખર્ચ અંગેની કાર્યવાહી ગુજરાત એગ્રોને સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ગુજરાત એગ્રો ઇન્ડ્સ્ટ્રીઝ કોર્પોરેશન લી. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઓફ સીઝનમાં રાસાયણિક ખાતર સંગ્રહ કરી રાસાયણિક ખાતરની ઉપલબ્ધતાનું નિયંત્રણ કરવું. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૧૭ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૫ ૩૪<br>ગુજરાત સજીવ ઉત્પાદન પ્રમાણિકરણ એજન્સી-ગોપકા |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહેકમ, સ્ટાફ તાલીમ/ખેડુત તાલીમ/ફીલ્ડ નિદર્શન, સજીવ ખેતી હેઠળ વિસ્તાર, કૃષિ ઇનપુટસ, વર્મી કમ્પોસ્ટ યુનિટ, પેક |

| | |
|---|---|
| | હાઉસ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | રજીસ્ટ્રેશન/સર્ટિફિકેશન માટે ૫૦%/રૂ. ૨૦૦૦.૦૦ સહાય પ્રતિ હેક્ટર<br>ઇનપુટ સહાય: વાર્ષિક રૂ. ૫૦૦૦/- પ્રતિ હેક્ટર<br>વર્મી કંપોસ્ટયુનિટ: ૭*૩*૧ ઘન ફૂટના વર્મી બેડયુનિટ રૂપિયા ૫૦૦૦/-<br>ઓર્ગેનીક ફાર્મીંગ વિષે તાલિમ અને નિદર્શન: સટાફ,ફીલ્ડ ફંક્શનરીઝ માટે તાલીમ રૂ. ૨૫૦૦૦/- એક તાલિમ સત્ર માટે, ૨૦ અને વધુ લાભાર્થીઓ, ખેડૂતોને તાલિમ આપવી રૂ.૧૦૦૦૦/-એક તાલિમ સત્ર માટે, ૨૦ અને વધુ લાભાર્થીઓ, ફિલ્ડ નિદર્શનો પ્રતિ નિદર્શન રૂ.૧૦૦૦૦/-<br>પેક હાઉસ: રૂ. ૪ લાખ/યુનિટ- સાઇઝ ૯મીx૬મી,ખર્ચના ૫૦% |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સજીવ ખેતી અંગે સંશોધન, શિક્ષણ અને વિસ્તરણનો વ્યાપ વધારી ખેતી ખર્ચમાં ઘટાડો, ગુણવતાયુક્ત પાક ઉત્પાદન, રજીસ્ટ્રેશન, પ્રમાણીકરણ અને વેચાણ વ્યવસ્થા થકી લાંબાગાળે ખેડૂતોની આવકમાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૫ ૩૭ સેન્દ્રિય કૃષિ મહાવિદ્યાલય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ફાર્મ ડેવલોપમેન્ટ, યુનિવર્સિટી કેમ્પસ, બાંધકામ, વાહન ખરીદી મહેકમ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સદર યુનિવર્સિટીનું બાંધકામ થયેથી રાજયમાં સજીવ ખેતીમાં સંશોધન, શિક્ષણ અને વિસ્તરણની પ્રવૃતિઓને વેગ મળશે. સદર યુનિવર્સિટીના મંજૂર થયેલ મહેકમની ભરતી થયેથી રાજયમાં સજીવ ખેતીમાં સંશોધન, શિક્ષણ અને વિસ્તરણની પ્રવૃતિઓને વેગ મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ઓર્ગનિક સેલ માટે મહેકમ ઉભુ કરવા માટે ચાલુ યોજના ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૫ ૪૧ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | મહેકમ |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સદર મંજૂર થયેલ મહેકમની ભરતી થયેથી રાજયમાં સજીવ ખેતીમાં વિસ્તરણની પ્રવ્રુતિઓને વેગ મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સીઓપી-૧૬ ખાંડના સહકારી કારખાનાને શેરમૂડી ફાળો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | શેરમૂડી ફાળો |
| સંભવિત લાભાર્થીઓ: | ખાંડ સહકારી મંડળીઓ |
| સહાયનું ધોરણ | પ્રોજેક્ટ કોસ્ટના ૩૦ % |
| અમલીકરણ કચેરી | જિલ્લા રજિસ્ટ્રાર,સહકારી મંડળીઓ<br>(ખાંડ નિયામક,ગુજરાત રાજ્ય) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય: ૦% અન્ય: ૦% |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | શેરમૂડી ફાળો આપવાથી ખાંડની નવી સહકારી મંડળી સ્થપાશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નક્કી કરે તે મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગુજરાતમાં ખાંડ મંડળીઓ ખેડૂતો દ્વારા સહકારી ધોરણે ચાલે છે. સરકારે આ ઉધોગને સક્ષમ બનાવવા માટે ખેડૂતોના લાભ માટે પેકેજ રજૂ કરેલ છે.તેના ઘટકોમાં બાયો કંપોસ્ટ,ફોસ્ફો કંપોસ્ટ,વર્મીકંપોસ્ટ્ના વેચાણ માટે,ટીસ્યુ કલ્ચર લેબોરેટરી ઊભી કરવા,કરવા,ચાલુ લેબોરેટરીના પ્રસાર,સુગર ફેકટરીના આધુનિકરણ અને અપગ્રેડેશન માટે સહાયનો સમાવેશ થાય છે. |
| સંભવિત લાભાર્થીઓ: | ખાંડ સહકારી મંડળીઓ |
| સહાયનું ધોરણ | બાયો કંપોસ્ટના વેચાણ માટે :- રૂ.૧૦૦/- પ્રતિ મે.ટન અથવા મહત્તમ રૂ.૨૦/- લાખ બેમાંથી જે ઓછું હોય તે<br>ફોસ્ફો કંપોસ્ટના વેચાણ માટે :- રૂ.૧૦૦/- પ્રતિ ૫૦ કિ.ગ્રાની બેગ અથવા મહત્તમ રૂ.૨૦/- લાખ બેમાંથી જે ઓછું હોય તે<br>વર્મી કંપોસ્ટના વેચાણ માટે :- રૂ.૫૦/- પ્રતિ ૫૦ કિ.ગ્રાની બેગ અથવા મહત્તમ રૂા. ૬.૫૦/- લાખ બેમાંથી જે ઓછું હોય તે<br>ખાંડ સહકારી મંડળીઓ દ્વારા નવી ટીસ્યુકલ્ચર લેબ સ્થાપવા માટે |

| | |
|---|---|
| | પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા અથવા વધુમાં વધુ ૪૦ લાખ તેમાંથી જે ઓછું હોય તે<br>ખાંડ સહકારી મંડળીઓ દ્વારા હયાત લેબમાં વિસ્તૃતિકરણ માટેનો પ્રોજેક્ટ<br>સુગર ફેકટરીના આધુનિકરણ અને અપગ્રેડેશન માટે : પ્રોજેક્ટ કોસ્ટના ૨૫ % અથવા રૂ. ૧૦૦/- લાખ બેમાંથી જે ઓછું હોય તે |
| અમલીકરણ કચેરી | જિલ્લા રજિસ્ટ્રાર,સહકારી મંડળીઓ<br>(ખાંડ નિયામક,ગુજરાત રાજ્ય) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય: ૦% અન્ય: ૦% |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | ઓર્ગેનિક ખાતરના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા વધશે જે શેરડીનું ઉત્પાદન વધારવામાં મદદરૂપ થશે.ટીસ્યુ કલ્ચરના ઉપયોગથી શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધશે અને ખેડૂતોને વધુ ભાવ મળશે અને આ રીતે ખેડૂતોની આવક વધશે.સુગર ફેકટરીના આધુનિકરણ અને અપગ્રેડેશનથી ખાંડનું ઉત્પાદન વધશે પરીણામે ખાંડ મંડળીઓની નફાકારકતા પણ વધશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ખાંડ સહકારી મંડળીઓને લાંબાગાળાની લોન સામે વ્યાજ સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | લોન સામે સહાય |
| સંભવિત લાભાર્થીઓ: | ખાંડ સહકારી મંડળીઓ |
| સહાયનું ધોરણ | ૧ વર્ષ પછી, વધુમાં વધુ ૪ વર્ષ અથવા લોન રીપેમેંટ બે માંથી જે વહેલુ હોય તે સમય માટે ૭ % અથવા ખરેખર ચુકવેલ વ્યાજ જે ઓછું હોય તે |
| અમલીકરણ કચેરી | જિલ્લા રજિસ્ટ્રાર,સહકારી મંડળીઓ<br>(ખાંડ નિયામક,ગુજરાત રાજ્ય) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય: ૦% અન્ય: ૦% |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | ખાંડ સહકારી મંડળીઓની નાણાકીય તરલતા વધશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ગૌસેવા અને ગૌચર વિકાસ કાર્યક્રમો |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગૌશાળા-પાંજરાપોળો માટે વિવિધ સહાયકારી યોજનાઓ |
| સંભવિત લાભાર્થીઓ: | ૭૦૦ |
| સહાયનું ધોરણ | સંસ્થાએ કરેલ ખર્ચના ૭૫% મુજબ વધુમાં વધુ રૂ! ૪,૦૦,૦૦૦/- |
| અમલીકરણ કચેરી | ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય : ----<br>અન્ય : ---- |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં ૭૦૦ ગૌશાળા અને પાંજરાપોળોમાં આંતરમાળખાકીય અને અદ્યતન સુવિધાઓનો વિકાસ થશે. રાજ્યમાં ગીર અને કાંકરેજ ઓલાદની ઉત્તમ આનુવંશિકતા ધરાવતું ધણ પેદા થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૭ ૧૨ જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ફેરોમેન ટ્રેપ અને દેશી ખાતરનું સંપુર્ણ ડિકમ્પોઝીશન કરવા માટે વેસ્ટ-ડિકમ્પોઝર તૈયાર કરીને ખેડૂતોને વિતરણ. મહેકમ |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | ૧૦૦% |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | ખેતી પાકોમાં ઈયળોથી થતા નુકશાનને અટકાવવા માટે જે તે નુકશાનકારક ઇયળના પુખ્ત ફુદાને આકર્ષીત કરી જે તે ઇયળના ઉપદ્રવ ઘટાડવા Pheromone trap લગાવવાની ભલામણમાં છે. તે જ રીતે Waste decompose નો ઉપયોગ કરવાથી, દેશી ખાતમાં પાકના અવશેષોને રૂપાંતરીત કરી શકાય. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થતું અટકાવવા ખેતરની ફરતે લોંખડના કાંટાળા તારની વાડ બનાવવા માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | લોખંડના કાંટાળા તારાની વાડની યોજનામાં નિયત માર્ગદર્શીકા/સ્પેશીફીકેશન મુજબ અમલીકરણ નિગમ દ્વારા કરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ: | ૬૬૦૦ ખેડૂતો |
| સહાયનું ધોરણ | વધુ માં વધુ રૂ.૨૦૦ પ્રતિ રનીંગ મીટર અથવા બીલની રકમના ૫૦% લેખે બેમાંથી જે ઓછું હોય તે |
| અમલીકરણ કચેરી | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોપોરેશન લી. ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકોને રક્ષણ મળશે જેના કારણે ઉત્પાદન અને ગુણવતામાં સુધારો જોવા મળશે, જેના કારણે ખેડૂતોની પેદાશોની મૂલ્ય વૃધ્ધિમાં વધારો થશે અને તેમની આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૯૬- ૨૪૦૫-૦૦-૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૧૫- કામધેનુ યુનિવર્સિટી મત્સ્ય પાલન |
| ઘટકો અને પ્રવૃતિઓ: | કામધેનુ યુનિવર્સિટી મહેકમ યોજના |
| સંભવિત લાભાર્થીઓ: | ૨૭ |
| સહાયનું ધોરણ | મહેકમ યોજના |
| અમલીકરણ કચેરી | મત્સ્યોધોગ કમિશ્નર (કામધેનુ યુનિવર્સિટી) |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય:૦ અન્ય:૦ |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સ્ટ્રેંધેનીંગ ઓફ કામધેનુ યુનિવર્સિટી માટે મહેક યોજનાને વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૦.૪૫૩૫ કરોડની જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૫૮ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૯ ૦૧<br>ખેડૂત ભાઇઓ અને બહેનો માટે કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પ્રિસિઝનલ કેમ્પ, સંસ્થાકીય તાલીમ વર્ગ, યુવા સંસ્થાકીય તાલીમ વર્ગ, શેરીંગ ફોલોઅપ કેમ્પ, કૃષિમેળા, રાજ્યની અંદર શૈક્ષણીક પ્રેરણા પ્રવાસ, રાજ્યની બહાર શૈક્ષણીક પ્રેરણા પ્રવાસ, રાજ્ય કક્ષાનો શેરીંગ વર્કશોપ. તલીમ યોજનાના માળખાનો અભ્યાસ., સ્માર્ટ હેન્ડ ટુલ કીટનું વિતરણ, કૃષિ પ્રદર્શન/મેળો, આઉટસોર્સ મહેકમ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | કોઇ પણ પ્રકારની સીધી નાણાંકીય સહાય આપવામાં આવતી નથી. આ યોજનામાં અલગ-અલગ ઘટક હેઠળ ખેડૂતોને કૃષિની તાલીમ આપવામાં આવે છે.<br>સ્માર્ટ હેન્ડ ટુલ કીટ: કુલ ખર્ચના ૯૦% અથવા રૂ. ૧૦,૦૦૦/- બે માંથી ઓછુ હોય તે |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ખેડૂતોને અધતન કૃષિની તાલીમ આપી તેઓને રૂઢીગત ખેતી તરફથી આધુનિક ખેતી અપનાવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે., રાજ્યના ખેડુતોને ઉચ્ચ કક્ષાની નવીન તાલીમ પધ્ધતિ અને મોડ્યુલ દ્વારા તાલીમ આપી શકાશે., રાજ્યના સિમાંત ખેડૂતો અને ખેત કામદારોની કાર્યક્ષમતામાં વધારો થાય તે ઉદ્દેશથી સિંમાત સ્માર્ટ હેન્ડ ટુલ કીટ આપવામાં આવશે<br>આઉટ સોર્સ મેન પાવરથી યોજનાનું સુચારૂ આયોજન અને અમલીકરણ થશે |

| | |
|---|---|
| | કૃષિ પ્રદર્શન/મેળા થકી રાજ્યના ખેડૂતોને એક સ્થળે કૃષિની અધતન જાણકારી આપવામાં આવશે |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૬૧ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૯ ૦૪<br>કૃષિ વિકાસ કામો માટે તંત્ર રચના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | એગ્રો સર્વિસ પ્રોવાઇડર યુનિટની સ્થાપના કરવી, મહેકમ, સેન્ટર ઓફ એક્ષેલન્સને આર્થીક સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | સહકારી સંસ્થાઓ, ઉધ્યોગ સાહસિકો. |
| સહાયનું ધોરણ | આ યોજના હેઠળ સામાન્ય વિસ્તાર માટે પ્રથમ વર્ષ માટે ૪૦% આદિજાતિના વિસ્તાર માટે ૫૦% અને ત્યારબાદ પ્રથમ બે વર્ષ ૧૦% અને પછી બે વર્ષ ૭.૫% એમ કુલ મળી સામાન્ય વિસ્તાર માટે ૭૫% અને આદિજાતિ વિસ્તાર માટે ૮૫% સહાય આપવામાં આવે છે |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | એગ્રો સર્વિસ પ્રોવાઇડર ઘટક અને અનુસૂચિત જાતિ, જનજાત્તિ, નાના-સિમાંત તથા ગરીબ/મધ્યમ વર્ગના ખેડૂતો ખેતીને વધુ નફાકારક બનાવી શકે અને કૃષિમાં મહત્તમ યાંત્રિકરણ થઇ શકે. એગ્રો સર્વિસ પ્રોવાઇડર યુનિટ્સ રાજ્યમાં કુલ ૧૩ ક્રોપિંગ પેટર્ન મુજબ જમીન તૈયારી થી હાર્વેસ્ટીંગ સુધીના જરૂરી ખેત ઓજાર/મશીનરી તથા ટ્રેકટરથી યુનિટ દ્વારા વ્યાજબી ભાડા દરથી ખેડૂતના ખેતી કામ કરવામાં આવશે. અને મહેકમ: તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી) દ્વારા ખેતીવાડી ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ વિગેરે ની તમામ કામગીરી સંભાળવાની હોય છે. તથા ગ્રામસેવકોને માર્ગદર્શન પુરુ પાડે છે.<br>સેન્ટર ઓફ એક્ષેલન્સ-<br>૧) સેન્ટર ઓફ એક્ષેલન્સની મદદથી ઉધોગ સાહસિકની પસંદગી કરી શકાશે ૨) ડિપાર્ટમેન્ટના વિવિધ ડાયરેક્ટોરેટ તથા તકનીકી વડા વિભાગમાં કુશળ બૌદ્ધિક સંપુટનો વિકાસ થશે. ૩) કૃષિ વ્યવસાયમાં રોકાણકારોને કે જેનાથી નીચલી કક્ષાના ઉત્પાદન માટે જરૂરી કુશળ માનવબળ મળશે અને તો પ્રિસિઝન ફાર્મિંગમાં કે જે ઇઝરાયલ જેવા વિકસિત દેશોમાં પ્રચલિત છે. તેમાં મદદરૂપ થશે.<br>મહેકમ: જંતુનાશક દવા, રાસાયણિક ખાતર અને બિયારણ કગત ગુણવત્તા નિયંત્રણની કામગીરી તથા અંક લગત કામગીરી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૪૪ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૦૯ ૦૬<br>સમેતિ ખાતે માહિતી અને સંદેશા વ્યવહાર ટેક્નોલોજી કેન્દ્રની સ્થાપના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય<br>મહેકમની યોજના |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતું નથી. |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | નિયામકશ્રી આત્મા. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ૧. કૃષિ માહિતીના સ્ત્રોત જેવા કે ઓડિયો, વીડિયો, ફોટોગ્રાફ્સ, આંકડાકીય માહિતી વગેરે તૈયાર કરવા.<br>૨. ખેડૂતો તેમજ વિસ્તરણ અધિકારીઓને Text SMS & Voice SMS ની સુવિધાઓ પૂરી પાડવી.<br>૩. ખેડૂતો તેમજ વિસ્તરણ અધિકારીઓ વચ્ચે નવી માહિતી-વ-તજજ્ઞતાનું વહન થાય તે માટે બાયસેગ દ્વારા વિડિયો કોન્ફરન્સની સુવિધા પુરી પાડવી.<br>૪. ખેડૂતો તેમજ વિસ્તરણ અધિકારીઓ માટે ડિસ્ટન્સ લર્નીંગ કોર્ષનું આયોજન કરવું.<br>રાજ્યના ખેડુતો માટે ખેતીમાં ખર્ચ ઘટે, જમીનની ફળદ્રુપતા વધે અને ખેતીના પાકોનુ વધુ ઉત્પાંદન મેળવી શકે અને આર્થિક રીતે સમૃધ્ધઅ થાય તે માટે સરકાર પ્રયત્ન શીલ છે. જમીનનુ સ્વાસ્થ્ય સુધારવુ અને પર્યાવરણ તેમજ કુદરતી સંસાધનોની જાળવણી કરવી, ખેતી ખર્ચ ઘટાડી સારી ગુણવતા વાળુ ઉત્પાદન મેળવવું, સ્વસ્થ ખોરાક ઉપલબ્ધ કરાવવો, ખેડુતો ગાય આધારિત ખેતી કરતા થાય તેવો છે. દેશી ગાયના માત્ર ૧ ગ્રામ છાંણમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ ઉપયોગી સુક્ષ્મ જીવાણુઓ હોય છે. આ છાણ અને ગૌમૂત્ર દ્વારા બનાવવામાં આવેલ જીવામૃત / ઘનજીવામૃત તેમજ જંતુનાશક પ્રાકૃતિક દવાઓના ઉપયોગ ખેતીમાં ખુબ જ ફાયદાકારક અને અસરકારક જણાય છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૧૧૦ ૦૧ ગુજરાત રાજ્યમાં પાક વીમા યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજ્યમાં પાક વીમા યોજનાનો અમલ વર્ષ ૧૯૮૫ થી ચાલુ છે. વર્ષ ૨૦૧૬-૧૭થી પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના (PMFBY) અમલમાં આવેલ. સદરહુ યોજનાની તમામ જોગવાઈઓના અમલીકરણ, ટેન્ડર, બજેટ, ikhedut portal પર ઓનલાઈન અમલીકરણ વગેરે બાબતોને ધ્યાને લેતાં યોજનાની બહોળી કામગીરી તથા કામગીરીના ભારણને જોતા અલગ પાક વિમા સેલની રચના કરવી ખૂબ જરૂરી હોઈ વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી બાબત તરીકે મંજુરી મળેલ હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨ માં પણ ચાલુ રાખેલ છે. પાક્વાર, ગામવાર વાવેતર વિસ્તાર, ફાઇનલ ગામવાર વાવેતર વિસ્તાર, એડવાઇઝરી, મોબાઇલ અને વેબ એપ્લીકેશન ડેવલપ્મેંટ, |

| | |
|---|---|
| | કમાન્ડ,એન્ડ કંટ્રોલ સેન્ટર સેટઅપ., ખેડૂત કલ્યાણ યોજનાઓને સંગીન બનાવવા માટે તથા યોજનાઓની કામગીરી પુર્ણ કરવા મહેકમની જોગવાઇ. |
| સંભવિત લાભાર્થીઓ: | ગુજરાત રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખેડુત કલ્યાણ યોજનાઓ ની સંગીન બનાવવા માટે સ્ટાફની જોગવાઇ (૪૦ લાખ)<br>ચોકક્સ અને નિયમિત ખરીફ, રવિ અને ઉનાળુ ઋતુ દરમ્યાન પાક્વાર તાલુકાવાર, જીલ્લાવર વાવેતર વિસ્તારની માહિતી મેળવવા માટે ટેંડરીંગ પ્રક્રીયાથી કંપની નક્કી કરી કામગીરીની ફાળવણી કરવામાં આવે છે. જેમા ખરીફ, રવી અને ઉનાળુ ઋતૂમા થતા પાકોનો વાવેતર વિસ્તાર આવરેલ છે. ટેન્ડરીંગ પ્રક્રિયાથી નક્કી થનાર કંપની દ્વારા ૧. પાક્વાર ગામવાર વાવેતર વિસ્તાર, ફાઇનલ ગામવાર વાવેતર વિસ્તાર અહેવાલ. ઉપરાંત ૧૫ દીવસ ના સમય ગાળે એડવાઇઝરી બહાર પાડવામા આવશે, મોબાઇલ અને વેબ એપ્લીકેશન ડેવલપ કરવામા આવશે તેમજ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર સેટઅપ કરવામા આવશે. વધુમા કુદરતી આપત્તી સમયે ઇવેન્ટ આધારીત રીપોર્ટ પણ મેળવવામા આવશે. આ તમામ કમગીરિ ખેડૂતોને પાક ઉત્પાદન વધારવામા મદદરૂપ નીવડશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૧૧ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૦ ૦૪<br>કૃષિ ક્ષેત્રે જોખમોનુ વ્યવસ્થાપન |
| ઘટકો અને પ્રવૃતિઓ: | અણધાર્યા સંજોગો/ઘટનાના કારણે ખેડૂતોને પાક નુકશાનીથી જે આર્થિક નુકસાન થયું હોય તેમને આર્થિક ટેકો આપવો.<br>ખેડૂતોની આવક સ્થિર રાખવી જેથી તેઓ ખેતી વ્યવસાય ક્ષેત્રે ટકી રહે.<br>કૃત્રિમ વરસાદ યોજનાના પ્રયોગો: રાજ્યમાં વરસાદની અછતની સ્થિતિમાં કૃત્રિમ વરસાદ પ્રયોગ કરવા.<br>રાજ્યમાં ઓટોમેટીક વેધર સ્ટેશનની સ્થાપના<br>મુખ્યમંત્રી કિસાન સહાય યોજના: વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્ય સરકારે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાને બદલે કુદરતી અપત્તીના પ્રસંગોએ ખેડુતોને થતા પાક નુક્શાન સામે વળતર આપવા માટે રાજ્યના તમામ ખેડુતોને અને તમામ પાકને આવરી લે તેવી યોજના " મુખ્યમંત્રી કિસાન સહાય યોજના " ખરીફ ૨૦૨૦ અને ખરિફ ૨૦૨૧ માટે અમલ માં મુકેલ છે. આ યોજના હેઠળ અનાવૃષ્ટી (દુષ્કાળ) અતિવૃષ્ટી અને કમોસમી વરસાદ(માવઠું) નો સમાવેશ કરવામાં આવેલ છે.<br>પાક કાપણી અખતરા : પાક કાપણી અખતરા ગોઠવવા માટે ભારત સરકારશ્રીની General Crop Estimation Survey (GCES) અનુસાર નિયત થયેલ કાર્યપધ્ધિતથી પાક કાપણી અખતરા |

|  |  |
|---|---|
|  | ગોઠવવામાં આવે છે. આ પાક કાપણી અખતરા ગોઠવવાની કામગીરી |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | પાક વિમો/ પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના : પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ કઠોળ સહિતના ખાદ્ય પાકો અને તેલીબીયા પાકો ઉગાડતા ખેડૂતોએ ૨% અને વાર્ષિક વાણિજિયક અને વાર્ષિક બાગાયતી પાકો માટે ખેડૂતોએ ૫% પ્રિમિયમ ભરવાનું રહે છે તે ઉપરાંતના પ્રિમિયમમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સરખે હિસ્સે સહાય આપવાની થાય છે.<br>મુખ્યમંત્રી કિસાન સહાય યોજના : ખરીફ ઋતુમાં થયેલ પાક નુકશાન ૩૩% થી ૬૦% માટે રૂ.૨૦,૦૦૦/- પ્રતિ હેકટર (મહત્તમ ચારહેકટરની મર્યાદામાં) અને ૬૦% થી વધુ પાક નુકશાન માટે રૂ.૨૫,૦૦૦/- પ્રતિ હેકટર ( મહત્તમ ચાર હેકટરની મર્યાદામાં) સહાય મળવા પાત્ર છે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | કૃષિ ક્ષેત્રના જોખમો જેવાકે પાક નુકશાની , ખેડૂતને અકસ્માત થી મૃત્યુ કે મોટી ઇજાથી અપંગતા થાય તો વીમો મળે , વરસાદની અછત અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો અનિવાર્ય સંજોગો ઉભા થતા ન મળવા તેવા સંજોગોમાં જોખમોનું વ્યસ્થાપન કરવામાં આવે છે. રાજ્યમાં વરસાદની અછતની સ્થિતિમાં કૃત્રિમ વરસાદના પ્રયોગો કરવા, કૃષિ ક્ષેત્રમાં જોખમ સંચાલન હેઠળના તમામ જોખમો આવરી લેવામાં આવે છે.<br>ઓટોમેટીક વેધર સ્ટેશનની સ્થાપના માટે નિયુક્ત થયેલ એજન્સી પાસેથી મેળવેલ હવામાનના ડેટા મેળવી તેનો ઉપયોગ કરી તૈયાર થયેલ તાલુકાવાર ખેતી વિષયક ભલામણો (એગ્રો એડવાઇઝરી) રાજ્યના અંદાજિત ૨૫ લાખ ખેડૂતોને એસ.એમ.એસ. મારફત પહોંચાડવી |

|  |  |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૦ ૦૬<br>ખાતેદાર ખેડુતોને આકસ્મીક મૃત્યુ/ કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતે મૃત્યુ થાય કે કાયમી અપંગતા આવે તો તેના વારસદારને આર્થિક સહાય આપવાનો છે.<br>મૃતક અથવા કાયમી અપંગ વ્યક્તિ પોતે ખાતેદાર ખેડૂત વ્યક્તિગત કે સંયુક્ત નામે જમીન ધારણ કરેલી હોય) અથવા ખાતેદાર ખેડૂત સંતાન (પુત્ર/પુત્રી) અથવા ખાતેદાર ખેડૂતોના પતિ/પત્નિ હોવા હોઇએ. |

| | |
|---|---|
| | મૃત્યુ અથવા કાયમી અપંગતા અકસ્માતના કારણે થયેલ હોય. આપઘાત કે કુદરતી મૃત્યુનો આ યોજનામાં સમાવેશ થતો નથી. મૃતક અથવા કાયમી અપંગ વ્યક્તિની ઉંમર ૫ થી ૭૦ વર્ષની હોવી જોઈએ. ૧૫૦ દિવસમાં સંબંધીત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરીમાં અરજી કરેલ હોવી જોઈએ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતના કોઈ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્ની. |
| સહાયનું ધોરણ | (૧) અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨.૦૦ લાખ;<br>(૨) અકસ્માતને કારણે બે આંખ / બે અંગ / હાથ અને પગ / એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨.૦૦ લાખ<br>(૩) અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦% લેખે રૂ. ૧.૦૦ લાખ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઈ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતથી મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં વીમા સહાય મળવાપાત્ર. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | કુદરતી આપત્તિઓને કારણે થતાં પાક નુકશાન માટે ખેડૂતોને સહાય ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૦ ૦૮ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩ તા.૨૭/૦૪/૨૦૧૫ અનુસાર જાહેર કરેલ વિવિધ કુદરતી આપત્તિઓમાં અસરગ્રસ્ત ખેડૂતોને કૃષિ ઈનપુટ સહાય ચૂકવવાની હોય છે. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂત ખાતેદારો |
| સહાયનું ધોરણ | (રાજય સરકારશ્રીના વખતો વખતના જાહેર કરેલ ઠરાવ મુજબ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩ તા.૨૭/૦૪/૨૦૧૫ અનુસાર જાહેર કરેલ વિવિધ કુદરતી આપત્તિઓમાં અસરગ્રસ્ત ખેડૂતોને મદદરૂપ થવા માટે આકસ્મિક સંજોગોવશાત સરકારશ્રી દ્વારા વખતો વખત જાહેર કર્યા મુજબની કૃષિ ઈનપુટ સહાય આપવાથી ખેડૂત ખાતેદારોને આર્થિક રીતે મદદરૂપ થઈ શકાય. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૧૩ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૯૫ ૦૨<br>કૃષિ ઉધોગોને નાણાકીય સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ફૂડ પ્રોસેસીંગ યુનીટની સ્થાપના કરવા ઉધ્યોગ સાહસિકોને નાણાંકીય સહાય પુરી પાડવી, એગ્રો અને ફૂડ પ્રોસેસીંગ એસ્ટેટની સ્થાપના. |
| સંભવિત લાભાર્થીઓ: | કૃષિ ઉધોગો સ્થાપવા ઈચ્છુક તમામ, ખેડૂતો, મેક્રો અને નાના અને મધયમ ઉધોગકારો, સહકારી મંડ્ળીઓ અને નિકાસકારો વગેરે. |
| સહાયનું ધોરણ | પ્રોજેક્ટ બેઇઝ્ડ |
| અમલીકરણ કચેરી | ગુજરાત એગ્રો ઇંડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., ગુ.રા. ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | કૃષિ ઉધોગનો વ્યાપ વધશે. કૃષિ ઉત્પાદનમાં મુલ્ય વૃધ્ધિ માટે તથા કૃષિ અને ખાધ પ્રકિયાના ઉધોગ ક્ષેત્રોમાં મુડીરોકાણને સુગમતા રહે જેના થકી ખેડૂતોની આવક્માં વધારો થાય. કૃષિ ઉત્પાદનમાં મુલ્ય વૃધ્ધિ માટે તથા કૃષિ અને ખાધ પ્રકિયાના ઉધોગ ક્ષેત્રોમાં મુડીરોકાણને સુગમતા રહે જેના થકી ખેડૂતોની આવક્માં વધારો થાય. રાજ્યમાં એકંદરે વિકાસમાં, ખેતી તથા ખાધ પ્રકિયા આધારિત એકમોનું મહત્વ અને રાજ્યના વિકાસદરમાં યોગદાન ભાગીદાર બનવા માટે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | પી.એમ. ફોર્મેલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસીસીંગ એન્ટરપ્રાઈઝ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૯૫ ૦૪ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | The programme has four broad components addressing the needs of the sector (1) Support to individual and groups of Micro Enterprises.(2) Branding and Marketing Support. |
| સંભવિત લાભાર્થીઓ: | એકમો, FPO,SHG વિગેરે. |
| સહાયનું ધોરણ | પ્રોજેક્ટ કિંમતના ૩૫% લેખે, અને વધુમાં વધુ ૧૦.૦૦ લાખ સુધી |
| અમલીકરણ કચેરી | ગુજરાત એગ્રો ઈંડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., ગુ.રા. ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦ કેન્દ્રિય : ૬૦ અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ: | ખાધ પ્રોસેસિંગ ઉધોગમાં અસંગઠિત ક્ષેત્રનાં હાલનાં સૂક્ષ્મ ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધારવા અને ક્ષેત્રનું ગઠન ; અને ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (FPO) અને સ્વ સહાય જૂથો (SHG) અને ઉત્પાદક સહકારી સંસ્થાઓને તેમની સમ્રગ વેલ્યુ ચેન સાથે વિકાસ સાધવો. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિના ખેડૂતોને પ્રોત્સાહક સહાયની યોજના (૧૦૦% રાજ્ય પુરસ્કૃત) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | (૧) ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ કેટેગરીનાં નાના/ સિમાંત/ મહીલા ખેડૂતોને શેરડી પાકનો વાવેતર વિસ્તાર, ઉત્પાદન તેમજ ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય (રૂ.૬૪૦.૦૦ લાખ જોગવાઇ)<br>(૨) ખેડૂતોને વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહીત કરવા પ્રતિ હેક્ટર જો ખેડૂત ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ મે.ટન ૧૦% ની પ્રોત્સાહક સહાય (રૂ.૬૦.૦૦ લાખ જોગવાઇ) |
| સંભવિત લાભાર્થીઓ: | 26000 |
| સહાયનું ધોરણ | (૧) ગુજરાત રાજ્યનાં શેરડી પકવતાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ કેટેગરીનાં નાના/ સિમાંત/ મહીલા ખેડૂતોને શેરડી પાકનો વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતાં વધારવાનાં હેતુસર ઉચ્ચ ગુણવતાં યુક્ત બિયારણ, અન્ય ઇનપુટસ, અધ્યતન ખેત પધ્ધતિ, કૃષિ યાંત્રીકરણનાં ઉપયોગ માટે શેરડી પાકનાં પ્રતિ હેક્ટર વાવેતર દીઠ રૂ.૧૦,૦૦૦/- સહાય<br>(૨) ખેડૂતોને વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહીત કરવા પ્રતિ હેક્ટર જો ખેડૂત ૭૦ મે.ટન કરતાં વધુ ઉત્પાદન મેળવે તો મેળવેલ વધુ ઉત્પાદન પેટે વેચાણ ભાવ મુજબ પ્રતિ મે.ટન ૧૦% ની પ્રોત્સાહક સહાય |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામક |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય સરકારશ્રી- ૧૦૦, કેંદ્ર સરકારશ્રી- ૦% અન્ય-૦% |
| અપેક્ષીત આઉટકમ: | શેરડીપાકનો વાવેતર વિસ્તારમાં વધારો તેમજ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૪૫ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૭૯૭ ૦૧<br>રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના નિધિ (કોર્પસ ફંડ) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | જ્યારે જોખમ નિવારણ કરવા માટે નાણાંની ફાળવણીથી અસામાન્ય સંજોગોમાં ચૂકવવાપાત્ર દાવો હોય ત્યારે ફંડનો ઉપયોગ કરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |

| | |
|---|---|
| અપેક્ષીત આઉટકમ: | પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના (PMFBY) હેઠળ અમલીકરણ સંસ્થાને ચુકવવાની સામાન્ય પ્રિમિયમ સબસીડી, રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર કરેલ વધારાની પ્રિમિયમ સહાય ,રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના અંતર્ગતના કોર્ટકેસ તેમજ અંદાજપત્રની જોગવાઈથી વિશેષ રકમની જ્યારે જ્યારે જરુરિયાત પડે ત્યારે નાણાં ઉપાડીને અસાધારણ સંજોગોમાં ચુકવી શકાય |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૭૯૭ ૦૨<br>ગુજરાત રાજ્ય કૃષિ ભાવ સ્થિરીકરણ નિધિ (ટ્રાન્સફર ટુ રીઝર્વ ફંડ અને ડિપોઝિટ એકાઉન્ટ) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પીએસએસ ગાઇડલાઇન મુજબ ટેકાના ભાવે ખરીદી દરમ્યાન ખેડૂતોને ઝડપથી નાણાં મળે તે માટે રાજ્ય સરકારશ્રીએ નક્કી કરેલ રાજ્ય નોડલ એજંસીની નાણાંકિય તરલતા રહે તે માટે રાજ્ય સરકારે રીવોલ્વીંગ ફંડ રાજ્ય નોડલ એજંસીને આપવાનું હોય છે. ભારત સરકારશ્રીએ ખરીદી માટે મંજુર કરેલ જથ્થા ને ધ્યાને લઇ ટેકાના ભાવ ઉપરાંત આનૂસંગિક ખર્ચ સહિત કુલ મુલ્ય ના ૧૫ % જેટલુ રીવોલ્વીંગ ફંડ રાજ્ય નોડલ એજંસીને આપવાનું રહે છે.<br>ખેત સમધારણ ફંડ અમલીકરણ સમિતિ નક્કી કરે તે હેતુ માટે સદર સમિતિની મંજુરી બાદ ઉપયોગ કરી શકાશે. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | સરકારશ્રી જાહેર કરતા ઠરાવ મુજબ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખેડૂતોને ખેતપેદાશના વેચાણ બાદ ઝડપથી નાણાં મળે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૫૦ ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૮૦૦ ૨૦<br>ખેતીના ભારે સાધનો (ટ્રેકટર ઘટક)ની ખરીદી માટે ખેડુતોને નાણાકિય સહાય આપવાની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ખેડૂતો ને ટ્રેકટર ખરીદી માટે સહાય આપવી. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | ટ્રેકટરમા ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મોડેલ્માં ખર્ચના ૨૫% અથવા રૂ. ૪૫૦૦૦/- ની મર્યાદામા બે માંથી જે ઓછુ હોય તે અને ૪૦ પી.ટી.ઓ હોર્સ પાવરથી વધુ અને ૬૦ પીટીઓ હોર્સ પાવર સુધીના મોડેલમાં ખર્ચ ના ૨૫% અથવા રૂ, ૬૦૦૦૦/- ની મર્યાદામા બે માથી જે ઓછુ હોય તે. |

| | |
|---|---|
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખેત યંત્રિકરણને વેગ મળશે, ખેત મજૂરોની અછતનો પ્રશ્ન અમુક અંશે ઘટાડી શકાય.. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે મીડીયમ સાઇઝના ગુડઝ કેરેજ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની યોજના ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૩ ૦૮ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ખેડૂતોને ગુડ્સ કેરેજ વાહનની ખરીદી માટે સહાય આપવી |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો. |
| સહાયનું ધોરણ | ગુડ કેરેજ વાહન:- સામાન્ય ખેડૂતો/ અન્ય ખેડૂતોને : કુલ ખર્ચના ૨૫% અથવા રૂ. ૫૦,૦૦૦/- બે માંથી ઓછુ હોય તે<br>નાના/સિમાંત/અનુ.જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને : કુલ ખર્ચના ૩૫% અથવા રૂ. ૭૫૦૦૦/- બે માંથી ઓછુ હોય તે |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | મીડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેજ વાહનોની ખરીદી ઉપર ખેડૂતોને સહાય આપવાથી પરિવહન સરળ બનશે, જલ્દી પરિવહન થશે, ઓફ-સીઝનમાં પૂરક રોજગારી મેળવી શકશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૪૪૦૧ ૦૦ ૧૦૩ ૦૧<br>આર આઇ ડી એફ યોજના હેઠળ બાંધકામ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગોડાઉન અને વેરહાઉસ બાંધવા |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી. |
| અમલીકરણ કચેરી | ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | રાજયમાં નવા આધુનિક ગોડાઉન/વેરહાઉસ બનાવવાથી બિયારણ, રાસાયણિક ખાતર તેમજ ખેત પેદાશોની સંગ્રહશક્તિમાં વધારો કરી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થતું અટકાવવા ખેતરની ફરતે લોંખડના કાંટાળા તારની વાડ બનાવવા માટે ખેડૂતોને નાણાકીય સહાય આપવાની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | લોખંડના કાંટાળા તારની સ્પેશીફીકેશન મુજબ અમલીકરણ નિગમ દ્વારા કરવાનું રહેશે |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ: | ગુજરાત રાજ્યના તમામ ખેડૂતોને |
| સહાયનું ધોરણ | વધુ માં વધુ રૂ.૨૦૦ પ્રતિ રનીંગ મીટર અથવા બીલની રકમના ૫૦% લેખે બેમાંથી જે ઓછું હોય તે |
| અમલીકરણ કચેરી | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોપોરેશન લી. ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ કેન્દ્રિય : ૦૦ અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ: | વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકોને રક્ષણ મળશે જેના કારણે ઉત્પાદન અને ગુણવતામાં સુધારો જોવા મળશે, જેના કારણે ખેડૂતોની પેદાશોની મૂલ્ય વૃધ્ધિમાં વધારો થશે અને તેમની આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૪ ૦૯૫ ૨૪૦૧ ૦૦ ૧૦૩ ૦૧<br>અનુસૂચિત જાતિ પેટા યોજના અનુસૂચિત જાતિ ના ખેડૂતોને બિયારણ, રાસાયણિક ખાતર અને ઉત્પાદક સામગ્રી પેટિઓની સહાયિત દરે વહેંચણી |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાક સંરક્ષણ સાધન સામગ્રી, તાડપત્રી,ક્ષેત્રિય/ફીલ્ડ નિદર્શન, પંપસેટ, અંડરગ્રાઉન્ડ પાઇપલાઇન, સેકન્ડરી અને માઇક્રો ન્યુટ્રીયન્ટસ, કલ્ટીવેટર, થ્રેશર, રોટાવેટર, હેન્ડટુલ્સ કિટ, ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચરમાં સહાય, એક ઢાંકણાવાળુ ડ્રમ તેમજ બે પ્લાસ્ટિકના ટોકર(ટબ) |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના અનુસૂચિત જાતિ પેટા યોજના અનુસૂચિત જાતિ ના ખેડૂતો. |
| સહાયનું ધોરણ | પાક સંરક્ષણ સાધન સામગ્રી- (અ) હાથથી ચાલતા સાધનની ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૧૨૦૦/- બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ (બ) પાવર/મશીનથી ચાલતા સાધન પર સાધનની ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૪૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br><br>તાડપત્રી -- તાડપત્રીની ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા ૧૮૭૫/- બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે નંગ<br>ક્ષેત્રિય/ફીલ્ડ નિદર્શન - ૦.૪ હેકટરના નિદર્શન માટે રૂા. ૪૦૦૦/- ની મર્યાદામાં. ખાતા દીઠ એક નિદર્શન<br>પંપસેટ - ઓઇલ એન્જીન-૩.૦-૩.૫ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૮,૭૦૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૫.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૨,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૭.૫-૮.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૩,૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે.-૧૦.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૩,૮૭૫/- બે માંથી જે ઓછું હોય તે. ઇલે. મોટર / પંપસેટ ૩ હો.પા. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૮૬૦૦/- બે માંથી જે ઓછુ હોય તે- ૫.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૯,૭૫૦/- બેમાંથી જે ઓછુ હોય તે.- ૭.૫ હો.પા. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ.૧૨,૯૦૦/- બેમાંથી જે ઓછુ હોય તે. |

| | |
|---|---|
| | સબમર્સીબલ પંપસેટ ૩.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૧૫,૭૫૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૫.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૨૨,૩૫૦/- બે માંથી જે ઓછું હોય તે.- ૭.૫ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૨૭,૯૭૫/- બે માંથી જે ઓછું હોય તે.- ૧૦.૦ હો.પા. ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂા.૩૩,૫૨૫/- બે માંથી જે ઓછું હોય તે.<br>સેકન્ડરી અને માઇક્રો ન્યુટ્રીયન્ટસ - સરકાર માન્ય સેકન્ડરી અને માઇક્રો ન્યુટ્રીયન્ટસના ગ્રેડ માટે પ્રતિ હેકટરે ખરીદ કિંમતના ૭૫ % અથવા રૂ. ૭૫૦/- બે માંથી જે ઓછુ હોય તે, ખાતા દીઠ વધુમાં વધુ બે હેકટર માટે. અનુ. જાતિના ખેડુતો માટે ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજના -અનુ. જાતિના ખેડુતો માટે ખાતેદાર ખેડુત અકસ્માત વિમા યોજનાના વિમા પ્રીમીયમ પેટે. કલ્ટીવેટર - કુલ ખર્ચના ૫૦ % અથવા રૂ. ૧૫ હજાર એ બે માંથી જે ઓછુ હોય તે. થ્રેશર - કુલ ખર્ચના ૫૦ % અથવા રૂ. ૩૦ હજાર એ બે માંથી જે ઓછુ હોય તે., ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રક્ચર :- રૂ. ૪.૦૦ લાખ યુનિટ કોસ્ટ (૯ મીટર x ૬ મીટર) માટે ખેડુતને યુનિટ કોસ્ટના ૭૫ ટકા મુજબ રૂ. ૩.૦૦ લાખની મર્યાદામાં.<br>વોટર કેરીંગ પાઈપલાઈન : ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ. ૨૨૫૦૦/- પ્રતિ લાભાર્થી બે માંથી જે ઓછું હોય તે,<br>HDPE પાઈપ માટે રૂ.૫૦/- પ્રતિ મીટર, PVC પાઈપ માટે રૂ ૩૫/- પ્રતિ મીટર અને HDPE laminated woven flat tube પાઇપ માટે રૂ ૨૦/- પ્રતિ મીટર, ડ્રમ અને ટોકર : - ખરીદ કિંમતના ૧૦૦% અથવા રૂ.૨૦૦૦/- પ્રતિ કીટ બે માંથી જે ઓછું હોય તે સહાય |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | આ યોજનાથી અનુસૂચિત જાતિના ખેડુતોને સહાયિત દરે ખેત સામગ્રી પુરી પાડી તેમનું ખેત ઉત્પાદન અને ઉત્પાદકતા વધારી તેમનું જીવન ધોરણ ઉંચું આવે., રાજ્યના ખેડુતો પાસે યોગ્ય સંગ્રહસ્થાન માટે સ્ટોરેજ વ્યવસ્થા ઉભી થવાથી તેઓ ધ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોની ગુણવત્તા જળવાઇ રહેતા તેઓને યોગ્ય સમયે વેચાણ કરી શકશે અને આર્થિક ફાયદો મેળવી શકે તે હેતુથી કૃષિ પેદાશોનુ ઉત્પાદન કરતા ખેડુતોને પ્રોત્સાહન પુરુ પાડી પાકની સુરક્ષિત નિયત કરી શકાય તેમ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૩ આદિજાતી વિસ્તાર પેટા યોજનાના આદીવાસી ખેડૂતોને સહાયિત દરે વધુ ઉત્પાદન આપતી જાતો/હાઇબ્રીડ જાતોના પ્રમાણીત બિયારણ અને રાસાયણિક ખાતરો પૂરાં પાડવાની યોજના ૦૯૬ ૨૪૦૧ ૦૦ ૭૯૬ ૦૩ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાક સંરક્ષણ સધન તાડ્પત્રી, ક્ષેત્રીય નિદર્શન, સુક્ષ્મતત્વો, વોટરકેરીંગ પાઇપલાઇન, સેંદ્રીય ખાતર/દિવેલી ખોળ/ લીંબોળી ખોળ, ક્ષેત્રીય નિદર્શન (OUT TASP) , મહેકમ, પ્લાઉ, કલ્ટીવેટર, રોટાવેટર, થ્રેસર , હેન્ડ ટૂલ કિટ. ઓન ફાર્મ સ્ટોરજ સ્ટ્રક્ચરમા સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ આદીવાસી ખેડૂતો |
| સહાયનું ધોરણ | પાક સંરક્ષણ સાધન, કિંમતના ૭૫% અથવા પાવર થી ચાલતાસાધનો ૪૫૦૦/- રૂ!) જે ઓછું હોય તે<br>તાડપત્રી, કિંમતના ૭૫% અથવા રૂ! ૧૮૭૫/-, જે ઓછું હોય તે, ક્ષેત્રિય નિદર્શન, ઈનપુટ ની કિંમતના ૧૦૦% (ઈનપુટ ની કિંમત ૦.૪ હેકટર માટે મહત્તમ રૂ! ૪૦૦૦/-., સૂક્ષ્મતત્વો, કિંમતના ૭૫% અથવા રૂ! ૭૫૦/- જે ઓછું હોય તે, વોટરકેરીંગ પાઇપલાઇન, કિંમતના ૭૫% અથવા રૂ! ૨૨૫૦૦/- જે ઓછું હોય તે,<br>(૧) અકસ્માતને કારણે મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨.૦૦ લાખ;<br>(૨) અકસ્માતને કારણે બે આંખ / બે અંગ / હાથ અને પગ / એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂ. ૨.૦૦ લાખ (૩) અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦% લેખે રૂ. ૧.૦૦ લાખ<br>એક ઢાંકણા વાળુ ડ્રમ તેમજ બે પ્લાસ્ટિકના ટોકર (ટબ) વિના મુલ્યે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | અનુ. જનજાતિના ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના કોઇ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતથી મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં વીમા સહાય મળવાપાત્ર. રાજ્યના અનુસુચિત જન જાતિના ખેડુતો દ્વારા કૃષિ ઇંપુટસની જાળવણી જણસીઓનો સંગ્રહ અને મુલ્યવૃધ્ધી થાય તથા તેઓ દ્વારા ઉત્પાદીત કૃષિ પેદાશોની ગુણવત્તા જળવાઇ રહે. આદિજાતિ ખેડૂતોની ખેતીની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું અને આર્થિક ધોરણ ઊંચું લાવવું. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૯૬ ૨૪૦૧ ૦૦ ૭૯૬ ૪૪<br>ડાંગ જિલ્લાને ૧૦૦% સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવા બાબતની યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ડાંગ જિલ્લો અને વલસાડ તાલુકાના ધરમપુર,કાપરાડા અને વાસંદામાં ખેડૂતોના ક્લસ્ટર્સ તૈયાર કરવા |
| સંભવિત લાભાર્થીઓ: | ડાંગ જિલ્લામાં, નવસારીના વાંસદા તાલુકા અને વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના ખેડૂતો. |
| સહાયનું ધોરણ | ઘટકવાર સહાયનું ધોરણ અને અમલીકરણ પધ્ધતી NMSA-PKVY યોજના મુજબ રહેશે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | આ યોજનાનો મુળભુત હેતુ આગામી પાંચ વર્ષમાં સમગ્ર ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ધરમપુર,કપરાડા અને વાંસદા તાલુકાને ૧૦૦% સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૯૬ ૨૪૦૧ ૦૦ ૭૯૬ ૪૯<br>સંપુર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતો માટે નાણાંકીય સહાય યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સંપુર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડુતો માટે નાણાંકીય સહાય તથા કિંમતી ખેત પેદાશોના ભાવના વળતર રૂપે પ્રોત્સાહકીય સહાય. |
| સંભવિત લાભાર્થીઓ: | પ્રાકૃતિક ખેતી કરતા ડાંગ જિલ્લાના ખેડુતો |
| સહાયનું ધોરણ | રૂ.૧૦૦૦૦/- પ્રતિ હેક્ટર પ્રતિ ખેડુત |
| અમલીકરણ કચેરી | નિયામક, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્મા |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખેડુતોની જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો, નહીવત ઉત્પાદન ખર્ચ, વધારે ભાવ, કોઇપણ સંસાધનો બહારથી ન ખરીદ કરી ગામ સ્વાવલંબનનુ નિર્માણ, પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનુ રક્ષણ, પોષણ. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૧૪ ૦૯૬ ૨૫૭૫ ૦૧ ૩૦૫ ૦૫<br>સમાયોજિત ડાંગી ખેડૂતોને બિયારણ,રસાયણી ખાતર અને જીવાતનાશક દવા પુરી પાડવી |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાક સંરક્ષણ સાધન, તાડપત્રી, ક્ષેત્રીય નિદર્શન, કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂતોને તાલીમ, ઓર્ગેનીક ફર્ટીલાઇઝર્સ, |

| | |
|---|---|
| | પંપસેટ, વોટરકેરીંગ પાઈપલાઈન |
| સંભવિત લાભાર્થીઓ: | ડાંગ જિલ્લાના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | પાક સંરક્ષણ સાધન, કિંમતના ૭૫% અથવા (પાવર થી ચાલતાસાધનો ૪૫૦૦/- રૂ!) જે ઓછું હોય તે<br>તાડપત્રી , કિંમતના ૭૫% અથવારૂ! ૧૮૭૫/-, જે ઓછું હોય તે<br>ક્ષેત્રિય નિદર્શન , ઈનપુટ ની કિંમતના ૧૦૦% (ઈનપુટ ની કિંમત ૦.૪ હેકટર માટે મહત્તમ રૂ! ૪૦૦૦/-.<br>કૃષિ મેળા/પ્રદર્શન/ખેડૂતોને તાલીમ, મહત્તમ રૂ! ૧૦૦૦૦૦/- સુધી<br>પંપ સેટ , ૧.ઓઇલ એન્જીન કિંમતના ૭૫% અથવા (રૂ! ૧૧૬૦૦/- થી ૧૮૫૦૦/- હોર્સપાવર આધારીત જે ઓછું હોય તે, ૨. ઇલેક્ટ્રીક મોટર કિંમતના ૭૫% અથવા (રૂ! ૧૧૫૦૦/- થી ૧૭૨૦૦/- હોર્સપાવર આધારીત જે ઓછું હોય તે, ૩. સબમર્સીબલ પંપ સેટ કિંમતના ૭૫% અથવા (રૂ! ૨૧૦૦૦/- થી ૩૩૫૨૫/- હોર્સપાવર આધારીત જે ઓછું હોય તે<br>સેન્દ્રીય ખાતર/દિવેલી ખોળ/લીંબોળી , કિંમતના ૭૫% અથવા રૂ! ૯૦૦૦/- જે ઓછું હોય તે |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ડાંગના ખેડૂતોની ખેતીની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું અને આર્થિક ધોરણ ઊંચું લાવવું |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૩ ૨૭૦૨ ૦૧ ૧૦૪ ૦૧ વિસ્તાર સિંચાઇ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | કોમ્યુનીટી બેઝ ભુગર્ભ પાણીના ટાંકા બનાવવા સહાય મહેકમની યોજના |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | ખેડૂતોને ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૯,૮૦,૦૦૦/- સહાય |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | રાજયના ખેડુતોને જો ખેતરમાં પાકને અનિયમિત વરસાદના નુકશાનથી બચાવવા તેમજ પાણીના કરકસર ઉપયોગથી રાજયના પિયત હેઠળના વિસ્તારને વધારવા અને ગુણવત્તાયુકત ઉત્પાદનને વધારવા અને ખેડૂતોમાં સામાજીક સમરસતા વધારવાના હેતુથી પાણી માટે કોમ્યુનીટી બેઝ ભુગર્ભ ટાંકા બનાવવામાં સહાય આપવામાં આવે તો,ખેડુતને તેની મહેનતનું પરીણામ મળી શકે અને પાક ઉત્પાદકતા અને ઉત્પાદનની ગુણવત્તા પર માઠી અસર થતા બચાવી શકાય. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૪૩ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | યોજનામાં સીડ અને સંલગ્ન બાબતો, ફાર્મ મિકેનાઇજેશન, સોઇલ હેલ્થ, નોન ફાર્મ એક્ટિવિટી– એગ્રી બીજનેસ સેન્ટર, માર્કેટિંગ અને ઇન્ફ્રાસ્ટ્રકચર, સ્વસહાય જુથ વિસ્તરણ સેવા સગીન બનાવવી, બાગાયત વિકાસ, પશુપાલન અને ડેરી વિકાસ,લેન્ડ રીફોર્મ માટેની યોજના, અધૂરા પ્રોજેક્ટ પૂરા કરવા સંસ્થાઓને અનુદાન,અન્ય નવા ઇનોવેટિવ્સ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો, પશુપાલકો, માછીમારો |
| સહાયનું ધોરણ | પ્રોજેક્ટ આધારીત યોજના |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકશ્રી,ગુ.રા., ગાંધીનગર<br>પશુપાલન નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર<br>બાગાયત નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર<br>સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ<br>સંશોધન નિયામકશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ<br>સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી<br>મેનેજિંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગર<br>મેનેજિંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી., ગાંધીનગર<br>મેનજિંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ખેત બજાર બોર્ડ, જૂના સચિવાલય, ગાંધીનગર<br>વહીવટી સંચાલકશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગાંધીનગર<br>મુખ્ય કારોબારી અધિકારીશ્રી, (ડી-સેગ) આદિજાતી વિકાસ વિભાગ, ગાંધીનગર<br>કમિશ્નરશ્રી,મત્સયોધોગ કમિશ્નરશ્રી કચેરી, જૂના સચિવાલય,ગાંધીનગર<br>ખાંડ નિયામકશ્રી, ખાંડ નિયામકની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦ % કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ: | એગ્રીકલ્ચર સેકટરમાં ઈન્વેસ્ટમેન્ટ વધે કે જેથી વધુ વિકાસદર |

| | |
|---|---|
| | હાંસલ થાય. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૬૬<br>નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર-રેઇનફેડ એરીયા ડેવલપમેન્ટ (એન.એમ.એસ.એ-આર.એ.ડી) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | RAD-રેઇનફેડ એરીયા ડેવલોપમેન્ટ |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | NMSA હેઠળ વિવિધ ઘટકો માટે ભારત સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામક, બાગાયત નિયામક,પશુપાલન નિયામક ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | ખેતી માટે કુદરતી સ્ત્રોતનું રક્ષણ થશે, જમીન તથા પાણીનું વ્યવસ્થાપન વધશે ,તથા રાજ્યના ખેડૂતો માટે આવકના વૈકલ્પીક વધારાના સ્ત્રોત ઊભા થશે, ખેતી સાથે બાગાયત, પશુપાલન તથા સામાજિક વનીકરણનો સમાવેશ કરી, આર્થિક દ્રષ્ટિએ ખેડૂતો પોષણસક્ષમ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર-સોઇલ હેલ્થ મેનેજમેન્ટ (એન.એમ.એસ.એ-એસ.એચ.એમ) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ગ્રામ્ય કક્ષાએ જમીન ચકાસણી પ્રયોગશાળાની સ્થાપના, ખાતર ચકાસણી પ્રયોગશાળાઓ સંગીન બનાવવી |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | પ્રોજેક્ટ કોસ્ટ રૂ. ૨૦૦૦૦૦/-, પ્રોજેક્ટ કોસ્ટના ૭૫% સહાય. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦ % અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | લેબોરેટરી સંગીન બનાવવી તેમજ નવી લેબોરેટરીની સ્થાપનાથી રાજ્યમાં નમુનાઓ ચકાસણીની ક્ષમતામાં વધારો થાય |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૬૬<br>નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર-પરંપરાગત કૃષિ વિકાસ યોજના (એન.એમ.એસ.એ-પી.કે.વી.વાય.) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | એસ્પેરેશનલ જિલ્લા નર્મદા અને દાહોદ જિલ્લામાં ૧૦ કલ્સ્ટરની દ્વિતિય વર્ષની કામગીરીઓ |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | પી.કે.વી.વાય.ની જુની માર્ગદર્શીકા મુજબ. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | ઓર્ગેનિક સર્ટીફાઇડ ક્લસ્ટરો દ્વારા રસાયણ મુક્ત ખેત પેદાશોનું ઉત્પાદન. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર-સોઇલ હેલ્થ કાર્ડ (એન.એમ.એસ.એ-એસ.એચ.સી) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | લક્ષ્યાંક મુજબ સોઇલ સેમ્પલ એકત્રીકરણ, પૃથ્થકરણ અહેવાલ મુજબ સોઇલ હેલ્થ કાર્ડ તૈયાર કરી પરીક્ષણના આધાર પર ખેડુતોને જીપ્સમ/ બાયોફર્ટિલાઇઝર/ માઇક્રોન્યુટ્રિએન્ટ્સ /કેલ્શીયમનું વિતરણ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | NMSA હેઠળ વિવિધ ઘટકો માટે ભારત સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | તમામ જિલ્લાના ખેડુતો તેની જમીનની અને પૃથ્થકરણ મુજબ ખાતરોના ઉપયોગ કરી શકે છે અને વાતાવરણમાં પ્રદૂષણ અને ખેતી ખર્ચ ઘટાડી શકે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ સુક્ષ્મ સિંચાઇ યોજના (પીએમકેએસવાય) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પર ડ્રોપ મોર ક્રોપ: આ યોજના અંતર્ગત જળ રીચાર્જિંગ દ્વારા તળાવ / ચેક ડેમ / વિલેજ તળાવ દ્વારા પાણી સંગ્રહ અને સંચાલન |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | યોજનાની માર્ગદર્શીકા મુજબ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦ % અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | ખેતીમાં સુક્ષ્મ પિયત પધ્ધતિ હેઠળ વધુમાં વધુ વિસ્તાર આવરી લેવોથી પાણીની બચત થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૮<br>એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ખેડુત તાલીમ, નિદર્શન, પ્રેરણા પ્રવાસ, કેપેસીટી બિલ્ડીંગ, કૃષિમેળા અને પ્રદર્શન, પ્રકાશન-પુસ્તક/લીફલેટ-ફોલ્ડર, ખેડુત-વૈજ્ઞાનિક, ઇન્ટરેકશન, ફિલ્ડ ડે કિશાન ગોષ્ઠિ, ફાર્મસ્કુલ, બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | કૃષિ વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ તથા નવા નવા સંશોધનો ખેડૂતોની જરૂરિયાત મુજબ ખેડૂતો સુધી પહોંચે.. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | નેશનલ ફુડ સીક્યોરીટી મીશન- ઓઇલ સીડ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પ્રમાણીત બીજ વિતરણ, બ્લોક ડેમોસ્ટ્રેશન, ખેડુત તાલીમ, જીપ્સમ વિતરણ, પી.પી. કેમિકલ્સ, પાક સંરક્ષણ સાધન |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | પ્રમાણીત બીજ વિતરણ -રૂ. ૪૦૦૦/ક્વિ. (મગફળી,સોયાબીન,રાઇ અને એરંડા તથા તલ માટે રૂ. ૮૦૦૦/ક્વિ.<br>બ્લોક ડેમોસ્ટ્રેશન -ઈનપુટ કિંમતના ૫૦ ટકા અથવા વધુમાં વધુ મગફળી માટે રૂ. ૧૦૦૦૦, સોયાબીન માટે રૂ. ૬૦૦૦, તલ માટે રૂ. ૩૦૦૦, દિવેલા માટે રૂ. ૩૦૦૦, રાઇ માટે રૂ. ૩૦૦૦<br>ખેડુત તાલીમ-રૂ. ૨૪૦૦૦ પ્રતિ એક તાલીમ<br>જીપ્સમ વિતરણ-ખરિદ કિંમતના ૫૦ ટકા અથવા વધુમા વધુ રૂ. ૭૫૦ પ્રતિ હે.<br>રાઇઝોબીયમ/પીએસબી કલ્ચર-ખરિદ કિંમતના ૫૦ ટકા અથવા વધુમા વધુ રૂ. ૩૦૦ પ્રતિ હે.<br>પી.પી. કેમિકલ્સ-ખરિદ કિંમતના ૫૦ ટકા અથવા વધુમા વધુ રૂ. ૫૦૦ પ્રતિ હે.<br>પાક સંરક્ષણ સાધન -૧૬ લિ. થી ઓછી કેપેસિટી- કિંમતના ૫૦ ટકા અથવા રૂ. ૩૮૦૦ અને ૧૬ લિ. થી વધુ કેપેસિટી- કિંમતના ૫૦ ટકા અથવા રૂ. ૧૦,૦૦૦ |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | તેલીબિયાં પાકો જેવા કે મગફળી, દિવેલા, રાઈ, તલ, સોયાબીન અને ઓઇલપામનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે પ્રમાણીત બીજ વિતરણથી તેલીબિયાં પાકનો SSR વધારવો, ખેડૂતોને બીજ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા, તેલીબિયાં પાકોમાં પિયત સુવિધા થકી વાવેતર વિસ્તાર વધારવા આંતરપાક અને સ્થળાંતર કરવું, તેલીબિયાં પાકનું નિદર્શન પદ્ધત્તિ અને નવી ટેકનોલોજીથી પાક ઉત્પાદન વધારવું, ભાસ્મિક જમીનમાં જીપ્સમ નાખીને જમીનની સુધારણા કરી તેલીબિયાંનો વિસ્તાર વધારવો |

| | |
|---|---|
| યોજનાનું નામ: | એજીઆર-૫ રાષ્ટીય ખાધ્ય સુરક્ષા મિશન |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજ્યના તમામ ખેડૂતોને પ્રમાણીત બીજ વિતરણ, ગૌણ અને સુક્ષ્મ તત્વો, પાક સંરક્ષણ દવા, જીપ્સમ, કલ્સટર ડેમોસ્ટેશન/નિદર્શન, રોટાવેટર, પંપસેટ, ક્રોપીંગ સીસ્ટમ બેઝડ નિદર્શન, પાવર નેપસેક સ્પ્રેયર, અને અન્ય નિદર્શનો, વિગેરે ઘટકોમાં સહાય આપવી. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | પ્રમાણીત બીજ વિતરણ (ક્વિ.): રૂ. ૧,૦૦૦/- થી ૧૦,૦૦૦/- પ્રતિ ક્વિન્ટલ<br>ગૌણ અને સુક્ષ્મ તત્વો(હેકટર): કિંમતના ૫૦ ટકા અથવા |

‹ ›

| | |
|---|---|
| | રૂ.૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે.<br>પાક સંરક્ષણ દવા(હેકટર): કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે.<br>જીપ્સમ(હેકટર): કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૭૫૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે.<br>કલ્સટર ડેમોસ્ટેશન/નિદર્શન(હેકટર): રૂ.૬૦૦૦/- થી રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેકટર.<br>રોટાવેટર(સંખ્યા): કિંમતના ૪૦ટકા થી ૫૦ટકા અથવા રૂ.૩૪૦૦૦/- થી રૂ.૫૦,૪૦૦/- બેમાંથી જે ઓછું હોય તે.<br>પંપસેટ(સંખ્યા):કિંમતના ૫૦ટકા અથવા રૂ.૧૦૦૦૦/-બેમાંથી જે ઓછું હોય તે.<br>ક્રોપીંગ સીસ્ટમ બેઝડ નિદર્શન(હેકટર): રૂ. ૧૫૦૦૦/-પ્રતિ હેકટર<br>પાવર નેપસેક સ્પ્રેયર(સંખ્યા): કિંમતના ૪૦ ટકાથી ૫૦ ટકા અથવા રૂ.૨૫૦૦/- થી રૂ.૧૦,૦૦૦/-બેમાંથી જે ઓછું હોય તે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રિય : ૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | ૧૧મી પંચવર્ષીય યોજનાની ગાઇડ લાઇન મુજબ વર્ષ ૨૦૦૭-૦૮થી યોજના શરૂ કરવામાં આવી. વર્ષ ૨૦૧૪-૧૫થી ગાઇડ લાઇનમાં સુધારો થતા ચોખા, ઘઉં, કઠોળ અને બરછટ ધાન્ય ઉપરાંત રોકડીયા પાકો જેવા કે કપાસ અને શેરડી પાકોનો સમાવેશ કરવામાં આવ્યો. વધુમાં વર્ષ ૨૦૧૮-૧૯ ની સુધારા ગાઈડલાઈન મુજબ ન્યુટ્રી સીરીયલ પાકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો.<br>યોજના હેઠળ દેશમાં અમલી જિલ્લાઓમાં ચોખા, ઘઉં, કઠોળ અને બરછટ ધાન્યના વાવેતર વિસ્તાર અને ઉત્પાદકતા વૃદ્ધિથી ઉત્પાદન વધારવું. જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી.<br>કૃષિની અર્થવ્યવસ્થા સુદ્રઢ કરી ખેડૂતોમાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.<br>ખેડૂતોમાં આંતરપાક ખેતી પધ્ધતિ પ્રચલિત થશે. જેથી સ્થનિક પરીસ્થિતીને અનુરૂપ ઇનપુટનો આંતરપાક ખેતી પધ્ધતિ હેઠળ વ્યાપ વધારી ખેડૂતોને એકમ વિસ્તારમાંથી વધુ ઉત્પાદન અને વધુ નફો મળશે. SRI ટેકનિક દ્વારા રાજ્યમાં ઓછી પિયત અને ઓછા મજૂરી ખર્ચે ચોખા પાકની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારી ચોખા પકવતા તમામ ખેડૂતોની આવકમાં વધારો થશે અને આર્થિક સ્થિતી સુધરશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સબમીશન ઓન એગ્રીકલ્ચરલ મીકેનાઈઝેશન<br>કેન્દ્ર: ૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૩ ૦૫, રાજય: ૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૩ ૦૬, કેન્દ્ર: ૯૫ ૨૪૦૧ ૦૦ ૭૮૯ ૨૦, રાજય: ૯૫ ૨૪૦૧ ૦૦ ૭૮૯ ૨૧, કેન્દ્ર: ૯૬ ૨૪૦૧ ૦૦ ૭૯૬ ૬૬, રાજય: ૯૬ ૨૪૦૧ ૦૦ ૭૯૬ ૬૭ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | તાલીમ; ચકાસણી અને નિર્દેશન દ્વારા કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપવું. |

| | |
|---|---|
| | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીના નિર્દેશન, તાલીમ અને વહેચણી<br>ખેત ઓજાર/સાધન સામગ્રી વસાવવા માટે નાણાંકિય સહાય<br>કસ્ટમ હાયરીંગ માટે ફાર્મ મશીનરીની બેંક સ્થાપવા<br>હાઇ-ટેક, હાઇ પ્રોડકટીવ સાધનોનું હબ કસ્ટમ હાયરીંગ<br>પસંદગી પામેલ ગામોમાં કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપવુ |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | તાલીમ; ચકાસણી અને નિર્દેશન દ્વારા કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપવું. -૧૦૦% સહાય, @ રૂ.૪૦૦૦/- પ્રતિ હેકટર (૧૦૦ હેક.સુધી પ્રતિ ઋતુ). પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીના નિર્દેશન, તાલીમ અને વહેચણી - ૧૦૦% સહાય, @ રૂ.૪૦૦૦/- પ્રતિ હેકટર (૧૦૦ હેક.સુધી પ્રતિ ઋતુ). "ખેત ઓજાર / સાધન સામગ્રી વસાવવા માટે નાણાંકિય સહાય. - અનુ. જાતિ / જન જાતિ; નાના/ સિમાંત; મહિલા ખેડૂત ને કુલ ખર્ચના ૫૦ % અથવા રૂ. ૧.૨૫ લાખ એ બે માંથી જે ઓછુ હોય તે.<br>અને, અન્ય લાભાર્થીને કુલ ખર્ચ ના ૪૦ % અથવા રૂ. ૧.૦૦ લાખ એ બે માંથી જે ઓછુ હોય તે." કસ્ટમ હાયરીંગ માટે ફાર્મ મશીનરીની બેંક સ્થાપવા અંગે - પ્રોજેકટ ખર્ચના ૪૦ % અથવા ખર્ચ રૂ. ૨૪.૦૦ લાખ, બેંમાથી જે ઓછુ હોય તે.<br>હાઇ-ટેક, હાઇ પ્રોડકટીવ સાધનોનું હબ કસ્ટમ હાયરીંગ માટે ઊભા કરવા - પ્રોજેકટ ખર્ચના ૪૦ % અથવા ખર્ચ રૂ. ૧૦૦.૦૦ લાખ, બેંમાથી જે ઓછુ હોય તે. પસંદગી પામેલ ગામોમાં કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન આપવુ - ફાર્મ મશીનરી બેંકના ૮૦%, રૂ. ૧૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય :૪૦% કેન્દ્રિય :૬૦% અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | રાજયમાં કૃષિ યાંત્રિકરણનો વધારો થાય છે. રાજયની ફાર્મ પાવર અવેલીબીલીટીમાં વધારો થાય છે. ખેતમજૂરનો પ્રશ્ન ઘટાડી શકાય છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સબ મિશન ઓન સીડસ એન્ડ પ્લાન્ટીંગ મટીરીયલ (SMSP) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | સીડ વીલેઝ પ્રોગ્રામ, બીજ ચકાસણી પ્રયોગશાળાને સંગીન બનાવવી, સીડ પ્રોસેસીંગ પ્લાન્ટ |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતું નથી |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૪૦ કેન્દ્રિય : ૬૦ અન્ય : ૦૦,<br>જુદા જુદા ઘટકો માટે જુદો રેશિયો છે. |

| | |
|---|---|
| અપેક્ષીત આઉટકમ | ન્યુક્લીયસ બીજ ઉત્પાદનથી પ્રમાણીત બીજ ઉત્પાદન ચેઇન સુદ્રઢ કરી બીજ ફેરબદલ રેટમાં વધારો કરવો, નવી જાતોના વાવેતરને પ્રોત્સાહન પુરૂ પાડી વેરાઇટલ રીપ્લેસમેંટ્માં વધારો કરવો, સીડ ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસેલીટીમાં વધારો કરી બીજ ઉત્પાદન સંસ્થાઓની ગુણવત્તાયુકત બીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવો તેમજ બીજ બેંક થકી કુદરતી આફતો અનીશ્ચીત સંજોગોના સમયે બીજ ઉપલબ્ધી સુનિસ્ચિત કરવી, બીજ નિકાસને પ્રોત્સાહન તેમજ PPV & FRA હેઠળ ખેડુતોની કોઠાસુઝથી વિકસીત કરેલ જાતોને રક્ષણ પુરૂ પાડવું. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | તેલીબીયાં યોજના માટેનુ મહેકમ અને તેલીબીયાં પાકની આંતરપાક ખેત પધ્ધતિનુ નિદર્શન |
| ઘટકો અને પ્રવૃતિઓ: | આંતરપાક તેલીબીયાંમાં નિર્દર્શન |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના તમામ ખેડૂતો |
| સહાયનું ધોરણ | ડેમોંસ્ટ્રેશન- ઇંટરક્રોપિંગ- રૂ.૩૭૫૦/- પ્રતિ હે. |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ કેન્દ્રિય : ૦૦ અન્ય : ૦૦ |
| અપેક્ષીત આઉટકમ | ખેડૂતોમાં આંતરપાક ખેતી પધ્ધતિ પ્રચલિત થશે. જેથી સ્થનિક પરીસ્થિતીને અનુરૂપ ઇનપુટનો આંતરપાક ખેતી પધ્ધતિ હેઠળ વ્યાપ વધારી ખેડૂતોને એકમ વિસ્તારમાંથી વધુ ઉત્પાદન અને વધુ નફો મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૦૦૨ ૨૪૦૧ ૦૦ ૧૧૧ ૧૩<br>નેશનલ ઇ-ગવર્નન્સ પ્લાન ઇન એગ્રીકલ્ચર |
| ઘટકો અને પ્રવૃતિઓ: | આઇટી હાર્ડવેર્સ અને સોફ્ટવેર્સ જરૂરીયાત પ્રમાણે. |
| સંભવિત લાભાર્થીઓ: | લાગુ પડતું નથી |
| સહાયનું ધોરણ | લાગુ પડતું નથી |
| અમલીકરણ કચેરી | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રિય :- અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંગીન બનાવવું |

# ક્લાઈમેટ ચેન્જ વિભાગ

ગુજરાત સરકારે રાજ્યની જનતા માટે સાતત્યપૂર્ણ અને ક્લાઈમેટ ચેન્જ સામે સમક્ષ ભવિષ્યના નિર્માણના ઉદ્દેશ્ય સાથે અલાયદા ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના વર્ષ:૨૦૦૯ માં કરી છે. આ વિભાગ સરકારના વિવિધ વિભાગો વચ્ચે, સરકાર અને સમાજની વચ્ચે સેતૂ તરીકે ક્લાઈમેટ ચેન્જના પડકારોનો ઉકેલ લાવવાનું કાર્ય કરે છે. ગુજરાત વિશ્વમાં ચોથું, એશિયામાં પ્રથમ અને દેશનું પ્રથમ અને એકમાત્ર રાજ્ય છે, કે જ્યાં અલાયદો ક્લાઈમેટ ચેન્જ વિભાગ બનાવવામાં આવે છે. હોય. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) આ વિભાગના નેજા નીચે સંશોધન પર સલાહ અને સૂચન આપવાનું, ક્લાઈમેટ ચેન્જના સંદર્ભે યોજનાઓ ઘડવાનું, આર્થિક વિકાસને વેગ આપવા માટે પર્યાવરણીય અનુકૂળ તકનીકોને પ્રોત્સાહન આપવાનું તથા ક્લાઈમેટ ચેન્જના અનુકૂલન અને નમન અંગેની તકનીકો વિકસાવી.

ઉદ્દેશો

૧ આર્થિક વિકાસ માટે ક્લાઈમેટ- હવામાનને અનુકૂળ અને સ્વચ્છ માર્ગ અપનાવવો.

૨ ટેકનોલોજીની તબદીલી તેમજ GCF – ગ્રીન ક્લાઈમેટ ફંડ - ( હરિયાળા હવામાન ભંડૉળ)- સહિત ઓછા ખર્ચના આંતરરાષ્ટ્રીય ભંડોળની મદદથી વર્ષ:૨૦૩૦ની સાલ સુધીમાં અનશ્મીભૂત- પુન:પ્રાપ્ય -બળતણો થકી આશરે ૪૦% જેટલી કૂલ વીજ-ઉત્પાદનનીસ્થાપિતક્ષમતા હાંસલ કરવી.

૩ ખાસ કરીને કૃષિ,જળસંપદા,દરિયાકાંઠાના પ્રદેશો,આરોગ્ય અને હોનારત સર્જાય તે વખતના સંચાલન જેવા ક્ષેત્રો, કે જેના પર હવામાન પરિવર્તનની સવિશેષ અસર થાય છે, તે ક્ષેત્રોના વિકાસ કાર્યક્રમોમાં મૂડીરોકાણ વધારીને હવામાનમાં થતા પરિવર્તનને અનુકૂળ બનાવવું.

૪ રાજ્યમાં કટીંગ એજ - હવામાન પરિવર્તન ઓછું કરનાર ટેકનોલોજીના ઝડપી પ્રસાર માટે ક્ષમતાનિર્માણ કરવું. પોતાના સ્વદેશી માળખાનું નિર્માણ કરવું, આંતરરાષ્ટ્રીય સ્થાપત્ય વિકસાવવું.

૫ વાતાવરણમાં હરિતગૃહ અસર ઊભી કરતા વાયુઓ( અંગારવાયુ , મિથેન વગેરે ) ના પ્રમાણમાં ઘટાડો કરવા નવીન ટેકનોલોજી વિકસાવવી અને પગલાં સૂચવવા

વ્યૂહરચના

૧ જાહેર અને ખાનગી ક્ષેત્ર તેમજ રાજ્યના નાગરિકોને પણ વ્યક્તિગત અને સામૂહિક ધોરણે હવામાન પરિવર્તન બાબતે સભાન રહેવાની જરૂરિયાત પ્રત્યે જાગૃત કરવા,

૨ એક બાજુ જાહેર અને ખાનગી ક્ષેત્ર તેમજ બીજી બાજુ સરકારના વિવિધ વિભાગોના હવામાન પરિવર્તન સામેના પ્રયત્નોને પરસ્પર અનુરૂપ કરવા.

૩ પુનઃપ્રાપ્ય ઊર્જા થકી વીજ-ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવું અને વૈકલ્પિક બળતણોનો હિસ્સો વધારવો, અર્થતંત્રમાં, ખાસ કરીને ઉદ્યોગો, પરિવહન, બાંધકામ અને સાધનોના ક્ષેત્રે ઊર્જા કાર્યદક્ષતાને પ્રોત્સાહન પૂરું પાડવું.

૪ દરિયાના સ્તરમાં વધારા સહિત વિવિધ ક્ષેત્રો પર હવામાન – પરિવર્તનની અસરો અંગે સંશોધન અને વિકાસલક્ષી અભ્યાસ હાથ ધરવો.

૫ હવામાન પ્રત્યે સ્થિતિસ્થાપક હોય તેવાં પગલાંનું આયોજન કરી તેનો અમલ કરવો. તેમજ હવામાન પરિવર્તનની અસર થવાની શક્યતા હોય તેવી બાબત ઘટાડવી.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ | સીએલસી-૧ ૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૧<br>ક્લાઈમેટ ચેન્જ ટ્રસ્ટ ભંડોળ (સ્કીમ કોડ-૧૧૦૬૫૧) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ. | હવામાનમાં થતા પરિવર્તનોને અનુરૂપ અને કાર્બન-નિર્ગમમાં ઘટાડો કરતા પ્રોજેક્ટોને નાણાં-સહાય પૂરી પાડતી.<br>હવામાનને અનુકુળ પ્રવૃત્તિઓ અને પ્રોયોજનાઓને વિકસાવવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભંડોળ માટે સહાય પુરી પાડવી |
| નિર્ધારીત લક્ષ્યાંકો. | પ્રોજેક્ટનો અમલ કરતી એજન્સીઓ, સરકારી અને અર્ધ-સરકારી સંગઠનો વગેરે. |
| સહાયનું પ્રમાણ | લાગુ પડતું નથી. |
| અમલકર્તા એજન્સી. | ક્લાઈમેટ ચેન્જ વિભાગ. |
| ફંડીંગ પેટર્ન. | રાજ્ય: ૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ. | ક્લાઈમેટ ચેન્જને સંલગ્ન રાજ્ય સરકારની યોજનાઓનો અમલ (SAPCC), નવીન પ્રાયોજનાઓનો અમલ, હવામાનને અનુકૂળ ગ્રીન ટેકનોલોજીના વપરાશને પ્રોત્સાહન. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સીએલસી-૨ ૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૨<br>હવામાનમાં થતા પરિવર્તનોની અસરો અભ્યાસ અને તેને સંલગ્ન પ્રોજેક્ટો (સ્કીમ કોડ-૧૧૦૬૫૨) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ. | લાંબાગાળાની હવામાન પરિવર્તનની અસરો અંગે સંશોધન, કૃષિ, જળસંપદા, દરિયાના સ્તરમાં વધારો, વન અને જીવવૈવિધ્ય, આરોગ્ય વગેરે જેવા આર્થિક દ્રષ્ટિએ મહત્વના ક્ષેત્રો.<br>કચરામાંથી ઊર્જા બનાવવાની ટેકનોલોજીને પ્રોત્સાહન આપી સ્વચ્છ ભારત અભ્યાનનું ધ્યેય સિધ્ધ કરવું.<br>ક્લાઇમેટ ચેંજને લગતા નાના કદના સંશોધન અને નિર્દશન પ્રોજેક્ટને સહાય આપવી. |
| નિર્ધારીત લક્ષ્યાંકો. | સંશોધન પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ, યુનિવર્સિટી-વિશ્વવિદ્યાલયો, વૈજ્ઞાનિકો, નવપ્રવર્તકો- નવીન પ્રયોગકારો-નવીન પરિવર્તન લાવનારા,જાહેર જનતા વગેરે. |
| સહાયનું પ્રમાણ | લાગુ પડતું નથી. |
| અમલકર્તા એજન્સી. | ક્લાઈમેટ ચેન્જ વિભાગ |
| ફંડીંગ પેટર્ન. | રાજ્ય: ૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ. | હવામાન-પરિવર્તનની લાંબા ગાળાની અસરો અંગે અનુમાન-ધારણાઓ, અસરોના પ્રમાણની આકારણી, નુકસાનનું પ્રમાણ, નીતિવિષયક હસ્તક્ષેપ |

| | |
|---|---|
| યોજનાનું નામ | સીએલીસી-૩ ૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૩ ૦૩<br>માહિતી સંચાર અને તાલીમ<br>(સ્કીમ કોડ-૧૧૦૬૫૩) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ. | આયોજના અંતર્ગત હાથ ધરવા વિચારેલ પ્રવૃત્તિઓમાં મુદ્રણ અને વીજાણુ માધ્યમ મારફત આમ જનતામાં પુન:પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવી.<br>રાજ્ય તેમજ કેન્દ્ર કક્ષાની કાર્ય શિબિરો, ચર્ચા સત્રો, સંમેલનો અને પ્રદર્શનોમાં સહાય કરવી. |
| નિર્ધારીત લક્ષ્યાંકો. | આમ જનતા |
| સહાયનું પ્રમાણ | લાગુ પડતું નથી. |
| અમલકર્તા એજન્સી. | ક્લાઈમેટ ચેન્જ વિભાગ |
| ફંડીંગ પેટર્ન. | રાજ્ય: ૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ. | આમ જનતામાં પુન:પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા – સંરક્ષણ અંગે તેમજ પર્યાવરણ કથળતું અટકે તે માટે કાર્બન-નિર્ગમમાં ઘટાડા અંગે જનજાગૃતિનું નિર્માણ કરવું. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સીએલસી-૪<br>૧૦૮ ૩૪૩૫ ૦૩ ૧૦૨ ૦૪<br>ગ્રીન-હરિયાળી સૌર પ્રાયોજનાઓ (સ્કીમ કોડ-૧૧૦૬૫૪) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ. | ૨૦૨૨ ના વર્ષ સુધીમાં ૧૦૦ ગીગાવોટ વીજળી સૌર ઊર્જા દ્વારા હાંસલ કરવાના રાષ્ટ્રીય લક્ષ્યાંક સાથે રહેવા રાજ્યએ પણ ૨૦૨૨ ના વર્ષ સુધીમાં તેની સૌર ક્ષમતામાં વધારો કરીને ૮૦૦૦ મે.વો જેટલી કરવાની છે. એ માટે મહત્તમ સંખ્યામાં નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત મંત્રાલય, ભારત સરકાર તરફથીતથા રહેણાંક મકાનો પોતાની પ્રબધ્ધ ઊર્જા જરૂરિયાત પૂરી કરવા ગ્રીડ સાથે જોડાયેલ સૌર વીજ-ઉત્પાદન પધ્ધતિ અપનાવે એમ વિચારાયું છે. |
| નિર્ધારીત લક્ષ્યાંકો. | રહેણાક ઘરો, સરકારી કચેરીઓ. |
| સહાયનું પ્રમાણ | જીયુવીએનએલ દ્વારા સહાયકી યોજનાનું નિયમન |
| અમલકર્તા એજન્સી. | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી |
| ફંડીંગ પેટર્ન. | રહેણાંક મકાનો માટે રાજય અને નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત |

| | |
|---|---|
| | મંત્રાલય, ભારત સરકાર તરફથીમંજૂર કરવામાં આવે તે.<br>સરકારી કચેરીઓ માટે ૧૦૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ. | સ્વચ્છઅનેહરિયાળી વીજળી ઉત્પન્ન થશે, જેના પરિણામેકાર્બન-નિર્ગમ ટાળી શકાશે. અને કોલસાનો વ્યાપક પ્રમાણમાં થતો ઉપયોગ ન થતાં તેની બચત થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સીએલીસી-૫ ૧૦૮ ૨૮૧૦ ૦૦ ૮૦૦ ૦૧<br>ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી-જેડા-ને પુન:પ્રાપ્યઊર્જા માટે સહાય (સ્કીમ કોડ-૧૧૦૬૫૬) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ. | આયોજના અંતર્ગત વિવિધ લક્ષ્યાંકિત જૂથ માટે વિવિધ પ્રોજેકટોનો અમલ કરવામાં આવશે જેમ કે, બાયોગેસ પ્લાન્ટ, સોલાર ફોટોવોલ્ટેઈક અને સોલર થર્મલ ટેકનોલોજીથી ચાલતા સાધનો, બેટરીથી ચાલતા વાહનો, સુધારેલ સ્મશાન ભઠ્ઠી, ઊર્જા કાર્યદક્ષ સાધનો જેવા કે એલ.ઇ.ડી ટ્યુબલાઇટ કાર્યદક્ષ પંખા વગેરે અને ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ કાર્યક્રમો, તાલીમ વગેરે. |
| નિર્ધારીત લક્ષ્યાંકો. | પાંજરાપોળો, ગૌશાળાઓ, સરકારી શાળાઓ/છાત્રાલયો, સરકારી મકાનો, ખેડુતો, વિદ્યાર્થીઓ, ગ્રામપંચાયતો અને આમ જનતા. |
| સહાયનું પ્રમાણ | લાગુ પડતું નથી. |
| અમલકર્તા એજન્સી. | ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી |
| ફંડીંગ પેટર્ન. | બાયોગેસ-રાજ્ય: ૭૫%, લાભાર્થી:૨૫%<br>સોલર ફોટોવોલ્ટેઈક/થર્મલ-રાજ્ય:૧૦૦%<br>બેટરીથી દ્વારા ચાલતા દ્રીચક્રી વાહનો – રાજ્ય:૨૦%, લાભાર્થી:૮૦%<br>બેટરીથી દ્વારા ચાલતી રિક્ષા–રાજ્ય:૨૦%, લાભાર્થી:૮૦%<br>સુધારેલ સ્મશાન ભઠ્ઠી-રાજ્ય:લાભાર્થી – ૩:૯૭%<br>શાળાઓમાં એલ.ઇ.ડી ટ્યુબલાઇટ/કાર્યદક્ષ પંખા: રાજય -૧૦૦% |

# શિક્ષણ વિભાગ

શિક્ષણ વિભાગ વિશે

જ્યારે ૧લી મે, ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થઇ ત્યારે શિક્ષણ વિભાગ સાથે અન્ય ક્ષેત્રો જેવા કે સામાજિક ન્યાય, શ્રમ, નશાબંધી, આબકારી તથા રોજગાર પણ સંકળાયેલ હતા. ઑગષ્ટ, ૧૯૭૬ થી શિક્ષણ વિભાગ એક અલગ વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો જે પ્રાથમિક શિક્ષણ, નિરંતર શિક્ષણ, સાક્ષરતા શિક્ષણ, માધ્યમિક શિક્ષણ તથા ટેકનીકલ શિક્ષણ જેવા શિક્ષણ ક્ષેત્રોનું નિયમન કરે છે.

વિભાગના ઉદ્દેશો

1. ૬ થી ૧૪ વર્ષના વયજૂથના બાળકો માટે પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું
2. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવુ
3. માળખાગત સુવિધાઓ ઉભી કરવી અને શિક્ષકોને તાલીમ આપવી
4. શિક્ષણ ક્ષેત્રે અમલીકરણની ગુણવત્તામાં સુધારણા કરવી

શિક્ષણ વિભાગ હેઠળના કેટલાક ખાતાના વડાની સંક્ષિપ્ત માહિતી નીચે મુજબ છે.

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ડિસેમ્બર, ૧૯૮૬થી શરૂ કરવામાં આવીછે. રાજયમાં પ્રાથમિક શિક્ષણને ફરજિયાત, સાર્વત્રિક અને મફત બનાવવામાં આવેલ છે.

પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું રાજ્ય સરકારનું ધ્યેય છે, આપણે Right of Children to Free and Compulsory Education Act-2009 નો અમલ કરવા પ્રતિબધ્ધ છીએ. કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાદિપ વિમા યોજના, વિદ્યાસહાયક ભરતી, વર્ગખંડોનું બાંધકામ, કોમ્પ્યુટર આધારિત અદ્યતન શિક્ષણ, કન્યાઓ માટે અલગથી સેનીટેશનની સુવિધા વગેરે પ્રોત્સાહક યોજનાઓ દ્વારા એનરોલમેન્ટને ૧૦૦ ટકા સુધી પહોંચાડવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રત્યેની પ્રતિબધ્ધતાને કારણે  ડ્રોપ-આઉટ રેશીયોમાં પણ નોંધપાત્ર રીતે ઘટાડો થયો છે. રાજ્ય સરકારની પ્રતિબધ્ધતાને કારણે Right of Children to Free and Compulsory Education Act-2009 નું અસરકારક અને નોંધપાત્ર અમલીકરણ થયું છે, જેને લીધે ખાસ વર્ગના ૨૫% વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે જેઓની સંપૂર્ણ ફી રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત ગણવેશ, સ્કુલ બેગ, પગરખા તથા અન્ય આનુષાંગિક શૈક્ષણિક સામગ્રી માટે રૂ.૩૦૦૦ પ્રતિ વિદ્યાર્થી પ્રતિ વર્ષ ચૂકવવામાં આવે છે.

આમ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રને રાજ્ય સરકાર દ્વારા અગ્રતા આપવામાં આવેલ છે.

સમગ્ર શિક્ષા અભિયાન

ભારત સરકાર અને રાજય સરકારના સહયોગથી દેશનો એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ સમગ્ર શિક્ષા અભિયાન વર્ષ ૨૦૦૧-૦૨ માં ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો હતો. આ પરિયોજના ધ્વારા ૬-૧૪ વર્ષ વય જુથના તમામ બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ પુરૂં પાડીને પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકરણ સિધ્ધ કરવાનું લક્ષ્ય નિર્ધારીત છે.

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત એસએસએ ની વિવિધ પ્રવુતિઓ જેવી કે ટ્રાંસપોર્ટ/એસ્કોર્ટ, સરકારી શાળાઓમા અભ્યાસ કરતા બાળકોને આરટીઇ એકટ ૨૦૦૯ ના સેક્શન૧૨(૧)(સી)મુજબ ભરેલ ફીના ૨૫ ટકા રીએમ્બરમેન્ટ, શાળા બહારના બાળકો માટે ખાસ તાલીમ, ફ્રી ટેક્ષ બુક, ટીચર્સ સેલેરી, બીઆરસી-સીઆરસી સેલેરી, ટીચર્સ ટ્રેનિંગ, સ્કૂલ ગ્રાન્ટ, મેઇન્ટેનન્સ ગ્રાન્ટ, ઇનોવેશન હેડ હેઠળ જીલ્લાઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટ, મેનેજમેન્ટ એન્ડ એલઇપી તથા  સ્ટેટ કમ્પોનેટ, અન્ય વહીવટી ખર્ચ તેમજ એસએમસી પીઆરઆઇ ટ્રેનિંગ તથા કસ્તુરબા ગાંધી વિધાલય રેસીડેન્સીયલ હોસ્ટેલ કમ સ્કુલો જેવી વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત રાઇટ ટુ એજયુકેશન એકટ (RTE) ૨૦૦૯ અન્વયે શાળાઓને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડ પૂરી પાડવાની થાય છે. જે અન્વયે કલાસરૂમ બાંધકામ, ગર્લ્સ ટોઇલેટ, બોયઝ ટોઇલેટ, CWSN ટોઇલેટ, બીઆરસી ભવન, શાળા મરામત, ટોયલેટ મરામત, રેમ્પ, ગર્લ્સ હોસ્ટેલ વગેરે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે

પ્રાથમિક શાળામાં પ્રવૃત્તિ દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ, કન્યા શિક્ષણને પ્રોત્સાહન, ટેકનોલોજીના ઉપયોગથી ગુણવત્તાલક્ષી શિક્ષણ એસએસએ અંતર્ગત  હાથ ધરવામાં આવે છે.

નિયામકશ્રી, શાળાઓની કચેરી

આ કચેરી ધ્વારા રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો વિકાસ તથા વ્યવસ્થાપન કરવામાં આવે છે. એનરોલમેન્ટ રેશીયોમાં વૃદ્ધિની સાથે સાથે ગુણવત્તાસભર શિક્ષણ પુરું પાડવું એ મુખ્ય ઉદ્દેશ છે.

આ કચેરી ધ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને લગતી યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે, જેવી કે વિદ્યાર્થીઓ માટે વિદ્યાદિપ વિમા યોજના, શિક્ષકોને કર્મયોગી તાલીમ, તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, વિદ્યાર્થીઓ માટે ફી કન્સેશન પાસ અને મફત પાઠય પુસ્તક તથા આદિજાતિ વિસ્તારોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિકાસ માટે ખાસ અનુદાન આપવામાં આવે છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઇઆરટી) - ગાંધીનગર

હેતુઓ:

- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ, શૈક્ષણિક સંશોધન, વિસ્તરણ કાર્યક્રમો અને તાલીમ પ્રવૃત્તિઓ કરવી.
- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને લગતી નીતિઓ અને મહત્વના કાર્યક્રમોના અમલીકરણ બાબતે રાજ્યના શિક્ષણ વિભાગને સહાય / સલાહ આપવી.
- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના ગુણાત્મક સુધારણા માટેના વિવિધ પાસાઓ પર તાલીમ કાર્યક્રમો યોજવા.

કાર્યયોજનાઃ

રાજયમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તામાં સુધાર, બાળકોનાં સર્વાંગિણ વિકાસ તથા શિક્ષકોની સજ્જતામાં વધારો કરવા માટેનાં અનેક પ્રયાસો જીસીઇઆરટી દ્વારા કરવામાં આવે છે. જીસીઇઆરટી એ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શૈક્ષણિક સંશોધન અને તાલીમ માટેની એક મહત્વની સંસ્થા છે. જીસીઇઆરટી મુખ્ય ચાર સ્તંભો આધારિત કામગીરી કરે છે. શિક્ષણ, તાલીમ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ.

શૈક્ષણિક તથા વ્યાવસાયિક સપોર્ટ માટે જીસીઇઆરટીના જુદા જુદા વિભાગો જેવા કે, ટીચર એજયુકેશન/ તાલીમ, કરીકયુલમ એન્ડ ઇવેલ્યુએશન, પબ્લીકેશન એન્ડ લાયબ્રેરી, રીસર્ચ એન્ડ ઇનોવેશન, સાયન્સ એન્ડ મેથેમેટીકસ, પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ, ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનીકેશન ટેકનોલોજી, દુરવર્તિ શિક્ષણ, વસતિ શિક્ષણ, GSQAC ... વગેરે કાર્યરત છે.

જીસીઇઆરટી દ્વારા વિવિધ પ્રવૃતિઓ જેમ કે શાળાનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરી તેને એક્રેડિટેશન આપવાની પ્રક્રિયા, Gujarat Repository of Open & Wider Educational Resources (GROWER), વંદે ગુજરાત ચેનલ 5 થી 8માં વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું નિર્માણ અને પ્રસારણ (૨૪*૭), DIKSHA Platform ના માધ્યમથી શિક્ષકો માટે વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેના ઓન-લાઇન કોર્સીસ, વેબિનાર, Energized Textbooks (ધોરણ 3 થી 8, તમામ વિષયો), ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન, જુદા જુદા વિષયો માટે વર્કબુક, Educational Innovation Exhibition, બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળા, વિવિધ વિષયો આધારીત તાલીમ જેવી અન્ય વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે.

કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના

ભારતમાં મધ્યાહ્ન ભોજન યોજના લાગુ કરનાર ગુજરાત રાજ્ય બીજું રાજ્ય છે.મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરેલ યોજના છે.જેના અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના વય-જૂથના બાળકો એટલે કે ધોરણ ૧ થી ૮ નાં બાળકોને દિવસ દરમ્યાન તાજું, ગરમ અને પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓના બાળકોને મધ્યાહ્ન ભોજન પૂરું પાડવાની યોજના ૧૯૮૪ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માટેનો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્ધારા ૬૦ : ૪૦ના ગુણોત્તરમાં કરવામાં આવે છે.

હેતુ :-

(૧) શાળામાં હાજરીમાં વધારો કરવાનો છે.

(૨) શાળા છોડી જતા બાળકોની સંખ્યામાં ઘટાડો થાય છે.

(3) પોષણની સ્થિતિ સુધારવી અને શિક્ષણની ગુણવત્તા વધે છે.

સુખડી યોજના

- આ યોજનાનો ઉદ્દેશ બાળકોના ખોરાકમાં અનાજનો વપરાશ વધારવાનો અને તે થકી તેમનામાં પ્રોટીન અને કેલેરીનું પ્રમાણ વધારવાનો છે.
- CFTRI અને પોષણયુક્ત આહારના નિષ્ણાતો દ્વારા મંજુર કરાયેલ સુખડી બનાવવાની રીતથી તૈયાર કરેલ સુખડી અઠવાડિયામાં એકવાર આપવામાં આવે છે. આ સુખડી ઘઉં, તેલ અને ગોળમાંથી બનાવવામાં આવે છે.

દૂધ સંજીવની યોજના

- રાજ્યના ૧૨ જિલ્લાના ૨૬ વિકાસશીલ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના બાળકોને દૈનિક ૨૦૦ મીલીલિટર ફ્લેવર્ડ દૂધ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.
- આ યોજના હેઠળ બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

અન્ન સંગમ યોજના:

- આ યોજનાનો ઉદ્દેશ ઓછામાં ઓછું ધોરણ-૮ સુધીની આદિજાતિની બાળાઓની શાળામાં હાજરીમાં વધારો કરવા અને શાળા છોડી જતી આદિજાતિ બાળાઓની સંખ્યામાં ઘટાડો કરવા માટેનો છે.
- આદિજાતિ વિસ્તારોમાં બાળાઓના વાલીઓને અન્ન સંગમ યોજના અંતર્ગત બાળાદીઠ ૬૦ કિગ્રા અનાજ આપવાની યોજના છે, જેમાં સત્ર દીઠ ૧૫ કિગ્રા ઘઉં, અને ૧૫ કિગ્રા ચોખા આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- જે આદિજાતિ બાળાએ વર્ષ દરમ્યાન વર્ગમાં ૭૦ ટકા હાજરી નોંધાવેલ હોય તેમને આ યોજનાનો લાભ મળે છે.
- કુટુંબદીઠ વધુમાં વધુ બે બાળાઓને લાભ આપવામાં આવે છે.
- આ યોજનાનું અમલીકરણ ૧૪ આદિજાતિ જિલ્લામાં થઇ રહ્યું છે.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

રાજ્ય જ્ઞાન આધારીત સમાજ (નોલેજ સોસાયટી) તરફ પ્રયાણ કરે છે ત્યારે એવા માનવ સંસાધનોની નિર્મિતી કરવી તદ્દન જરૂરી બને છે. જે આ જ્ઞાન આધારીત સમાજને રચી શકે.તેમજ તેમાં વસી શકે આમ કરવાના આશયથી રાજ્યએ પરિવર્તનાત્મક સુધારા શરૂ કર્યા છે કે જેના ઉપક્રમે રાજ્યમાં વિશ્વ કક્ષાની સંસ્થાઓ બનાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. આ સંસ્થાઓમાં સંશોધન, વૈશ્વિકરણ, નીપજ આધરિત આભ્યાસક્રમ જે ચોઈસ બેઈઝડ ક્રેડિટ સિસ્ટમ (CBCS)ના ઉપક્રમે તૈયાર કરવામાં આવેલ છે. તેમજ વિદ્યાર્થીઓની બહુઆયામી બુદ્ધિમતાને વિકસાવવા માટે તેમજ સર્વાંગી ઉત્કૃષ્ટતા માટે પણ પહેલ કરવામાં આવેલ છે. ખાસ હોનહાર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિની યોજના પણ ઘડવામાં આવી છે. તેમજ વૈશ્વિકરણના સંદર્ભમાં વિદેશી ભાષાને પણ ભણાવવા માટેની ડિજીટલ એજ્યુકેશનલ લર્નીંગ લેબોરીટરી (DELL) ની સ્થાપના કરવામાં આવેલ છે.

ટેકનીકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

આ કચેરીનો મુખ્ય હેતુ ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રનો વિકાસમાર્ગ તૈયાર કરી રાજ્યમાં ટેકનીકલ શિક્ષણનો વ્યાપ અને  ગુણવત્તા વધારવાનો છે. આ ઉપરાંત રાજ્યની સ્ટાર્ટ અપ અને ઇનોવેશન પોલીસીને અનુરૂપ વિદ્યાર્થીઓમાં આ સંસ્કૃતિનો વિકાસ થાય તે માટેની વ્યવસ્થા અને વાતાવરણ પુરું પાડી વ્યવસાયની તકોમાં વૃદ્ધિનો ધ્યેય છે.

ઉક્ત હેતુઓ સિધ્ધ કરવા માટેની વ્યૂહરચના:

1. ઔધોગીક અને સામાજિક જરૂરીયાત મુજબ નવા અભ્યાસક્રમો, નવી સંસ્થાઓ તથા અન્ય માળખાગત સુવિધાઓ દ્વારા  ટેકનિકલ શિક્ષણની સુવિધાઓમાં વૃદ્ધિ  કરવી.

2. ટેકનિકલ શિક્ષણ હસ્તકની સરકારી સંસ્થાઓનું એકંદર વ્યવસ્થાપન તથા માળખાકીય સુવિધાઓ ઉભી કરવી.

3. કેન્દ્રીય પ્રવેશ સમિતી (ACPC & ACPDC), ફી નિયમન સમિતી (FRC), ટેકનિકલ શિક્ષણ બોર્ડ (TEB), ગુજરાત ટેકનિકલ શિક્ષણ રીસર્ચ સોસાયટીનું નિયમન (GTERS) અને મદદ.

4. પ્રોફેશનલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં સરળ, પારદર્શી અને ઓન-લાઇન પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન તથા નિયમન.

5. પ્રોફેશનલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓનું ફી નિયમન સમિતી (FRC) મારફત ફી નિર્ધારણ.

6. રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે ઇનોવેશન અને સ્ટાર્ટ અપ ને પ્રોત્સાહન આપવુ.

7. માનવ સંશાધન વિકાસ મંત્રાલય(MHRD) જેવા કેંન્દ્રીય વિભાગો તથા વૈધાનિક સંસ્થાઓ જેવીકે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE), ફાર્મસી કાઉન્સીલ ઑફ ઈન્ડિયા (PCI), કાઉન્સીલ ઑફ આર્કિટેક્ચર (CoA), નેશનલ બોર્ડ ઑફ એક્રિડેશન (NBA) વિગેરે સાથે સંકલન.

8. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી અને ઇન્સ્ટીટ્યુટ ઑફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રીસર્ચ એન્ડ મેનેજેમેન્ટ, અમદાવાદ (IITRAM)ને નાણાકીય સહાય.

9. રાજ્યની ટેકનીકલ શિક્ષણ પ્રદાન કરતી અનુદાનિત અને સ્વ-નિર્ભર સંસ્થાઓનું નિર્ધારીત પરીસિમામાં નિયમન.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ | એસએસએ-૦૧<br>૦૯-૨૨૦૨-૦૧-૧૧૩-૦૨<br>૦૯-૨૨૦૨-૦૧-૧૧૩-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૩-૦૧<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૩-૦૨<br>૯૫- ૨૨૦૨-૦૧-૭૮૯-૦૧<br>૯૫- ૨૨૦૨-૦૧-૭૮૯-૦૨<br>૯૫- ૨૨૦૨-૦૨-૭૮૯-૦૧<br>૯૫- ૨૨૦૨-૦૨-૭૮૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૪૫<br>૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૪૬<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૨૪<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૨૫<br>સમગ્ર શિક્ષા અભિયાન |
| ઘટકો અને પ્રવૃતિઓ | • ટ્રાંસપોર્ટ/એસ્કોર્ટ,<br>• સરકારી શાળાઓમા અભ્યાસ કરતા બાળકોને આરટીઇ એક્ટ ૨૦૦૯ ના સેક્શન૧૨(૧)(સી)મુજબ ભરેલ ફીના ૨૫ ટકા રીએમ્બરમેન્ટ,<br>• શાળા બહારના બાળકો માટે ખાસ તાલીમ,<br>• ફ્રી ટેક્ષ બુક,<br>• ટીચર્સ સેલેરી, ટીચર્સ ટ્રેનિંગ,<br>• બીઆરસી-સીઆરસી સેલેરી,<br>કેલ ઇનોવેશન સ્કૂલ ગ્રાન્ટ, મેઇન્ટેનન્સ ગ્રાન્ટ, મેનેજમેન્ટ એન્ડ એલઇપી તથા  સ્ટેટ કમ્પોનેટ, તથા કસ્તુરબા ગાંધી વિદ્યાલય રેસીડેન્સીયલ હોસ્ટેલ કમ સ્કુલો |
| સંભવિત લાભાર્થીઓ | પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |
| અમલીકરણ કચેરી | સમગ્ર શિક્ષા અભિયાન |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૬૦ % કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પ્રાથમિક શિક્ષણની પહોંચ વધશે, પ્રાથમિક શિક્ષણમાં લિગ અને સામાજીક અંતર દૂર થશે અને શિક્ષણ શીખવવાની ગુણવત્તામાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | એસએસએ-૦૩<br>૦૯-૪૨૦૨-૦૧-૨૦૧-૧૪<br>૦૯-૪૨૦૨-૦૧-૨૦૧-૧૫<br>૦૯-૪૨૦૨-૦૧-૨૦૨-૦૩<br>૦૯-૪૨૦૨-૦૧-૨૦૨-૦૪<br>૯૫-૪૨૦૨-૦૧-૭૮૯-૦૧<br>૯૫-૪૨૦૨-૦૧-૭૮૯-૦૨<br>૯૫-૪૨૦૨-૦૧-૭૮૯-૦૩<br>૯૫-૪૨૦૨-૦૧-૭૮૯-૦૪<br>૯૬-૪૨૦૨-૦૧-૭૯૬-૫૦<br>૯૬-૪૨૦૨-૦૧-૭૯૬-૫૧<br>૯૬-૪૨૦૨-૦૧-૭૯૬-૫૨<br>૯૬-૪૨૦૨-૦૧-૭૯૬-૫૩<br>સમગ્ર શિક્ષા અભિયાન (સિવિલ વર્કસ) |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાઇટ ટુ એજયુકેશન એકટ (RTE) ૨૦૦૯ અન્વયે તમામ શાળાઓને ઇન્ફ્રાસ્ટ્રકચરની સગવડ પૂરી પાડવાની થાય છે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં બાંધકામની સુવિધા પુરી પાડવી |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |
| અમલીકરણ કચેરી | સમગ્ર શિક્ષા અભિયાન |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૬૦ % કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ગખંડોના નિર્માણ દ્વારા સારૂ શૈક્ષણિક વાતાવરણ પુરૂ પાડવું |

| | |
|---|---|
| યોજનાનું નામ | એસએસએ-૦૪<br>૦૯- ૨૨૦૨-૦૧-૧૧૧-૦૧<br>૯૫- ૨૨૦૨-૦૧-૧૧૧-૦૧<br>૯૬- ૨૨૦૨-૦૧-૭૯૬-૪૦<br>મહિલા સામખ્ય, ગુજરાત |
| ઘટકો અને પ્રવૃતિઓ | મહિલા સામખ્યે, ગુજરાત (એજયુકેશન ફોર વુમન ઇકવાલીટી) કાર્યક્રમ વર્ષ ૧૯૮૯ થી પાયલોટ પ્રોજેકટ તરીકે ગ્રામ્યગ ની મહિલાને શિક્ષણ અને સશક્તિકરણ કરવા તેમજ સામાજિક અને આર્થિક રીતે પગરભર કરવાના હેતુથી નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે.<br>• મહિલા અને કિશોરીઓના સશક્તિકરણ માટે શિક્ષણ,<br>• આરોગ્ય, કાયદો, આર્થિક અને પંચાયતને લગતી વિવિધ કામગીરી |
| સંભવિત લાભાર્થીઓ | મહિલા અને કિશોરીઓના સશક્તિકરણ માટે |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |

| | |
|---|---|
| અમલીકરણ કચેરી | મહિલા સામખ્યશ, ગુજરાત |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ % રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | હાલમાં રાજય સરકારના કાર્યક્રમમાં મહિલાઓ સશક્ત રીતે જી.ઓ.જી / નોન જી.ઓજી. જેવી સંસ્થાશઓમાં ફાળો આપી રહી છે અને પંચાયતને લગતી વિવિધ કામગીરીમાં પોતાનું યોગદાન આપી રહી છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | ડીપીઇ-૦૪<br>૦૯-૨૨૦૨-૦૧-૦૫૩-૦૨<br>૯૫-૨૨૦૨-૦૧-૧૦૬-૦૮<br>૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૪૩<br>વર્ગખંડોની પુન:સજાવટ |
| ઘટકો અને પ્રવૃતિઓ | આ યોજના હેઠળ રાજયની પ્રાથમિક શાળાઓમાં મરામત કામગીરી કરવાવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | પ્રાથમિક શાળાઓ |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |
| અમલીકરણ કચેરી | સમગ્ર શિક્ષા અભિયાન |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | 100% GOG |
| અપેક્ષિત આઉટકમ | બાળકો અને શિક્ષકોને શૈક્ષણીક વાતાવરણ પૂરૂં પાડવા |

| | |
|---|---|
| યોજનાનું નામ | ડીપીઇ-૦૯<br>૦૯-૨૨૦૨-૦૧-૧૦૬-૧૦<br>૯૫- ૨૨૦૨-૦૧-૧૦૬-૧૩<br>૯૬-૨૨૦૨-૦૧-૭૯૬-૩૭<br>નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ (ડીપીઇપી) |
| ઘટકો અને પ્રવૃતિઓ | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત રજુ કરવામાં આવતા ઇડીએન-૧૦ ના બજેટ પૈકી સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કરવામાં આવતી વિવિધ પ્રવુતિઓ જેવીકે<br>સીઆરસી સેલેરી, કન્યાઓ માટે નિવાસી વ્યવસ્થા (ધો.૬ થી ૮) (ધો.૯ થી ૧૦),પ્રાથમિક શાળાઓમાં ઇંટરનેટ કનેકટીવીટી અને વર્ચયુઅલ કલાસરૂમ, વાયબ્રન્ટ શાળા (જ્ઞાનકુંજ), શાળાઓમાં કોમ્પ્યુટર એડેડ લર્નિંગ લેબ, આઇ.ઇ.સી. કોમ્યુનિટી મોબીલાઇઝેશન, જી.કે.એન્ડ આઇ.કયુ.ટેસ્ટ બુકલેટ પબ્લીનકેશન પ્રેયર સોગ અને યુનિટ ટેસ્ટ, ગ્રામ જ્ઞાન કેંદ્ર, જીપીએસ બેઝ ટેબલેટ, બ્લોક રીસોર્સ સેન્ટર ખાતે ઇન્ટરનેટની કનેકટીવીટી સહીત કોમ્પયુટર સુવિધા વિકસાવવા અંગે, સ્માર્ટ સ્કુલ, શાળા |

| | |
|---|---|
| | સ્વચ્છતા કીટ, પ્રજ્ઞા વર્ગખંડ સજ્જતા, શાળા સજ્જતા મેથ્સ એન્ડ સાયન્સ કીટસ, ધો.૩ થી ૮ સુધીના બાળકો માટે ગણિતની વર્કબૂક તથા ધો. ૬ થી ૮ સુધીના બાળકો માટે વિજ્ઞાન વિષયની વર્કબૂક, શાળાઅને વિધ્યાર્થિઓની સુરક્ષા અને સલામતી સાધનો અને વ્યવસ્થા,, મીનીએચર સ્પોર્ટસ ઇકવીપમેન્ટ (ટર્નબોલ, બાસ્કેટ બોલ, ફુટ બોલ, ટેબલ ટેનીસ, બેડમીન્ટન), બ્લોક રીસોર્સ સેન્ટર ખાતે થેરાપીની સગવડ વિકસાવવા અંગે, વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકોને સાધન સહાય |
| સંભવિત લાભાર્થીઓ | પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |
| અમલીકરણ કચેરી | સમગ્ર શિક્ષા અભિયાન |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | 100% GOG |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પ્રાથમિક શાળામાં પ્રવૃત્તિ દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ, કન્યા શિક્ષણને પ્રોત્સાહન, ટેકનોલોજીના ઉપયોગથી ગુણવત્તાલક્ષી શિક્ષણ, વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિ |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૧<br>૦૯-૨૨૦૨-૮૦-૦૦૧-૧૮<br>કમિશનર શાળાઓની કચેરી અને જિલ્લા માટે ભાડાના વાહન રાખવા બાબત. |
| ઘટકો અને પ્રવૃતિઓ | આઇસીટીયોજનાનું અમલીકરણઆર.એમ.એસ.એ.<br>સેલનીકામગીરી, ગર્લ્સ હોસ્ટેલ, મોડેલ સ્કુલ, રાજયની શાળાઓની આકસ્મિક તપાસ, કોર્ટ કેસોઅંગેની અવાર નવાર હાઇ કોર્ટ તથા ટ્રીબ્યુનલનીકામગીરી માટે, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીના ઇન્સપેકશનની કામગીરીમાટે ભાડાના વાહનની જરૂરીયાત રહેશે. |
| સંભવિત લાભાર્થીઓ | કમિશનર કચેરીનો સ્ટાફ અને ૦૧ જિલ્લા કક્ષાએ |
| સહાયનું પ્રમાણ | નિયમોનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી શાળાઓ અને જિલ્લાશિક્ષણાધીકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વાહનની સુવિધા મળવાથી રાજય તથા જિલ્લા કક્ષાની કચેરીના ઇન્સ્પેકશનનો સમય મર્યાદામાં કરી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૧<br>૦૯-૨૨૦૨-૮૦-૦૦૧-૧૮<br>કમિશનર કચેરી અને જિલ્લા કચેરીઓની માળખાકીય સુવિધાઓ |
| ઘટકો અને પ્રવૃતિઓ | આ યોજના ધ્વારા કમિશનર કચેરી અને જિલ્લા કચેરીઓની માળખાકીય સુવિધાઓમાં વધારો થશે. |
| સંભવિત લાભાર્થીઓ | રાજય કક્ષા અને જિલ્લાઓની કચેરી |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી શાળાઓની કચેરી અને જિલ્લાશિક્ષણાધીકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | માળખાકીય સુવિધાના કારણે કચેરીઓની ગુણવત્તામાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૧<br>૦૯-૨૨૦૨-૮૦-૦૦૧-૧૮<br>કમિશનર કચેરી અને જિલ્લાઓની કચેરીના પગારભથ્થા |
| ઘટકો અને પ્રવૃતિઓ | કમિશનર કચેરી અને જિલ્લાઓની કચેરીના અધિકારી<br>/કર્મચારીઓના પગાર ભથ્થા તથા અન્ય ખર્ચ. |
| સંભવિત લાભાર્થીઓ | જગ્યાઓ |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશ્નર શાળાઓની કચેરી તથા જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | કમિશનર કચેરી અને જિલ્લાઓની કચેરીના અધિકારી<br>/કર્મચારીઓના સમયસર પગાર ભથ્થાની ચૂકવણી અંગેનો ખર્ચ કરી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>યોગ શિક્ષણ |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયના ૩૩ જિલ્લાઓની સરકારી/બિનસરકારી અનુદાનિતમાધ્યમિકશાળાના વિદ્યાર્થીઓને યોગનું શિક્ષણ આપવાનું પ્રયોજન છે. પ્રતિવર્ષ ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વની ઉજવણીવખતે પણ આ પ્રવૃતી કરવા પ્રયોજન છે. |

INDEX

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ | જિલ્લાઓ |
| સહાયનું પ્રમાણ | નિયમ અનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | -વિધાર્થીઓઅને શિક્ષકોનીશારિરીક તથાઅને માનસિક રીતેકાર્યક્ષમતા વધશે.- શૈક્ષણીક કાર્ય અસરકારક થશે. |
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>વિધાદીપ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ | ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં રૂ. 50,000 / - પરિવારોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજનાનું પ્રિમેયમ રાજ્ય સરકાર દ્ધારા ચુકવવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | વિધાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | અવસાનના કેસમાં વિધાર્થીદીઠ રૂા.૫૦,૦૦૦/-ની સહાય આપવાની યોજના છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિધાર્થીના અકસ્માતે મુત્યુના કિસ્સામાં તેના કુટુંબને આર્થીક સહાય મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારો |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં બિન આદિજાતિ, આદિજાતિ અને ખાસ અંગભુત યોજના હેઠળના વિસ્તારોની શાળાઓમાં વિધાર્થી સંખ્યામાં વધારો થતા ક્રમિક વર્ગવધારો આપવાની યોજના છે. એક વર્ગ દીઠ ૧.૫ શિક્ષકના રેશિયા પ્રમાણે |
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો અને વિધાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | ૬૦ વિધાર્થી દીઠ ૧.૫ શિક્ષક |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | શિક્ષણની વધારાની જરૂરીયાત સંતોષાશે. જરૂરીયાત મુજબના શિક્ષકો પુરા પાડી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>સ્વનિર્ભર શાળાઓને આર્થિક સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ | વર્ષ: ૨૦૧૪ થી આ યોજના હેઠળ સ્વનિર્ભર(નોનગ્રાન્ટેડ) શાળાઓને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવે છે. આ હેતુ માટે રજ્ય સરકાર તરફથી પ્રતિ વિધાર્થી દીઠ રૂ. ૭૫૦૦/- ની આર્થિક સહાય પૂરૂ પાડવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | વિધાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | વિધાર્થી દીઠ રૂા.૭૫૦૦/- લેખે સહાય આપવામાં આવે છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓનીકચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સ્વનિર્ભર શાળાઓ ગુણવત્તા યુકત શિક્ષણ પુરુ પાડવા પ્રોત્સાહિત થશે અને વાલીઓનો આર્થીક બોજો ઘટશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં પ્રવાસી શિક્ષક |
| ઘટકો અને પ્રવૃતિઓ | બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને જે તે વિષયની ખાલી જગ્યા પર ભરતી ન થાય ત્યાં સુધી તાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષક નિમવાની યોજના છે. |
| સંભવિત લાભાર્થીઓ | પ્રવાસી શિક્ષક |
| સહાયનું પ્રમાણ | તાસદીઠ રૂા.૭૫/- લેખે તેમજ શિક્ષક દીઠ રૂા.૧૩૫૦૦/- લેખે માસિક વધે નહી તે રીતે માનદવેતન ચુકવવામાં આવે છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ભરતીની વહીવટી પ્રક્રિયા દરમ્યાન વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર થશે નહીં. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>વિધાર્થી ફ્રી કન્સેશન પાસ |

| | |
|---|---|
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના તમામ વિદ્યાર્થીઓના વિદ્યાર્થીઓને ફ્રી કન્સેશન પાસનીસુવિધા પુરી પાડવાની યોજના છે. |
| સંભવિત લાભાર્થીઓ | વિદ્યાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | અભ્યાસઅર્થે અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓ ૮૫.૫૦ ટકા તેમજ વિદ્યાર્થીનીઓને ૧૦૦ ટકા કન્સેશનઆપવાની યોજના છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિદ્યાર્થીઓને અપડાઉન માટે પાસ કન્સેશન આપવાથી તેમના વાલીઓનો આર્થીક બોઝો ઘટાડી શકાશે. શિક્ષણ પ્રત્યેની સજાગતા વધશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>IEC યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયના સરકારી / બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને નિબંધ લેખન, ચિત્ર, સુલેખન, સ્વાધ્યાપોથી, અને પ્રયોગપોથી જેવા સાહિત્ય આપવાની યોજનાછે. |
| સંભવિત લાભાર્થીઓ | લક્ષ્યાંક લાગુ પડતો નથી. |
| સહાયનું પ્રમાણ | શાળાઓના વિદ્યાર્થીઓને સાહિત્ય પુરૂ પાડવું |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સરકાર ધ્વારા શિક્ષણ ક્ષેત્રે હાથ ધરવામાં આવતી પ્રવૃતીઓથી પ્રજા વાકેફ થઇ શકશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષક |
| ઘટકો અને પ્રવૃતિઓ | વિદ્યાર્થીઓના ભણતરને ખલેલ ન પહોંચે તે માટે બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં માનદ્ વતનથી પ્રવાસી શિક્ષકની ભરતી કરવામાં આવે છે. |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો |
| સહાયનું પ્રમાણ | તાસદીઠ રૂા.૯૦/- લેખે તેમજ શિક્ષક દીઠ રૂા.૧૫૫૦૦/- લેખે માસિક વધે નહી તે રીતે માનદવેતન ચુકવવામાં આવે છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ભરતીની વહીવટી પ્રક્રિયા દરમ્યાન વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર થશે નહીં. |

| | |
|---|---|
| યોજનાનું નામ | COS-03<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>વિધાર્થી પહેલ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળાદીઠ પ્રતિવર્ષ સાંસ્કૃતિક પ્રવૃત્તિ તથા અન્ય પ્રવૃત્તિ માટે સહાયની યોજના છે. |
| સંભવિત લાભાર્થીઓ | શાળાઓ |
| સહાયનું પ્રમાણ | શાળાદીઠરૂા.૧ લાખની સહાયની યોજના છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિધાર્થીઓનો સંર્વાગી વિકાસ |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>શ્રેષ્ઠ શાળાઓને પ્રોત્સાહક ઇનામ |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળાતરીકે ઉપસી આવવા પ્રેરાય તે માટે પ્રોત્સાહક ઇનામ આપવા અંગે |
| સંભવિત લાભાર્થીઓ | શાળાઓ |
| સહાયનું પ્રમાણ | જિલ્લા કક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમે આવેલ શ્રેષ્ઠશાળાનેશાળાદીઠ રુા. ૧.૦૦ લાખ લેખે૧૦૨શાળાઓતથા રાજય કક્ષાએ ૩ શાળા (પ્રથમ નંબરને રુા.૫.૦૦ લાખ બીજા ક્રમને રુા. ૩.૦૦ લાખ અને ત્રીજા ક્રમને રુા. ૨.૦૦ લાખલેખે)ને કુલ-૧૦૫ શાળાઓને પ્રોત્સાહકઇનામ આપવાનું લક્ષ્યાંક છે |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી શાળાઓની કચેરી અને જિલ્લાશિક્ષણાધીકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | શાળાઓ સારુ પરિણામ લાવવા પ્રયત્નશીલ થશે અને ગુણવત્તાસભર શિક્ષણ પુરુ પાડશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>બિન સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના પગાર ભથ્થા |
| ઘટકો અને પ્રવૃતિઓ | નિયમોનાસારના વર્ગવધારાના વર્ગોથી કાયમી શિક્ષકોના પગાર ભથ્થા |
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો અને  વિઘાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | સરકારશ્રીના નિયમાનુસાર પગારતથા અન્ય ભથ્થાની ચુકવણી |
| અમલીકરણ કચેરી | કમિશ્નર શાળાઓની કચેરી તથા જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સમયસર પગાર ભથ્થા મળવાથી શિક્ષકોના આત્મસંતોષમાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>આસીસ્ટન્ટ ટુ સૈનિક સ્કૂલ |
| ઘટકો અને પ્રવૃતિઓ | સૈનિકસ્કૂલોના વિઘાર્થીઓનું ફૂડબીલ, સ્કોલરશીપ તથા મકાનના મરામત ખર્ચ કરવાની યોજના |
| સંભવિત લાભાર્થીઓ | સૈનિક સ્કૂલ,બાલાછડી,જામનગર માટે પગાર ભથ્થા પેન્શન,મકાન મરામત અને ફુડબીલના ખર્ચ માટે ગ્રાન્ટ સહાય તથા |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનરશાળાઓની કચેરી,અને જિલ્લાશિક્ષણાધિકારી કચેરી . |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | સૈનિક સ્કૂલના  કર્મચારીઓનો પગાર ભથ્થાં તથા વિઘાર્થીઓને સ્કોલરશીપ, ફૂડબીલ અને મકાન મરામતનો ખર્ચ કરી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>સૈનિક સ્કૂલ |
| ઘટકો અને પ્રવૃતિઓ | આર.આઇ.એમ.સી. કોલેજ, દહેરાદૂન ના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ |
| સંભવિત લાભાર્થીઓ | આર.આઇ.એમ.સી. કોલેજ, દહેરાદૂન ના ૫ વિદ્યાર્થીઓ. |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનરશાળાઓની કચેરી. |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | આર.આઇ.એમ.સી. કોલેજ, દહેરાદૂન ના ૫ વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ મળશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>રાજયની બિનસરકારી અને ફિ વિકલ્પવાળી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયની બિનસરકારી અને ફિ વિકલ્પવાળી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ પુરુ પડવા બાબત. |
| સંભવિત લાભાર્થીઓ | વિદ્યાર્થીનીઓ |
| સહાયનું પ્રમાણ | નિયમોનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર શાળાઓની કચેરી તથા જિલ્લા કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુસર કન્યાઓને મફતમાં શિક્ષણ પૂરૂ પાડવામાં આપશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>પૂર્વ પ્રાથમિક / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ સમીતીની રચના. |
| ઘટકો અને પ્રવૃતિઓ | પૂર્વ પ્રાથમિક / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ સમીતીની રચના.. |
| સંભવિત લાભાર્થીઓ | જિલ્લાઓ |

| | |
|---|---|
| સહાયનું પ્રમાણ | નિયમોનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર શાળાઓની કચેરી તથા જિલ્લા કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પૂર્વ પ્રાથમિક / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ કરવામાં આવશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૨<br>રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરનેટ સુવિધા. |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરનેટ સુવિધા. |
| સંભવિત લાભાર્થીઓ | શાળાઓમાં |
| સહાયનું પ્રમાણ | નિયમોનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર શાળાઓની કચેરી તથા જિલ્લા કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરનેટ સુવિધા મળી રહે અને તેનો ઉપયોગ શૈક્ષણીક કાર્ય માટે થઇ શકશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>નવી સરકારી શાળાઓ શરૂ કરવી |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયની સરકારી માધ્યમિક શાળાઓમાં બિન આદિજાતિ, આદિજાતિ અને ખાસ અંગભુત વિસ્તારની શાળાઓના શિક્ષકોના પગાર ભથ્થા અને કચેરી ખર્ચ |
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો અને વિધાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | શિક્ષકદીઠ રૂા.૧૩૫૦૦/-ના માસિક માનદ વેતનથી |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજ્ય સરકાર |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિદ્યાર્થીઓને રહેઠાણની નજીકમાં શૈક્ષણિક સુવિધા મળી રહેશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>નવી એક્ષેલન્સ શાળાઓ શરૂ કરવી |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયની સરકારી માધ્યમિક શાળાઓમાં બિન આદિજાતિ, આદિજાતિ અને ખાસ અંગભુત વિસ્તારની શાળાઓના શિક્ષકોના પગાર ભથ્થા અને કચેરી ખર્ચ |
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો અને વિધાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | શિક્ષકદીઠ રૂા.૧૩૫૦૦/-ના માસિક માનદ વેતનથી |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિધાર્થીઓને રહેઠાણની નજીકમાં શૈક્ષણિક સુવિધા મળી રહેશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના પગાર ભથ્થા |
| ઘટકો અને પ્રવૃતિઓ | પ્રતિ વર્ષ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વધી રહેલા નામાનકરણને લીધે આ યોજના હેઠળ ક્રમિક વર્ગ વધારો મંજૂર કરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | શિક્ષકો અને વિધાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | ૬૦ વિધાર્થીઓના પ્રત્યેક કલાસ દીઠ ૨.૦૦ શિક્ષકો |
| અમલીકરણ કચેરી | કમિશ્નર શાળાઓતથા જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સમયસર પગારભથ્થા મળવાથી શિક્ષકોના આત્મસંતોષમાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની નિમણુંક |
| ઘટકો અને પ્રવૃતિઓ | આ યોજના અંતર્ગત સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રકિયા પૂર્ણ ન થાય ત્યા સુધી ફિકસ પગાર પર પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવમાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | પ્રવાસી શિક્ષકો |
| સહાયનું પ્રમાણ | તાસદીઠ રુા. ૯૦/- લેખે પરંતુ માસીક શિક્ષકદીઠ રુ. ૧૫૫૦૦/- સુધીની મર્યાદામા |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી શાળાઓ અને જિલ્લાશિક્ષણાધીકારીની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | ભરતીની વહીવટી પ્રક્રીયા દરમ્યાન વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર થશે નહીં. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરનેટસુવિધા |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરનેટ સુવિધા |
| સંભવિત લાભાર્થીઓ | શાળાઓ |
| સહાયનું પ્રમાણ | નિયમોનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર શાળાઓની કચેરી તથા જિલ્લા કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | રાજયની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરનેટ સુવિધા મળી રહે અને તેનો ઉપયોગ શૈક્ષણીક કાર્ય માટે થઇ શકશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>વિજ્ઞાન પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લેબોરેટરીના સાધનો પુરા પાડવા |
| ઘટકો અને પ્રવૃતિઓ | વિજ્ઞાન પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લેબોરેટરીના સાધનો પુરા પાડવા |
| સંભવિત લાભાર્થીઓ | શાળાઓ |
| સહાયનું પ્રમાણ | નિયમોનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર શાળાઓની કચેરી તથા જિલ્લા કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૩<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૨<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૫<br>૧૦૦% પરીણામ લાવનાર સરકારી શાળાઓના શિક્ષકોને પ્રોત્સાહક ઇનામ |
| ઘટકો અને પ્રવૃતિઓ | શિક્ષકો |
| સંભવિત લાભાર્થીઓ | લાગુપડતુ નથી. |
| સહાયનું પ્રમાણ | રૂ.૫૦૦૦ |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સરકારી શાળાઓના શિક્ષકોને પ્રોત્સાહક ઇનામ આપવાથી શિક્ષકોના ઉત્સાહમાં વધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૪<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૬-૦૧<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૬-૦૧<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૪<br>મફત પાઠય પુસ્તક યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજયની સરકારી/બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ જાતિના વિધાર્થીઓના માતા-પિતા / વાલીની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાયવિનામૂલ્યે |

| | |
|---|---|
| | વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો પુરા પાડવાની યોજના છે. |
| સંભવિત લાભાર્થીઓ | વિદ્યાર્થીઓ |
| સહાયનું પ્રમાણ | ધો-૯થી ૧૨ના તમામ જાતિના વિદ્યાર્થીઓને અનુક્રમે પુસ્તક સેટની રકમ રુ.૩૯૫, રુ.૪૫૩, રુ.૧૦૧૩ અને રુ.૯૮૬ ના મફત પાઠયપુસ્તક પુરા પાડવામાં આવે છે. |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | મફત પાઠયપુસ્તક મળવાના કારણે વિદ્યાર્થીઓ સારુ શિક્ષણ મેળવી શકશે અને વાલીઓના આર્થીક ભારણ ઘટશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૧૦<br>૦૯-૨૨૦૨-૦૨-૧૦૯-૦૪<br>૯૫-૨૨૦૨-૦૨-૧૦૯-૦૩<br>૯૬-૨૨૦૨-૦૨-૭૯૬-૦૬<br>સાગરખેડુ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ | રાજયમાં આવેલી સાગરકાંઠાની બિન આદિજાતિ અનેઆદિજાતિ વિસ્તારની શાળાઓના શિક્ષકોના પગારભથ્થા ચુકવવા અંગે |
| સંભવિત લાભાર્થીઓ | શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના પગાર ભથ્થા. |
| સહાયનું પ્રમાણ | શાળાદીઠ૧ આચાર્ય, ૨ શિક્ષક, ૧ કલાર્ક અને ૧પટાવાળાના પગાર ભથ્થા |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | દરિયાકાંઠાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સુવિધાઓ મળી રહેશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૮<br>૦૯-૨૨૦૨-૦૫-૧૦૩-૦૧<br>સંસ્કૃત પાઠશાળાઓનો વિકાસ |

| | |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સંસ્કૃતપાઠશાળાઓનો વિકાસમાટે પગારભથ્થા<br>(૧) બિન સરકારી નોનગ્રાન્ટેમાંથી ગ્રાન્ટેડ થયેલ સંસ્કૃત પાઠશાળાઓના કર્મચારીઓના પગાર ભથ્થા.<br>(૨) બિન સરકારી નોનગ્રાન્ટેમાંથી ગ્રાન્ટેડ થયેલ સંસ્કૃત પાઠશાળાઓના કર્મચારીઓના પગારભથ્થા.<br>(૩)સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ સંસ્કૃત પાઠશાળાઓમાં બુંકબેક સહાય<br>(૪) સરકારી અને બિન સરકારી સંસ્કૃત પાઠશાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ શિષ્યવૃતિ. |
| સંભવિત લાભાર્થીઓ | - |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનરશાળાઓ તથા જિલ્લાઓની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સંસ્કૃત પાઠશાળાઓના વિધાર્થીઓને બુકબેંક યોજના તથા શિષ્યવૃતિ યોજનાથી વિધાર્થીઓને પ્રોત્સાહિત કરી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૨<br>૦૯-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧<br>સૈનિક સ્કૂલ રાધનપુર અને કન્યા સૈનિક શાળા,ખેરવા |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સૈનિકસ્કૂલ,રાધનપુરમાટે ફુડબીલની તથા કન્યાસૈનિક શાળા,ખેરવા માટેફુડબીલ,યુનિફોર્મ ખર્ચઅને મીલીટરી ટ્રેનીંગ માટે આર્થિક સહાય. |
| સંભવિત લાભાર્થીઓ | સૈનિક સ્કૂલ રાધનપુર અનેકન્યા સૈનિક શાળા,ખેરવા |
| સહાયનું પ્રમાણ | સૈનિકસ્કૂલ,રાધનપુરઅને કન્યા સૈનિક શાળા,ખેરવા |
| અમલીકરણ કચેરી | કમિશનરશાળાઓની કચેરી,અને જિલ્લાશિક્ષણાધિકારી કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજયસરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સૈનિકસ્કૂલ,રાધનપુરમાટે ફુડબીલની તથા કન્યાસૈનિક શાળા,ખેરવા માટેફુડબીલ,યુનિફોર્મ ખર્ચઅને મીલીટરી ટ્રેનીંગ માટે આર્થિક સહાય પુરા પાડી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | COS-12<br>09-2202-80-001-19<br>ગુજરાત શૈક્ષણીક સેવા ટ્રીબ્યુનલ. |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃમકમ/૧૪૨૦૧૪/૧૮૦૮/લ, તા.૧૮/૫/૨૦૧૫ થી વહીવટી અધિકારી વર્ગ-૧ ની જગ્યા શૈક્ષણિક ટ્રિબ્યુનલ કચેરી, અમદાવાદ માટે વહીવટી અને નાણાંકીય હેતુ |

| | |
|---|---|
| | સિધ્ધ કરવા માટે જગ્યા ઉભી કરેલ છે. |
| સંભવિત લાભાર્થીઓ | જગ્યા |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર |
| અમલીકરણ કચેરી | કમિશનર, શાળાઓની કચેરી, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | શૈક્ષણીક ટ્રીબ્યુનલની કચેરીનો નાણાંકીય અને વહીવટી હેતુ માટે |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૯<br>૦૯-૨૨૦૨-૦૨-૦૦૧-૦૫<br>ઇન્સેટ પ્રોજેકટ. |
| ઘટકો અને પ્રવૃતિઓ | ઇન્સેટ પ્રોજેકટ. |
| સંભવિત લાભાર્થીઓ | શાળાઓના વિધાર્થીઓને અને શિક્ષકો માટે શૈક્ષણીક કાર્યક્રમ. |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર. |
| અમલીકરણ કચેરી | ગુજરાત શૈક્ષણીક ટેકનોલોજી ભવન, અમદાવાદ |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિધાર્થીઓને શૈક્ષણીક કાર્યક્રમો ધ્વારા પુરા પાડી શકાશે. |
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૦૯<br>૦૯-૨૨૦૨-૦૨-૦૦૧-૦૫<br>ઇનિશિએટીવ શાળા કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃતિઓ | ઇનિશિએટીવ શાળા કાર્યક્રમ |
| સંભવિત લાભાર્થીઓ | ઇનિશિએટીવ શાળા કાર્યક્રમ |
| સહાયનું પ્રમાણ | નિયમાનુસાર. |
| અમલીકરણ કચેરી | ગુજરાત શૈક્ષણીક ટેકનોલોજી ભવન, અમદાવાદ |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૧૦૦ ટકા રાજય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિધાર્થીઓને શૈક્ષણીક કાર્યક્રમો ધ્વારા પુરા પાડી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સી.ઓ.એસ.-૧૪<br>૦૯-૨૨૦૨-૦૨-૦૦૧-૦૨<br>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી ધો. ૧૦ અને ૧૨ની વિધ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની પરીક્ષાફી |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના નાગરિકો |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦%   કેન્દ્રિય: -   અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી કરીને આમ પ્રજાને શુધ્ધ ખોરાક તથા ગુણવત્તા યુક્ત દવાઓ ઉપલબ્ધ થાય તે પરત્વે કાયદાની જોગવાઇઓ અનુસાર નમુનાઓની ચકાસણી કરવી |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૨૨૧૦ - ૦૬ - ૧૦૪ - ૦૩ એચ.એલ.ટી. - ૮૪<br>આંકડા અને આયોજન શાખા. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ઔષધ અને સૌદર્ય પ્રસાધનનો ધારા તથા ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટના અસરકારક અમલીકરણ માટે તંત્રને વધુ સુદ્રઢ બનાવવું |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના નાગરિકો |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦%   કેન્દ્રિય: -   અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | - |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૨૨૧૦ - ૦૬ - ૧૦૪ - ૦૪ એચ.એલ.ટી. - ૮૧<br>ચાતુર્ય શાખા |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ઔષધ અને સૌદર્ય પ્રસાધનનો ધારા તથા ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટના અસરકારક અમલીકરણ માટે તંત્રને વધુ સુદ્રઢ બનાવવું |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના નાગરિકો |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦%   કેન્દ્રિય: -   અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | - |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૨૨૧૦ - ૦૬ - ૧૦૪ - ૦૫ એચ.એલ.ટી. - ૮૩<br>પ્રાદેશિક ખોરાક પ્રયોગશાળા, રાજકોટ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ખોરાકના નમુનાઓની ચકાસણી માટે તથા કેન્દ્રીય કાયદાના અમલીકરણ માટે જરૂરી માળખુ ઉભુ કરવુ અને પ્રયોગશાળાઓ ખાતે આધુનિક સાધન સામગ્રી વસાવવા માટે |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના નાગરિકો |
| સહાયનું ધોરણ | - |
| અમલીકરણ કચેરી | રાજ્ય સરકાર |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦%   કેન્દ્રિય: -   અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ખોરાકના નમુનાઓની ચકાસણી કરીને આમ પ્રજાને શુધ્ધ ખોરાક |

| | |
|---|---|
| | ઉપલબ્ધ થાય તે પરત્વે કાયદાની જોગવાઇઓ અનુસાર નમુનાઓની ચકાસણી કરવી |

| | |
|---|---|
| યોજનાનું નામ: | કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત (નવી બાબત) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | યોજનાના લાભાર્થીઓને સંપૂર્ણ તબીબી સારવાર પૂરી પાડવી |
| સંભવિત લાભાર્થીઓ: | વીમા લાભાર્થીઓ |
| સહાયનું ધોરણ | રાજ્ય સરકારના નિયત કરેલ નિયમ મુજબ |
| અમલીકરણ કચેરી | કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષીત આઉટકમ: | ઇ. એસ. આઇ. એક્ટ ૧૯૪૮ અંતર્ગત કામદાર રાજ્ય વીમા નિગમ દ્વારા નિર્ધારિત થયેલ નીતિ/ માપદંડ અનુસાર તબીબી સારવાર પુરી પાડવી. |

# ગૃહ વિભાગ

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના અમલીકરણની એજન્સી તરીકે ગૃહ વિભાગ છે. રાજ્યની આંતરિક સલામતીની તથા રાજયની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની અસરકારક જાળવણી કરવી તે આ વિભાગના મુખ્ય ઉદ્દેશો છે. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ન્યાય સહાયક વિજ્ઞાન, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, નશાબંધી અને આબકારી, નાગરિક સંરક્ષણ, ગ્રામ રક્ષક દળ, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. વગેરે આ વિભાગના નિયંત્રણ હેઠળ ખાતાના વડાઓ કામગીરી બજાવે છે.

ઉદ્દેશો

- રાજયમાં કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી કરવી.
- રાજયની આંતરિક સલામતીની જાળવણી કરવી.
- ગુનાઓની તપાસ કરવી, ગુનેગારોને ખુલ્લા પાડવા, તેઓની અટકાયત કરી અદાલતી કાર્યવાહી કરવી.

વ્યુહરચના

- રાજયના મુખ્ય નગરો, શહેરો અને અગત્યના રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગો સહિત તેની ઉપર આવતા વળાંકોને આવરી લેતા માર્ગો ઉપર ટ્રાફીક નિયમોના ભંગ કરનારને ઓટોમેટીક નંબર પ્લેટની ઓળખ જેવી ટેક્નોલોજી મારફત શોધી તેને નિયમોનુસાર દંડ કરવાના પગલા લેવા માટે "ઇન્ટેલીજન્ટ એન્ડ ઈન્ટીગ્રેટેડ ટ્રાફીક મેનેજમેન્ટ સીસ્ટમ (IITMS)" ની સ્થાપના.
- પોલીસને SMART(Strict and Sensitive Modern and Mobile, Alert and Accountable, reliable and Responsive, Techno Savvy and Trained) પોલીસ બનાવવા રૂઢીગત પોલીસ કાર્યપદ્ધતિના પાસાઓની કક્ષા ઊંચી લઈ જવા, સંસ્થાકીય માળખુ રચી સુરક્ષા અને સલામતીના પાસાને આવરી લેવા સ્માર્ટ સિટીનો ખ્યાલ/વ્યવસ્થા.
- તાલીમોમાં સુધારા વધારા કરી, અન્ય વિભાગોના ક્ષેત્રીય નિષ્ણાંતોને પણ સાંકળી, કેસોને મજબૂતી બક્ષવા અને હિંસક ગુન્હાઓ, મહિલાઓ, બાળકો, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ સામેના ગુનાઓ, આર્થિક ગુનાઓમાં સજાનો દર (Conviction Rate) ઊંચો લઈ જવા પોલીસ જવાનો અને પોલીસ અધિકારીઓની ગુના શોધનની પ્રક્રિયા વૈજ્ઞાનિક ઢબે, ગુના શોધનના કૌશલ્યની સુધારણા.
- દરેક પોલીસ સ્ટેશન માટે મંજુર થયેલ અને જરૂરિયાત મુજબની પૂરતી માળખાકીય સુવિધાઓ જેવી કે, પોલીસ સ્ટેશનોનું રીનોવેશન અને સાધન-સામગ્રીની સહાય (વાહન સુવિધા, વોકીટોકી વગેરે) પૂરા પાડવા.
- સ્થાનિક પ્રજાની સામેલગીરીથી સોશ્યલ મિડિયાનો ઉપયોગ વધુ અવાર-નવાર આંતર સંવાદ અને આવાર-નવાર જાગૃતિ કરણ ઝુંબેશો જેવી કે કાયદાનો અમલ કરતી

સંસ્થાઓ પર સામાન્ય જનતાની શ્રધ્ધા અને વિશ્વાસમાં વૃદ્ધિ થાય, પ્રજા તેના અધિકારોથી માહિતગાર બને અને આ રીતે ગુના નોંધણીના દરમાં સુધારો આવે તેવા પગલામાં વૃદ્ધિ કરવી.

- પ્રજાભિમુખ પોલીસ- પ્રથા યોજનાનું અમલીકરણ
- ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ અને સાગર રક્ષક દળના જવાનોને તાલીમ અને આ જવાનોને તાલીમ આપતા ટ્રેનીંગ સેન્ટરોને સાધન સામગ્રી પુરા પાડી સુદ્રઢ બનાવવા.
- પ્રવર્તમાન કાર્ય પદ્ધતિઓની અસરો, ચોક્કસ પ્રકારના ગુનાઓ તરફ દોરી જતા ગુનાલક્ષી પાસાઓ, માળખાગત સુવિધાઓ અને માનવબળની જરૂરિયાત વગેરેને સમજવા માટે સ્ટેટ ક્રાઇમ રેકર્ડના પાસાઓની કક્ષા ઊંચી લઈ જવા, સંસ્થાકીય માળખુ રચી, સુરક્ષા અને સલામતીના પાસાને આવરી લેવા સ્માર્ટ સિટીનો ખ્યાલ/વ્યવસ્થા. ટ્રાફિક વગેરે જેવા ચોક્કસ ગુનાઓ માટેની ખાસ અને અસરકારક સંશોધન પ્રવૃતિઓ હાથ ધરવી.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૬ ૪૦૫૫ ૦૦ ૨૦૭ ૦૨<br>પોલીસ ખાતા માટે નવા વાહનોની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ વિભાગ માટે નવા વાહનોની ખરીદી કરવી. |
| સંભવિત લાભાર્થીઓ : | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૬ ૪૦૫૫ ૦૦ ૨૦૭ ૦૨<br>એસ.આર.પી. એફ. ગ્રુપ માટે નવા વાહનોની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે એસ.આર.પી. એફ. ગ્રુપ માટે નવા વાહનોની ખરીદી કરવી. |
| સંભવિત લાભાર્થીઓ : | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૪ ૨૦૫૬ ૦૦ ૦૦૧ ૦૧<br>જેલ ખાતા માટે નવા વાહનોની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | રાજયની જેલોના આધુનિકીકરણ અને જેલ સુરક્ષા સુદ્રઢ કરવા માટે જેલ ખાતા માટે વાહનોની ખરીદી. |
| સંભવિત લાભાર્થીઓ : | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | જેલોની સલામતીનું મજબુતીકરણ |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૬ ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧<br>હોમગાર્ડઝ માટે નવા વાહનોની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે હોમગાર્ડઝ માટે નવા વાહનોની ખરીદી કરવી. |
| સંભવિત લાભાર્થીઓ : | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | કમાન્ડન્ટ જનરલશ્રી હોમગાર્ડઝ કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૬ ૪૦૫૫ ૦૦ ૨૦૭ ૦૧<br>પોલીસ ખાતાની કચેરીઓ માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટરની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | પોલીસ ખાતાની કચેરીઓ માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટરની ખરીદી |
| સંભવિત લાભાર્થીઓ : | પોલીસ વિભાગ |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | વહીવટી તંત્રનું મજબુતિકરણ |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૩ ૨૦૫૫ ૦૦ ૧૦૧ ૦૨<br>એ.સી.બી. કચેરી માટે નવા વાહનોની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ : | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે એ.સી.બી. કચેરી માટે નવા વાહનોની ખરીદી |
| સંભવિત લાભાર્થીઓ : | પોલીસ વિભાગ |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | એ.સી.બી. કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | વહીવટી તંત્રનું મજબુતિકરણ |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૬ ૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૩<br>બિન રહેણાંકના મકાનોનું બાંધકામ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોનું બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાત રાજય |
| સહાયનું પ્રમાણ : | - |
| અમલીકરણ કચેરી : | ગુજરાત પોલીસ આવાસ નિગમ લિ. ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | પોલીસ ખાતા માટે બિન રહેણાંકના મકાનોની સુવિધા પુરી પાડવી |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૪૬ ૪૨૧૬ ૦૧ ૭૦૦ ૦૯<br>પોલીસ માટેના રહેણાંકના મકાનોનું બાંધકામ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | પોલીસ વિભાગના રહેણાંકના મકાનોનું બાંધકામ ઝડપથી થઇ શકે તે માટે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમની રચના તા.૧.૧૧.૧૯૮૮ના રોજ કરવામાં આવી. નિગમ દ્વારા અત્યાર સુધીમાં ૪૫,૨૮૦ થી વધુ રહેણાંકના મકાનોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી અને તે પૈકી ૩૬,૨૨૦ થી વધુ રહેણાંકના મકાનોના બાંધકામની કામગીરી પૂર્ણ કરી વપરાશના હેતુસર લાભાર્થીઓને સોપવામાં આવી. નિગમની રચના બાદ તથા તેની ઝડપથી કામ કરીવાની નીતિને કારણે હાલમાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનોની ઉપલબ્ધતા ક્ષેત્રે સંતોષનું સ્તર જે ૬૧% છે, તેને રાજય સરકાર પણ મહત્તમ ઉચ્ચ લેવલે લઈ જવા માટે પ્રયત્નશીલ છે. |
| સંભવિત લાભાર્થીઓ : | પોલીસ વિભાગ |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ. ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | પોલીસ ખાતા માટે નવા રહેણાંકના મકાનોનું બાંધકામ |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૦૯૬ ૪૨૧૬ ૦૧ ૭૯૬ ૦૫<br>આદિજાતિ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત પોલીસ વિભાગના મકાનોનું બાંધકામ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | પોલીસ વિભાગના રહેણાંકના મકાનોનું બાંધકામ ઝડપથી થઇ શકે તે માટે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમની રચના તા.૧.૧૧.૧૯૮૮ના રોજ કરવામાં આવી. નિગમની રચના બાદ તથા તેની ઝડપથી કામ કરીવાની નીતિને કારણે હાલમાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનોની ઉપલબ્ધતા ક્ષેત્રે સંતોષનું સ્તર જે ૬૧% છે, તેને રાજય સરકાર પણ મહત્તમ ઉચ્ચ લેવલે લઈ જવા માટે પ્રયત્નશીલ છે. નિગમ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭થી બિનરહેણાંકના મકાનોના બાંધકામની કામગીરી કરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | પોલીસ વિભાગ |
| સહાયનું પ્રમાણ : | નીલ |
| અમલીકરણ કચેરી : | ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ. ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન | રાજ્ય : ૧૦૦% કેન્દ્રિય: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | આદિજાતિ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત પોલીસ ખાતા માટે બિનરહેણાંકના મકાનોનું બાંધકામ |

# માહિતી અને પ્રસારણ વિભાગ

ગુજરાત રાજ્યની સ્થાપના( ૧લી મે-૧૯૬૦)થી માહિતી અને પ્રસારણ વિભાગ તેના કાર્યો જવાબદારીપૂર્વક અને ફળદાયી રીતે કરી રહ્યું છે.

જનસંપર્ક અને પ્રસિધ્ધિના સાંપ્રત વલણો અને ખ્યાલોને ધ્યાનમાં રાખીને પ્રચાર અને પ્રસિધ્ધિના વિવિધ માધ્યમોના વૈજ્ઞાનિક અને અર્થપૂર્ણ ઉપયોગ દ્વારા રાજ્ય સરકારની નીતિઓ, કાર્યક્રમો, યોજનાઓના અમલીકરણની જાણકારી પ્રજાને આપીને સરકાર અને પ્રજા વચ્ચે મહત્વનો સેતુ બનવાનું કાર્ય માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રાજય સરકારની લોકકલ્યાણલક્ષી યોજનાઓ, વિવિધ વિકાસની પ્રવૃત્તિઓને વિજાણું, મુદ્રિત, દ્રશ્ય-શ્રાવ્ય, સોશિયલ મીડીયા અને પરંપરાગત માધ્યમોનો ઉપયોગ કરીને તસ્વીરો, સમાચાર યાદીઓની અખબારોમાં પ્રસિધ્ધિ કરીને, પ્રાદેશિક ટી.વી. ચેનલો, દૂરદર્શન અને સિનેમાગૃહો તેમજ રાજયના એફ.એમ. રેડિયો સ્ટેશનો અને આકાશવાણી દ્વારા પ્રસારણ આપીને તેમજ વર્તમાનપત્રોમાં જાહેરખબરો પ્રસિધ્ધ કરીને લોકો સુધી તેની માહિતી પહોંચે અને લાભાર્થીઓ તેનો લાભ લેવા પ્રેરાય તે માટે કામગીરી કરવામાં આવે છે.

રાજ્ય સરકારની નીતિઓની જાહેરાત, રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમો, ગુજરાત વિધાનસભા સત્ર, VIP અને VVIP મહાનુભાવોની મુલાકાતો દરમિયાન મીડિયા સંકલન અને મહાનુભાવોના વીડિયો કવરેજ સહિતની પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

રાજય સરકારની વિકાસલક્ષી યોજનાઓની સફળતા-સાર્થકતા અને સિધ્ધિઓની વિગતો દસ્તાવેજી ચિત્રો, "ગુજરાત ગાથા" ટીવી શ્રેણી, પ્રતિદિન રાજયમાં વિવિધ ક્ષેત્રે થઇ રહેલા વિકાસનું પ્રતિબિંધ પાડતી "યશગાથા ગુજરાતની" ટીવી શ્રેણી તથા વિધાનસભા સત્ર દરમિયાન "લોકશાહીના ધબકારા" શ્રેણી રાજયની વિવિધ ચેનલો પરથી પ્રસારિત કરવામાં આવે છે. આ કાર્યકમોનું નિર્માણ સંપૂર્ણપણે ઇન હાઉસ થાય છે.

રાજયમાં ભરાતા વિવિધ મેળાઓ તથા લોકોત્સવ સમયે જે તે સ્થળે માહિતીસભર પ્રદર્શનનું આયોજન કરવાનું, ડાયરા, ભવાઇ,નાટક જેવા પરંપરાગત માધ્યમો મારફતે પ્રચાર હેતુ મનોરંજન કાર્યક્રમો યોજવા, પોસ્ટર, પુસ્તિકાઓ,ચોપાનીયા જેવા વિવિધ પ્રકાશનો દ્વારા લોકોને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી લાભદાયી યોજનાઓથી વાકેફ રાખવા પ્રયત્ન કરવામાં આવે છે.

બેરોજગારોને રોજગારીની માહિતી આપતું "ગુજરાત રોજગાર સમાચાર" સાપ્તાહિક તથા સાંપ્રત ગુજરાતના વિકાસ અને વિકાસના સાધનો, નીતિઓ, કાર્યક્રમો, ઘટનાઓની સમીક્ષા કરતું "ગુજરાત" પાક્ષિક પણ પ્રકાશિત કરવામાં આવે છે. આ ઉપરાંત રાજય બહાર વસતા નાગરિકો પણ રાજય સરકારની બહુહેતુક વિવિધ યોજનાઓ અને સિધ્ધિઓથી વાકેફ થાય તે હેતુસર ત્રિમાસિક "The Gujarat" મેગેઝીન અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે.

પ્રસ્તુત કામગીરીના સુચારૂ પ્રચાર-પ્રસાર માટે મુખ્યમથક ગાંધીનગર ખાતે વિવિધ શાખાઓ સહિત રાજયના તમામ જિલ્લાઓમાં માહિતી કચેરી તથા બે યાત્રાસ્થળોએ કાયમી પ્રદર્શન કેન્દ્રો કાર્યરત છે. જેના દ્વારા નાગરિકોને રાજયની કલ્યાણલક્ષી યોજનાકીય પ્રવૃત્તિઓની પ્રગતિ અને સંસ્કૃતિ તથા અસ્મિતાથી માહિતગાર કરવામાં આવે છે. આ ઉપરાંત મુંબઇ અને દિલ્હી ખાતેની જનસંપર્ક કચેરી મારફતે રાજયના વિકાસ, કલા તથા સંસ્કૃતિ વિશે ગુજરાત બહાર વસતા લોકોને માહિતગાર કરવામાં આવે છે.

- ઉદ્દેશો:

રાજ્ય સરકારના લોકહિતના નિર્ણયો, નીતિઓ, યોજનાઓ, કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવા. યોજનાઓનો લાભ લોકો લઇ શકે તે પ્રકારે જાણકારી આપવી. સમાજ અને શાસન વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવવી.

- વ્યૂહરચના :

અખબારો, પ્રકાશનો, ટેલિવિઝન, રેડિયો અને હોર્ડિંગ્સ જેવા પ્રચલિત પ્રચાર માધ્યમો, ભવાઇ, કઠપૂતળી શૉ, શેરી નાટકો જેવા ગ્રામીણ પરંપરાગત માધ્યમો અને વર્તમાન સમયમાં સૌથી વધુ અસરકારક એવા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને બનતી ત્વરાએ છેક છેવાડાના નાગરિક સુધી પહોંચવું અને રાજ્ય સરકારની નીતિ અને લોકહિતની રીતિઓથી બહોળા જન સમુદાયને માહિતગાર કરવો.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ: | પીયુબી-૧<br>૫૪-૨૨૨૦-૦૧-૦૦૧-૦૨<br>૯૫-૨૨૨૦-૦૧-૦૦૧-૦૧<br>૯૬-૨૨૨૦-૬૦-૭૯૬-૦૪<br>પ્રચાર માધ્યમનો ઉપયોગ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ૧. "ગુજરાત" પાક્ષિક અને અંગ્રેજી ત્રિમાસિક આવૃતિ " ધ ગુજરાત"નું પ્રકાશન. રાજ્યના યુવાનોને રોજગારી પુરી પાડવા માટે સહાયક એવું " ગુજરાત રોજગાર સમાચાર" સાપ્તાહિકનું દર અઠવાડીયે પ્રકાશન કરવું.<br>૨. રાજ્ય સરકારે માન્યતા પ્રાપ્ત પત્રકાર જૂથ વીમા અંતર્ગત એક્રેડીટેડ પત્રકારોને નીચે મુજબ કેટેગરીમાં વીમા કવચ આપવામાં આવે છે.<br>અ. કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખ રૂપિયા)<br>બ. અકસ્માતથી મૃત્યુના કિસ્સામાં રૂ. ૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પૂર) |
| સંભવિત લાભાર્થીઓ: | બહોળી સંખ્યામાં લોકો.<br>લગભગ ૧૨૨૬ જેટલા અધિકૃત પત્રકારો. |
| સહાયનું ધોરણ | યોજનાકીય માર્ગદર્શિકા અનુસાર |
| અમલીકરણ કચેરી | માહિતી નિયામકની કચેરી |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય: ૧૦૦ કેન્દ્રીય: ૦ અન્ય: ૦ |
| અપેક્ષીત આઉટકમ: | ગુજરાત સરકારની પ્રજાલક્ષી અને લાભકારક યોજનાઓની માહિતી સામાન્ય જન સુધી પહોંચાડવી. |

# ઉધોગ અને ખાણ ખનિજ વિભાગ

ઉધોગ અને ખાણ વિભાગ અસરકારક અને આર્થિક ઔધોગિક વિકાસમાં ચાવીરૂપ અને અગત્યનો ભાગ ભજવે છે અને રાજ્યમાં નાના મધ્યમ અને વિશાળ કદના ઉધોગોના ઝડપી વિકાસની સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

વિભાગ પાસે ઉધોગકારોને ઇચ્છિત પરિણામો/ધ્યેયો પ્રાપ્ત કરવા માટે સહાયરૂપ થવા સંસ્થાઓનું એક માળખું છે અને ઉધોગકારોને તેમની જમીન, કાચો માલ અને બજાર વગેરે જરૂરિયાતોમાં સહાયરૂપ થાય છે. ઉધોગ અને ખાણ વિભાગને ઇચ્છિત પરિણામો/ધ્યેયો પ્રાપ્ત કરવા માટે સહાયરૂપ થવા તેની હેઠળ ૦૮ ખાતાના વડા અને ૨૫ જિલ્લા ઉધોગ કેન્દ્રો અને વિવિધ બોર્ડ, કોર્પોરેશન અને સંસ્થાઓ આવેલ છે. પ્રત્યેક જિલ્લામાં જિલ્લા ઉધોગ કેન્દ્ર તેમના પોતાના જિલ્લામાં ઉધોગોના વિકાસ અને વિવિધ નીતિઓ તેમજ યોજનાઓના અમલીકરણ માટે એક કેન્દ્ર બિંદુ તરીકે કામ કરે છે. ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ ઔધોગિક એસ્ટેટના વિકાસ માટે ઇન્ડેક્ષ-બી રાજ્યમાં ઔધોગિક રોકાણોને પ્રોત્સાહન આપવા અને સહાયતા પૂરી પાડવા માટે કાર્યરત છે અને કુટિર ઉધોગ કમિશ્નર હસ્તકલા, હાથશાળ અને કુટિર ઉધોગોને પ્રોત્સાહન પૂરું પાડે છે. પ્રવાસન કમિશ્નર અને નિયામક નાગરિક ઉડ્ડયન અનુક્રમે પ્રવાસન અને ઉડ્ડયન ક્ષેત્રોમાં રોકાણને પ્રોત્સાહન આપે છે.

હેતુઓ

- નાના, મધ્યમ અને વિશાળ કદના ઉધોગોને ઔધોગિક રોકાણમાં પ્રોત્સાહન આપવું અને ઉત્પાદન તથા સેવા ક્ષેત્રોમાં રોજગારીને ઉત્તેજન આપવુ.
- ગુજરાતમાં કુટિર અને ગ્રામિણ ઉધોગોની વૃધ્ધિ અને વિકાસ માટે પ્રોત્સાહન પુરૂ પાડવું. આ ક્ષેત્રમાં જોડાયેલ લોકોના સામાજિક-આર્થિક વિકાસ પર વિશેષ ભાર મૂકવો અને પરંપરાગત કલાઓને જીવંત વારસા તરીકે જાળવવી.
- રાજ્યની ખાણ સંપત્તિનો યોગ્ય ઉપયોગ નિયંત્રિત કરવો, ખનિજના વધારે ઉત્પાદન અને તેના ટકાઉ વિકાસ માળખા વડે રાજ્યની ખનિજ આવકમાં વધારો કરવો.
- સ્થાનિક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસ સ્થળ તરીકે ગુજરાતને વર્ષ:૨૦૨૫ સુધીમાં દેશના ત્રણ સૌથી મોટા પ્રવાસધામ પૈકીનું એક બનાવવું.
- પ્રવાસન માહિતી, ટ્રાન્સપોર્ટ સેવા, આવાસ વ્યવસ્થા અને માર્ગ પરની સુવિધાઓ જેવું પ્રવાસીય આંતરમાળખું પૂરું પાડવું.
- MICE ભાગને આકર્ષવા માટે પ્રદર્શન-સવલતો અને સહાયરૂપ આંતરમાળખુ ઉભુ કરવુ.
- કૌશલ્ય, જ્ઞાન અને વ્યવસાયીકરણ સુધારવા અને વર્ષ:૨૦૨૫ સુધીમાં અન્ય ૨૦ લાખ લોકોને રોજગારીની તકો પૂરી પાડવા પ્રોત્સાહન આપવું.
- રાજ્યમાં જવાબદાર પ્રવાસન વિકસાવવું અને પર્યાવરણને અનુકૂળ પ્રવાસી ઉત્પાદનો વિકસાવવા.

- આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ સલામત અને સુરક્ષિત સ્પર્ધાત્મક નાગરિક ઉડ્ડયન પર્યાવરણની શરૂઆત કરવી અને તેની જાળવણી કરવી.

વ્યૂહરચના

- સ્પેશિયલ ઇકોનિમિક ઝોન (SEZ), ઓટો અને એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્ષ ટાઇલ્સ, જેમ્સ અને જ્વેલરી, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ જેવા જરૂરિયાત જણાતા વિસ્તારો માટે વ્યાપક રોકાણની રૂપરેખા તૈયાર કરવી.
- ક્રેડિટ અને માર્કેટિંગ સહાય, આંતર માળખાકીય અને કૌશલ્ય વિકાસ, ટેકનોલોજી અપગ્રેડેશન, નવીનીકરણની સાથોસાથ ગુજરાતના ખાદી, હેન્ડલૂમ અને હેન્ડી ક્રાફ્ટના સાંસ્કૃતિક વારસાના પ્રોત્સાહન દ્વારા લોકોનું સશક્તિકરણ તથા મદદરૂપ અને સક્રિય વાતાવરણ આપીને કુટીર અને ગ્રામિણ ઉધોગ ક્ષેત્રમાં પૂરક રોજગારીની તકોનું વિસ્તરણ કરવું.
- કલા સંશોધન તકનીકો દ્વારા રાજ્યની ખનિજ સંપત્તિની શોધ અને સંશોધન કરવુ તથા સંરક્ષણ અને જાળવણી સાથે તેનો વહીવટ જાળવવો.
- રાજ્યમાં ખનિજ આધારિત ઉધોગોના પ્રમોશન દ્વારા ખનિજ વપરાશના મૂલ્યને પ્રોત્સાહન આપવું.
- ગેરકાયદેસર ખાણકામમાં અટકાયત
- એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ
- પ્રવાસી આંતર માળખાકીયનો વિકાસ
- પ્રવાસી સ્થળે પર્યાવરણનું જતન, સફાઇ અને સ્વચ્છતા
- ઓફશોર અને પ્રાદેશિક એર કનેક્ટિવિટી
- યાત્રાધામોનો વિકાસ

યોજનાઓ

| યોજનાનુંનામઃ | આઇએનડી-૧૪૯-૨૮૫૧-૦૦-૧૦૨-૧૬<br>ઉદ્યોગોને આર્થિક સહાય | | |
|---|---|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોનેઆર્થિક સહાયની યોજના | | |
| સંભવીત લાભાર્થીઓ | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોને આયોજનાનો લાભ મળવાપાત્ર છે. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય:-૦% | અન્ય:- |
| સહાયનું પ્રમાણઃ | કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ સહાય- MSME ઉદ્યોગકારોને ગ્લોબલી સક્ષમબનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા મેન્યુફેક્ચરીંગ સેકટરમાં ગ્રોસ ફિક્સ મુડીરોકાણ માટે સહાય. તાલુકાની કક્ષા પ્રમાણે સહાયનું ધોરણ.<br>કેટેગરી-૧ :- ટર્મલોનની રકમનાં ૨૫% અને મહત્તમ રૂ.૩૫/- લાખ. સ્થાયી મુડી રોકાણરૂ.૧૦/- કરોડથી વધુ હોય તો વધારાની રૂ.૧૦/- લાખની સહાય.<br>કેટેગરી-૨ :- ટર્મલોનની રકમનાં ૨૦% અને મહત્તમ રૂ.૩૦/- લાખ. સ્થાયીમુડી રોકાણરૂ.૧૦/- કરોડથી વધુ હોય તો રૂ.૭.૫/- લાખની સહાય.<br>કેટેગરી-૩ :- ટર્મલોન રકમનાં ૧૦% અને મહત્તમ રૂ.૧૦/- લાખ સ્થાયી મુડી રોકાણરૂ.૧૦/- કરોડથી વધૂ હોય તો રૂ.૫/- લાખની સહાય(તાલુકા અને મ્યુનિસિપલ કોર્પોરેશનએરીયા).<br>વ્યાજ સહાય યોજનાઃ<br>ગુજરાતસરકાર દ્વારા મેન્યુફેક્ચરીંગ ક્ષેત્ર તથા પસંદ કરેલા સર્વિસ ક્ષેત્રનાઉદ્યોગકારોને પ્લાન્ટ અને મશીનરી તથા નવા બિલ્ડિંગ માટે મેળવેલ લોન માટે બેંકદ્વારા વસુલ કરવામાં આવતાં વ્યાજની સહાય. તાલુકાની કક્ષા પ્રમાણે મેન્યુફેક્ચરીંગ તથા સર્વિસીંગ એકમો માટે સહાયનુંધોરણ<br>કેટેગરી-૧ :- ટર્મલોન ઉપર ૭% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૩૫/- લાખનીમર્યાદામાં ૭ વર્ષ માટે<br>કેટેગરી-૨ :- ટર્મલોન ઉપર ૬% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૩૦/- લાખનીમર્યાદામાં ૬ વર્ષ માટે<br>કેટેગરી-૩ :- ટર્મલોન ઉપર ૫% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૨૫/- લાખનીમર્યાદામાં ૫ વર્ષ માટે<br>ડીફરન્ટલી એબલ્ડ અને મહિલા ઉદ્યોગકાર માટે ૧% વધારાની સહાય<br>૩૫ વર્ષથી નીચેના યુવા ઉદ્યોગકાર માટે૧% વધારાની સહાય ઉદ્યમ રજીસ્ટ્રેશન ધરાવતાં નોંધાયેલ સ્ટાર્ટઅપ માટે ૧% વધારાની સહાય<br>ક્વોલીટીસર્ટીફીકેટ માટે સહાય(ગુણવત્તા સહાય યોજના): | | |

| | |
|---|---|
| | MSME ઉદ્યોગોને સ્પર્ધાત્મકહયિફાઈમાં ગુણવત્તા સભર ઉત્પાદન માટે મેળવેલ વિવિધ ગુણવત્તા.ERP સીસ્ટમે વસાવવાના મૂડીરોકાણનાં મહતમ ૬૫%રૂા. ૧.૦૦ લાખની મર્યાદામાં પ્રમાણપત્રો માટે ટેકો પુરો પાડવાની યોજના.પાત્રતામાં દર્શાવેલ માપદંડ પ્રમાણે પ્રમાણપત્ર મેળવવાની ફી ના ખર્ચના ૫૦% અનેટેસ્ટીંગ સાધનો તથા મશીનરી વસાવવાના ખર્ચના ૫૦% બંને મળી મહત્તમ રૂ.૧૦.૦૦/- લાખ |
| અમલીકરણકચેરીઃ | એમ.એસ.એમ.ઇ. કમિશનરની કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર |
| અપેક્ષિતઆઉટકમ | રાજ્યમાં નવું મુડી રોકાણ ઉભું થશે અને નવી રોજગારીઓ પણ ઉભી થશે. |

| | |
|---|---|
| યોજનાનુંનામઃ | સુક્ષ્મ તથા લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન (ચાલુબાબત)<br>(૧) આઇએનડી-૧ (ચાલુ બાબત)<br>માંગણી નં. ૪૯-૨૮૫૧-૦૦-૧૦૨-૧૮ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | (૧) જીઆઇડીસી દ્વારા વિકસાવેલ પ્લોટ અને શેડમાટે સુક્ષ્મ તથા લઘુ ઉદ્યોગોનેસહાય.<br>(૨) મિની એસ્ટેટમાં તૈયાર શેડ વિકસાવવા માટે પ્રાઇવેટ ડેવલોપરને સહાય<br>(3) એમએસએમઈના એસસી/એસટી એન્ટરપ્રેનીયર્સ માટે ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરઉદ્યોગ ઉદય યોજના (ક્રમ-૧૦/૧૧/૧૨ ની યોજના) |
| સંભવીત લાભાર્થીઓ | સુક્ષ્મ તથા લઘુ ઉદ્યોગો |
| સહાયનું પ્રમાણઃ | માન્ય પ્રોજેક્ટ કોસ્ટ પૈકી થયેલ ખર્ચના ૫૫%સામન્ય જાતિના લાભાર્થીના કિસ્સામાં તેમજ અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતીલાભાર્થીના કિસ્સામાં ૭૦% સહાય |
| અમલીકરણ કચેરીઃ | (૧) કમિશનરશ્રી એમએસએમઇની કચેરી |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | ૫૫%રાજયસરકારનો ફાળો સામાન્ય લાભાર્થીઓ માટે<br>૭૦% રાજય સરકારનો ફાળો એસસી/એસટી લાભાર્થીઓ માટે |
| અપેક્ષિત આઉટકમ | રાજ્યના સુક્ષ્મ તથા લઘુ ઉદ્યોગને હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | સંશોધન અને તાંત્રિક વિકાસ માટે સહાય તથા સ્ટાર્ટઅપ્સ ઇનોવેશન યોજના | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | નવી ઔધોગિક નીતિ - ૨૦૧૫ તથા ૨૦૨૦ અંતર્ગતસ્ટાર્ટ અપ/ઈનોવેશન માટે સહાય યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગતઉધોગ સાહસિક તેમના ઈનોવેટીવ આઇડીયાના સંશોધન માટે તથા સંશોધનના વેપારીકરણ માટેસહાય મેળવી શકે છે. ગુજરાત ઔધોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગતની સ્કીમ ફોર સ્ટાર્ટઅપ/ઇનોવેશન અંતર્ગત સંશોધનકારને રૂ.૨૫,૦૦૦/- સુધીનું પ્રતિ માસ સ્વનિર્ભર ભથ્થુંએક વર્ષ માટે, રૂ.૩૦.૦૦/- લાખ સીડ સપોર્ટ તરીકે, રૂ.૩.૦૦/- લાખ પ્રતિસ્ટાર્ટ–અપને એકસેલરેશન પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તથા સ્કીલ ડેવલપમેન્ટ માટેરૂ.૧.૦૦/- લાખ પ્રતિ સ્ટાર્ટ-અપ આપવાની જોગવાઇ છે. નોંધપાત્ર સામાજિક અસર ધરાવતાસ્ટાર્ટ-અપને વધારાના રૂ.૧૦.૦૦/- લાખ પ્રતિ સ્ટાર્ટ – અપ, પ્રિ-સીરીઝ વેન્ચર ફંડીગ સહાય તેમજ વ્યાજસહાય આપવાની જોગવાઈ છે તેમજ માર્ગદર્શક સંસ્થાને રૂ.૧૫.૦૦/- લાખ સુધીની સહાય અનેપ્રમોશનલ ઇવેન્ટના આયોજન માટે રૂ.૫.૦૦/- લાખ સુધીની સહાય જોગવાઇ છે.સદર ઔધોગિકનિતીમાં નીચે મુજબની યોજનાઓ સામેલ છે.<br>યોજના ૧ - સંશોધન અને વિકાસ/ઉત્પાદનવિકાસ કેન્દ્ર સ્થાપિત કરવામાં સહાય.<br>યોજના ૨- સંશોધન કાર્ય માટે સહાય<br>યોજના 3 - રાજ્ય સરકાર અથવા ભારતસરકાર દ્વારા સ્થાપિત R&D સંસ્થાઓ/લેબોરેટરીઓનેસહાય<br>યોજના ૪ - લેબોરેટરીની સ્થાપના માટે ઔધોગિક સંગઠનનેસહાય. | | |
| સંભવીત લાભાર્થીઓ | સ્ટાર્ટ અપ્સ પ્રોજેક્ટ, R&D સેન્ટર, R&D ઇન્સ્ટિટ્યુટ્સ, R&D લેબોરેટરી | | |
| સહાયનું પ્રમાણઃ | ૧૦૦.૦૦% | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય:-૦ | અન્ય:- |
| અપેક્ષિત આઉટકમ | સંશોધન અને વિકાસ યોજના અન્વયે રાજ્યમાં આવેલીસંશોધન અને વિકાસ ક્ષેત્રે કામ કરતી વિવિધ સંસ્થાઓને R & D/પ્રોડકટડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા માટે માન્ય મૂડીરોકાણના ૩૦% તથા માન્ય ઔધોગિકએશોસીએશન દ્વારા સ્થાપવામાં આવતી લેબોરેટરી માટે માન્ય મૂડીરોકાણના ૬૦% ના દરેસહાય આપવાની જોગવાઈ છે. રાજય સરકાર તથા ભારત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલીસંસ્થાઓને જરૂરીયાત મુજબ સહાય આપવાની જોગવાઇ છે તેમજ કોન્ટ્રેકટ રિસર્ચ વર્કમાટે ૫૦% ના દરે સહાય આપવાની જોગવાઈ છે.સંશોધન અને વિકાસ યોજના તથા સ્ટાર્ટ અપ્સ/ઇનોવેશન યોજના અન્વયે વર્ષ૨૦૨૨-૨૩ માટે ઓ.આઇ.એન.-૨ ઔધોગિક શિક્ષણ સંશોધન અને તાલીમ માટે રૂ.૭૫૦૦.૦૦/-લાખની જરૂરિયાત રહેશે. જે અન્વયે રૂ.૭૫૦૦.૦૦/- લાખની જોગવાઇ ચાલુ બાબત તરીકેસૂચવવામાં આવે છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૩ પૂર્વ જરૂરી સવલતોનો વિકાસ, સીઇટીપીયોજના<br>૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૨<br>સીઇટીપી યોજના | | |
| ઘટકોઅને પ્રવૃત્તિઓ | પર્યાવરણની સુવિધા સારૂ ઔદ્યોગીક પ્રદુષણને રોકવાકે ઘટાડો કરવા માટેસામુહિકપ્રદુષણ નિયંત્રણ માટે આંતર માળખાકીય સુવિધાના જુદા જુદા પ્રોજેકટો જેવાકે, નવાસી.ઇ.ટી.પી. પ્રોજેકટો હયાત સી.ઇ.ટી.પી.નુ અપગ્રેડેશન કરવુ પ્રદુષિત પાણીનાનિકાલ માટેની પાઇપલાઇન ઔદ્યોગિક ગંદા પાણીની રીસાઇકલ કરવા માટે કોમનસ્પ્રેડ્રાઇંગ સીસ્ટમ ઉભી કરવાહવાપાણીના પ્રદુષણ માટેની મોનીટરીંગ સીસ્ટમ ઉભી કરવા વગેરે... | | |
| સંભવીત લાભાર્થીઓ | રાજયના ઔદ્યોગિક એકમો. | | |
| સહાયનું પ્રમાણઃ | સામુહિકવેસ્ટ મેનેજમેન્ટના પ્રોજેકટો ઉભા કરવા માટે પ્રોજેકટ કોસ્ટના ૪૦% લેખે મહત્તમરૂ.૫૦/- કરોડની સહાય | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય 100% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ગુજરાતઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત રાજય સરકાર દ્વારા પર્યાવરણની સુવિધા સારૂ ઔદ્યોગીકપ્રદુષણને રોકવા કે ઘટાડો કરવા માટે સામુહિક પ્રદુષણ નિયંત્રણ માટે આંતરમાળખાકીય સુવિધાના જુદા જુદા પ્રોજેકટો જેવાકે, નવા સી.ઇ.ટી.પી. પ્રોજેકટો હયાતસી.ઇ.ટી.પી.નુ અપગ્રેડેશન કરવુ પ્રદુષિત પાણીના નિકાલ માટેની પાઇપલાઇન ઔદ્યોગિકગંદા પાણીની રીસાઇકલ કરવા માટે કોમન સ્પ્રેડ્રાઇંગ સીસ્ટમ ઉભી કરવા, હવાપાણીનાપ્રદુષણ માટેની મોનીટરીંગ સીસ્ટમ ઉભી કરવા વગેરે...પ્રોજેકટો માટે સીઇટીપીયોજના હેઠળ સહાયઆપવામાં આવેછે.સને-૨૦૨૨-૨૩ના વર્ષમાંઉકત યોજના માટે રૂ.૫૦૦૦.૦૦/- લાખની જોગવાઇસૂચવવામાંઆવી છે. | | |

| | |
|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૩ ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનોવિકાસ (ચાલુ બાબત)<br>૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૨<br>ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સહાય યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ઔદ્યોગિક વસાહત/વિસ્તાર અથવા ક્લસ્ટરનીઆંતરમાળાખાકીય સુવિધાઓના અપગ્રેડેશન માટે ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનેસહાય યોજના જાહેર કરવામાં આવેલ છે. |
| સંભવીત લાભાર્થીઓ | • ઔદ્યોગિક એસોસીએશન, ચેમ્બર ઓફ કોમર્સ એન્ડઇન્ડસ્ટ્રીઝ અથવા ઔદ્યોગિક એકમોની SPV, લાર્જ પ્રોજેક્ટ્સ / ગ્રુપ ઓફઇન્ડસ્ટ્રીઝ.<br>• રાજય રાજય સરકારનો કોઇપણ વિભાગ, સરકારી એજન્સી કે ઓથોરીટી, રાજય અનેકેન્દ્ર સરકારના જાહેર સાહસો, બોર્ડ, કોર્પોરેશન, મ્યુનિસિપલ કોર્પોરેશન. |

| | | | |
|---|---|---|---|
| સહાયનું પ્રમાણઃ | • પ્રોજેક્ટ કોસ્ટના ૮૦% સુધી મહત્તમ રૂા.૨૫ કરોડબેમાંથી જે ઓછી હોય તે સહાય મળવાપાત્ર થાય છે.<br>• તા. ૧૦/૧૨/૨૦૧૮ ના ઠરાવ મુજબ૮૦%સુધી મહત્તમ રૂા.૨૫ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.<br>• સરકારશ્રીના વિભાગો, બોર્ડ, કોર્પોરેશન, સત્તામંડળ, કેન્દ્ર સરકારના સાહસો, સરકારી એજન્સી માટે ૧૦૦% સુધી સહાય મળવાપાત્ર થાય છે | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમીશનર કચેરી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: ૧૦૦% | કેન્દ્રિય:૦ | અન્ય:૦ |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રકચરનું અપગ્રેડેશન | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઈએનડી-૩ ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનોવિકાસઔધોગિક પાર્ક૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૨ | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રોડ, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટ, બિલ્ડીંગ જેવીઆંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા. | | |
| સંભવીત લાભાર્થીઓ | ઔધોગિક પાર્ક અનેલોજીસ્ટીક પાર્કડેવલપર | | |
| સહાયનું પ્રમાણઃ | ગુજરાતસરકારના તા.૨૧/૦૪/૨૦૧૫ ના ઠરાવ મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનરની કચેરી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: (૧૦૦%) | કેન્દ્રિય:૦ | અન્ય:૦ |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઉધોગોઅર્થે રોડ, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટ, બિલ્ડીંગ જેવી આંતરમાળખાકીય સુવિધાઓનોવધારો કરવા માટે | | |

| | |
|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૩ આઇ ક્રીએટ સંસ્થાને રોજ બરોજના ખર્ચમાટે ફંડ ૨૮૫૨ ૮૦ ૮૦૦ ૨૨ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | જી.એમ.ડી સી અને ગુજરાત ફાઉન્ડેશન ફોર એકસીલન્સ એરાજયના ઉધોગ સાહસિકોને ટેકનોલોજીકલ સહાય પુરી પાડવા માટે ધોલેરા, તાલુકોબાવળા,જિલ્લો અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઇક્યુબેશન સેન્ટરની સ્થાપનાકરેલ છે. |
| સંભવીત લાભાર્થીઓ | રાજયના ઔધોગિક એકમો. |
| સહાયનું પ્રમાણઃ | સામુહિક વેસ્ટ મેનેજમેન્ટના પ્રોજેકટો ઉભા કરવામાટે પ્રોજેકટ કોસ્ટના ૨૫% લેખે મહત્તમ રૂા.૨૫ કરોડની સહાય |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનરશ્રી |

| | | | |
|---|---|---|---|
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ | રાજય સરકારના નિગમ ગુજરાત મીનીરલ ડેવલપમેન્ટકોર્પોરેશન અને ગુજરાત ફાઉન્ડેશન ફોર એન્ટરપ્રીનીયોરશીપ એકસલન્સની સાથેટેકનોલોજી એન્ટરપ્રીનીયોર ઇન્ક્યુબેશનમાટે દેવ ધોલેરા, તા.બાવળા જી.અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઉભી કરેલ છે. આ સંસ્થા દ્વારા કરવાની થતી કામગીરીને નાણાંકીય મદદ કરવા અનેસંસ્થાના કેપીટલ ખર્ચ તથા રોજ-બરોજના ખર્ચ માટે ફંડ ઉપલબ્ધ થઇ શકે તે માટે વર્ષ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૪૫૦૦.૦૦/- લાખની ચાલુ બાબતની જોગવાઇ સુચવવામાં આવે છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૩ પૂર્વ જરૂરી સવલતોનો વિકાસ, સીઇટીપીયોજના(સેન્ટર ઓફ એકસલન્સ)૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૨ | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | તે એન્ટરટેઇન ઓફ એક્સેલન્સ (CoE) માટેની એક યોજનાછે, જે મુખ્યત્વે સહયોગને પ્રોત્સાહિત કરવા અને સુવિધા આપવા માટે વિશિષ્ટકુશળતાના સંગ્રહ પર કેન્દ્રિત છે. તે વિશિષ્ટ કાર્યલક્ષી વિસ્તાર જેમ કેએસ્શોર્ટ અને ડેવલપમેન્ટ, ઇનક્યુબેશન સપોર્ટ, ઇનોવેશન, કૌશલ્ય વિકાસ વગેરે માટેશ્રેષ્ઠ પ્રયાસોનું સંચાલન કરવામાં મદદ કરે છે. આ CoE બાકીની સંસ્થામાંમેટ્રિક્સ થાય છે અથવા અલગ શાસનસત્તા ધરાવે છે | | |
| સંભવીત લાભાર્થીઓ | ઈન્ડસ્ટ્રીઝએસોસિએશન/ફેડરેશન/ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ, ઔદ્યોગિક એન્ટરપ્રાઇઝ, સરકારી જાહેર સાહસો, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, કૉલેજીસ અને/ અથવા એસપીવીતરીકેની સ્થાપના કરવામાં આવેલી કોઈપણ સંસ્થા. રાજ્ય સ્તરની અધિકૃત સમિતિ (એસએલઇસી) દ્વારા મંજૂર કરાયેલ કોઈપણ અન્ય સંસ્થા પણ પાત્ર રહેશે. | | |
| સહાયનું પ્રમાણઃ | પ્રોજેકટખર્ચના ૭૦% અથવા રૂ.૧૦/- કરોડ રાજ્ય સ્તરે, રૂ.૨૦/- કરોડ રાષ્ટ્રીય સ્તરે અનેઇન્ટરનેશનલ લેવલ માટે રૂ.૩૦/-કરોડ જે ઓછો હોય તે.<br>તેમાં જમીન, મકાન, પ્લાન્ટ અનેમશીનરી, સાધનસામગ્રી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ અને ૩ વર્ષ માટે રિકરિંગ ખર્ચનોસમાવેશ થાય છે. | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:- ૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ | રાજયનાયુવાનોની કાર્યક્ષમતાનો પુરેપુરો ઉપયોગકરવા માટે ખાનગી ધંધાકીય તથા શૈક્ષણિક સંસ્થા સાથેના જોડાણ દવારા સેન્ટરઓફ એકસલન્સ ઇન્કયુબેશન અને ઇનોવેશન સેન્ટરની રચના અને સહાય કરી શકાય. તે માટે તેમાટે સને-૨૦૨૧-૨૨માં આ યોજના હેઠળ ચાલુબાબત તરીકેરૂ.૫૦૦.૦૦/- લાખનીબજેટ જોગવાઇ કરવામાં આવેલ હતી. સપ્ટે-૨૦૨૧ અંતિત ખર્ચ થઇ | | |

| | |
|---|---|
| | શકેલ નથી.સને-૨૦૨૨-૨૩ના વર્ષમાં આ યોજના માટે ચાલુબાબત તરીકે રૂ.૫૫૦.૦૦/-લાખની બજેટ જોગવાઇ સૂચવવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૩ જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી (JICA) ૪૯- ૨૮૫૨-૮૦-૮૦૦-૨૨<br>ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સહાય યોજના | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી(JICA) દ્વારાગુજરાત સરકારને નાણાંકીય સહાય / સોફ્ટ લોન આપવા માટે ભારત સરકાર સાથે કરારકરવામાં આવેલ છે. જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સીએ સૂચવેલ ગુજરાતઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ (GIPP) મુજબ નાણાકીય સહાયનો હેતુ ઉદ્યોગસંબંધિત આંતરમાળખાકીય સુવિધાના વિકાસ અને વિશ્વ કક્ષાની ઔધોગિક વસાહતોસ્થાપવાનો છે, જેનાથી ગુજરાત રોકાણ માટે વધુ આકર્ષક અને મૈત્રીપૂર્ણ સ્થળ બનીરહે.<br>ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામની જોગવાઇ મુજબ આ કાર્યક્રમ માટેપ્રોગ્રામ અમલીકરણ એકમ (PMU), પ્રોગ્રામ મોનિટરીંગ કમિટી (PMC) તથા સ્મોલઇન્ફ્રાસ્ટ્રક્વર પ્રોજેક્ટ એમ્પાવર્ડ કમિટી (SIPEC) રચવામાં આવેલ છે. | | |
| સંભવીત લાભાર્થીઓ | - | | |
| સહાયનું પ્રમાણઃ | - | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમીશનરશ્રીની કચેરી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ | - | | |

| | |
|---|---|
| યોજનાનુ નામ : | આઇએનડી-૪, ઔધૌગિક વિકાસ માટે સંસ્થાઓને સહાય<br>(૨૮૫૨-૮૦-૮૦૦-૨૩) |
| ઘટકો અન પ્રવૃતિઓ : | ઉધોગસાહસિકતાવિકાસ અંગેના વિચારને બહોળી રીતે પ્રચાર અને પ્રસાર કરવો, સંપૂર્ણ કક્ષાનોતાલીમી કાર્યક્રમ યોજવાનો છે તેમજ તાલીમાર્થી તાલીમ લઇને શહેરી અને ગ્રામ્યવિસ્તારમા પોતાનો સ્વતંત્ર વ્યવસાય/ધંધો શરૂ કરે તે માટેનો છે. મુખ્ય હેતુતાલીમાર્થીને "જોબ શોધનાર નહિ પણ જોબ આપનાર" બનાવવા માટેનો પ્રયાસ કરવાનો છે. |
| સંભવિત લાભાર્થીઓ : | જેને૧૮વર્ષપુર્ણ કરેલ હોય તેવા અને રાજ્યનાજુદા જુદા ભાગોમાંથી સંભાવિત અને વર્તમાન ઉધોગસાહસિકોની વિકાસ માટે જરૂરીઓનલાઈન/ઓફલાઈન તાલીમી કાર્યક્રમ કરવાનું આયોજન |
| સહાય નુ પ્રમાણ : | રૂ.૬.૯૦/-કરોડ |

<
>

| | | | |
|---|---|---|---|
| અમલીકરણ કચેરી : | ઉદ્યોગસાહસિકતાવિકાસ સંસ્થાન (સીઇડી) | | |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) | રાજ્ય : ૧૦૦% | કેન્દ્રિય : | અન્ય : |
| અપેક્ષિત આઉટક્રમ : (૨૦૦ શબ્દોમા) | વર્ષ૨૦૨૨-૨૩માં ઉદ્યોગસાહસિકતા જાગૃતતા કાર્યક્રમ (ઇએડબલ્યુ), ઉદ્યોગસાહસિકતા વિકાસતાલીમી કાર્યક્રમ (ઇડીપી), માનવ વિકાસ તાલીમી કાર્યક્રમ (એચઆરડી) અને બીજીપેઢીના ઉદ્યોગ સાહસિકો માટે અલાયદા કાર્યક્રમ (એસજીપી) દ્વારા કુલ ૨૦,૦૩૦ તાલીમાર્થીઓ/લાભાર્થીઓને તૈયાર કરવાનો અને અને તેમની સાહસિકતાની સફર સરળબનાવવાનો લક્ષ્યાંક છે. સીઈડી દ્વારા પોસ્ટ તાલીમ/હેન્ડ હોલ્ડીંગ અને સલાહસુચનઅંતર્ગત તાલીમ બાદ રસ ધરાવતા તાલીમાર્થીઓ ને ખાસ મદદ કરવા માંગીએ છીએ | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઇ.એન.ડી-૪સી એસ.આરના વિકાસ માટે સંસ્થાઓનેસહાય ૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૩<br>આઇએનડી-૪ ઔધોગિક સંસ્થાને સહાય અને વિકાસ, સહાય | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાતસરકારે તા.૧૯/૧૨/૨૦૧૪ના ઠરાવથી સી.એસ.આર ઓથોરીટીની સ્થાપના કરેલ છે. જે ઉદ્યોગોદ્વારા એસ.આર હેઠળ કરવામાં આવતા કાર્યોનું મોનીટરીંગ અને અમલવારીનું કાર્ય કરશે. | | |
| સંભવીત લાભાર્થીઓ | સી એસ.આર ઓથોરીટી | | |
| સહાયનું પ્રમાણઃ | ગુજરાત સરકારનાતા.૧૯/૧૨/૨૦૧૪ના ઠરાવ મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનરશ્રી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય: ૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઔધોગિક સંસ્થાને સહાય હેઠળ ઔધોગિક સામાજિકજ્વાબદારીના ભાગ રૂપે વિવિધ કલ્યાણકારી યોજનાઓ હાથ ધરવા તથા અમલીકરણ માટે૯/૧૨/૨૦૧૪ના ઠરાવથી ગુજરાત સી.એસ.આર ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે. સી.એસ.આરઓથોરીટીને ફંડની ચુકવણી માટે સને-૨૦૨૨-૨૩નાવર્ષમાં ચાલુ બાબત તરીકેરૂ.૧૦૦.૦૦/- લાખનીબજેટ જોગવાઇસૂચવવામાં આવી છે. | | |

| | |
|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૪ ઔધોગિક સંસ્થાaને સહાય અને વિકાસ, સહાય ૨૮૫૨-૮૦-૮૦૦-૨૩<br>સુરત ખાતે સુચિત ટેક્ષ્ટાઇલ યુનિવર્સિટી સ્થાપવાની યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ માટે તાલીમ પામેલ વર્કર્સ |
| સંભવીત લાભાર્થીઓ | ટેક્ષ્ટાઇલ ઉદ્યોગો |
| સહાયનું પ્રમાણઃ | લાગુ પડતું નથી. |

| | | | |
|---|---|---|---|
| અમલીકરણ કચેરીઃ | ઇન્ડેક્ષ્ટ-બી, સી.ઇ.ડી.ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ | ટેક્ષ્ટાઇલ ઉધોગ માટે તાલીમ પામેલ વર્કર્સતૈયાર કરવા. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઇએનડી-૪ ઔધોગિક સંસ્થાaને સહાય અને વિકાસ, સહાય ૨૮૫૨-૮૦-૮૦૦-૨૩<br>હીરા ઉધોગોનો વિકાસ | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાત રાજયમાં ઔધોગિક નીતિ-૨૦૦૯ હેઠળ ઔધોગિકસામાજિક/આર્થિક વિકાસ સીમા ચિન્હો પ્રાપ્ત કરવા અને રાજયનો ઉચ્ચ વિકાસ કરવા નેમછે. રાજયમાં ઉધોગોનો વિકાસ અને યુવા રોજગારીના ઉદેશથી હીરાજ ઉધોગનો વિકાસસહાય યોજના જાહેર કરેલ છે. સદર યોજના હેઠળ નાંણા વિભાગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૩નાઠરાવથી જાહેર થયેલ હિરા ઉધોગ સાથે સંકળાયેલ હિરા ઉધોગના કારીગરો માટે ગુજરાતજૂથ જનતા અકસ્માત વિમા યોજના અંતર્ગત વિમા પોલીસી અન્વયે વાર્ષિક વીમાપ્રિમીયમનું ચુકવણું કરવા ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના ઠરાવ હેઠળજોગવાઇ કરવામાં આવેલ છે. | | |
| સંભવીત લાભાર્થીઓ | હીરાઉધોગના કારીગરો | | |
| સહાયનું પ્રમાણઃ | હીરા ઉધોગના કારીગરો માટે ગુજરાત જૂથ જનતાઅકસ્માત વિમા યોજના ૧૦૦ % સહાય | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઔધોગિક વિકાસથી સામાજિક/આર્થિક વિકાસ સીમાચિન્હો પ્રાપ્ત કરવા | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | ૫.૧ વ્યાપાર મેળા, ચર્ચાપત્રો અનેપ્રદર્શનો, (૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | વ્યાપાર મેળા, ચર્ચાપત્રોઅને પ્રદર્શનો | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉધોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઔદ્યોગિકવિકાસને પ્રોત્સાહન આપવા માટે વર્ષ દરમિયાન વિવિધ પ્રદર્શન અને સેમિનારમાંઇન્ડેક્ષ્ટબી ભાગ લે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન વિવિધ પ્રદર્શન અને સેમિનાર જેવાકે આઇ.આઇ.ટી..એફ., ઇન્ડિયા કેમ, વિગેરેમાં ભાગ લેવા અંગેનો ખર્ચ રૂ.૬૮૦.૦૦/-લાખ જેટલો અંદાજવામાં આવ્યો છે. |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | ઇન્વેસ્ટરફેસીલેશન પોર્ટલ (૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રોકાણકારો તેમના વ્યવસાયને સ્થાપિત કરવા અને ચલાવવા માટે જરૂરી તમામ મંજૂરીઓજલદીથી ઉપલબ્ધ કરાવવા | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉધોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રોકાણદરખાસ્તોની પ્રક્રિયાને વેગ આપવા માટે રાજ્ય સરકારે વિવિધ મંજૂરીઓ માટે રાજ્યમાંરોકાણોની સુવિધા વ્યવસ્થા શરૂ કરી હતી. આ હેતુ માટે, સરકારે એક રોકાણકાર સુવિધાપોર્ટલ (આઈએફપી) વિકસાવ્યું છે, જે રોકાણ દરખાસ્તો માટે કેન્દ્રિય, કાગળવિહીનઅને કાર્યક્ષમ અભિગમ પ્રદાન કરે છે. પોર્ટલ સિંગલ વિંડોની જેમ કાર્ય કરે છેજ્યાં રોકાણકારો તેમના વ્યવસાયને સ્થાપિત કરવા અને ચલાવવા માટે જરૂરી તમામમંજૂરીઓ અને મંજૂરી માટે અરજી કરી શકે છે. આ પોર્ટલ રોકાણકારોને સરકારની નીતિઓ, પ્રોત્સાહક યોજનાઓ, માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા, કાચા માલ વગેરે અંગેના માધ્યમતરીકે કામ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ખર્ચને પહોંચી વળવા રૂ.૩૬૨.૬૯/- લાખની બજેટ જોગવાઇ સૂચવવામાં આવી છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | ઇન્વેસ્ટરફેસીલેશન સેલ (૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉધોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ઔદ્યોગિક વિકાસમાટેના પ્રયત્નો માટે આઈએનડી-5 હેઠળ નાણાંની જોગવાઇ કરવામાં આવે છે. ઇન્ડેક્સટબીગુજરાતમાં ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનુંસમન્વય કરે છે.ગુજરાતમાં રોકાણોની સગવડ માટે, રોકાણ સુવિધા સેલ કાર્યરત કરવામાંઆવે છે. રાજ્ય અને જિલ્લા સ્તરે સેલના કામ માટે કરારના આધારે ઓપરેશનલ | | |

| | |
|---|---|
| | ટીમોનીનિમણૂક કરવામાં આવી છે સેલની પ્રવૃત્તિઓ કરવા વિવિધ ટીમો રોકાયેલ છે. આઇએફસીપ્રોજેક્ટ એક્ઝિક્યુટિવ્સ કર્મચારીઓના પગાર, સીએમઓ ખાતે ઔદ્યોગિક દેખરેખ સેલનુંસંચાલન અને હેલ્પડેસ્કની વ્યવસ્થા કરવા માટે બજેટ આવશ્યક છે.વર્ષ ૨૦૨૨-૨૩ માટેકુલ અંદાજિત જોગવાય રૂ.૧૦૦.૦૦/- લાખ સુચવવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | ફોરેનડેલીગેશન ફોર ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન (૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉદ્યોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વર્ષદરમિયાન વિવિધ વિદેશી ડેલિગેશન ઔદ્યોગિક તકો માટે રાજયની મુલાકાત લે છે.ઇન્ડેક્ષ્ટબી આ ડેલિગેશન માટે વિવિધ વ્યવસ્થાની કામગીરી હાથ ધરે છે. તેમજસરકારશ્રી દ્વારા નકકી કર્યા મુજબના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ વિદેશમાં જાય છે.તેથી તે અંગેનું સાહિત્ય તૈયાર કરી મોકલવા વિગેરે માટેરૂ.૬૫.૦૦/- લાખની દરખાસ્ત કરવામાં આવે છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | ઇન્ટરનેશનલ ડેસ્ક ( ૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪ ) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉદ્યોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | આ માટે ૨૦૨૨-૨૩ નાણાંકીય વર્ષ માટે રૂ.૧.૦૦/- લાખ (ટોકન) તરીકેની જોગવાઇ કરવા દરખાસ્ત કરવામાં આવી છે. | | |

| | |
|---|---|
| યોજનાનુંનામઃ | આઈએનડી-૫ ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહકપ્રયત્નો ૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪<br>જિલ્લા /તાલુકા કક્ષાના સેમીનાર/કમ વર્કશોપ યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સરકારશ્રીએ જાહેર કરેલ યોજનાઓની બહોળી પ્રસિધ્ધીથાય તે માટે જિલ્લા તાલુકા કક્ષાએ સેમીનારો યોજવા |

| | | | |
|---|---|---|---|
| સંભવીત લાભાર્થીઓ | ઉધોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ % | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ગુજરાત રાજયના છેક ઉડાણના ગામોમાં ઉધોગોનેવિકાસ અને રોજગારી ઉભી થાય તે માટે સરકારશ્રી ની પ્રોત્સાહનની નીતિઓનો લાભ ગ્રામકક્ષાએ સૅમિનારનું આયોજન કરી સમજ મળે તે માટે જિલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારાજિલ્લા તેમજ તાલુકા કક્ષાએ સેમીનાર કમ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આગામીસમયમાં જિલ્લા કક્ષાએ વધુ સેમીનારનું આયોજન કરી સરકારશ્રીની યોજનાઓની જાણકારીવધુને વધુ લોકોને મળે તે જરૂરી જણાય છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ અંદાજિત જોગવાયરૂ.૫૦.૦૦/- લાખ સુચવવામાં આવેલ છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઈએનડી-૫ઔધોગિક વિકાસ માટે પ્રોત્સાહકપ્રયત્નો<br>૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪<br>ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસ સેલ (EODB Cell) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ સેલ | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉધોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઉધોગકારોને ઉધોગ સ્થાપવા માટે મહત્તમ સરળતારહેતે માટે ઉધોગ અને ખાણવિભાગ ના તા૨૦.૨.૨૦૧૫ના ઠરાવથી "Ease of Doing Business માટે – "Investors' Facilitation Cell" સેલની સ્થાપના કરી છે. સરળીકરણ ની આ પ્રક્રિયામાં IFP PORTAL પર સરકારી વિવિધ પ્રક્રિયાઓ સંકલિત કરવાનું વિચારાધિન છે. આ પોર્ટલ સાથેસરકારના વિવિધ વિભાગો/ખાતાઓ કે જે ઉધોગ/ બીઝનેસ સ્થાપવા માટે વિવિધ પ્રકારની મંજુરીઓ/પરવાનગીઓ વિગેરે આપતા હોય છે. તમામ ઉધોગ/બીઝનેસ સ્થાપવા પહેલાની, ઉધોગ શરૂ થયા પહેલાંની અને ઉધોગ શરૂ થયા બાદની મંજુરીઓ તેમજ સહાય IFP PORTAL પર સીંગલવિન્ડો હેઠળ સાંકળવામાં આવશે. આમ, ઉધોગ સાહસિકો અને સરકારના વિવિધખાતાઓ વચ્ચે શેતુરુપ ભૂમિકા બજવવા માટે અને એકબારી મંજુરી પ્રકારની પ્રણાલી ઉભીકરવા ઉધોગ કમિશનરશ્રીની કચેરીમાં EODB/IFP CELL સ્થાપિત કરવાનું આયોજન કરવામાંઆવેલ છે. જેના માટે જરુરી માળખું તથા પૂર્વ નિર્ધારિત એજન્સીઓ પાસેથી માનવબળનીસેવા મેળવવા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૩૭૦.૦૦/- લાખની જોગવાઇ | | |

| | |
|---|---|
| | સૂચવવામાં આવેલછે. |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામ: | આઇએનડી-૫ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો ૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪૫.૧૨ એસ.એમ.ઇ.હેલ્પ ડેસ્ક | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ઉદ્યોગ સ્થાપવા માટે રોકાણકર્તાઓએ ઉદ્યોગ ખાતાપાસે માર્ગદર્શન ઇચ્છતા હોય છે. એમ.એસ.એમ.ઇ.નો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીયમાર્કેટમાં ફાળલ વધે તે માટે સરકાર દ્વારા ઉદ્યોગ સાહસિકોને માર્કેટની તકો તથાલેટેસ્ટ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોના પ્રવાહ તથા વ્યુહરચના તથા ઔધોગિકપ્રદર્શનો વિગેરે બાબતે માર્ગદર્શન આપવાની જરૂરીયાત છે. આ ધ્યેય હાંસલ કરવાસરકારે શરૂઆતમાં ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીમાં તથા અમદાવાદ,વડોદરા,રાજકોટ અનેસુરતના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ખાતે SME HELPDESK(MSME FacilitationDesk)નીસ્થાપના કરેલ છે. | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉદ્યોગકારો | | |
| સહાયનું પ્રમાણ: | - | | |
| અમલીકરણ કચેરી: | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ઉદ્યોગ સ્થાપવા માટે રોકાણકર્તાઓએ ઉદ્યોગ ખાતાપાસે માર્ગદર્શન ઇચ્છતા હોય છે. એમ.એસ.એમ.ઇ.નો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીયમાર્કેટમાં ફાળલ વધે તે માટે સરકાર દ્વારા ઉદ્યોગ સાહસિકોને માર્કેટની તકો તથાલેટેસ્ટ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોના પ્રવાહ તથા વ્યુહરચના તથા ઔધોગિકપ્રદર્શનો વિગેરે બાબતે માર્ગદર્શન આપવાની જરૂરીયાત છે. આ ધ્યેય હાંસલ કરવાસરકારે શરૂઆતમાં ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીમાં તથા અમદાવાદ,વડોદરા,રાજકોટ અનેસરતના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ખાતે SME HELP DESK(MSME FacilitationDesk) નીસ્થાપના કરેલ છે. આ પ્રોજેકટમાં ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીમાં કોર ટીમમાં ત્રણપ્રોફેશનલ અને ક્ષેત્રીય ચાર હેલ્પ ડેસ્કમાં દરેક જગ્યાએ બે પ્રોફેશનલ હશે.તબકકાવાર અન્ય જિલ્લાઓમાં પણ આ પણ આ વ્યવસ્થા ઉભી કરેલ છે. આ SME HELP DESK(MSME FacilitationDesk) એમ.એસ.એમ.ઇ.ઉદ્યોગ સ્થાપવા ઇચ્છતા રોકાણકારોને નાણાંકીયવ્યવસ્થા માટે, પ્રોજેકટ પરત્વે નોલેજ સપોર્ટ, વેચાણ અને માર્કેટીંગ વિગેરેબાબતો માટે માર્ગદર્શન આપશે તથા સરકારી કચેરીઓમાં અમલીકરણ થતી યોજનાઓનીપ્રક્રિયાઓથી માહિતગાર કરે છે. હાલ ૧૧ જિલ્લાઓમાં હેલ્પ ડેસ્ક દ્વારાઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન અને એમ.ઓ.યુ. ફોલોઅપ માટે સેવાઓ પુરી પાડવામાં આવે છે.હાલ કાર્યરત તેમજ નવા ખુલવામાં આવનાર SME HELP DESK(MSME FacilitationDesk)માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર તથા નામાંકિતકન્સલટન્ટનો દ્વારા માનવબળ ઉભુ કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેરૂ.૧૪૫.૦૦/- કરોડની જોગવાઇ સુચવવામાં આવેલ છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઈએનડી-૫ ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહકપ્રયત્નો<br>૪૯- ૨૮૫૨-૮૦-૮૦૦-૨૪<br>ઇન્ડેક્ષ્ટ-બીના મહેકમ પર માનવબળ ઉભુ કરવા માટે | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રાજ્યમાંમુડી રોકાણને ઉત્તેજન મળી શકે તે હેતુકામગીરી | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉદ્યોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | ઇંડેક્ષ્ટ બી દ્વારા રાજ્યમાંમુડી રોકાણને ઉત્તેજન મળી શકે તે હેતુકામગીરી ઘણા વર્ષોથી કરવામાં આવે છે. આસંસ્થા દ્વારા વાયબ્રંટ સમીટની કામગીરી રાજ્યના વિભાગો સાથે સંકલનમાં રહી કામગીરીકરે છે. સત્તા વધતી જતી કામગીરીને ધ્યાને લઇઇંડેક્ષ્ટ બીના મહેકમ ઉપરવિવિધ નવા સંવર્ગની ૨૨ જગાઓ ની દર્ખાસ્તમંજુર થયેલ છે. તે માનવબળના પગાર ભથ્થા અને અન્ય ખર્ચ માટે જોગવાઇ કરેલ છે. વર્ષ૨૦૨૨-૨૩ માટે કુલ અંદાજિત જોગવાઈરૂ.૯૦.૦૦/- લાખ સુચવવામાં આવેલ છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઈએનડી-5 ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહકપ્રયત્નો ૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪ ઇન્ડસ્ટ્રીયલ મોનીટરીંગ સેલ | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | વાયબ્રન્ટ ગુજરાતના પ્રોજેક્ટ અને રાજ્યમાં મુડી રોકાણને ઉત્તેજન મળી શકે તે હેતુ કામગીરી | | |
| સંભવીત લાભાર્થીઓ | ઇન્વેસ્ટર્સ અને ઉદ્યોગો | | |
| સહાયનું પ્રમાણઃ | ઇન્ડસ્ટ્રીયલ મોનીટરીંગ સેલમાટે પગાર | | |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનર કચેરી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય:૧૦૦ % | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | રાજ્યમાં મૂડીરોકાણ કરતા ઈન્વેસ્ટર્સને તેઓનાપ્રોજેક્ટ્ના ઝડપી અમલીકરણમાં મદદરૂપ થવા વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૮૫.૯૦/- લાખનીબજેટ જોગવાઈ સૂચવેલ છે. | | |

| | |
|---|---|
| યોજનાનુંનામઃ | વડી કચેરી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોનું આધુનિકરણ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | બાકીના જિલ્લાઓ અને વડી કચેરી માટે કરેલ અગાઉની કામગીરીમાં મકાન રીપેરીંગ, ફર્નિચર, વોટર કૂલર, આર.ઓ., કપાઉન્ડ વોલ, ઇલેકટ્રીક, પાર્ટીશન વિગેરે કામગીરી |
| સંભવીત લાભાર્થીઓ | ઉદ્યોગો |
| સહાયનું પ્રમાણઃ | લાગુ પડતુ નથી. |
| અમલીકરણ કચેરીઃ | ઉદ્યોગ કમિશનર કચેરી |

| | | | |
|---|---|---|---|
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) | રાજય: ૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિતઆઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજયમાંઔધોગિક ક્ષેત્રે મૂડી રોકાણ વધતાં રાજયમાં ઔધોગિક વિકાસ મોટાપાયે થયેલ છે.ઔધોગિક વિકાસને આનુષાગિક કામગીરી માટે ઉધોગ સાહસિકો અત્રેની કચેરમાંઅવાર-નવાર મુલાકાત લેતા હોય છે. જેથી કચેરીમાં આધુનિકરણ કરવા માટે વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦,૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં વડી કચેરી અને જિલ્લા ઉધોગકેન્દ્ર, વલસાડ, અમદાવાદ, ભાવનગર, મહેસાણા, વડોદરા, નડીયાદ, સુરત, પાલનપુર, જૂનાગઢની કચેરીઓને ગ્રાન્ટ ફાળવેલ છે. જયારે બાકીના જિલ્લાઓ અને વડી કચેરી માટેકરેલ અગાઉની કામગીરીમાં મકાન રીપેરીંગ, ફર્નિચર, વોટર કૂલર, આર.ઓ., કપાઉન્ડ વોલ, ઇલેકટ્રીક, પાર્ટીશન વિગેરે કામગીરી માટે અંદાજિત રૂ.૪૦.૦૦/- લાખ (અંકે રૂપિયાચાલીસ લાખ પુરા)ના બજેટની જરૂરિયાત રહેશે. જે બાબત ધ્યાને રાખી આ દરખાસ્તનેઆગળની નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં "ચાલુ બાબત" તરીકે સમાવેશ કરવાદરખાસ્ત કરેલ છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઇ.એન.ડી.પવાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૧ ( ૪૯-૨૮૫૨-૮૦-૮૦૦-૨૪) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાત રાજ્યમાં રોકાણ કરવા માગતા તમામ રોકાણકારોમાટે પ્લેટફોર્મ પૂરું પાડવા. | | |
| સંભવીત લાભાર્થીઓ | ગુજરાતમાં નવુ રોકાણ તથા નોકરીઓ | | |
| સહાયનું પ્રમાણઃ | લાગુ પડતુ નથી | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરની કચેરી | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વિદેશીરોકાણકારો સહિત તમામ રોકાણકારોને પણ યોગ્ય પ્લેટફોર્મ આપવામાં આવે છે. | | |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | વર્લ્ડ એક્ષ્પો (૪૯- ૨૮૫૨ ૮૦ ૮૦૦ ૨૪) | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગુજરાતના રોકાણ અને ઉધોગોને પ્રોત્સાહન માટેની વિવિધ પ્રવૃત્તિઓ ઇન્ડેક્ષ્ટબી દ્વારા હાથ ધરવામાં આવે છે. | | |
| સંભવીત લાભાર્થીઓ | ઉધોગકારો | | |
| સહાયનું પ્રમાણઃ | યોજના મુજબ | | |
| અમલીકરણ કચેરીઃ | ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર. | | |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ઔધોગિક વિકાસ અંગેપ્રોત્સાહક પ્રયત્નો માટે આઇ.એન.ડી.-૫ અંતર્ગત નાણાંકીય ભંડોળની જોગવાઇકરવામાં આવે છે.ગુજરાતના રોકાણ અનેઉધોગોને પ્રોત્સાહન માટેની વિવિધ પ્રવૃત્તિઓ ઇન્ડેક્ષ્ટબી દ્વારા હાથધરવામાં આવે છે.<br>આ પ્રવૃત્તિના ભાગ રૂપે, ઇન્ડેક્ષ્ટબી દ્વારા વિવિધ રાષ્ટ્રિય અનેઆંતરરાષ્ટ્રિય પ્રદર્શનો તેમજ પરિસંવાદોમાં ભાગ લેવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામ: | વાયેબલમાંદા ઔધોગિક એકમોને રીલીફ અને કન્સેશન આપવા માટેની યોજના | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આયોજના અન્વયે વાયેબલ માંદા એકમોને તેમના રાજ્ય સરકાર અને રાજ્ય સરકારનાબોર્ડ/નિગમોના બાકી લ્હેણાની એક સાથે પતાવટ(One Time Settlement)ના લાભ ઉપરાંતઇલેક્ટ્રીસિટી ડ્યુટીનું રીએમ્બર્સમેન્ટ, માંદા એકમ દ્વારા પુન:વસન માટે DRS/TEV રીપોર્ટ મુજબ કરવામાં આવતાં ફીક્સ કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ તથા રીન્યુએબલ એનર્જીજનરેશન સહિતના મૂડીરોકાણ પર Net VAT રીએમ્બર્સમેન્ટ વિ. લાભ મળવાપાત્ર છે. | | |
| સંભવીત લાભાર્થીઓ | વાયેબલમાંદા એકમો | | |
| સહાયનું પ્રમાણ: | • વાયેબલ માંદા એકમોને તેમનાં રાજ્ય સરકાર કે રાજ્ય સરકારના બોર્ડ/નિગમોના બાકીલ્હેણાની એક સાથે પતાવટ(OTS) હેઠળ મુદ્દલ રકમની ચુકવણી પર વ્યાજ, દંડનીય વ્યાજઅને દંડમાં માફી મળવાપાત્ર છે.<br>• ત્રણ વર્ષ સુધી ચૂકવેલ ઇલેક્ટ્રીસિટી ડ્યુટીની પરત ચુકવણી(reimbursement) ૧૦૦%, લેખે મળવાપાત્ર છે.<br>• રૂ.૧/- પ્રતિ યુનિટ વીજ વપરાશ પાવર ટેરીફ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે.<br>• જો માંદુ એકમ લેબર ઇન્સેન્ટીવ હોય તો ચુકવેલ ઇલેક્ટ્રીસિટી ડ્યુટીની વધુ એકવર્ષ(i.e. ૩+૧ વર્ષ) સુધી ૫૦% લેખે પરત ચુકવણી મળવાપાત્ર છે.<br>• જો જીબાયફર તરીકે નોંધાયેલ હોય તો ચુકવેલ ઇલેક્ટ્રીસિટી ડ્યુટીની વધુ એકવર્ષ(i.e. ૩+૧ વર્ષ) સુધી ૫૦% લેખે પરત ચુકવણી અને જીબાયફર તથા લેબર ઇન્ટેન્સીવબંને હોય તો વધુ બે વર્ષ(i.e. ૩+૨ વર્ષ) ૫૦% લેખેપરત ચુકવણી મળવાપાત્ર છે.<br>• માંદા એકમ દ્વારા પુન:વસન માટે DRS/TEV રીપોર્ટ મુજબ કરવામાં આવતાં વધારાનાંફીક્સ કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ(રીન્યુએબલ એનર્જી જનરેશન સહિત) ના ૭૫% રોકાણના ૭૫%સુધીનું Net VAT રીએમ્બર્સમેન્ટ પાંચ વર્ષમાં મળવાપાત્ર છે.<br>• નવા પ્રયોજકો પણ માંદા એકમોનો હવાલો લે તો ઉપરોક્ત તમામ સહાય માટે પાત્ર બનેછે. | | |
| અમલીકરણકચેરી: | ઉધોગકમિશનરની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર | | |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) | રાજય-૧૦૦% | કેન્દ્રિય | અન્ય |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યનાઅંદાજિત ૨૦, ૨૦ અને ૨૫ માંદા ઔધોગિક એકમો અનુક્રમે વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને૨૦૨૨-૨૩ દરમ્યાન યોજના હેઠળ ઉપર દર્શાવેલ લાભ મેળવી પુન:સ્થાપન થાય. |

| | | | |
|---|---|---|---|
| યોજનાનુંનામઃ | આઈએનડી-૭મીઠા ઉધોગના વિકાસ અને તેને માટે પૂર્વ જરૂરી સવલતો (અગરીયાશ્રમયોગીઓની કલ્યાણ યોજના) ૪૯-૨૮૫૧-૦૦-૧૦૨-૧૫ | | |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | દેશના કુલ ઉત્પાદન પૈકી લગભગ ૮૦% જેટલુ મીઠાનુંઉત્પાદન ગુજરાતમાં થાય છે. મીઠાનું ઉત્પાદન કરતા એકમો દરિયા કાંઠાના વિસ્તારમાંસ્થાપિત થયેલ છે. સદર એકમો મોટા ભાગે સુક્ષ્મ અને નાના પાયાના એકમો છે. જેમનેઆંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે તેમજ અગરિયાઓનું સામાજિક જીવન ધોરણ ઉંચુલાવવા સહાયની જરૂર રહે છે. રાજ્ય સરકાર દ્વારા આ માટેની કલ્યાણકારી પ્રોજેક્ટ્નીમંજુરી માટે ઉચ્ચ સત્તાધારી સમિતી (એમ્પાવર્ડ કમીટી)નું ગઠન કરવામાં આવેલછે. | | |
સરદાર સરોવર યોજના ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન એમ ચાર રાજ્યો ને લાભ આપનારી આંતરરાજય બહુલક્ષી યોજના છે, જેના થકી ગુજરાતના ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે નું આયોજન છે. યોજના અંતર્ગત શરૂઆતમાં ૪૦૦૦૦ ક્યુસેક પાણીની વહનક્ષમતા અને છેલ્લે એટલે કે ગુજરાત-રાજસ્થાન સરહદ પર ૨૫૦૦ ક્યુસેક પાણીની વહનક્ષમતા ધરાવતી ૪૫૮ કિ.મી. લાંબી મુખ્ય નહેર સાથે સિંચાઇના પાણીની વહેંચણી માટે સુધારેલ અંદાજીત ૬૯૮૩૦ કિ.મી. ની લંબાઇ વાળી નહેરોના નેટવર્કનો સમાવેશ થાય છે. વધુમાં આ પરિયોજના ગુજરાતના ૯૪૯૦ ગામડાઓ અને ૧૭૩ શહેરી કેન્દ્રોને પીવાના પાણી માટે સલામત અને ખાતરીદાયક સ્રોત સાબિત થશે. યોજના થકી કુલ ૧૪૫૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતાના બે પાવર હાઉસ (કેનાલ હેડ પાવર હાઉસ અને રીવર બેડ પાવર હાઉસ) બનાવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૪-૧૫ ની ભાવ સપાટી પ્રમાણે પ્રોજેક્ટ્નો કુલ ખર્ચ રૂ.૫૪૭૭૨.૯૩ કરોડ અંદાજવામાં આવેલ છે. યોજના પાછળ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ (ઓક્ટોબર-૨૦૨૧ સુધી) રૂ. ૧૩૨૫.૭૦ કરોડ મળી ઓક્ટોબર-૨૦૨૧ સુધીમાં રૂ.૫૮૫૩૫.૧૬ કરોડનો ખર્ચ થવા પામેલ છે. વધુમાં વ્યાજ પાછળ ઓક્ટોબર -૨૦૨૧ સુધીમાં વધારાના રૂ. ૧૬૦૧૪.૮૪ કરોડનો ખર્ચ થયેલ છે.

યોજના ના ઉદ્દેશ્યો:

- અત્યંત કાર્યક્ષમ પ્રણાલી તરીકે સરદાર સરોવર યોજનાના બંધ, પાવર હાઉસ અને નહેરોના માળખાને પ્રસ્થાપિત કરીને પશ્ચિમ ભારતમાં વસતાં લાખો લોકોને પીવાના પાણીની જરૂરીયાત સંતોષવી, લાખો હેક્ટર સુકી જમીનને સિંચાઇનો લાભ આપી તેને ફળદ્રુપ બનાવવા અને દીર્ઘકાલીન સાબિત થાય એવા સામાજીક - આર્થિક વિકાસની કેડી કંડારવા નર્મદાના નિરર્થક વહી જતા પાણીંને ઉપલબ્ધ કરાવવા અને તેના દ્વારા બહુમૂલ્ય ઉર્જાનું ઉત્પાદન કરવું
- આધારીતતા અને જળ વપરાશ કાર્યક્ષમતા સુધારવા માટે, ભૂગર્ભજળ તેમજ ખેતર સ્તરે સૂક્ષ્મ સિંચાઇ નો સંયુક્ત ઉપયોગ કરવા પ્રોત્સાહન
- સલામત અને વિશ્વસનીય પાણીનો સ્રોત અને પર્યાવરણમિત્ર એવી ઊર્જા પુરવઠા દ્વારા જીવનધોરણ વધારવા તથા યોજનાના લાભાર્થીઓના જીવનની ગુણવત્તા સુધારવા ફાળો.

વ્યુહ રચના :

- બે વર્ષની અંદર યોજનાના માળખાકીય બાકીના તમામ કામો પૂર્ણ કરવા માટે
  - ૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ ક્ષમતા ઉત્પાદિત કરવા માટે નહેર માળખાની કામગીરી પૂર્ણ કરવી
  - સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરના પંપીંગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી પૂર્ણ કરવી
  - યોજના ના શાખા નહેરો ઉપરના આયોજીત નાના પાવર પ્રોજેક્ટ ની કામગીરી પૂર્ણ કરવી
- નિયમિત/સમયાંતરે જાળવણી દ્વારા યોજના ના વિશાળ માળખાનો નિભાવ તથા તેને પાણી અને ઊર્જા ના એક સ્રોત સ્થાપિત કરવા માટે.
- નર્મદાનું પાણી સુરક્ષિત, વિશ્વસનીય, ન્યાયપૂર્ણ રીતે અને અસરકારક રીતે વિતરણ કરવા માટે વિશાળ નહેર માળખા નું સંચાલન ( વાર્ષિક ૧૧.૭ મિલીયન અબજ ઘન મીટર પાણી ૭૫૦ કિમી સુધીના અંતર માં પહોચાડવું)

- મોસમી ફેરફારો નો સામનો કરવા સિસ્ટમમાં અંતર્ગત લચકતા દ્વારા સિંચાઈ પાણી પુરવઠો, વિશ્વસનીય અને અસરકારક રીતે પૂરો પાડી સહભાગી સિંચાઇ વ્યવસ્થા થકી લાભાર્થી ખેડૂતોની ચોખ્ખી આવક સુધારવા માટે મદદ કરવી
- સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ પાણી વપરાશકર્તાઓ ની મંડળીઓ મારફત જથ્થા મુજબ આકારણી અને વારાબંધી દ્વારા માઇનોર તથા સબ માઇનોર નું અઠવાડીક ધોરણે ચાલૂ/બંધ પ્રણાલી મુજબ સંચાલન કરી પાણી વપરાશ અને પાણી વ્યય (losses) માં ઘટાડો કરી પાણી વપરાશની ક્ષમતા માં વધારો કરવાનું ધ્યેય
- પાણી ના નિકાલ (drainage) સહિત પર્યાવરણીય રક્ષણ પગલાં અમલીકરણ.

કલ્પસર પ્રભાગ

કલ્પસર પરિયોજના

ખંભાતના અખાતના વિકાસની યોજના (કલ્પસર) મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલ છે.

- ખંભાતના અખાતના વિકાસની (કલ્પસર) યોજના જેમાં કલ્પસર ડેમની કામગીરીનો સમાવેશ થાય છે.
- ભાડભૂત બેરેજ યોજના નર્મદા નદી પર ભાડભૂત ખાતે બેરેજ બનાવીને નર્મદાનું પાણી ડાયવર્ઝન કેનાલ દ્વારા ભવિષ્યમાં કલ્પસર યોજનાના સંભાવિત સરોવરમાં વાળવાની યોજના.

કલ્પસર યોજના

- સૂચિત કલ્પસર યોજનામાં ખંભાતના અખાતની પશ્ચિમ કાંઠા અને પૂર્વ કાંઠાને જોડતો બહુહેતુક બંધ બનાવવાનું આયોજન છે. આ યોજનાના ૩૦ કિ.મી. લંબાઇનો બંધ બનાવી નર્મદા, ઢાઢર, મહી, સાબરમતી અને સૌરાષ્ટ્રની નદીઓના ૧૦,૦૦૦ મીલીયન ઘનમીટર આવરાનો (પાણી) સંગ્રહ કરવાનું આયોજન છે. આ ઉપરાંત તેમજ ભરૂચ જિલ્લાના ભાડભૂત ખાતે બેરેજ બનાવી ડાયવર્ઝન કેનાલ દ્વારા નર્મદા નદીના પાણીને યોજનાના જળાશયમાં વાળવાનું હાલનું આયોજન છે.
- કલ્પસર યોજના દ્વારા સિંચાઇ માટે આશરે ૬,૫૦૦ મિલિયન ઘન મીટર પાણીથી સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ૬ જિલ્લાના ૩૯ તાલુકાના ૧૦.૫૪ લાખ હેકટરમાં સુવિધા ઉપલબ્ધ થશે. તેમજ સૌરાષ્ટ્ર અછતગ્રસ્ત વિસ્તારમાં ઘરેલુ અને ઔધોગિક ઉપયોગ માટે તેનું આયોજન કરવામાં આવશે. આ યોજનાથી અન્ય લાભ જેવા કે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેના અંતરમાં ૨૦૦ કિ.મી.નો ઘટાડો, અંદાજે ૧.૫ થી ૨.૦ લાખ હેકટર જેટલી જમીનનું નવ સાધ્યકરણ, બંધના નીચાણવાસમાં ખંભાતના અખાતમાં બંદરોનો વિકાસ, પવન અને સૌર ઊર્જા જેવા બિન-પરંપરાગત ઊર્જાના વિકાસની સંભાવના, પ્રવાસન વિકાસ, મત્સ્યોધોગનો વિકાસ, ખારાશમાં ઘટાડો, નર્મદા નદી પર "સ્ટેન્ડ એલોન" પ્રોજેકટ તરીકે બેરેજની કામગીરી વગેરે છે. દરખાસ્ત કરેલ બેરેજ દ્વારા ભરૂચ જિલ્લાના નર્મદાના બંને કિનારાની આજુબાજુની જમીન તથા પાણી સ્ત્રોતોમાં વધતી ખારાશ સામે રક્ષણ મળશે.

- ઉપરોકત અપેક્ષિત લાભોની ધારણા અભ્યાસો અને વિશ્લેષણના આધારે કરવામાં આવેલ છે.

ભાડભૂત યોજના

- નર્મદા નદી ઉપર ભરુચ જિલ્લાના ભાડભૂત ગામથી ૫.૧૫ કિ.મી. હેઠવાસમાં EPCના ધોરણે બેરેજના બાંધકામ માટે જરુરી તમામ અભ્યાસો જેવા કે બેરેજના બાંધકામ માટે પ્રાથમિક ડીઝાઇન, ટોપોગ્રાફી, બેથેમેટ્રીક કન્ટુરીંગ, બેંચમાર્ક ફિકસ કરવાની કામગીરી, જમીનનું વર્ગીકરણ, પાયાના સંશોધન અને ફિલ્ડ સર્વેની કામગીરી અને ૬-લેઇન હાઇવે રોડ સાથેના મથાળા સહિતનો ભાડભૂત બેરેજ બાંધવા માટે ટ્રાફિકનો સર્વે અને તેના મારફતે થનાર આવકની ગણતરીને લગતા અભ્યાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. આયોજન માટે જરુરી અંદાજિત ૫૨૫૪ હેકટર જમીન સંપાદન કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. ઉપરાંત યોજનાનો DPR તૈયાર કરવાની કામગીરી, વહીવટી મંજુરીની બાબત, પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સ્લટન્સી માટેના ટેન્ડર્સ પેપર તૈયાર કરવાની કામગીરી બાંધકામ હાથ પર લેવા માટેના ટેન્ડર્સ પેપર તૈયાર કરવાની કામગીરી, સરકારી (૪૪૪૭ હે) ખાનગી (૬૨૦ હે) વન વિભાગની (૧૮૭ હે) જમીન સંપાદિત કરવાની કામગીરી વગેરે પ્રગતિ હેઠળ છે.

જળ સંપત્તિ વિભાગ

ઉદ્દેશો

- સપાટી અને ભૂગર્ભ જળ દ્વારા સિંચાઇ શક્તિમાં વધારો કરવા
- જળસંચય સુનિશ્ચિત કરવા અને ભૂગર્ભ જળના સ્તરમાં સુધારો
- પૂર નિયંત્રણ અને કાંસ સફાઈની વ્યવસ્થાની ખાતરી કરવી.
- ક્ષાર પ્રવેશ નિયંત્રણ પદ્ધતિની જાળવણી અને વિકાસ
- વિશ્વસનીય કાર્યક્ષમ તેમજ મૌસમી ફેરફાર માટે સુસંગત પરિવર્તન ક્ષમતા સાથે સિંચાઇ માટેના પાણી પુરૂ પાડીને સહભાગી કૃષિ જળ વ્યવસ્થા દ્વારા લાભાર્થી ખેડુતોની ચોખ્ખી આવકમાં વધારો
- પ્રશાખા અને ઉપપ્રશાખા નહેરના સંચાલન તેમજ પાણીના જથ્થાની આકારણીમાં બારાબંદી પાણી પદ્ધતિ માં જળ વપરાશ સંસ્થાઓની સહભાગિતા
- પર્યાવરણીય સલામતીના માપદંડ, કાંસ સફાઈ સાથેના અમલીકરણ

વ્યુહરચના

- નહેરના મજબૂતી કરણ માટેના લાભ માટે જરૂરી વ્યાપક મોજણી અને સંશોધન કર્યા પછી વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકીકરણના કામ
- પી.આઈ.એમ. એકટના અમલીકરણ જળ-વપરાશ સંસ્થાઓની રચનાને ઉત્સાહવર્ધન, નોંધણી અને ભાગીદારીઓ માટે તાલીમ અને પ્રદર્શન
- જળ સંચયના કાર્ય.-ચેકડેમ બનાવવાનું હયાત તળાવો ઉંડા કરવાના,તેમજ જળાશયોમાંથી કાંપ દૂર કરવા
- ડેમ સેફ્ટીના કામો દ્વારા જળાશયોની સલામતી નિશ્ચિત કરવી.

- સુજલામ સુફલામ અને સૌની યોજના લિંક ઉદવહન સિંચાઇ યોજનાઓના વિકાસ થકી હયાત સિંચાઇ માળખાનું મજબૂતીકરણ

પાણી પુરવઠા

સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પીવાના પાણીની યોજનાઃ-

- સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પીવાના પાણીની યોજના વર્ષ:જુલાઇ-૧૯૯૯માં શરૂ કરવામાં આવી.
- વર્ષ:૨૦૧૧ની સેન્સસ તેમજ રાજ્યમાં ૭ નવરચિત જીલ્લાઓને લક્ષમાં લેતા હવે સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પીવાના પાણીની યોજના મુજબ રાજ્યમાં ૨૫ જીલ્લા અમરેલી, ભાવનગર, બોટાદ, જુનાગઢ, ગીર-સોમનાથ, પોરબંદર, જામનગર, દેવભૂમી દ્વારકા, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, કચ્છ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, ખેડા, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લાના ૧૦૪૭૩ ગામો અને ૧૭૮ શહેરોને નર્મદાનુ પાણી આપવાનું આયોજન થવા જાય છે.
- સરદાર સરોવર કેનાલ આધારીત માસ્ટર પ્લાનમાં કુલ ૧૯૪ યોજનાઓ જેમાં ૩૦૧૭ કી.મી. લાંબી મુખ્ય પાઇપ લાઇન તેમજ ૧૦૪૭૩ ગામો અને ૧૭૮ શહેરોને નર્મદાનુ પીવાના પાણીના વિતરણનુ આયોજન છે.

  કુલ ૨૮૭૧.૮૧ કિ.મી. બલ્ક પાઇપલાઇન પૂર્ણ કરવામાં આવેલ છે.
- ૧૧૦ ડીસ્ટ્રીબ્યુશન ગૃપ પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજનાઓ દ્વારા કુલ ૭૭૪૪ ગામો અને ૧૫૭ શહેરો નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓનું જોડાણ આપવામાં આવેલ છે. તેમજ ૨૪૭૦ ગામ અને ૧૯ શહેરોને સમાવિષ્ટ કરતા ૨૮ ડીસ્ટ્રીબ્યુશન ગૃપના કામો પ્રગતિ હેઠળ છે જે પૈકી ૮૩૪ ગામો અને ૮ શહેરો નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓનું જોડાણ આપવામાં આવેલ છે. આમ કુલ ૮૫૭૮ ગામ અને ૧૬૫ શહેરોને નર્મદા માસ્ટર પ્લાન અંતર્ગત જોડવામા આવેલ છે.
- વર્ષ:૨૦૧૮-૧૯માં સરદાર સરોવર કેનાલ આધારીત યોજના હેઠળ રૂ. ૬૯૩૦૦ લાખની જોગવાઇ સૂચિત કરવામાં આવેલ છે. સરદાર સરોવર કેનાલ આધારીત યોજના હેઠળ વધારાના ૫૦ ગામોને નર્મદાનુ પાણી પુરુ પાડવાનુ લક્ષ્યાંક છે.

લોકભાગીદારી અને પંચાયતી રાજ સંસ્થાને સશકિતકરણ- વાસ્મો દ્વારાઃ-

- ગુજરાત સરકારે વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન(વાસ્મો)ની સ્વતંત્ર અને સ્વાયત સંસ્થા તરીકે વર્ષ:૨૦૦૨ના મે માસમાં રચના કરી છે. વાસ્મો વિકેન્દ્રિત અને લોકભાગીદારી અભિગમવાળી તેમ જ ટકાઉ પેયજળ પુરવઠા અને સ્વચ્છતાની સંપૂર્ણ સંતોષજનક સ્થિતિ ગ્રામ્ય વિસ્તારમાં ઉભી કરવાના અમલીકરણ માટે સંકલન કરે છે તથા વ્યવસ્થાપનમાં ટેકો પુરો પાડે છે. વાસ્મોની ભૂમિકા સહાયક તરીકે કામ કરી સ્થાનિક લોકોની ક્ષમતા વધારવા માટેની છે.

- આંતરિક વિતરણ વ્યવસ્થાની પાઇપ લાઇનો અને તેને લગતા આનુષાંગિક કામોનું આયોજન, અમલીકરણ, સંચાલન, નિભાવણી અને મરામત લોકોની ભાગીદારીથી કરી શકાય તે જાતના વિકેન્દ્રિત આયોજનનો અભિગમ અપનાવ્યો છે. તે માટે વોટર એન્ડ સેનીટેશન મેનેમેન્ટ ઓર્ગેનાઇઝેશન (વાસ્મો)ની રચના કરવામાં આવેલ છે. સરકાર દ્વારા સ્વજલધારા અને સેકટર રીફોર્મ (રાજય) કાર્યક્રમો શરૂ કરેલ છે. જેમાં યોજાનાની અંદાજીત કિંમતના ૯૦ ટકા સરકાર તરફથી સહાય મળે છે અને ૧૦ ટકા લોકફાળો લાભાર્થીએ ભરવાનો રહે છે. આ કાર્યક્રમનું અમલીકરણ લોકભાગીદારી તેમજ પાણી સમિતિ દ્વારા થાય છે.
- આદિજાતિ વિસ્તારની દુર્ગમ પરિસ્થિતિ, નબળો પ્રતિસાદ તથા વિષમ આર્થિક પરિસ્થિતિના કારણે હાલમાં પ્રવર્તમાન ધારાધોરણ (લોકફાળા) પ્રમાણે અમલીકરણમાં નબળો પ્રતીસાદ તથા ધીમી પ્રગતિ જોવા મળેલ છે. ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતા આદિવાસી વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજના માટે ૧૦ ટકા લોકફાળાની રકમ ભરવામાંથી મુક્તિ વર્ષ:૨૦૧૫-૧૬માં આપવામાં આવેલ છે.
- અત્યાર સુધીમાં ૧૮૨૪૫ જેટલી પાણી સમિતિઓની રચના કરવામાં આવેલ છે. ૧૯,૨૮૯ યોજનાઓ મંજૂર થયેલ છે. જે પૈકી ૧૬,૪૩૩ જેટલી યોજનાઓ પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ ૧૪૫૨ ગામોની યોજના પ્રગતિ હેઠળ છે. વર્ષ:૨૦૧૮-૧૯માં આ કાર્યક્રમ હેઠળ ૧૧૦૦ આંતરિક વિતરણ પાણી પુરવઠા યોજનાઓ, જે પૈકી ૬૦૦ યોજનાઓ આદિજાતિ વિસ્તારમાં પુર્ણ કરવાનું આયોજન છે.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ : | ડબલ્યુ.એસ.એસ.-૨ ૬૭-૨૨૧૫-૦૧-૦૦૪-૦૧<br>સંશોધન અને વિકાસ |
| ઘટકો અને પ્રવૃતિઓ : | આ યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓના અમલીકરણ હેતુસર પ્રાથમિક યોજનાના વિવિધ ઘટકો જેવા કે, માટી તપાસ, ભુતળ પાણીની સપાટી, અન્ય ઇજનેરી સર્વે વગેરે હાથ ધરવામાં આવે છે.ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓની ઉર્જા ઓડિટ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ : | --- |
| સહાયનું પ્રમાણ : | મામુર. |
| અમલીકરણ કચેરી : | સભ્ય સચિવ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) : | રાજ્ય: ૧૦૦% કેન્દ્રિય: - અન્ય:- |
| અપેક્ષિત આઉટકમ | માપી શકાય નહીં. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ડબલ્યુ.એસ.એસ. ૯૬-૪૨૧૫-૦૧-૭૯૬-૦૮<br>આદિવાસી વિસ્તારોમાં લોકફાળા તરીકેની સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | વાસ્મો દ્વારા રાજ્યમાં પાણી સમિતિ થકી ગ્રામ્ય સ્તરે આંતરિક પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. વિતરણ વ્યવસ્થામાં સામુદાયિક વ્યવસ્થાપન ધરાવતી વસાહતોને લોકફાળો ભરવામાંથી મુક્તિ પાણી પુરવઠા યોજનાની ૧૦% કિંમત લોકો પાસેથી લોકફાળા તરીકે ઉઘરાવવામાં આવે છે. પરંતુ ટ્રાઈબલ વિસ્તારમાં આ કાર્યક્રમને લોકોની આર્થિક પરિસ્થિતિ સારીના હોવાને લીધે પ્રતિભાવ મળતો ના હતો. આથી આ યોજનાં અંતર્ગત ટ્રાઈબલ વિસ્તારમાં આવતા લોકોનો ૧૦% લોકફાળો મુક્ત કરવામાં આવ્યો. |
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી : | મુખ્ય કારોબારી અધિકારી-વાસ્મો |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) : | રાજ્ય:૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ : | ૧૦% લોકફાળો મુક્ત થવાના કારણે ટ્રાઈબલ વિસ્તારની વધુ પાણી સમિતિ આંતરિક પાણી પુરવઠાની યોજના લેવા માટે પ્રેરાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ડબલ્યુ.એસ.એસ.-૬ ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૫<br>ગ્રામીણ પાણી પુરવઠા યોજના-સામાન્ય<br>ડબલ્યુ.એસ.એસ.-૬ ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૬<br>ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો<br>ડબલ્યુ.એસ.એસ.-૭- ૯૫-૨૨૧૫-૦૧-૧૦૨-૦૧<br>ગ્રામીણ પાણી પુરવઠા યોજના-અનુસૂચિત જાતિ<br>ડબલ્યુ.એસ.એસ.- ૯૬-૪૨૧૫-૦૧-૭૯૬-૦૯-<br>ગ્રામીણ પાણી પુરવઠા યોજના- આદિજાતિ<br>ડબલ્યુ.એસ.એસ.- ૯૬-૪૨૧૫-૦૧-૭૯૬-૧૦-<br>ગ્રામીણ વિસ્તારોમાં નળ જોડાણમાં વધારો<br>ડબલ્યુ.એસ.એસ.-૪૭- ૯૩-૨૨૧૫-૦૧-૮૦૦-૦૧<br>આદિજાતિ પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઇ<br>ડબલ્યુ.એસ.એસ.- ૯૬-૪૨૧૫-૦૨-૭૯૬-૦૧<br>આદિજાતિ પેટા યોજના હેઠળ પાણી પુરવઠા અને સ્વચ્છતા માટે ખાસ જોગવાઇ<br>ડબલ્યુ.એસ.એસ. ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૪ - જલ જીવન મિશન<br>ડબલ્યુ.એસ.એસ. ૯૬-૪૨૧૫-૦૧-૭૯૬-૦૧ - જલ જીવન મિશન<br>ડબલ્યુ.એસ.એસ. ૯૫-૪૨૧૫-૦૧-૧૦૨-૦૨ - જલ જીવન મિશન |
| ઘટકો અને પ્રવૃતિઓ : | આ યોજના હેઠળ વિવિધ ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ જેવી કે, સ્થાનિક સ્ત્રોત આધારિત વ્યક્તિગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજના<br>ગામથી દૂર અંતરે આવેલ સ્ત્રોત આધારિત એકથી વધારે ગામોનો સમાવેશ કરતી જુથ પાણી પુરવઠા યોજના<br>મીની પાઈપ પાણી પુરવઠા યોજના.<br>સામુદાયીક સહયોગથી ગામની આંતરિક વિતરણ યોજના અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘરે નળ જોડાણ.<br>જુથ પાણી પુરવઠા યોજનામાં સ્પેશિયલ રિપેર્સ તથા મીસીંગલીંકના કામો.<br>હેન્ડપંપ યોજના: નવા હેન્ડપંપ બનાવવા તેમજ જુના હેન્ડપંપ રીપેર કરવા.<br>ભુતળના જળને રીચાર્જ અને વરસાદી પાણીને સંગ્રહ કરવા માટે સ્ટોરેજ ટાંકા બનાવવાના વિગેરે કામો કરવામાં આવે છે.<br>અનુસુચિત જાતિ વસાહતો/ગામો માટે તેમની જરૂરીયાત |

| | |
|---|---|
| | મુજબ પાણીની વિશેષ વ્યવસ્થા આ યોજના હેઠળ કરવામાં આવે છે.<br>જુથ  પાણી પુરવઠા યોજનાઓ માટે વીજ ખર્ચ તથા પાણી ચાર્જિસ<br>પાણી ગુણવતા પાણી ચકાસણી લેબનું બાંધાકામ તથા લેબ સાધનો અને આ.ઈ.સી પ્રવૃતીઓ |
| સંભવિત લાભાર્થીઓ : | ગામો તથા શહેરો |
| સહાયનું પ્રમાણ  : | શુન્ય |
| અમલીકરણ કચેરી : | સભ્ય સચિવ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર  વ્યવસ્થા બોર્ડ<br>મુખ્ય કારોબારી અધિકારી -વાસ્મો |
| ફંડીંગ પેટર્ન ( ટકાવારીમાં ) : | રાજ્ય : ૫૦%   કેન્દ્રિય: ૫૦%   અન્ય:- |
| અપેક્ષિત આઉટકમ : | આ યોજનાઓનાં અમલીકરણથી ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠો વધુ ભરોસા પાત્ર બનશે. વધુમાં ઘરે ઘરે નળ જોડાણથી પાણી ઘર આંગણે ઉપલબ્ધ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | ડબલ્યુ.એસ.એસ.  ૬૭-૨૨૧૫-૦૧-૮૦૦-૧૦<br>મુખ્ય મંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગ્રામ્ય પાણી સમિતિઓમાં માહિલા ભાગીદારીને પ્રોત્સાહન આપવા વાસ્મો દ્વારા વર્ષ:૨૦૦૨-૦૩થી નીચે જણાવ્યા મુજબના કામો કરવામાં આવે છે.<br>(૧) ૫૦ ટકાથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી નવી અને જુની પાણી સમિતિઓને પ્રોત્સાહિત કરવા.<br>(૨) મહિલા પાણી સમિતિઓને નિરાચ્છાદન મુલાકાત ઉપર લઈ જવાનું<br>(3) જિલ્લા સ્તરે મહિલા પાણી સમિતિઓ માટે વર્કશોપ ગોઠવવી<br>(૪) રાજ્ય કક્ષાએ મહિલા પાણી સમિતિઓનું સમ્માન કરવુ |
| સંભવિત લાભાર્થીઓ | ગ્રામ્ય સ્તરેની પાણી સમિતિ. |
| સહાયનું પ્રમાણ | શુન્ય |
| અમલીકરણ કચેરી | મુખ્ય કારોબારી અધિકારી -વાસ્મો |
| ફંડીગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦%   કેન્દ્ર:-   અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | રાજ્ય કક્ષાએ પાણી સમિતિઓ આંતરિક ગ્રામ્ય વિસ્તારની પાણી પુરવઠાની યોજનાના અમલીકરણ, સંચાલન વગેરે પ્રવૃત્તિ માટે વધુમાં વધુ મહિલા સભ્યો રાખવા પ્રેરાશે. |

INDEX

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ.-૪૨ ૬૭-૨૨૧૫-૦૧-૮૦૦-૦૭<br>અગ્રિમ પ્રૌદ્યોગિકી (એડવાન્સ ટેકનોલોજી) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાણી પુરવઠા વિભાગ દ્વારા નર્મદા અને સર્ફેસ પાણીનાં વિશાળ જથ્થાને એક જગ્યાથી જરૂરીયાતવાળી જગ્યા પર વહન કરવામાં આવે છે. જુદા ઈપલાઈનો નાંખેલ છે જેમાંથી એર વાલ્વ મારફતે તેમજ ગેરકાયદેસર ટેપીંગથી પાણી ચોરી માટે મોટા પાયે પ્રયાસો થાય છે જેને અટકાવવા માટે એસ.આર.પીની ટાસ્ક ફોર્સ પેટ્રોલીંગ કરી તેને નિયંત્રણમાં રાખે છે. એસ.આર.પીનું ચુકવણું આ યોજના હેઠળ થાય છે. મોટા પાયા ઉપર પાણી વિતરણમાં સ્કાડા (સુપરવાઇઝરી કન્ટ્રોલ એન્ડ એકુઝિશન ઓફ ડેટા એનાલીસસ. તથા ગુજરાત ડોમેસ્ટીક વોટર સપ્લાય એક્ટનું અમલી કરણ. |
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | મેનેજિંગ ડાયરેકટરશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | બિન હિસાબી પાણીમાં ઘટાડો થશે તેમજ સર્વિસ ડીલેવરીમાં વધારો સુનિશ્ચિત થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ.-૪૭ ૬૭-૨૨૧૫-૦૧-૮૦૦-૦૮<br>પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને મદદ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | આ યોજના અંતર્ગત આઈ.ઈ.સી પ્રવૃતિઓ જરૂરીયાત પ્રમાણે કરવામાં આવે છે. પાણીનો વ્યાજબી ઉપયોગ, જળ સંરક્ષણ, વરસાદી પાણીનો સંગ્રહ, જમીનનું પાણી, પાણીનો ફરીથી ઉપયોગ વગેરે પ્રવૃત્તિ પર ધ્યાન આપવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ: | પંચાયતના સભ્યો અને પાણી પુરવઠા પ્રભાગના કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | મુખ્ય કારોબારી અધિકારી -વાસ્મો |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | ગ્રામજનો પાણીના બચાવ તેમજ મહત્તમ રીતે પાણીનો યોગ્ય ઉપયોગ વગેરે પ્રવૃત્તિ કરવા પ્રેરાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ.-૪૮ ૯૭-૪૨૧૫-૦૧-૧૦૨-૧૪<br>સરદાર સરોવર નહેર ઉપર સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ માટેની પાણી પુરવઠા યોજનાનો અમલ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજ્ય સરકારે સરદાર સરોવર નહેર આધારિત પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ કરેલ છે. જેમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તેમજ જી.ડબલ્યુ.આઇ.એલ. અમલીકરણ સંસ્થાઓ છે. મંજૂર થયેલ માસ્ટર પ્લાન મુજબ ૧.૦૬ મિલિયન એકર ફીટ એટલે કે ૩૫૭૧ મિલિયન લિટર પાણી દૈનિક અનામત થયેલ છે. જે પૈકી ૬૭૧ મિલિયન લિટર પાણી ઔધોગિક હેતુ માટે છે. જી.ડબલ્યુ.આઇ.એલ દ્વારા બ્લક પાઇપ લાઇનો બિછાવવામાં આવેલ છે. જેના થકી નકકી થયેલ વિસ્તારોમાં નર્મદા નેટવર્કથી મોટા જથ્થામાં પાણી પુરુ પાડવામાં આવે છે. આ યોજના હેઠળ નવી પાઈપલાઈન નાંખવાના, મરામત અને નિભાવણી, વીજ અને રો વોટર ચાર્જેસ વગેરેનું ચુકવણું થાય છે. |
| સંભવિત લાભાર્થીઓ: | યોજના હેઠળ નક્કી થયેલ ગામો |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | મેનેજિંગ ડાયરેકટર, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ | પેયજળ યોજના ભરોસા પાત્ર થશે અને બધી જ સીઝનમાં નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ.-૪૮ ૯૭-૪૨૧૫-૦૧-૧૦૧-૦૧<br>શહેરી પાણી પુરવઠા યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | દરેક શહેરી વિસ્તારોમાં તેઓની પોતાની સ્થાનિક સોર્સ જેવા કે બોરવેલ, ઓપનવેલ વગેરે અથવા ડેમ નદી, કેનાલ જેવા સર્ફેસ સોર્સ આધારિત પાણી પુરવઠાની વ્યવસ્થા છે.<br>વસ્તી વધારા અને નવા વિકસિત વિસ્તારોનાં કારણે પાણીની માંગ વધે.<br>આ કાર્યક્રમ હેઠળ હયાત પાણી પુરવઠા યોજનાઓનુ સુધારણા કરવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ: | શહેરી વિસ્તારો |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |

| | |
|---|---|
| અમલીકરણ કચેરી: | સભ્ય સચિવ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ | પેયજળ યોજના ભરોસા પાત્ર થશે અને બધી જ સીઝનમાં નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ. ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૭<br>ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમીટેડ પાસેથી ડીસેલીનેટેડ પાણીની ખરીદી |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાણી પુરવઠા વિભાગે ગુજરાત રાજ્યમાં ૨૭૦ એમએલડી ક્ષમતાના ચાર જગ્યાએ ડીસેલીનેટેડ પ્લાન્ટ ગોઠવવાનું અયોજન કરેલ છે. જે પાણીથી દ્વારકા, પોરબંદર, ભાવનગર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લાઓમાં વોટર સીક્યુરિટી ઉભી થશે. જી.ડબલ્યુ.આઈ.એલ. દ્વારા હાલ પી.પી.પી. ધોરણે ડીસેલીનેશન પ્લાંટ ગોઠવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે જે પૂર્ણ થયેથી તે આ પાણી અલાયદા કરાર કરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને વેચશે. સદરહું ચુકવણું આ યોજના હેઠળ કરવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓ: | પાણી પુરવઠા ગ્રિડ સાથે જોડાયેલ ગામો તથા શહેરો. |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | સભ્ય સચિવ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ |
| ફંડીંગ પેટર્ન: | રાજ્ય:૧૦૦% કેન્દ્ર: - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ | દરિયાકાંઠાનાં જિલ્લાઓમાં પાણી પુરવઠો સલામત અને નિયમિત થશે. રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ ઉપર પાણી પુરવઠાનું ભારણ ઘટશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ.<br>૬૭-૪૨૧૫-૦૧-૧૦૧-૦૪<br>શુધ્ધિકરણ કરાયેલ અશુદ્ધ પાણીના પુન:ઉપયોગ બાબત |
| ઘટકો અને પ્રવૃતિઓ: | • ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી દ્વારા તા.૨૮-૫-૨૦૧૮ના રોજ ગટરના શુધ્ધિકરણ કરાયેલા પાણીના પુન:ઉપયોગ અંગેની નીતી જાહેર કરવામા આવેલ. આ નીતીનુ ધ્યેય ગટરના ગંદા પાણીનું મહત્તમ એકત્રીકરણ કરવું, તેનુ શુધ્ધિકરણ કરવુ અને શુધ્ધિકરણ કરેલ પાણી લાંબાગાળાની નીતિ મુજબ ઉપયોગ કરવો જેથી શુધ્ધ પાણીના જળ સંસાધનો પરથી નિર્ભરતા ઘટાડી શકાય અને |

| | |
|---|---|
| | શુધ્ધિકરણ કરાયેલ પાણીને આર્થિક સ્રોત તરીકે પ્રસ્થાપિત કરવુ છે.<br>• જાહેર કરાયેલ નીતિ મુજબ શુધ્ધિકરણ કરાયેલ પાણીનો પુન:ઉપયોગ થર્મલ પાવર પ્લાન્ટ, ઔધોગિક એકમો, બાંધકામ ક્ષેત્રે, વાણિજય સંકુલો અને સંસ્થાઓ, મ્યુનિસિપલ વપરાશ જેવા કે, ઉધાનો અને બગીચાઓની જાળવણી અને શહેરી લેન્ડેસ્કેપિંગ વિકસાવવી, તળાવો અને નદીઓનું પુનઃસજીવન, અગ્નિશમન, ખેતી/સિંચાઇ માટે, અન્ય બિનપીવાલાયક હેતુઓ માટેના વપરાશમાં ઉપયોગ. |
| સંભવિત લાભાર્થીઓ: | મહાનગર પાલિકાઓ, ઔધોગિક એકમો, થર્મલ પાવર સ્ટેશનો |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | સભ્ય સચિવ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | શુધ્ધ પાણીના જળસંસાધનો પરથી નિર્ભરતા ઘટાડી શકાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ. ૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૮<br>ડીસેલીનેશન પ્લાન્ટની સ્થાપના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ તેમજ નર્મદાના એકમાત્ર પીવાના પાણીના સોર્સ પર અવલંબિત રહેવાને બદલે તેને સમાંતર સ્થાનિક કક્ષાએ પીવાના પાણીનો સોર્સ ઉભો કરવા હેતુ ગુજરાતના ૧૬૦૦ કી.મી. લાંબા દરીયાકાંઠે આવેલી વિશાળ જળરાશિનો ઉપયોગ કરીને સ્થાનિક જળ સલામતિ પ્રદાન કરવા હેતુ, વિવિધ સ્થળોએ સ્થાનિક જરૂરીયાત મુજબ દરીયાના પાણીમાંથી મીઠું પાણી બનાવવા માટેના “ડી-સેલીનેશન પ્લાન્ટ સ્થાપવવા. |
| સંભવિત લાભાર્થીઓ: | દરિયા કાંઠાનાં ગામો અને શહેરો |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | મેનેજિંગ ડાયરેકટર, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ |
| ફંડીંગ પેટર્ન: | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | દરિયા કાંઠામાં પાણીની સલામતી |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ડબલ્યુ.એસ.એસ. ૯૫-૨૨૧૫-૦૧-૧૦૨-૦૨<br>અનુસૂચિત જાતિની વસ્તી માટે લોકફાળા તરીકેની સહાય |
| ઘટકો અને પ્રવૃતિઓ: | અનુસૂચિત જાતિની ૨૫૦ માણસોથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં ૧૦% લોકફાળો તથા રિજુનીવેશનની યોજનામાં ૨.૫૦% લોકફાળો ભરવામાં મુક્તિ આપવાનું સૂચિત આયોજન છે. |
| સંભવિત લાભાર્થીઓ: | રાજ્યના અનુસૂચિત જાતિના ગામો |
| સહાયનું પ્રમાણ: | શુન્ય |
| અમલીકરણ કચેરી: | સભ્ય સચિવ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ. અને મુખ્ય કારોબારી અધિકારી,વાસ્મો |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ | અનુસૂચિત જાતિની વસ્તી માટે આંતરિક પાણી પુરવઠા યોજનાઓ તેમજ રીઝુવેનેશન યોજનાઓ |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૨૭૦૦-૮૦-૦૦૫-૧૧:<br>પ્રિપેરેશન ઓફ ફિઝીબીલીટી રિપોર્ટ ફોર કલ્પસર પ્રોજેકટ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | કલ્પસર યોજનાના પૂર્ણ શકયતાદર્શી અહેવાલ બનાવવા માટે જરૂરી અભ્યાસોનું સર્વે એન્ડ ઇન્વેસ્ટીગેશન વગેરેની લગત કામગીરી. |
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | સચિવશ્રી, કલ્પસર પ્રભાગ, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ<br>(૨૦૦ શબ્દોમાં) | કલ્પસર યોજનાના પૂર્ણ શકયતાદર્શી અહેવાલ બનાવવા માટે જરૂરી અભ્યાસોનું સર્વે એન્ડ ઇન્વેસ્ટીગેશન વગેરેની લગત કામગીરી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૨૭૦૦-૮૦-૦૦૫-૧૧:<br>કલ્પસર યોજનાના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી. નર્મદા નદીના હેઠવાસ પર આડબંધની પરામર્શની કામગીરી. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ભાડભૂત બેરેજ અને કલ્પસર પ્રોજેકટની સર્વેક્ષણ અને શોધ-તપાસ અને સંબંધિત પ્રવૃત્તિઓ. |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | સચિવશ્રી, કલ્પસર પ્રભાગ, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | બહુહેતુક ભાડભૂત બેરેજ અને કલ્પસર યોજના સાથે સંકળાયેલા આયોજન, સર્વેક્ષણો, અંદાજો સંબંધિત મુખ્ય અને પેટા કાર્યો/અભ્યાસ સંબંધિત જરૂરી પ્રવૃત્તિ, ઇએજી, અન્ય સમિતિઓ, ડીઝાઇન ટીમ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞોના સહયોગથી કામ કરે છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર સંસ્થા સાથે પત્રવ્યવહાર, તેમજ પ્રોજેક્ટ સંબંધિત અભ્યાસો અને અહેવાલો તૈયાર કરે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | ૪૭૦૨-૦૦-૧૦૧-૦૩<br>ભાડભુત પાસે નર્મદા નદી પર બેરેજની કામગીરી.<br>ભાડભુત બેરેજના બાંધકામ બાબત. |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ભાડભૂત ગામ નજીક નર્મદા નદી પર બેરજનું બાંધકામ માટે સર્વેક્ષણ અને શોધ-તપાસ અને પ્રોજેક્ટ અહેવાલની તૈયારી. |
| સંભવિત લાભાર્થીઓ: | - |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | સચિવશ્રી, કલ્પસર પ્રભાગ, ગાંધીનગર. |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્ર:- અન્ય: |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | ભાડભૂત ગામ નજીક નર્મદા નદી ઉપર બેરેજ બાંધકામ સંબંધિત કામગીરી, પ્રોજેક્ટ અહેવાલ, આયોજન, સર્વેક્ષણ, અંદાજ સંબંધિત મુખ્ય અને પેટા કાર્યો/અભ્યાસો કરવા, તેમજ તાંત્રિક દષ્ટિએ નિર્ણાયો બાબતે ઇએજી, અન્ય સમિતિઓ, ડીઝાઇન ટીમ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞો દ્વારા તેમજ રાજ્ય અને કેન્દ્ર સરકારની સંસ્થા સાથે પત્રવ્યવહાર અને યોજના સંબંધિત કામગીરી. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સૌની યોજના (સૌરાષ્ટ્ર-નર્મદા અવતરણ યોજના) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | લિંક-૧: મચ્છુ-૨ થી સાની સિંચાઇ યોજના<br>લિંક-૨: કાલુભાર થી રૈડી સિંચાઇ યોજના |

| | |
|---|---|
| | લિંક-૩: ધોળીધજા થી વેણુ-૧ સિંચાઇ યોજના<br>લિંક-૪: લીંબડી ભોગાવો-૨ થી હિરણ-૨ સિંચાઇ યોજના |
| સંભવિત લાભાર્થીઓ: | ગાંવ, કસ્બો અને મ્યુનિસપલ કાર્પોરેશન ના વિસ્તાર માં રહેતા ખેડુતો અને સામાન્ય પ્રજા |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર તેમજ નાબાર્ડ લોન |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫૦૦૦૦ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૨૦૦૦૦૦ હેક્ટર અને ૨૦૨૪-૨૫માં ૩૩૦૦૦૦ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | નર્મદા મુખ્ય નહેરથી જુદા જુદા જળાશયો/તળાવો સુધીની ઉદવહન સિંચાઇ યોજનાઓ |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પિયજ બોરૂ, બોરૂ ઉણાદ,ધાધુસણ રેડ લક્ષ્મીપુરા,ખેરવા વિસનગર, થરાદ-મડાલ-રામસણ,રામસણથી સીપુ ડેમ,ડીંડ્રોલ મુક્તેશ્વર |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૦૫૦૦ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૨૨૦૦૦ હેક્ટર અને ૨૦૨૪-૨૫ માં ૨૩૫૦૦ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઇ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | જળ સંચય યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | ચેક ડેમનું બાંધકામ,ચેક ડેમને ડિસિલ્ટિંગ કરવાના કામ, તળાવો ને ઉંડા કરવાના કામ |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | -- |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૪૪૬૩ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૪૬૮૬ હેક્ટર અને ૨૦૨૪-૨૫ માં ૪૯૨૦ હેક્ટર ક્ષેત્રમાં પરોક્ષ સિંચાઇ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | વિસ્તરણ, નવીનીકરણ અને આધુનીકરણ (ઈઆરએમ) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | નહેરના સેક્શનમા પરિવર્તન,જરૂરીયાત મુજબ નહેરના આલેખનમા ફેરફાર,નહેરના આઉટલેટ અને એસ્કેપનું આધુનીકરણ. |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | - |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૬૦૭૪૩ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૬૩૭૮૦ હેક્ટર અને ૨૦૨૪-૨૫ માં ૬૬૯૬૯ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઈ થઈ શકે |
| યોજનાનું નામ: | કડાણા જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | -- |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | યોજના પુર્ણ થયેલ છે અને ૧૪૬૦૦ હેક્ટરમાં સિંચાઇક્ષમતા હાંસલ કરેલ છે. |
| યોજનાનું નામ: | ઉકાઈ ગોર્ધા નહેર |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | -- |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | યોજના કાર્યાન્વિત થયેલ છે અને ૨૦૦૦૦ હેક્ટરમાં સિંચાઇક્ષમતા હાંસલ કરેલ છે. |
| યોજનાનું નામ: | તાપી કરજણ નદી જોડાણ પાઈપ લાઈન યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | -- |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫૦૦૦ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૨૧૭૫૦ હેક્ટર અને ૨૦૨૪-૨૫ માં ૨૧૭૫૦ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઇ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | સોનગઢ- ઉચ્છલ- નિઝર ઉદવહન સિંચાઈ પાઈપ લાઈન યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | -- |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૦૦૦૦ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૨૭૨૦૦ હેક્ટર અને ૨૦૨૪-૨૫ માં ૨૭૨૦૦ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઇ થશે." |

| | |
|---|---|
| યોજનાનું નામ: | પાનમ જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પાઈપ લાઈન અને પમ્પ હાઉસ |
| સંભવિત લાભાર્થીઓ: | ખેડુતો |
| સહાયનું પ્રમાણ: | -- |
| અમલીકરણ કચેરી: | જળ સંપત્તિ વિભાગ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય સરકાર |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૦ હેક્ટર, ૨૦૨૩-૨૪ માં ૧૦૦૦૦ હેક્ટર અને ૨૦૨૪-૨૫ માં ૩૫૬૦૦ હેક્ટર ક્ષેત્રમાં સિંચાઇ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ: | પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(PMKSY) - ત્વરિત સિંચાઇ લાભિત યોજના (AIBP) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | નહેર માળખાના માઇનોર નહેરો સુધીના કામો પૂર્ણ કરવા |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૭.૯૨ લાખ હેક્ટર |
| સહાયનું પ્રમાણ: | કેન્દ્રીય સહાય ઉપરાંત RIDF-XIX અને RIDF-XXI અંતર્ગત નાબાર્ડ લોન સહાય તેમ જ ગુજરાત સરકારની અંદાજપત્રીય જોગવાઇ અનુસાર |
| અમલીકરણ કચેરી: | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજયઃ ૩૯.૬૦ %, કેન્દ્રઃ ૬૦.૪૦ %, અન્યઃ - |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ | વર્ષ :૨૦૨૨-૨૩ દરમ્યાન નહેર માળખાના માઇનોર સુધીના કામો પૂર્ણ કરી ૯૭,૧૩૨ હેકટર વિસ્તારમાં સિંચાઇ ક્ષમતા ઉત્પન્ન કરવી |

| | |
|---|---|
| યોજનાનું નામ: | પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના( PMKSY) -<br>હર ખેત કો પાની - (CADWM) |
| ઘટકો અને પ્રવૃતિઓ: | પિયત વિસ્તાર વિકાસના કામો પૂર્ણ કરવા |
| સંભવિત લાભાર્થીઓ: | ૧૭.૯૨ લાખ હેકટર |
| સહાયનું પ્રમાણ: | ૪૧.૮૫ ટકા કેન્દ્રીય સહાય ઉપરાંત RIDF-XX અંતર્ગત નાબાર્ડ લોન સહાય ગુજરાત સરકારના અંદાજપત્રીય જોગવાઈ અનુસાર અને ખેડૂતોના ફાળા દ્વારા. |
| અમલીકરણ કચેરી: | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ |
| ફંડીંગ પેટર્ન: (ટકાવારીમાં) | રાજ્ય : ૫૮.૧૫% કેન્દ્રિય: ૪૧.૮૫% અન્ય:- |
| અપેક્ષિત આઉટકમ | વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૧,૦૦,૦૦૦ હેકટર સબ માઇનોર (ભૂગર્ભ પાઇપલાઇન) ના કામો પૂર્ણ કરવા |

# બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી:-

કચેરીના હેતુઓ :

ગુજરાત સરકારનો વાહનવ્યવહાર વિભાગ કાર્યક્ષમ વાહનવ્યવહાર કાર્યપદ્ધતિ, વાહનોની નોંધણી, ડ્રાઇવીંગ લાઇસન્સ આપવા, વિવિધ પરમીટ આપવી, માર્ગ વેરા ઉઘરાવવા સહિતની મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવે છે. વાહનવ્યવહાર વિભાગ નીતિ ઘડતર, સંપર્ક સેતુ જાળવવાનું, અમલીકરણ, ગુજરાતમાં વાહનવ્યવહાર ક્ષેત્રને લગતાં દેખરેખ-નિયંત્રણ અને નિયમનકારી કાર્યો કરે છે.

હેતુઓ પૂર્ણ કરવા સંદર્ભે વ્યુહરચના :

માર્ગ સુરક્ષા સાથે સામાન્ય માનવીને પણ વાહનવ્યવહાર સંબંધીત સુવિધાઓ અને તાલીમ પુરી પાડવામાં આવે છે. રાજ્યમાં સ્માર્ટ કાર્ડ ડ્રાઇવીંગ લાયસન્સ તથા ઓપ્ટિકલ-કાર્ડ વ્હિકલ રજીસ્ટ્રેશન બુક (VRC) નાગરીકને સ્પીડ પોસ્ટ દ્વારા ઘરે પહોંચાડવામાં આવે છે.

ગુજરાત રોડ સેફ્ટી ઑથોરીટી:-

કચેરીના હેતુઓ :

- રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી રાજ્યની લીડ એજન્સી તરીકે કાર્યરત છે.
- માર્ગ સલામતી અંગેની નામ.સુપ્રીમ કોર્ટ રોડ સેફટી કમિટીના વખતો વખતના દિશાનિર્દેશોના અમલ સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે સંકલન કરવું.
- માર્ગ અકસ્માતો અને જાનહાનિ ઘટાડવા માટે નક્કી કરાયેલા વાર્ષિક લક્ષ્યાંકો જાહેર કરવા અને લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા તથા તેના અમલીકરણના દેખરેખ માટે વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરવી.
- માર્ગ સલામતી વિષયક જનજાગૃતિ અને પ્રચાર-પ્રસારની કામગીરી કરવી.

હેતુઓ પૂર્ણ કરવા સંદર્ભે વ્યુહરચના :

- રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ઓથોરીટી તથા માર્ગ સલામતી સંબંધિત વિભાગો દ્વારા માર્ગ અકસ્માતો તથા મૃત્યુના ઘટાડા માટે જન જાગૃતિ, એન્ફોર્સમેન્ટ તથા અન્ય વિવિધ કાર્યો કરાવવામાં આવશે.
- રોડ સેફટી એક્શન પ્લાન અને તેના અમલીકરણ માટે કામગીરી કરવામાં આવે છે.
- ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી માર્ગ અકસ્માતોના કારણોની તપાસ કરવા માટે અને ડેટા વિશ્લેષણના ક્ષેત્રમાં નિષ્ણાત એજન્સીને હાયર કરશે અને ભવિષ્યમાં આવા અકસ્માતોને રોકવા માટે સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવેલી પ્રગતિનું નિરીક્ષણ કરશે.
- ભારત સરકારની ગાઈડલાઈન્સ અનુસાર, બ્લેક સ્પોટ એટલે હાઇવેનો 500 મીટરનો વિસ્તાર છે જ્યાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦ કે તેથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અથવા ૫ કે તેથી વધુ ગંભીર

અકસ્માતો થયા છે. વર્ષ ૨૦૧૯ સુધીના આવા તમામ બ્લેક સ્પોટને ઓથોરિટી દ્વારા સંબંધિત વિભાગો/જિલ્લા માર્ગ સલામતી સમિતિઓ દ્વારા આખરીકરણ આપવામાં આવશે અને સંબંધિત વિભાગો દ્વારા બ્લેક સ્પોટના ટૂંકા અને લાંબા ગાળાના સુધારણા માટે પગલાં લેવામાં આવશે.

- રોડ સેફ્ટી વિશે વધુ લોકોને જાગૃત કરવા માટે વર્કશોપ, સેમિનાર, વેબિનાર, ટ્રેનિંગ, થિયેટરમાં વીડિયો ક્લિપ્સ, સોશિયલ મીડિયાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે.
- ઓથોરિટીનું પ્રાદેશિક માળખું અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, મહેસાણા, કચ્છ-ભુજ ખાતે સ્થાપવામાં આવશે, જે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીના સીધા માર્ગદર્શન હેઠળ સંબંધિત વિભાગો સાથે સંકલનમાં માર્ગ સલામતીના હેતુ માટે માર્ગ સલામતીની સમીક્ષા, અમલીકરણ અને જનજાગૃતિ કરશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ:-

વ્યુહરચના:

૧. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨૦૦ નવી બસો પ્રજાની સેવામાં મુકવા માટે રૂ.૩૭૯.૦૦ કરોડની અંદાજપત્રિય જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. ૫૦ ઇલેક્ટ્રીક બસો સંચાલનમાં મુકવાનુ આયોજન છે તેમજ અન્ય ૫૦ સી.એન.જી. વાહનો પણ સંચાલનમાં મુકી ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાનુ અને પ્રદુષણ ઘટાડવાનુ આયોજન છે.જેના માટે રૂ.૧૨.૦૦ કરોડની અંદાજપત્રિય જોગવાઇ કરવામાં આવેલ છે.

૩. હાલમાં નિગમ ખાતે ૮૨ બસ સ્ટેશન અને ૭ કંટ્રોલ પોઈન્ટ ખાતે વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ છે અને તમામ બસ સ્ટેશનો તેમજ કંટ્રોલ પોઈન્ટ પર વાઈ-ફાઈની સુવિધા મળી રહે તે મુજબ નિગમનાં બાકીનાં ૩૦ બસ સ્ટેશન અને ૧૦૦ કંટ્રોલ પોઈન્ટ પર ફ્રી વાઈ-ફાઈની સુવિધા મુસાફર જનતાને ઉપલબ્ધ કરાવવા રૂ.૨૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. મુસાફરો ઘરે બેઠા મોબાઈલ એપ્લીકેશન દ્વારા બસોનો ટાઈમ, બસો હાલ કઈ જગ્યાએ છે, કેટલી સીટ ઉપલબ્ધ છે અને દ્વારા બસનું ટાઈમીંગ જાણી શકાય તે મુજબ તમામ બસ સ્ટેશનો ઉપર pis ઉપલબ્ધ કરાવવા રૂ.૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. નિગમના સેન્ટ્રલ વર્કશોપ ખાતે અને અન્ય વર્કશોપ ખાતે BS-VI ટેકનોલોજીવાળી બસોની કામગીરી ઝડપી બને તે માટે નવી મશીનરી અને આધુનિકીકરણ માટે રૂ.૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

૬. રાજ્ય સરકારશ્રીની સહાયથી રૂ.૧૯૦ કરોડની લોન સરભર કરવાનું આયોજન

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામઃ | ૧૧૪૨૫૪ - મોટરવાહનોનું નિરીક્ષણ |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | આરટીઓનું સંચાલન |
| સંભવિત લાભાર્થીઓઃ | વાહન ચાલકો |
| સહાયનું પ્રમાણઃ | ૧૦૦ % રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી |
| ફંડીંગ પેટર્ન | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ | ૧. માર્ગ સલામતી અંગે લોકોમાં જાગૃતિ કેળવવા<br>૨. લાભાર્થીઓને વાહન સંબંધિત સેવાઓ પુરી પાડવા |

| | |
|---|---|
| યોજનાનું નામઃ | જાહેર બાંધકામો પર મુડીખર્ચ |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | આરટીઓ મકાનોનું બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓઃ | વાહન ચાલકો |
| સહાયનું પ્રમાણઃ | 100% રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી |
| ફંડીંગ પેટર્ન | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ | ૧. નવી આરટીઓ કચેરીનું બાંધકામ તથા આધુનિકરણ |

| | |
|---|---|
| યોજનાનું નામઃ | સબસીડી |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | મુસાફરોનું પરિવહન |
| સંભવિત લાભાર્થીઓઃ | રાજ્યનાં મુસાફરો |
| સહાયનું પ્રમાણઃ | ૧૦૦ % રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ |
| ફંડીંગ પેટર્ન | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ | નિગમને જે હેતુ માટે સબસીડી મળે છે તે પ્રમાણે ૧૦૦% અનઈકોનોમિકલ રૂટ પર બસોનું સંચાલન કરી રાજ્યની જનતાને પરિવહનની સેવા આપેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામઃ | ૧૧૪૨૫૪ - મોટરવાહનોનું નિરીક્ષણ |
| ઘટકો અને પ્રવૃતિઓઃ | માર્ગ સલામતી અર્થે જન-જાગૃતિ અને પ્રચાર પ્રસાર |
| સંભવિત લાભાર્થીઓઃ | જાહેર જનતા |
| સહાયનું પ્રમાણઃ | ૧૦૦ % રાજયનો હિસ્સો |
| અમલીકરણ કચેરીઃ | ગુજરાત રોડ સેફ્ટી ઑથોરીટી |
| ફંડીંગ પેટર્ન | રાજયઃ ૧૦૦% કેન્દ્રીયઃ ૦ અન્યઃ ૦ |
| અપેક્ષિત આઉટકમઃ | ૧. માર્ગ સલામતી અંગે લોકોમાં જાગૃતિ કેળવવી<br>૨. નામ.સુપ્રિમકોર્ટ કમિટી ઓન રોડ સેફ્ટીનાં દિશા-નિર્દેશો અને રોડ સેફ્ટી પોલીસીનું આખરીકરણ કરાવી માર્ગ સલામતી સુનિશ્ચિત કરી માર્ગ અકસ્માતો અને માર્ગ અકસ્માતોથી થતા મૃત્યુમાં ઘટાડો કરવો |

# પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ

ગ્રામિણ આવાસ અને ગ્રામ વિકાસ એ બે પંચાયત વિભાગના મુખ્ય બે ભાગોમાં વહેચાયેલુ છે. જેને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ કહે છે.

ગ્રામ વિકાસનું મુખ્ય કાર્ય કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને પ્રકલ્પો કે જેમાં કેન્દ્ર સરકારનો નાણાંકીય હિસ્સો હોય તેવી યોજનાઓનો અમલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે.

પંચાયત અને ગ્રામ ગૃહ વિભાગની ત્રિસ્તરીય પંચાયતીરાજ ૩૩ જિલ્લા પંચાયત, ૨૪૮ તાલુકા પંચાયત અને ૧૪૨૬૫ ગ્રામ પંચાયતના વહિવટ સંબંધે મુખ્ય જવાબદારી છે. જે વિકેન્દ્રિકરણના મુખ્ય સિધ્ધાંતથી પાયાના સ્તરેથી કામ કરે છે. પંચાયતીરાજ સંસ્થાઓ ગુજરાતના ગ્રામિણ વિસ્તારોના વિકાસમાં મહત્વની ભૂમિકા અદા કરી શકે તે માટેની યોજનાઓના અમલ માટે નાણાં, વહીવટી તથા ટેકનિકલ સ્ટાફ પુરો પાડવામાં આવે છે.

રાજ્યમાં તા.૦૧/૦૪/૧૯૬૩થી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ અમલમાં છે. અને ૭૩મોં બંધારણીય સુધારો અમલમાં આવતા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩નો અમલ તા.૧૫/૦૪/૧૯૯૪ થી અમલમાં છે. મહત્વની બાબત એ છે કે, ૭૩માં બંધારણીય સુધારા અગાઉ રાજ્યમાં ૧૪ પ્રવૃતીઓ પંચાયતીરાજ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી હતી.

૭૩માં બંધારણીય સુધારાથી બંધારણની અનુસૂચિ-૧૧માં જણાવેલ ૨૯ પ્રવૃતિઓ પંચાયત હસ્તક મૂકવામાં આવેલ છે. પરંતુ તે બાબતે ગુજરાત રાજ્યમાં એ બાબત નોંધપાત્ર છે કે બંધારણીય સુધારા અગાઉ એટલે તા.૦૧/૦૪/૧૯૬૩થી ૧૪ પ્રવૃતિઓ પંચાયતને સંપૂર્ણ રીતે અને ૪ પ્રવૃતિઓ અંશતઃ પંચાયતોને સુપ્રત થયેલી છે.

બંધારણની અનુસૂચિ-૧૧ મુજબની ૨૯ પ્રવૃતિઓ પૈકીની ૯ પ્રવૃતિઓ રાજ્ય હસ્તકના જુદાજુદા વિભાગો દ્વારા અસરકાર રીતે અમલમાં મુકે છે.

તાજેતરમાં પંચાયત વિભાગ દ્વારા રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોનું વિસ્તરણ નિયમ-૨૦૧૭ દ્વારા જુદાજુદા વિભાગોના પેસા વિસ્તાર માટેના કાયદા અને નિયમોને સંગ્રહિત કરી એકત્રિકરણ કરવામાં આવેલ છે. આ નિયમોના એકત્રિકરણથી અનુસૂચિત વિસ્તારોના આદિવાસી લોકો માટે આ વિસ્તારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે અને આ સમાજને ઉપયોગી થાય તે તરફ કામ કરી શકે છે. અને તેમને મળેલા અધિકારોનો દ્રઢ નિશ્ચય અને અસરકારક રીતે ઉપયોગ કરી શકે છે.

પંચાયતીરાજ સંસ્થાઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ લઇ કર્મચારીઓની ભરતી કરે છે.

તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માંટે વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યા ઉપર નિમણૂંક ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવે છે. તેમજ જિલ્લા પંચાયત માટે જિલ્લા વિકાસ અધિકારીની નિમણૂંક ભારતીય સનદી સેવા (IAS) કેડરમાંથી નિમણુંક કરવામાં આવે છે.

ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડ જે પંચાયત વિભાગ હસ્તક છે. તેનું મુખ્ય કાર્ય ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોને કે જેમની ઓછી આવક છે તેમને પરવડી શકે તેવી કીંમતે મકાનો બનાવવાની મહત્વની કામ કરતી સંસ્થા છે.

ઘણા વર્ષોથી પંચાયત વિભાગ દ્વારા સામૂહિક વિકાસની યોજનાઓની વિવિધ યોજનાઓનું સફળતા પૂર્વક અમલીકરણ કરે છે.

સ્માર્ટ વિલેજ યોજના અમલમાં આવેલ છે. તેના પ્રથમ તબક્કામાં રાજ્યની ૩૦૦ જેટલી પંચાયતોને સ્પર્ધાત્મક રીતે પસંદ કરવામાં આવશે. આ ગ્રામપંચાયતોની પસંદગી રાજ્ય ૧૭ જેટલા સામાજીક આર્થિક માપદંડોને આધારે જિલ્લા કક્ષાની વહીવટી કમિટિ દ્વારા તૈયાર કરેલ છે. જે રાજ્ય સરકાર દ્વારા ચર્ચા વિચારણા કરી આખરી કરવામાં આવનાર છે. રાજ્ય સરકારની મંજુરી બાદ આવી પંચાયતોના ગામોને નાણાંકીય સહાયને પાત્ર બનશે. તેના દ્વારા તે ગામોની માળખાગત સુવિધામાં વધારો થશે.

શ્યામાં પ્રસાદ મુખર્જી ગ્રામિણ વિકાસ કાર્યક્રમ દ્વારા રાજ્યના તાલુકાના ગામોનું યોગ્ય જૂથ બનાવી રાજ્યનો સર્વાંગી વિકાસ સધાય તે માટે કેંદ્ર સરકારની યોજનામાં રાજ્ય સરકારનો નાણાકીય હિસ્સો ઉમેરી આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

શહેરી વિસ્તારમાં મળતી સગવડો ગ્રામ્ય કક્ષાએ મળે તે હેતુથી રુર્બન યોજના દ્વારા તાલુકાના મુખ્ય મથકના ગામો અને વધુ વસ્તી ધરાવતા ગામો પૈકી પસંદ કરેલ ગામોમાં રુર્બન યોજના અંતર્ગત ભુગર્ભ ગટર જેવી માળખાગત સુવિધાઓ પુરી પાડવાની યોજના વિભાગ દ્વારા અમલમાં છે.

ગ્રામ પંચાયતમાં કોઇ પણ વાદ-વિવાદ વગર સર્વ સંમતિથી સભ્યોની બિન હરીફ ચુંટણી થાય તે માટે સમરસ યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકેલ છે. જેમાં રૂ. ૨.૦૦ લાખથી ૧૧.૦૦ લાખ સુધી ગ્રામ પંચાયતની વસ્તીના પ્રમાણે પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના અન્વયે પંચાયતો દ્વારા સફાઇ કરની વસુલાતના આધારે તેમને મળેલ માર્ક અને ટકાવારીને આધારે ૧૦૦ થી ૨૦૦ ટકા રાજ્ય સરકાર ગ્રાંટ આપે છે.

સરદાર આવાસ યોજના પુર્ણ થવામાં તેના છેલ્લા તબક્કામાં છે. જેમાં બાકી રહેલા મકાનો બાંધવાના કામો જ બાકી છે. ગ્રામ વિસ્તાર માટે તાજેતરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના નામે નવીન આવાસ યોજના અમલમાં મુકેલ છે. જેમાં ૬૦:૪૦ પ્રમાણે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે.

ગામમાં શાંતી સૌહાર્દપુર્ણ વાતાવરણ સંવાદીતા જળવાય અને સામાજીક સમરસતા જળવાઇ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તિર્થ ગામ અને પવન ગામ યોજના અમલમાં મુકેલ છે.

પંચાયત યોજના અંતર્ગત ગામે લોક ભાગીદારીથી પડતર જગ્યાઓ હોય ત્યાં જાહેર બગીચા, પાર્ક બનાવવામાં આવે છે.

હેતુઓ

- લોકશાહીની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વધુ લાભ અને માળખાગત સુવિધાઓથી સુસજ્જ કરવી. લોક ભાગીદારી વધે અને વધુ વિકાસ થાય.
- સ્થાનીક સ્વરાજમાં ચુંટાયેલા પ્રતિનીધીઓની શક્તિઓનો પુરતો ઉપયોગ વિકાસના કામો અને લોકો માટે થાય.
- પંચાયતોમાં લોકશાહી પધ્ધતિથી લેવામાં આવતા નિર્ણય માટે જ્વાબદેહી માટે સજાગ કરવા સ્થાનીક સ્વરાજની સંસ્થામાં ગુણવત્તાના ધોરણે થતી કર્મચારીઓની ભરતીમાં વધુ પારદર્શકતા આવે અને આ કર્મચારી માટે તાલીમ દ્વારા તેમની અંદર રહેલ શક્તિઓનો પુરો ઉપયોગ થાય.
- લોક ભાગીદારીને પ્રોત્સાહન આપવુ અને સ્વ-સહાય જુથોની રચના દ્વારા લોકોની આવકમાં વધારો કરવો અને તેમને પગભર કરવા.
- પંચાયતના વહિવટમાં વધુ પારદર્શિતા માટે નિયમીત અને સામાજીક અન્વેષણ અને વિકાસ યોજનાઓના કામો પ્રકલ્પોની વખતો વખત અન્વેષણ અને હિસાબોનું પંચાયતની ગ્રામસભા દ્વારા સમીક્ષા થાય તે માટે પંચાયતો જ્વાબદેહી રહેશે.

વ્યુહરચના

- રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયત રાજના પાયાના નાના નાની સંસ્થા સુધી પંચાયત વિભાગની યોજનાઓમાં શક્તિ સંચાર કરવો.
- ગ્રામ પંચાયતને વધુ મજબુત બનાવવા તેમના કાર્યક્ષેત્રમાં ચાલતા કામો/યોજનાઓની દેખરેખ અને અસરકારક અમલીકરણ માટે સુદ્રઢ કરવી.
- ગ્રામપંચાયત દ્વારા ઉઘરાવવામાં આવતા કર, ફી, શેષ વગેરે તથા મહેસુલી આવકમાં વધારો કરવા હયાત દરોમાં અધિકમ દરોની મર્યાદામાં રહી દરોમાં સુધારો કરાવી અસરકાર વસુલાતની કામગીરી ઝડપી બનાવવી.
- ગ્રામપંચાયતો, નાણાંકીય બાબતો પોતે સધ્ધર બને તેના કારણે ગ્રામપંચાયતની ફરજોના ભાગ રૂપે પીવાનું પાણી, સ્વચ્છતા, સફાઇ, દિવાબત્તીની સુવિધા, શેરી લાઇટની સુવિધા, ભુગર્ભ ગટર યોજના અને ઘન અને પ્રવાહી કચરાના યોગ્ય નિકાલ કરી શકે તથા રાજ્ય સરકાર ગ્રાન્ટ કે સહાય ઉપર નિર્ભરના રહે અને ખરા અર્થ સેલ્ફ ગવર્મેન્ટનો ઉદ્દેશ સિધ્ધ કરવા માટેની વ્યુહ રચના છે.
- ઇ-ગર્વનર્સ સાથે સંકળાયેલ સેવાઓનો વ્યાપ વધારવા માટે ઇ-ગ્રામ સેન્ટરને પ્રોત્સાહીત કરવી. G2C અને  B2C સર્વીસ માટે સરળતા, પારદર્શીતા માટે ઇલેક્ટ્રોનીક માધ્યમનો વધુમાં વધુ ઉપયોગ થાય.
- સાચા અર્થમાં લોકશાહી વિકેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણનો રાજ્યના સર્વાંગી વિકાસમાં ઉપયોગ થાય તે તરફ કાર્યવાહી હાથ ધરવા તરફ વિભાગનું લક્ષ્ય રહેશે.

કમિશનર ગ્રામ વિકાસની કચેરી

ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની ગરીબી ઘટાડવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજીક સુરક્ષા અને માળખાકીય સુવિધાનો કાર્યક્રમ, ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોની જીવનની ગુણવત્તા સુધારવા માટે કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા નીચે મુજબની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું (CSS) અમલીકરણ અને દેખરેખ કરવામાં આવે છે.

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (MGNREGA)
(૨) પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) (PMAY-G)
(૩) સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) (SBM-G)
(૪) ગુજરાત લાવ્લીહુડ પ્રમોશન કં. લીમીટેડ (GLPC) અંતર્ગત (a) રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (Aajivika-NRLM), (b) દીન-દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) (c) મુખ્યમંત્રીમહિલા ઉત્કર્ષ યોજના(MMUY)
(૫) શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન (SPMRM)

ઉપરોક્ત યોજનાઓના હેતુઓ અને વ્યુહરચનાઓ નીચે મુજબ છે.

હેતુઓ:-

- મનરેગા યોજના અધિનિયમ મુજબ રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં કુટુંબો કે જેનાં પુખ્તવયનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં કુટુંબો કે જેનાં પુખ્તવયનાં સભ્યો શારીરીક શ્રમથી થઇ શકે તેવું બિનકુશળ કામ કરવા ઇચ્છુક હોય તેવા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે કુટુંબદીઠ નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારી આપવાનો આ યોજનાનો હેતુ છે.
- ટકાઉ અસ્ક્યામતો નિર્માણ કરવી જેથી ગ્રામ્ય સ્તરના લોકોની આજીવિકામાં વધારો કરવો
- પાયાના સ્તરે લોક સમુદાય દ્વારા કરવાની થતી કામગીરીનું મજબુતીકરણ તેમજ વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારી નક્કી કરવી.
- ગ્રામીણ વિસ્તારની બહેનોનું સામાજીક ઉત્થાન થાય, જીવન ધોરણ ઉંચુ આવે અને આર્થિક રીતે પગભર થાય તે માટે ગ્રામીણ વિસ્તારોમાં સ્વસહાય જુથોની રચના કરવામાં આવે છે.
- ગ્રામીણ વિસ્તારોમાં સ્વસહાય જુથોની ગરીબ મહિલા સભ્યો દ્વારા સમાજીક જરૂરિયાતોને પહોંચી વળવા, ખર્ચવાળા દેવાની ચુકવણી, મકાનનું બાંધકામ અથવા સમારકામ, શૌચાલયોનું નિર્માણ અને ટકાઉ આજીવિકા પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે લોન પુરી પાડવાનો છે. તદુપરાંત એસએચજી દ્વારા શરૂ કરાયેલ કોઇ પણ વ્યવહારીક સામાન્ય પ્રવૃત્તિને નાણાં આપવા સ્વસહાય જુથનાં સભ્યોની આજીવિકા વધારવા માટેનો છે.
- રાજ્યનાં ગ્રામીણ ગરીબ યુવાઓને કૌશલ્ય વર્ધન તાલીમ આપી યોજનાનાં SoP મુજબ માસિક વેતનથી રોજગારી આપવાનો છે.
- રૂ. ૧ લાખની લોન દ્વારા મહિલા જુથોને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડવા.
- ગ્રામીણ રોજગારીમાં વધારો તથા ગ્રામીણ અર્થતંત્રને ચેતનવંતુ બનાવવામાં મહિલાઓની મહત્તમ ભાગીદારી પ્રસ્થાપિત કરવી.
- મોડેલ સીએલએફ વિકસાવવા, ડિજિટલ ટ્રાન્જેક્શન, એન્ટરપ્રાઇઝ ડેવલપમેન્ટ અને ક્લસ્ટર ડેવલપમેન્ટ ઇન્ટિગ્રેટેડ અને ઓર્ગેનિક ફાર્મિંગ ક્લસ્ટરો અને વેલ્યુ ચેઇન વિકસાવવા

- યુવાન/યુવતીઓને પ્રેરણા તથા તાલીમ આપી, સ્વરોજગારને વૈકલ્પિક કારકીર્દી તરીકે વિકસાવવા માટે સહાયરૂપ થવું.
- ગ્રામ્ય ઉદ્યોગ સાહતીકતાને ઉત્તેજન આપવું.
- પરામર્શ અને પ્રોજેક્ટ સલાહકાર સેવાઓ પુરી પાડવી.
- આજીવિકાલક્ષી કાર્યક્રમોની અરસકારતા વધારવી.
- આજીવિકાના સ્રોત તરીકે સ્વરોજગાર મેળવવા માટે બેરોજગાર યુવાન/યુવતીઓને યુવાનોને કુશળ બનાવવા.
- શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન યોજનાનો મુખ્ય હેતુ સમગ્ર દેશમાં ૩૦૦ ગ્રામીણ વિકાસ ક્લસ્ટર બનાવવાનો છે. પ્રથમ તબક્કામાં ૧૦૦ ક્લસ્ટરો લેવામાં આવશે. ત્યારબાદ યોજનાની પ્રગતિના આધારે વધુ ક્લસ્ટરોની ઓળખ કરવામાં આવશે.

વ્યુહરચના:-

- વ્યક્તિગત કામો જેવા કે પશુ આશ્રય સ્થાન, બાયાગત, કુવા વગેરે આજીવિકામાં વધારો પર ધ્યાન કેન્દ્રિત કરવુ.
- દુષ્કાળ જેવી પરિસ્થિતિના પ્રશ્નોના નિવારણ માટે જળ સંરક્ષણ અને કૃષિ લગત કામો પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- મનરેગા યોજના અંતર્ગત જે તે વિસ્તારમાં GIS TOOLSનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક ઢબે કામોનું આયોજન.
- અસ્ક્યામતનું આંતરિક જિલ્લા દ્વારા ભૌતિક ચકાસણી થકી દેખરેખ.
- જે શ્રમિક દ્વારા જે તે નાણાંકીય વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી મેળવેલ હોય તેવા શ્રમિકોને કુશળ તલીમ આપવાની રહે.
- સખીમંડળની રચના કરવી અને રીવોલ્વીંગ ફંડ પુરું પાડવું.
- ક્ષમતાવર્ધક તાલીમ આપવી ટકાઉ આજીવિકા પુરી પાડવી.
- યોગ્ય બજાર વ્યવસ્થા પુરી પાડવી.
- ગ્રામ સંગઠનની રચના કરવી.
- કમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ પુરું પાડવું.
- રીન્યુયલ લોનની મર્યાદામાં વધારો કરી વધુ લોન પુરી પાડવી
- ક્રેડિટ કેમ્પ યોજી વધુ પ્રમાણમાં લોન પુરી પાડવા અંગેનું આયોજન કરેલ છે.
- રૂ.૧૦.૦૦ લાખ સુધીની લોન માટે સ્ટેમ્પ ડ્યુટી ફ્રી.
- ગ્રામ્ય વિસ્તારનાં ગરીબ પરીવારનાં ૧૮ થી ૩૫ વર્ષનાં યુવાઓ કે, જેઓ પાસે BPL card, RSBY Card,SECC-2011 List, SHG Member or MGNREGA Job Card યોજનામાં જોડવામાં આવે છે.
- યોજના અંતર્ગત મંજુર થયેલ પ્રોજેક્ટસમાં પ્રોજેક્ટ અમલીકરણ એજન્સીઓ (પી.આઇ.એ.) દ્વારા ગ્રામીણ ગરીબ યુવાનોની કૌશલ્ય તાલીમ અને રોજગારી આપવામાં આવે છે.
- ગ્રામીણ યુવાઓને સ્વયં નોકરી આપી શકે તેવા નોકરી આપનાર એકમોને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.
- બેંકો દ્વારા વગર વ્યાજની લોન અપાવી આ જુથો વિશિષ્ટ આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડવા.

- NRETP અંતર્ગત પસંદ થયેલ ૯ તાલુકામાં ૯ મોડેલ સીએલએફ વિકસાવવા.
- એસઆઇઆરડી દ્વારા ફાઇનલ કરવામાં આવેલ એસસોપી મુજબ તમામ૯મોડેલ સીએલએફની તાલીમ કરવી.
- પુર્ણતાની કક્ષાએ પહોંચેલા ગ્રામ સંગઠનોને તાલીમ કરવી.
- સીએલએફની એચઆર/એફએમ/ગવર્નન્સ પોલીસીને મંજુર કરી તેનો અમલ કરવો.
- બીસી અને બેંક સખી દ્વારા ડીજિટલ વ્યવહાર
- હાલના ઉદ્યોગોને વિકસાવવા અને નવા ઉદ્યોગોને ટેકો આપવા અને વધારવા માટે ૯ ઓએસએફ કેન્દ્રો વિકસાવવા.
- ક્લસ્ટર ડેવલપમેન્ટ માટે સ્કોપિંગ સ્ટડી બનાવી ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં સબમિટ કરવોઅને મંજુરી મળ્યા બાદ તે મુજબ ટેક્નિકલ એજન્સી પાસે કામગીરી કરાવવી. સંભવિત ખેતી આધારિત જણાવેલ ક્લસ્ટરની એજન્સી પાસે કામગીરી કરાવવી.
- ઉદ્યોગ સાહસીકતા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું.
- સ્વસહાય જુથ/ગ્રામ સખી સંઘની બેઠકોમાં કૌશલ્યનો મુદ્દો લેવો.
- કૌશલપંજી એપ્લીકેશનમાં યુવાન/યુવતીઓની નોંધણી કરવી.
- કૌશલ્ય મેલા/ RSETI બજારનું આયોજન કરવું.
- RSETIબિલ્ડીંગ ખાતે કાઉન્સીલીંગ (પરામર્શ) કેન્દ્ર ઉભું કરવું.
- તાલીમ લીધા બાદ મુલાકાત/ટેલીફોનીક સંપર્ક જેવી સેવાઓ પુરી પાડવી.
- પ્રોજેક્ટ્સનાICGF(ક્રિટીકલ ગેપ ફંડીંગ) અને કન્વર્જન્સ
- ક્લસ્ટર માટે ICAP(ઇન્ટિગ્રેટેડ ક્લસ્ટર એક્શન પ્લાન) માં બે ઘટક (૧) સામાજીક આર્થિક અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ ઘટક (૨) અવકાશી આયોજનની શરૂઆત.
- માન્ય ડીપીઆરના આધારે ICAP નું પુનરાવર્તન.
- ICAPમાટે પાંચ વાર્ષિક પુનરાવર્તન.

યોજનાઓ

| યોજનાનું નામઃ | સી.ડી.પી.-૧ માહિતી અને ટેકનોલોજી (ઇ-ગ્રામ) |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • ગ્રામકક્ષાએથી ખેડૂતોને ૭/૧૨ ૮-અ ના ઉતારા, જન્મ મરણનુ પ્રમાણપત્ર, આવકનુ પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર, આયુષ્યમાન કાર્ડ, ઇ-શ્રમ કાર્ડ, વિવિધ સરકારી યોજનાઓના ફોર્મ / અરજીપત્રકોની ઉપલબ્ધતા, વિજળી/ ટેલિફોનના બીલના ચૂકવણાની વ્યવસ્થા.<br>• યોજનાઓના પ્રચાર પ્રસાર માટે કે.યુ. બેન્ડ / બાયસેગ મારફતે તાલીમ આપવી. |
| સંભવિત લાભાર્થીઓઃ | ગ્રામજનો |
| સહાયનું પ્રમાણઃ | ------- |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્યઃ ૧૦૦ કેન્દ્રિયઃ - અન્યઃ - |
| અપેક્ષિત આઉટકમઃ | • તમામ વિભાગોની યોજનાઓની માહિતી માટે ગ્રામજનોને |

| | |
|---|---|
| | ઇ-ગ્રામ મારફતે વ્યવસ્થા<br>• તમામ સેવાઓનુ અમલીકરણ અને ઉપલબ્ધતા ઇ-ગ્રામ મારફતે જ.<br>• ગ્રામના યુવાનોને ગામમાં જ રોજગારીની તક.<br>• ગ્રામપંચાયતને પણ ઇ-ગ્રામ દ્વારા આપવામાં આવતી સેવાઓથી આર્થિક ઉપલબ્ધી<br>• ગ્રામજનોના નાણાં અને સમયનો બચાવ<br>• સરળ વહિવટ માટે નાણાકીય હિસાબો માટે નવું સોફ્ટવેર |

| | |
|---|---|
| યોજનાનું નામઃ | સી.ડી.પી.-૨ મોજણી, અભ્યાસ, અન્ય પ્રવૃત્તિઓ, ગરીબ કલ્યાણ મેળા. |
| ઘટકો અને પ્રવૃત્તિઓઃ | • રાજ્યમાં અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓનું સ્વૈચ્છીક સંસ્થાઓ પાસે મુલ્યાંકન કરાવી સુચનો મેળવી તેના આધારે યોજનાઓમાં જરૂરી સુધારા કરવા.<br>• રાજ્ય સરકારની વિવિધ વ્યક્તિલક્ષી સમૂહલક્ષી યોજનાઓની જાણકારી ગ્રામજનો સુધી પહોંચે તે માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું. યોજનાકીય સાહિત્ય છપાવવુ, બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરી ગ્રામજનોને યોજનાકીય લાભોથી માહિતગાર કરવા.<br>• ગ્રામકક્ષાએ સરકારના વિવિધ વિભાગોની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓનો લાભ કોઇપણ વચેટીયા વગર સીધો જ લાભાર્થીને મળે તે માટે એક સ્થળે ગરીબકલ્યાણ મેળાનુ સુચારૂ વ્યવસ્થિત આયોજન. |
| સંભવિત લાભાર્થીઓઃ | સરકારના વિવિધ વિભાગોની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓના લાભાર્થીઓ |
| સહાયનું પ્રમાણઃ | સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ |
| અમલીકરણ કચેરીઃ | જિલ્લા પંચાયત |
| | અને જ્ઞાન સાથે મનોરંજન આપતુ રસપ્રદ સ્થળ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનાં નવા એકઝીબીટસ તથા અગ્રણી શાખાઓ અને ઉચ્ચતમ ટેકનોલોજી આધારિત પ્રદર્શન તરીકે ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી દરેક વર્ગના તમામ લોકો માટે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જીનીયરીંગ, મેથ્સ (STEM) નાં શિક્ષણ માટે ઉદ્દીપક અને તેને અનુસરવા અને અપનાવવા મુખ્ય કેન્દ્ર બનશે જે તેમની આજુબાજુની દુનિયા વિશે જીજ્ઞાસા જગાડવા પ્રેરણારૂપ બનશે.<br>સાયન્સ સીટી ફેઝ-રને રોબોટીક્સ ગૅલેરી, એક્વાટીક ગૅલેરી અને એસ્ટ્રોનોમિ એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી  થકી અજોડ અને નવીન ગેલેરીઓથી સજ્જ કરવામાં આવશે.<br>સાયન્સ સિટીમાં બીજા તબક્કાના વિકાસની રજૂઆત સાથે રોબોટિક ગેલેરી, એક્વેટિક ગેલેરી અને એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું નિર્માણ કાર્ય અનુક્રમે ૯૨.૧૦%, ૯૮% અને 33% પૂર્ણ થયું છે. એક્વેટિક ગેલેરી અને રોબોટિક્સ ગેલેરીનું ઉદ્ઘાટન આપણા માનનીય  વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૬મી જુલાઈ, ૨૦૨૧ના રોજ  કરવામાં આવ્યું હતું અને સાયન્સ સિટી ૧૭ મી જુલાઈથી જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૪,00,000 થી વધુ મુલાકાતીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી છે. આ ગેલેરીઓ મુલાકાતીઓમાં ઉત્તેજના અને ઉત્સાહને પ્રોત્સાહિત કરે છે અને તેને આવરી લેવા માટે નવીન પહેલને પ્રેરણા આપશે. |

# રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

૧ મે, ૧૯૬૦ ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઇ તે સમયે રમતગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ એક સ્વતંત્ર વિભાગ તરીકે અસ્તિત્વ ધરાવતો ન હતો, પરંતુ રાજ્યમાં યુવા પ્રવૃત્તિઓને વેગ આપવા માટે તા.૧૭/૧૨/૧૯૯૦ના રોજ એક અલગ વિભાગ તરીકે તેની રચના કરવામાં આવી. વિભાગને નવા વિષયોની પુન:ફાળવણી કરવામાં આવી હોવાથી વિભાગનું મૂળ નામ યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ બદલીને સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૮/૧૯૯૭ના જાહેરનામા ક્રમાંક જીએસ (૯૭-૨૬-એસકેટી૧૧૯૭(૩)કેયુ) થી વિભાગનું નામ રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ રાખવામાં આવ્યું. તે અનુસાર આ વિભાગ હવે આ નામ હેઠળ કાર્યરત છે. આ વિભાગ રમતગમત, યુવા, સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, સંગ્રહાલયો, પુરાતત્વ, પુસ્તકાલયો, દફતર અને હસ્તપ્રતો, શતાબ્દી મહોત્સવો, સ્મારકો અને અકાદમીઓ સંબંધિત કામગીરી કરે છે.

સ્પોર્ટસ ઑથોરીટી ઑફ ગુજરાત, સંગીત નાટક અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને લલિત કલા અકાદમી સ્વાયત્ત સંસ્થાઓ તરીકે કાર્યરત છે.

ઉદ્દેશો

- રાજ્યમાં ઉભરાતી નવી સ્પોર્ટસ ટેલેન્ટને વિશાળ તકો પુરી પાડવી.
- રાજ્યના આર્કિવલ રેકર્ડની જાળવણી અને સાચવણી.
- કિંમતી અને અલભ્ય રેકર્ડનું ડીજીટાઇઝેશન.
- ચિત્રકલા, શિલ્પકલા તથા ફોટોગ્રાફી જેવી વિવિધ કલાઓને સામેલ કરી તેને પ્રોત્સાહન આપવું તથા વિકાસ સાધવો.
- રાજ્યની જાહેર ગ્રંથાલયોનું આધુનિકરણ તથા વિકાસ કરવો.

વ્યુહરચના

- રાજ્યમાં ખેલકુદ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા, ખેલ મહાકુંભનું આયોજન.
- ઓલમ્પિક અને એશિયન ગેમ્સના વિજેતા ખેલાડીઓને વિશિષ્ટ લાભો તથા એવોર્ડ આપવા.
- કલા અને સાંસ્કૃત્તિક પ્રોત્સાહન આપવા માટે કલા મહાકુંભનું આયોજન.
- ગુજરાતના સાંસ્કૃત્તિક વારસાને પ્રોત્સાહન આપવા કલા અને સંસ્કૃતિના વિવિધ ઉત્સવોનું આયોજન.
- લાયબ્રેરીઓને નવા પુસ્તકો, સંદર્ભ ગ્રંથો, નવા સાધન સામગ્રી તથા અધતન આઇ.ટી.સામગ્રી ઉપલબ્ધ કરાવવી.
- રાજ્યના આર્કાવલ રેકર્ડનું અધતન ટેકનોલોજી દ્વારા સાચવણી અને જાળવણી.

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનું નામ : | એઆરટી-૮, ૯૮-૨૨૦૫-૧૦૨-૦૮<br>એક ભારત શ્રેષ્ઠ ભારત |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | બે રાજ્યો વચ્ચે કલા અને સાંસ્કૃતિ વિનિમય (ગુજરાત તથા છતીસગઢ) |
| સંભવિત લાભાર્થીઓ : | કલાકારો |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય: ૧૦૦% કેન્દ્રીય: ૦ અન્ય:૦ |
| અપેક્ષિત આઉટકમ : | આ કાર્યક્રમથી બે અલગ અલગ રાજ્યના લોકો એકબીજાની કલા અને સંસ્કૃતિથી પરિચિત થઇ શકશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એઆરટી-૮ ૯૮-૨૨૦૫-૧૦૨-૦૮ કલા મહાકુંભ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | કલા અને સંસ્કૃતિના વિકાસ માટે જીલ્લા તથા રાજ્યકક્ષાએ વિવિધ કલા સ્પર્ધાઓનું આયોજન |
| સંભવિત લાભાર્થીઓ : | ૧૪ વર્ષથી નીચેના, ૧૫ થી ૨૧ વર્ષ, ૨૧ થી ૨૫ વર્ષ અને ૪૫ વર્ષ થી ઉપરના વયજૂથના કલારસિકો |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | કમિશનર,યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય: ૧૦૦% કેન્દ્રીય: ૦ અન્ય:૦ |
| અપેક્ષિત આઉટકમ : | જિલ્લા તથા રાજ્યકક્ષાએ અલગ અલગ વયજૂથના કલાકારો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી ભાગ લેનાર સ્પર્ધકો માંથી પ્રથમ, દ્રિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. જેની થકી રાજ્યમાં કલા તથા સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન તેમજ વિસ્તરણ પ્રવૃતિને વેગ મળે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ઈ.ડી.એન-૫૨ ૯૮-૨૨૦૪-૧૦૩-૦૨ વિશ્વ યોગ દિવસની ઉજવણી |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | યોગની જાગૃતિ માટે જિલ્લા તથા રાજ્યકક્ષાના કાર્યક્રમ |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાતના યુવક યુવતીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | યોગ દિવસના આયોજનથી પ્રાચીન ભારતીય યોગ પધ્ધતિ અંગે લોકોમાં જાગૃતતા કેળવાશે તેમજ સામાન્ય જનસમૂહના સ્વાસ્થય માટે ફાયદાકારક છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એસ.વાય.એસ-૫ ૯૫-૨૨૦૪-૧૦૩-૦૧<br>યુવા વિકાસની સંકલિત પ્રવૃત્તિઓ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | અવેરનેસ અને વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ, એડવેન્ચર ટ્રેનીંગ કેમ્પ |
| સંભવિત લાભાર્થીઓ : | અનુસૂચિત જાતિના અલગ અલગ વયજૂથના યુવાઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | યુવાનોમાં નેતૃત્વ ગુણ તથા વ્યક્તિત્વ વિકાસ, ડિઝિટલ ઇન્ડિયાની હેઠળ વિવિધ તાલીમ જેવી કે ઈ-પેમેન્ટ, કેશલેસ પેમેન્ટ અને યોગ વિશે જાગૃતિ. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ઈ.ડી.એન-૬૮ ૯૬-૨૨૦૪-૭૯૬-૦૩ તાલુકા કક્ષાના યોગ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ કાર્યક્રમ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | અવેરનેસ અને વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ, એડવેન્ચર ટ્રેનીંગ કેમ્પ |
| સંભવિત લાભાર્થીઓ : | અનુસૂચિત જનજાતિના અલગ અલગ વયજૂથના યુવાઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી: | કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ : | યુવાનોમાં નેતૃત્વ ગુણ તથા વ્યક્તિત્વ વિકાસ, ડિઝિટલ ઇન્ડિયાની હેઠળ વિવિધ તાલીમ જેવી કે ઈ-પેમેન્ટ, કેશલેસ પેમેન્ટ અને યોગ વિશે જાગૃતિ. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૯૫-૨૨૦૪-૧૦૪-૦૧(SCSP), ૯૬-૨૨૦૪-૭૯૬-૦૨(TASP), ઈ.ડી.એન-૫૪ ૯૮-૨૨૦૪-૧૦૪-૦૬(Normal) ગુજરાત ખેલ કૂદ સત્તા મડળ હેઠળ ખેલ કૂદ પ્રવૃતિઓનુ વિસ્તરણ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ખેલાડીઓને તાલિમ, પૌષ્ટીક આહાર અને રહેવાની સગવડ, રોકડ પુરસ્કાર, દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશીયલ ખેલમહાકુંભ, સ્પોર્ટસ એકેડમીની સ્થાપના તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધી પ્રાપ્ત કરેલ ખેલાડીઓને તાલિમ, સાધનો, ગણવેશ વગેરે |
| સંભવિત લાભાર્થીઓ : | શાળામાં ભણતા ખેલાડીઓ તથા દરેક વય જુથના રમતમાં રૂચિ ધરાવતાં પ્રતિભાશાળી ખેલાડીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | ડી.એલ.એસ.એસ. ૨૦૧૯-૨૦માં અંદાજિત ૬૫૦૦ ખેલાડીઓ, ઈન-સ્કુલમાં ૨૦૦૦૦૦ ખેલાડીઓ, ખેલમહાકુંભમાં ૩૫ લાખ ખેલાડીઓ સમાવિષ્ઠ કરવાનું અપેક્ષિત છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ૯૮-૪૨૦૨-03-૮00-0૧(Normal),૯૬-૪૨૦૨-03-૭૯૬-0૧ (TASP) પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેનેશન યુનિટ(પી.આઇ.યુ) હેઠળ રમત સંકુલના વિકાસના કામો |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકસાવવાનું ઈન્ડોર હોલનું બાંધકામ, સ્વીમીંગ પુલ, ટેનીસ-કોર્ટ, એથ્લેટીક ટ્રેક વિકસાવવા જીલ્લા યુનિવર્સિટી તથા મહાનગરપાલિકા ખાતેની કામગીરી. |
| સંભવિત લાભાર્થીઓ : | પ્રતિભાશાળી ખેલાડીને પ્રોત્સાહન તથા ટ્રેનીંગની કામગીરી તથા સમાજના વિકાસની કામગીરી. |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧00% કેન્દ્રીય : 0 અન્ય : 0 |
| અપેક્ષિત આઉટકમ : | રાજ્યમાં રમતગમતની માળખાગત સુવિધાઓનો વિકાસ. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં બ્લોક લેવલ, તાલુકા લેવલની ૫0% કામગીરી પૂર્ણ થશે તથા વર્ષ ૨0૩0 સુધીમાં ૧00% |

| | |
|---|---|
| | કામગીરી પૂર્ણ થશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એ.આર.ટી-૨૯૫-૨૨૦૫-૧૦૫-૦૧(SCSP),<br>એ.આર.ટી-૨૯૬-૨૨૦૫-૭૯૬-૦૧(TASP),<br>૯૮-૨૨૦૫-૧૦૫-૦૧,૯૮-૨૨૦૫-૧૦૫-૧૨<br>ગ્રંથાલય વિકાસ અનુદાનિત ગ્રંથાલયમાં ગ્રાન્ટની ફાળવણી. |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ગ્રામીણ, શહેરી, અનુસુચિત તથા આદિજાતિ વિસ્તારમાં અનુદાનિત ગ્રંથાલયમાં ગ્રાન્ટ |
| સંભવિત લાભાર્થીઓ : | ગ્રામીણ, શહેરી, અનુસુચિત તથા આદિજાતિ વિસ્તારમાં લાભાર્થીઓ માટે |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | અનુદાનની રકમથી રાજ્યમાં ગ્રંથાલયની માળખાગત સુવિધાઓ ઉભી કરવી તથા કાર્યક્ષમ પુસ્તકાલયની સેવાઓ પૂરી પાડવી |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એ.આર.ટી-૨૩ ૯૮-૨૨૦૫-૧૦૫-૦૪ રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન, કોલકત્તા |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | મેચિંગ સહાય, પુસ્તકો, સાધન સામગ્રી, કોમ્યુટર નેટવર્ક, ભવન નિર્માણ |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાત સરકારના ૨૦૦૦ જાહેર ગ્રંથોલયો વિશે |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૫૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૫૦% |
| અપેક્ષિ<br>આઉટકમ : | ૨૦૦૦ જાહેર ગ્રંથાલયોને આધુનિક તથા કાર્યક્ષમ બનાવવા અનુદાન પુરૂં પાડવું. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એ.આર.ટી-૪ ૯૫-૨૨૦૫-૭૯૬-૦૪ (SCSP)<br>તુરી બારોટ નાટ્ય નવનિર્માણ યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | તુરી બારોટ નાટ્ય નવનિર્માણ (SCSP) |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાતના તમામ તુરી બારોટ કલાકારો |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ગુજરાત સંગીત નાટક અકાદમી(રાજ્ય કક્ષાએ) |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | તુરી બારોટ કોમની કલાના સંરક્ષણ તેમજ સંવર્ધનને પ્રોત્સાહન |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એ.આર.ટી-૮ ૯૮-૨૨૦૫-૧૦૨-૦૧<br>ગુજરાતની કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનું વિસ્તરણ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | સંગીત, નૃત્ય, નાટક, ભવાઇ, લોક નૃત્ય, લોક ડાયરો,<br>ગુજરાતના કલાકારોને એવોર્ડ, સેમીનાર/સ્પર્ધા વગેરે |
| સંભવિત લાભાર્થીઓ : | ગુજરાત રાજ્યના તમામ કલાકાર(સંગીત,નૃત્ય, નાટક, ભવાઇ,<br>લોક નૃત્ય,લોક ડાયરો, તુરી બારોટ) |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ગુજરાત સંગીત નાટક અકાદમી(રાજ્ય કક્ષાએ) |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | વિવિધ કલા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ રાજ્યમાં લોકકલા તથા શાસ્ત્રીય નૃત્ય, સંગીત વગેરેને પ્રોત્સાહન પુરૂં પાડે છે. વિવિધ કલાકારોને કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ એવોર્ડ આપી બિરદાવવામાં આવે છે, જે રાજ્યના યુવા પ્રતિભાશાળી કલાકારોને આ ક્ષેત્રમાં યોગદાન આપવા પ્રેરે છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | ટી.ડી.પી-૩ ૯૮-૨૦૭૦-૦૩-૦૧ રાજભાષા(ગુજરાતી)નો વિકાસ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | રાજભાષા પ્રદર્શન-પરિસંવાદ યોજવા<br>• ગુજરાતી અને અંગેજી ભાષાના ઓપવર્ગોનું આયોજન<br>• સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ માટે હિન્દી તથા ગુજરાતી ભાષાની પરીક્ષાઓનું આયોજન |

| | |
|---|---|
| સંભવિત લાભાર્થીઓ : | લોકો અને સરકારી કર્મચારીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ભાષા નિયામકની કચેરી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | ભાષા તથા સાહિત્ય વિકાસમાં મદદરૂપ. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એ.આર.ટી-૧૧ ૯૮-૨૨૦૨-૦૫-૧૦૫-૦૧ ગુજરાતી ભાષા અને સાહિત્યનો વિકાસ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | પુસ્તક પ્રકાશન, સાહિત્યિક તથા એવોર્ડ વિતરણ કાર્યક્રમ |
| સંભવિત લાભાર્થીઓ : | રાજ્યના નગરિકો તેમજ સાહિત્ય ક્ષેત્રની હસ્તીઓ |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ગુજરાત સાહિત્ય અકાદમી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | ગુજરાતી ભાષા તથા સાહિત્યનો પ્રચારપ્રસાર તેમજ તેના વિકાસા માટે યોગદાન આપનાર સાહિત્યકારોના સન્માનથી યુવા પેઢી આ ક્ષેત્રે પોતાનું યોગદાન આપવા માટે પ્રેરાશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ : | એ.આર.ટી-૫ ૯૮-૨૨૦૫-૧૦૨-૦૨ કલા અને સંસ્કૃતિનો વિકાસ |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | વર્કશોપ, સેમિનાર, કલાપ્રદર્શન, સ્પર્ધા વગેરેનું આયોજન |
| સંભવિત લાભાર્થીઓ : | રાજ્યના અલગ અલગ વયજૂથના લાભાર્થી |
| સહાયનું પ્રમાણ : | યોજનાકીય માર્ગદર્શિકા મુજબ |
| અમલકર્તા કચેરી | ગુજરાત રાજયલલિત કલા અકાદમી |
| ફંડીગ પેટર્ન(ટકાવારીમાં) : | રાજ્ય : ૧૦૦% કેન્દ્રીય : ૦ અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ : | રાજ્યના વિવિધ વયજૂથના કલા અને સંસ્કૃતિપ્રેમીઓમાં સૂઝ કેળવાય તથા રાજ્યમાં કલા અને સંસ્કૃતિ વિકાસને પ્રોત્સાહન મળશે. |

# શહેરી વિકાસ અને શહેરી ગૃહ વિભાગ

ગુજરાત ભારતમાં આર્થિક વિકસિત રાજ્યોમાંનું એક છે. આર્થિક વૃદ્ધિના કારણે પણ રાજ્યમાં ઝડપી શહેરીકરણ થઇ રહ્યુ છે. વર્ષ:૨૦૧૧ની વસતી ગણતરી મુજબ રાષ્ટ્રીય સરેરાશ ૩૧.૧%ની સામે ગુજરાતમાં ૪૨.૬% શહેરીકરણના છે. શહેરીકરણની તીવ્ર ગતિના કારણે રાજ્યમાં શહેરી પરિવારોમાં નોંધપાત્ર વૃદ્ધિ  થઈ રહી છે. વર્ષ:૨૦૧૧માં ગુજરાતમાં કુલ શહેરી ઘરોની સંખ્યા ૫.૪ મિલિયન હતી જે ૧૯૯૧ કરતા લગભગ બમણી છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ ઘરોના ૪૬% શહેરી ઘરો છે.

ઝડપી શહેરીકરણની જરૂરિયાતો પૂરી કરવા માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ:૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ. શહેરી માળખાકીય સુવિધાઓ, પીવાના પાણી, ગટર વ્યવસ્થા, વરસાદી પાણી ડ્રેનેજ, આંતરિક રસ્તા અને સ્ટ્રીટ લાઇટ પૂરી પાડતી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કરવામાં આવેલ. શહેર બગીચાઓ અને મનોરંજન સુવિધાઓ વિકાસ જેવા વધારાના ઘટકો પણ કારણે મહત્વ આપવામાં આવેલ છે. શહેરી ગરીબો માટે સસ્તા મકાનોની યોજનાઓ શરૂ કરવામાં આવતા ગુજરાતનો શહેરી વિકાસ વધુ વ્યાપક બની જાય છે.

હેતુઓ

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના:

- આ યોજના હેઠળ તબક્કાવાર બધા સ્થાનિક શહેરી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે. જેમાં મુખ્યમંત્રી શહેરી સડક યોજના, મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના, મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં ફ્લાયઓવર, નલ સે જલ યોજના, નગરપાલિકાઓને સંચાલન અને નિભાવણી માટેના ખર્ચની સહાય (સોલાર પ્રોજેક્ટ સહિત), જલ શક્તિ અભિયાન - રેઇન વોટર હાર્વેસ્ટીંગ, ભૌતિક અને આંતર માળખાકીય અને સામાજીક સુવિધાઓ, આગવી ઓળખના કામો, અર્બન મોબિલિટી, પાણી પુરવઠા યોજના અને ભૂગર્ભ ગટર, ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના, નગર સેવા સદન (બાંધકામ/મરામત/સુધારા-વધારા), અર્બન ડેવલપમેન્ટ મિશન(આઉટ ગ્રોથ, બસ પરિવહન, રીંગ રોડ વગેરે), તળાવ બ્યુટીફીકેશન/તળાવ ઊંડા કરવા, સુયેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ યોજના જેવા ઘટકોનો સમાવેશ થાય છે.
- ઓવરબ્રિજ-અન્ડરબ્રીજ, રસ્તા, બગીચાઓ શહેરી પરિવહન, કોમ્યુનિટી હોલ વગેરે જેવી માળખાકીય સુવિધાઓ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સહાય પુરી પાડવી.

એફોર્ડેબલ હાઉસિંગ મિશન :

- આ યોજના હેઠળ વર્ષ:૨૦૨૨ના અંત સુધીમાં તમામ શહેરી વસ્તી આવરી લેવી.

- ઝુંપડપટ્ટી વિસ્તારોને પરવડી શકે તેવા ઘરો અને મૂળભૂત સુવિધાઓ પુરી પાડવી તેમજ તેઓના જીવનધોરણમાં સુધારો કરવો.

ગુજરાત હાઉસિંગ બોર્ડ :

- ગુજરાત હાઉસીંગ બોર્ડની સ્થાપના થયેથી ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા સમાજના જુદા જુદા વર્ગોની આવાસોની જરૂરિયાતને પુરી કરવા રહેણાંકના મકાનો બાંધવામાં આવે છે.

સ્વચ્છ ભારત મિશન:

- તમામ શહેરી વસ્તીને વ્યક્તિગત શૌચાલય અને જાહેર શૌચાલય પુરા પાડવા.
- શહેરોને સ્વચ્છ અને ઘન તેમજ પ્રવાહી કચરામાંથી મુક્ત બનાવવા અને કચરાનો લાભકારક નિકાલ થાય તે માટે પ્રયત્નો કરવા.
- ગટર સફાઇ કામ રોકાયેલા કામદારોને અદ્યતન ટેક્નોલોજી પૂરી પાડી તેમને આધુનિક સાધનો પુરા પાડવા.

સ્માર્ટ સીટી મિશન :

- રાજ્યના કુલ ૬ (છ) સ્માર્ટ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ, ગુણવત્તાયુક્ત જીવનધોરણ તેમજ સ્માર્ટ સોલ્યુશન્સ પુરા પાડવા.

અટલ મિશન ફોર રીજ્યુવેનેશન અને અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત):

- દરેક ઘરમાં પાણી તેમજ ગટર જોડાણ પુરા પાડવા.
- જાહેર પરિવહન તેમજ શહેરી પરિવહન માટેની સુવિધાઓ પુરી પાડી પ્રદુષણ ઘટાડવું.

રાષ્ટ્રીય શહેરી આવજીવિકા મિશન:

- શહેરી ગરીબોને તાલીમ તેમજ કુશળ સ્વ-રોજગાર દ્વારા પુરા પાડી તેઓની ગરીબી દુર કરવી.
- તબક્કાવાર રીતે શહેરી ઘરવિહોણા લોકો માટે જરૂરી સેવાઓ સાથે સજ્જ આશ્રય પૂરો પાડવા માટે.
- શેરી ફેરીયાઓને બજાર તકો, યોગ્ય જગ્યાઓ, સંસ્થાકીય ક્રેડિટ, સામાજિક સુરક્ષા અને કુશળતા તાલીમ દ્વારા તેઓને આજીવિકા પુરી પાડવી.

રેલ આધારીત જાહેર પરિવહન વ્યવસ્થા (મેગા) :

- રોડ ઉપરનો ટ્રાફિક ઘટાડીને લોકોને પરવડે તેવા દરે સલામત, ઝડપી અને પર્યાવરણને અનુરૂપ એવી પરિવહન સેવાઓ પૂરી પાડવી.

ઈ-નગર :

- રાજયની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સામાન્ય પ્રજાજનોને આપવામાં આવતી નાગરિક સેવાઓને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ વડે સરળતાથી મળી રહે તે આશયથી આપવા માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા "ઇ-નગર યોજના" શરૂ કરેલ છે.

વ્યૂહરચના:

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના:

- સ્વચ્છ પીવાના પાણી, ગટર વ્યવસ્થા અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ તબક્કાવાર પુરી પાડવા માટે બધી જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આવરી લેવી.
- શહેરી વસ્તીના જીવનધોરણને ઉંચુ લાવવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સહાય.

એફોર્ડેબલ હાઉસિંગ મિશન:

- પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે હાઉસીંગ યોજનાનાં અમલ માટે અંદાજપત્રીય જોગવાઈ.
- ખાનગી વિકાસકર્તાઓના જમીન ઉપયોગ સાથે ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાઓનું અમલીકરણ
- ક્રેડિટ લિંક સબસીડી અને બેનીફીશીયરી લીડ કંન્સ્ટ્રશન યોજના હેઠળ વધુમાં વધુ જરૂરિયાત મંદ લોકોને આવરી લેવા.

ગુજરાત હાઉસિંગ બોર્ડ :

- વર્ષ:૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં "મુખ્યમંત્રી ગૃહ યોજના" હેઠળ કુલ ૨૧,૫૮૯ આવાસો આવાસોનું લોકાર્પણ કરવામાં આવેલ છે અને "પ્રધાનમંત્રી આવાસ યોજના" હેઠળ કુલ ૭૭૩૬ આવાસોનું પ્રગતિ હેઠળ છે, જ્યારે વર્ષ:૨૦૧૯-૨૦ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૦,૧૪૬ આવાસોનું બાંધકામ કરવાની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની કલમ ૬૦ એ નાં સુધારા અન્વયે બોર્ડ દ્વારા રીડેવલપમેન્ટની બે યોજનાઓ હાથ ધરેલ છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન:

- જાહેરમાં ખુલ્લા શૌચક્રિયા મુક્ત બનાવવા (ODF) માટે જાહેર જનતામાં જાગૃતિ લાવવી અને ODF રાજ્ય ની પરિસ્થિતિને જાળવી રાખવા માટે દેખરેખ રાખવી.
- ધન કચરા અને પ્રવાહી કચરાને જુદા પાડી તેમાથી ઊર્જા ઉત્પન્ન કરવી.
- ગટર, પાણી અને વરસાદી પાણીના નિકાલ માટે અધતન ટેક્નોલોજી તેમજ સાધનો માટેની જોગવાઇ.

સ્માર્ટ શહેરો:

- ઇ-ગવર્નન્સ, એનર્જી મેનેજમેન્ટ, પાણી વ્યવસ્થાપન અને શહેરી પરિવહન માટે વિવિધ યોજનાઓનું અમલીકરણ.

અટલ મિશન ફોર રીજ્યુવેનેશન અને અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત):

- શહેરી મૂળભૂત માળખાકીય સુવિધાઓ જેવી કે, પાણી પુરવઠો, ગટર જોડાણ, વરસાદી પાણીના નિકાલ, શહેરી પરિવહન, બાગ-બગીચાઓ અને શહેરી યુવાનો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનો વિકાસ કરવો.

રાષ્ટ્રીય શહેરી આવજીવિકા મિશન:

- શહેરી ગરીબોને તાલીમ તેમજ અન્ય સ્ત્રોતો દ્વારા સક્ષમ બનાવી તેઓને સ્વરોજગારની તકો પુરી પાડી તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવવું.
- શહેરી ગરીબોને માઇક્રો એન્ટરપ્રાઇઝ પુરા પાડવા તાલીમ તેમજ સહાય પુરી પાડવી.
- શહેરી ઘરવિહોણા લોકોને કાયમી ૨૪ કલાક માટે મૂળભૂત સુવિધાઓ જેવી કે પાણી, ગટર, સલામતી સાથે આશ્રયસ્થાનો પુરા પાડવા માટેની ખાતરી.
- શેરી ફેરીયાઓને બજાર તકો, યોગ્ય જગ્યાઓ, સંસ્થાકીય ક્રેડિટ, સામાજિક સુરક્ષા અને કુશળતા તાલીમ દ્વારા તેઓને આજીવિકા પુરી પાડવી.

રેલ આધારીત જાહેર પરિવહન વ્યવસ્થા (મેગા)

- ટૂંકાગાળામાં અધતન ટેક્નોલોજીથી સજ્જ અને ઓછા ખર્ચામાં વૈશ્વિક કક્ષાની મેટ્રો સેવા પુરી પાડવા પ્રતિબધ્ધ.

ઈ-નગર :

- ગુજરાત રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં પારદર્શક, ખર્ચ અને સમયની બચત કરી શકે તેવી, નાગરિકોને સહાયરૂપ તથા તેઓના હિતને ધ્યાને રાખીને પૂરી પાડવામાં આવતી સેવાઓ તેમજ બેક ઓફિસની (મહાનગરપાલિકા અને નગરપાલિકાના યુઝર્સ માટેની) સપોર્ટ સિસ્ટમ વિકસાવવી.
- નાગરિકોને ન.પા./મ.ન.પા.નીકચેરીની મુલાકાત લેવાની જરૂર ના પડે અને ઘરે બેઠા સેવાઓનું ચુકવણું ઓન-લાઈન થઇ શકે.

યોજનાઓ

| યોજનાનું નામ | રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ૧. સામાજીક ગતિશિલતા અને સંસ્થાકીય વિકાસ<br>૨. સ્વરોજગાર કાર્યક્રમ<br>૩. કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ ધ્વારા રોજગારી<br>૪. ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રય સ્થાનો<br>૫. શહેરી ફેરીયાઓને સહાય |
| સંભવિત લાભાર્થીઓ | શહેરી ગરીબ (બી.પી.એલ) |
| સહાયનુ પ્રમાણ | લાગુ પડતુ નથી |
| અમલીકરણ કચેરી | ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય: ૪૦% કેન્દ્રીય: ૬૦ % અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સામાજીક ગતિશિલતા અને સંસ્થાકીય વિકાસ - સ્વસહાય જુથોમાં બચત તેમજ ધંધો રોજગાર કરવાની આદત વિકાસવી.<br>સ્વરોજગાર કાર્યક્રમ - વ્યાજુકી સહાય સ્વરૂપે નાણાંકીય મદદ પૂરી પાડવી.<br>કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગારી - તાલીમાર્થીઓને તાલીમ આપી તેમને સ્વરોજગાર કે રોજગારી |

| | |
|---|---|
| | અપાવવી.<br>ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રય સ્થાનો - ૨૪ X ૭ માટે આશ્રય સ્થાન પુરા પાડવા.<br>શહેરી ફેરીયાઓને સહાય- શહેરી શેરી ફેરીયાઓનો સર્વે કરી તેમનો રજીસ્ટ્રેશન કરી ઓળખકાર્ડ આપવા, સ્ટ્રીટ વેન્ડીંગ પ્લાન બનાવવા, વેન્ડર માર્કેટ બનાવવા. |

| યોજનાનું નામ | પ્રધાનમંત્રી આવાસ યોજના |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ૧. એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનર્શીપ<br>૨. લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર બાંધકામ અથવા વિસ્તાર વૃધ્ધી માટે સબસીડી<br>૩. ઝુંપડપટ્ટી પુન:વસન – પી.પી.પી.<br>૪. ઋણ આધારિત સબસીડી (ક્રેડીટ લીંક્ડ સબસીડી) |
| સંભવિત લાભાર્થીઓ | રાજ્યમાં મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો તેમજ નગરપાલિકા વિસ્તારોની હદમાં રહેતા જરૂરિયાતમંદ લાભાર્થીઓને કુટંબની વાર્ષિક આવકની મર્યાદા ધ્યાને રાખી લાભ આપવામાં આવશે. |
| સહાયનુ પ્રમાણ | ૪૦%, ૪૦% & ૨૦% ૩ હપ્તામાં (કેંદ્ર અને રાજ્ય ફાળો) |
| અમલીકરણ કચેરી | જુદી જુદી શહેરી સ્થાનિક સંસ્થાઓ જેવી કે મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ, શહેરી વિકાસ/વિસ્તાર સત્તા મંડળો તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારીમાં) | રાજ્ય – ૪૦% કેંદ્ર – ૬૦% અન્ય : શુન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પ્રધાનમંત્રી આવાસ યોજના કેન્દ્ર સરકારની મુખ્ય આવાસન યોજના છે જેના દ્વારા સરકાર શહેરી વિસ્તારોમાં વસતાં આર્થિક રીતે નબળા વર્ગના જુથો માટે સુવિધાયુક્ત આવાસો પુરા પાડવા માટેનું આયોજન હાથ ધરેલ છે. રાજ્યમાં એફોર્ડેબલ હાઉસીંગને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર યોજનાના વિવિધ ઘટકો હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રીય સહાય સામે સમાન ધોરણે આવાસદીઠ સહાય આપવા માટે અમલી કરેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના – હાઉસીંગ ફોર ઓલ મિશન વર્ષ ૨૦૨૨ સુધી છે અને આગામી ૨૦૨૨ વર્ષ પી.એમ.એ.વાય. યોજના માટે નિર્ણાયક હોય મિશન અંતર્ગત મંજુર થયેલ આવાસોની કામગીરી ઝડપથી પુર્ણ કરાવવાનો તથા જે આવાસોની કામગીરી શરુ ન થઇ હોય તેની કામગીરી શરૂ કરાવવાનો ઉદ્દેશ છે. એફોર્ડેબલ હાઉસીંગ મિશન વર્ષ ૨૦૨૨-૨૩માં વિવિધ ઘટકો હેઠળ અંદાજે ૫૦,૦૦૦ જેટલા આવાસો પૂર્ણ કરાવવાનો લક્ષ્યાંક રાખેલ છે. વધુમાં સી.એલ.એસ.એસ. યોજના હેઠળ ૧૦,૦૦૦ લાભાર્થીઓને આવાસ માટે લીધેલ લોન પર વ્યાજ સહાય આપવાનો લક્ષ્યાંક રાખેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | મુખ્યમંત્રી ગૃહ યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આર્થિક રીતે નબળા વર્ગના જુથોનેઆવાસ માટે સહાય |
| અપેક્ષિત લાભાર્થીઓ | રાજ્યમાં મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો તેમજ નગરપાલિકા વિસ્તારના હદમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓ કે જેઓની પાસે પાકું મકાન નથી તેઓને કુટુંબની વાર્ષિક આવકની મર્યાદા ધ્યાને રાખી લાભ આપવામાં આવશે. |
| સહાયનુ ધોરણ | વધારાની રાજ્ય સહાય (પી.એમ.એ.વાય. યોજના હેઠળ રાજ્યની વધારાની સહાય) |
| અમલીકરણ સંસ્થા | ગુજરાત હાઉસીંગ બોર્ડ |
| ફંડીંગ પેટર્ન (%) | શ.વિ.શ.ગૃ.નિ. વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: એ.એચ.એમ./૧૦૨૦૧૫/૪૫૩/થ-૧મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસદીઠ કેંદ્રીય સહાય સામે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજનાને સાંકળી ચોક્કસ નિતિને અનુરૂપ આવાસદીઠ રાજ્ય સહાય આપવાનું નક્કી કરેલ છે. પી.એમ.એ.વાય. યોજના અંતર્ગત ૬૦:૪૦ રેશિયો ઉપરાંત રાજ્યની ખુટતી સહાય ચુકવાવાની થાય છે. |
| અપેક્ષિત આઊટકમ | રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં વસતાં આર્થિક રીતે નબળા તેમજ ઓછી આવક ધરાવતાં જુથોને વ્યાજબી ભાવે સુવિધાયુક્ત આવાસો પુરા પાડી શકાય તે હેતુથી મુખ્યમંત્રી ગૃહ યોજના અમલી કરવામાં આવેલ. પ્રધાનમંત્રી આવાસ યોજનાની જાહેરાત થયા બાદ રાજ્યમાં એફોર્ડેબલ હાઉસીંગને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર યોજનાના વિવિધ ઘટકો હેઠળ રાજ્ય સરકાર દ્વારા આવાસદીઠ કેન્દ્દ્રીય સહાય સામે સમાન ધોરણે આવાસદીઠ રાજ્ય સહાય આપવા માટે જાહેરાત કરેલ છે.આથી મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ પ્રોજેક્ટસ માટે ૬૦:૪૦ ઉપરાંતની રાજયની વધારાની સહાયની જરૂર રહેશે. રાજ્ય સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંકને સેવી દરેક લાભાર્થીઓને આવરી લેવાનો આશય ધરાવે છે. ગુજરાત હાઉસીંગ બોર્ડદ્વારા ચાલુ તથા નવા આયોજન પૈકી ૯૧૪૪ ઇ.ડબલ્યુ.એસ. અને ૨૩૯૨ એલ.આઇ.જી. આવાસો બાંધવાનું આયોજન છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | આંતરમાળખાકીય વિકાસ |
| અપેક્ષિત લાભાર્થીઓ | મહાનગરપાલિકા અને નગરપાલિકાના નગરજનો |
| સહાયનુ ધોરણ | રાજય ફાળો ૧૦૦ ટકા |
| અમલીકરણ સંસ્થા | પ્રાદેશિક કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ચીફ ઓફીસરશ્રી, જી.યુ.ડી.સી., જી.ડબ્લ્યુ.એસ.એસ.બી. |
| ફંડીંગ પેટર્ન (%) | રાજ્ય – ૧૦૦% કેંદ્ર – શુન્ય અન્ય : શુન્ય |
| અપેક્ષિત આઊટકમ | રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા વર્ષ- ૨૦૦૯માં યોજનાનો અમલ. • પાણી પુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય |

| | |
|---|---|
| | ઓવરબ્રીજ, આંગણવાડી વિગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ / ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વિગેરે), ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા માળખાકીય સુવિધાના કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સ્વચ્છ ભારત મિશન - ગુજરાત |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | ૧. વ્યક્તિગત શૌચાલય (IHHL)<br>૨. કોમ્યુનીટી ટોઇલેટ (CT)<br>૩. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM)<br>૪. ઇન્ફોર્મેશન, એજ્યુકેશન, કોમ્યુનિકેશન (IEC)<br>૫. કેપેસીટી બિલ્ડીંગ, એડમિનિસ્ટ્રેશન અને ઓફીસ ખર્ચા (CB A&OE) |
| અપેક્ષિત લાભાર્થીઓ | શહેરી સ્થાનિક સંસ્થાઓની કુલ વસ્તી (૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ ૨,૩૧,૫૫,૦૫૩) |
| સહાયનુ ધોરણ | વ્યકતિગત શૌચાલય ( IHHL) Per seat 12000/-<br>કોમ્યુનિટી શૌચાલય (CT) Rs.1,50,000/- per seat<br>સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (Rs.605 per capita)<br>વેસ્ટ વોટર મેનેજમેન્ટ (Rs.2000 per capital) |
| અમલીકરણ સંસ્થા | સ્વચ્છ ભારત મિશન - ગુજરાત |
| ફંડીંગ પેટર્ન (%) | (see table below) |
| અપેક્ષિત આઊટકમ | ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે સ્વચ્છ ભારત મિશન ૨.૦ નું અમલીકરણ ભારતના તમામ શહેરોને કચરામુક્ત શહેરો બનાવવાના હેતુથી કરેલ છે, જેનાથી નીચે મુજબના સુધારાઓ આવશે:<br>૧. શહેરી વિસ્તારોમાં જીવનની સામાન્ય ગુણવત્તામાં સુધારો લાવવા.<br>૨. IEC ના માધ્યમથી નાગરિકોમાં જન-જાગ્રુતિ લાવી ઉત્તમ કક્ષાની સ્વચ્છતા પ્રત્યે લોકોને સભાન કરવા.<br>૩. શહેરી વિસ્તારોના નાગરિકોના સહયોગથી આસ્પાસના વિસ્તારમાં પર્યાવરણલક્ષી ઘન કચરા અને પ્રવાહી કચરા ની વ્યવસ્થા ઉભી કરવ<br>૪. ઘન કચરાનો વેજ્ઞાનિક ઢબે નિકાલ.<br>૫. ગંદા પાણીને ટ્રીટ કરીને તેનો ખેતી તેમજ ઔધોગીક ક્ષેત્રે પુનઃ વપરાશ. |

ફંડીંગ પેટર્ન (%):

| યુનિટ | કેન્દ્ર | રાજ્ય | શહેરી સ્થાનિક સંસ્થાઓ |
|---|---|---|---|
| ૧૦ લાખથી વધુ વસ્તી | ૨૫ | ૧૬ | ૫૯ |
| ૧ થી ૧૦ લાખની વસ્તી | ૩૩ | ૨૨ | ૪૫ |
| ૧ લાખથી ઓછી વસ્તી | ૫૦ | ૩૩ | ૧૭ |

<table>
<tr><td>યોજનાનું નામ</td><td>નિર્મળ ગુજરાત</td></tr>
<tr><td>ઘટકો અને પ્રવૃત્તિઓ</td><td>૧. વ્યક્તિગત શૌચાલય (IHHL)<br>૨. પબ્લીક ટોઈલેટ (જાહેર શૌચાલય) (PT)<br>૩. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM)<br>૪. રેગ પીકર્સ આર્થીક સહાય (RPASY)<br>૫. થર્ડ પાર્ટી ઇનપેકશન (TPI)</td></tr>
<tr><td>અપેક્ષિત લાભાર્થીઓ</td><td>મનપા/નપાની કુલ વસ્તી (૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ ૨,૩૧,૫૫,૦૫૩)</td></tr>
<tr><td>સહાયનુ ધોરણ</td><td>
<table>
<tr><td>ઘટક</td><td colspan="2">કેન્દ્ર ફાળો</td><td colspan="2">રાજ્ય ફાળો</td></tr>
<tr><td>IHHL</td><td></td><td></td><td colspan="2">રૂ.૧૨,૦૦૦/-</td></tr>
<tr><td>PT</td><td></td><td></td><td colspan="2">રૂ.૫૦,૦૦૦/-</td></tr>
<tr><td>RPASY</td><td></td><td></td><td colspan="2">રૂ. ૩ પ્રતિ કીલો પ્લાસ્ટીક</td></tr>
<tr><td>TPI</td><td></td><td></td><td colspan="2">રૂ.૯૦/- પ્રતિ શૌચાલય</td></tr>
<tr><td>SWM</td><td>૩૫% કેન્દ્ર ફાળો</td><td>Unit</td><td>કેન્દ્ર</td><td>રાજ્ય</td></tr>
<tr><td></td><td>પ્રોજેક્ટ પડતરનાં</td><td>૧૬૨ ન.પા</td><td>૫૫</td><td>૧૦</td></tr>
<tr><td></td><td></td><td>૪ મોટી મ.ન.પા</td><td>૨૫</td><td>૪૦</td></tr>
<tr><td></td><td></td><td>૪ નાની મ.નપા</td><td>૩૫</td><td>૩૦</td></tr>
</table>
</td></tr>
<tr><td>અમલીકરણ સંસ્થા</td><td>સ્વચ્છ ભારત મિશન - ગુજરાત</td></tr>
<tr><td>ફંડીંગ પેટર્ન (%)</td><td>રાજ્ય – ૧૦૦% કેંદ્ર – શુન્ય અન્ય : શુન્ય</td></tr>
<tr><td>અપેક્ષિત આઉટકમ</td><td>નીચે મુજબના આઉટકમ આ યોજનાથી નિર્ધારીત કરેલ છે:<br>૧.દરેક ઘરે વ્યક્તિગત શૌચાલય પૂરા પાડવા.<br>૨. શહેરી વિસ્તારોના નાગરિકોના સહયોગથી આસ્પાસના વિસ્તારમાં પર્યાવરણલક્ષી ધન કચરા અને પ્રવાહી કચરા ની વ્યવસ્થા ઉભી કરવી.<br>૩. રેગ પીકર્સને તેમણે વીણેલા પ્લાસ્ટીક કચરા સામે આર્થીક સહાય પૂરી પાડી તેમના જીવનધોરણને ઊંચુ લાવવું.<br>૪. આ સ્કીમ તળે બાંધવામાં આવેલ દરેક વ્યક્તિગત શૌચાલયની ત્રાહિત એજન્સી દ્વારા તપાસ કરાવવી.</td></tr>
</table>

| | |
|---|---|
| યોજનાનું નામ | રેલ આધારીત જાહેર પરિવહન વ્યવસ્થા |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | અમદાવાદ ગાંધીનગર અને સુરત શેહરોના નાગરિકો ને પર્યાવરણ ને સાનુકૂળ રેલ આધારીત જાહેર પરિવહન વ્યવસ્થા પૂરી પાડવી. |
| અપેક્ષિત લાભાર્થીઓ | અમદાવાદ, ગાંધીનગર અને સુરત શેહર ના નાગરિકો |
| સહાયનુ ધોરણ | ૫૦% મૂડી ગુજરાત સરકાર અને ૫૦% મૂડી ભારત સરકાર |

| | |
|---|---|
| અમલીકરણ સંસ્થા | ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ |
| ફંડીંગ પેટર્ન (%) | રાજ્ય – ૫૦% કેંદ્ર – ૫૦% અન્ય : ૦ |
| અપેક્ષિત આઉટકમ | • અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ, ફેઝ -૧ & ૨: અમદાવાદ અને ગાંધીનગર શહેરને ચાર કોરિડોરથી જોડતા ૬૮.૨૯ કિ.મી.ના મેટ્રો કોરિડોરનું નિર્માણ જેમાં ૬.૩૫ કિ.મી. ભૂગર્ભ વિભાગ અને ૬૧.૯૪ કિ.મી.ના એલિવેટેડ વિભાગના ૬૦ સ્ટેશનોનો સમાવેશ થાય છે<br>• સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ, ફેઝ -૧: સુરત શહેરને બે કોરિડોરથી જોડતા ૪૦.૩૫ કિ.મી.ના મેટ્રો કોરિડોરનું નિર્માણ જેમાં ૬.૪૭ કિ.મી. ભૂગર્ભ વિભાગનો અને ૩૩.૩૮ કિ.મી.ના એલિવેટેડ વિભાગના ૩૮ સ્ટેશનોનો સમાવેશ થાય છે. તમામ લાઇનો ચાલુ કર્યા પછી, તે મુસાફરીનો સમય બચાવવા, ઇંધણ બચત, વાહન જાળવણી ખર્ચ, અકસ્માત ઘટાડો અને માર્ગ જાળવણી ખર્ચથી પર્યાવરણીય લાભમાં મદદ રૂપ થશે. |

<table>
<tr><td>યોજનાનું નામ</td><td colspan="4">અટલ મિશન ફોર રીજ્યુવેનેશન અને અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત)</td></tr>
<tr><td>ઘટકો અને પ્રવૃત્તિઓ</td><td colspan="4">મૂળભૂત શહેરી માળખાકીય સુવિધાઓનો વિકાસ - પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, સેપ્ટેજ મેનેજમેન્ટ, વરસાદી પાણીનો નિકાલ, શહેરી પરિવહન અને ગ્રીન સ્પેસનો વિકાસ અને બાળકો માટે અનુકૂળ હોય તેવા બગીચા<br>ક્ષમતા નિર્માણ, સુધારા અમલીકરણ</td></tr>
<tr><td>સંભવિત લાભાર્થીઓ</td><td colspan="4">૩૧ શહેરો – ૦૮ મ.ન.પા., ૨૨ વર્ગ અ ન.પા. , ૦૧ હૃદય સીટી</td></tr>
<tr><td>સહાયનું પ્રમાણ</td><td colspan="4">--------</td></tr>
<tr><td>અમલીકરણ કચેરી</td><td colspan="4">પેરાસ્ટેટસ એજન્સીઝ જી.ડબ્લ્યુ.એસ.એસ.બી. જેવી કે જીયુડીસી સ્થાનિક સ્વરાજયની સંસ્થા (મ.ન.પા. અને ન.પા.)</td></tr>
<tr><td rowspan="4">ફંડીંગ પેટર્ન (ટકાવારી</td><td>શહેરો</td><td>GoI</td><td>GoG</td><td>ULB</td></tr>
<tr><td>અમદાવાદ- ૫ કરોડની વધુ આબાદી</td><td>૩૩%</td><td>૨૦%</td><td>૪૭%</td></tr>
<tr><td>સુરત વડોદરા અને રાજકોટ એક કરોડથી વધુ અને ૫ કરોડ થી ઓછી આબાદી</td><td>૩૩%</td><td>૩૭%</td><td>૩૦%</td></tr>
<tr><td>૧ કરોડ કરતા ઓછી આબાદી વાળા શહેરો (બીજા શહેરો)</td><td>૫૦%</td><td>૪૦%</td><td>૧૦%</td></tr>
<tr><td>અપેક્ષિત આઉટકમ</td><td colspan="4">મિશન દ્વારા નીચે મુજબના પરિણામો ઈચ્છિત છે.<br>દરેક ઘરને નળ કનેક્શન અને ગટર કનેક્શન તેમજ પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેતે સુનિશ્ચિત કરવાનું રહેશે.<br>હરિયાળી અને સારી રીતે જાળવવામાં આવેલી ખુલ્લી જગ્યાઓ (દા.ત. ઉદ્યાનો) વિકસાવીને શહેરોની સુવિધાના મૂલ્યમાં વધારો કરવો.<br>જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરી પ્રદુષણમાં ઘટાડો કરવો</td></tr>
</table>

| | |
|---|---|
| | અથવા નોન-મોટરાઇઝ્ડ ટ્રાન્સપોર્ટની સુવિધા ઉભી કરવી (દા.ત. વૉકિંગ અને સાઇકલ ચલાવવું) |

| યોજનાનું નામ | સ્માર્ટ સીટીઝ મિશન |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | - ઈ-ગવર્નન્સ અને નાગરિક સેવાઓ<br>- એનર્જી મેનેજમેન્ટ<br>- વેસ્ટ મેનેજમેન્ટ<br>- શહેરી ગતિશીલતા<br>- પાણી વ્યવસ્થાપન<br>- IoT/ ICT |
| સંભવિત લાભાર્થીઓ | પસંદ કરેલ ૬ (છ) શહેરોના નાગરિકો આશરે ૧,૩૫,૦૮,૮૫૦ |
| સહાયનું પ્રમાણ | -------- |
| અમલીકરણ કચેરી | શહેર કક્ષાએ મિશનનું અમલીકરણ આ હેતુ માટે બનાવવામાં આવેલ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) દ્વારા કરવામાં આવશે. SPV સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની યોજના મંજૂર કરશે, ભંડોળ પૂરૂ પાડશે, અમલીકરણ કરશે, સંચાલન કરશે, અને મૂલ્યાંકન કરશે |
| ફંડીંગ પેટર્ન (ટકાવારી | <table><tr><td>શહેરો</td><td>GoI</td><td>GoG</td><td>ULB</td></tr><tr><td>અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ</td><td>૫૦%</td><td>૨૫%</td><td>૨૫%</td></tr><tr><td>ગાંધીનગર અને દાહોદ</td><td>૫૦%</td><td>૫૦%</td><td>--</td></tr></table> |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | નાગરિક માટે સ્માર્ટ, સ્વ ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જે જીવનની ગુણવત્તામાં સુધારો કરશે |

| યોજનાનું નામ | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) |
|---|---|
| ઘટકો અને પ્રવૃત્તિઓ | - પાણી પુરવઠા યોજના<br>* પાણીનો સ્ત્રોત તથા જળ શુધ્ધિકરણ પ્લાન્ટ<br>* પાણીના સંગ્રહ તથા વિતરણ વ્યવસ્થા<br>- ભૂગર્ભ ગટર યોજના<br>* ગંદા પાણીને એકત્રિત કરવા માટે સ્યુઅર કલેકટીંગ નેટવર્ક<br>* પમ્પીંગ સ્ટેશન<br>* ગંદા પાણીના શુધ્ધિકરણ તથા સલામત નિકાલ માટે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ |
| સંભવિત લાભાર્થીઓ | ૧૫૬ નગરપાલિકાઓ, ૮ મહાનગરપાલિકાઓ તથા સત્તા મંડળો |
| સહાયનું પ્રમાણ | --------- |
| અમલીકરણ કચેરી | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB),<br>ગુજરાત શહેરી વિકાસ કંપની (GUDC)<br>સ્થાનિક સંસ્થાઓ (ULB),<br>સત્તામંડળો અને મહાનગરપાલિકાઓ |
| ફંડીંગ પેટર્ન (ટકાવારી | રાજ્ય – ૧૦૦% કેંદ્ર – શુન્ય અન્ય : શુન્ય |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | મિશન દ્વારા નીચે મુજબના પરિણામો ઇચ્છિત છે<br>- દરેક ઘરોને પૂરતા પ્રમાણમાં તથા સ્વચ્છ પાણી પુરુ પાડવું<br>- ગંદા પાણીનું એકત્રિકરણ તથા સલામત નિકાલ કરી પર્યાવરણીય સ્વચ્છતા જાળવવી<br>- શહેરોને સ્વચ્છ કરવા<br>- જીવન ધોરણને ઉંચુ લાવવું<br>- પાણી જન્યરોગોની ઉપર નિયંત્રણ લાવવું<br>- જાહેર સુખાકારીમાં વધારો કરવો |

| | |
|---|---|
| યોજનાનું નામ | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | નગરોમા રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપર રેલ્વે ઓવરબ્રીજ/ અન્ડરબ્રીજ ના બાંધકામ માટે સહાય- (નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ) |
| સંભવિત લાભાર્થીઓ | નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓના શહેરીજનો |
| સહાયનું પ્રમાણ | રેલ્વે વિભાગની પ્રવર્તમાન યોજના મુજબ ૧ લાખ કરતા વધુ એટીવીયુ (એવરેજ ટ્રેન વેહીકલ યુનીટ) ધરાવતા રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપર રેલ્વે ઓવરબ્રીજ / અન્ડરબ્રીજ ના બાંધકામ માટે ૫૦ % સહાય મંજુર કરવામા આવે છે.જે અન્વયે સદરહુ કામો મા ૫૦% રેલ્વે વિભાગનુ અને ૫૦ % રાજ્ય સરકાર ની સહાય નુ પ્રમાણ રહે છે. |
| અમલીકરણ કચેરી | સંબધીત નગરપાલિકાઓના ચીફ ઓફીસર / સંબધીત મહાનગરપાલિકાઓના કમીશ્નરશ્રી / સંબધીત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી. |
| ફંડીંગ પેટર્ન (ટકાવારી | રાજ્ય – ૫૦% કેંદ્ર – ૫૦% અન્ય : શુન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા કુલ ૮૩ કામો ન.પા.ઓ અને મ.ન.પા.ઓ માટે (અંદાજીત રકમ રુ. ૨૨૧૦.૮૩ કરોડ) ના મંજુર કરવામા આવેલ છે.જે પૈકી ૧૦ કામ (અંદાજીત રકમ રુ. ૧૮૨.૯૮ કરોડ) સંબધીત નગરપાલિકા દ્વારા રદ કરવામા આવેલ છે, ૧૧ કામો (અંદાજીત રકમ રુ. ૨૪૪.૭૮ કરોડ) પુર્ણ, ૦૭ કામો (અંદાજીત રકમ રુ. ૨૭૯.૭૯ કરોડ) પ્રગતીમા, ૦૪ કામો (અંદાજીત રકમ રુ.૯૨.૦૧ કરોડ) ટેન્ડર સ્ટેજમા, ૫૧ કામો(અંદાજીત રકમ રુ. ૧૪૧૦.૬૭ કરોડ) વિવિધ સ્ટેજમાં મંજુરી હેઠળ પ્રગતીમા છે. સંબધીત અમલીકરણ સંસ્થા દ્વારા ૨૦૨૧-૨૨ મા ૦૧ કામ પુર્ણ અને ૦૧ કામ શરુ કરવાનુ આયોજન છે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) |
| ઘટકો અને પ્રવૃત્તિઓ | નગરોમા રેલ્વે લેવલ ક્રોસીંગ પહોળા કરવાના કામ માટે સહાય- (નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ) |
| સંભવિત લાભાર્થીઓ | નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ ના શહેરીજનો |
| સહાયનું પ્રમાણ | રેલ્વે વિભાગ સદરહુ કામ ડીપોઝીટ વર્ક યોજના તરીકે મંજુર અને અમલીકરણ પ્રદાન કરે છે. આથી સદરહુ કામ મા રાજ્ય સરકારની ૧૦૦% સહાય નુ પ્રમાણ રહેશે. |
| અમલીકરણ કચેરી | સંબધીત વેસ્ટર્ન રેલ્વે ઓથોરીટી |

| | |
|---|---|
| ફંડીંગ પેટર્ન (ટકાવારી | રાજ્ય – ૧૦૦%   કેંદ્ર – શુન્ય  અન્ય : શુન્ય |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાના ૦૨ કામ અને મહાનાગરપાલિકાના ૦૩ કામ ને સહાય ફાળવવા અંગે મંજુરી પ્રદાન કરવામા આવેલ છે તે મુજબ નગરપાલિકા/ મહાનગરાલિકાને સહાય ફાળવેલ છે(અંદાજીત રકમ ૭.૮૮૫ કરોડ) સદરહુ ૦૫ કામો પૈકી ૦૧ (અંદાજીત રકમ ૦.૯૨ કરોડ) નગરપાલિકાઓના કામ આમલીકરણ સંસ્થા રેલ્વે વિભાગ દ્વારા હાથ ધરવામા આવી રહેલ છે જ્યારે અન્ય ૦૪(અંદાજીત રકમ ૬.૯૭ કરોડ)  કામો પુર્ણ થયેલ છે.અમલીકરણ સંસ્થા રેલ્વે દ્વારા સદરહુ ૦૧ કામ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમા પુર્ણ કરવાનુ આયોજન છે. |

# મહિલા અને બાળ વિકાસ વિભાગ

લૈંગિક સમાનતા અને ઇક્વિટી હાંસલ કરવા માટે રાજ્યોના વિકાસના કાર્યક્રમો અને નીતિઓના તમામ પાસાઓને લિંગ પરિપ્રેક્ષ્ય લાવવા માટે એક વ્યૂહ રચનાના સંસ્થાકીયકરણ માટે સતત ગુજરાત પ્રયાસ કરી રહ્યું છે. રાજ્ય સરકારે મહિલા કમ્પોનન્ટ યોજનાનો ખ્યાલ અપનાવ્યો છે, જેના અંતર્ગત તમામ વિભાગોમાં લાભાર્થી લક્ષી યોજનાઓના ૩૦ ટકા હિસ્સાને મહિલાઓ માટે રાખવામાં આવે છે. ગુજરાતની જમીન જીવંત વિકાસની સાક્ષી છે, જેમાં રાજ્ય સરકાર સાથેના લોકોના વિકાસ સહિત મહિલાઓ અને બાળકોના વિકાસ માટે ખાસ પ્રયાસો કરવામાં આવે છે અને તેમની ચિંતાઓ બહુપર્દેશી રીતે સંબોધન કરે છે. ગુજરાતમાં ઇન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિસ (આઇસીડીએસ) યોજના અમલીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ નોડલ વિભાગ છે. રાજ્ય સરકાર બાળકો, સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને કિશોરોની પોષક સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે. તે બાળ આરોગ્ય, પોષણ અને વિકાસ માટે સર્વગ્રાહી અભિગમ ધરાવે છે. આઈસીડીએસ માટેનુ કમિશ્નર, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ ઉપરાંત ગુજરાતની અમલીકરણ શસ્ત્ર છે. મહિલા સશક્તિકરણના કારણને આગળ વધારવા માટે મહિલા કમિશનની સ્થાપના કરવામાં આવી છે.

ઉદ્દેશો

ઈન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિસ (આઇસીડીએસ) યોજનાને નીચેના હેતુઓ સાથે શરૂ કરવામાં આવી હતી.

- ૦-૬ વર્ષમાં વય જૂથના બાળકોની પોષક અને આરોગ્યની સ્થિતિને સુધારવા.
- સમાજમાં મહિલાઓ વિશેની હાલની વિચારધારાને બદલવી.
- બાળકના યોગ્ય મનોવૈજ્ઞાનિક, શારીરિક અને સામાજિક વિકાસ માટે પાયો મૂકે
- મૃત્યુદર, રોગો, કુપોષણ અને સ્કૂલના ડ્રોપઆઉટની ઘટનાઓને ઘટાડવા.
- બાળ વિકાસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ વિભાગોમાં નીતિ અને અમલીકરણ માટે અસરકારક સંકલન પ્રાપ્ત કરવા અને
- યોગ્ય પોષણ અને સ્વાસ્થ્ય શિક્ષણ દ્વારા બાળકના આરોગ્ય અને પોષક જરૂરિયાતોની સંભાળ રાખવા માતાની ક્ષમતામાં વધારો.

વ્યૂહરચના

ઉપરોક્ત ઉદ્દેશો સહિતના સેવાઓના પેકેજ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.

- પૂરક પોષણ
- બિન-ઔપચારિક પૂર્વ-શાળા શિક્ષણ
- પોષણ સ્વાસ્થ્ય શિક્ષણ
- ઇમ્યુનાઇઝેશન, રેફરલ અને આરોગ્ય તપાસ-અપ્સ

યોજનાઓ

| | |
|---|---|
| યોજનાનુ નામ | મહિલા શક્તિ કેન્દ્ર |
| ઘટક અને પ્રવૃત્તિઓ | ગ્રામીણ મહિલાઓના મહિલા સશક્તિકરણ તથા તેઓ સુધી મહિલાલક્ષી યોજનાઓ/ કાયદાઓ/ કાર્યકમો અંગેની માહિતીનો પ્રચારપ્રસાર |
| સંભવિત લાભાર્થીઓ | 25000 |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | કમિશ્નર મહિલા અને બાળ વિકાસ (મહિલા કલ્યાણ) |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય : ૪૦% કેન્દ્રીય : ૬૦% અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | - |

| | |
|---|---|
| યોજનાનુ નામ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના |
| ઘટક અને પ્રવૃત્તિઓ | નાણાકિય સહાય |
| સંભવિત લાભાર્થીઓ | ૧૨.૫૦ લાખ |
| સહાયનું પ્રમાણ | લાભાર્થી દિઠ રૂ. ૧૨૫૦/- |
| અમલીકરણ કચેરી | કમિશ્નર મહિલા અને બાળ વિકાસ (મહિલા કલ્યાણ) |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રીય : - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | - |

| | |
|---|---|
| યોજનાનુ નામ | પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર |
| ઘટક અને પ્રવૃત્તિઓ | હિસાગ્રસ્ત મહિલાને સલાહ, માર્ગદર્શન અને કાઉન્સેલીંગની સેવાઓ પૂરી પડવી |
| સંભવિત લાભાર્થીઓ | ૬૫૦૦ |
| સહાયનું પ્રમાણ | ૨.૯૨ (અંકે રૂ.બે બાણું લાખ કરોડ પુરા) |
| અમલીકરણ કચેરી | કમિશ્નર મહિલા અને બાળ વિકાસ (મહિલા કલ્યાણ) |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય : ૧૦૦ % કેન્દ્રીય : - અન્ય: - |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અંતર્ગત હિસાગ્રસ્ત મહિલાને કાઉન્સેલીંગ દ્વારા સમસ્યાનાં ઉકેલ માટે સલાહ અને માર્ગદર્શન આપી, મહિલાને સમસ્યાનાં ઉકેલ માટે સક્ષમ કરવી અને જરૂર જણાયે યોગ્ય માળખા સાથે સંકલન કરી સંસ્થાકીય મદદ પૂરી પાડવી. |

| | |
|---|---|
| યોજનાનુ નામ | મુખ્ય સદરઃ ૨૨૩૫ સામાજીક સુરક્ષા અને કલ્યાણ<br>પેટા મુખ્ય સદરઃ ૦૨ સમાજ કલ્યાણ<br>ગૌણ સદરઃ મહિલાઓનું કલ્યાણ<br>પેટા સદરઃ ૧૭ WCD-5<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ કાર્યક્રમ માર્ગદર્શક કેન્દ્રો |
| ઘટક અને પ્રવૃત્તિઓ | ઘરદિવડા યોજના, જનરલ તાલીમ, મહિલા જાગૃતિ શીબીર, |

INDEX

| | |
|---|---|
| | મહિલા સંમેલન/નારી ગૌરવ દીન, પ્રદર્શન સહ વેચાણ |
| સંભવિત લાભાર્થીઓ | પછાત તાલુકા અને મ્યુ.કોર્પો. વિસ્તારમાં રહેતી મહિલાઓ |
| સહાયનું પ્રમાણ | - |
| અમલીકરણ કચેરી | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય : ૧૦૦% કેન્દ્ર : - |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | મહિલાઓને સ્વરોજગારી અને આર્થિક જીવન ધોરણ ઉંચુ લાવવું તેમજ પછાત તાલુકા અને મ્યુ.કોર્પો, વિસ્તારમાં રહેતી મહિલાઓમાં જાગૃત્તા લાવવી. |

| | |
|---|---|
| યોજનાનુ નામ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૯ અને ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૦<br>પૂરક પોષણ યોજના (સંકલિત બાળ વિકાસ યોજના)<br>૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૦ અને ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૧<br>પૂરક પોષણ યોજના (સંકલિત બાળ વિકાસ યોજના)<br>૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૪ અને ૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૫<br>પૂરક પોષણ યોજના (સંકલિત બાળ વિકાસ યોજના) |
| ઘટક અને પ્રવૃત્તિઓ | ૬ માસથી ૩ વર્ષના બાળકો અને ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિ, સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને ટેક હોમ રેશન તરીકે માતૃશક્તિ આપવામાં આવે છે.<br>૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને આંગણવાડી કાર્યકર દ્વારા આંગણવાડી કેન્દ્ર ઉપર સવારે ૫૦ ગ્રામ કાચી ખાદ્ય સામગ્રીથી તથા આંગણવાડીમાં બપોરે ઘઉં, ચોખા, તેલ, ગોળ, શાકભાજીમાંથી કુલ ૮૦ ગ્રામ કાચી ખાદ્ય સામગ્રીથી બનેલ વાનગી દ્વારા પુરક પોષણ આહાર આપવામાં આવે છે. |
| સંભવિત લાભાર્થીઓ | ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા મહિલા, ધાત્રી માતા |
| સહાયનું પ્રમાણ | ૧૦૦.૦૦% |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર (આઇ.સી.ડી.એસ.) |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય : ૫૦% કેન્દ્ર : ૫૦% |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | રાજ્યના બાળકો અને મહિલાઓમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવુ તથા વધુમાં વધુ લાભાર્થીઓને લાભ મળે તેવા પ્રયાસો |

| | |
|---|---|
| યોજનાનુ નામ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૩ પૂરક પોષણ યોજના (સંકલિત બાળ વિકાસ યોજના) (ડબલ ફોર્ટીફાઇડ સોલ્ટ) |
| ઘટક અને પ્રવૃત્તિઓ | આંગણવાડીમાં જતા ૩ થી ૬ વર્ષના બાળકોને, કિશોરીઓ તથા સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને દર મહિને ૧ કિલો ડબલ ફોર્ટિફાઇડ મીઠું પૂરું પાડવુ. |
| સંભવિત લાભાર્થીઓ | આંગણવાડીમાં જતા ૩ થી ૬ વર્ષના બાળકોને, કિશોરીઓ તથા સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને |
| સહાયનું પ્રમાણ | ૧૦૦.૦૦% |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી આઇ.સી.ડી.એસ શાખા ગાંધીનગર |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય:૧૦૦% કેન્દ્રીય: ૦૦ |

| | |
|---|---|
| અપેક્ષિત આઉટકમ | બાળકોની સુખાકારીમાં સુધારો થવા પામશે. પોષણ સ્તરમાં સુધારો થશે. |

| | |
|---|---|
| યોજનાનુ નામ | એસ.એ.જી૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૩ ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૪ (બિન-પોષણ)<br>૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૫ ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૬(પોષણ)<br>એસ.એ.જી<br>૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૭૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૮ (બિન-પોષણ)<br>૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૯ ૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૧૦ (પોષણ)<br>એસ.એ.જી૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૨ ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૩ (બિન-પોષણ) ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૪૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૫ (પોષણ) |
| ઘટક અને પ્રવૃત્તિઓ | રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારની ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને પુરક પોષણ તેમજ બિન-પોષણની સેવાઓ પુરી પાડવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓ | ૪૪૫૪૧ |
| સહાયનું પ્રમાણ | • બિન-પોષણ-પ્રતિ આંગણવાડી દીઠ રૂ. ૬૦ ની પ્રતિ માસ ચોથા મંગળવારે આપવામાં આવશે.<br>• પોષણ- પ્રતિ લાભાર્થી દીઠ રૂ ૯.૫ લેખે વાર્ષિક ૩૦૦ દિવસ માટે આપવામાં આવશે. |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી. |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | (બિન-પોષણ)રાજ્ય: ૪૦% કેન્દ્રીય:૬૦%<br>(પુરક પોષણ) રાજ્ય: ૫૦% કેન્દ્રીય:૫૦% |
| અપેક્ષિત આઉટકમ | આ યોજના અંતર્ગત ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓના પુરક પોષણમાં સુધારો લાવવો તેમજ વોકેશનલ તાલીમ આપી અને જાહેર સેવાઓથી માહિતગાર કરી તેઓનું સ્તર ઉંચુ લાવવાનું છે. |

| | |
|---|---|
| યોજનાનુ નામ | પુર્ણા યોજના (બિન- પોષણ અને પોષણ)<br>૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૧ |
| ઘટક અને પ્રવૃત્તિઓ | • રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારની ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ન જતી કિશોરીઓને પુરક પોષણ તેમજ બિન-પોષણની સેવાઓ પુરી પાડવામાં આવશે. |
| સંભવિત લાભાર્થીઓ | ૧૨૦૨૯૩૦ |
| સહાયનું પ્રમાણ | • બિન-પોષણ-પ્રતિ આંગણવાડી દીઠ રૂ. ૧૪૦ ની પ્રતિ માસ ચોથા મંગળવારે આપવામાં આવશે.<br>• પોષણ- પ્રતિ લાભાર્થી દીઠ રૂ ૯.૫ લેખે વાર્ષિક ૩૦૦ દિવસ માટે આપવામાં આવશે. |
| અમલીકરણ કચેરી | કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી. |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | ૧૦૦% સ્ટેટ બર્ડન |
| અપેક્ષિત આઉટકમ | આ યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ન જતી તમામ કિશોરીઓના પુરક પોષણમાં સુધારો લાવવો તેમજ |

| | |
|---|---|
| | વોકેશનલ તાલીમ આપી અને જાહેર સેવાઓથી માહિતગાર કરી તેઓનું સ્તર ઉંચુ લાવવાનું છે. |
| યોજનાનુ નામ | ૧૦૬-૪૨૩૬-૦૨-૮૦૦-૦૪<br>બ્લોક/ઘટક કચેરીનું બાંધકામ |
| ઘટક અને પ્રવૃત્તિઓ | સી.ડી.પી.ઓ. વર્ગ-૨ની કચેરી માટે બાંધકામ |
| સંભવિત લાભાર્થીઓ | સી.ડી.પી..ઓ વર્ગ-૨ની કચેરી |
| સહાયનું પ્રમાણ | સમગ્ર રાજય |
| અમલીકરણ કચેરી | જિલ્લા પંચાયત |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | રાજ્ય:૧૦૦% |
| અપેક્ષિત આઉટકમ (૨૦૦ શબ્દોમાં) | સી.ડી.પી.ઓ.વર્ગ-૨ ના અધિકારીશ્રીઓ માટે પોતાના તાબા હેઠળની કચેરીની વહીવટી કામગીરી માટે. |

| | |
|---|---|
| યોજનાનુ નામ | 31-WCD-નારી અદાલત (૧૧૭૯૮૧) |
| ઘટક અને પ્રવૃત્તિઓ | મહિલા સબંધીત સમસ્યાઓ નિરાકરણ |
| સંભવિત લાભાર્થીઓ | જેમ કે નારી અદાલત ન્યાયિક એજન્સીની જેમ જ છે, આપણે કેટલા લાભાર્થીઓ આવસે એ નક્કી કરી શકતા નથી પરંતુ ગયા વર્ષે લગભગ ૫૪૭૯ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે, |
| સહાયનું પ્રમાણ | ૧૦૦% ગુજરાત સરકાર |
| અમલીકરણ કચેરી | સભ્યસચિવશ્રી , ગુજરાત રાજ્ય નારી અદાલત સોસાયટી |
| ફંડીંગ પેટર્ન (ટકવારીમાં) | ૧૦૦% ગુજરાત સરકાર |
| અપેક્ષિત આઉટકમ | નારી અદાલતની યોજના મહિલા સંબંધિત સમસ્યા માટે કામ કરે છે, નારી અદાલત, તમામ કેસોને ઉકેલશે જે નારી અદાલતમાં રજુ કરવામાં આવેછે. |

# <u>ડીસકલેમર</u>

આ દસ્તાવેજોમાં સમાવિષ્ટ વિવધ સદરોની માંગણીઓ અંતર્ગત માહિતી સંબંધિત વિભાગો પાસેથી મળેલ માહિતીનાં આધારે સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રકાશનમાં સમાવિષ્ટ માહિતીની ચોક્કસાઈ અંગે કાળજી લેવામાં આવેલ છે તેમ છતાં કોઈ વિસંગતતાનાં કિસ્સામાં ગુજરાત સરકારના નાણાં વિભાગ દ્વારા જે-તે વિભાગના પ્રકાશિત કરવામાં આવેલ વિગતો આખરી ગણાશે. આ દસ્તાવેજોમાં વિભાગની યોજનાઓનાં સંદર્ભમાં દર્શાવેલ રકમ માટે નાણાં વિભાગ ના અંદાજપત્ર પ્રકાશન આખરી ગણાશે.

--------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.